શ્રી ગુલાબવીર ગ્રંથમાળા રત્ન ''૪ થું.''

卐 શ્રી મહાવીરાય નમઃ 卐

જૈનાગમશબ્દસંગ્રહ.

અર્દ્ધમાગધી—ગુજરાતી કોષ.

સંપાદકઃ

પૂજ્યપાદશ્રી ગુલાબચંદ્રજી સ્વામીના

શિષ્ય—

શતાવધાની પં. મુનિ શ્રીરત્નચંદ્રજી મહારાજ.

(લીંબડી સંપ્રદાય)

પ્રકાશકઃ

સંઘવી ગુલાબચંદ જસરાજ.

શ્રી લીંબડી.

(કાઠીયાવાડ)

ઈ. સન ૧૯૨૬.] વિક્રમ સંવત ૧૯૮૩ [વીર સંવત ૨૪૫૩.

પ્રથમાવૃત્તિ. પ્રત ૧૦૦૦.

મૂલ્ય રૂ. [redacted]૦. પોસ્ટેજ જુદું.

ધી જશવંતસિંહ પ્રીન્ટીંગ પ્રેસ લીંબડી—કાઠિઆવાડ.

અર્પણપત્રિકા.

ગુરુવર્ય પૂજ્યપાદશ્રી ગુલાબચંદ્રજીસ્વામી તથા મહારાજશ્રી વીરજીસ્વામી !

આપ બન્ને સહોદરોએ ઘણા વર્ષથી આ સેવકને અભ્યાસ કાર્યમાં

અને લેખન કાર્યમાં ઘણી સાહાય્ય આપી ઉપકૃત કર્યો છે. એટલુંજ

નહીં પણ શાસનોપયોગી સાહિત્યપ્રચારના કાર્યમાં

આજસુધી સહાયતા આપતા રહો છો તેથી

આભારવશ આ સેવક ભાષાસા-

હિત્યના અંગરૂપ આ પુસ્તક

આપના કર કમલ-

માં અર્પણ

કરે

છે.

લિ૦ મુનિ રત્નચંદ્ર.

પ્રસ્તાવના.

કોષની જરૂરીઆત.

કોષ, કોશ, નામમાળા, શબ્દસંચય, શબ્દસંગ્રહ, શબ્દાર્ણવ, શબ્દરત્નાકર, અભિધાન ચિંતામણિ, શબ્દકલ્પદ્રુમ, શબ્દરત્નાવલી, વગેરે અનેક શબ્દો લગભગ એક અર્થવાળા છે. એ બધા શબ્દો છુટી છુટી પડેલી વસ્તુને એકત્ર કરી સમૂહરૂપે ગોઠવવાનો અર્થ સૂચવે છે. ભંડાર અથવા ખજાનાને પણ આ કોષ શબ્દ લાગુ પડે છે. પૃથ્વીના જુદા જુદા ભાગમાં જુદાં જુદાં નિમિત્તોથી ઉત્પન્ન થતા દ્રવ્યમાંથી મ્હેસુલરૂપે કે જકાતરૂપે અમુક અમુક અંશ ગ્રહણ કરી, રાજાઓ રાજ્યના રક્ષણ માટે યા પ્રજાનું પાલન કરવા માટે રાજ્યનો ખજાનો ભરે છે અને તે ખજાનો રાજ્યની સમૃદ્ધિ ગણાય છે. તેમ જ ભાષાના જુદાં જુદાં પુસ્તકોમાં વપરાએલા શબ્દોના અર્થનો સંશોધનપૂર્વક સંગ્રહ કરી વિદ્વાનોએ કોષરૂપે શબ્દના ખજાના તૈયાર કર્યા છે. રાજ્યના રક્ષણ માટે ધનના ખજાનાની જેટલી જરૂર છે, તેના કરતાં પણ વધારે જરૂર તત્ત્વના રક્ષણ માટે અને ધર્મના પાલન માટે તે તે ભાષાના કોષરૂપે શબ્દના ખજાનાની જરૂરી છે. કોષ એ ભાષાની સમૃદ્ધિ છે, ભાષાનું બળ છે, સાહિત્યનું જીવન છે, તત્ત્વોને વિસ્તારવાનું મુખ્ય સાધન છે.

આર્યાવર્તની પ્રાચીન ભાષાઓ.

ભારતવર્ષના ધર્મસાહિત્યની મુખ્ય બે ભાષાઓ છે. સંસ્કૃત અને પ્રાકૃત. અનુયોગદ્વાર સૂત્રમાં આ બે ભાષાઓને પ્રશસ્ત ભાષા કહી છે. **यदुक्तं—** "**संसया पागया चेव पसत्था इसिभासिया**" અર્થાત્ સંસ્કૃત અને પ્રાકૃત એ બે ભાષા ઋષિભાષિત અને પ્રશસ્ત છે. કાલ પરત્વે સંસ્કૃતભાષામાં બે ભેદ પડયા છે. એક પ્રાચીન સંસ્કૃત અને બીજી અર્વાચીન સંસ્કૃત. વેદની સંસ્કૃતભાષા એ પ્રાચીનસંસ્કૃત અને મહાભારત આદિની સંસ્કૃત ભાષા તે અર્વાચીનસંસ્કૃત છે. ખરીરીતે તો પાણિનીય આદિ વ્યાકરણકર્ત્તાઓએ સંસ્કાર પમાડયા પછીજ સંસ્કૃત નામ પ્રસિદ્ધિમાં આવ્યું હોય તે સંભવિત છે. ગમે તે હો વૈદિકધર્મનું સાહિત્ય ઘણે ભાગે સંસ્કૃત ભાષામાં લખાયેલું છે. તેમાં વેદો વૈદિકસંસ્કૃતમાં અને મનુસ્મૃતિ આદિ ધર્મગ્રંથો નવીન સંસ્કૃતમાં રચાયા છે. બીજી ભાષા છે પ્રાકૃત. તે સાધારણ જનોની બોલાતી ભાષા હતી. સંસ્કૃત ભાષા વ્યાકરણના નિયમથી બંધાયેલી હોવાથી આજ સુધી અવિભક્ત રહી, પણ પ્રાકૃતભાષા તો લોકભાષા હોઇને દેશભેદ અને કાળભેદથી બદલાવા લાગી એટલે તેના અનેક ભેદ પડયા. માગધી, શૌરસેની, પૈશાચી, અપભ્રંશ વગેરે અનેક નામો ધારણ કરતી પ્રાકૃતભાષા આખા ભારતવર્ષમાં પ્રસરી. આમાં અર્વાચીન પ્રાકૃતભાષાને હમણાં બાજુએ મુકી પ્રાચીન પ્રાકૃતભાષાનો વિચાર કરીએ કેમકે તેમાં આર્યાવર્તના મુખ્ય બે ધર્મોનું-બૌદ્ધધર્મ અને જૈનધર્મનું સાહિત્ય ઉતરેલું છે. પ્રાચીન પ્રાકૃત ભાષાના મુખ્ય બે ભેદ થયા, પાલી અને અર્દ્ધમાગધી. તેમાં બૌદ્ધ

સાહિત્ય પાલીભાષામાં લખાયું અને જૈન આગમસાહિત્ય અર્દ્ધમાગધીભાષામાં રચાયું. મગધદેશનો અર્દ્ધ ભાગ અને શૂરસેન દેશનો અર્ધ્ધ ભાગ એમ બંને દેશની સરહદ ઉપર પ્રાચીન સમયમાં બોલાતી ભાષાનું નામ અર્દ્ધમાગધી પડયું હોય એમ સંભવિત લાગે છે. આવી રીતે આર્યાવર્તના મુખ્ય ત્રણ ધર્મોના પ્રાચીન સાહિત્યની જુદી જુદી ત્રણ ભાષા થઇ.

વૈદિક સાહિત્ય.

દરેક ધર્મસાહિત્યનો આત્મા તે તે ધર્મના તત્ત્વો છે અને ભાષા એ તેનું શરીર છે. વ્યાકરણ, છંદ, કોષ, વગેરે તેના અવયવો છે. જે સાહિત્યના આ બધાં અંગો પૂર્ણ હોય તે સાહિત્યનો અભ્યાસ કરવાની વધારે સરલતા થાય અને લોકોમાં તેનો વધારે પ્રચાર થાય તે સ્વાભાવિક છે. વૈદિક સાહિત્યનાં વ્યાકરણ, કોષ, આદિ અંગો ઘણા પ્રાચીન સમયથી રચાયાં. નવીન સંસ્કૃતભાષાના તો વ્યાકરણ, કોષ આદિ ગ્રંથો કેટલાએ રચાઇ ગયા છે. અમરકોષ, મેદિનીકોષ, અભિધાન–ચિંતામણિ, શબ્દકલ્પદ્રુમ, વાચસ્પત્યમ્, અભિધાન આદિ બાવનથી વધારે કોષો આજે પણ વિદ્યમાન છે.

બૌદ્ધ સાહિત્ય.

વૈદિકસાહિત્યની માફક બૌદ્ધસાહિત્યનાં અંગો પણ વ્યાકરણ, કોષ આદિરૂપે ઘણાં તૈયાર થયાં છે. તેને લીધે બૌદ્ધધર્મનો દુનિયાના મોટા ભાગ ઉપર પ્રચાર થએલ જોવામાં આવે છે.

જૈન સાહિત્ય

જૈનધર્મના તત્ત્વોનો ઉપદેશ તીર્થંકર મહારાજે અર્દ્ધમાગધી ભાષામાં કર્યો છે એવો ઉલ્લેખ શાસ્ત્રમાં અનેક સ્થળે છે. જે ભાષામાં તીર્થંકરે અર્થરૂપે તત્ત્વો પ્રકાશ્યા તે ભાષામાં ગણધરોએ સૂત્રો રચ્યાં; અર્થાત્ જૈનધર્મનું આગમસાહિત્ય અર્દ્ધમાગધી ભાષામાં રચાયું. શાસ્ત્રો રચાયા પછી લગભગ એક હજાર વર્ષ સુધી તે શાસ્ત્રો પુસ્તકારૂઢ ન થતા પાઠકોની જીભને ટેરવે રહ્યાં. ગુરૂઓ પોતાના શિષ્યોને મોઢેથી શીખવતા અને શિષ્યો મૂળપાઠ કંઠસ્થ કરી અર્થની ધારણા કરતા. ધારણ કરેલ અર્થ અને કંઠે કરેલાં સૂત્ર શિષ્યો પુન. પોતાના નવા શિષ્યોને શીખવતા. તેમાં કેટલાક સંક્ષેપ સૂત્રોને સ્પષ્ટ વિસ્તારથી સમજાવવાને ભદ્રબાહુ સ્વામી વગેરેએ તેને તે ભાષામાં નિર્યુક્તિઓ રચી અને ત્યાર પછી કેટલેક વર્ષે કેટલાંક સૂત્રો ઉપર ભાષ્યો રચાયાં તે પણ પ્રાકૃત ભાષામાં. મહાવીરપ્રભુના નિર્વાણ પછી ૯૮૦ વર્ષે ૨૭ મે પાટે દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણ આચાર્ય થયા. એમણે બીજા આઠ આચાર્યોની મદદ લઇ વલ્લભીપુર શહેરમાં ગુરૂશિષ્યપરંપરાથી શ્રવણગોચર થયેલ સૂત્રોને પુસ્તકારૂઢ કર્યાં. વખત જતા સૂત્રની ભાષા અને જમાનાની ચાલુ ભાષા વચ્ચે અંતર પડયે જતુ હતુ. અર્વાચીન ભાષા પ્રાચીન ભાષાથી. જુદી પડી જુદું જુદુ નામ ધારણ કરતી હતી. પ્રાકૃત ભાષાના દેશ અને કાળ પરત્વે અનેક પ્રકારો પડી ચુકયા હતા. આ વખતે સંસ્કૃત અને પાલી ભાષાની માફક અર્દ્ધમાગધીભાષાને પણ વ્યાકરણ આદિથી નિયમબદ્ધ કરવાની આવશ્યકતા હતી. કદાચ જૈનાચાર્યોએ તે રચ્યાં હોય ને પાછળની અંધાધુંધીના કાળમાં તે નષ્ટ થયાં હોય તો તે બનવાજોગ છે. ગમે તેમ હો પણ આજે

તે ઉપલબ્ધ નથી. અર્વાચીનપ્રાકૃતનાં વ્યાકરણો જૈન અને જૈનેતર વિદ્વાનોએ રચ્યાં પણ પ્રાચીન પ્રાકૃતભાષા ઉપર જોઇએ તેવું લક્ષ્ય ન અપાયું. અલબત ત્યાર પછી સૂત્રો ઉપર વ્યાખ્યાઓ–ટીકાઓ રચાઈ. પ્રથમ ચૂર્ણિના રૂપમાં અને પછી વિસ્તારથી વૃત્તિના રૂપમાં શીલાંગસૂરિ, અભયદેવસૂરિ વગેરેએ ટીકાઓ લખી પણ તે સંસ્કૃતભાષામાં, મૂળ ભાષામાં નહીં. બૌદ્ધધર્મનાં મૂળ પુસ્તકો પાલીમાં અને તેની ટીકાઓ પણ પાલીભાષામાં લખાઇ, તેથી પાલી ભાષા આજસુધી એકરૂપે જળવાઈ રહી, તેમ જૈન આગમોની ટીકાઓ આગમની ભાષામાંજ રચાઇ હોત તો આગમની ભાષાનો આજે બહોળો વિસ્તાર થયો હોત. પણ એમ લાગે છે કે આ વખતે જમાનાનું વલણ સસ્કૃતભાષા તરફ વળેલું હોવું જોઇએ. પ્રાકૃતભાષા કરતાં સસ્કૃતભાષાનો આદર વધારે થયેલ હોય એમ માનવાને કારણ મળે છે. તે વખતના રચાયેલ નાટકોમાં ઉત્તમ પાત્રોની સસ્કૃત ભાષા અને હલકા પાત્રોની પ્રાકૃત ભાષા યોજાયેલી જોવામાં આવે છે. બ્રાહ્મણ વિદ્વાનોની આ અસર જૈન વિદ્વાનો ઉપર થઈ હોય તો તે અસંભવિત જેવું નથી. અસ્તુ. '**समयएव करोति बलाबलम्**' સમયની બલિહારી છે. ટીકારચનાકાળ પછી જૈનાચાર્યોએ હજારો ગ્રંથો રચ્યા. પણ તેમાં નેવું ટકા સંસ્કૃત ભાષાના અને દશ ટકા પ્રાકૃત ભાષાના આવી પરિસ્થિતિ આજસુધી રહી પણ થોડા વર્ષો થયાં કંઇક વલણ બદલાયું છે. પુરાતત્ત્વોની જેમ જેમ શોધ થવા માંડી છે તેમ તેમ પુરાતન ભાષા તરફ લોકોનું લક્ષ્ય ખેંચાયું છે. પુરાતન તત્ત્વોને ધારણ કરનારી બે ભાષાઓ–પાલી અને અર્દ્ધમાગધી શોધકોના વિશ્વાસને પાત્ર બનવા લાગી છે. પાલીભાષા, વ્યાકરણ કોષ આદિ અંગોથી પૂર્ણાંગી બનેલી છે. પણ અર્દ્ધમાગધી ભાષાનાં અંગોની ખામી જણાઇ. ન મળે તેનું વ્યાકરણ કે ન મળે કોષ. હેમચંદ્રસૂરિએ એક વ્યાકરણ અને એક કોષ રચ્યો પણ વ્યાકરણ સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનું અને કોષ દેશ્ય શબ્દોનો. આર્ષ પ્રયોગોનું પોતાના વ્યાકરણમાં તેમણે સૂચન કર્યું પણ વિકલ્પબહુલતા જાણી તેની ઉપેક્ષા કરી. વિક્રમના ૧૧ મા સૈકામા મહાકવિ ધનપાલે પોતાની બ્હેન સુંદરીના શિક્ષણ માટે **પાઇઅલચ્છીનામમાળા** નામનો એક ન્હાનો કોષ રચ્યો. જે હાલ થોડા વખત પહેલાં છપાઇ બ્હાર પડયો છે તે પણ પ્રમાણમાં બહુ ન્હાનો છે, વળી પ્રાકૃત ભાષાનોજ તે કોષ કહી શકાય. બસ, પ્રાકૃત ભાષાના કહીએ તો આ બેજ કોષ ઉપલબ્ધ છે તેમા પણ એક દેશ્યભાષાનો અને એક પ્રાકૃતભાષાનો. અર્દ્ધમાગધીભાષાનો તો એકે નહી.

અભિધાન રાજેંદ્રની ઉત્પત્તિ.

આગમની ભાષાના આ મુખ્ય અંગની ખામી દૂર કરવાનો પ્રથમ પ્રયાસ આજથી લગભગ પાંત્રીસ વર્ષ પહેલાં શ્રીયુત રાજેંદ્રસૂરિએ આરંભ્યો. તેમણે વૃદ્ધાવસ્થામાં પણ આગમો, ભાષ્યો, નિર્યુક્તિઓ વગેરે પ્રાચીન અને અર્વાચીન પ્રાકૃત ગ્રંથોનું દોહન કરી શબ્દ સંગ્રહ કર્યો. અકારાદિ અનુક્રમે શબ્દાવલિ ગોઠવી. દરેક પ્રાકૃત શબ્દની આગળ સસ્કૃત પર્યાય ગોઠવ્યો. અર્થ લોકભાષામાં આપવાને બદલે સંસ્કૃત ભાષામાં આપ્યો; તે પણ સંક્ષેપથી નહીં પણ મ્હોટા વિસ્તારથી, દાખલા તરીકે અનાથી શબ્દનો અર્થ આપવાનો હોય ત્યાં અનાથીમુનિનું આખુ અધ્યયન, તેના ઉપરની ટીકાના પાઠોના પાઠો તેમાં ગોઠવવામાં આવ્યા તેથી તેનો વિસ્તાર અત્યત

વધી એક એક શબ્દની પાછળ પ્રકરણનાં પ્રકરણો યોજ્યાં તેથી તે શબ્દ કોષને બદલે પ્રકરણ કોષ બન્યો સાઈક્લોપીડીયાની માફક અતિ વિસ્તૃત મહાન કોષ થયો. તેનું પ્રકાશન કાર્ય તેમના પરલોક નિવાસ પછી થયું તેથી લેખકો કે શોધકોના પ્રમાદથી રેફરન્સના આંકડાઓમાં ઘણે ઠેકાણે ભૂલો રહી જવા પામી છે. તે પુસ્તક મોટા મોટા સાત ભાગમાં રતલામ મુકામે અભિધાનરાજેંદ્રકાર્યાલય તરફથી લગભગ ૨૫૦ રૂપિયાની કિમ્મતે છપાઇ બહાર પડ્યું છે. તે પુસ્તક આગમના ખજાનારૂપે ગણી શકાય પણ સંસ્કૃત ન જાણનાર સામાન્ય જનતાને ઉપયોગી ન થઈ શકે એટલે સામાન્ય વર્ગ માટે એક વ્યાપક આગમકોષની જરૂરીઆત ઉભીને ઉભી રહી.

અર્દ્ધમાગધી કોષનો જન્મ.

ઈંદોર નિવાસી શ્રીયુત ભંડારી કેશરીચંદજીના મનમાં ઉપર કહેલ જરૂરીઆત પુરી પાડવાની ધગશ ઉત્પન્ન થઈ. પોતે વ્યાપારી વર્ગના માણસ હોવા છતાં અંગ્રેજી કેળવણીની સાથે સાધારણ સંસ્કૃતજ્ઞાન મેળવેલ હોવાથી આગમકોષનાં થોડાં સાધનો એકઠાં કરી શબ્દસંગ્રહ કરવાની શરૂઆત કરી. કેટલાએક આગમો અંગ્રેજ વિદ્વાનો તરફથી અંગ્રેજી, જર્મની વગેરે ભાષામાં તે તે સૂત્રના શબ્દકોષ સાથે છપાયા છે. તેમાંથી શબ્દો ચુટવાનો આરંભ કરી દશબાર હજાર શબ્દો એકઠા કર્યા. દરમ્યાન જર્મન નિવાસી ડૉ. સ્વાલીએ શ્વેતાંબર કોન્ફરન્સની પ્રેરણાથી અને હર્મન જેકોબીની સલાહથી એક પ્રાકૃતકોષ તૈયાર કરવાનો આરંભ કરી દીધો. વિક્રમ સવત ૧૯૬૮ ની સાલમાં શ્રીયુત ભંડારી કેશરીચંદજીએ પોતાનો શબ્દસંગ્રહ ડૉ. સ્વાલી ઉપર મોકલી આપ્યો. એટલામાં યુરોપીય મહાયુદ્ધ ઉપસ્થિત થયું અને ડૉ. સ્વાલીની યોજના પડી ભાંગી. મોકલેલા શબ્દો પાછા ઈંદોર આવ્યા. ભંડારીએ તે કામ જૈ. સ્થા. કોન્ફરન્સની આગળ રજુ કર્યું. કોન્ફરન્સે તે સ્વીકાર્યું પણ તેની સઘળી વ્યવસ્થા ભંડારીએજ કરવી એમ ઠર્યું. સંવત ૧૯૭૨ ની સાલમાં શ્રીયુત ભંડારી કેશરીચંદજીએ ઘણા આગ્રહપૂર્વક તે કામ આ લેખકને સોંપ્યું. તે વખતે અમે–ગુરૂમહારાજ શ્રી ગુલાબચંદજી સ્વામી તથા મહારાજ શ્રી વીરજી સ્વામી વગેરે ઠાણા ચાર મુંબઇ ઘાટકોપરમાં ચોમાસું હતા. ત્યાંથી કામ શરૂ કર્યું. ભંડારીએ કરેલ શબ્દસંગ્રહ જોયો પણ તે ઉપયોગમાં આવે તેમ ન હતો. તેથી નવેસરથી સૂત્રોમાંથી મૂળ શબ્દો સંસ્કૃત પર્યાય અને ગુજરાતી અર્થ સાથે ચુટવાનું કામ આરંભ્યું. શબ્દસંગ્રહના કામમાં લીંબડી સંપ્રદાયના પંડિત મહારાજ શ્રી ઉત્તમચંદજી સ્વામી, પંજાબી ઉપાધ્યાયજી શ્રી આત્મારામજી મહારાજ તથા પૂજ્ય શ્રી ધર્મદાસજી મહારાજના સંપ્રદાયના પૂજ્ય શ્રી માધવમુનિ મહારાજ તથા કચ્છી આઠ કોટી મોટી પક્ષના પં. મુનિ શ્રી દેવચંદજી તરફથી કેટલીએક મદદ મળી. સંવત ૧૯૭૬ ની સાલમાં શબ્દ સમદ પુરો થયા પછી વર્ણાનુક્રમે શબ્દાવલિ ગોઠવવાનું અને સંશોધનનું કામ ચાલ્યું. એકદર ૭ વર્ષે સવત ૧૯૭૮ ની સાલમાં તે કોષનું સંપાદન કામ પુરૂં થયું. બીજી બાજુએ તે કોષને સર્વત્ર વ્યાપક બનાવવા હિંદી અને અંગ્રેજી ભાષામાં અનુવાદ કરાવવાનું ચાલુ કરી, સ્થા. કોન્ફરન્સ તરફથી અજમેર મુકામે પોતાના પ્રેસમાં છાપવાનું કામ પણ શરૂ થયું. સંવત ૧૯૭૯ ની સાલમા તે કોષનો એક ભાગ બ્હાર પડ્યો. જેમાં માત્ર અકારના શબ્દો પુરા થયા.

પ્રાકૃત-હિંદી કોષ.

બીજી તરફ કલકત્તામાં પંડિત હરગોવિંદદાસે એક પ્રાકૃત કોષ તૈયાર કરવા માંડયો. તે માત્ર હિંદી ભાષામાં જુદા જુદા ભાગમાં યોજી તેમણે કલકત્તામાં બ્હાર પાડયો. આજસુધી તેના ત્રણ ભાગ બ્હાર પડયા છે. લ અક્ષર સુધીના શબ્દો તેમાં આવ્યા છે. સ્થા. કો.. ના કોષમાં પ્રાચીન અને અર્વાચીન પ્રાકૃત ભાષાઓનો ભેદ દર્શાવવાને માત્ર પ્રાચીન પુસ્તકોનાજ શબ્દો લેવામાં આવ્યા છે. ત્યારે પં. હરગોવિંદદાસના કોષમાં પ્રાચીન અર્વાચીન બને જાતના શબ્દો લેવામાં આવ્યા છે. તે ઉપરાંત દેશ્ય ભાષાના પણ ઘણાખરા શબ્દો તેમાં ઉમેરવામાં આવ્યા છે એટલે તેને પ્રાકૃત કોષ કહીએ તો કહી શકાય જ્યારે સ્થા. કો. ના કોષને ઘણે ભાગે આગમનાજ શબ્દો હોવાથી અર્દ્ધમાગધી કહી શકાય. અર્દ્ધમાગધી કોષનો એક ભાગ બ્હાર પડયો. દરમ્યાન ભંડારી કેશરીચંદજીની તબીયત બગડી. છાપવાનું કામ અજમેરમાં અને વ્યવસ્થા કરનાર ઇંદોરમાં; તેમાં વળી તબીયત નરમ જેથી બીજો ભાગ છાપવાનું કાર્ય વિલંબમાં પડ્યું.

અર્દ્ધમાગધી વ્યાકરણ.

સદરહુ કોષનો પ્રારંભ કર્યા પહેલાં લગભગ વિક્રમ સંવત ૧૯૬૭ ની સાલથી પ્રાકૃત ભાષાનો વિશેષ અભ્યાસ કરી, તેના સાહિત્યની ઉણપ દૂર કરવાનો વિચાર વારંવાર મારા મનમાં થયા કરતો હતો. શ્રીયુત હેમચંદ્રાચાર્યના વ્યાકરણને અનુસાર એક માર્ગોપદેશિકા બનાવવાનો પ્રયત્ન કર્યો પણ તેથી મનને પુરો સંતોષ ન થયો કારણ કે આગમના ઘણા પ્રયોગો—આર્ષપ્રયોગો પ્રાકૃત વ્યાકરણના નિયમથી સાધી શકાતા નથી; તેથી આગમભાષાનું સ્વતંત્ર વ્યાકરણ બને તો ઠીક; એવી ઇચ્છા થયા કરતી હતી પણ આગમ પ્રયોગોના બહોળા અભ્યાસ વિના અને આગમના શબ્દસંગ્રહ વિના તે કાર્ય પ્રાયે અશક્ય હતું. પરંતુ અર્દ્ધમાગધી કોષ તૈયાર થઇ રહ્યા પછી તે કામ શક્ય થવાથી ઇચ્છાને બળ મળ્યું એટલે તરતજ અર્દ્ધમાગધી વ્યાકરણ બનાવવાનું કામ હાથમાં લેવામાં આવ્યું. પણ કોષનું મેટર બધું ઇંદોર મોકલી દેવામાં આવ્યું હતું અને પહેલો ભાગ બ્હાર પડયા પછી બીજો ભાગ છાપવાનું કામ ખોળંબે પડયું હતુ. ભંડારીજીની તબીયત નાદુરસ્ત હોવાને લીધે વ્યાકરણ માટે જોઇતો શબ્દસંગ્રહ મેળવવામાં મુશ્કેલી પડવા લાગી. બીકાનેરના **શેઠ અગરચંદજી ભેરોદાનજી શેઠીઆ** તરફથી એક માણસ ખાસ ઇંદોર શબ્દસંશોધન માટે મોકલવામાં આવ્યો પણ તેનીએ તબીયત બગડતાં તે કામ પુરૂં ન થયું એટલે શબ્દોના જુના બ્લોકો અને નવા બ્લોકો ઇંદોરથી મંગાવવાની જરૂર પડી. વ્યાકરણ રચનાનું કામ પુરૂં થયું પણ કોષનું મેટર નાની નાની સ્લીપો ઉપર લખાયેલ હોઇને તે સ્લીપો આઘી પાછી થવાનો સંભવ હોવાને લીધે વ્યવસ્થિત રૂપમાં એક નકલ કરાવી લીધી હોય તો તે સુરક્ષિત રહી શકે, તેમજ વ્યાકરણના સંશોધન કાર્યમાં પણ કામે લાગી શકે, એટલુંજ નહી પણ વ્યાકરણ દૃષ્ટિથી તેમાં કંઇ સુધારો વધારો પણ થઇ શકે, આવા ઇરાદાથી અર્દ્ધમાગધી કોષની નકલ કરાવવાનો નિશ્ચય કર્યો.

અર્દ્ધમાગધી ગુજરાતી કોષની માગણી.

સંવત્ ૧૯૮૧ ના ચૈત્ર માસમાં બીકાનેરનિવાસી શેઠ અગરચંદજી ભેરોદાનજી શેઠીઆ તથા પોરબંદરનિવાસી શેઠ ત્રિભોવનદાસ જેઠાલાલભાઇની સહાનુભૂતિથી લેખકોદ્વારા નકલ કરાવવાનું કામ શરૂ કર્યું. દરમ્યાન કેટલાએક વિદ્યાર્થીઓ અને જીજ્ઞાસુઓ તરફથી એવી માગણી થઇ કે પં. હરગોવિંદદાસે હીંદી ભાષા જાણનારાઓ માટે એકલી હીંદી ભાષામાં કોષ બ્હાર પાડ્યો છે. તેમ ગુજરાતી ભાષા જાણનારાઓ માટે એકલી ગુજરાતી ભાષામા એક કોષ બ્હાર પડે તો અમારા જેવા સાધારણ માણસો તેનો લાભ વધારે પ્રમાણમાં લઇ શકે. વળી સાધુ સાધ્વીઓ મ્હોટા કદનું પુસ્તક સાથે રાખી ન શકે પણ એક ભાગમાં ન્હાના કદનું પુસ્તક હોય તો સાથે રાખી શકે. આ માગણી કંઇક વ્યાજબી જણાતાં નકલ કરાવવામાં બીજો હેતુ ઉમેરવામાં આવ્યો અને નીચે પ્રમાણે ફેરફાર કરવામાં આવ્યો. અર્દ્ધમાગધી ત્રિભાષિક કોષમાં અને પ. હરગોવિંદદાસના કોષમા સમાસવાળા શબ્દો એક મુખ્ય શબ્દના પેટામાં ગોઠવવામાં આવ્યા છે. સાધારણ વર્ગના લોકોને તેમાંથી અમુક શબ્દ શોધવામાં મુશ્કેલી પડવાનો સંભવ છે. તેથી આ નકલમાં સમાસવાળા શબ્દોને આખા રૂપમાં ગોઠવી પેટામા ન રાખતાં મૂળશબ્દોની પંક્તિમાં વર્ણાનુક્રમ પ્રમાણે ગોઠવવામા આવ્યા. જે સમાસને છુટો પાડવાથી બન્ને શબ્દોના અલગ અલગ અર્થ થઇ શકે તેવા કેટલાએક સમસ્ત શબ્દોને કમી કરવામાં આવ્યા. ધાતુ અને ધાતુનાં રૂપો પહેલા કોષમા દાખલ કરવાનો હેતુ ખાસ કરીને વ્યાકરણ રચના માટે હતો. વ્યાકરણ રચના થઇ ગઇ તેમા ધાતુપાઠ દર્શાવવાની સાથે ધાતુનાં રૂપો સાધવામાં આવ્યા એટલે નવા કોષમાં તેની જરૂરીઆત ઓછી થઇ વળી આ કોષનું કામ જેમ બને તેમ સક્ષેપમા કરવાનુ હોવાથી ધાતુઓ અને તેનાં રૂપાખ્યાનો પણ બાદ કર્યો. ભાષા એક ગુજરાતીજ રાખવામાં આવી. રેફરન્સો–પ્રમાણનિર્દેશો ખાસ વિદ્વાનો અને શોધકોને ઉપયોગી હોઇ મોટા કોષમા આવી ગયેલ હોવાથી નવા કોષમાં તે પણ કમી કરવામાં આવ્યા. અર્થમા પણ કેટલેક ઠેકાણે સક્ષેપથી લખાણ કર્યું છે તે પણ સાધારણ વર્ગ સહેલાઇથી ન સમજી શકે તેટલો સક્ષેપ નથી કર્યો. આ બધી કરકસરથી મ્હોટા કોષ કરતાં આ કોષનુ પ્રમાણ ઘણુ ઓછુ થયુ. મ્હોટો કોષ લગભગ ચારસો ફર્માંમાં પૂર્ણ થવાનો ત્યારે આ કોષ એક સો એ ફર્મામા પૂર્ણ થાય છે.

કોષનું બંધારણ.

ઉપર બતાવેલ ફેરફાર શિવાય બંધારણ બન્ને કોષનું એકસરખું છે. પ્રથમ અર્દ્ધમાગધી ભાષાના મૂળ શબ્દ પછી જાતિ અથવા લિંગનો સંકેત ત્યારપછી કોંસમા તે શબ્દનો સંસ્કૃત પર્યાય. સસ્કૃત પર્યાય આપવામાં ઘણે ભાગે આગમની ટીકાઓનું અનુસરણ કર્યું છે. કેટલાએક સંસ્કૃત પર્યાયો સંસ્કૃત કોષોમાં નહી મળી શકે તેવા પણ અત્રે આપવામા આવ્યા છે. કેટલાએક વનસ્પતિ કે પ્રાણીઓના વિશેષ નામો સંસ્કૃત સાહિત્યમા ક્યાંય ન મળે તેવા હોવા છતાં તેને થોડો ઘણો સંસ્કૃત સંસ્કાર પમાડી તેનેતે રૂપમા કોંસમા મુકવામાં આવ્યા છે. દેશ્ય શબ્દોના સંસ્કૃત પર્યાય ન હોય જેથી તેવા શબ્દોની સંસ્કૃત છાયા ન બનાવતાં તેવા શબ્દોમાં સંસ્કૃત પર્યાયની જગ્યા ખાલી રાખવામાં આવી છે. ત્યારપછી ગુજરાતી ભાષામાં સંક્ષિપ્ત અર્થ બતાવવામાં આવ્યો છે.

વર્ણાનુક્રમ.

બન્ને કોષમાં વર્ણાનુક્રમ પણ એક સરખો છે. પ્રથમ અ થી ઓ સુધી સ્વર, પછી અનુસ્વાર, ત્યારપછી ક થી હ સુધીના વ્યંજનો; જેમકે ક ના શબ્દો લઇએ તો પ્રથમ **कअ, कआ, कइ, कई, कउ, कऊ, कए, कओ, कंक, कंटक, कंपण, कंस, कक, कह** ઇત્યાદી. ઓ સુધીના સ્વરો પુરા થયા પછી જોડાક્ષરનું સ્થાન રાખવામાં આવ્યું છે; ઉદાહરણ તરીકે ક અક્ષર લઇએ તો, **कक्का, कक्कि, कक्की, कक्कु, कक्कू, कक्के, कक्को, कक्क, कक्ख.** ઇત્યાદિ. **ऋ, ॡ, ऐ, औ,** એ સ્વરો આ ભાષામાં આવતાજ નથી. વ્યંજનમાં **ङ, ञ,** સ્વતંત્ર આવતા નથી. અનુસ્વારને પરસવર્ણ થાય ત્યા સંયુક્તરૂપે ક્યાંક આવે છે. તાલવ્ય શ અને મૂર્ધન્ય ષ ને બદલે આ ભાષામાં કેવળ દંત્ય સકારજ આવે છે. એટલે એકંદર આઠ સ્વર અને ૨૯ અથવા ઙ, ઞ ને સાથે લઇએ તો ૩૧ વ્યંજનો છે. એકંદર ૩૭ અક્ષરોના શબ્દો આ કોષની અંદર ગોઠવવામાં આવ્યા છે. તેમાં સૌથી વધારે શબ્દો સ્વરમાં 'અ' ના અને વ્યંજનમાં 'સ' ના છે. સૌથી થોડા શબ્દો ખ, ઘ, ઝ, ટ, ઠ, ડ, ઢ, ધ, ફ, ના છે. આ ભાષામા વિજાતીય વ્યંજનોમાં ફક્ત હની સાથે ન, મ અને લ નો સયોગ થાય છે તે સિવાયના વિજાતીય વ્યંજનોનો પરસ્પર સંયોગ થતો નથી. સજાતીય વ્યંજનોમાં વર્ગમાંના પહેલા અક્ષરનો બીજા અક્ષર સાથે અને ત્રીજા અક્ષરનો ચોથા સાથે સંયોગ થાય છે. તે ઉપરાંત અનુનાસિક વર્ણોનો પોતાના વર્ગ સાથે સયોગ થાય છે. શિવાય બીજા વર્ણ સાથે સયોગ થતો નથી એટલે સયુક્તાક્ષર સસ્કૃત ભાષા કરતાં ઘણા થોડા છે. ઘણા શબ્દો તો વર્ણવિકાર અને વર્ણ લોપથી વધ્યા છે. દાખલા તરીકે સંસ્કૃતના અધિકરણ શબ્દના અર્દ્ધમાગધી ભાષામાં, અધિકરણ, અધિગરણ, અહિકરણ, અહિગરણ, એમ ચાર વિકલ્પો થયા છે એટલે ચાર ઠેકાણે તે શબ્દ યોજવામાં આવ્યો છે. એમ કોઇના બે રૂપો, કોઇનાં ત્રણ રૂપો, કોઈનાં ચાર રૂપો કે તેથી પણ વધારે રૂપો થયાં છે. એથી એકંદર મ્હોટા કોષમાં ૪૦ થી ૪૫ હજાર શબ્દો અને ન્હાના કોષમા આશરે ૨૫ થી ૩૦ હજાર શબ્દોનો સમાવેશ કરવામા આવ્યા છે. જૈન આગમના પ્રાયે બધા શબ્દો પ્રાકૃત કોષમાં આવી ગયા છે.

નામ ભેદ.

મ્હોટો કોષ અને ન્હાના કોષના પ્રકાશક ભિન્ન ભિન્ન હોવાને લીધે વ્યવહારમાં સંકીર્ણતા ન થઇ જાય એટલા માટે આ લઘુકોષનું નામ "જૈનાગમશબ્દ સગ્રહ' યા 'અર્દ્ધમાગધી–ગુજરાતી કોષ' એવું રાખવામાં આવ્યું છે.

મ્હોટા કોષનું પરિણામ.

જૈનસિધ્ધાંતકૌમુદી નામનું અર્ધ્ધમાગધી વ્યાકરણ અને જૈનાગમશબ્દસંગ્રહ નામનો અર્દ્ધમાગધી–ગુજરાતી કોષ, આ બંને પુસ્તકો ભંડારી કેશરીચંદજી અને સ્થા. કોન્ફરન્સના પ્રયત્નથી તૈયાર કરવામાં આવેલ અર્ધ્ધ-માગધી ત્રિભાષિક કોષના પરિણામ–ફળરૂપ છે એમ કહીએ તો કંઇ ખોટું નથી. કેમકે તે કોષની હાજરીથીજ ઉપર કહેલ બે પુસ્તકોનું નિર્માણ થોડા વખ-તમાં થોડી મહેનતથી થઇ શક્યું છે; એટલે મજકુર બને પુસ્તકો મ્હોટા કોષનેજ આભારી

છે. વાચકો જાણીને ખુશી થશે કે મલકાપુરની કોન્ફરન્સમાં અર્દ્ધમાગધી કોષ તરત છપાવવાનો ઠરાવ થયા પછી ઇંદોરમાં ભંડારી સરદારમલજીની દેખરેખ નીચે બીજો ભાગ છપાવવાનું ગઇ સાલથી શરૂ થઇ ગયું છે અને થોડા વખતમાં બહાર પડવા સંભવ છે. ત્યાર પછી ત્રીજો અને ચોથો ભાગ પણ એક બે વરસમાં બહાર પડી સાહિત્યપ્રેમીઓને લાભ આપશે. ત્યાંસુધી આ લઘુકોષ ગુજરાતી ભાઇઓને માટે મ્હોટા કોષની થોડે ઘણે અંશે ગરજ પુરી પાડશે. તત્ત્વજિજ્ઞાસુઓ અર્ધમાગધી ભાષાના વ્યાકરણ અને કોષની મદદથી આગમોનો અભ્યાસ કરી, માનસિક જીવન અને આધ્યાત્મિક જીવનની ઉચ્ચભૂમિકાએ ચડવાનો પ્રયત્ન કરતાં વીરધર્મનો વિજયવાવટો ફરકાવશે તો આ મારો પ્રયત્ન સફળ થયો માનીશ **सुज्ञेषु किं बहुना** ! ॐ શાંતિઃ ! શાંતિઃ !! શાંતિઃ !!!

સ્થળ વાંકાનેર.
સં. ૧૯૮૩ માગશર
શુક્લ પૂર્ણિમા.

મુનિ રત્નચંદ્ર.



સંઘવી ગુલાબચંદ જસરાજ—લીંબડી.

પ્રકાશક તરફથી બે બોલ.

જૈનાગમ શબ્દ સંગ્રહ—અર્ધમાગધી-ગુજરાતી કોષનું પુસ્તક છપાવી વાચક વર્ગની સમક્ષ જાહેરમાં મુકતાં મ્હને અત્યંત આનંદ થાય છે. શ્રી શ્વેતામ્બર સ્થાનકવાસી કોન્ફરન્સ તરફથી ભંડારી કેશરીચંદજીની પ્રેરણાથી પંડિતમહારાજશ્રી **રત્નચંદ્રજીસ્વામીએ** અર્ધ-માગધી ભાષાનો એક મોટો કોષ જુદી જુદી ત્રણ ભાષામાં તૈયાર કર્યા પછી ગુજરાતી ભાષા જાણનાર વિદ્યાર્થીઓ અને જીજ્ઞાસુઓના લાભના માટે કેવળ ગુજરાતી ભાષામાં એક ન્હાનો કોષ તૈયાર કર્યો. ગયા ફાગણ માસમાં પંડિતમહારાજશ્રી **રત્નચંદ્રજીસ્વામી** પોતાના ગુરૂવર્ય પૂજ્ય મહારાજશ્રી **ગુલાબચંદ્રજીસ્વામીની** સાથે અત્રે પધાર્યા ત્યારે અર્ધમાગધી-ગુજરાતીકોષની કોપી અમારા જોવામાં આવી. જુદા જુદા ચાર ભાગમાં છપાતા મ્હોટા કોષ કરતાં આ ન્હાનો કોષ એકજ ભાગમાં પુરો થઇ શકે અને તે સાધુ, સાધ્વીઓ તેમજ અન્ય જીજ્ઞાસુ લોકોને વધારે ઉપયોગી થઇ શકે એમ ધારી મહારાજ શ્રી પાસેથી તે કોપીની માગણી કરતાં મહારાજશ્રીએ તે માગણી સ્વીકારી. તે ખાતે તેમનો તથા મ્હોટા કોષના વ્યવસ્થાપકોનો ઉપકાર માનીએ છીએ.

આ કોષ છપાવવાનો અમારો હેતુ માત્ર સાહિત્ય પ્રચારનો જ છે. નફો મેળવવાનો નથી. આ કોષની જે પડતર કિંમત રાખેલી છે તેમાંથી વસુલ થવાની કીમત પણ આગમ સંબંધી બીજાં નવાં નવાં પુસ્તકો છપાવવામાં ખરચવામાં આવશે.

મહારાજશ્રીએ ઘણો પરિશ્રમ લઇ આ પુસ્તક તૈયાર કર્યું છે તો આશા છે કે વાચકવર્ગ મહારાજશ્રીની મ્હેનતની કદર કરી બનતી રીતે આ પુસ્તકનો લાભ લેશે અને બરાબર રીતે તેનું રક્ષણ કરશે.

આ કોષના પ્રુફ સુધારવામાં વાંકાનેરનિવાસી શેઠ જેઠાલાલ ફીરચંદ તથા શેઠ ખીમચંદ જેઠાલાલે નિ:સ્વાર્થ ભાવે મદદ કરી છે તે ખાતે તે બંને ભાઇઓનો ઉપકાર માનીએ છીએ.

પુસ્તક સંશોધનકાર્યમાં મહારાજશ્રીની ઘણીજ ખંત હોવાની સાથે પ્રેસ મેનેજરે પણ કાળજી રાખી છે તથાપિ સંસ્કૃત ટાઇપની ખામીને લીધે કેટલાએક અનુસ્વાર, રેફ અને બીજા અક્ષરો ઉડી જવા પામ્યા છે તેથી શુદ્ધિપત્રક લાંબું થયું છે તે બીના અમારા અંતઃ-કરણને ડંખે છે પણ બીજો ઉપાય ન રહેવાથી લાચાર થઇ વાચકવર્ગ પાસેથી ક્ષમા માગીએ છીએ.

આશા રાખીએ છીએ કે શુદ્ધિપત્રક ઉપરથી વાચકવર્ગ ભૂલો સુધારી લેશે. અમે ધાર્યું હતું તેટલા સમયમાં આ પુસ્તક પ્રેસ મેનેજરે તૈયાર કરી આપ્યું તેથી તે બાબત સંતોષ જાહેર કરીએ છીએ.

સં. ૧૯૮૩ પોષ સુદી ૧૫. વાર સોમ.

સ્થળ લીંબડી.

લી. સંઘવી ગુલાબચંદ જશરાજ.

કોષાન્તર્ગત સંકેતોનો ખુલાસો.

પું૦ પુલ્લિંગ.

સ્ત્રી૦ સ્ત્રીલિંગ.

ન૦ નપુંસકલિંગ.

પુ૦ ન૦ પુલ્લિંગ અને નપુંસકલિંગ.

પુ૦ સ્ત્રી૦ પુલ્લિંગ અને સ્ત્રીલિંગ.

ત્રિ૦ પુલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ.

ક્રિ. વિ. ક્રિયાવિશેષણ.

અ૦ અવ્યય.

જે જૈનાગમો અને ગ્રંથોમાંથી શબ્દો લેવામાં આવ્યા છે તેનું સૂચીપત્ર.

૧ અંતગડદસા સૂત્ર.
૨ અનુયોગદ્વાર સૂત્ર.
૩ અનુત્તરોવવાઇ સૂત્ર.
૪ આઉરપચ્ચક્ખાણપઇન્નો.
૫ આચારાંગ સૂત્ર.
૬ આવશ્યક સૂત્ર.
૭ ઉત્તરાધ્યયન સૂત્ર.
૮ ઉપાસકદશા સૂત્ર.
૯ ઓઘનિર્યુક્તિ.
૧૦ ઔપપાતિક (ઉવવાઇ) સૂત્ર.
૧૧ કર્મગ્રંથ.
૧૨ કમ્મપયડિ.
૧૩ કલ્પસૂત્ર.
૧૪ ગચ્છાચાર પઇન્નો.
૧૫ ગણિવિજ્જા પઇન્નો.
૧૬ ચઉસરણ પઇન્નો.
૧૭ ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર.
૧૮ જંબૂદ્વીપપન્નતિ સૂત્ર.
૧૯ જીવાભિગમ સૂત્ર.
૨૦ જ્ઞાતાધર્મકથા સૂત્ર.
૨૧ ઠાણાંગ સૂત્ર.
૨૨ તંદુલવેયાલીય પઇન્નો.
૨૩ દશવૈકાલિક સૂત્ર.
૨૪ દશાશ્રુતસ્કંધ સૂત્ર.
૨૫ નંદી સૂત્ર.
૨૬ નિરયાવલિકા સૂત્ર.
૨૭ કપ્પવડિંસિયા સૂત્ર.
૨૮ પુપ્ફિયા સૂત્ર.
૨૯ પુપ્ફચૂલિયા સૂત્ર.
૩૦ વહ્નિદસા સૂત્ર.
૩૧ નિસીથ સૂત્ર.
૩૨ પંચાશક.
૩૩ પિંડનિર્યુક્તિ.
૩૪ પન્નવણા સૂત્ર.
૩૫ પ્રવચનસારોદ્ધાર.
૩૬ પ્રશ્નવ્યાકરણ સૂત્ર.
૩૭ ભગવતી સૂત્ર.
૩૮ ભત્તપચ્ચક્ખાણ પઇન્નો.
૩૯ મહાપચ્ચક્ખાણ પઇન્નો.
૪૦ રાયપસેણી સૂત્ર.
૪૧ વિપાક સૂત્ર.
૪૨ વિશેષાવશ્યક.
૪૩ વેદકલ્પ—બૃહત્કલ્પ સૂત્ર.
૪૪ વ્યવહાર સૂત્ર.
૪૫ સંસ્તારક પઇન્નો.
૪૬ સમવાયાંગ સૂત્ર.
૪૭ સુપાસનાહ ચરિત પ્રથમ ભાગ.
૪૮ સૂયગડાંગ સૂત્ર.
૪૯ સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર.

ॐ

॥ श्रीजैनागमशब्दसंग्रह. ॥

मङ्गलाचरणम्—

सुरिंदविंदाच्चियपायपोम्मं
कम्माइदुद्दंसियभावहोमं
जिणेसरं तं सिरिवद्धमाणं
णमामि णिच्चं मणसाऽसमाणं ॥ १ ॥

संखेवेण सुत्तेहिन्तो
काऊण सद्दसंगहं
संखेवरुइबोहाए
कोसो इमो रइज्जइ ॥ २ ॥

अ. अ० (च) અને; વળી. (૨) પાદપૂરણાર્થે વપરાતો અવ્યય.

अअगर. पुं० (अजगर) મોટો સાપ, અજગર

अइ. अ० (अति) અતિશય; ઘણું.

अइआर. पुं० (अतिचार) વ્રત, કે પ્રતિજ્ઞા ભાંગવાની તૈયારી કરવી, વ્રત વિરાધવાની કોશિશ.

अइइ. स्त्री० (अदिति) પુનર્વસુ નક્ષત્રનો અધિષ્ઠાતા દેવતા.

अइउक्कस. त्रि० (अत्युत्कर्ष) અભિમાન રહિત.

अइकाय. पुं० (अतिकाय) દક્ષિણ દિશામાં રહેનાર મહોરગ જાતિના વ્યંતર દેવતાનો ઈંદ્ર. (૨) त्रि० મોટા શરીરવાળું.

अइक्कंत. त्रि० (अतिक्रान्त) ઉલ્લંઘન કરેલું. (૨) જે વખત મુકરર કરેલ હોય તેને ઉલ્લંઘીને કરેલું તપ અથવા પચ્ચખાણ.

अइक्कंतचारि. त्रि० (अतिक्रान्तचारिन्) મર્યાદાનું ઉલ્લંઘન કરી વિચરનાર.

अइक्कम. पुं० (अतिक्रम) લીધેલ વ્રત–પચ્ચખાણ અથવા પ્રતિજ્ઞા ભાંગવાનો સંકલ્પ કે ઇચ્છા કરવી તે. (૨) ઉલ્લંઘન કરવું; અતિક્રમણ કરવું.

अइक्कमणिज्ज. त्रि० (अतिक्रमणीय) ઉલ્લંઘન કરવા યોગ્ય.

अइगअ. त्रि० (अतिगत) એકવાર મરી ફરી તેમાંજ ઉત્પન્ન થયેલ; વારંવાર ઉપજેલ.

अइगमण. न० (अतिगमन) જવા આવવાનો માર્ગ.

अइगुण. पुं० (अतिगुण) અતિશય પ્રભાવવાળો ગુણ.

अइच्छिय. त्रि० (अतिक्रान्त) અતિક્રમણ કરેલ; અન્યત્ર ગમન કરેલ. (૨) ઉલ્લંઘન કરેલ.

अइजाअ. पु० (अतिजात) જાતિ અથવા પિતા કરતાં વધારે સંપત્તિ અને કીર્તિ મેળવનાર પરાક્રમી પુત્ર. (૨) વિજાતીય; ભિન્નજાતીય.

अइण. न० (अजिन) ચામડું; ચર્મ.

अइणिद्धमहुरत्त. न० (अतिस्निग्धमधुरत्व) જે વચનમાં અત્યન્ત સ્નિગ્ધતા અને મધુરતા ઘી ગોળની માફક રહેલ છે એવા તીર્થંકરના વચનનો અતિશય; તીર્થંકરની વાણીનો ૧૯ મો અતિશય.

अइतेया. स्त्री० (अतितेजा) ચતુર્દશી; ચૌદશની રાત્રિનું નામ.

अइत्था. स्त्री० (अदित्सा) ભિક્ષા ન આપવાની ઇચ્છા.

अइत्थावणा. स्त्री० (अतिस्थापना) ઉલ્લઘન કરવા યોગ્ય કર્મસ્થિતિ. અબાધાકાલ ઉપરાંતની કર્મસ્થિતિ.

अइत्थिय. त्रि० (अतिस्थित) ઉલ્લઘન કરી રહેલ.

अइदंपज्ज. न० (ऐदम्पर्य) તાત્પર્ય; ભાવાર્થ ગર્ભિત તત્ત્વ.

अइदूसमा. स्त्री० (अतिदुष्षमा) દુષ્ષમદુષ્ષમ નામે અવસર્પિણી કાલનો છટ્ઠો અને ઉત્સર્પિણીનો પહેલો આરો.

अइधाडिय. त्रि० (अतिघ्राडित) ભમાવેલું.

अइपंडुकंबलसिला. स्त्री० (अतिपाण्डुकम्बलशिला) મેરૂ પર્વત ઉપરની દક્ષિણદિશા તરફની અભિષેક શિલા.

अइपडागा. स्त्री० (अतिपताका) પતાકા ઉપર પતાકા; ધ્વજા ઉપર ધજા.

अइपरिणाम. पुं० (अतिपरिणाम) શાસ્ત્રમાં બતાવેલ અપવાદ કરતાં પણ વધારે અપવાદનો આશ્રય કરનાર; ઉત્સૂત્રમતિવાળો.

अइपास. पुं० (अतिपार्श्व) ભરતક્ષેત્રના કુંથુનાથ સ્વામીના સમકાલીન ઇરવત ક્ષેત્રના તીર્થંકરનું નામ.

अइप्पसंग. पुं० (अतिप्रसङ्ग) અતિ પરિચય કરવો તે. (૨) અતિવ્યાપ્તિ; લક્ષ્યને મુકી લક્ષ્યથી બહાર લક્ષણનું જવું તે.

अइबल. पु० (अतिबल) આવતી ચોવીસીના પાંચમા વાસુદેવનું નામ. (૨) ભરત ચક્રીનો પૌત્ર મહાયશાનો પુત્ર. (૩) त्रि. અતિ બલવાન્; ઘણી શક્તિવાળું.

अइभार. पुं० (अतिभार) હદ ઉપરાંતનો ભાર. (૨) પહેલા અણુવ્રતનો ચોથો અતિચાર.

अइभाररोवण. न० (अतिभाररोपण) અતિભાર ભરવો તે; શ્રાવકના પહેલા વ્રતનો ચોથો અતિચાર.

अइभूमि. स्त्री० (अतिभूमि) જે જગ્યા ઉપર સાધુઓને જવા માટે ગૃહસ્થની મના છે તે જગ્યા.

अइमंच. पु० (अतिमञ्च) માચા ઉપરનો માંચો.

अइमट्टिया. स्त्री० (अतिमृत्तिका) માટીની ગાર; કાદવ.

अइमत्त. } **अइमाय.** } त्रि० (अतिमात्र) માત્રા-પરિમાણ ઉપરાંતનુ.

अइमाया. स्त्री० (अतिमात्रा) અધિક પ્રમાણ.

अइमुत्त. पुं० (अतिमुक्त) અંતગડસૂત્રના છઠ્ઠા વર્ગના ૧૫ મા અધ્યયનનું નામ. (૨) પોલાસપુરના વિજયરાજાનો પુત્ર; 'અઇમુત્ત કુમાર સમણ' નામના બાળ સાધુ, કે જેને માટે ભગવતીમાં સ્થવિર સાધુઓએ સિદ્ધિવિષયક પ્રશ્ન પૂછ્યો હતો. (૩) માધવીલતા. (૪) તિન્દુકનું ઝાડ. (૫) તાડનું ઝાડ.

अइमुत्तग. पुं० (अतिमुक्तक) માધવી વેલ. (૨) પૂર્ણ રીતે મુક્ત થયેલો; અતિ છુટો થયેલો.

अइमुत्तगचंद. पुं० (अतिमुक्तकचन्द्र) રાહુથી મુક્ત થયેલો ચન્દ્રમા. (૨) લુહારની ધમણ.

अइमुत्तया. स्त्री० (अतिमुक्तिका) માધવી વેલ; વાસંતી.

अइमुत्तलया. स्त्री० (अतिमुक्तलता) માધવી-મોગરાની વેલ.

अइयाण. न० (अतियान) નગરમાં પ્રવેશ કરવો તે.

अइयाणइड्डि. स्त्री० (अतियानर्द्धि) રાજા નગરમાં પ્રવેશ કરે તે વખતે બજાર-હાટ પંક્તિ વગેરે શણગારવામાં આવે તે.

अइयाणगिह. न० (अतियानगृह) નગરમાં પ્રવેશ કરતાં દરવાજા પાસે જે ઘર હોય તે.

अइयाय. त्रि० (अतियात) રચના થઈ ગયેલ.

अइयायरक्खं. त्रि० (अत्यात्मरक्ष) પાપ કર્મથી આત્માને સંસારમાં રખડાવનાર.

अइयार. पु० (अतिचार) (૧) જે દોષથી વ્રત મલીન થાય, કે ભાંગે તેવો દોષ. (૨) અતિક્રમ તથા વ્યતિક્રમ પછી અને અણાચાર પહેલાની જે દોષની સ્થિતિ તે; અપરાધ કે દોષનું ત્રીજું પગથીઉં. (૩) શ્રાવક વ્રતના ૯૯ અતિચારમાંનો એક.

अइयारचरण. न० (अतिचारचरण) દોષવાળું ચારિત્ર.

अइर. त्रि० (अतिरोहित) નહીં છુપાવેલું; પ્રગટ.

अइर. पु० (सागर) સમુદ્ર.

अइर. न० (अजिर) આંગણું; ચોક.

अइरत्त. पुं० (अतिरात्र) અધિક તિથિ; દિવસની વૃદ્ધિ.

अइरत्तकंबला. स्त्री० (अतिरक्तकम्बला) મેરૂના શિખર ઉપરની એક શિલા.

अइरा. अ० (अचिरात्) તત્કાલ; એકદમ.

अइरा. } **अइराणी.** } स्त्री० (अचिरा) ૧૬ મા તીર્થંકર અથવા ૫ મા ચક્રવર્તી શાંતિનાથની માતા.

अइरित्त. त्रि० (अतिरिक्त) ભિન્ન; જૂદું. (૨) અધિક; વધારે.

अइरूव. पुं० (अतिरूप) ભૂત દેવતાની એક જાત.

अइरेक } **अइरेग** } **अइरेय** } पुं० (अतिरेक) વધારો; વિશેષતા.

अइव. अ० (अतीव) બહુ; વધારે.

अइवत्तण. न० (अतिवर्तन) ઉલ્લંઘન કરવું.

अइवत्तिय. त्रि० (अनिवृत्तिक) નિર્દોષ; દોષરહિત (૨) ઉલ્લંઘન કરનાર.

अइवाइ. त्रि० (अतिपातिन्) હિંસા કરનાર; ઘાતકી.

अइवाइत्तार. त्रि० (अतिपातयितृ) અતિપાત-હિંસા કરનાર; નાશ કરનાર.

अइवाय. पुं० (अतिपात) હિંસા; નાશ.

अइवासा. स्त्री० (अतिवर्षा) જોરનો વરસાદ; ધોધમાર વૃષ્ટિ.

अइविगिट्ठ. न० (अतिविकृष्ट) ત્રણ, ચાર, કે તેથી વધારે ઉપવાસ ભેગા કરવા તે; આકરૂં તપ.

अइविज्ज. त्रि० (अतिविद्य) આગમના સદ્ભાવને જાણનાર.

अइवुट्ठि. स्त्री० (अतिवृष्टि) અતિવૃષ્ટિ; હદથી વધારે વરસાદ

अइवेलं. अ० (अतिवेलम्) વેળા-કાળ ઉલ્લંઘીને.

अइवेला. स्त्री० (अतिवेला) સાધુના આચારની મર્યાદા.

अइसंपओग. पुं० (अतिसम्प्रयोग) એક દ્રવ્યની સાથે બીજા દ્રવ્યનો અતિશય યોગ કરવો તે.

अइसय. पुं० (अतिशय) અતિશય; ઘણું. (૨) પ્રભાવ.

अइसयणाणि. पुं० (अतिशयज्ञानिन्) અવધિ આદિ પ્રત્યક્ષ જ્ઞાનયુક્ત.

अइसाइ. त्रि० (अतिशायिन्) કેવલ, મનઃ પર્યવ અને અવધિજ્ઞાનવાળા; પ્રભાવક પુરૂષ.

अइसेस. પુ० (अतिशेष) અસાધારણ પ્રભાવ, તીર્થંકર અને તેમની વાણીનો અદ્‌ભુત પ્રભાવ. (૨) અવશિષ્ટ, બાકી રહેલું.

अइसेसि. त्रि० (अतिशेषिन्) અતિશયથી યુક્ત; પ્રભાવશાળી.

अइसेसिय. त्रि० (अतिशेषित) મહિમાવંત, સમૃદ્ધ.

अइहि પુ० (अतिथि) અભ્યાગત, અતિથિ.

अईय त्रि० (अतीत) પસાર થયેલ; ઉલ્લંઘી ગયેલ. (૨) કંઇ કારણસર પર્યુષણાદિ પર્વમાં કરવાનું તપ કે પચ્ચખાણ પર્વ વીત્યા પછી કરવું તે; દશ પ્રકારના પચ્ચખાણમાનું બીજું પચ્ચખાણ.

अईयकाल. પુ० (अतीतकाल) ગયેલો કાલ, ભૂતકાલ.

अईयपच्चक्खाण. न० (अतीतप्रत्याख्यान) ભૂતકાળમાં કરવા યોગ્ય પચ્ચખાણ; પચ્ચખાણના દશ પ્રકારમાંનો એક પ્રકાર.

अईव. अ० (अतीव) અત્યંત, ઘણુંજ.

अईसार. પુ० (अतीसार) સંગ્રહણી નામનો રોગ, (૨) એક રાજાનુ નામ

अउज्झ त्रि० (अयोध्य) પરસૈન્યથી જેમાં પ્રવેશ ન કરી શકાય તેવા નગર, કિલ્લા વગેરે. યુદ્ધમાં જેની બરોબરી બીજો કોઇ કરી શકે નહિ તે.

अउज्झा. स्त्री० (अयोध्या) ગંધિલાવતી વિજયની મુખ્ય રાજધાની. (૨) વિનીતાડપર નામક અયોધ્યા નગરી.

अउण. त्रि० (अगुण) વિંશતિ આદિ દશકાની પૂર્વે મૂકાતો શબ્દ, જેનો અર્થ એક ઓછો થાય છે

अउणट्ठि. स्त्री० (अगुणषष्ठि) ઓગણસાઠની સંખ્યા; ૫૯.

अउणत्तरि. स्त्री० (अगुणसप्तति) ઓગણસીતેર; ૬૯.

अउणत्तीस. स्त्री० (अगुणत्रिंशत्) ઓગણત્રીસ; ૨૯ ની સંખ્યા.

अउणपन्ना. स्त्री० (अगुणपञ्चाशत्) ઓગણપચાસની સંખ્યા; ૪૯.

अउणपन्नास. स्त्री० (अगुणपञ्चाशत्) ઓગણપચાસ; ૪૯ ની સંખ્યા.

अउणपन्ना. स्त्री० (अगुणपञ्चाशत्) ઓગણપચાસ; ૪૯.

अउणवीस. स्त्री० (अउणविंशति) ઓગણીસ; ૧૯ ની સંખ્યા.

अउणसत्तरि. स्त्री० (अगुणसप्तति) ઓગણોતેર, ૬૯ ની સંખ્યા.

अउणासीति स्त्री० (अगुणाशीति) ઓગણાએંસી; ૭૯ ની સંખ્યા.

अउमाण न० (अपमान) અપમાન, અનાદર.

अउय. પુ० न० (अयुत) ૮૪ લાખ અઉઅંગ પ્રમાણે કાલ વિભાગ.

अउयंग પુ० न० (अयुताङ्ग) ૮૪ લાખ અર્થનિપૂર પ્રમાણે કાલ વિભાગ.

अउल त्रि० (अतुल) જેની તુલના થઇ શકે નહિ તેવું, અસાધારણ કે અદ્વિતીય.

अउव्व. त्रि० (अपूर्व) પૂર્વે ન જોએલું.

अओ. अ० (अत.) અહીંથી. (૨) એટલા માટે, એ કારણથી

अओ. न० (अयस्) લોઢું.

अओघण પુ० (अयोघन) લોઢાનો હથોડો.

अओज्झ. त्रि० (अयोध्य) યુદ્ધ યોગ્ય નહિ.

अओपरं. अ० (अतःपरम्) એ પછી.

अओमुह. પુ० (अयोमुख) આ નામનો એક અન્તર્દ્વીપ (૨) ત્રિ. તેમાં રહેનાર.

अंक. પુ० (अङ्क) એક જાતનો સફેદ મણિ. (૨) એક જાતનું રત્ન; સચિત્ત પૃથ્વીનું એક પરિણામ. (૩) ખોળો; ગોદ. (૪) ચિન્હ, લાંછન. (૫) એકથી નવ સુધીના

આંકડા. (૬) આંકડાની લિપિ; ૧૮ લિપિમાંની એક. (૭) મનુષ્યના પ્રશસ્ત ૩૨ લક્ષણોમાંનો એક.

अंककंड. પું૦ (अङ्ककाण्ड) રત્નપ્રભા પૃથ્વીના ખરકાંડનો એક ભાગ.

अंककरेलुग. પું૦ (अङ्ककरेलुक) પાણીમાંની એક જાતની વનસ્પતિ.

अंकठिइ. સ્ત્રી૦ (अङ्कस्थिति) આંકડા તથા રેખાને વિચિત્ર રીતે સ્થાપવા તે. (૨) ૭૨ કળામાંની ૪૩ મી કળા.

अंकण. ન૦ (अङ्कन) તપાવેલ સળીયાથી વાછરડા વગેરેને આંકવા-શિયાળના પગ વગેરેને આકારે ચિન્હ કરવું તે. (૨) આંકનાર અને ગણતરી મેળવનાર.

अंकणा સ્ત્રી૦ (अङ्कना) ચિન્હ કરનારી

अंकधर. પું૦ (अङ्कधर) ચન્દ્ર.

अंकधाई. સ્ત્રી૦ (अङ्कधात्री) ખોળામાં બેસાડી બાળકને રમાડનાર ધાવ માતા; પાંચ પ્રકારની ધાવ માતામાંની એક.

अंकमुह. ન૦ (अङ्कमुख) પદ્માસનનો અગ્ર ભાગ.

अंकलिपि. સ્ત્રી૦ (अङ्कलिपि) અંક લિપિ; અઢાર લિપિમાંની એક.

अंकवडंसय. પું૦ (अङ्कावतंसक) ઇશાન ઇન્દ્રના મુખ્ય વિમાનનું નામ.

अंकवणिय. પું૦ (अङ्कवणिज्) અંક રત્નના વ્યાપારી.

अंकहर. પું૦ (अङ्कधर) ચન્દ્રમા.

अंकावई. સ્ત્રી૦ (अङ्कावती) મહાવિદેહની સીતોદા નદીને જમણે કાંઠે આવેલી રમ્ય વિજયની રાજધાની. (૨) પશ્ચિમ મહાવિદેહના દક્ષિણ ખાંડવાની પહેલી વિજયની સરહદ ઉપરનો વખારાપર્વત.

अंकिल्लग. પું૦ ( ) નટ; નાચનાર.

अंकिय. ત્રિ૦ (अङ्कित) અંકિત થયેલ; ચિન્હ સહિત.

अंकुडग. પું૦ (अङ्कुटक) નાગના દાંતના આકાર જેવી ખૂંટી.

अंकुर. પું૦ (अङ्कुर) પાંદડાનો પ્રથમ નીકળેલ ફણગો; પાંદડાની શરૂઆતની લાલ ટીશી

अंकुरिय. ત્રિ૦ (अङ्कुरित) અંકુરયુક્ત; જેમાં અંકુર ઉત્પન્ન થયેલા હોય તે.

अंकुस. ન૦ (अङ्कुश) હાથીના માથામાં મારવાનું હથિયાર; લોઢાનો એક પાસથી વાળેલ આંકડો. (૨) અંકુશને આકારે હાથ પગની રેખા. (૩) વૃક્ષના પલ્લવ છેદવાનું સન્યાસીનું એક ઉપકરણ. (૪) માળા લટકાવવાનો ચંદરવામાંનો અંકુશાકાર આંકડો. (૫) મહાશુક્રદેવલોકના એક વિમાનનું નામ. (૬) વંદનાનો છઠો દોષ. (૭) ૮૮ ગ્રહોમાંનો એક.

अंकुसा. સ્ત્રી૦ (अङ्कुशा) ચૌદમા શ્રી અનંતનાથ તીર્થંકરની શાસન દેવીનું નામ.

अंकेल्लणा. ન૦ (अङ्केलन) ઘોડાને મારવાનો ચાબુક.

अंकेसायणी. સ્ત્રી૦ (अङ्केशायिनी) ખોળામાં સુવાવાળી પુત્રી જેવી.

अंकोल्ल. પું૦ (अङ्कोल) અંકોલનું ઝાડ.

अंग. ન૦ (आङ्ग) અંગ ફરકવાના શુભાશુભ ફલ બતાવનાર નિમિત્ત શાસ્ત્ર; ૨૯ પાપ સૂત્રમાંનું એક. (૨) ત્રિ૦ શરીરનો વિકાર; શરીરસંબંધી; શારીરિક.

अंग. ન૦ (अङ्ग) શરીરના અવયવ; મસ્તક વગેરે શરીરનાં આઠ અંગ. (૨) મુખ્ય અવયવ; પ્રધાન અંગ. (૩) પુ. દેશ વિશેષ; જેને હાલ બિહાર કહે છે. (૪) અંગસૂત્ર; આચારાંગાદિ ૧૧ અંગ. (૫) અ૦ વાક્યાલંકારમાં ' કિમંગ ' એ રૂપે આવે છે. (૬) કારણ (૭) મિત્રતાનું આમંત્રણ-સંબોધન.

अंगइ. પું૦ (अङ्गजित्) ભગવાન્ પાર્શ્વનાથ સ્વામી પાસે દિક્ષા અંગીકાર કરનાર એક ગૃહસ્થનું નામ.

अंगंगीभाव. पुं० (अङ्गाङ्गीभाव) અભેદભાવ; અભિન્નતા-ભિન્નતા રહિત ભાવ.

अंगचूलिया. स्त्री० (अंगचूलिका) આચારાદિ અંગની ચૂલિકા; કાલિક સૂત્રવિશેષ.

अंगच्छहिय. त्रि० (अङ्गच्छिन्न) છેદાયેલું અંગ.

अंगजणवय. न० (अंगजनपद) અંગ દેશ.

अंगण. पुं० न० (अङ्गण) આંગણું; ફળિયું.

अंगणा. स्त्री० (अङ्गना) અંગના; સ્ત્રી

अंगपडियारिया. स्त्री० (अंगप्रतिचारिका) શરીરની સેવા કરનારી દાસી. અંદરનું કામ કરનાર દાસી.

अंगपविट्ठ. त्रि० (अङ्गप्रविष्ट) અંગસૂત્રાન્તર્ગત શ્રુત વિભાગ; આચારાંગ આદિ બાર અંગ.

अंगप्फुरणा स्त्री० (अङ्गस्फुरणा) અંગનુ ફરકવુ.

अंगबाहिर. त्रि० (अङ्गबाह्य) શ્રુતનો એક વિભાગ, ઉત્તરાધ્યયનાદિ અંગ બહારનાં સૂત્રો.

अंगभंजण. न० (अङ्गभञ्जन) આળસ મરડવી, શરીરના અવયવોને મોડવા.

अंगमंग. न० (अङ्गाङ्ग) અંગઉપાંગ; અવયવના અવયવ.

अंगमंदिर. न० (अङ्गमन्दिर) ચંપાનગરીની બહારનું એક ઉદ્યાન.

अंगमद्द. पुं० (अङ्गमर्द) અંગનું મર્દન કરનાર માણુસ.

अंगमद्दिया. स्त्री० (अङ्गमर्दिका) અંગનું મર્દન કરનાર દાસી.

अंगय. पुं० न० (अङ्गद) બાજુબંધ, બાહુ આભરણ.

अंगरक्ख. त्रि० (अङ्गरक्ष) } શરીરની રક્ષા
अंगरक्खग. त्रि० (अङ्गरक्षक) } કરનાર.

अंगराग. पुं० (अङ्गराग) અંગ ઉપર મસળવાના કેસર ચંદન વગેરે સુગંધી પદાર્થ.

अंगराय पुं० (अङ्गराज) અંગ દેશનો રાજા કર્ણ.

अंगरुह. त्रि० (अङ्गरुह) શરીરથી ઉત્પન્ન થયેલ; પુત્ર.

अंगरुहा. स्त्री० (अङ्गरुहा) પુત્રી.

अंगलोग. पुं० (अङ्गलोक) દેશ વિશેષ.

अंगवंस. पुं० (अङ्गवंश) અંગ દેશના રાજાનો વંશ.

अंगविगार. पुं० (अङ्गविकार) અંગ સ્ફુરણના ફલાફલનું કથન.

अंगविज्जा. स्त्री० (अङ्गविद्या) અંગ ફરકવાના શુભાશુભ ફળ જાણવાની વિદ્યા. (२) નિમિત્તાદિ ફલાફલ બતાવનાર એક શાસ્ત્ર

अंगवियार. पुं० (अङ्गविचार) શરીર સંબંધે વિચાર કરવો તે.

अंगसंचाल पुं० (अङ्गसञ्चाल) શરીરના અવયવોનું સહજ-થોડું ચાલવુ તે.

अंगाणंगपविट्ठ त्रि० (अङ्गानङ्गप्रविष्ट) અંગ પ્રવિષ્ટ-આચારાંગ વગેરે સૂત્ર અને અનંગ પ્રવિષ્ટ-આવશ્યક વગેરે સૂત્ર.

अंगादाण. न० (अङ्गादान) પુરૂષેન્દ્રિય, પુરૂષનું ચિન્હ.

अंगार. पु० (अङ्गार) અગ્નિ, બળતો કોલસો. (२) સ્વાદિષ્ટ અન્ન અને તેના દાતારની પ્રશંસા કરતાં સાધુને લાગતો આહારનો એક દોષ; ઇંગાલ દોષ.

अंगारक पु० (अङ्गारक) મંગલ નામનો ગ્રહ, ૮૮ ગ્રહમાંનો એક ગ્રહ.

अंगारकड्ढिणी. स्त्री० (अङ्गारकर्षिणी) અગ્નિ ફેરવવાનો લોઢાનો સળીઓ.

अंगारदाह. पुं० (अङ्गारदाह) જ્યાં લાકડાં બાળી કોલસા પાડવામાં આવે છે તે સ્થાન.

अंगारपतावणा. स्त्री० (अङ्गार प्रतापना) ટાઢ ઉડાડવાને અગ્નિ પાસે જઇ શરીર તપાવવુ તે, તાપણી.

अंगारमद्दग. પું० (अङ्गारमर्दक) રુદ્રદેવ નામના એક અભવ્ય આચાર્ય.

अंगारिय. ત્રિ० (अङ्गारित) અંગાર રોગવાળી શેરડી; (૨) કોયલાની પેઠે બળી ગયેલું.

अंगाल. પું० (अङ्गार) અંગારો; કોયલો.

अंगाहिव. પું० (अङ्गाधिप) અંગ દેશનો રાજા

अंगिरस. ન० (आङ्गिरस) અંગિરસ-ગૌતમ ગોત્રની એક શાખા; (૨) પું० આ શાખામાં ઉત્પન્ન થયેલ પુરૂષ

अंगीकड } ત્રિ० (अङ्गीकृत) અંગીકાર કરેલું;
अंगीकय } સ્વીકારેલું.

अंगुट्ठ. પું० (अङ्गुष्ठ) અંગુઠો.

अंगुट्ठपसिण. પુ० ન० (अङ्गुष्ठप्रश्न) અંગુઠામાં દેવતાનું આવાહન કરી અંગુઠાથીજ જવાબ દેવાની વિદ્યા. (૨) 'પ્રશ્ન વ્યાકરણ' સૂત્રનુ એક નવમુ લુપ્ત અધ્યયન

अंगुल. ન० (अङ्गुल) આંગળ; આઠ આઠ જવ જેટલા ભરપનું એક માપ; વેંતનો બારમો ભાગ.

अंगुलि. સ્ત્રી० (अङ्गुलि) આંગળી. (હાથ પગની.)

अंगुलिकोस. પું० (अङ्गुलीकोश) આંગળીમાં પહેરવાની અંગુઠડી.

अंगुलिज्जग ન० (अङ्गुलीयक) આંગળીના આભરણો; વેઢ, વીંટી વગેરે.

अंगुलिफोडण. ન० (अगुलिस्फोटन) આંગળીના ટચાકા વગાડવા તે.

अंगुलिभमुहा. સ્ત્રી० (अङ्गुलीभ्रू) કાઉસગ્ગનો એક દોષ; કાઉસગ્ગમાં આંગળીના વેઢા ગણવાથી લાગતો દોષ.

अंगुलिया. સ્ત્રી० (अङ्गुलिका) આંગળી.

अंगुवंग. પુ० (अङ्गोपाङ्ग) નામ કર્મની એક પ્રકૃતિ.

अंगोवंग. ન० (अङ्गोपाङ्ग) મસ્તકાદિ અંગ અને અંગુલિ આદિ ઉપાંગ.

अंगोवंगणाम. ન० (अङ्गोपाङ्गनामन्) જેના ઉદયથી શરીર રૂપે લીધેલ પુદ્ગળો અંગ ઉપાંગ રૂપે પરિણમે તે નામ કર્મની એક પ્રકૃતિ, અંગોપાંગ નામકર્મ.

अंचि. પું० (अञ्चि) ગતિ કરવી તે; જવું તે.

अंचि. પુ० (आञ्चि) આવવું તે.

अंचिय. ન० (अञ्चित) એક પ્રકારનું નાટક; દેવતાના ૩૨ નાટકમાંનું ૨૫ મું નાટક. (૨) ત્રિ० પૂજ્ય; રાજમાન્ય. (૩) ન० એકવાર જવું તે.

अंचिय. ત્રિ० (अञ्चित) પૂજાયેલું.

अंचियंचिय. ન० (अञ्चिताञ्चित) ગમનાગમન; આંહિથી ત્યાં અને ત્યાંથી આંહિ જવુ આવવુ તે; ગતિ આગતિ; ગમાગમ.

अंचियरिभिय. ન० (अञ्चितरिभित) એક પ્રકારનું નાટક; દેવતાના ૩૨ નાટકમાંનું ૨૭ મુ નાટક

अंछण. ન० (कर्षण) ખેંચવુ તે.

अंजण. ન० (अञ्जन) આંજણુ, કાજળ (૨) સૌવીરાંજન; સુરમો. (૩) રસાંજન, રસવતી. (૪) તપાવેલ લોઢાની સળીથી આંખમાં દુઃખ ઉત્પન્ન કરવું તે. (૫) આંખ આંજવી; આંખમાં કાજળ વગેરે આંજવું તે. (૬) રત્નની એક જાત (૭) રત્નપ્રભા પૃથ્વીના ખરકાંડનો દશમો ભાગ. (૮) રમ્ય વિજયની પશ્ચિમ સરહદ ઉપરનો વખારા પર્વત. (૯) આઠમા દેવલોકનું એ નામનું એક વિમાન. (૧૦) રૂચકવર પર્વતનું સાતમું કૂટ. (૧૧) એ નામનો એક વેલંધર દેવતા. (૧૨) દ્વીપકુમારના ઇન્દ્રના ત્રીજા લોકપાલનું નામ. (૧૩) ઉદધિકુમારના પ્રભંજન નામના ઇન્દ્રના ચોથા લોકપાલનું નામ. (૧૪) વનસ્પતિ વિશેષ. (૧૫) વાયુકુમાર જાતિના ઇન્દ્રનું નામ.

अंजणाई. સ્ત્રી० (अञ्जनकी) એ નામની એક લતા-વેલ.

अंजणकोसिया. स्त्री० (अञ्जनकोशिका) એ નામની એક વનસ્પતિ.

अंजणग. पुं० (अञ्जनक) અંજન રત્નમય પર્વત વિશેષ; નંદીશ્વર દ્વીપમાં આવેલ અંજનગિરિ પર્વત.

अंजणगिरि. पुं० (अञ्जनगिरि) કાળા રંગનો પર્વત વિશેષ, નંદીશ્વર દ્વીપમાં આવેલ અંજનગિરિ પર્વત.

अंजणजोग. पुं० (अञ्जनयोग) ૭૨ કલામાંની સત્તાવીસમી કળા.

अंजणधाउ. पुं० (अञ्जनधातु) ધાતુ વિશેષ. સુરમો.

अंजणपव्वय. पुं० (अञ्जनपर्वत) નંદીશ્વર દ્વીપનો એક પર્વત

अंजणपुलक. न० (अञ्जनपुलक) રત્નની એક જાત.
अंजणपुलग. पुं०
अंजणपुलय.

अंजणपुलाअ. पुं० (अञ्जनपुलाक) અંજન પુલાક કાંડ; ખરકાંડનો ૧૧ મો વિભાગ.

अंजणप्पहा. स्त्री० (अञ्जनप्रभा) ચોથી નરકનું નામ.

अंजणरिट्ठ. पुं० (अञ्जनरिष्ट) વાયુ કુમારના ઇન્દ્રનું નામ.

अंजणसलागा. स्त्री० (अञ्जनशलाका) આંજવાની સળી.

अंजणसिद्ध. त्रि० (अञ्जनसिद्ध) આંખમાં આંજણ આંજીને અદ્રશ્ય થઇ જવાની શક્તિવાળા.

अंजणा. स्त्री० (अञ्जना) જમ્બુવૃક્ષના નૈરૃત્ય ખુણાની એક વાવડીનું નામ. (૨) ચોથી નરકનું નામ. (૩) એક પુષ્કરિણી.

अंजणिया. स्त्री० (अञ्जनिका) આંજણ રાખવાની ડબ્બી.

अंजलि. पुं० स्त्री० (अञ्जलि) ખોબો; કરસંપુટ. (૨) બે હાથ જોડી મસ્તકે લગાડવા તે.

अंजलिउड. पुं० (अञ्जलिपुट) બે હાથનો સંપુટ.

अंजलिकम्म. न० (अञ्जलिकर्मन्) બે હાથ જોડવા તે.

अंजलिप्पग्गह. पुं० (अञ्जलिप्रग्रह) બે હાથ જોડી નમસ્કાર કરવો તે.

अंजु. त्रि० (ऋजु) સરલ; માયા પ્રપંચ રહિત. (૨) સંયમી; સંજમધારી. (૩) નિર્દોષ; પવિત્ર.

अंजुआ. } स्त्री० (अञ्जुका) સત્તરમા તીર્થંકરની મુખ્ય સાધ્વીનું નામ.
अंजुया. }

अंजू. स्त्री० (अञ्जू) શક્રેન્દ્રની ચોથી અગ્રમહિષીનું નામ. (૨) ધનદેવ–સાર્થવાહની પુત્રી. (૩) 'વિપાક' સૂત્રનું એક અધ્યયન. (૪) 'જ્ઞાતા ધર્મકથા' સૂત્રનું એક અધ્યયન.

अंड. पुं० (अण्ड) ઇંડું, કીડી વગેરેનાં ઇંડાં. (૨) વિપાક સૂત્રનું અંડનામનું ત્રીજું અધ્યયન. (૩) મોરના ઇંડાના દ્રષ્ટાંતવાળું જ્ઞાતા સૂત્રનું ત્રીજું અધ્યયન. (૪) ઉત્તર ભરતમાંનો એક દેશ.

अंडउड. न० (अण्डपुट) ઇંડાનું કોટલું.

अंडकड. त्रि० (अण्डकृत) ઇંડામાંથી થયેલ; ઇંડાએ કરેલ.

अंडय. त्रि० (अण्डज) ઇંડામાંથી ઉત્પન્ન થયેલ પ્રાણી. (૨) કોશેટામાંથી ઉત્પન્ન થતો તાંતણો (૩) રેશમી વસ્ત્ર.

अंडयग्गाहि. पुं० (अण्डजग्राहिन्) ઇંડામાંથી ઉત્પન્ન થયેલ પ્રાણીને પકડનાર.

अंडसुहुम. न० (अण्डसूक्ष्म) ઝીણાં ઇંડાં; માખી, કીડી, ગરોળી વગેરેનાં ઇંડાં.

अंडु. न० (अन्दु) દશકળા; હાથકડી.

अंत. न० (आन्त्र) આંતરડાં.

अंत. त्रि० (आन्त) ખાતાં ખાતાં વધેલું.

अंत. अ० (अन्तर्) અન્દર; માંહે.

अंत. त्रि० (अन्त्य) અંતિમ; છેલ્લું.

अंत. पुं० (अन्त) પર્યંત; છેડો. (૨) ભેદ; પ્રકાર. (૩) રાગદ્વેષ. (૪) ભૂમિભાગ; પ્રદેશ. (૫) સમીપ; પાસે. (૬) નિર્ણય; ચુકાદો. (૭) વિનાશ; ભંગ. (૮) રોગ; બિમારી. (૯) ત્રિ૦ અસુંદર; ઇંદ્રિયોને પ્રતિકૂળ. (૧૦) ક્ષુદ્ર; તુચ્છ. *

अंतअ. पुं० (अन्तुक) કામઠાનો છેડો.

अंतकड. त्रि० (अन्तकृत) જેણે સંસારનો અંત કર્યો હોય તે.

अंतकम्म. न० (अन्तकर्मन्) લુગડાની કોર; વસ્ત્રની કિનારી.

अंतकर. त्रि० (अन्तकर) સસારનો અત કરનાર.

अंतकरण. त्रि० (अन्तकरण) નાશ કરવાવાળો.

अंतकाल. पुं० (अन्तकाल) મરણકાલ. (૨) પ્રલયકાલ.

अंतकिरिया. स्त्री० (अन्तक्रिया) સંસાર યા કર્મનો અંત કરવાની ક્રિયા. (૨) સકલ કર્મ ક્ષય રૂપ મોક્ષ. (૩) પન્નવણાના વીસમા પદનું નામ.

अंतकुल. न० (अन्तकुल) હલકું કુળ.

अंतक्खरिया. स्त्री० (अन्त्याक्षरिका) બ્રાહ્મી લિપિનો એક ભેદ; ૧૮ લિપિમાંની નવમી લિપિ. (૨) ૬૩ મી કળા.

अंतग. पुं० (अन्तक) છેડો; અંત. (૨) ત્રિ૦ વિનાશકારક; અંત કરનાર. (૩) દુષ્પરિત્યજ, મુશ્કેલીથી છોડી શકાય તેવું. (૪) અન્તર્ગત થઈ ગયેલું; સમાઇ ગયેલું. (૫) પર્યન્ત; પ્રાંતભાગ.

अंतगड. त्रि० (अन्तकृत) જેણે સંસારનો અને જન્મ મરણનો અંત કર્યો એવા તીર્થંકરાદિ.

अंतगडदसा. स्त्री० (अन्तकृतदशा) "અંતગડદશા" નામનું આઠમું અંગ સૂત્ર; જેમાં આઠ વર્ગમાં ૯૦ અધ્યયનનો સમાવેશ કરવામાં આવ્યો છે.

अंतगडभूमि. स्त्री० (अन्तकृतभूमि) સંસારનો અંત કરનાર નિર્વાણગામિમહાપુરુષોની ભૂમિ–નિર્વાણસમય.

अंतगय. न० (अन्तगत) આનુગામિક અવધિ જ્ઞાનનો એક ભેદ.

अंतचरय. पुं० (अन्तचरक) ગૃહસ્થે ભોજન કર્યા પછી અવશેષ રહ્યું હોય, તેની ગવેષણા કરનાર અભિગ્રહ ધારી સાધુ.

अंतचारि. पुं० (अन्तचारिन्) તુચ્છ આહાર લેવાનો અભિગ્રહ ધરનાર સાધુ.

अंतजीवि. पुं० (अन्तजीविन्) ગૃહસ્થે ખાતાં શેષ રહેલ આહાર વ્હોરી તેના ઉપર જીવન ચલાવનાર સાધુ.

अंतद्धाण. न० (अन्तर्धान) ગેબ થઇ જવું; અદ્રશ્ય થઇ જવું.

अंतद्धाणिया. } **अंतद्धाणी.** } स्त्री० (अन्तर्धानिका) અદ્રશ્ય થઇ જવાની વિદ્યા.

अंतपाल. पुं० (अन्तपाल) દેશની સીમા કે સરહદનું રક્ષણ કરનાર પુરુષ.

अंतभाव. पुं० (अन्तर्भाव) સમાવેશ.

अंतमुहुत्त. न० (अन्तर्मुहूर्त) મુહૂર્તથી અન્દરનો સમય; મુહૂર્તથી ઓછો કાલ.

अंतर. त्रि० (आन्तर) અંદરનું; અંતઃકરણ સંબંધી.

अंतर. न० (अन्तर) આંતરૂં; વ્યવધાન. (૨) બે વસ્તુ વચ્ચેનું અથવા એક વસ્તુની બે પરિસ્થિતિ વચ્ચેનું કાળ આશ્રી છેટું. (૩) અંતરાલ; વચ્ચેનો ભાગ. (૪) ભેદ; વિશેષતા. (૫) વખત; અવસર. (૬) મર્મ; એબ. (૭) વિઘ્ન; આડખિલ. (૮) વિના; વગર. (૯) પું૦ આચાર; કલ્પ.

अंतरंग. त्रि० (अन्तरङ्ग) અંદરનું.

अंतरंजिया. } **अंतरंजी.** } स्त्री० (अन्तरञ्जिका) એ નામની એક નગરી.

अंतरकंद. पुं० (अन्तरकन्द) પાણીમાં ઉત્પન્ન થતી એક જાતની વનસ્પતિ.

अंतरकरण. न० (अन्तरकरण) અનિવૃત્તિકરણના અંતભાગમાં મિથ્યાત્વમોહનીયના દલિયાને બે ભાગે વ્હેંચવાની ક્રિયા કરનાર એક પ્રકારના અધ્યવસાય; સમ્યક્ત્વના કારણરૂપ અધ્યવસાય વિશેષ.

अंतरगय. त्रि० (अन्तर्गत) અંતર્ભાવ પામેલું; અંદર આવી ગયેલું.

अंतरगिह. न० (अन्तरगृह) બે ઘરની વચ્ચેનું અંતર.

अंतरजाय. न० (अन्तरजात) ભાષાના જે પુદ્ગલો અતરાલે સમશ્રેણીમાં રહીનેજ ભાષા પરિણામને પામે છે તે; ભાષા પરિણત પુદ્ગલ.

अंतरणई. स्त्री० (अन्तरनदी) મહાનદીની અપેક્ષાએ નાની નદી.

अंतरदीव. पुं० (अन्तर्द्वीप) ચુલ્લહિમવંત અને શિખરી પર્વતની લવણસમુદ્ર તરફ નીકળેલ ડાઢ ઉપરના દ્વીપ; ૫૬ અંતરદ્વીપ.

अंतरदीवग. पुं० स्त्री० (अन्तर्द्वीपग) અંતરદ્વીપમાં રહેનાર.

अंतरदीविया. स्त्री० (आन्तरद्वीपिका) છપ્પન અંતરદ્વીપમાં ઉત્પન્ન થયેલી સ્ત્રી.

अंतरद्धा. स्त्री० (अन्तर्द्धान) અતર્ધાન થવુ, ભ્રશ-નાશ થવો તે.

अंतरद्धा. स्त्री० (अन्तरद्धा) મધ્યકાળ; વચલો સમય.

अंतरपल्ली. स्त्री० (अन्तरपल्ली) મૂળ ક્ષેત્રથી અઢી ગાઉ ઉપરનુ ગામડું.

अंतरप्प. पुं० (अंतरात्मन्) શરીર અંતર્ગત આત્મા.

अंतरभाव. पुं० (आन्तरभाव) પરમાર્થ.

अंतरभासिल्ल. पु० (अन्तरभाषावत्) ગુર્વાદિક બોલતા હોય તેની વચ્ચે બોલી ઉઠનાર શિષ્ય.

अंतरभूय. त्रि० (अन्तर्भूत) અંતર્ભૂત થયેલ; બીજામાં મળી ગયેલ.

अंतरसत्तु. पुं० (अन्तरशत्रु) કામક્રોધાદિ વગેરે શરીરની અંદરના શત્રુઓ.

अन्तरहिय. त्रि० (अन्तर्हित) ગુપ્ત; અદૃશ્ય.

अंतरा. अ० (अन्तरा) મધ્યે; વચ્ચે, (૨) પહેલાં; અગાઉ.

अंतराइय. न० (आन्तरायिक) દાન આદિમાં વિઘ્ન નાખનાર અંતરાય કર્મ. (૨) અન્તરાય કર્મજનક પાપ. (૩) વિઘ્ન; રોકાઇ જવું તે.

अंतराइयकम्म. न० (आन्तरायिककर्मन्) અંતરાય કર્મ.

अंतरापह. पु० (अतरापथ) જ્યાં જવું છે અને જ્યાંથી જવું છે તે બે વચ્ચેનો માર્ગ.

अंतरामंथ. पुं० (अन्तरामन्थ) કેવલસમુદ્ઘાત ક્રિયામાં મથનાકારનો સમય.

अंतराय. न० (अन्तराय) કર્મનો આઠમો ભેદ; દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય–સામર્થ્યમાં વિઘ્ન નાખનાર કર્મ. (૨) વિઘ્ન; નડતર.

अंतराल. न० (अन्तराल) વચ્ચેનો ભાગ.

अंतरावण. न० (अन्तरापण) અદરનું હાટ.

अंतरावास. पु० (अन्तरावास) મુસાફરીમાં વચ્ચે વચ્ચે મજલ દર મજલ મેલાણ કરવું તે.

अंतरावास. पु० (अन्तरवर्ष) વર્ષાકાળ.

अंतरिक्ख. न० (अन्तरिक्ष) આકાશમાં થતા ગ્રહવેધઆદિનું શુભાશુભ ફલ જણાવનાર નિમિત્તશાસ્ત્ર.

अंतरिक्ख. त्रि० (आन्तरिक्ष) આકાશનું; આકાશ સબંધી.

अंतरिक्खजाय. त्रि० (अन्तरिक्षजात) જમીનથી અધર રહેલ મહેલ વગેરે વસ્તુ.

अंतरिज्ज. न० (अंतरीय) વસ્ત્ર; કપડાં. (૨) પથારી નીચેનું વસ્ત્ર.

अंतरिज्जिया. स्त्री० (अन्तरीया) વેસવાડિય ગણથી નીકળેલ ત્રીજી શાખા.

अंतरिय. त्रि० (अन्तरित) આન્તરે–છેટે રહેલું.

अंतरिया. स्त्री० (अन्तरिका) આંતરૂં; છેટું. (૨) વિવક્ષિત વસ્તુની સમાપ્તિ.

अंतरक्खुय. न० (अन्तरिक्षुक) શેરડીની વચલી ગાંઠ.

अंतरेण. अ० (अन्तरेण) વિના; વગર.

अंतरोअय. પું० ન० (अंतरोदक) પાણીની અન્દર રહેલ દ્વીપ.

अंतलिक्ख. ન० (अन्तरीक्ष) આકાશ. (૨) આકાશમાં થતા ઉલ્કાપાત, ગન્ધર્વનગર, ગ્રહવેધ વગેરે. (૩) આકાશમાં થતા ગ્રહવેધાદિના ફલાફલ બતાવનાર નિમિત્ત શાસ્ત્ર.

अंतलिक्खोदय. न० (अन्तरीक्षोदक) વરસાદનું પાણી.

अंतवंत त्रि० (अन्तवत्) અંત-છેડાવાળું.

अंतसो अ० (अन्तशस्) છેવટ; અંતે.

अंताइ. त्रि० (आन्तादिन्) તુચ્છ આહાર લેનાર; અંતાહારી (મુનિ.)

अंतालित्तय. त्रि० (अन्तर्लिप्त) માંહે લિંપેલું.

अन्ताहार. પું० (अन्ताहार) ખાતાં બાકી રહેલો હોય તે આહાર. (૨) હલકું ધાન્ય; ચણા વાલ વગેરે.

अंति. त्रि० (अन्तिन्) જાત્યાદિની અપેક્ષાએ ઉત્તમોત્તમ.

अंति. त्रि० (अन्त्य) છેલ્લું; અન્તમાં ઉત્પન્ન થયેલ.

अंतिम. त्रि० (अन्तिम) છેલ્લું; છેવટનું.

अंतिमराई. स्त्री० (अन्तिमरात्रि) રાત્રિનો છેડો-છેલ્લો ભાગ.

अंतिमलोभ. પું० (अन्तिमलोभ) ચાર ચોકડીમાંની છેલ્લી સંજ્વલની ચોકડીનો લોભ; જેની વધારામાં વધારે ૧૫ દિવસની સ્થિતિ હોય તે લોભ.

अंतिमसरीरिय. પું० (अन्तिमशारीरिक) ચરમશરીરી જીવ; છેલ્લું શરીર ધારણ કરનાર; અર્થાત્ જેને તેજ ભવમાં મોક્ષ જવું છે તે

अंतिय. ન० (अन्तिक) પાસે; સમીપ.

अंते. अ० (अन्तर्) માંહે; અંદર.

अंतेउर. ન० (अन्तःपुर) અંતઃપુર; જનાનખાનું.

अंतेउरपरियाल. પું० (अन्तःपुरपरिवार.) અંતઃપુરનો પરિવાર; દાસ દાસી વગેરે.

अंतेउरिया. स्त्री० (अन्तःपुरिका) અંતઃપુરમાં રહેનારી સ્ત્રી; રાજાની રાણી.

अंतेपुरिय. त्रि० (अन्तःपुरिक) અંતઃપુર સંબધી.

अंतेवासि. પું० (अन्तेवासिन्) શિષ્ય; પાસે રહેનાર હજુરી. (૨) આજ્ઞા ઉઠાવનાર; સમીપવર્તી.

अंतो. अ० (अन्तर्) અંદર; મધ્યે.

अंतोकोडीकोडि. त्रि० (अन्तःकोटिकोटि) કોડાકોડિ સાગરોપમની અંદરનું.

अंतोखरिया. स्त्री० (अन्तःखरिका) ગામમાં રહેનાર વેશ્યા.

अंतोगय. त्रि० (अन्तर्गत) અંતર્ભૂત; તેની અંદર આવી ગયેલ.

अंतोदुट्ठ. પુ० ન० (अन्तर्दुष्ट) અંદર રહી પીડા કરનાર શલ્ય.

अंतोधूम. પું० (अन्तर्धूम) ઘરની અંદર ધુંધવાતો ધુમાડો.

अंतोमज्झावसाणिय. ન० (अन्तर्मध्यावसानिक) અભિનયના ચાર પ્રકારમાંનો છેલ્લો પ્રકાર.

अंतोमुहुत्त. ન० (अन्तर्मुहूर्त) બે ઘડીની અંદરનો સમય.

अंतोमुहुत्तिय. त्रि० (अन्तर्मौहूर्तिक) જેનું કાળપરિમાણ અંતર્મુહૂર્તની અંદરનું છે તે.

अंतोलित्तय. त्रि० (अन्तर्लिप्तक) અંદર લિંપેલું.

अंतोवट्ट. त्रि० (अन्तर्वृत्त) અંદરના ભાગમાં ગોળ; અંતરગોળ.

अंतोवाहिणी. स्त्री० (अन्तर्वाहिनी) કુમુદવિજયની પશ્ચિમ સરહદ ઉપરની મહાવિદેહની બાર અન્તર્નદીમાંની એક.

अंतोसल्ल. त्रि० (अन्तश्शल्य) અંદરનું શલ્ય; બહાર ન દેખાતો જખમ. (૨) જેણે અપરાધ કરી આલોચના નથી કરી તે; જેના મનમાં અપરાધરૂપ શલ્ય છે તે.

अंतोसल्लमरण. न० (अन्तश्शल्यमरण) અંતો-શલ્ય મરણ—માયા નિયાણું વગેરે શલ્ય રાખીને મરવું તે; બાલ મરણનો એક પ્રકાર.

अंतोहियय. न० (अन्तर्हृदय) અંતઃકરણ; મન.

अंदु. स्त्री० (अन्दु) બેડી; જંજીર. (૨) સાંકલ.

अंदोलग. पुं० (आन्दोलक) હિંડોળો; હિંચકો.

अंदोलिय. त्रि० (आन्दोलित) આન્દોલન આપેલું; હીંચકાવેલું.

अंदोलण. न० (आन्दोलन) હિંડોળાખાટ. (૨) માર્ગ વિશેષ.

अंध. पुं० (अन्ध्र) અંધ્રદેશ; જગન્નાથની નીચે આવેલ એક દેશ. (૨) त्रि० અંધ્રદેશવાસી મનુષ્ય.

अंध. त्रि० (अन्ध) આંધળો; નેત્રહીન. (૨) જ્ઞાનરહિત; અજ્ઞાની.

अंधकंटइज्ज. न० (अन्धकण्टकीय) કાંટાપર ચાલનાર આંધળા માણસની પેઠે અવિચારિત ગમન કરવુ તે.

अंधकार. पुं० (अन्धकार) અંધારું; અંધકાર.

अंधग. पुं० (अन्धक) વૃક્ષ; ઝાડ.

अंधगवण्हि. पु० (अन्धकवह्नि) બાદર અગ્નિ; ઝાડના લાકડાંને આશ્રી ઉત્પન્ન થયેલ અગ્નિ. (૨) સૂક્ષ્મ અગ્નિ.

अंधगवण्हि. पुं० (अन्धकवृष्णि) સમુદ્રવિજય રાજાનું અમર નામ.

अंधगार. पुं० (अन्धकार) અંધારું.

अंधतम. न० (अन्धतमस्) અંધકાર; અંધારું.

अंधपुरिस. पुं० (अन्धपुरुष) જન્માંધ; જન્મથી આંધળો.

अंधयार. पुं० (अन्धकार) અંધારું.

अंधयारखेत्त. न० (अन्धकारक्षेत्र) જ્યાં સૂર્યનો પ્રકાશ ન પડે તે પ્રદેશ.

अंधयारपक्ख. पुं० (अन्धकारपक्ष) કૃષ્ણપક્ષ; અંધારીઉં.

अंधरूव. पुं० न० (अंधरूप) શૂન્યાકાર; જેનું શરીર અવયવ શૂન્ય છે તે.

अंधलरिछी. स्त्री० (अन्धयित्री) આંધળા બનાવવાની એક વિદ્યા.

अंधार. पुं० (अन्धकार) અંધારું.

अंधारिय. त्रि० (अन्धकारित) અંધકારમય કરેલ.

अंधिय. पुं० स्त्री० (अन्धिक) ચાર ઇંદ્રિય વાળા જીવની એક જાત.

अंधिल्ल. त्रि० (अन्ध) જન્માંધ; જન્મથી આંધળું.

अंब. पुं० (अम्ब) પંદર પરમાધામીમાંનો એક.

अंब. पुं० (आम्र) આંબાનુ ઝાડ; આંબો. (૨) કેરી; આંબાનું ફળ. (૩) કેરીના ગોટલાનું ધોણ.

अंब. त्रि० (अम्ल) ખાટું.

अंब. न० (आम्ल) છાશ વગેરેથી સંસ્કારેલ પદાર્થ.

अंबखुज्ज. न० (आम्रकुब्ज) આંબાના ફળની પેઠે વક્રાકારે સ્થિતિ કરવી તે; આસનનો એક પ્રકાર.

अंबट्ठ. पुं० (अम्बष्ट) માતાના પક્ષની અપેક્ષાએ આર્ય જાતિ; માતાના પક્ષે આર્ય. (૨) બ્રાહ્મણ પુરૂષ અને વૈશ્ય સ્ત્રીથી ઉત્પન્ન થયેલ એક અવાંતર જાતિ.

अंबड. पु० (अम्बड) અંબડ નામે એક સંન્યાસી. (૨) જંબુદ્વીપના ભરતખંડમાં થનાર બાવીશમા તીર્થંકરના પૂર્વભવનું નામ.

अंबडजीव. पु० (अम्बडजीव) અંબડ નામના તાપસનો જીવ.

अंबधाई. स्त्री० (अम्बधात्री) ધાવમાતા; બાળકને ધવરાવનારી માતા.

अंबपल्लवपविभत्ति. न० (आम्रपल्लवप्रविभक्ति) જેમાં આંબાના પલ્લવની રચના વિશેષ કરવામાં આવે એવું એક નાટ્ય; બત્રીસ પ્રકારના નાટકમાંનું એક.

अंबपेसिया. स्त्री० (आम्रपेशिका) કેરીની ચીર.
अंबफल. न० (आम्रफल) કેરી.
अंबर. न० (अम्बर) આકાશ. (૨) વસ્ત્ર. (૩) ઉમરાનું ઝાડ.
अंबरतल. न० (अम्बरतल) આકાશનું તળું–સપાટી.
अंबरतिलय. पुं० (अम्बरतिलक) એ નામનો એક પર્વત.
अंबरवत्थ. न० (अम्बरवस्त्र) સ્વચ્છ કપડું.
अंबरस. न० (अम्बर) આકાશ
अंबरिस. } **अंबरीस.** } पुं० न० (अम्बरीष) લુહારની કોડનો ભાઠો; ભઠ્ઠી. (૨) પંદર જાતિ પૈકી બીજી જાતના પરમાધામી. (૩) કોષ્ટક.
अंबरिसि पुं० (अम्बर्षि) પંદર જાતિ પૈકી બીજી જાતના પરમાધામી. (૨) ઉજ્જયિની નગરીના રહીશ એક બ્રાહ્મણ.
अंबलसाग. पु० (अम्लशाक) એક જાતની વનસ્પતિ.
अंबसालवण न० (आम्रशालवन) આમલકલ્પા નગરીના ઈશાન ખુણામાં આવેલું આંબાનું વન.
अंबा. स्त्री० (अम्बा) માતા; જનની. (૨) નેમનાથ પ્રભુના શાસનની અધિષ્ઠાત્રી દેવી. (૩) એ નામની એક વલ્લી.
अंबाडग. } **अंबाडय.** } पुं० (आम्रातक) અંબાડાનું ઝાડ; બહુ બીજવાળા વૃક્ષની એક જાત. (૨) અંબાડાનું ફળ. (૩) અંબાડાના ફળનું ધોવણ.
अंबालिया स्त्री० (अम्लिका) આંબલી.
अंबावल्ली. स्त्री० (अम्लवल्ली) ખાટા રસવાળી એક વેલ.
अंबिया. स्त्री० (अम्बिका) પાંચમા વાસુદેવની માતા.
अंबिल. न० (आचाम्ल) આયંબિલ; તપનો એક પ્રકાર.
अंबिल. पुं० (अम्ल) ખાટો રસ; ખટાશ. (૨) त्रि० ખટાશવાળું; ખાટું.
अंबिल. न० (अम्ल) એક જાતની હરી વનસ્પતિ.
अंबिलणाम. न० (अम्लनामन्) નામ કર્મની ૯૩ પ્રકૃતિમાંની એક.
अंबिलरस. पुं० (अम्लरस) ખાટો રસ.
अंबिलिआ. स्त्री० (आम्लिका) આંબલીનું ઝાડ.
अंबु. न० (अम्बु) પાણી; જળ.
अंबुणाह. पुं० (अम्बुनाथ) સમુદ્ર
अंबुत्थंभ. पु० (अम्बुस्तम्भ) પાણીને રોકવાની એક કળા; ૭૨ કળામાંની ૧૩ મી કળા.
अंबुभक्खि. त्रि० (अम्बुभक्षिन्) પાણી ઉપર જીવનાર.
अंबुवासि. त्रि० (अम्बुवासिन्) પાણીમાં રહેવાવાળો.
अंस. पु० (अंश) ભાગ; હિસ્સો. (૨) અવયવ, ખંડ. (૩) ભેદ; વિકલ્પ. (૪) પર્યાય, ધર્મ, અને ગુણ.
अंस. } **अंसल.** } पुं० (अंस) સ્કન્ધ; ખંભો.
अंसि. स्त्री० (अस्रि) ખુણો.
अंसिया. स्त्री. (अर्शस्) અર્શ; ગુહ્યપ્રદેશમાં મસાનો રોગ.
अंसिया. स्त्री० (अंश) નાનો ભાગ; હિસ્સો.
अंसु. न० (अश्रु) આંસુ; નેત્રજળ.
अंसुय. पुं० (अंशुक) ચીન દેશમાં અગાઉના વખતમાં બનતું કીડાની લાળનું હીર; ચીનાઈ હીર. (૨) વસ્ત્ર વિશેષ; સુંવાળા વસ્ત્રની એક જાત. (૩) પોશાક; વેશ.
अंसोत्थ. पु० (अश्वत्थ) પિપ્પળનું ઝાડ.
अकइ. त्रि० (अकति) અસંખ્યાત; અનન્ત.
अकंड. न० (अकाण्ड) અનવસર; વખત વગરનું.

अकंडूयग. } **अकंडूयय.** } पुं० (अकण्डूयक) शरीरमां चळ आवे तोपण खंजवाळे नहि ते; अभिग्रह विशेषधारी साधु.

अकंत त्रि० (अकान्त) कान्ति विनानुं; सौन्दर्य रहित. (२) अणगमतुं; अप्रिय.

अकंपिय. पुं० (अकम्पित) महावीर स्वामीना आठमा गणधर

अकज्ज. न० (अकार्य) न करवा योग्य कार्य; अघटित काम.

अकण्ण. पुं० (अकर्ण) लवण समुद्रमां सातसो जोजन उपर आवेलो एक अंतरद्वीप; १७ मो अंतरद्वीप. (२) त्रि ते अंतरद्वीपमां रहेनार मनुष्य.

अकण्णछिन्न. त्रि० (अकर्णछिन्न) अखंड कानवाळो; जेणे कान छेदाव्या नथी ते.

अकति. त्रि० (अकति) गणत्रीमां न आवे तेटला; असंख्य.

अकतिसंचिय. पुं० (अकतिसञ्चित) एक समये असंख्याता उत्पन्न थता जीव.

अकप्प. त्रि० (अकल्प) कल्पे नहि तेवुं; खपे नहि तेवुं.

अकप्पट्ठिय. पुं० (अकल्पस्थित) अचेलकादि दश प्रकारना कल्प-मर्यादा रहित; वचेना २२ तीर्थंकरना साधु.

अकप्पिय. त्रि० (अकल्पिक) अयोग्य; अकल्पनिक.

अकम्म. न० (अकर्मन्) कर्मनो अभाव; आश्रव निरोध. (२) पुं० कर्मरहित; मुक्तात्मा

अकम्मंस. पुं० (अकर्मांश) कर्मरज रहित. (२) घातीकर्म रहित स्नातक विशेष; केवळी.

अकम्मकारि. त्रि० (अकर्मकारिन्) अयोग्य काम करनार.

अकम्मभूम. पुं० (अकर्मभौम) असि, मसी अने कसी ए त्रण प्रकारना कर्म-व्यापार विना कल्पवृक्ष उपर आधार राखी जीवन निर्वाह करनार; जुगलिया.

अट्ठिकच्छभ. (अस्थिकच्छप) ઘણાં હાડકાંવાળો કાચબો.

अट्ठिकढिण. त्रि० (अस्थिकठिन) કઠણ હાડવાળો.

अट्ठिजुद्ध. न० (अस्थियुद्ध) હાડકાના હથિયારથી એક બીજાને પ્રહાર કરવા તે.

अट्ठिज्झाम. न० (अस्थिध्याम) કાળુ પડેલુ હાડકું.

अट्ठिदाम. न० (अस्थिदामन्) હાડકાની માળા.

अट्ठिभंजण. न० (अस्थिभञ्जन) શરીરદંડ; કરોડનું હાડકું.

अट्ठिमिंजा. स्त्री० (अस्थिमज्जा) હાડકાંનો માવો જેમાંથી વીર્ય ઉત્પન્ન થાય છે તે. (૨) હાડકાની ચરબી; હાડકાનું તત્ત્વ.

अट्ठिय. न० (अर्थिक) મોક્ષ સાધક. (૨) त्रि० ઇચ્છા કરનાર; યાચક. (૩) અર્થનું કારણ; અર્થ સંબંધી

अट्ठिय. त्रि० (अर्थित) ઇચ્છેલું; પ્રાર્થના કરાએલું.

अट्ठिय. त्रि० (अस्थित) સ્થિર ન રહેલ; અવ્યવસ્થિત.

अट्ठियकप्प. पुं० (अस्थितकल्प) અનવસ્થિત આચાર મર્યાદા; વચ્ચેના બાવીશ તીર્થંકરોના સાધુઓનો આચાર, કે જેનો એક સરખો નિયમ નથી. અર્થાત્ તે સાધુઓ મહિનાથી વધારે રહી શકે, અતિચાર ન લાગ્યા હોય તો પડિકમણું ન કરે, રાજપિંડ લે. રંગીન વસ્ત્ર મળે તો પણ વાપરે, વગેરે આચાર એક સરખા નહિ માટે તેઓનો અનવસ્થિત કલ્પ.

अट्ठियगाम पुं० (अस्थिकग्राम) વર્દ્ધમાનપુર શહેરનું અપર નામ, કે જ્યાં શૂલપાણી યક્ષનું સ્થાન હતું.

अट्ठिल्लअ. पुं० (अस्थिक) કપાસીયા; કપાસનું બીજ

अट्ठिसुहा. स्त्री० (अस्थिसुख) હાડકાની ચંપી; શરીર યા શરીરના અવયવ દબાવવા તે.

अट्ठुत्तर. त्रि० (अष्टोत्तर) આઠે કરી અધિક. આઠ ઉપર.

अड. पुं० (अट्) રોમરાયની પાંખવાળા પારેવા ચકલા વગેરે.

अड. त्रि० (अष्ट) આઠની સંખ્યા, ૮.

अडड. न० (अटट) ૮૪ લાખ અડડાંગ પ્રમાણ કાળ વિશેષ.

अडडंग. (अटटाङ्ग) ૮૪ લાખ ત્રુટિત પ્રમાણ કાળ વિશેષ.

अडण. न० (अटन) અટન કરવું; રખડવું.

अडतीस. स्त्री० (अष्टात्रिंशत्) આડત્રીસ; ૩૮.

अडनउइ. स्त्री० (अष्टानवति) અઠાણું; ૯૮.

अडपल्लाण. न० ( ) વાહન વિશેષ.

अडयाल. स्त्री० (अष्टचत्वारिंशत्) અડતાળીશ; ૪૮.

अडयाल. पुं० ( ) પ્રશંસા; કીર્તિ.

अडयालीस. त्रि० (अष्टचत्वारिंशत्) અડતાળીસ; ૪૮.

अडवन्न. स्त्री० (अष्टपञ्चाशत्) અઠાવન; ૫૮.

अडवि. स्त्री० (अटवी) જંગલ; અટવી. (૨) ભયંકર જંગલ; ઘોર વન.

अडविजत्ता. स्त्री० (अटवीयात्रा) જંગલની મુસાફરી.

अडवी. स्त्री० (अटवी) જંગલ; અટવી. (૨) ભયંકર જંગલ; ઘોર વન.

अडवीवास. पुं० (अटवीवास) જંગલમાં વસવુ તે; અટવી નિવાસ.

अडवीस. स्त्री० (अष्टाविंशति) અઠાવીસ; ૨૮.

अडसट्ठि. स्त्री० (अष्टाषष्टि) ૬૮; અડસઠ.

अडिल्ल. पुं० ( ) ચામડાની પાંખવાળો એક પક્ષી; ચમગીદડ.

अडोविय. त्रि० (आटोपित) ભરેલ.

अड्डवियड्ड. त्रि० (इतस्तत) આમતેમ, આઘુ પાછું.

अड्ढ. त्रि० (आढ्य) ધન ધાન્યાદિથી પરિપૂર્ણ; સમૃદ્ધિવાન્.

अड्ढ न० (अर्द्ध) અર્ધ; અડધો ભાગ.

अड्ढक्खेत. न० (अर्द्धक्षेत्र) એક અહોરાત્ર પરિમિત ક્ષેત્ર પર્યંત ચંદ્રની સાથે જોગ જોડનાર નક્ષત્ર, ઉત્તરાભાદ્રપદ, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા, રોહિણી, પુનર્વસુ અને વિશાખા એ ૭ નક્ષત્ર.

अड्ढभरह. पुं० (अर्द्धभरत) ભરત ક્ષેત્રનો અર્ધ ભાગ.

अड्ढरत्त. पुं० (अर्द्धरात्र) અર્ધરાત; મધ્યરાત.

अड्ढाइज्ज. त्रि० (अर्द्धतृतीय) અઢી; બે અને અર્દ્ધ.

अड्ढाइज्जदीव. पुं० (अर्द्धतृतीयद्वीप) અઢીદ્વીપ; જમ્બુદ્વીપ, ધાતકીખંડદ્વીપ અને અર્ધપુષ્કરદ્વીપ એમ અઢી દ્વીપ.

अड्ढापक्कंति. स्त्री० (अर्द्धापक्रान्ति) ઋતુ પ્રમાણે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ તપસ્યાના પરિમાણમાં વધઘટ કરવી તે.

अड्डोलग. પું० (अर्द्धोरुक) કેડ અને સાથળ ઉપર વીટવાનું સાળ્વીનું એક ઉપગરણ, કે જે મલ્લની ચડ્ડી જેવું, અવગ્રહાનંતક પટ્ટની ઉપર કેડને વીંટી લઇ સાથળ ઉપર કસથી બંધાય છે.

अण. ન० (अण) પાપ. (૨) ક્રોધાદિ ચાર કષાય. (૩) પુ० શબ્દ; અવાજ. (૪) ગમન; ગતિ (૫) ન० કર્મ. (૬) ત્રિ० ખરાબ.

अण. ન० (ऋण) કરજ; ઋણ.

अणइ. અ० (अनति) અત્યંત નહિ. (૨) અતિક્રમણનો અભાવ.

अणइविलंबियत्त. ન० (अनतिविलम्बितत्व) સત્ય વચનના ૩૫ અતિશયમાંનો ૨૮ મો અતિશય; વિલમ્બે નહિ પણ અખંડ પ્રવાહે બોલવું તે.

अणइसंधाण. ન० (अनतिसन्धान) અવચન, ન છેતરવું તે.

अणंग. ન० (अनङ्ग) વિષય સેવનના મુખ્ય અંગ સિવાયના અંગ (૨) બનાવટી લિંગ આદિ. (૩) વિષય સેવન કે હસ્તકર્મ આદિની ઇચ્છા (૪) બાર અંગસૂત્રથી ભિન્ન (૫) કામ.

अणंगकीडा. સ્ત્રી० (अनङ्गक्रीडा) અનેરે અંગે કામચેષ્ટા કરવી તે; શ્રાવકના ચોથા અણુવ્રતનો ત્રીજો અતિચાર

अणंगघरिणी. સ્ત્રી० (अनङ्गगृहिणी) રતિ, કામદેવની સ્ત્રી.

अणंगपडिसेविणी. સ્ત્રી० (अनङ्गप्रतिसेविनी) અનેરે અંગે વિષયસેવન કરનારી; પરપુરૂષ સાથે વ્યભિચાર સેવનારી. (૨) અમર્યાદિત રીતે વિષયસેવન કરનારી.

अणंगपविट्ठ. ન० (अनङ्गप्रविष्ट) અંગ બહારનાં સૂત્રો; ઉવવાઇ વગેરે સૂત્રો.

अणंगसेणा. સ્ત્રી० (अनङ्गसेना) કૃષ્ણ વાસુદેવના વખતમાં દ્વારકાની મુખ્ય ગણિકા.

अणंत. ત્રિ० (अनन्त) અંતવગરનું; અસંખ્યાતને પણ ઉલ્લંઘી ગયેલ (૨) ન० કેવળ જ્ઞાન. (૩) આકાશ. (૪) પું० ભરતક્ષેત્રના ચાલુ અવસર્પિણીના ૧૪ મા તીર્થંકર અનંતનાથ. (૫) ત્રિ० અત્યંત; પ્રભૂત. (૬) પું० અનન્ત કાય, કન્દમૂલાદિ. (૭) ત્રિ० નાશવગરનું; શાશ્વત.

अणंतकाय. પુ (अनन्तकाय) અનંતકાય; કંદમૂલાદિ.

अणंतकाल. પુ० (अनन्तकाल) અનંતકાળ; છેડા વગરનો કાળ

अणंतग. ન० (अनन्तक) આભરણવિશેષ, ભુજામાં પહેરવાનું એક ઘરેણું (૨) શાશ્વત, અવિનાશી (૩) ગણત્રીરૂપ સંખ્યા વિશેષ; જુત્તઅનંત, પરિત્તઅનંત અને અનંતાનંત એ ત્રણ અથવા એકેકના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ ત્રણ ભેદ હોવાથી નવ ભેદમાંનો ગમે તે એક (૪) ઉનનું વસ્ત્ર. કામળ વગેરે.

अणंतगुण. પુ० (अनन्तगुण) અનંતગણું વધારે, અનંતગણું

अणंतगुणिय. ત્રિ० (अनन्तगुणित) અનંતગુણવધારે; અનંતગણું

अणंतघाइ. પુ० (अनन्तघातिन्) આત્માના મૂળ ગુણની ઘાત કરનાર-કર્મ પ્રકૃતિ, ઘાતિ કર્મની પ્રકૃતિ.

अणंतचक्खु. પું० (अनन्तचक्षुष्) અંત વિનાનું ચક્ષુ છે જેનું તે; કેવળજ્ઞાની.

अणंतजिण. પુ० (अनन्तजिन) ચાલુ અવસર્પિણીના ભરતક્ષેત્રના ૧૪ મા તીર્થંકર.

अणंतजीव. / **अणंतजीविय.** ત્રિ०(अनन्तजीव) અનન્તકાયિક જીવવાળી વનસ્પતિ; કંદમૂળ વગેરે સાધારણ વનસ્પતિ.

अणंतणाण. ન० (अनन्तज्ञान) કેવળજ્ઞાન.

अणंतणाणि. પું० (अनन्तज्ञानिन्) અનંતજ્ઞાની; કેવળજ્ઞાની.

अणंतत्थ. पुं० (अनन्तार्थ) ઇરવત ક્ષેત્રના આવતી ચોવીસીના વીશમા તીર્થંકરનું નામ.

अणंतदंसि. पुं० (अनन्तदर्शिन्) કેવળ દર્શની; કેવળી તથા સિદ્ધભગવાન્.

अणंतपार. स्त्री० (अनन्तपार) અપાર.

अणंतभाग. पुं० (अनन्तभाग) અનંતમો ભાગ.

अणंतमिस्सिया. / अणंतमीसिया. स्त्री० (अनन्तमिश्रिता) પ્રત્યેક વનસ્પતિ પાસે પડેલ અનંતકાય જોઇને એમ કહેવું કે "આ બધું અનંતકાયિક છે" તે સત્ય મૃષા ભાષાનો એક ભેદ.

अणंतमोह. त्रि० (अनन्तमोह) અંત વિનાનો મોહ જેને છે તે. મિથ્યાત્વી.

अणंतय. पु० (अनन्तक) રજોહરણ. (२) જમ્બૂદ્વીપના ઇરવત ક્ષેત્રના ચાલુ અવસર્પિણીના ચૌદમા તીર્થંકર. (૩) અનન્ત કાય. (૪) મુહપત્તિ, મુખ વસ્ત્રિકા (૫) त्रि० અન્તરહિત.

अणंतर. न० (अनन्तर) અન્તરવિના, અન્તર રહિત. (૨) પછી; બાદ. (૩) નજીક. (૪) વિચ્છેદ ગયેલ બારમા દ્રષ્ટિવાદ અંગના બીજા વિભાગસૂત્રનો પાંચમો ભેદ. (૫) पु० વર્તમાન સમય.

अणंतरगंठिय. त्रि० (अनन्तरग्रन्थित) આંતરા વિના એક ગાંઠના સાથે બીજી, બીજીની સાથે ત્રીજી એમ ગુંથેલ.

अणंतरणिग्गय. त्रि० (अनन्तरनिर्गत) આંતરા વિના એકજ સમયે નીકળેલ.

अणंतरपच्छाकड. त्रि० (अनन्तरपश्चात्कृत) વર્તમાનની જોડેનો આગલો સમય,વર્તમાનથી પહેલાનો સમય.

अणंतरपज्जत्तग. पुं० (अनन्तरपर्याप्तक) પહેલા સમયનો પર્યાપ્ત; પર્યાપ્ત થવાનો પ્રથમ સમય.

अणंतरपुरक्खड. त्रि० (अनन्तरपुरस्कृत) વર્તમાનની જોડેનો પાછલો સમય; બીજો સમય.

अणंतरबंध. पुं० (अनन्तरबन्ध) આંતરા વિનાનો બંધ.

अणंतरसिद्ध. पु० (अनन्तरसिद्ध) પ્રકૃત સમયમાં સિદ્ધ થયેલ હોય તે; પ્રથમ સમયના સિદ્ધ.

अणंतरहिय. त्रि० (अनन्तर्हित) સચિત્ત; જીવ સહિત.

अणंतरागम. न० (अनन्तरागम) તીર્થંકરે ગણધરને સંભળાવેલ આગમ; આગમનો એક ભેદ.

अणंतराहार. पु० (अनन्तराहार) જીવે ઉત્પન્ન થયા પછી પહેલે સમયે લીધેલો આહાર.

अणंतराहारग. पु० (अनन्तराहारक) જીવના પ્રદેશની છેક પાસે રહેલા પુદ્ગલનો આહાર કરનાર નારકી વગેરે જીવો. (૨) ઉત્પન્ન થયા પછી પહેલે સમયે આહાર લેનાર.

अणंतरोगाढ. त्रि० (अनन्तरावगाढ) પ્રકૃત સમયમાં આકાશ પ્રદેશને અવગાહી રહેલ.

अणंतरोवणिहा. स्त्री० (अनन्तरोपनिधा) અનન્તર યોગસ્થાન સાથે તેના પછીના યોગ સ્થાનની માર્ગણા કરવી તે.

अणंतरोववन्नग. पु० (अनन्तरोपपन्नक) પ્રથમ સમયમાં ઉત્પન્ન થયેલ જીવ; જેને ઉપજ્યે એક સમય થયો છે તે

अणंतवत्तियाणुप्पेहा. स्त्री० (अनन्तवृत्तितानुप्रेक्षा) શુક્લધ્યાનની એક ભાવના, અનંત કાળથી ભવ ભ્રમણ થાય છે તેનાથી નિવર્તવાનુ ચિંતવન કરવુ તે.

अणंतविजय. पु० (अनन्तविजय) ભરતક્ષેત્રમાં આવતી ચોવીસીમાં થનાર ૨૪ મા તીર્થંકર. (૨) જમ્બૂદ્વીપના ઇરવતક્ષેત્રમાં આવતી ઉત્સર્પિણીમાં થનાર ૨૦ મા તીર્થંકર.

अणंतवीरिय. पु० (अनन्तवीर्य) ભરત ક્ષેત્રના આવતી ચોવીસીના ત્રેવીસમા તીર્થંકરનું નામ.

अणंतसंसारि. त्रि० (अनन्तसंसारिन्) જેને સંસારમાં અનંતાભવ રખડવું છે તે.

अणंतसेण. पुं० (अनन्तसेन) ગઇ અવસર્પિણીના ૪ થા કુલગર. (૨) ભદ્દલપુરનિવાસી નાગ ગાથાપતિની ભાર્યા સુલસાનો પુત્ર; ખરી રીતે વસુદેવ અને દેવકીનો પુત્ર, કે જેણે ૨૦ વરસ દીક્ષા પાળી ૧૪ પૂર્વનો અભ્યાસ કર્યો અને શત્રુંજય ઉપર સિદ્ધ થયા. (૩) અંતગડના ત્રીજા વર્ગના બીજા અધ્યયનનું નામ.

अणंतहिय. न० (अनन्तहित) મોક્ષ

अणंताणंत. त्रि० (अनन्तानन्त) અનંત ગુણ્યા અનંત; અનંતાનંત.

अणंताणुबंधि. पु० (अनन्तानुबन्धिन्) અનંત કાળ સુધી આત્માને સંસાર સાથે સંસર્ગ કરાવનાર કષાયની ચાર ચોકડીમાંની પ્રથમ ચોકડી.

अणंताणुबंधिकोह. पु० (अनन्तानुबन्धिक्रोध) અનંતભવ પર્યંત રખડાવનાર ક્રોધ, કે જે ઉત્પન્ન થયા પછી પર્વતની ફાટની પેઠે મરણ સુધી પણ ભુંસાય નહિ અને સમકિતને અટકાવે તે ક્રોધ

अणंतिय. त्रि० (अनन्तिक) પાસે નહિ, નજીક નહિ તે. (૨) त्रि० અંતવગરનું, છેડા વગરનું.

अणणुवाइ. पु० (अननुपातिन्) માર્ગનો થાક લાગ્યો હોય તો પણ આંસુ ન ખેરનાર; ઘોડા વગેરે.

अणाकर. पु० (ऋणाकर) પાપ કરનાર; ચોવીસમો ગૌણ પ્રાણાતિપાત.

अणक्क. पुं० ( ) મલેચ્છ દેશ વિશેષ. (૨) त्रि० મલેચ્છ દેશમાં રહેનાર

अणक्कभिराण. त्रि० (अनासाभिन्न) નાથ્યા વગરનો; નાથેલ નહિ.

अणक्ख. पुं ( ) અદેખાઇ; રોષ. (૨) ગુસ્સો; ક્રોધ.

अणक्खर. न० (अनक्षर) અનક્ષર શ્રુત.

अणक्खरसुय. न० (अनक्षरश्रुत) અનક્ષર શ્રુત; શ્રુતજ્ઞાનનો એક ભેદ; અક્ષર વિના છીંકથી, ચપટી વગાડી માથુ હલાવી આદિ સંકેતોથી બીજાનો અભિપ્રાય જાણવો તે.

अणागाढ. न० (अनागाढ) પ્રબળ કારણનો અભાવ.

अणगार. पु० (अनगार) ત્યાગી, ગૃહવગરના સાધુ (૨) ભિક્ષુક (૩) ભરતક્ષેત્રના ભવિષ્યના પાંચમા તીર્થંકરના પૂર્વભવનુ નામ.

अणगार. त्रि० (ऋणकार) કરજ કરનાર. (૨) દુષ્ટ શિષ્ય; અપાત્ર.

अणगार. पु (अनाकार) દર્શનનો ઉપયોગ; જેમા આકાર સ્પષ્ટ પ્રતીત ન થાય તે ઉપયોગ (૨) આકૃતિ શૂન્ય; આકાર રહિત

अणगारधम्म पु० (अनगारधर्म) મુનિધર્મ, સર્વવિરતિ ચારિત્રરૂપ યતિધર્મ

अणगारप्पाउग्गा. स्त्री० (अनाकारप्रायोग्या) બંધ આશ્રી અનાકાર ઉપયોગને યોગ્ય પ્રકૃતિ.

अणगारमग्ग. पु० (अनगारमार्ग) ઉત્તરાધ્યયન સૂત્રના ૩૫ મા અધ્યયનનું નામ, જેમાં સાધુનો માર્ગ દર્શાવવામાં આવ્યો છે તે.

अणगारवाइ. पु० (अनगारवादिन्) સાધુના ગુણ રહિત હોવા છતાં પોતાને સાધુ તરીકે ઓળખાવનાર; વેશ માત્ર ધરનાર શાક્યાદિ.

अणगारसामाइय. त्रि० (अनगारसामायिक) સર્વવિરતિરૂપ સામાયિક; સાધુનો આચાર.

अणगारसीह. पु० (अनगारसिंह) મુનિમાં સિંહ સમાન.

अणगारसुय. न० (अनगारश्रुत) સૂયડાંગ સૂત્રના બીજા શ્રુત સ્કંધનું પાંચમુ અણગાર શ્રુત નામનું અધ્યયન.

अणगारि. पु० (अनगारिन्) સાધુ; યતિ.

अणगारिय. त्रि० (अनगारिक) સાધુ સંબંધી અનુષ્ઠાન વગેરે.

अणगारिया. स्त्री० (अनगारिता) સાધુપણું; સાધુવૃત્તિ.

अणग्घ. त्रि० (अनर्घ्य) અમૂલ્ય; બહુ કિમ્મતી.

अणच्चंतिय. पुं० (अनात्यन्तिक) મદદ માગનારને મૂકીને ભાગી ન જવું, પરંતુ છેવટ સુધી મદદ આપવી તે.

अणच्चाविय. न० (अनर्त्तित) પડિલેહણ કરતાં પોતાને તથા વસ્ત્રને હલાવવાં નહિ તે; પડિલેહણનો એક ગુણ.

अणज्ज. त्रि० (अन्याय्य) અન્યાય યુક્ત; અયોગ્ય.

अणज्ज. त्रि० (अनार्य्य) અનાર્ય, ક્રૂર. (૨) ન० પાપકર્મ; અનાર્ય અનુષ્ઠાન.

अणज्जधम्म. त्रि० (अनार्य्यधर्म) અનાર્ય સ્વભાવવાળો. (૨) ધર્મને નામે અનાર્ય કર્મ કરનાર.

अणज्जभाव. त्रि० (अनार्य्यभाव) ક્રોધાદિ દુર્ગુણવાળો માણસ.

अणज्झवसाय. पु०(अनध्यवसाय) નિર્વિકલ્પજ્ઞાન; વિશેષરહિત સામાન્ય બોધ.

अणट्ट. त्रि० (अनार्त्त) આર્તધ્યાનથી રહિત.

अणट्ठ. त्रि० (अनर्थ) અર્થરહિત; નિરર્થક. (૨) ન० હાનિ; નુકસાન.

अणट्ठग. पु० (अनर्थक) ૨૮ મો ગૌણ પરિગ્રહ.

अणट्ठादंड. पुं० (अनर्थदण्ड) સ્વાર્થ વિના આત્માને દંડવો તે; નિષ્કારણ પાપ કરવાં તે.

अणट्ठादंडवत्तिय. न० (अनर्थदण्डप्रत्ययिक) વગર પ્રયોજને માત્ર ક્રીડા કે વ્યસનથી જીવ હિંસાદિ પાપસ્થાન સેવવું તે; બીજું ક્રિયાસ્થાનક.

अणट्ठादंडवेरमण. न० (अनर्थदण्डविरमण) અનર્થદંડથી નિવર્તવું તે; શ્રાવકનું આઠમુ વ્રત.

अणट्ठाबंधिय. त्रि० (अनर्थबन्धिक) વિના પ્રયોજને પખવાડીઆમાં બે ત્રણ વાર પાત્ર વગેરેને બંધ આપનાર (સાધુ સાધ્વી.)

अणण्ण. त्रि० (अनन्य) અભિન્ન; અપૃથગ્ભૂત. (૨) મોક્ષમાર્ગ. (૩) અસાધારણ; અદ્વિતીય.

अणण्णदंसि. त्रि० (अनन्यदर्शिन्) યથાયોગ્ય પદાર્થ જોનાર. (૨) અન્યથા જોનાર નહિ તે.

अणण्णणेय. त्रि० (अनन्यनेय) બીજાથી ન દોરવાય તેવો; સ્વયંબુદ્ધ.

अणण्णपरम. पुं० (अनन्यपरम) સંયમ; ચારિત્ર.

अणण्णमण. त्रि० (अनन्यमनस्) એકાગ્ર ચિત્તવાળો; તલ્લીન.

अणण्हय. पुं० (अनाश्रव) આશ્રવનિરોધ; નવાં કર્મને આવતા અટકાવવાં તે.

अणण्हयकर. त्रि० (अनाश्रवकर) આશ્રવ નિરોધ કરનાર; નવાં કર્મને આવતાં અટકાવનાર.

अणतिविलंबियत्त. न० (अनतिविलम्बितत्व) અતિવિલંબ રહિત બોલવું તે; વચનના ૩૫ અતિશયમાંનો એક.

अणत्त. त्रि० (ऋणार्त्त) ઋણી; કરજદાર.

अणत्त. त्रि० (अनात्र) દુઃખથી ન બચાવનાર.

अणत्त. त्रि० (अनात्त) નહિ લેવાએલું; નહિ સ્વીકારેલું.

अणत्तट्ठिय. त्रि० (अनात्मार्थिक) પોતાનું કરેલ નહિ તે; અસ્વીકારેલું.

अणत्तपण्ण. त्रि० (अनात्मप्रज्ञ) જેની બુદ્ધિ આત્મહિત કરવામાં નથી લાગી તે.

अणत्तवंत. त्रि० (अनात्मवत्) કષાયથી યુક્ત.

अणत्थ. अ० (अन्यत्र) બીજે સ્થળે; બીજે ઠેકાણે.

अणत्थ. पुं० (अनर्थ) અનર્થ હેતુ; એકવીસમો ગૌણ પરિગ્રહ. (૨) અર્થરહિત; નિષ્પ્રયોજન.

अणत्थंतर. न० (अनर्थान्तर) એકજ અર્થવાળો શબ્દ.

अणत्थदंड पुं० (अनर्थदण्ड) પ્રયોજન વિના કર્મબંધનમાં પડવું તે; વિના મતલબે કર્મથી દંડાવું તે.

अणत्थदंडव्वय. पुं० (अनर्थदण्डव्रत) વિના પ્રયોજને આત્માને દંડાવા ન દેવો તે; શ્રાવકનું આઠમું વ્રત.

अणत्थमियसंकप्प त्रि. (अनस्तमितसङ्कल्प) જેને દિવસમાં ખાવાનો સંકલ્પ છે તે

अणत्थवाय. पुं० (अनर्थवाद) નિષ્પ્રયોજન બોલવું તે.

अणधारग. पु० (ऋणधारक) કરજદાર; દેણદાર.

अणपरिणय. पु० (अणपर्णिक) કુતૂહલપ્રિય વ્યંતર દેવતાની એક જાત; વ્યંતરની સોળ જાતમાંની નવમી જાત.

अणप्पगंथ. त्रि० (अनर्प्यग्रन्थ) આધ્યાત્મિક ગ્રંથની માફક જેને તેને આપવા યોગ્ય નહિ તે; અર્પણ કરવા અયોગ્ય જ્ઞાનાદિ

अणप्पगंथ. पु० (अनल्पग्रन्थ) બહુસૂત્રી.

अणप्पगंथ. पुं० (अनात्मग्रन्थ) પરિગ્રહ રહિત; અપરિગ્રહી.

अणप्पिय. न० (अनर्पित) અવિશેષિત, સામાન્ય. (૨) त्रि० નહીં આપેલું.

अणप्पियणय. पु० (अनर्पितनय) સર્વ વસ્તુ સામાન્યજ છે એમ નિરપેક્ષ સામાન્યગ્રાહી નયવિશેષ.

अणभंजग. पु (ऋणभञ्जक) દેણું ન આપે તે, દેવાળીઓ.

अणभिक्कंत. त्रि० (अनभिक्रान्त) ઉલ્લંઘી ગયેલ નહિ; અનુલ્લંઘિત.

अणभिक्कंतकिरिया. स्त्री० (अनभिक्रान्तक्रिया) જેમાં બીજા કોઇ મનના ભિક્ષુ ઉતર્યા નથી એવી જગ્યા.

अणभिग्गहिया. स्त्री० (अनभिगृहीता) જેનો અર્થ જણાય નહિ એવી ભાષા.

अणभिण्ण. त्रि० (अनभिज्ञ) અજાણ; મૂર્ખ.

अणरह. }
अणरिह. } त्रि० (अनर्ह) અયોગ્ય; નાલાયક.
अणरुह. }

अणल. पुं० (अनल) અગ્નિ; આગ. (૨) त्रि० અજોગ, નાલાયક.

अणलंकिय. त्रि० (अनलकृत) અલંકાર વગરનો; આભૂષણાદિ રહિત.

अणलंकियविभूसिय. त्रि० (अनलकृतविभूषित) અલંકાર અને વસ્ત્રાદિની શોભાથી રહિત.

अणलक्खिय. त्रि० (अलक्षित) અજાણ્યું.

अणलुक्क. त्रि. (अनलोक्य) નજરે દેખાય તેવું; દૃષ્ટિગોચર.

अणवंत. पुं० (ऋणवत) દિવસનું ૨૬ મુ લોકોત્તર મુહૂર્ત.

अणवकंखवत्ति न० (अनवकाङ्क्षवृत्ति) જેમાં પરપ્રાણની અથવા પોતાના પાપના પરિહારની અપેક્ષા રાખવામાં નથી આવતી એવા વર્તનવાળુ વૈર.

अणवकंखवत्तिया. स्त्री० (अनवकाङ्क्षप्रत्यया) પોતાની કે પરની જીંદગીની અપેક્ષા રાખ્યા વિના સાહસથી પાપ ક્રિયા થાય તે.

अणवगल्ल त्रि० (अनवग्लान) ગ્લાનિ રહિત. જરા વગરનો

अणवच्च. त्रि० (अनपत्य) સન્તાન રહિત; નિર્વંશ.

अणवज्ज त्रि० (अनवद्य) નિર્દોષ; પાપરહિત. (૨) न० પાપદોષનો અભાવ.

अणवज्जभासा. स्त्री० (अनवद्यभाषा) દોષરહિત ભાષા; નિરવદ્ય ભાષા.

अणवट्ठप्प. न० (अनवस्थाप्य) દોષ માટે સાધુને આપવાના પ્રાયશ્ચિત્તનો એક પ્રકાર; જેમાં અમુક વખત સુધી સાધુને વ્રતથી બહાર રાખી તે પછી લેવામાં આવે તેવું એક પ્રાયશ્ચિત. (૨) त्रि० અનવસ્થાપ્ય નામે પ્રાયશ્ચિત્તને યોગ્ય.

अणवट्ठिय. त्रि० (अनवस्थित) અસ્થિર. (૨) અનિયમિત પ્રમાણવાળો; જેનું એક સરખું પ્રમાણ નથી તે.

अणवट्ठियकरण. न० (अनवस्थितकरण) સામાયિકનો વખત પુરો થયા પહેલાં પાળવુ તે; શ્રાવકના નવમા વ્રતનો પાંચમો અતિચાર.

अणवट्ठियसंठाण. न० (अनवस्थितसंस्थान) એક ઠેકાણે સ્થિતિ ન કરવી તે· નિરંતર ગતિ કરવી તે.

अणवणीयत्त. न०* (अनपनीतत्व) કારક, કાળ, વચન, લિંગ આદિ દોષથી રહિત; સત્ય વચનનો ૨૫ મો અતિશય.

अणवण्णिय. पुं० (अणपर्णिक) વ્યંતર દેવોની એક જાત.

अणवत्तप्पया. स्त्री० (अनवत्राप्यता) અંગ હીનતા.

अणवत्था. स्त्री० (अनवस्था) અનવસ્થા દોષ; જે દલીલનો ક્યાંય પણ છેડો ન આવે ત્યાં અનવસ્થા દોષ ઉપસ્થિત થાય છે. (૨) અવ્યવસ્થા.

अणवदग्ग. } **अणवयग्ग.** } त्रि० (अनवदग्र) અંત વગરનું; અનંત. (૨) અપરિમિત; નિસ્સીમ. (૩) અવિનાશી.

अणवरय. न० (अनवरत) નિરંતર; હમેશ. (૨) અવિચ્છિન્ન

अणविक्खया. स्त्री० (अनपेक्षा) અપેક્ષા ન રાખવી તે.

अणसण. न० (अनशन) હમેશને માટે કે થોડા વખતને માટે અન્નપાણીનો ત્યાગ કરવો તે; ઉપવાસ અથવા સથારો.

अणह. त्रि० ( ) નાશ વગરનું; ક્ષતિ રહિત.

अणह. त्रि० (अनघ) પાપ વગરનું; નિરવદ્ય.

अणहय. त्रि० (अनाहत) નવુ; વાપરેલું નહિ તે.

अणहसमग्ग. त्रि० (अक्षतसमग्र) સહીસલામત માલ અને કુટુંબવાળો; રસ્તામાં ચોરાદિકથી જેનું ધન લુંટાએલું નથી તે.

अणहिगय. त्रि० (अनधिगत) અગીતાર્થી; શાસ્ત્રવેત્તા નહિ તે.

अणहीण. त्रि० (अनधीन) સ્વાધીન; પરતંત્ર નહિ.

अणहीय. त्रि० (अनधीत) અભ્યાસ ન કરેલ; ન ભણેલ.

अणहीयपरमत्थ. पुं० (अनधीतपरमार्थ) અગીતાર્થ; શાસ્ત્રવેત્તા નહિ તે.

अणाइ. त्रि० (अनादि) આદિ વગરનું; અનાદિ કાળથી ચાલ્યું આવતું. (૨) નિત્ય

अणाइअ. त्रि० (अज्ञातिक) કુટુંબ વગરનો; એકલો.

अणाइज्ज. न० (अनादेय) નામકર્મની એક પ્રકૃતિ કે જેના ઉદયથી માણસનું વચન માન્ય ન થાય

अणाइज्जवयण. त्रि० (अनादेयवचन) અનાદેય વચનવાળુ; જેનું વચન કોઇપણ માન્ય ન કરે તે.

अणाइणिहण. त्रि० (अनादिनिधन) જેનાં આદિ અને અંત નથી તેવું; શાશ્વત.

अणाइण्ण. } **अणाइन्न.** } त्रि० (अनाचीर्ण) સાધુને આચરવા યોગ્ય નહિ; ૫૨ અનાચીર્ણમાંનો ગમે તે એક.

अणाइय. त्रि० (अणातीत) પાપને પાસ થએલું; પાપી.

अणाइय. त्रि० (ऋणातीत) કરજવાળો; દેણદાર. (૨) સંસાર; દુનિયા.

अणाइल. त्रि० (अनाविल) સ્વચ્છ. (૨) પાપ રહિત.

अणाइसंताण. पुं० (अनादिसन्तान) અનાદિ પ્રવાહ; અનાદિ પરંપરા.

अणाइसपज्जवसिअ. त्रि० (अनादिसपर्यवसित) જેની આદિ નથી પણ છેડો છે તે.

अणाउ. पुं० (अनायुष्) આયુઃકર્મ રહિત; સિદ્ધભગવાન્. (૨) જેને ફરીથી ઉત્પન્ન થવું નથી તેવા કેવળી તીર્થંકર વગેરે.

अणाउज्जिय. त्रि० (अनायोगिक) ઉપયોગ રહિત; અસાવધાન.

अणाउत्त. त्रि० (अनायुक्त) ઉપયોગ રહિત; ઉપયોગ વિનાનો.

अणाउत्तपमज्जणया. स्त्री० (अनायुक्तप्रमार्जन) ઉપયોગ રહિત પુંજવાથી લાગતું કર્મબંધન.

अणाउत्ताइणया. स्त्री० (अनायुक्तादानता) વિના ઉપયોગે વસ્તુ લેવા મૂકવાથી લાગતું કર્મબંધન; અણાભોગપ્રત્યયક્રિયાનો એક ભેદ.

अणाउल. / **अणाकुल.** त्रि० (अनाकुल) આકુળતા રહિત.

अणागइ. स्त्री० (अनागति) ન આવવું તે. (૨) સિદ્ધશિલા; જ્યાંથી ફરી આવવું નથી તે.

अणागम. पुं० (अनागम) આગમ લક્ષણહીન આગમ; અપૌરૂષેય આગમ.

अणागमण. न० (अनागमन) સંયમ લઇને પાછા ઘેર ન આવવું તે.

अणागमणधम्मि. त्रि० (अनागमनधर्मिन्) લીધેલી પ્રતિજ્ઞાનો નિર્વાહ કરનાર; સંયમ લઇને પાછા ઘેર ન જનાર.

अणागय. पुं० (अनागत) ભવિષ્યકાળ; આવતો કાળ. (૨) ન આવેલું. (૩) त्रि० ભવિષ્યમાં મળવાનું; ભાવી જન્મ સંબંધી. (૪) न० પર્યુષણમાં કરવાનું તપ કંઇ કારણસર અગાઉથી કરી લેવું તે; દસ પચ્ચખાણમાંનું એક.

अणागयखेत्त. न० (अनागतक्षेत्र) હવે પછી આવવાનું ક્ષેત્ર; જે ક્ષેત્રમાં ગતી નથી કરી તેવું ક્ષેત્ર.

अणागयद्धा. स्त्री० (अनागताद्धा) ભવિષ્યકાળ.

अणागयवयण. न० (अनागतवचन) ભવિષ્યકાળનું વચન; ભવિષ્યકાળ વાચક વિભક્તિપ્રત્યય.

अणागलिय. त्रि० (अनर्गलित) નિવારણ ન કરેલ; અટકાવેલ નહિ.

अणागलिय. त्रि० (अनाकलित) પ્રમાણ ઉપરાંતનું; અપરિમિત. (૨) નહિ જાણેલું; અલક્ષિત.

अणागाढ न० (अनागाढ) સાધારણ કારણ; ગાઢ કારણ નહિ તે.

अणागार. त्रि० (अनाकार) આકાર રહિત; આકૃતિ શૂન્ય.

अणागार. न० (अनाकार) પચ્ચખાણમાં દુકાળ, અટવી વગેરેની છુટ ન રાખવી તે; અનાભોગ અને સહસા એ બે સિવાય બાકીના આગાર વિનાનું પચ્ચખાણ. (૨) આકાર રહિત ઉપયોગ; સામાન્યગ્રાહી દર્શનોપયોગ

अणागारोवउत्त. त्रि० (अनाकारोपयुक्त) સામાન્યગ્રાહી દર્શનના ઉપયોગવાળો; દર્શનના ઉપયોગ સહિત.

अणागारोवओग. पुं० (अनाकारोपयोग) સામાન્યગ્રાહી દર્શનનો ઉપયોગ.

अणाजीव. त्रि० (अनाजीव) આજીવિકા રહિત, આજીવિકાની ઇચ્છા નહિ રાખનાર. (૨) નિસ્પૃહી.

अणाजीवि. त्रि० (अनाजीविन्) તપના ફલની ઇચ્છા વગરનો; નિસ્પૃહી.

अणाढिय. पुं० (अनादृत) અણાદિઅ નામે જંબૂદ્વીપનો અધિષ્ઠાતા દેવતા. (૨) કાકંદી નગરીનો એક ગૃહસ્થ, કે જે સ્થવિરની પાસે દીક્ષા લઇ પહેલા દેવલોકમાં અણાદિઅ વિમાનમાં બે સાગરને આઉખે ઉત્પન્ન થયો. ત્યાંથી ચવી મહાવિદેહમાં મોક્ષ જશે. (૩) न० પહેલા દેવલોકનું "અણાદિઅ" નામનું વિમાન. (૪) અનાદરપૂર્વક વંદના કરવી તે, વંદનાનો પહેલો દોષ.

अणाढिया. स्त्री० (अनादृता) જંબૂદ્વીપના અધિષ્ઠાતા અનાદૃત દેવતાની રાજધાની.

अणाण. न० (अज्ञान) અજ્ઞાન.

अणाणा. स्त्री० (अनाज्ञा) આજ્ઞાનો અભાવ. (૨) त्रि० જેમાં વીતરાગની આજ્ઞા નથી તે.

अणाणुगामि. न० (अनानुगामिन्) જે જગ્યાએ જ્ઞાન ઉત્પન્ન થયું હોય તેજ જગ્યાએ રહે બીજી જગ્યાએ સાથે ન જાય એવું અવધિજ્ઞાન; અવધિજ્ઞાનનો એક ભેદ.

अणाणुपुव्वी. स्त्री० (अनानुपूर्वी) અનુક્રમ નહી તેમ વ્યુત્ક્રમ નહિ તે.

अणाणुबंधि. न० (अनानुबन्धिन्) પડિલેહણ કરતાં વસ્ત્રનો કોઇ પણ ભાગ નજર બહાર ન રહે તે; અપ્રમાદ પડિલેહણનો એક પ્રકાર.

अणाणुवाइ. पुं० (अनानुवादिन्) વાદિએ કહેલ હેતુનો અનુવાદ કરવાની પણ વ્યાકુળપણાને લીધે જેનામાં શક્તિ નથી તે.

अणातावित्र. त्रि० (अनातापिन) જે સાધુ પોતાનાં વસ્ત્ર, પાત્ર વગેરે ભિનાશવાળા ઉપકરણને તડકામાં ન નાખે તે.

अणातीय. पुं० (अणातीत) સંસાર સમુદ્રની પાર જનાર; સસારને ઉલ્લઘી પેલે પાર પહોંચનાર જીવ.

अणादि. त्रि० (अनादि) પ્રવાહની અપેક્ષાએ આદિરહિત; શરૂઆત વગરનું.

अणादेज्ज. न० (अनादेय) અનાદેય નામ.

अणाबाह. पु० (अनाबाध) સ્વાભાવિક સુખ, મોક્ષ સુખ. (૨) ત્રિ० બાધારહિત સુખ; અબાધિત સુખ.

अणाभियोगिय. पुं० (अनाभियोगिक) સ્વતંત્ર દેવ; જેનો કોઇ સ્વામી નથી તેવો દેવતા.

अणाभोग. पुं० (अनाभोग) બેખબર; અજ્ઞાન. (૨) અત્યંત વિસ્મૃતિ.

अणाभोगज्झाण. न० (अनाभोगध्यान) અત્યંત વિસ્મરણ થયાનું ભાન આવવું તે; જેમ પ્રસન્નચંદ્ર રાજર્ષિને વિસ્મરણ થયેલ વ્રતની યાદગિરી થઇ.

अणाभोगपडिसेवणा. स्त्री० (अनाभोगप्रतिसेवना) અજાણપણે કોઇ દોષ સેવવો તે.

अणाभोगबउस. त्रि० (अनाभोगबकुश) અજાણ્યે દોષ લગાડનાર બકુશ નિયંઠો.

अणाभोगवत्तिया. स्त्री० (अनाभोगप्रात्ययिकी) અજ્ઞાનથી ઉપયોગશૂન્યપણે કર્મ બંધાય તે.

अणाय. पुं० (अनात्मन्) આત્માથી ભિન્ન પદાર્થ: જડ.

अणाययण. न० (अनायतन) નાટકશાળા, વેશ્યાગૃહ આદિ સાધુને નહિ રહેવા યોગ્ય સ્થાન. (૨) જ્યાં સજ્જન પુરૂષોનો સંસર્ગ નથી એવું સ્થાન. (૩) પાસત્થા વગેરેને ઉતરવાનું સ્થાન. (૪) પશુ, નપુંસક વગેરેના રહેઠાણવાળું સ્થાન.

अणायर. पुं० (अनादर) તિરસ્કાર; અપમાન.

अणायरण. न० (अनाचरण) અનાચાર; ખરાબ આચરણ.

अणायरणया. स्त्री० (अनाचरणता) આચરવા યોગ્ય નહિ તે; માયા અને કષાયનું પર્યાય નામ.

अणायरिय. पुं० (अनार्य) આર્ય નહિ તે; ક્રૂર.

अणायार. त्रि० (अनाकार) જુઓ "અણાગાર" શબ્દ.

अणायार. पुं० (अनाचार) સાધુ કે શ્રાવકના આચાર વ્યવહારનો ભંગ; પચ્ચખાણની હદનું ઉલ્લંઘન કરવું તે. (૨) સાધુને ન આચરવા યોગ્ય પર અનાચીર્ણમાંનો ગમે તે એક.

अणायारसुय. न० (अनाचारश्रुत) સૂયગડાંગના બીજા શ્રુતસ્કન્ધના પાંચમા અધ્યયનનું નામ, કે જેમાં અનેકાંતવાદનું સમર્થન કરતાં આચારનું કેવી રીતે પાલન કરવુ અને અનાચારનો કેવી રીતે ત્યાગ કરવો તે બતાવ્યું છે.

अणायावि. त्रि० (अनातापिन्) આતાપના વગેરે પરિસહ સહન ન કરનાર સાધુ; શીત, ઉષ્ણ વગેરે સહન ન કરનાર.

अणारंभ. (अनारभ) જીવને ઉપદ્રવ ન કરવો તે. (૨) त्रि० સાવદ્ય વ્યાપારરહિત.

अणारंभजीवि. त्रि० (अनारभजीविन्) સર્વ આરંભથી નિવૃત્ત થયેલ સાધુ; સાવદ્યાનુષ્ઠાન અને પ્રમાદ રહિત જીંદગી ગાળનાર.

अणारिय. त्रि० (अनार्य) ન કરવા યોગ્ય કામ કરનાર; અનાચારી (૨) અનાર્ય દેશવાસી, મ્લેચ્છ (૩) न० મ્લેચ્છને છાજતુ આચરણ; અસત્ અનુષ્ઠાન. (૪) અનાર્યભૂમિ, અનાર્ય ક્ષેત્ર.

अणारियट्ठाण. न० (अनार्यस्थान) સાવદ્ય આરંભનું સ્થાન.

अणालाव. पुं० (अनालाप) કુત્સિત ભાષણ, ખરાબ બોલવુ તે.

अणालोक. न० (अनालोक) અજ્ઞાન.

अणावाय. न० (अनापात) માણસની આવ જાવ વિનાનું સ્થળ; નિર્જન સ્થળ.

अणाविल. त्रि० (अनाविल) રાગદ્વેષરૂપી મલરહિત; સ્વચ્છ.

अणाविल. त्रि० (अणाविल) કરજથી મેલું.

अणावुट्ठि. स्त्री० (अनावृष्टि) અનાવૃષ્ટિ. વરસાદની મોસમમાં વરસાદ ન વરસે તે.

अणासण्ण. त्रि० (अनासन्न) છેક પાસે નહિ; બહુ નજીક નહિ તે.

अणासय. त्रि० (अनाशय) મોટાઇની લાલસા વગરનો; દ્રવ્યથી સમવસરણાદિ છતાં ભાવથી તેના અનાકાંક્ષી તીર્થંકર. (૨) ફળની આશા વિનાનો.

अणासव. त्रि० (अनाश्रव) કર્મબંધ રહિત. (૨) पुं० આશ્રવનો અભાવ. (૩) पुं० स्त्री० ગુરૂના વચન ઉપર લક્ષ્ય ન આપનાર; ગુરૂનો આદેશ ન સાંભળનાર. (૪) पु० न० આશ્રવના અભાવવાળા મહાવ્રતાદિ. (૫) पुं० અહિંસા; દયા.

अणासायणा. स्त्री० (अनाशातना) તીર્થંકરાદિકના ધર્મની અશાતના ન કરવી તે; દર્શન વિનયનો એક ભેદ.

अणासायणाविणय. पुं० (अनाशातनाविनय) જુઓ " અણાસાયણા " શબ્દ.

अणासास. पु० (अनाश्वास) અવિશ્વાસ; અભરોસો.

अणासिय. त्रि० (अनशित) ભૂખવાળું.

अणासिय त्रि० (अनाश्रित) આશ્રયરહિત.

अणासेवणा. स्त्री० (अनासेवना) અતિચારાદિ ન સેવવા તે.

अणाह. त्रि० (अनाथ) અશરણ, અનાથ. (૨) રાક, ભિખારી. (૩) पु० અનાથી મુનિ, કે જેણે શ્રેણિક રાજાને પોતે અનાથ હોવાની ખાત્રી કરાવી ધર્મ પમાડ્યો. તેનું વિસ્તૃત ચરિત્ર ઉત્ત. ૨૦ મા અધ્યયનમાં છે.

अणाहपव्वज्जा. स्त्री० (अनाथप्रव्रज्या) ઉત્તરાધ્યયન સૂત્રના ૨૦ મા અધ્યયનનું અપરનામ

अणाहपिंड. न० (अनाथपिण्ड) અનાથને માટે તૈયાર કરેલો ખોરાક.

अणाहरण. न० (अनाधरण) ધરી રાખવાને અશક્ત

अणाहार. पु० (ऋणाधार) કરજદાર; દેણદાર.

अणाहार पु० (अनाहार) આહારનો અભાવ.

अणाहारग. / **अणाहारय.** } पु० (अनाहारक) અનાહારી જીવ; આહાર ન લેનાર જીવ.

अणाहारिय. त्रि० (अनाहृत) ભૂતકાળની ખાવાની ક્રિયાથી પરિણામ પામેલું નહિ તે.

अणाहिट्ठ. पुं० (अनाधृष्ट) વસુદેવ રાજાથી થયેલ ધારિણી રાણીનો પુત્ર. (૨) અંતગડ સૂત્રના ત્રીજા વર્ગના તેરમા અધ્યયનનું નામ.

अणाहिट्ठि. पुं० (अनावृष्टि) જુઓ " અણાદિટ્ઠ " શબ્દ.

अणाहुअ. त्रि० (अनाहूत) આમંત્રણ ન કરેલ; મુનિ આમંત્રણ વિના આહાર લેવા જાય માટે તે અનામંત્રિત.

अणिअय. त्रि० (अनित्य) અનિત્ય; ચિરંકાળ નહિ રહેનાર.

अणिइय. पुं० (अनियत) જેનું સ્વરૂપ નિયત નથી તે; સંસાર.

अणिएय. त्रि० (अनियत) અનિયમિત, અપ્રતિબદ્ધ.

अणिएयचारि. पु० (अनियतचारिन्) અપ્રતિબંધ વિહારી; અપ્રતિબંધપણે વિચરનાર.

अणिंगाल. त्रि० (अनङ्गार) ઇંગાલ દોષથી રહિત.

अणिंद. त्रि० (अनिन्द्र) ઇંદ્ર વિનાનું.

अणिंदिय पुं० (अनिन्द्रिय) ઇંદ્રિય તથા તેના ઉપયોગ વિનાના સિદ્ધભગવાન્ તથા કેવલી. (૨) त्रि० જેણે ઇન્દ્રિયપર્યાપ્તિ બાંધી નથી તે. (૩) त्रि० જે ઇન્દ્રિયોથી જાણી શકાતા નથી તે, અતીન્દ્રિય.

अणिंदिया. स्त्री० (अनिन्दिता) ઉર્ધ્વલોકવાસી છઠ્ઠી દિશાકુમારી.

अणिकट्ठ. त्रि० (अनिकृष्ट) દ્રવ્યથી સ્થૂલ શરીરવાળો અને ભાવથી કષાયને વશ નથી કર્યા તે.

अणिक्कावाइ पुं० (अनेकवादिन्) પદાર્થોમાં કોઇ અપેક્ષાએ એકપણું હોવા છતાં પણ તેને ન જોતાં સર્વથા પદાર્થોનું અનેકપણું સ્થાપિત કરનાર વાદી; અક્રિયાવાદી.

अणिक्खित्त. त्रि० (अनिक्षिप्त) ત્યાગ કરેલ નહિ; છોડી દીધેલ નહિ. (૨) અવિશ્રાન્ત; નિરન્તર.

अणिगण. पु० (अनग्न) અકર્મભૂમિના જુગલિયાને વસ્ત્ર પુરાં પાડનાર કલ્પવૃક્ષ. (૨) त्रि० જેઓ નગ્નાવસ્થામાં નથી, પરંતુ વસ્ત્રોથી ઢંકાયેલા છે તે.

अणिगाम. त्रि० (अनिकाम) પરિમિત. (૨) તુચ્છ.

अणिग्गह. त्रि० (अनिग्रह) જેણે ઇન્દ્રિયોનો નિગ્રહ નથી કર્યો તે; અસંયતી. (૨) ઉદ્ધત; સ્વચ્છંદી. (૩) न० અગીયારમું ગૌણ અબ્રહ્મ સેવન.

अणिच्च. त्रि० (अनित्य) અનિત્ય; ક્ષણભંગુર.

अणिच्चजागरिया. स्त्री० (अनित्यजागरिका) સંસારનું અનિત્ય સ્વરૂપ ચિંતવવું તે.

अणिच्चभावणा. स्त्री० (अनित्यभावना) સંસારનું સ્વરૂપ અનિત્ય છે એવી ભાવના ભાવવી તે.

अणिच्चया. स्त्री० (अनित्यता) અનિત્યપણું; નશ્વરપણું.

अणिच्चाणुप्पेहा. स्त्री० (अनित्यानुप्रेक्षा) ધન, પુત્ર, શરીર વગેરે સર્વ અનિત્ય છે એવી ભાવના.

अणिच्छिय. त्रि० (अनीप्सित) ઇચ્છિત નહિ; અનિષ્ટ.

अणिज्जूढ. त्रि० (अनिर्यूढ) મ્હોટા ગ્રંથમાંથી સંક્ષિપ્તરૂપે ઉદ્ધાર કરેલ નહિ.

अणिट्ठ. त्रि० (अनिष्ट) અનિષ્ટ; અપ્રિય.

अणिण्हवण. न० (अनिन्हवन) જેની પાસે અભ્યાસ કર્યો હોય તેનું નામ ન છુપાવવું તે; જ્ઞાનનો પાંચમો આચાર.

अणितिय. त्रि० (अनित्य) અનિત્ય; ક્ષણભંગુર.

अणितिय. पुं० (अनियत) જુઓ "અણિઇય" શબ્દ.

अणित्थंत्थ. त्रि० (अनित्थंस्थ) કોઇ લૌકિક પ્રકારથી ન રહેનાર; અલૌકિક પ્રકારની સ્થિતિવાળું સંઠાણ.

अणित्थंत्थसंठाण. न० (अनित्थंस्थसंस्थान) અનિયત સંસ્થાન; સિદ્ધોનું સંઠાણ.

अणिदा. स्त्री० (अनिदा) અજાણપણે કરેલી હિંસા; સામા પ્રાણીને અસાવધાનતામાં મારવો તે. (૨) ચિત્તનું અવ્યવસ્થિતપણું; બેખબરપણું. (૩) અણધાર્યું; અચોકસપણું.

अणिमिस त्रि० (अनिमिष) આંખનો પલકારો માર્યા વગરનું (૨) વનસ્પતિ વિશેષ.

अणिमिसणयण. पुं० (अनिमिषनयन) જે આંખનો પલકારો મારતા નથી તે; દેવતા.

अणिमुक्ख. पुं० (अनिर्मोक्ष) મોક્ષનો અભાવ.

अणिय. न० (अनीक) સૈન્ય; લશ્કર.

अणिय. न० (अनृत) અસત્ય; જૂઠું.

अणिय. न० ( ) ધાર; અણી.

अणियट्ट. पुं० (अनिवर्त) મોક્ષ; મુક્તિ. (૨) એ નામનો એક મોટો ગ્રહ.

अणियट्टि. न० (अनिवर्तिन्) મુક્તિ મેળવ્યા વિના નિવર્તે નહિ તેવું ધ્યાન; શુકલ ધ્યાનનો ત્રીજો પાયો. (૨) પુ० ૭૯ મો ગ્રહ. (૩) જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં આવતી ચોવીસીમાં થનાર ૨૦ મા તીર્થંકર.

अणियट्टिकरण. न० (अनिवृत्तिकरण) સમકિત પ્રાપ્ત કરતી વખતે રાગદ્વેષની ગ્રંથિને ભેદનાર વિશુદ્ધ અધ્યવસાય વિશેષ, કે જે ગ્રંથિને ભેદ્યા વિના નિવર્તે નહિ તે કરણ વિશેષ; આત્માનું વિશુદ્ધ પરિણામ.

अणियट्टिबायर. न० (अनिवृत्तिबादर) નવમે ગુણઠાણે વર્તતો જીવ. (૨) નવમા ગુણ સ્થાનકનું નામ, આંહિ કષાયોદય દસમા ગુણ સ્થાનકની અપેક્ષાયે સ્થૂલ છે વળી આ ગુણઠાણે વર્તતા ઘણા જીવોના અધ્યવસાયો પરસ્પર વ્યાવૃત્તિ પામતા નથી, માટે " અણિયટ્ટિબાયરસંપરાય " એવું સાર્થ નામ છે.

अणियण. पुं० (अनन) જુઓ "અણિગણ" શબ્દ.

अणियत. त्रि० (अनियत) નિયમિત નહિ તે; અચોક્કસ.

अणियत्त. त्रि० (अनिवृत्त) નિવૃત્ત નહિ થયેલ; નિવૃત્તિ ન પામેલ.

अणियय. त्रि० (अनियत) અપ્રતિબદ્ધ; કોઇના બંધાયેલ નહિ (૨) અનવસ્થિત; અનિશ્ચલ. (૩) વસ્ત્ર આપનાર કલ્પવૃક્ષની એક જાત. (૪) न० એકલા નિયતિથી નહિ પણ પાંચે સમવાયિ કારણથી ઉત્પન્ન થતુ સુખ વગેરે. (૫) પુરૂષાર્થથી અન્યથા થઇ શકે તેવો ભાવ; ભાવી ભાવથી ભિન્ન.

अणिययचारि. पु० (अनियतचारिन्) જુઓ " અણિએઅચારિ " શબ્દ

अणियाण. त्रि० (अनिदान) જેણે સંયમતપ વગેરેનું ભાવી ફળ માગી નથી લીધું તે; નિયાણું ન કરનાર. (૨) સાવદ્યાનુષ્ઠાન રહિત. (૩) ભોગ અને ઋદ્ધિની પ્રાર્થના રૂપ આર્તધ્યાન વિનાનો.

अणिरुद्ध. त्रि० (अनिरुद्ध) ક્યાંય પણ અટકે નહિ તેવું. (૨) पुं० પ્રદ્યુમ્ન કુમારથી થયેલ વૈદર્ભી રાણીનો પુત્ર, કે જે નેમનાથ પ્રભુ પાસે દીક્ષા લઇ શેત્રુંજય પર સિદ્ધ થયા.

अणिरुद्धपण्ण. पु० (अनिरुद्धप्रज्ञ) જેની બુદ્ધિ ક્યાંય પણ સ્ખલિત ન થાય એવા; તીર્થંકર, કેવળી આદિ.

अणिल. पुं० (अनिल) વાયુ; પવન. (૨) ગઇ ચોવીસીના ભરતક્ષેત્રના એકવીસમા તીર્થંકર.

अणिला. स्त्री० (अनिला) બાવીશમા તીર્થંકરની પ્રથમ સાધ્વી.

अणिवारिया. स्त्री० (अनिवारिका) જેને સારૂં નરસું કરતાં કોઇ અટકાવનાર નથી તેવી સ્ત્રી.

अणिसं अ० (अनिशम्) સદૈવ; નિરંતર

अणिसट्ठ. } त्रि० (अनिसृष्ट) ધણીની કે
अणिसिट्ठ. } સહીયારીની અનુમતિ વિનાનું; ઘરના મુખ્ય માણસોએ કબુલ ન કરેલું. (૨) ઘણા ભાગીદારોની સાધારણ વસ્તુમાંથી એકની પણ રજા વિના સાધુને આહારાદિ આપવાથી લાગતો એક દોષ; ૧૬ ઉદ્ગમનના દોષમાંનો ૧૫ મો દોષ.

अणिसिद्ध. त्रि० (अनिषिद्ध) संमति आपेल; निषेध न करेल. (२) सावद्यानुष्ठानथी निवृत्ति न पामेल.

अणिस्स. त्रि० (अनिश्र) सर्व जनथी त्याज्य; निराधार.

अणिस्सिय. त्रि० (अनिश्रित) अनासक्त; आसक्ति रहित. (२) प्रतिबंध रहित; ममता विनानो. (३) असंबद्ध; अप्रवृत्त. (४) अनाश्रित; कोइनी पण सहाय न इच्छतो. (५) न० लिंग या पुस्तकनी अपेक्षा विना थतुं ज्ञान; अवग्रह ज्ञाननो एक भेद. (६) कीर्ति आदिनी अपेक्षा विना वैयावच्च वगेरे करवी ते.

अणिस्सिओवहाण. न० (अनिश्रितोपधान) बीजानी सहाय विना करवामा आवतुं तप. निष्काम तप.

अणिह. त्रि० (अनीह) क्रोधादिथी अपीडित; सहिष्णु (२) माया, प्रपंचरहित; कपट रहित. (३) ममतारहित; निस्पृह

अणिह. त्रि० (अनिहत) उपसर्गादिथी अपराजित, उपसर्गथी पराभव न पामेल.

अणिह. त्रि० (अस्नेह) रागद्वेष वगरनो; स्नेह वगरनो.

अणिहयरिउ. पु० (अनिहतरिपु) भद्दिलपुरना रहेवासी नाग नामे गाथापतिनी स्त्री सुलसानो पुत्र.

अणिहुत. त्रि० (अनिभृत) उपशांत थयेल नहि; शान्तिरहित.

अणीइ. स्त्री० (अनीति) अतिवृष्टि; अनावृष्टि आदिनो अभाव.

अणीय. न० (अनीक) हाथी, घोडा वगेरेनुं सैन्य.

अणीयस. पुं० (अनीयस्) भद्दिलपुरना निवासी नाग नामे गाथापतिनी भार्या सुलसाए उछेरेल पुत्र.

अणीया. स्त्री० (अनीका) सेना; कटक.

अणीहारि. } न० (अनीर्हारिम) ज्यां
अणीहारिम. } शबनुं अग्निसंस्कार करनार न मळे तेवे विषम स्थळे पर्वतादिनी गुफामां संथारो करवो ते; संथारानो एक प्रकार.

अणु. अ० (अनु) पश्चात्; पछी. (२) पासे; नजीक. (३) लघु; नानुं. (४) क्रम; परिपाटी. (५) अंदर; मांहे. (६) योग्य; उचित. (७) अनुकूळ; हितकर.

अणु. त्रि० (अणु) प्रमाणमां अतिथोडुं. (२) सूक्ष्म; बारीक. (३) पुं० परमाणु; सूक्ष्ममां सूक्ष्म पुद्गलांश.

अणुअ. त्रि० (अनुग) अनुसरनार.

अणुअत्तअ. त्रि० (अनुवर्त्तक) अनुकूळ वर्तनार.

अणुआ. स्त्री० (अनुगा) जुवार; धान्यनी एक जात.

अणुआस. पु० (अनुकास) विकास; फेलावो.

अणुइण्ण. त्रि० (अनुचीर्ण) आवेल.

अणुइण्ण. त्रि० (अनुकीर्ण) भराइ रहेलुं; व्याप्त. (२) सरी नहि जतुं; अपतित.

अणुइण्ण. त्रि० (अनुद्गीर्ण) बहार नही नीकळेलुं.

अणुइन्न. त्रि० (अनुदीर्ण) उदीरणा न करेल.

अणुओइअ. त्रि० (अनुयोजित) प्रवर्तावेल; गोठवेल.

अणुओग. पु० (अनुयोग) सूत्रनो अर्थनी साथे संबंध गोजवो ते; व्याख्या. (२) द्रव्यानुयोग, गणितानुयोग, धर्मकथानुयोग अने चरणकरणानुयोग ए चारमांनो गमे ते एक. (३) दृष्टिवाद अंगनो चोथो विभाग. (४) उपक्रम, निक्षेप अनुगम, नय इत्यादि अनुयोग द्वारमांना गमे ते एक द्वारनुं ज्ञान; श्रुतज्ञाननो एक प्रकार.

अणुओगदायय. पुं० (अनुयोगदायक) सूत्रार्थ आपनार; सुधर्मास्वामी वगेरे.

अणुओगद्दार. पुं० (अनुयोगद्वार) વ્યાખ્યા કરવાનાં ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય એ ચાર દ્વાર; વ્યાખ્યાની રીતિ.

अणुओगद्दारसमास. પુ० (अनुयोगद्वारसमास) અનુયોગદ્વારના સમુદાયનું જ્ઞાન; શ્રુતજ્ઞાનનો એક પ્રકાર.

अणुओगधर. પુ० (अनुयोगधर) સૂત્રાર્થ ધારણ કરનાર; અનુયોગી

अणुओगसमास. પુ० (अनुयोगसमास) એકથી વધારે અનુયોગદ્વારોનું જ્ઞાન થવુ તે; શ્રુત જ્ઞાનનો એક પ્રકાર.

अणुओगि. પું० (अनुयोगिन्) સૂત્રનુ અવતરણ કરવાને પ્રશ્ન કરવામા આવે તે. જેમ " चउहिं समणेहिं लोगो " એ સૂત્રનું અવતરણ કરવાને " कइहि समणेहि? " એમ પૂછવુ તે.

अणुओगिअ. ત્રિ० (अनुयोगिक) અનજ્યા લીધેલ, દીક્ષિત.

अणुओयण. ન० (अनुयोजन) સબધન, જોડી દેવુ તે.

अणुकंपग. ત્રિ० (अनुकम्पक) દયા કરનાર, હિતચિતક. (૨) આત્મહિતમાં પ્રવૃત્ત થનાર.

अणुकंपण. ન० (अनुकम्पन) દુઃખી ઉપર અનુકપા કરવી તે. (૨) ભક્તિ; સેવા.

अणुकंपय. ત્રિ० (अनुकम्पक) ઉચિત પ્રવૃત્તિ કરનાર; સેવા કરનાર.

अणुकंपा. સ્ત્રી० (अनुकम्पा) અનુકપા, દયા. (૨) ભક્તિ, પ્રેમની લાગણી.

अणुकंपादाण. ન० (अनुकम्पादान) દયાથી દુઃખીને દાન દેવુ તે.

अणुकंपि. ત્રિ० (अनुकम्पिन्) અનુકપાવાળા; દયાળુ. (૨) સેવા કરનાર; ભક્ત

अणुकड्ढि. સ્ત્રી० (अनुकृष्टि) અનુવર્તન કરવું તે.

अणुकहण. ન० (अनुकथन) અનુવાદ

अणुकूल. ત્રિ० (अनुकूल) અનુકૂળ; સગવડ પડતુ.

अणुक्कंत. ત્રિ० (अनुक्रान्त) અનુષ્ઠાન કરેલ; સેવન કરેલ. (૨) આચરેલ.

अणुक्कंत. ત્રિ० (अन्वाक्रान्त) અનુષ્ઠાન કરેલ; આચરેલ.

अणुक्कम. પુ० (अनुक्रम) અનુક્રમ; પરિપાટી.

अणुक्कसाइ. પુ० अनुत्कषायिन् / अणुकषायिन् } સત્કાર આદિની ઉત્કંઠાના અભાવવાળો. (૨) સ્વલ્પ કષાયી; મદ કષાયી.

अणुक्कोस. પુ० (अनूत्कर्ष) પોતાની બડાઇ; માનકષાય. (૨) ઉત્કર્ષનો અભાવ; ઉત્કર્ષ રહિત.

अणुक्कोस. પું० (अनुक्रोश) દયા, કરૂણા.

अणुक्खित्त. ત્રિ० (अनुक्षिप्त) પાછળ ફેંકેલુ.

अणुग. ત્રિ० (अनुग) અનુસરનાર; પાછળ પાછળ જનાર.

अणुगच्छणया. સ્ત્રી० (अनुगमन) સત્કાર કરવાને ગુરૂની સામા જવું તે.

अणुगम. પુ० (अनुगम) નિક્ષેપથી પાડેલ ભેદમાંથી પ્રકરણ યા પ્રસગને અનુકૂળ અર્થ ગોઠવો તે, સૂત્રના અનુકૂળ અર્થનુ કહેવુ તે. (૨) પદ, પદચ્છેદ, વિગ્રહ, અન્વય વગેરે વ્યાખ્યાનના પ્રકાર.

अणुगय. ત્રિ० (अनुगत) અનુસરેલ, અનુકરણ કરેલ. (૨) જણાયેલ. (૩) અગાઉની માફક બરાબર ચાલ્યું આવતું. (૪) પ્રાપ્ત થયેલ. (૫) વ્યાપ્ત. (૬) આશ્રિત.

अणुगाम. પું० (अनुग्राम) ગામાન્તર જતાં વચ્ચે ગામ આવે તે; ગામ પછીનુ ગામ. (૨) નાનુ ગામ. (૩) શહેરની પાસેનુ ગામ.

अणुगामि. ત્રિ० (अनुगामिन्) અનુકરણ કરનાર, નકલ કરનાર. (૨) જનાર. (૩) અનુચર; સેવક. (૪) સાધ્ય સાધક હેતુ; દોષ વગરનો હેતુ. (૫) જે ઠેકાણે અવધિ જ્ઞાન ઉત્પન્ન થયુ હોય ત્યાંથી બીજે સ્થળે પણ આંખની માફક સાથે સાથે જાય તે; અવધિજ્ઞાનનો એક પ્રકાર.

अणुगामिय. पुं० (अनुगामिक) અન્વય વ્યતિરેકી હેતુથી થતો વસ્તુનો નિર્ણય; આનુમાનિક નિશ્ચય. (૨) અકર્તવ્યરૂપ ૧૪ અસદ્ અનુષ્ઠાન. (૩) ક્ષેત્રાંતરમાં સાથે સાથે જનાર અવધિજ્ઞાન; અવધિજ્ઞાનનો એક ભેદ. (૪) ત્રિ० પાછળ જનાર; આજ્ઞાને અનુસરનાર. (૫) ભવ પરંપરા સાથે આવતા સુખને ઉત્પન્ન કરનાર. (૬) અનુચર; નોકર.

अणुगामियत्ता. स्त्री० (अनुगामिकता) ભવ પરંપરામાં સાથે જનારૂં સાનુબંધ સુખ.

अणुगिति. स्त्री० (अनुकृति) અનુકરણ; નકલ.

अणुगिद्ध. त्रि० (अनुगृद्ध) અત્યંત આસક્ત; લોલુપતાવાળો.

अणुगीय. त्रि० (अनुगीत) પાછળથી ગાવામાં આવેલ, તીર્થંકરાદિની પાસેથી સાંભળીને પાછળથી સ્થવિરોએ સંપાદન કરેલ.

अणुगुण. पुं० (अनुगुण) ગુણ ઉપર ગુણ કરવો તે.

अणुग्गह. पु० (अनुग्रह) ઉપકાર (૨) કૃપા, મહેરબાની.

अणुग्घाइम. न० (अनुद्घातिम) ગુરૂ પ્રાયશ્ચિત; મ્હોટું તપ. (૨) પુ० સ્ત્રી० ગુરૂ પ્રાયશ્ચિત્તને યોગ્ય સાધુ સાધ્વી.

अणुग्घाइय. पु० स्त्री० (अनुद्घात्तिक) જેણે એવો દોષ સેવ્યો હોય કે પ્રાયશ્ચિતમાં ઘટાડો કરી શકાય નહિ તે. (૨) न० જેમાં અનુદ્ઘાતિમ પ્રાયશ્ચિતનું વર્ણન છે એવા ગ્રંથના એક ભાગનું નામ.

अणुग्घाय. पुं० (अनुद्घात) પ્રાયશ્ચિત્તમાં ઘટાડો ન થાય તે. (૨) ત્રિ० ઉદ્ઘાત રહિત. (૩) ન० નિશીથ સૂત્રનો એક ભાગ, કે જેમાં અનુદ્ઘાતિક પ્રાયશ્ચિત્તનો વિચાર કરેલો છે.

अणुग्घायण. न० (*अणोद्घातन) કર્મને દૂર કરવાં તે; કર્મની ઘાત કરવી તે.

अणुचरग. त्रि० (अनुचरक) અનુચર; સેવા કરનાર.

अणुचरिय. न० (अनुचरित) ચારિત્રને અનુસાર. (૨) ત્રિ० આસેવિત; આચરેલ

अणुचरिया. स्त्री० (अनुचरिका) ગઢ અને વસ્તિ વચ્ચેના રસ્તાની પાસે.

अणुचिराण. त्रि० (अनुचीर्ण) સંસર્ગમાં આવેલ. (૨) અનુષ્ઠાન કરાયેલ; આચરેલ. (૩) પરિણામ પામેલ.

अणुचिय. त्रि० (अनुचित) અઘટિત; અયોગ્ય.

अणुच्च. त्रि० (अनुच्च) ઉંચું નહિ તે.

अणुच्चाकुइय. त्रि० (अनुच्चाकुचिक) જેનું આસન ગુરૂ કરતાં ઉંચું તેમજ ચલાયમાન નથી તે. (૨) નીચા અથવા સ્થિર આસનવાળો.

अणुजत्ता. स्त्री० (अनुयात्रा) નીકળવું તે; પાછળ જવું તે.

अणुजाय. त्रि० (अनुयात) સંપત્તિ અને ગુણ વગેરેથી પિતાના તુલ્ય થાય તે પુત્ર; જેમકે આદિત્યયશાનો દીકરો મહાયશા રાજા. (૨) સદૃશ; સરખું. (૩) પાછળ ગયેલ.

अणुजाणावणा. स्त्री० (अनुज्ञापना) રજા અપાવવી તે.

अणुजुत्ति. स्त्री० (अनुयुक्ति) યુક્તિપૂર્વક હેતુગર્ભિત દૃષ્ટાંત. (૨) અનુકૂળ યુક્તિ; ઉચિત ન્યાય.

अणुजेट्ठ. त्रि० (अनुज्येष्ठ) સૌથી મ્હોટા પછી ત્રીજે નંબરે જે હોય તે.

अणुजोग. पुं० (अनुयोग) તીર્થંકર, કુલકર, ચક્રવર્તી વગેરેના અધિકાર જેમાં દર્શાવ્યા હતા તે દૃષ્ટિવાદનો એક વિભાગ કે જે હાલ વિચ્છેદ થઇ ગયેલ છે.

---

* नोट-अणात्यनेन जन्तुगणश्चतुर्गतिक संसारमित्यणं कर्म, तस्योत्प्राबल्येन घातन मणोघ्घातनम्.

अणुजोगि. पुं० (अनुयोगिन्) જુઓ " અણુ-ઓગિ " ૩૦૬.

अणुज्जा. स्त्री० (अनुद्या) મહાવીરસ્વામીની દીકરી પ્રિયદર્શનાનું અપર નામ.

अणुज्जु. त्रि० (अनृजु) સરલ નહિ તે; કપટી સ્વભાવવાળો.

अणुट्ठाइ. त्रि० (अनुष्ठायिन्) અનુષ્ઠાન કરનાર.

अणुट्ठाण. न० (अनुष्ठान) આચાર; ક્રિયાકલાપ.

अणुट्ठिय. त्रि० (अनुष्ठित) આચરેલ; સેવેલ.

अणुट्ठिय. त्रि० (अनुत्थित) ઉઠેલ નહિ; જ્ઞાન, દર્શન અને ચારિત્રના ઉદ્યોગથી રહિત.

अणुणाइ. (अनुनादिन्) પડછંદો પડે એવી રીતે બોલનાર; ગર્જના કરતી વાણીના બોલનાર.

अणुणाइत्त. न० (अनुनादित्व) પડછંદો પડે એવો અવાજ; સત્ય વચનના ૩૫ અતિશયમાંનો એક.

अणुणास. पुं० (अनुनास) નાકમાંથી ગાવું તે; ગાયનના ૭ દોષમાંનો એક દોષ. (૨) પું० ન० નાકમાંથી બોલાતા અનુનાસિક અક્ષરો. (૩) ત્રિ० અનુસ્વારયુક્ત.

अणुण्णय. त्रि० (अनुन्नत) ઉન્નત નહિ તે; ગર્વ વિનાનો. (૨) નમ્રતાવાળો.

अणुण्णवणया. } **अणुण्णवणा.** } स्त्री० (अनुज्ञापना) આજ્ઞા; રજા. (૨) અનુમોદન, સંમતિ.

अणुण्णवणी. स्त्री० (अनुज्ञापनी) મકાનની રજા માગવાની ભાષા.

अणुण्णा. स्त्री० (अनुज्ञा) અધિકાર આપવો. (૨) અનુમોદન દેવું; સંમતિ આપવી.

अणुण्णाय. त्रि० (अनुज्ञात) આજ્ઞા આપેલ.

अणुतडभेद. } **अणुतडियाभेय.** } पुं० (अनुतटभेद, अनुतटिकाभेद) શેરડીને ચીરવાથી છોતાં ઉતરે તેમ કોઇ પણ ચીજની છાલ ઉતરે તે જાતનો દ્રવ્ય ભેદ.

अणुताव. पुं० (अनुताप) પશ્ચાત્તાપ.

अणुतावअ. त्रि० (अनुतापक) પશ્ચાતાપ કરનાર; ખેદ પામનાર.

अणुताविया. स्त्री० (अनुतापिका) પરને સંતાપ ઉપજાવનાર ભાષા.

अणुत्तर. त्रि० (अनुत्तर) જેનાથી પ્રધાન બીજું નથી તેવુ. (૨) પું० વિજય, વૈજયંત આદિ પાંચ અનુત્તર વિમાન. (૩) અનુત્તર વિમાનવાસી દેવતા.

अणुत्तरगइ. पु० (अनुत्तरगति) સિદ્ધગતિને પ્રાપ્ત થયેલ.

अणुत्तरग्गा. स्त्री० (अनुत्तराग्र्या) ઇષત્ પ્રાગ્ભાર પૃથ્વી; આઠમી પૃથ્વી-સિદ્ધશિલા.

अणुत्तरणाणि त्रि० (अनुत्तरज्ञानिन) કેવલજ્ઞાની.

अणुत्तरदंसि. त्रि० (अनुत्तरदर्शिन) કેવળ દર્શની.

अणुत्तरविमाण. न० (अनुत्तरविमान) વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થ સિદ્ધ, એ પાંચ અનુત્તર વિમાન.

अणुत्तरोववाइय. पु० (अनुत्तरोपपातिक) અનુત્તર વિમાનના દેવતામાં ઉપજનારા; અનુત્તર વિમાનના દેવતા.

अणुत्तरोववाइयदसा. स्त्री० (अनुत्तरोपपातिकदशा) નવમા નંબરનાં અંગસૂત્રનું નામ, કે જેમાં જે મુનિઓ અનુત્તર વિમાને ઉપજ્યા તેના ત્રણ વર્ગ છે; " અનુત્તરોવવાઇય " નામે નવમુ અંગસૂત્ર.

अणुदइ. त्रि० (अनुदयिन) ઉદય ન પામનાર.

अणुदय. पु० (अनुदय) કર્મના વિપાકોદયનો અભાવ.

अणुदिण्ण. } **अणुदिन्न.** } त्रि० (अनुदीर्ण) નજીકના ભવિષ્યમાં જેની ઉદીરણા થવાની નથી એવી કર્મ પ્રકૃતિ. (૨) ઉદયમાં ન આવેલ.

अणुदिय. त्रि० (अनुदित) ઉદયમાં ન આવેલ.

अणुदियहं. अ० (अनुदिवसम्) દિનપ્રતિદિન.

अणुदिसा. स्त्री० (अनुदिशा) જાવજીવની પદવી. (૨) વિદિશા; ખુણો.

अणुदिसी. स्त्री० (अनुदिशा) વિદિશા; ખુણો.

अणुतु. पुं० (अनृतु) પોતાનો વખત નહિ; પોતાના સમયથી પહેલાં અથવા પછી.

अणुदिट्ठ. त्रि० (अनुद्दिष्ट) ઉદ્દેશ દોષ રહિત આહાર આદિ.

अणुद्धरि. पुं० (अनुद्धरिन्) ક્ષુદ્ર જન્તુ; કંથવાની એક જાત.

अणुद्धुय. त्रि० (अनुद्धृत) તપાવીને સજ્જ કરેલ. (૨) તજાયેલું નહિ તે. છોડી દીધેલું નહિ તે.

अणुधम्म. पुं० (अणुधर्म) ગૃહસ્થધર્મ.

अणुधम्म. पुं० (अनुधर्म) અનુકૂળ ધર્મ; હિતકર ધર્મ.

अणुधम्मचारि. त्रि० (अनुधर्मचारिन्) તીર્થંકરાદિના પરૂપેલ ધર્મ પ્રમાણે ચાલનાર; હિતકર ધર્મના અનુયાયી.

अणुधम्मिय. त्रि० (अनुधार्मिक) ધર્મોચિત; ધર્મને અનુકૂળ.

अणुनाइ. त्रि० (अनुनादिन्) પ્રતિધ્વનિ કરનાર.

अणुन्नवणा. स्त्री० (अनुज्ञापना) જુઓ "અણુણ્ણવણા" શબ્દ.

अणुन्नाय. त्रि० (अनुज्ञात) જિનસમત; વીતરાગે આજ્ઞા આપેલ.

अणुपइन्न. त्रि० (अनुप्रकीर्ण) પરસ્પર મળી ગયેલ.

अणुपपन्न. त्रि० (अनुपपन्न) ઉપપન્ન નહિ થયેલ.

अणुपरियट्टण. न० (अनुपर्यटन) પરિભ્રમણ કરવું તે.

अणुपरियट्टण. न० (अनुपरिवर्तन) પરિવર્તન થવું; ફેરફાર થઇ જવો.

अणुपरिहारि. पुं० (अनुपरिहारिन्) પરિહાર તપવાળો જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં તેની પાછળ ફરી તેને સહાય કરનાર સાધુ.

अणुपवाएत्तार. त्रि० (अनुप्रवाचयितृ) શિક્ષણ આપનાર; ઉપાધ્યાય.

अणुपविट्ठ. त्रि० (अनुप्रविष्ट) પાછળ પ્રવેશ કરેલ.

अणुपस्सि. पुं० (अनुदर्शिन्) શુભાશુભ કર્મ અને તેના પરિણામને જોવાવાળો; વિવેચક.

अणुपालणा. स्त्री० (अनुपालना) સંકટ પડયે પણ લીધેલ પચ્ચખાણ બરાબર પાળવાં તે.

अणुपालणासुद्ध. न० (अनुपालनाशुद्ध) પચ્ચખાણનો એક ભેદ; દુકાળ, અટવી વગેરે અપવાદે પણ પચ્ચખાણ બરાબર પાળવુ તે.

अणुपालिय. त्रि० (अनुपालित) આત્મ સંયમની અનુકૂળતાપણે પાળેલું.

अणुपिट्ठ. न० (अनुपृष्ठ) અનુક્રમ; પરિપાટી.

अणुपुत्तिया. स्त्री० (अनुपुत्रिका) સતતિ.

अणुपुव्व. न० (आनुपूर्व्य) અનુક્રમ; પરિપાટી.

अणुपुव्वी. स्त्री० (अनुपूर्वी) અનુક્રમ; પરિપાટી.

अणुपुव्वी. स्त्री० (आनुपूर्वी) નામકર્મની એક પ્રકૃતિ, કે જેના ઉદયથી જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં સિદ્ધિ રીતે જઇ શકે છે.

अणुप्पगंथ. पुं० (अणुप्रग्रन्थ) નિર્ગ્રન્થ; પરિગ્રહરહિત. (૨) સંતોષી; અલ્પપરિગ્રહવાળો.

अणुप्पण्ण. त्रि० (अनुत्पन्न) વર્તમાન સમયમાં જેનું અસ્તિત્વ નથી તે; ઉત્પન્ન ન થયેલ.

अणुप्पवाय. पुं० (अनुप्रवाद) નવમા પૂર્વનું નામ; વિદ્યાનુપ્રવાદ તેનું અપર નામ છે. (૨) એકના કહ્યા પછી કહેવુ તે; અનુવાદ.

अणुप्पविट्ठ. त्रि० (अनुप्रविष्ट) પ્રવેશ કરેલ; પેસેલ.

अणुप्पवित्ति. स्त्री० (अनुप्रवृत्ति) એક પછી એક કામ કરવાની યોજના. (૨) પાછળ જવાની ક્રિયા.

अणुप्पसूय. त्रि० (अनुप्रसूत) જન્મેલું; ઉત્પન્ન થયેલું.

अणुप्पिय. त्रि० (अनुप्रिय) ઇષ્ટ; અનુકૂળ.

अणुप्पेहा. स्त्री० (अनुप्रेक्षा) ભાવના; વિચારણા. (૨) સ્વાધ્યાય વિશેષ.

अणुप्पेहि. त्रि० (अनुप्रेक्षिन्) ચિંતવન કરનાર.

अणुफरिहा. स्त्री० (अनुपरिखा) ખાઇની સમીપની જગ્યા; ખાઇની પાસેનું સ્થળ.

अणुफास. पुं० (अनुस्पर्श) અનુભાવ; મહિમા.

अणुबंध. पु० (अनुबन्ध) સતત; નિરંતર. (૨) શાસ્ત્રના આરંભમાં કહેવા યોગ્ય અધિકારી વિષય, પ્રયોજન અથવા સંબંધ.

अणुबंधणा. स्त्री० (अनुबन्धना) અનુસંધાન; ભૂલી ગયેલ વાતનું સ્મરણ કરી સાંધો મેળવવી તે.

अणुबंधि. त्रि० (अनुबन्धिन्) હેતુ; સાધન. (૨) નિરંતર વસ્ત્રાદિ વિભાગ ભેગા કરવાથી પડિલેહણમાં અનનુબંધી દોષ લાગે તે દોષ ટાળીને પડિલેહણ કરવું તે.

अणुबद्ध. त्रि० (अनुबद्ध) બાંધેલ; નિરંતર ગ્રહણ કરેલ. (૨) નિરંતર; સતત (૩) વ્યાપ્ત. (૪) પૂર્વ સંચિત; દૃઢ બંધનથી બંધાયેલ. (૫) અત્યંત, બહુજ. (૬) ઉત્પન્ન.

अणुबद्धणिरंतर. त्रि० (अनुबद्धनिरन्तर) નિરંતર; હમેશ.

अणुब्भड. त्रि० (अनुद्भट) અભિમાનરહિત. (૨) સ્પષ્ટ નહિ તે; ખુલ્લું નહિ તે.

अणुभाग. पुं० (अनुभाग) કર્મના સ્કંધોમાં અધ્યવસાયાનુસાર જે રસ પડે તે. (૨) અનુભાગ; સ્વભાવ. (૩) પ્રભાવ; માહાત્મ્ય. (૪) શક્તિ; સામર્થ્ય.

अणुभागकम्म. न० (अनुभागकर्मन्) કર્મનો રસ; તીવ્ર, તીવ્રતર, મંદ, મંદતર વગેરે કર્મ પ્રકૃતિમાંનો શુભ અશુભ રસ.

अणुभागणामनिहत्ताउय. न० (अनुभागनामनिधत्तायुष) નામ કર્મની ગતિઆદિ પ્રકૃતિના અનુભાગબંધની સાથે આયુષ્ય કર્મનો નિબડબંધ કરવો તે; આઉખાના બંધનો એક ભેદ.

अणुभागबंध. पुं० (अनुभागबन्ध) કર્મની અંદર તીવ્ર, તીવ્રતર આદિ રસનો બંધ.

अणुभागबंधट्ठाण. न० (अनुभागबन्धस्थान) અનુભાગ બંધનાં સ્થાનક; જે જે અધ્યવસાયે એક સમયના કષાય સંબંધી અધ્યવસાયથી ગ્રહણ કરેલ કર્મપુદ્ગળના રસસમુદાયનું પરિણામ થાય તે કષાયોદય રૂપ અધ્યવસાયવિશેષ.

अणुभागसंकम. पु० (अनुभागसङ्क्रम) કર્મના રસમાં સંક્રમણ થવું તે; સંક્રમણનો એક ભેદ.

अणुभागसंतकम्म. न० (अनुभागसत्कर्मन्) અનુભાગ સંબંધી કર્મની સત્તા; કર્મના અનુભાગની સત્તા.

अणुभागोदय. पु० (अनुभागोदय) કર્મનો રસરૂપે થતો ઉદય

अणुभागोदीरणा. स्त्री० (अनुभागोदीरणा) ઉદયમાં આવેલાં કર્મના રસની સાથે ઉદયમાં ન આવેલ રસને ખેંચીને તેમાં મેળવી ભોગવવો તે.

अणुभाव. पु० (अनुभाव) પ્રભાવ; શક્તિ. (૨) સુખ. (૩) તીવ્ર, મન્દરૂપે કર્મના રસનો અનુભવ કરવો તે.

अणुभावकम्म. न० (अनुभावकर्मन्) વિપાકરૂપે વેદાતું કર્મ.

अणुभासअ. त्रि० (अनुभासक) ગુરૂ પાસે સાંભળીને પછી બોલનાર. (૨) અનુવાદક; અનુવાદ કરનાર

अणुभासणा. स्त्री० (अनुभाषणा) ગુરૂના બોલ્યા પ્રમાણે બોલવું તે.

अणुभूइ. स्त्री० (अनुभूति) અનુભવ.

अणुभूय. त्रि० (अनुभूत) અનુભવ કરેલ.

अणुमइ. स्त्री० (अनुमति) અનુમતિ; સમ્મતિ.

अणुमग्गं. अ० (अनुमार्गम्) પછી; પાછળ.

अणुमग्गजाय. त्रि० (अनुमार्गजात) પાછળ જન્મેલ; ન્હાનો ભાઈ કે બ્હેન.

अणुमयणा. स्त्री० (अनुमति) અનુમોદના; સંમતિ. (૨) અનુમોદનજન્ય એક દોષ.

अणुमत. } **अणुमय.** } त्रि० (अनुमत) અવગુણ જોયા પછી પણ જેના ઉપરથી પ્રીતિ ન ઉતરે તેવું ઇષ્ટ; ઇચ્છિત. (૨) અનુકૂળપણાથી સંમત; માન્ય.

अणुमाण. पु० (अणुमान) અલ્પમાન; થોડો પણ ગર્વ.

अणुमाण. न० (अनुमान) હેતુથી થતું સાધ્યનું જ્ઞાન; અનુમાનજ્ઞાન.

अणुमाय. त्रि० (अणुमात्र) અણુમાત્ર; ઘણું થોડું.

अणुमोइय. त्रि० (अनुमोदित) અનુમતિ આપી ઉત્સાહી બનાવેલ; ઉત્તેજિત કરેલ.

अणुमोयग. त्रि० (अनुमोदक) અનુમોદન કરનાર.

अणुमोयण. न० (अनुमोदन) } **अणुमोयणा.** स्त्री० (अनुमोदना) } અનુમોદન; સમતિ.

अणुय. त्रि० (अनुग) જુઓ "અણુગ" શબ્દ.

अणुयत्तणा. स्त्री० (अनुवर्त्तना) દુઃખીની સેવા કરવી તે; અનુકૂળપણે વર્તવું તે.

अणुयरिय. त्रि० (अनुचरित) આચરેલું; અનુષ્ઠાન કરાયેલું.

अणुयातार. त्रि० (अनुयातृ) પાછળ જનાર; અનુસરનાર.

अणुयास. पु० (अनुकाश) પ્રકાશનો વિસ્તાર; વિશેષ પ્રકાશ.

अणुरंजण. न० (अनुरञ्जन) રાગ, આસક્તિ

अणुरजिपल्लय. त्रि० (अनुरञ्जित) સંપ્રદાય ક્રમથી રંગાયેલ.

अणुरत्त. त्रि० (अनुरक्त) સ્નેહવાળો; અનુરાગી.

अणुरसिय. न० (अनुरसित) મ્હોટેથી પોકાર કરવો તે; અવાજ કરવો તે.

अणुराग. पुं० (अनुराग) અનુરાગ; પ્રીતિ. (૨) વર્ણ; કિરમજ આદિનો રંગ.

अणुरागय. न० (अन्वागत) અનુકૂળઆગમન; અનુકૂળપણે આવવું તે.

अणुराय. पुं० (अनुराग) જુઓ "અનુરાગ" શબ્દ.

अणुराहा. स्त्री० (अनुराधा) અનુરાધા નામનું નક્ષત્ર.

अणुरूप. त्रि० (अनुरूप) લાયક; ઉચિત. (૨) અનુકૂળ. (૩) તુલ્ય; સરખુ.

अणुलग्ग त्रि० (अनुलग्न) પાછળ લાગેલું.

अणुलाव. पु० (अनुलाप) વારંવાર બોલવુ તે; ફરીફરી આલાપ કરવો તે.

अणुलिंपण. न० (अनुलेपन) એક વાર લીંપેલી ભૂમિ ફરીથી લીંપવી તે; ફરી વિલેપન કરવુ તે.

अणुलित्त. त्रि० (अनुलिप्त) ચંદન વગેરેનું વિલેપન કરેલ.

अणुलेवण. न० (अनुलेपन) વિલેપન કરવું તે.

अणुलोम. न० (अनुलोम्य) ક્રમ; અનુક્રમ.

अणुलोम. त्रि० (अनुलोमन्) અનુકૂળ; મનને ગમતુ. (૨) માંહોમાંહે અનુકૂળ કરવાને પૂછવું તે.

अणुलोमविलोम. पु० (अनुलोमविलोम) આવજાવ કરવી તે; જવું અને આવવું તે.

अणुल्लग. } **अणुल्लय.** पु० } (अनुल्लक) બે ઇન્દ્રિય જીવ વિશેષ.

अणुल्लाव. पु० (अनुल्लाप) માઠો ઉલ્લાપ; કુત્સિત રીતિથી વર્ણન કરવુ તે. (૨) ખરાબ કથન; દુષ્ટ ઉક્તિ.

अणुवघाइय. त्रि० (अनुपघातिक) જ્યાં સંયમ આદિની ઘાત ન થાય તેવું સ્થળ.

अणुवट्टणगाउस्स. त्रि० (अनुद्वर्त्तनीयायुष्क) જેના આયુષ્યનુ અપવર્તન ન થાય તેવા દેવતા, નારકી વગેરે.

अणुवत्त. त्रि० (अनुवृत्त) બીજીવાર પ્રવૃત્ત થયેલ.

अणुवत्ति. त्रि० (अनुवर्त्तिन्) અનુસરનાર; સેવક.

अणुवत्तय. त्रि० (अनुवर्त्तक) અનુકૂળ પ્રવૃત્તિ કરનાર; સેવા કરનાર.

अणुवत्ति. स्त्री० (अनुवृत्ति) અનુકૂળ પ્રવૃત્તિ; ગુરૂનો મનોભાવ વર્ત્તીને તેને અનુકૂળ વર્તવું તે.

अणुवम. त्रि० (अनुपम) અનુપમ; ઉપમા રહિત.

अणुवमा. स्त्री० (अनुपमा) ખાદ્યવિશેષ; મિઠાઇની એક જાત.

अणुवरय. त्रि० (अनुपरत) સાવદ્ય વ્યાપારથી નિવૃત્તિ નહિ પામેલ; અવિરતિ યુક્ત. (૨) નિરંતર; અવિચ્છિન્ન.

अणुवरयकायकिरिया. स्त्री० (अनुपरतकाय-क्रिया) અવિરતિપણે શરીરને વાપરવાથી લાગતું કર્મબંધન; કાયિકીક્રિયાનો એક ભેદ.

अणुवरयदंड. त्रि० (अनुपरतदण्ड) મન, વચન અને કાયાના દંડથી નિવૃત્ત ન થયેલ.

अणुवरिं. अ० (अनुपरि) ઉપર નહિ તે; નીચે.

अणुवलद्धि. स्त्री० (अनुपलब्धि) અભાવ; અપ્રાપ્તિ.

अणुवसंत. त्रि० (अनुपशान्त) ઉપશાન્ત થયેલ નહિ કિન્તુ ઉદયમાં આવેલ કષાયવાળા; જેના કષાય ઉપશમ્યા નથી તે.

अणुवसु. त्रि० (अनुवसु) રાગવાળો; રાગ સહિત. (૨) સ્થવિર. (૩) શ્રાવક.

अणुवाइ. त्रि० (अनुपातिन्) પાછળ જનાર; અનુસરનાર. (૨) કરનાર.

अणुवाइ. त्रि० (अनुवादिन्) અનુવાદ કરનાર; બોલાયેલા અર્થને કહી બતાવનાર.

अणुवाय. पुं० (अनुपात) અનુસાર; અનુસરવું. (૨) ઇસારો. (૩) સંબન્ધ; સંયોગ.

अणुवाय. पुं० (अनुवात) અનુકૂળ વાયુ. (૨) અનુકૂળ પવનવાળો દેશ; જે દેશમાંથી અનુકૂળ વાયુ આવે તે.

अणुवालय. पु० (अनुपालक) અનુપાલક નામે ગોશાળાનો મુખ્ય શ્રાવક. (૨) त्रि० રક્ષક; પરિપાલન કરનાર.

अणुवासणा. स्त्री० (अनुवासना) ચામડાની નળીથી ગુદા માર્ગે પેટમાં તેલવિશેષ નાખવું તે.

अणुवासरं. अ० (अनुवासरम्) દરરોજ; પ્રતિદિન.

अणुवासिअ. त्रि० (अनुवासित) સરકાર વડે વાસિત કરેલ.

अणुवित्ति. स्त्री० (अनुवृत्ति) પ્રવૃતિ; ઇષ્ટ વસ્તુને પ્રાપ્ત કરવાની ક્રિયા.

अणुविरइ. स्त्री० (अणुविरति) દેશવિરતિ; શ્રાવકપણું.

अणुविवाग. पुं० (अनुविपाक) કર્મનું અનુરૂપ પરિણામ.

अणुवेलंधर. पु० (अनुवेलन्धर) વેલન્ધર જાતિના દેવતાના અનુયાયી (હુકમ ઉઠાવનાર) નાગકુમાર.

अणुवेह. पु० (अनुवेध) જોડાણ; મેલાપ.

अणुव्वइय. त्रि० (अनुव्रतिक) અણુવ્રત સમ્બંધી; અણુવ્રતરૂપ.

अणुव्वय. न० (अणुव्रत) મહાવ્રતની અપેક્ષાએ ન્હાના વ્રતો; શ્રાવકનાં પ્રથમનાં પાંચ વ્રતો

अणुव्वयधारि त्रि० (अणुव्रतधारिन्) અણુવ્રત ધરનાર; વ્રતધારી શ્રાવક.

अणुव्वयय. त्रि० (अनुव्रजक) પાછળ ચાલનાર, અનુસરનાર.

अणुव्वया. स्त्री० (अनुव्रता) પતિવ્રતા સ્ત્રી, પતિવ્રતા ધર્મ પાળનાર સ્ત્રી.

अणुव्वस. त्रि० (अनुवश) વશ થયેલ; આધીન.

अणुव्वाण. त्रि० (अनुम्लान) કંઇક સ્નિગ્ધ અને ઘણે ભાગે કરમાયેલુ.

अणुसंगिय. त्रि० (आनुषङ्गिक) પ્રાસંગિક; પ્રસંગે પ્રાપ્ત થયેલ.

अणुसज्जणा. स्त्री० (अनुसज्जना) અનુસરણ કરવુ; અનુવર્તન કરવું તે.

अणुसज्जित्थ. त्रि० (अनुषक्त) કાળ પરંપરાથી ચાલ્યું આવેલ.

अणुसट्ठि. स्त्री० (अनुशास्ति) સદ્ગુણની સ્તુતિ. (૨) શિખામણ; ભલામણ. (૩) દોષ દર્શાવી શિક્ષણ આપવું તે.

अणुसय. पुं० (अनुशय) ગર્વ; અહંકાર. (૨) પશ્ચાતાપ.

अणुसरण. न० (अनुस्मरण) સ્મરણ; ચિંતવન.

अणुसरण. न० (अनुसरण) અનુવર્તન; પાછળ પાછળ જવું તે.

अणुसरियार. त्रि० (अनुस्मर्तृ) પાછળથી સ્મરણ કરનાર.

अणुसार. पु० (अनुसार) પાછળ જવું તે; અનુસરવું તે.

अणुसार. पु० (अनुस्वार) અક્ષર ઉપરનું બિન્દુ, અનુનાસિક વર્ણ.

अणुसारि त्रि० (अनुसारिन्) અનુસરનાર; અનુકરણ કરનાર.

अणुसासण. न० (अनुशासन) શિક્ષા; શિક્ષણ. (૨) ઉપદેશ આપવો તે. (૩) આજ્ઞા; હુકમ.

अणुसासिअ. त्रि० (अनुशासित) જેને શિખામણ આપવામાં આવે તે; શિક્ષિત.

अणुसिट्ठ. त्रि० (अनुशिष्ट) શિખામણ આપેલ.

अणुसिट्ठि. स्त्री० (अनुशिष्टि) હિતકારક ઉપદેશ; બોધ.

अणुसूय. त्रि० (अनुस्यूत) બીજાની નેશ્રાયે રહેલ-જાું, માકડ વગેરે.

अणुसेढि. स्त्री० (अनुश्रेणि) લઘુશ્રેણી, આકાશ પ્રદેશપક્તિ, તેને અભિમુખ રહીને અનુકૂળપણે ગતિ કરવી તે.

अणुसोय. न० (अनुस्रोतस्) નદી વગેરેનો પ્રવાહ; વેગ.

अणुसोयचारि. त्रि० (अनुस्रोतश्चारिन्) નદીના પ્રવાહને અનુસારે ચાલનાર માછલાં વગેરે. (૨) અભિગ્રહ વિશેષથી ઉપાશ્રય પાસેથી ક્રમસર ગોચરી કરનાર સાધુ.

अणुस्सुय. त्रि० (अनुश्रुत) અવધારેલું. (૨) સાંભળેલું. (૩) न० ભારત આદિ પુરાણ.

अणुस्सुय. त्रि० (अनुत्सुक) ઉત્કંઠા રહિત.

अणुस्सुयत्त. न० (अनुत्सुकत्व) દિવ્ય અને માનુષિક કામભોગમાં નિઃસ્પૃહતા.

अणुहियासण. न० (अन्वध्यासन) અડગ રહી સહન કરવું તે.

अणुहूअ. त्रि० (अनुभूत) અનુભવ કરેલ; અનુભવેલ.

अणूण. त्रि० (अन्यून) ઓછું નહિ તે.

अणेक. त्रि० (अनेक) એકથી વધારે.

अणेकसिद्ध. पुं० (अनेकसिद्ध) એક સમયે એક કરતાં વધારે સિદ્ધ થાય તે.

अणेकावाइ. त्रि० (अनेकवादिन्) ઘણા આત્માને માનનાર વાદી; અક્રિયાવાદ મતના અનુયાયી.

अणेग. त्रि० (अनेक) અનેક; એકથી વધારે.

अणेगंत. त्रि० (अनेकान्त) અનિશ્ચય; એકાંત નહિ તે.

अणेगंतवाय. पुं० (अनेकान्तवाद) વસ્તુનું એકાન્ત સ્વરૂપ ન માનવુ તે; અનંત ધર્મવાળી વસ્તુનુ અનેકાન્તપણે પ્રતિપાદન કરવુ તે.

अणेगंतिग. } (अनेकान्तिक) સાધ્યને મુકી
अणेगंतिय. } અન્યત્ર રહેનાર હેતુ; વ્યભિચારી હેતુ. (૨) એકાન્તિક નહિ; અનિશ્ચિત.

अणेगखंडी. स्त्री० (अनेकखण्डी) જેમાં નીકળવાને અનેક બારીઓ હોય એવી નગરી.

अणेगगुण. पु० (अनेकगुण) અનેકગણું.

अणेगजोगंधर. पु० (अनेकयोगधर) અનેક લબ્ધિના ધરનાર; અનેક લબ્ધિસંપન્ન.

अणेगरूव. त्रि० (अनेकरूप) અનેક પ્રકારનું; વિવિધ પ્રકારનું.

अणेगरूवधुणा. स्त्री० (अनेकरूपधुना) વસ્ત્રો સાથે પડિલેહવાથી અથવા ત્રણથી વધારે વખત વસ્ત્રને ધુણાવવાથી લાગતો દોષ; પડિલેહણના દોષનો એક પ્રકાર.

अणेगसिद्ध. पुं० (अनेकसिद्ध) એક સમયે અનેક સિદ્ધ થાય તે.

अणोलिस. त्रि० (अनीदृश) અનન્ય સદૃશ; અનુપમ.

अणेसणा. स्त्री० (अनेषणा) પ્રમાદાદિ દોષ સહિત એષણા. (૨) ગવેષણાનો અભાવ.

अणेसणिज्ज. } त्रि० (अनेषणीय) સાધુને ન
अणेसणीय. } કલ્પે તેવું; કોઇપણ દોષથી દુષ્ટ થયેલ.

अणोउया. स्त्री० (अनृतुका) ઋતુકાળ વગરની સ્ત્રી; રજસ્વલા નહિ.

अणोक्कंत. त्रि० (अनवक्रान्त) અજિત; જેનો પરાભવ થયો નથી તે.

अणोज्ज. त्रि० (अनवद्य) નિર્દોષ; શુદ્ધ.

अणोज्जा. स्त्री० (अनवद्या) મહાવીર સ્વામિની પુત્રીનું નામ.

अणोम. त्रि० (अनवम) મિથ્યાદષ્ટિ, અવિરતિ આદિ કર્મબંધના હેતુ જેણે દૂર કર્યા છે તે; મિથ્યાત્વ, અવિરતિ આદિ કર્મબંધ હેતુ રહિત.

अणोमदंसि. पुं० (अनवमदर्शिन्) ન્યૂનદર્શી નહિ; ઉચ્ચ જ્ઞાન, દર્શન અને ચારિત્રવાળો.

अणोमाण. त्रि० (अनवमान) છુટા છુટા; વ્યાપ્ત નહિ તે.

अणोमाण. न० (अनपमान) સત્કાર; અનાદર નહિ તે.

अणोरपार. त्रि० (अनर्वाक्पार) આરપાર વગરનું; આરપાર રહિત. (૨) અતિવિસ્તીર્ણ.

अणोवणिहिश्रा. स्त्री० (अनौपनिधिकी) એકજ વસ્તુમાં અનુક્રમની ઘટના; દ્રવ્ય આનુપૂર્વીનો એક પ્રકાર.

अणोवदग्ग. त्रि० (अनवदग्र) અંત વગરનું; અનંત.

अणोवम. त्रि० (अनुपम) ઉપમારહિત; તુલના રહિત.

अणोवमदंसि. पुं० (अनुपमदर्शिन्) ઉચ્ચ જ્ઞાન, દર્શન અને ચારિત્રવાન્.

अणोवमा. स्त्री० (अनुपमा) મિઠાઇની એક જાત.

अणोवलेवय. त्रि० (अनुपलेपक) કર્મબંધનથી રહિત.

अणोवसंखा. स्त्री० (अनुपसंख्या) અજ્ઞાન; અવિદ્યા.

अणोसिअ. त्रि० (अनुषित) નિવાસ નહિ કરેલ; અવ્યવસ્થિત.

अणोहंतर. त्रि० (अनोघन्तर) એ પ્રકારના ઓઘને નહિ તરનાર; દ્રવ્યઓઘ—નદીપૂર અને ભાવઓઘ—આઠ કર્મને ન તરનાર.

अणोहट्टय. त्रि० (अनपघट्टक) ગમે તેમ વર્તતાં છતાં જેને હાથ પકડી રોકનાર કોઇ નથી તે; નિરંકુશ.

अणोहिया. स्त्री० (अनोधिका) જેની અંદર પાણીનું કોઇપણ સ્થાન નથી એવી અટવી.

अण्ण. त्रि० (अन्य) પોતાથી ભિન્ન; બીજું.

अण्ण. न० (अर्णस्) પાણી; જલ.

अण्ण. न० (अन्न) ભાત વગેરે ધાન્ય; અનાજ. (૨) ભોજન; મોદક વગેરે ખોરાક. (૩) ભિક્ષા; ગોચરી.

अण्णउत्थिय. पुं० } अन्ययूथिक / अन्यतीर्थिक } તીર્થાન્તરીય; જૈન સિવાયના શાક્ય, ચરક, પરિવ્રાજક, કપિલ, આજીવક, વૃદ્ધશ્રાવક વગેરે.

अण्णउत्थियदेवय. न० (अन्ययूथिकदैवत) અન્યમતિઓએ માનેલ હરિહરાદિ દેવ.

अण्णउत्थियपरिग्गहिय. त्रि० (अन्ययूथिकपरिगृहीत) અન્ય તીર્થિઓએ ગ્રહણ કરેલ; અન્યમતિઓએ પોતાનું કરી લીધેલ.

अण्णगिलायक. पुं० (अन्नग्लायक) અન્ન વિના ગ્લાનિ પામનાર સાધુ; ભુખ્યા ન રહેવાથી અથવા અભિગ્રહ વિશેષથી સવારમાંજ આહાર કરનાર સાધુ.

अण्णजंभग. पुं० स्त्री० (अन्नजृम्भक) જભકા દેવતાની દસ જાતમાંની પહેલી જાત.

अगणतर. त्रि० (अन्यतर) ગમે તે એક; બેમાંનું કે અનેકમાંનું કોઇ એક.

अहोराई. स्त्री० (अहोरात्रिकी) } ડિમા,
કે જેમા છઠનુ તપ કરવામાં આવે છે અને એક અહોરાત્ર પ્રમાણ ગામ બહાર રહી અમુક આસને કાઉસગ્ગ કરવામાં આવે તે ભિક્ષુની ૧૧ મી પડિમા.

अहोलोग } पुं० (अधोलोक) નીચેનો
अहोलोय. } લોક; પાતાળ લોક.

अहोवाय. पु० (अधोवात) નીચી દિશાનો વાયુ (૨) અધોવાયુ; અપાનવાયુ.

अहोविहार. पु० (अहोविहार) આશ્ચર્યકારક વિહાર; યથોક્ત સંયમનું અનુષ્ઠાન.

अहोसिर. त्रि० (अधोशिरस्) જેનુ માથુ નીચુ છે તે.

अहोहि. त्रि० (अधोऽवधि) } પરમ અવ-
अहोहिअ. त्रि० (अधोऽवधिक) } ધિજ્ઞાનવાળા
કરતાં ઉતરતા અવધિજ્ઞાનવાળો. (૨) પુ૦ સ્ત્રી૦ નીચલા દરજાનું અવધિજ્ઞાન; અવધિજ્ઞાનનો એક ભેદ.

आ. अ० (आ) મર્યાદા; હદ. (૨) વાક્યાલંકાર. (૩) સન્મુખ. (૪) થોડુ, ઇષત્; જરાક. (૫) વ્યાપ્તિ. (૬) વિશેષતા. (૭) વિસ્મય; આશ્ચર્ય.

आअ. पुं० (आय) લાભ; પ્રાપ્તિ. (૨) જેનાથી જ્ઞાન આદિની પ્રાપ્તિ થાય તે. અધ્યયન; પ્રકરણ.

आइ. पुं० (आदि) આદિ, પ્રથમ, શરૂઆત. (૨) નાભીની નીચેનો ભાગ. (૩) ઇત્યાદિ, વગેરે. (૪) સંસાર. (૫) સમીપ; પાસે (૬) ભેદ, પ્રકાર. (૭) અવયવ; અંશ.

आइअंतियमरणा. न० (आत्यन्तिकमरणा) દેહ અને જીવ અત્યંત જુદા પડે તે. મૃત્યુ

आइं. अ० (आइ) વાક્યાલંકાર.

आइक्खिणी स्त्री० (आचक्षाणा) કર્ણપિશાચિકા વિદ્યા.

आइक्खग. त्रि० (आख्यायक શુભાશુભ કહેનાર

आइक्खण न० (आख्यान) કથન; ઉપદેશ

आइक्खिय. त्रि० (आचक्षित) કહેલું; કથન કરેલ

आइक्खिया स्त्री० (आख्यायिका) વાર્તા; કથા (૨) એક પ્રકારની મેલી વિદ્યા.

आइगर त्रि० (आदिकर) આદિ શરૂઆતમા આચારંગ આદિ શ્રુતધર્મના કરનાર; તીર્થંકર.

आइच्च. पु० (आदित्य) સૂર્ય, સુરજ (૨) કૃષ્ણરાજીના આંતરામાં રહેલ અર્ચિમાલી નામના વિમાનના વાસી લોકાંતિક દેવતા (૩) ગ્રૈવેયક વિમાનવિશેષ અને તેના દેવતા. (૪) સૂર્યમાસ, સાડાત્રીસ દિવસ પ્રમાણ આદિત્યમાસ.

आइच्चजस. पु० (आदित्ययशस्) ભરત ચક્રવર્તીનો આદિત્ય યશા નામે પુત્ર.

आइच्चमास. पुं० (आदित्यमास) સૂર્યમાસ, ૩૦॥ દિવસનો માસ.

आइच्चसंवच्छर. पुं० (आदित्यसंवत्सर) ત્રણસેં છાસઠ દિવસ પ્રમાણ સોરવર્ષ.

आइश्चा. स्त्री० (आदित्या) सूर्यनी બીજી અગ્રમહિષી.

आइज्ज. त्रि० (आदेय) ગ્રહણ કરવા યોગ્ય. (૨) જેનું વચન ગ્રહણ કરવા યોગ્ય હોય તે

आइट्ठ. त्रि० (आदिष्ट) પ્રેરણા કરેલ, આદેશ કરાયેલ.

आइट्ठ. त्रि० (आविष्ट) આવેશવાળો.

आइट्ठि. स्त्री० (आदिष्टि) ધારણા.

आइड्ढि. स्त्री० (आत्मर्द्धि) આત્મઋદ્ધિ; આત્મશક્તિ.

आइणण. त्रि० (आचीर्ण) આજ્ઞા કરેલ.

आइण्ण. त्रि० (आकीर्ण) વ્યાપ્ત, સંકીર્ણ, ખીચોખીચ ભરેલ. (૨) त्रि० જાતિ આદિથીશુદ્ધ ગુણવાન્ ઘોડો. (૩) વિનયવાન્ પુરૂષ. (૪) આકીર્ણ-જાતના ઘોડાના દૃષ્ટાંતવાળું જ્ઞાતાસૂત્રનું ૧૭ મુ અધ્યયન.

आइत्त त्रि० (आदीप्त) થોડુ પ્રકાશિત

आइत्त. त्रि० (आयत्त) આધીન, વશ થયેલ.

आइत्तार. त्रि० (आदातृ) લેનાર

आइद्ध. त्रि० (आविग्ध) વ્યાપ્ત

आइन्न त्रि० (आकीर्ण) વ્યાપ્ત (૨) पु० વસ્ત્ર આપનાર કલ્પવૃક્ષ (૩) જાતવાન ઘોડો.

आइन्न. (त्रि० (आचीर्ण) આચરેલ.

आइम. त्रि० (आदिम) પ્રથમનુ; પહેલુ,

आइमुहुत्त. न० (आदिमुहूर्त) પ્રથમ મુહૂર્ત, સૂર્યઉગ્યા પછી બે ઘડી સુધીનો સમય

आइमोक्ख. पुं० (आदिमोक्ष) આદિ-સંસારથી છુટકારો થવો તે.

आइय. त्रि० (आद्दत) આદર પામેલ.

आइय. त्रि० (आचित) વ્યાપ્ત (૨) સંચિત, એકત્ર કરેલું.

आइयण. न० (आदान) ગ્રહણ કરવું તે.

आइराय. पु० (आदिराज) ઋષભદેવ પ્રભુ કે જેણે સૌથી પહેલા રાજ્યની સ્થાપના કરી.

आइल. त्रि० (आविल) મલિન; અસ્વચ્છ.

आइल्ल }
आइल्लिम. } त्रि० (आदिम) પહેલું, આદિનું પ્રથમનું.

आइसंघयण न० (आदिसंहनन) પ્રથમનુંસંઘયણ; વજ્રઋષભનારાચસંઘયણ

आईण त्रि० (आदीन) અત્યન્ત ગરીબ (૨) न० દુષિત આહાર

आईण. पु० ( ) જુઓ “ આઇજ ” શબ્દ.

आईणग. न० (आजिनक) ચર્મમય-ચામડાનું વસ્ત્ર વિશેષ કે જે કમાવીનેઅતિ સુંવાલું કરેલ હોય છે (૨) पु० એ નામનો એક દ્વીપ તથા એક સમુદ્ર.

आईणभद्द. पु० (आजिनभद्र) આજીન દ્વીપનો અધિપતિ દેવતા

आईणभोइ. त्रि० (आदीनभोजिन्) દૂષિત દીધેલો ખોરાક ખાનાર.

आईणमहाभद्द. पुं० (आजिनमहाभद्र) આજીન દ્વીપનો અધિષ્ઠાતા દેવતા

आईणमहावर. पु (आजिनमहावर) આજીન સમુદ્ર તથા આજીનવર સમુદ્રનો અધિપતિ દેવતા

आईणवर. पु० (आजिनवर) એ નામનો એક દ્વીપ તથા એક સમુદ્ર. (૨) આજિન સમુદ્ર તથા આજીનવર સમુદ્રનો અધિપતિ દેવતા.

आईणवरभद्द पु० (आजिनवरभद्र) }
आईणवरमहाभद्द. पु (आजिनवरमहाभद्र) }
આજીનવર દ્વીપનો અધિપતિ દેવતા

आईणवरोभास. पु० (आजिनवरावभास) એ નામનો એક દ્વીપ તથા સમુદ્ર.

आईणवरोभासभद्द. पु० (आजिनवरावभासभद्र) }
आईणवरोभासमहाभद्द. पु० (आजिनवरावभासमहाभद्र) }
આજિનવરો ભાસદ્વીપનો અધિપતિ દેવતા.

आईणवरोभासमहावर पु० (आजिनवरावभासमहावर) }
आईणवरोभासवर. पु० (आजिनवरावभासवर) } આજિનવરો ભાસ-સમુદ્રનો અધિષ્ઠાતા દેવતા.

आईणवित्ति. त्रि० (आदीनवृत्ति) અત્યન્ત દીન ભિક્ષુ માગણ વગેરે.

आईय. त्रि० (आतीत) વિશેષ જ્ઞાત. (૨) સંસારમાં ભ્રમનાર, સંસાર પ્રાપ્ત.

आईरण. त्रि० (आजीरण) લડાઈ જીતનાર.

आउ. अ ( ) અથવા.

आउ. स्त्री० (अप) પાણી (૨) અપ્કાય પાણીના જીવ (૩) પૂર્વાષાઢા નક્ષત્રનો દેવતા.

आउ. न० (आयुष) જેના ઉદયથી જીવ જીવતો ભોગવે છે તે આયુષ્ય કર્મ, આઠ કર્મમાંનું પાંચમું કર્મ.

आउंचण. न० (आकुञ्चन) અવયવ સંકોચવા તે

आउंटण. न० (आकुञ्चन) સંકોચન

आउंटिय. त्रि० (आकुञ्चित) સંકોચેલું

आउकम्म. न० (आयुकर्मन) આઠ કર્મમાંનું પાંચમું આયુષ્ય કર્મ.

आउकाइय. } पु० (अपकायिक) પાણીના જીવ
आउकाय. } पुं० (अपकाय)
आउक्काइय } पु० (अपकायिक)
आउक्काय. } पु० (अपकाय)

आउक्काल. पु (आयुकाल) મૃત્યુકાળ, મરણનો અવસર.

आउक्खय. पु० (आयुक्षय) મરણ, મોત.

आउक्खेम. न० (आयुक्षेम) જીવન, આવરદાનું પાલન.

आउज्ज. पु० (आवर्ज) મન વચન અને કાયાનો શુભ વ્યાપાર (૨) त्रि० શુભ-પ્રવૃત્તિ કરનાર

आउज्ज. त्रि० (आयोज्य) એક બીજા સાથે જોડેલ

आउज्ज. पु० (आतोद्य) વીણા આદિ વાજીંત્ર.

आउज्जण. न० (आवर्जन) મન, વચન અને કાયાનો શુભ વ્યાપાર.

आउज्जिय. पुं० (आयोगिक) ઉપયોગપૂર્વક વર્તનાર, જ્ઞાની.

आउज्जियकरण. }
आउज्जियाकरण. } न० (आयोजिकाकरण)
आउज्जीकरण. } કેવલસમુદ્‌ઘાતની પહેલાં કરવામાં આવતો શુભ મન, વચન, કાયાનો વ્યાપાર-ક્રિયા, એક અન્તર્મુહૂર્તસુધી કર્મપુદ્‌ગલને ઉદયાવલિકામાં નાખવારૂપ ઉદીરણા વિશેષ

आउट्ट. त्रि० (आवृत्त) અમુક તરફ વળેલ. (૨) વ્યવસ્થિત થયેલ.

आउट्ट. पु० (आकुट्ट) પ્રાણીના અવયવો છેદવા તે, હિંસા કરવી-મારવું તે.

आउट्टण न० (आवर्त्तन) પાછું ફરવું તે (૨) અભિલાષા (૩) નિવૃત્તિ. (૪) અભિમુખ હોવું, તત્પર હોવું. (૫) ભ્રમણ કરવું, ફરવું.

आउट्टणया. स्त्री० (आवर्त्तनता) મતિજ્ઞાનનો ભેદ જે અવાય તેનું અપર નામ. (૨) જુઓ " આઉટ્ટણ " શબ્દ.

आउट्टावण. न० (आवर्त्तन) અભિમુખ કરવું, તત્પર કરવું

आउट्टि. स्त्री० (आकुट्टि) હિંસા.

आउट्टि स्त्री० (आवृत्ति) સન્મુખ થઈને રહેવું તે (૨) ફરી ફરી અભ્યાસ કરવો તે, વારંવાર સ્વાધ્યાય-આવૃત્તિ કરવી તે. (૩) સૂર્ય તથા ચંદ્રનું અંદરના માંડલેથી બહાર જવું, અને બહારના માંડલેથી અંદર આવવું તે.

आउट्टि. त्रि० (आकुट्टिन्) જાણી બુઝી હિંસા કરનાર; ઇરાદાપૂર્વક પ્રાણિનું છેદન ભેદન કરનાર. (૨) અકાર્ય કરનાર.

आउट्टिय. त्रि० (आकुट्टित) છેદેલું; વિદારેલું.

आउट्टिया. स्त्री० (आकुट्टिका) જાણી બુઝીને ઇરાદાપૂર્વક કરવું તે.

आउट्टिअ. त्रि० (आकुट्टित) અક્ષર કોતરી નામ પાડેલ. (૨) હણાયેલ; મારેલ.

आउत्त. त्रि० (आयुक्त) ઉપયોગ સહિત; સાવચેત. (૨) રંધાઇને તૈયાર થયેલ.

आउत्त. त्रि० (आगुप्त) ગુપ્તિથી ગોપવેલ; રક્ષણ કરેલ. (૨) સંયત-સાધુની ગતિ ચેષ્ટા વગેરે (૩) સંક્ષિપ્ત

आउधागार. पु० (आयुधागार) આયુધશાળા, હથિયારો રાખવાની જગ્યા.

आउर. त्रि० (आतुर) આકુલવ્યાકુલ. (૨) રોગી; પીડિત.

आउरपच्चक्खाण. न० (आतुरप्रत्याख्यान) ૨૯ ઉત્કાલિકસૂત્રમાંનું ૨૮ મુ આઉર પચ્ચખાણ નામે એક પઇન્નો.

आउरिअ. त्रि० (आतुरित) મદવાડીઓ, આતુર થયેલ.

आउल. त्रि० (आकुल) આકુલવ્યાકુલ, વ્યગ્ર. (૨) વ્યાપ્ત; ભરેલ. (૩) પું० સમૂહ.

आउलिय. त्रि० (आकुलित) વ્યાકુલ થયેલ.

आउलीकरण. न० (आकुलीकरण) પ્રચુરીકરણ-ઘણું કરવું-વધારવું તે; સસારને વધારવો તે.

आउव्वेय. पु० (आयुर्वेद) ચિકિત્સાશાસ્ત્ર; વૈદિકશાસ્ત્ર.

आउस. न० (आयुष्) આયુષ્ય; આવરદા.

आउस. पु० (आक्रोश) આક્રોશ ભરેલ વચન; ઠપકાનાં વચન.

आउस. त्रि० (आयुष्यमत्) દીર્ઘાયુ, ચિરંજીવી.

आउसंत. त्रि० (आयुष्यमत्) દીર્ઘાયુ; ચિરંજીવી.

आउसणा. स्त्री०(आक्रोशना) આક્રોશ કરવો તે.

आउस्स. पुं० (आक्रोश) આક્રોશ-કર્કશ વચન.

आउस्सिय. त्रि० (आवश्यक) જરૂરી. (૨) क्रि. वि. જરૂર; અવશ્ય.

आउस्सियकरण. न० (आवश्यककरण) મન, વચન ને કાયાનો શુભ વ્યાપાર. (૨) મોક્ષ મેળવવાની પ્રવૃત્તિ.

आउह. न० (आयुध) આયુધ, શસ્ત્ર; હથીયાર.

आउहघर. न० (आयुधगृह) આયુધઘર; આયુધશાળા; હથીયાર રાખવાનું સ્થાન.

आउहघरिय. त्रि० (आयुधगृहिक) આયુધશાળાના ઉપરી.

आउहि. त्रि० (आयुधिन्) હથિયાર ધારણ કરનાર; યોદ્ધો.

आऊसिय. त्रि० (आयूषित) પ્રવેશ કરેલ. (૨) સંકુચિત.

आएज्ज. त्रि० (आदेय) ગ્રહણ કરવા યોગ્ય; માનનીય.

आएज्जणाम } **आएज्जनाम.** } न० (आदेयनामन्) નામ કર્મની એક પ્રકૃતિ; કે જેના ઉદયથી બોલેલુ વચન ગ્રહણ કરવા યોગ્ય મનાય છે.

आएस. त्रि० (एष्यत्) આવતુ; આવવાનું.

आएस. पु० (आदेश) પ્રાહુણો; પરોણો (૨) પ્રકાર; ભેદ. (૩) વિશેષ, વ્યક્તિરૂપ. (૪) સૂત્ર; આગમ; શાસ્ત્ર. (૫) ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય એ ત્રિપદી કે જે ગણધરને પ્રથમ સભળાવવામાં આવે છે. (૬) વ્યપદેશ; વ્યવહાર. (૭) હુકમ; આજ્ઞા. (૮) મત. (૯) ઉપચાર, આરોપ.

आएसण. न० (आदेशन) કારખાનું, શિલ્પશાળા.

आएससव्वय. पु० (आदेशसर्व) ઉપચારથી સર્વ; પ્રચુર અથવા પ્રધાન વસ્તુમાં સર્વનો ઉપચાર કરવો તે. જેમ ભોજનમાં ઘી વધારે હોય તો આજ તો એકલું ઘી જ ખાધું. આમાં ઘીની પ્રધાનતાને લીધે ઘી શિવાયની વસ્તુમાં પણ ઘીનો ઉપચાર કર્યો.

आएसि. त्रि० (आदेशिन्) આદેશ કરનાર. (૨) અભિલાષી.

आएसिय. न० (आदेशिक) સાધુને દેવા માટે કલ્પી રાખેલ આહારાદિ; આહારનો એક દોષ.

आओग. पुं० (आयोग) દ્રવ્ય સંપાદન કરવાનો ઉપાય; ધંધો વ્યાપાર વગેરે. (૨) પૈસાની આવક; વટાવ. (૩) સરજામ.

आओगपओग. पुं० (आयोगप्रयोग) દ્રવ્ય સંપાદન કરવાનો ઉપાય; દ્રવ્ય વૃદ્ધિ માટે ધીરધાર કરવી તે.

आओजिया. स्त्री० (आयोजिका) તીવ્ર પરિણામથી કરવામાં આવતી ક્રિયા કે જેનાથી સંસાર સાથે સમ્બન્ધ વધે છે.

आओज्ज. पुं० न० (आतोद्य) વાદ્ય; વાજિત્ર.

आओज्ज. त्रि० (आयोज्य) મર્યાદાપૂર્વક જોડવા યોગ્ય.

आओस. पुं० (   ) પરોઢિઉં; સૂર્યોદય પહેલાની બે ઘડી. (૨) પ્રદોષ સમય; સધ્યાકાલ.

आओसणा. स्त्री० (आक्रोशना) તિરસ્કાર; તરછોડવું.

आंताइ. त्रि० (आन्तादिन्) ખાતાંપીતા બાકી રહેલ આહાર લેનાર. (સાધુ).

आंदोलिर. त्रि० (आन्दोलिन्) કમ્પનશીલ.

आकंखा. स्त्री० (आकाङ्क्षा) ઇચ્છા; અભિલાષા.

आकंखिर. त्रि० (आकाङ्क्षिन) આકાંક્ષા કરનાર; આકાંક્ષણ શીલ, અભિલાષી.

आकठ. त्रि० (आकृष्ट) સામે ખેંચેલ.

आकड्ढ. पुं० (आकर्ष) સામે ખેંચવુ તે.

आकड्ढविकड्ढि. स्त्री० (आकर्षविकृष्टि) આમ તેમ ખેંચવું તે; ખેંચાખેંચ કરવી તે.

आकरिणय. त्रि० (आकर्णित) શ્રુત; સાંભળેલું.

आकस्सिय. त्रि० (आकस्मिक) આકસ્મિક; અહેતુ; કારણ વગરનું.

आकार. पुं० (आकार) આકૃતિ; ચહેરો; આકાર.

आकास. पुं० न० (आकाश) ગગન; આકાશ.

आकासफलोवमा. स्त्री० (आकाशफलोपमा) }
आकासिआ. स्त्री० (आकाशिका) } ખાદ્ય વિશેષ; ખાવાનો એક પદાર્થ.

आकिइ. स्त्री० (आकृति) આકાર; આકૃતિ; દેખાવ.

आकिंचण. न० (आकिञ्चन्य) પરિગ્રહ રહિતપણું; સુવર્ણ આદિ પરિગ્રહનો અભાવ.

आकिति स्त्री० (आकृति) આકાર; દેખાવ; આકૃતિ.

आकीलवास. पुं० (आक्रीडावास) ગૌતમ દ્વીપમાં રહેતા લવણ સમુદ્રના અધિપતિ સુસ્થિક દેવતાનો ક્રીડાવાસ.

आकुंचण. न० (आकुञ्चन) સંકોચવું તે; સંક્ષેપ.

आकुंचणपट्टग. न० (आकुञ्चनपट्टक) પલાંઠી કે કમર બાંધવાનુ વસ્ત્ર.

आकुंचिय. त्रि० (आकुञ्चित) સંકોચેલ.

आकुट्ठ. त्रि० (आकुष्ट) જેને આક્રોશ ભરેલ વચન સંભળાવવામાં આવે તે.

आकुल. त्रि० (आकुल) જુઓ "આઉલ" શબ્દ.

आकूत. न० }
आकूय. न० } (आकूत) અભિપ્રાય; આશય. (૨) અભિપ્રેત-ઇચ્છિત વસ્તુ.

आक्खेवण. न० (आक्षेपण) આક્ષેપ કરવો તે.

आगइ. स्त्री० (आगति) આગમન; પરભવમાંથી આ ભવમાં આવવું તે. (૨) ઉત્પત્તિ.

आगइगइ. स्त्री० (आगतिगति) આવવું જવુ તે; ગમનાગમન; ગત્યાગતિ.

आगंतगार. }
आगंतार. } न० (आगन्त्रगार) મુસાફર-કાપડિ વગેરેને ઉતરવાનુ સ્થાન; ધર્મશાળા.

आगंतु. त्रि० (आगन्तृ) } अतिथि; मुसाफर.
आगंतुग. त्रि० (आगन्तुक) }

आगति. स्त्री० (आकृति) આકૃતિ.

आगति. स्त्री० (आगति) જુઓ "આગઇ" શબ્દ.

आगम. पुं० (आगम) આગમ; સિદ્ધાંત. (૨) આગમપ્રમાણ; આપ્ત વાક્યથી થતુ જ્ઞાન. (૩) આગમ વ્યવહાર. (૪) આકાશ. (૫) આગમન; આવવું તે (૬) કેવલ. મન.પર્યવ અને અવધિજ્ઞાન (૭) નવમા પૂર્વથી ચૌદ પૂર્વ સુધી.

आगमण. न० (आगमन) આગમન; આવવુ તે.

आगमणगिह न० (आगमनगृह) ધર્મશાળા, મુસાફરખાનુ.

आगमणागमणपविभत्ति न० (आगमनागमनप्रविभक्ति) જેમાં ચંદ્ર આદિનુ આગમન ગમન દર્શાવવામાં આવે તેવુ બત્રીશ પ્રકારના નાટકમાંનુ સાતમુ નાટક.

आगमववहार. पु० (आगमव्यवहार) નવ પૂર્વથી ચૌદ પૂર્વ સુધી જાણનાર તથા કેવલીનો વ્યવહાર–પ્રાયશ્ચિત્ત દાનાદિ વિધિ.

आगमववहारि. पु० (आगमव्यवहारिन्) પ્રત્યક્ષ જ્ઞાની, નવ પૂર્વી ઉપરાંત કેવલી સુધી.

आगमि त्रि० (आगमिन) આવનાર. આવવાનુ.

आगमिस्स. } त्रि० (आगमिष्यत) ભવિષ્યમા થનાર; આવતુ.
आगमेसि. }

आगमेसिभद्द. त्रि० (आगमिष्यभद्र) એકભવ કરી જેને મોક્ષ જવાનુ છે તે. (૨) ભવિષ્યનું કલ્યાણ.

आगमेस्स. त्रि० (आगमिष्यत्) આવતા કાળનું, ભવિષ્યનું.

आगय. त्रि० (आगत) આવેલ. (૨) પ્રાપ્ત થયેલ.

आगर. पु० (आकर) સોનુ રૂપું વગેરેની ખાણ. (૨) મીઠાના અગર.

आगरि. त्रि० (आकरिन) } ખાણનો ધણી. (૨) ખાણમાં કામ કરનાર.
आगरिय त्रि० (आकरिक) }

आगरिस. पु० (आकर्ष) આકર્ષણ, ખેંચવુ તે (૨) ફરીથી ગ્રહણ કરવુ તે (૩) તેવી રીતના (ખેંચવાના) પ્રયત્નથી કર્મ પુદ્ગલોનુ ગ્રહણ કરવુ તે (૪) ચારિત્રની પ્રાપ્તિ.

आगल्ल. त्रि० (आग्लान) બિમાર. માંદ

आगहिअ. त्रि० (आगृहीत) ગ્રહણ કરેલ.

आगाढ. त्रि० (आगाढ) કઠેર, કઠણ આકરું (૨) ગાઢ કારણ, પ્રબલ કારણ. (૩) અતિ અશક્ત.

आगाढजोग. पु० (आगाढयोग) ગણિયોગ, આચાર્ય યોગ વહન કરવા તે

आगामि. त्रि० (आगामिन) ભવિષ્યમા થનાર, પ્રાપ્ત થવાનુ.

आगामिय. त्रि० (आग्रामिक) ગામ શહેર નગરનુ.

आगार. पु० (आकार) આકૃતિ, સંસ્થાન (૨) આકાર, સિક્કલ ચહેરો (૩) ભેદ, પ્રકાર (૪) સ્વરૂપ, વિશેષ લક્ષણ (૫) બાહ્ય-ચેષ્ટા, આંતરિક અભિપ્રાયસૂચક આંખ મુખ હાથ વગેરેની ચેષ્ટા. (૬) કાઉસગ્ગના અપવાદ–છૂટ (૭) પચ્ચખાણના અપવાદ-છૂટ, પચ્ચખાણમા મુકેલ આગાર.

आगार न० (आगार) ઘર, સ્થાન. (૨) त्रि० ગૃહસ્થ, ગૃહસ્થાશ્રમી.

आगारचरित्तधम्म. पु० (आगारचारित्रधर्म) સમકિતપૂર્વક બાર વ્રતરૂપ ગૃહસ્થનો ચારિત્ર ધર્મ

आगारधम्म. पु० (आगारधर्म) ગૃહસ્થધર્મ.

आगारवास. पु० (आगारवास) ગૃહવાસ, ગૃહસ્થાશ્રમ

आगारविणय. पु० (आगारविनय) ગૃહસ્થનો વિનયરૂપ ધર્મ–ગૃહસ્થ ધર્મ.

आगारावास. पुं० (आगारावास) ગૃહસ્થાવાસ; ઘર સંસારમાં લપટાઇ રહેવું તે.

आगारि. पुं० (आगारिन्) ગૃહસ્થ.

आगारिय. त्रि० (आगारिक) ગ્રહસ્થ સમ્બંધી.

आगारिय. त्रि० (आकारित) બોલાવેલું. (૨) તતએલું.

आगाल. पु० (आगाल) કર્મની બીજી સ્થિતિમાંથી કર્મના દલિયાને ઉદીરણા પ્રયોગે ખેંચીને ઉદયમાં નાખવા તે. ઉદીરણાનું અપર નામ. (૨) સમાન પ્રદેશમાં રહેવું; ભાવથી રહેવું.

आगास पु० न० (आकाश) આકાશ. લોકાલોક વ્યાપી અનંતપ્રદેશાત્મક છ દ્રવ્યમાંનું એક અમૂર્ત દ્રવ્ય, ધર્માસ્તિકાય આદિ પાંચ દ્રવ્યના આધારભૂત દ્રવ્ય.

आगासग त्रि० (आकाशक) પ્રકાશક

आगासगय त्रि० (आकाशगत) આકાશવર્તિ; આકાશમાં અધર રહેલું. (૨) અતિ ઉંચું; આકાશતલ સ્પર્શી

आगासगामि. त्रि० (आकाशगामिन्) આકાશમાં ફરનાર પ્રાણી; પક્ષી વગેરે.

आगासतल. न० (आकाशतल) આકાશનું તળીયું. (૨) ગગનતલસ્પર્શી—ઉંચા મહેલ

आगासतलग न० (आकाशतलक) અગાસી. ઝરૂખા.

आगासत्थिकाय. पु० (आकाशास्तिकाय) દરેક વસ્તુને અવકાશ આપનાર દ્રવ્ય; છ દ્રવ્યમાનું ત્રીજું દ્રવ્ય.

आगासत्थिग्गल. न० ( ) શરદ ઋતુનું સ્વચ્છ આકાશ. વાદળથી છુટું થતું આકાશખંડ કે જે અતિ શ્યામ દેખાય છે; થિગડારૂપ આકાશ.

आगासपंचम. पुं० (आकाशपञ्चम) આકાશ જેમાં પાંચમું છે તે; પાંચ મહાભૂત; પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, અને આકાશ.

आगासपय. न० (आकाशपद) દૃષ્ટિવાદાંતર્ગત સિદ્ધશ્રેણિપરિકર્મનો ચોથો ભેદ.

आगासप्पएस. पु० (आकाशप्रदेश) આકાશનો અવિભાજ્ય અંશ.

आगासफलिओवमा. स्त्री० (आकाशस्फटिकोपमा) આકાશ અને સ્ફટિકના જેવી નિર્મળ એક જાતની મીઠા રસવાળી ખાદ્ય વસ્તુ

आगासफलिह. पु० (आकाशस्फटिक) અતિ સ્વચ્છ સ્ફટિક; નિર્મળ સ્ફટિક.

आगासफालिया. स्त्री० (आकाशफालिका) એક મિષ્ટ દ્રવ્ય.

आगासातिवाइ. पुं० (आकाशातिपातिन्) આકાશમાં ઉડી આકાશમાંથી સુવર્ણ વૃષ્ટિ આદિ કરી દિવ્ય પ્રભાવ દર્શાવનાર.

आगासिय. त्रि० (आकर्षित) આકર્ષણ કરેલ; ઉપાડેલ

आगासिय. त्रि० (आकाशित) આકાશવર્તિ; આકાશમાં રહેલ.

आगिइ. स्त्री० (आकृति) આકૃતિ; આકાર, સંઠાણ.

आगिइत्तिग. न० (आकृतित्रिक) આકૃતિ-સંઠાણ ૬ સંઘયણ ૭ અને જાતિ પાંચ એ નામની ૧૭ પ્રકૃતિનો સમુદાય.

आगिति. स्त्री० (आकृति) જુઓ "આગિઇ" શબ્દ.

आघं. (आख्यानवत्) કહેનાર. કથન કરનાર; આખ્યાન કરનાર.

आघंअज्झयण. न० (आख्यानाध्ययन) સૂયગડાંગ સૂત્રના પહેલા શ્રુતસ્કંધના ૧૦ મા સમાધિ અધ્યયનનું અપરનામ.

आघंस. त्रि० (आघर्ष) પાણી સાથે ઘસીને પીવા યોગ્ય ઔષધિ વગેરે.

आघयण. न० (आघातन) વધસ્થાન.

आघवइत्तार. त्रि० (आख्यातृ) આખ્યાન કરનાર; કથા કરનાર.

आघवण. न० } (आख्यान) વ્યાખ્યાન,
आघवणा. स्त्री० } સામાન્ય કથન.

आघविय. त्रि० (आख्यात) કહેલુ. (૨) સ્વીકારેલ.

आघाय. त्रि० (आख्यात) કહેલું.

आघाय. पु० (आघात) મરણ; મૃત્યુ.

आघायण. न० (आघातन) વધસ્થાન; ફાંસી દેવાની જગા.

आघायमंडल. न० (आघातमण्डल) વધસ્થાન માંડલો.

आचरण. न० (आचरण) આચાર; અનુષ્ઠાન.

आचिरण. त्रि० (आचीर्ण) આચરેલ; આચરણ કરેલ.

आचेलक्क. न० (आचेलक्य) પરિમાણ ઉપરાંત વસ્ત્ર ન રાખવા તે; પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓને માટે બાંધેલી એક મર્યાદા.

आच्छायण. न० (आच्छादन) ઓછાડ.

आच्छिदित्तार. त्रि० (आच्छेत्तृ) ભંગાણ પાડનાર.

आजाइ. स्त्री० (आयाति) પૂર્વભવમાંથી આવવુ તે (૨) ભવિષ્યકાળ.

आजाइ. स्त्री० (आजाति) જન્મવુ તે, જન્મ, ઉત્પત્તિ. (૨) જાતિ, પ્રકાર. (૩) આચાર; આચરણ.

आजाइट्ठाण न० (आजातिस्थान) જન્મ-ઉત્પત્તિનુ સ્થાન-સંસાર (૨) આજાઇઠાણ નામે દશાશ્રુત સ્કંધનુ દશમુ અધ્યયન.

आजाइट्ठाणज्झयण. न० (आजातिस्थानाध्ययन) દશાશ્રુત સ્કંધનું અપરનામ; આચાર દશા સૂત્રનુ ૧૦ મુ અધ્યયન.

आजीव. } **आजीवग.** } पु० (आजीव) આજીવિકા; વૃત્તિ; રોજી. (૨) આજીવિકા પુરતો દ્રવ્ય સચય. (૩) ઉપાયણના ૧૬ દોષમાંનો ચોથો દોષ; જાતિ વગેરે જણાવીને આહારાદિ લેવા તે. (૪) ગોશાલાના મતનુ નામ. (૫) ગોશાલાના મતનો સાધુ.

आजीवग. पुं० (आजीवक) પૈસાનો મદ. (૨) સકળ જીવ.

आजीवणा. स्त्री० (आजीवना) આજીવિકા.

आजीववित्तिया. स्त्री० (आजीववृत्तिता) જાતિ કુલ આદિ દર્શાવીને આહાર લેવો તે; ઉપાયણાનો ચોથો દોષ.

आजीवि. त्रि० (आजीविन्) ગોશાલાનો શિષ્ય; ગોશાલાના મતનો અનુયાયી. (૨) જે સાધુ પોતાની જાતિ કુલ શિલ્પ તપ વગેરેની પ્રશસા કરી આહાર લ્યે તે; પેટ ભરો સાધુ.

आजीविय. त्रि० (आजीविक) ગોશાલાનો સાધુ; ગોશાલાના મતનો અનુયાયી.

आजीविया. स्त्री० (आजीविका) નિર્વાહ. (૨) જૈન સાધુનો ભિક્ષાનો એક દોષ.

आजीवियोवासग. पु० } **आजीवियोवासय.** } (आजीविकोपासक) ગોશાલાના મતનો શ્રાવક.

आडंबर. पु० (आडम्बर) મોટું નગારૂ. (૨) વાજાનો અવાજ.

आडा. स्त्री० (आटा) પાણીમા તરનાર એક જાતનુ પક્ષી

आडोलिय त्रि० ( ) રોકાયેલું, અટકાવેલુ.

आडोलिया. स्त्री० (आटोलिका) નાના બાળકોને રમવાનુ એક રમકડુ.

आडोव. पु० (आटोप) વિસ્તાર

आडोविय. त्रि० (आटोपिक) આટોપ--આડંબરવાળો.

आढई. स्त्री० (आढकी) તુવેરનુ ઝાડ; વનસ્પતિ વિશેષ.

आढग. पु० न० (आढक) ચાર પ્રસ્થ પ્રમાણે ધાન્ય માપ વિશેષ.

आढत्त. त्रि० (आरब्ध) આરંભેલું. (૨) પ્રારબ્ધ.

आढय. पुं० (आढक) ચાર પ્રસ્થ પ્રમાણે ધાન્ય માપ વિશેષ.

આણ. પું૦ (आन) શ્વાસોશ્વાસ. (૨) સંખ્યાત આવલિકા પ્રમાણે કાલનો એક વિભાગ; તન્દુરસ્ત માણસના એક ઉચ્છ્વાસ પ્રમાણનો કાલ.

આણઅ. પું૦ (आनत) નવમા દેવલોકનું નામ.

આણંદ. પું૦ (आनन्द) આનંદ; હર્ષ. (૨) એક અહોરાત્રિના ત્રીશ મુહૂર્તમાંના ૧૬ મા મુહૂર્તનું નામ. (૩) આવતી ચોવીસીના છઠ્ઠા બલદેવનું નામ. (૪) શીતલનાથ સ્વામીના પહેલા ગણધર. (૫) ભગવાન્ મહાવીર સ્વામીનો અન્તેવાસી એક શિષ્ય. (૬) આણંદ નામે એક ગૃહપતિ કે જેને ઘેર ભગવાન્ મહાવીરસ્વામીએ બીજા માસખમણનું પારણું કર્યું હતું. (૭) ગંધમાદન નામના વખારા પર્વતનો વસનાર દેવ. (૮) ભરતક્ષેત્રના ચાલુ ચોવીસીના છઠ્ઠા બળદેવનું નામ. (૯) વાણીજ નગરનો નિવાસી આણંદજી શ્રાવક. (૧૦) ઉપાશક દશાસૂત્રના પહેલા અધ્યયનનું નામ. (૧૧) અણુત્તરોવવાઇ સૂત્રના ૭ મા અધ્યયનનું નામ. (૧૨) ધરણેન્દ્રના રથની સેનાનો અધિપતિ. (૧૩) રાજા શ્રેણિકના એક પૌત્રનું નામ. (૧૪) "નિરયાવલીકા સૂત્રના એક અધ્યયનનું નામ.

આણંદકૂડ. ન૦ (आनन्दकूट) ગંધમાદન નામે વખારા પર્વતનું સાતમું શિખર.

આણંદજીવ. પું૦ (आनन्दजीव) આવતી ઉત્સર્પિણીમાં થનાર પેઢાલ નામના ૯ મા તીર્થંકરના પૂર્વ ભવનું નામ; આનંદનો આત્મા.

આણંદજ્ઝયણ. ન૦ (आनन्दाध्ययन) ઉવાસગદસા સૂત્રના પહેલા અધ્યયનનું નામ. (૨) અણુત્તરોવવાઇ સૂત્રના ૭ મા અધ્યયનનું નામ. (૩) નિરયાવલિકા સૂત્રના ૨ જા વર્ગના નવમા અધ્યયનનું નામ.

આણંદપુર. ન૦ (आनन्दपुर) એક નગરનું નામ.

આણંદરક્ખિય. પું૦ (आनन्दरक्षित) એ નામના પાર્શ્વનાથના એક થિવર સાધુ.

આણંદા. સ્ત્રી૦ (आनन्दा) પૂર્વ દિશાના રૂચક પર્વત ઉપર વસનારી આઠમાંની ત્રીજી દિશા કુમારિકા. (૨) પૂર્વના અંજનક પર્વત ઉપરની એક વાવનું નામ.

આણંદિય. ત્રિ૦ (आनन्दित) આનંદ પામેલ; આનંદયુક્ત.

આણણ. ન૦ (आनन) મુખ; મોઢું.

આણત. પું૦ (आनत) નવમા દેવલોકનું નામ.

આણત્ત. ત્રિ૦ (आज्ञप्त) આજ્ઞા આપેલ.

આણત્ત. ન૦ (अन्यत्व) પરસ્પર ભેદ; ભિન્નપણું; જુદાઇ.

આણત્તિ. સ્ત્રી૦ (आज्ञप्ति) આજ્ઞા; હુકમ; આદેશ.

આણત્તિકિંકર. ત્રિ૦ (आज्ञप्तिकिङ्कर) આજ્ઞા પાલક નોકર.

આણપાણ. પું૦ (आनप्राण) શ્વાસોશ્વાસ પ્રમાણકાળ.

આણપ્પ. ત્રિ૦ (आज्ञाप्य) જેને આજ્ઞા-હુકમ કરી શકાય તે, આજ્ઞા ઉઠાવનાર.

આણય પું૦ ન૦ (आनत) નવમો દેવલોક. (૨) નવમા દેવલોકનું વિમાન. (૩) પું૦ નવમા દેવલોકવાસી દેવતા.

આણયણ. ન૦ (आनयन) બહારથી લાવવું તે.

આણયણપ્પયોગ. પું૦ (आनयनप्रयोग) દશમા વ્રતનો પ્રથમ અતિચાર.

આણયદેવ. પું૦ (आनतदेव) નવમા દેવલોકના દેવતા.

આણવણ. ન૦ (आज्ञापन) આદેશ; પ્રતિબોધન; પ્રવર્તન.

આણવણિયા. સ્ત્રી૦ (आज्ञापनिका) પાપનો આદેશ-હુકમ કરવાથી કર્મબંધ થાય તે; ૨૫ ક્રિયામાંની એક.

आणवणी. स्त्री० (आज्ञापनी) આજ્ઞા આપવાની ભાષા; વ્યવહાર ભાષાનો એક પ્રકાર.

आणा. स्त्री० (आज्ञा) આજ્ઞા, આદેશ; હુકમ. (૨) આપ્તનો ઉપદેશ. (૩) બોધિ; સમ્યક્ત્વ (૪) આજ્ઞાવ્યવહાર. (૫) આગમ; સિદ્ધાંત. (૬) સૂત્રની વ્યાખ્યા.

आणाईसर. पु० (आज्ञेश्वर) આજ્ઞા ફરમાવનાર માલિક.

आणाकारि. } आणागारि. } त्रि० (आज्ञाकारिन्) સર્વજ્ઞની આજ્ઞા પ્રમાણે વર્તનાર.

आणाइढिअ. न० (अनार्द्धिक) નિરયાવલિકા સૂત્રના ત્રીજા ભાગરૂપ પુષ્પિકાસૂત્રનું અપર નામ.

आणाणिद्देस. पु० (आज्ञानिर्देश) વિધિ નિષેધનું પ્રતિપાદન કરવું તે. (૨) આજ્ઞાનો સ્વીકાર

आणापाण. पु० (आनप्राण) શ્વાસોચ્છ્વાસ. (૨) શ્વાસોશ્વાસ પરિમિત કાલ

आणापाणपज्जत्ति स्त्री० (आनप्राणपर्याप्ति) જેથી શ્વાસોશ્વાસ લઇ શકાય એવી શક્તિ, શ્વાસોશ્વાસ પર્યાપ્તિ

आणापाणु स्त्री० (आनप्राण) જુઓ "આણાપાણ" શબ્દ

आणापाणुपोग्गलपरियट्ट पु० (आनप्राणपुद्गलपरिवर्त) લોકની અંદરના બધા પુદ્ગલ જુદા જુદા ભવમાં શ્વાસોશ્વાસપણે જેટલા વખતમાં લઇ અને મુકે તેટલો વખત.

आणाम. पु० (आनाम) ઉચ્છ્વાસ, અન્તઃશ્વાસ.

आणामिय. त्रि० (आनामित) થોડું નમાવેલું-વાંકું કરેલું.

आणारुइ. स्त्री० (आज्ञारुचि) સર્વજ્ઞના વચન-ફરમાનથી ઉત્પન્ન થયેલી રુચિ; સમકિતનો એક પ્રકાર. (૨) त्रि० તેવી રૂચિવાળો, સમકિતના દશ પ્રકારમાંનો એક.

आणाववहार. पुं० (आज्ञाव्यवहार) ગીતાર્થ બે આચાર્યો જુદે જુદે સ્થળે રહ્યા હોય, અવસ્થાને લીધે એક બીજાની પાસે જઇ શકે એવી સ્થિતિમાં નથી ત્યારે અગીતાર્થ પણ મતિધારણામાં કુશલ એવા કોઇ શિષ્યને ગુપ્ત અર્થમાં અતિચારો કહી, બીજાની પાસે મોકલે. બીજા આચાર્ય તે શિષ્યની મારફત પ્રથમ આચાર્યની ગુપ્ત શબ્દોમાં ફરમાવેલ આજ્ઞા પ્રમાણે પ્રાયશ્ચિત વગેરે દે તે આજ્ઞા વ્યવહાર.

आणाविजय पु० (आज्ञाविचय) ભગવાનની આજ્ઞાનો નિર્ણય કરવો તે, ધર્મ ધ્યાનનો પ્રથમ ભેદ

आणासार. त्रि० (आज्ञासार) આપ્ત વચનને પ્રધાન માનનાર.

आणिय. } आणीअ } त्रि० (आनीत) આણેલું, લાવેલ

आणुकंपिय. त्रि० (आनुकम्पिक) અનુકંપા કરનાર, દયાળુ

आणुगामिअ न० (आनुगामिक) આંખની પેઠે સ્વામિની સાથે સાથે જનાર અવધિ જ્ઞાન. (૨) ઉપાર્જિત પાપપુણ્યનું જીવની સાથે આવવું તે.

आणुपुव्व. न० (आनुपूर्व्य) અનુક્રમ; પરિપાટી

आणुपुव्वी स्त्री० (आनुपूर्वी) અનુક્રમ, પરિપાટી; પૌર્વાપર્યભાવ (૨) વિશિષ્ટ રચના.

आणुपुव्वीणाम. न० (आनुपूर्वीनामन) નામ કર્મની એક પ્રકૃતિ કે જે બળદને નાથની પેઠે જીવને જે ગતિનું આયુષ્ય ઉદયમાં આવ્યું હોય તેજ ગતિમાં લઇ જાય, બીજી ગતિમાં જવા ન આપે તેવી નામ કર્મની એક પ્રકૃતિ.

आणुपुव्वीविहारि. त्रि० (आनुपूर्वीविहारिन्) પ્રવ્રજ્યાકાળને અનુસરી સંયમની તે તે ક્રિયા કરનાર.

आणुलोमिअ. न० (आनुलोमिक) મધુર વચન, મનોહર વચન; અનુકૂલ વચન.

आणोह. पु० (आज्ञौघ) સમ્યગ્ દર્શન રહિત આજ્ઞામાત્ર.

आत. પું० (आत्मन्) આત્મા.

आतंक. પું० (आतङ्क) જીવલેણ રોગ; શૂલ ઝેરી તાવ વગેરે. (૨) રોગનો પરીષહ.

आतंबज्झयण. न० (आताम्राध्ययन) જ્ઞાતાધર્મ કથાના બીજા શ્રુતસ્કંધના ૭ મા વર્ગના બીજા અધ્યયનનું નામ કે જેમાં સૂર્યની અગ્રમહિષીનો વિસ્તારપૂર્વક હેવાલ છે.

आतत. न० (आतत) લંબાઇ.

आतप. પું० (आतप) નામકર્મની એક પ્રકૃતિ કે જેના ઉદયથી જીવને સ્વરૂપથી ગરમ નહિ હોવા છતાં ઉષ્ણતા અને પ્રકાશ આપનાર શરીર મલે, જેમ સૂર્યમંડલ ગત પૃથ્વિકાયિક જીવ.

आतपत्त. (आतपत्र) છત્ર; છત્રી.

आतव. પુ० (आतप) પ્રકાશ; તડકો (૨) न० એ નામનું અહોરાત્રિનું ૨૪ મુ મુહૂર્ત.

आतवणाम. न० (आतपनामन्) જુઓ " આતપ " શબ્દ.

आतववंत. પુ० (आतपवत्) એ નામનું અહોરાત્રનું ૨૪ મુ મુહૂર્ત.

आतवा. स्त्री० (आतपा) સૂર્યની અગ્રમહિષીનું નામ.

आतवाभा. स्त्री० (आतपाभा) સૂર્યની અગ્રમહિષીનું નામ.

आतावग. પું० (आतापक) આતાપના સહન કરનાર; સૂર્યની આતાપના લેનાર.

आतावण. न० } (आतापन) આતાપના
आतावणया. स्त्री० } લેવી તે.

आताविं. त्रि० (आतापिन्) તાપ શીતાદિ સહન કરનાર.

आतिराण. त्रि० (आस्तीर्ण) પાથરેલુ; બિછાવેલુ.

आतीय. त्रि० (आतीत) સર્વત્ર અત્યંત જણાએલ. (૨) સમસ્તપણે ઉલ્લઘી ગયેલ.

आतुर. त्रि० (आतुर) વ્યાકુલ; તીવ્રાભિલાષી. (૨) વિષયકષાય આદિ દોષયુક્ત.

आतोद्द. પું० (आतोद्य) વાજીંત્ર.

आत्त. પુ० (आत्मन्) આત્મા; જીવ. (૨) શરીર; દેહ. (૩) સ્વયં; પોતે.

आत्तभाव. પુ० (आत्मभाव) સ્વાભિપ્રાય, સ્વચ્છંદપણું.

आत्तरक्खअ. પુ० (आत्मरक्षक) પોતાના સ્વામીના શરીરનુ રક્ષણ કરનાર દેવતાની એક જાત; આત્મરક્ષક દેવતા.

आत्तहिअ. न० (आत्महित) આત્મશ્રેય; આત્મકલ્યાણ.

आत्तीकय. त्रि० (आत्मीकृत) ખીર નીરની પેંઠે આત્માની સાથે એકમેક કરેલ.

आदंस. પુ० (आदर्श) એક જાતની લિપિ. (૨) અરીસો. (૩) બળદને ગળે બાંધવાનું એક ઘરેણું.

आदंसिआ. स्त्री० (आदर्शिका) ખાદ્ય વિશેષ; એક જાતનો ખાવાનો પદાર્થ.

आदर. પું० (आदर) આદર સત્કાર. (૨) પરિગ્રહ; અસતોષ.

आदरण. न० (आदरण) સ્વીકાર.

आदरिस. પું० (आदर्श) જુઓ "આદસ" શબ્દ.

आदस्सलिवि. स्त्री० (आदर्शलिपि) અઢાર લિપિમાની એક.

आदाण. न० (आद्रहण) આંધણ; ગરમ કરેલુ પાણી, તેલ વગેરે.

आदाण. પુ० न० (आदान) લેવું; ગ્રહણ કરવું. (૨) કર્મનું ઉપાદાન કારણ.

आदाणफलिह. પુ० (आदानपरिघ) બારણા બંધ કરવાની ભોગળ.

आदाणभंडमत्तनिक्खेवणासमिइ. स्त्री० (आदानभाण्डमात्रनिक्षेपणासमिति) ઉપગરણ આદિ યત્નાપૂર્વક લેવાં મૂકવાં તે; સાધુની પાંચ સમિતિમાંની ચોથી સમિતિ.

आदाणभंडमत्तनिक्खेवणासमिय. त्रि० (आदानभाण्डमात्रनिक्षेपणासमित) ભંડઉપગરણ વસ્ત્ર પાત્રાદિ જતનાથી લેનાર મુકનાર; પાંચમાની ચોથી સમિતિ પાલનાર સાધુ.

आदाणिज्जज्झयण. न० (आदानीयाध्ययन) સૂયગડાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના ૧૫ મા અધ્યયનનું નામ

आदाणीय. त्रि० (आदानीय) આદેયવચન; જે વચન સર્વમાન્ય થાય તે.

आदायार. पुं० (आदातृ) ગ્રહણ કરનાર; સ્વીકારનાર.

आदि. पुं० (आदि) જુઓ "આઇ" શબ્દ.

आदिकर. } **आदिगर.** } त्रि० (आदिकर) જુઓ "આઇગર" શબ્દ.

आदिच्च. पुं० (आदित्य) જુઓ "આઇચ્ચ" શબ્દ.

आदिज्ज. त्रि० (आदेय) જુઓ "આએજ્જ" શબ્દ.

आदिट्ठ. त्रि० (आदिष्ट) જુઓ "આઇટ્ઠ" શબ્દ.

आदिल्ल. त्रि० (आदिम) જુઓ "આઇલ્લ" શબ્દ.

आदी स्त्री० (आदी) ગંગામાં મળતી એક નદી.

आदीण. त्रि० (आदीन) જુઓ "આઇણ" શબ્દ.

आदीणभोइ त्रि० (आदीनभोजिन्) દૂષિત આહાર લેનાર.

आदीणवित्ती. पुं० (आदीनवृत्ति) જુઓ "આઇણવિત્તિ" શબ્દ.

आदीणिय. त्रि० (आदीनिक) અત્યંત ગરીબ સંબંધી.

आदेज्ज त्रि० (आदेय) જુઓ "આએજ્જ" શબ્દ.

आदेस. पुं० (आदेश) જુઓ "આએસ" શબ્દ.

आधा. स्त्री० (आधा) ખાસ સાધુનેમાટે આહારાદિ બનાવવા તે.

आधाकम्म. न० (आधाकर्मन्) ખાસ સાધુને માટે બનાવેલ આહારાદિ લેવાથી સાધુને લાગતો એક દોષ.

आधार. पुं० (आधार) આધાર-આશ્રય; ટેકો. (૨) આકાશ.

आधारणिज्ज. त्रि० (आधारणीय) ધારણ કરવાને યોગ્ય

आधि. पुं० (आधि) માનસિક પીડા.

आधुणिय. पुं० (आधुनिक) અઠ્યાસી ગ્રહમાંનો પાંચમો મહાગ્રહ

आधोधिय. पुं० (आधोवधिक) અમુક જગાએજ રહે એવું અવધિજ્ઞાન, અવધિજ્ઞાનનો એક પ્રકાર.

आनंद पुं० (आनन्द) જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં થનાર આઠમા તીર્થંકરના પૂર્વભવનું નામ

आनय. पुं० न० (आनत) જુઓ "આણય" શબ્દ.

आनामिय. त्रि० (आनामित) જુઓ "આણામિય" શબ્દ.

आपण. पुं० (आपण) દુકાન, હાટ (૨) શેરી.

आपाइय. त्रि० (आपादित) પેદા થયેલ; ઉત્પન્ન કરેલ.

आपुच्छण. न० (आप्रच्छन) પુછવું તે; પ્રશ્ન કરવો તે.

आपुच्छणा. स्त्री० (आप्रच्छना) પુછવું તે; પ્રશ્ન કરવો તે. (૨) વિનયપૂર્વક ગુરૂપાસે આજ્ઞા માગવી તે; દસ સામાચારીમાંનો ૩ જો પ્રકાર.

आपुच्छणिज्ज. त्रि० (आप्रच्छनीय) પુછવા યોગ્ય.

आपुराण. त्रि० (आपूर्ण) પુરૂં ભરેલ.

आपूर. त्रि० (आपूर) પૂરનાર.

आपूरिय. त्रि० (आपूरित) મર્યાદાપૂર્વક પૂર્ણ ભરાયેલું.

आपूविय. त्रि० (आपूपिक) પુરી કે માલપુવા બનાવનાર.

आफालित्तार. त्रि० (आस्फालयितृ) વગાડનાર.

आबाहा. स्त्री० (आबाधा) પીડા. (૨) અન્તર. (૩) અલ્પ બાધા

आभंकर. पुं० (आभङ्कर) એ નામનો ૮૮ ગ્રહમાંનો ૬૮ મો ગ્રહ. (૨) ત્રીજા દેવલોકના એક વિમાનનું નામ.

आभक्खाण. न० (अभ्याख्यान) ખોટો આરોપ મુકવો; કલંક ચડાવવું તે

आभट्ठ. त्रि० (आभाषित) બોલાવેલ.

आभरण. न० (आभरण) ઘરેણાં; અલંકાર; આભૂષણ. (૨) એ નામનો એક દ્વીપ અને એક સમુદ્ર.

आभा. स्त्री० (आभा) કાન્તિ; તેજ, પ્રભા. (૨) આકાર; છબી.

आभाकर. पु० (आभाकर) એ નામનું ત્રીજા દેવલોકનું એક વિમાન.

आभाग. पुं० (आभाग) પડિલેહણનું અપર-નામ.

आभागि. त्रि० (आभागिन्) ભાગીદાર; હિસ્સેદાર. (૨) ભોક્તા.

आभासिय. पु० (आभाषिक) એ નામનો ૫૬ અંતરદ્વીપમાંનો એક. (૨) તે અન્તરદ્વીપમાં રહેનાર મનુષ્ય. (૩) પુ૦ એ નામનો એક દેશ (૪) તે દેશમાં રહેનાર મનુષ્ય; મ્લેચ્છની એક જાત.

आभासियदीव. पुं० (आभाषिकद्वीप) લવણ સમુદ્રમાં ચૂલહિમવન્ત પર્વતની દાઢા ઉપરનો એ નામનો એક દ્વીપ.

आभासी. स्त्री० (आभाषी) આભાષિક દ્વીપની રહેવાસી સ્ત્રી

आभिओग. पुं० (आभियोग्य) આભિયોગિક જાતના દેવતા. (૨) નોકરપણું; સેવકભાવ. (૩) નોકર; સેવક.

आभिओगपण्णत्ति. स्त्री० (आभियोग्यप्रज्ञप्ति) વિદ્યાધરની એક વિદ્યા.

आभिओगसेढि. स्त्री० (आभियोग्यश्रेणि) વૈતાઢ્ય પર્વત ઉપર વિદ્યાધરની શ્રેણીથી ૧૦ જોજન ઉંચે અભિયોગી દેવતાને રહેવાની જગ્યા.

आभिओगा. स्त्री० (आभियोगा) વિદ્યાધરની એક વિદ્યા.

आभिओगिय. त्रि० (आभियोगिक) નોકર દેવતાની એક જાત (૨) વિદ્યા, મંત્ર, વશીકરણ, આદિ અભિયોગ કર્મ કરનાર સાધુ.

आभिओगिय. त्रि० (आभियोगित) વશીકરણ આદિથી સંસ્કારાયેલ.

आभिओगियदेव. पुं० (आभियोगिकदेव) અભિયોગ જાતિના નીચા દેવતા.

आभिओग्ग. पुं० (आभियोग्य) જુઓ "આભિઓગ" શબ્દ.

आभिग्गहिय. त्रि० (आभिग्रहिक) અભિગ્રહથી કાયોત્સર્ગાદિ કરનાર. (૨) અભિગ્રહ ધારણ કરીને કાઉસગ્ગ વગેરે કરવા તે.

आभिणिबोहिय. न० (आभिनिबोधिक) મતિજ્ઞાન; મન અને ઇંદ્રિયથી થતું જ્ઞાન, જ્ઞાનના પાંચ પ્રકારમાંનો પહેલો પ્રકાર.

आभिणिबोहियणाण. पु० (आभिनिबोधिकज्ञान) જુઓ "આભિણિબોહિય" શબ્દ.

आभिणिबोहियणाणावरण. न० (आभिनिबोधिकज्ञानावरण) મતિજ્ઞાનાવરણીય; મતિજ્ઞાનને દબાવનાર કર્મ.

आभिणिबोहियणाणावरणिज्ज. न० (आभिनिबोधिकज्ञानावरणीय) મતિજ્ઞાનાવરણીય કર્મ; મતિજ્ઞાનને અટકાવનાર જ્ઞાનાવરણીય કર્મની એક પ્રકૃતિ.

आभिप्पाइअ. त्रि० (आभिप्रायिक) અભિપ્રાયવાળુ; અભિપ્રાયયુક્ત.

आभियोग. पु० (आभियोग) જુઓ "આભિઓગ" ૧૦૬.

आभिसेक. त्रि० (आभिषेक्य) રાજ્યાભિષેક કરવા યોગ્ય; જેનો અભિષેક કરવામાં આવે છે તે. (૨) મુખ્ય; પ્રધાન.

आभीरी. स्त्री० (आभीरी) આહિરણ.

आभूअ. त्रि० (आभूत) પેદા થયેલ.

आभोइअ. त्रि० (आभोगित) જોયેલ; દેખેલ.

आभोग. पु० (आभोग) ઉપયોગ વિશેષ. (૨) જ્ઞાન; સમજ; ખબર. (૩) જાણી બુઝીને કરેલ પ્રવૃત્તિ. (૪) વિસ્તાર. (૫) ઉપકરણ; સાધન. (૬) પ્રતિલેખન. (૭) ખ્યાલ.

आभोगण. न० } (आभोगन) વિચારણા.
आभोगणया. स्त्री० }

आभोगणिव्वत्तिय. त्रि० (आभोगनिर्वर्तित) જાણી બુઝીને કરેલુ (૨) ક્રોધ વિશેષ; ક્રોધનુ પરિણામ જાણવા છતાં પણ કરેલ ક્રોધ.

आभोगबउस. पुं० (आभोगबकुश) જાણીને દોષ લગાડનાર સાધુ.

आभोगिणी. स्त्री० (आभोगिनी) માનસિક નિર્ણય ઉત્પન્ન કરાવનાર વિદ્યા વિશેષ.

आभोय. पु० (आभोग) જ્ઞાન; સમજણ.

आम. त्रि० (आम) અપકવ. કાચુ. (૨) સદોષ આહાર.

आमअ. पुं० (आमय) રોગ.

आमइ. त्रि० (आमयिन्) રોગી, બિમાર.

आमंतण. न० (आमन्त्रण) સંબોધન (૨) આમંત્રણ; નોતરૂં.

आमंतणवयण. न० (आमन्त्रणवचन) સંબોધન વિભક્તિ.

आमंतणी. स्त्री० (आमन्त्रणी) હે દેવદત્ત ઇત્યાદિ સંબોધનરૂપ ભાષા; વ્યવહાર ભાષાનો એક પ્રકાર. (૨) સંબોધન અર્થમાં વપરાતી વિભક્તિ; આઠમી સંબોધન વિભક્તિ

आमंतिय. त्रि० (आमन्त्रित) પુછેલ; આમંત્રણ કરેલ.

आमग. त्रि० (आमक) કાચું; અપરિપકવ. (૨) સચિત્ત

आमगंध. पु० (आमगन्ध) આધાકર્મ આદિ દોષ.

आमयकरणी स्त्री० (आमयकरणी) વિદ્યાવિશેષ; રોગ ઉત્પન્ન કરનાર એક વિદ્યા.

आमरणंतदोस. पु० (आमरणान्तदोष) મરણ પર્યંત પણ કાળસૌરિયા કસાઇની પેઠે પાપનું પશ્ચાત્તાપ ન થાય એવા પ્રકારનો દોષ, રૌદ્ર ધ્યાનનું એક લક્ષણ

आमरिस. पु० (आमर्ष) સંબંધ; સ્પર્શ

आमल पु० (आमल) આમલાનુ વૃક્ષ

आमलक. न० (आमलक) આમલાનુ ફળ.

आमलकप्पा स्त्री० (आमलकल्पा) એ નામની એક નગરી

आमलग. पु० (आमरक) મારી, મરકી (૨) મરકી સંબંધી અધિકારવાળુ વિપાક સૂત્રનુ ૯ મુ અધ્યયન.

आमलग. } पु० न० (आमलक) આમલાનું ઝાડ.
आमलय. }

आमिआ स्त्री० (आमिका) કાચી કલી વગેરે

आमिस. न० (आमिष) માંસ. (૨) ધન ધાન્યાદિ ભોગ્ય પદાર્થ. (૩) આસક્તિનું કારણ.

आमिसावत्त. पु० (आमिषावर्त) માંસાર્થી સમલી વગેરે જે આકાશમાં આવર્તન કરે તે, આવર્તનનો એક પ્રકાર

आमुट्ठ. त्रि० (आमृष्ट) સ્પૃષ્ટ. (૨) ઉલટું કરેલુ.

आमेडणा. स्त्री० (आम्रेडना) વિપરીત કરવું; ઉલટું કરવુ.

आमेल. } पु० (आपीड) मस्तक भूषण. **आमेलग.** } मुगट उपरनी फूलनी माळा.

आमेलग. न० (आमेलक) स्तननो अग्रभाग; बींटडी-डींटुं. (२) परस्पर थोडा सबंधवाळु.

आमोक्खा. स्त्री० (आमोक्ष) छुटकारो. (२) परित्याग.

आमोडग. न० (आमोटक) फूलोथी वाळने गुंथवा ते.

आमोडण. न० (आमोटन) थोडु मरडवु ते

आमोय. पु० (आमोक) कचरानो ढगलो; उकरडो.

आमोस. पुं० (आमर्श) स्पर्श करवो ते.

आमोस पु० (आमोष) चोतरफथी चोरी करनार.

आमोसहि. स्त्री० (आमर्शौषधि) हाथना स्पर्श मात्रथी सर्व दर्द मटी जाय एवी जातनी मेळवेली शक्ति. २६ लब्धिमांनी एक. (२) पु० एवी लब्धिवाळो साधु.

आय. त्रि० (आज) बकरीना वाळनु बनेल. बकरी संबंधी.

आय. पु० (आय) लाभ, धनादिकनी प्राप्ति; आवक; कमाणी. (२) कर्मनी आवक. आश्रव. (३) अध्ययन तथा उद्देशादि (४) कोलानी एक जात. वनस्पति विशेष (५) कारण, हेतु. (६) गमन.

आय. पुं० स्त्री० (आत्मन्) आत्मा, जीव (२) स्वय; पोते. (३) देह (४) आत्मगुण ज्ञानादि.

आयअ. त्रि० (आयत) लांबु.

आयइ. स्त्री० (आयति) भविष्यकाळ.

आयइफल. न० (आयतिफल) परभवनु इष्टफळ.

आयं. अ० (आयम) वाक्यालकार

आयंक. पुं० (आतङ्क) जुओ "आतंक" २७६

आयंगुल. पुं० (आत्माङ्गुल) आत्मांगुल; शास्त्रोक्त प्रमाणोपेत उंचाइवाळा उत्तम पुरुषना शरीरनी उंचाइनो १०८ मो भाग आत्मांगुल कहेवाय छे. आ अंगुलथी कुवा नदी घर क्षेत्र वाडी वगेरे पदार्थोनु माप थाय छे.

आयंचणिया. स्त्री० (आतञ्चनिका) माटीवाळु पाणी राखवानुं कुंभारनुं वासण.

आयंचणियाउदय. न० (आतञ्चनिकोदक) कुंभारना वासणमां रहेलुं माटीवाळु पाणी.

आयंत. त्रि० (आचान्त) चलु करेल; पाणीथी हाथ मोढु साफ करेल.

आयंतम त्रि० (आत्मतम) सयम वगेरेथी आत्माने दमनार (२) अज्ञानी; क्रोधी

आयंता. स्त्री० ( ) आचारंग सूत्रना पांचमा अध्ययननु नाम.

आयंतियमरण. न० (आत्यन्तिकमरण) एकवार मरी गया पछी फरी बीजीवार ते गतिनु मरण न थाय ते.

आयंदम त्रि० (आत्मदम) आत्माने दमनार. (२) पोतानी जातने अश्वादिने दमनार

आयंब त्रि० (आताम्र) आ-ईषत्-थोडी रताशवाळु.

आयंबिर त्रि० (आताम्र) लाल रंग.

आयंबिल न० (आचाम्ल) जेमा भात वगेरे लुख्खु अनाज दिवसमां एक वखत खवाय तेनु आयंबिल नामनु एक तप.

आयंबिलवद्धमाण. न० (आचाम्लवर्द्धमान) चौद वरस त्रण मास अने २० दीवसे थतु एक तप. के जेमां एक आयंबिलने पारणे एक उपवास करी बे आयंबिल करवामां आवे छे; वळी एक उपवास करी त्रण आयंबिल; एम एकेक आयंबिल वधारतां १०० आयंबिल सुधी चडाय छे.

आयंबिलिय पु० (आचाम्लिक) आंबेलनु तप करनार

आयंभर. } त्रि० (आत्मम्भरि) स्वार्थी;
आयंभरि. } પોતાનુંજ પોષણ કરનાર.

आयंस. } પું० (आदर्श) અરીસો; દર્પણ.
आयंसग. } (૨) બળદની ડોકનું એક આભરણ.

आयंसमंडल. न० (आदर्शमण्डल) અરીસાને આકારે મંડલ-ગુંછળા વાળનાર સર્પની એક જાત. (૨) મંડલાકારે ગોઠવેલ અરીસા.

आयंसमुह. પુ० (आदर्शमुख) લવણ સમુદ્રમાં અગ્નિખુણા તરફ રહેલ આયસમુખ નામનો એક અંતરદ્વીપ. (૨) ત્રિ० તે દ્વીપમાં રહેનાર

आयंसलिवि स्त्री० (आदर्शलिपि) ૧૮ જાતની લિપિમાંની એક લિપિ.

आयकाय. પું० (आयकाय) વનસ્પતિ વિશેષ.

आयग. ત્રિ० (आजक) બકરીના વાળનું બનાવેલ વસ્ત્ર.

आयगुत्त. ત્રિ० (आत्मगुप्त) મન વચન અને કાયાએ કરી આત્માને પાપથી ગોપવનાર. આત્મરક્ષક; જીતેન્દ્રિય

आयछट्ठ. પુ० (आत्मषष्ठ) આત્મા જેમાં છઠ્ઠો છે એવા પાંચ ભૂત.

आयजस. न० (आत्मयशस्) આત્માના યશરૂપ સંયમ

आयजोगि. ત્રિ० (आत्मयोगिन्) } સદા ધર્મ
आयट्ठि. ત્રિ० (आत्मार्थिन्) } ધ્યાનમાં નિમગ્ન; મુમુક્ષુ.

आयत. ત્રિ० (आयत) લાંબુ, દીર્ઘ. (૨) પુ० મોક્ષ; મુક્તિ. (૩) ત્રિ० ખેંચેલ. (૪) પું० દીર્ઘાકાર સંસ્થાન.

आयतचक्खु. ત્રિ० (आयतचक्षुष) દીર્ઘદર્શી.

आयतट्ठ. પુ० (आयतार्थ) મોક્ષ, મુક્તિ.

आयतट्ठिअ. પું० (आयतार्थिक) લાંબા વખતથી મોક્ષની અભિલાષાવાળો.

आयतण. न० (आयतन) સ્થાન; આશ્રય, નિવાસસ્થાન. (૨) દેહરૂં; દેવાલય. (૩) દેરાની બાજુનો ઓરડો (૪) કર્મનું ઉપાદાન કારણ (૫) પ્રગટ કરવું; પ્રશ્નનો ખુલાસો કરવો તે. (૬) વધસ્થાન. (૭) નિર્ણય. નિશ્ચય.

आयतत्त. न० (आत्मतत्त्व) પરમ પદાર્થ; જ્ઞાનાદિ ત્રણ રત્ન.

आयतसंठाण न० (आयतसंस्थान) દીર્ઘાકાર; લાકડીની પેઠે લંબાઇવાળો આકાર-સંઠાણ, પાંચ સંઠાણમાનુ એક.

आयति. स्त्री० (आयति) જુઓ "આયઇ" શબ્દ.

आयत्त ત્રિ० (आयत्त) મિશ્રિત કરેલું, એકઠું કરેલું.

आयन्नण न० (आकर्णन) શ્રવણ કરવુ તે.

आयप्पवाय न० (आत्मप्रवाद) એ નામનો એક પૂર્વ-શ્રુત વિશેષ; ચૌદ પૂર્વમાંનો એક

आयभाव પુ० (आत्मभाव) મિથ્યાત્વ વિષય ગૃદ્ધિપણુ વગેરે. (૨) સ્વ-પોતાનો અભિપ્રાય-મત (૩) આત્મ સ્વરૂપ.

आयमण न० (आचमन) મળ ત્યાગ કર્યા પછી જળથી શુદ્ધિ કરવી તે. લેપ રહિતપણુ.

आयमिणी स्त्री० (आयमिनी) વિદ્યા વિશેષ.

आयय ત્રિ० (आयत) જુઓ " આયત " શબ્દ.

आययगंतुपच्चागया. स्त्री० (आयतगत्वाप्रत्यागता) કોઇ સાધુ એક શેરીમાં સિધા આગળ જઇ પાછા વળતાં ગોચરી કરે તે. ભિક્ષાનો એક પ્રકારનો અભિગ્રહ.

आययण. न० (आयतन) જુઓ " આયતણ " શબ્દ.

आययणसेवणा. स्त्री० (आयतनसेवना) સાધુ પ્રભૃતિની સેવના કરવી તે, સમકિતનું ત્રીજું ભૂષણ.

आययसंठाण. न० (आयतसंस्थान) લાકડીના જેવો લાંબો આકાર-સંઠાણ.

आयर. પુ० (आदर) જુઓ " આદર " શબ્દ

आयरक्ख. त्रि० (आत्मरक्ष) અંગરક્ષક; આત્મરક્ષક

आयरक्खदेव. पु० (आत्मरक्षदेव) આત્મ રક્ષક દેવતા.

आयरण. न० (आचरण) અનુષ્ઠાન કરવું તે.

आयरण. न० } (आदरण) માયા-કપટ
आयरणया. स्त्री० } વિશેષથી કોઈપણ વસ્તુનો સ્વીકાર કરવો તે.

आयरिय. त्रि० (आचर्य) આચરવા યોગ્ય.

आयरिय. पुं० (आचारिक) આચાર સંબંધી તત્ત્વ

आयरिय. त्रि० (आचरित) આચરેલું.

आयरिय. पु० (आचार्य) આચાર્ય; સાધુ સમુદાયના નાયક. (२) તીર્થંકર. (३) ગુરૂ.

आयरिय. त्रि० (आर्य) પૂજ્ય; પવિત્ર. (२) न० તત્ત્વ (३) पु० આર્યજાતિ; પાપ નહિ કરનાર મનુષ્ય.

आयरियखेत्त. न० (आर्यक्षेत्र) આર્યક્ષેત્ર.

आयरियभासिय. न० (आचार्यभाषित) પ્રશ્ન-વ્યાકરણ સૂત્રનું ચોથું અધ્યયન

आयरियविप्पडिवत्ति. स्त्री० (आचार्यविप्रतिपत्ति) બંધદશા સૂત્રનું પાંચમુ અધ્યયન

आयरिस. पु० (आदर्श) અરીસા; દર્પણ; આઈના.

आयव. पु० (आतप) જુઓ " આતવ " શબ્દ

आयवंत त्रि० (आत्मवत) આત્મજ્ઞાનવાળો.

आयवणाम न० (आतपनामन्) નામ કર્મનો એક ભેદ.

आयवत्त. न० (आतपत्र) છત્ર; છત્રી.

आयववंत. न० (आतपवत्) અહોરાત્રના ૨૪ મા મુહૂર્તનુ નામ.

आयवा स्त्री० (आतपा) આતપા નામની સૂર્યની એક અગ્રમહિષી. (२) આ નામનું " જ્ઞાતાધર્મકથા " સૂત્રનું એક અધ્યયન.

आयवि. त्रि० (आत्मवित्) આત્મજ્ઞાની.

आयवेयावच्चकर त्रि० (आत्मवैयावृत्यकर) આલસુ. (२) વિસંભોગિક-સાધુ સમુદાયથી ભિન્ન.

आयस. त्रि० (आयस) લોહમય; લોઢા સબંધી

आयसंवेयणीय पु० (आत्मसंवेदनीय) દ્રવ્ય ઉપસર્ગનો એક પ્રકાર; પોતાનાજ કારણથી શરીર કે સંયમની ઉપઘાત પીડા થાય તે.

आयसरीरअणवकंखवत्तिया स्त्री० (आत्मशरीरानवकांक्षाप्रत्यया) અણવકંખવતિયા ક્રિયાનો એક ભેદ; પોતાના શરીરનો નાશ થાય તેવા કર્મ કરવાથી લાગતી ક્રિયા.

आयसी स्त्री० (आयसी) લોઢાની કોશ.

आयहम्म. त्रि० (आत्मघात्य) આત્માની ઘાત કરનાર.

आयाअ. त्रि० (आयात) આવેલુ

आयाइ. स्त्री० (आयाति) જુઓ "આગઈ" શબ્દ.

आयाइट्ठाण न० (आजातिस्थान) સંસાર; જગત् (२) " આચારાંગ " સુત્રના એક અધ્યયનનું નામ

आयाण. पु० न० (आदान) લેવુ, ગ્રહણ કરવુ; સ્વીકારવુ તે. (२) ભોગલ રાખવાનું સ્થાન. (३) વાક્ય. (४) પરિગ્રહ (५) ઉપયોગપૂર્વક વસ્તુ લેવુ મુકવુ, આયાણભંડમત્તનિક્ખેવણા સમિતિ; પાંચ સમિતિમાંની ચોથી સમિતિ. (६) કર્મનુ ઉપાદાન કારણ. (७) જ્ઞાનાવરણી-યાદિ આઠ પ્રકારના કર્મ. (८) અઢાર પાપસ્થાન, હિંસાદિ આશ્રવસ્થાન (९) સમ્યગ્ જ્ઞાન દર્શન અને ચારિત્ર. (१०) મોક્ષ. (११) શ્રાવકનું પ્રથમ વ્રત ગ્રહણ કરવુ તે. (१२) ઇંદ્રિય; શ્રોત્ર આદિ પાંચ ઇન્દ્રિયો (१३) રમણીય, રમ્ય (१४) સંયમ (१५) ગ્રહણ કરવા યોગ્ય વસ્તુ. (१६) કારણ; હેતુ. (१७) આદિ; પ્રથમ.

आयाणपय. न० (आदानपद) અધ્યયન કે શ્રુતસ્કંધનું આદિપદ–શરૂઆતનું વાક્ય–જેમ ' ધમ્મોમગલ. '

आयाणभंडमत्तणिक्खेवणासमिइ. स्त्री० (आदानभाण्डमात्रनिक्षेपणासमिति) જુઓ "આદાણભંડમત્તણિખેવણાસમિઇ" શબ્દ

आयाणभंडमत्तनिक्खेवणासमिय. त्रि० (आदानभाण्डमात्रनिक्षेपणासमित) જુઓ " આદાનભંડમત્તણિખેવણાસમિય " શબ્દ

आयाणभय. पु० (आदानभय) આદાન–દ્રવ્ય સબંધી ભય; સાત ભયમાંનુ એક.

आयाणवंत. त्रि० (आदानवत) આદાન-જ્ઞાનદર્શન અને ચારિત્ર્યવાળો

आयाणसोय. न० (आदानस्रोतस) દુષ્ટ ઇંદ્રિયરૂપસ્રોત–કર્મ આવવાનુ દ્વાર. ઇંદ્રિયનો દુષ્ટ–ઉપયોગરૂપ આશ્રવ.

आयाणिज्ज. त्रि० (आदानीय) ગ્રહણ કરવા યોગ્ય. (२) શ્રુત, શાસ્ત્ર (३) કર્મ. (४) સંયમ, સયમાનુષ્ઠાન. (५) મોક્ષ.

आयाणीय. त्रि० (आदानीय) ગ્રહણ કરવા યોગ્ય, ગ્રાહ્ય

आयाणुकंपय त्रि० (आत्मानुकम्पक) આત્મહિત કરવામાં પ્રવૃત્ત, પ્રત્યેકબુદ્ધ અથવા જિનકલ્પી.

आयाम. न० (आचाम्ल) આયબિલ તપ.

आयाम. न० (आचाम) ઓસામણ; ચોખા આદિનુ પાણી

आयाम पु (आयाम) } લંબાઇ,
आयामणया. स्त्री० (आयामनता) } લાંબપણું

आयामविक्खंभ. पु० न० (आयामविष्कम) લંબાઇ પહોળાઇ

आयार. पु० (आकार) આકૃતિ; આકાર.

आयार. पु० (आचार) જ્ઞાનાદિ આચાર. (२) વ્યવહાર; વિધિ માર્ગ. (३) વર્તન, ચારિત્ર્ય (४) આચારંગસૂત્ર; ૧૨ અગમાંનુ પહેલું અંગસૂત્ર. (५) નિપુણ શિષ્ય.

आयारंग न० (आचाराङ्ग) ૧૨ અંગસૂત્રમાંનુ પ્રથમ અંગસૂત્ર.

आयारंगचूला स्त्री० (आचाराङ्गचूडा) આચારંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધનો પાછલો ભાગ.

आयारकप्प. न० (आचारकल्प) નિસીથ સૂત્રનું અપરનામ

आयारकल पु० (आत्मरक्त) જુઓ "આયરક્ખ" શબ્દ

आयारक्खेवणी स्त्री० (आचाराक्षेपणी) સાંભળનારને આચાર–અનુષ્ઠાન તરફ ખેંચનારી કથા, કથાનો એક પ્રકાર.

आयारग्ग. न० (आचाराग्र) આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધનો આગલો ભાગ.

आयारचूला स्त्री० (आचारचूला) } આ-
आयारचूलिया. स्त्री० (आचारचूलिका) } ચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધની ચૂલિકા.

आयारणिज्जुत्ति स्त्री० (आचारनिर्युक्ति) આચારાંગ સૂત્રની નિર્યુક્તિ

आयारतेण त्रि० (आचारस्तेन) આચારનો ચોર, અણાચારી છતા પોતાને આચારી કહેવડાવનાર

आयारदसा स्त्री० (आचारदशा) આચાર દશા નામનુ સૂત્ર.

आयारपकप्प पु० (आचारप्रकल्प) નિસીથના ત્રણ અધ્યયન સહિત આચારંગ સૂત્રના ૨૫ અધ્યયન

आयारपणिहि. पु० (आचारप्रणिधि) આચાર પ્રતિપાદન કરનાર દશવૈકાલિક સૂત્રનું ૮ મુ અધ્યયન.

आयारपत्त. त्रि० (आचारप्राप्त) બ્રહ્મચર્ય વ્રત આદિ આચારવાળો.

आयारभंडग. पु० (आचारभांडक) પાત્રાં, પાટ, રજોહરણ આદિ ઉપગરણ; જ્ઞાનાદિનાં સાધન.

आयारवत्थु. न० (आचारवस्तु) નવમા પૂર્વના ત્રીજા પ્રકરણનું નામ.

आयारविणय. पुं० (आचारविनय) વિનયપૂર્વક આચાર પાળવો તે; વિનયનો એક પ્રકાર.

आयारसमाहि पुं० (आचारसमाधि) આચારરૂપ સમાધિ; સમાધિનો એક પ્રકાર.

आयारोवगय त्रि० (आचारोपगत) ૧૪ મો યોગસંગ્રહ; આચાર વિશિષ્ટ પાળવો તે.

आयाव. पुं० (आताप) અસુરકુમાર જાતના દેવતાની એક જાત

आयावअ त्रि० } (आतापक) આતાપના
आयावग. त्रि० } લેનાર; સૂર્યની સન્મુખ દૃષ્ટિ રાખી સૂર્યનો તાપ સહેનાર.

आयावण. न० (आतापन) આતાપના; શીતાદિકનુ સહન કરવુ તે

आयावणभूमि. स्त्री० (आतापनभूमि) આતાપના લેવાની જગ્યા.

आयावणा. स्त्री० (आतापना) આતાપના લેવી.

आयावादि. त्रि० (आत्मवादिन) આત્માના યથાર્થ સ્વરૂપને સ્વીકારનાર; આસ્તિક.

आयावाय. पुं० (आत्मवाद) આત્મવાદ, પોતાના સિદ્ધાંતનો વાદ; સ્વસિદ્ધાંત સ્થાપન.

आयावि. त्रि० (आतापिन्) આતાપના લેનાર.

आयास. पुं० (आयाम) ચિત્તનો ખેદ. (૨) ૧૮ લિપિમાંની ૧૫ મી લિપિ. (૩) પરિગ્રહ; અસંતોષ.

आयासलिवि. स्त्री० (आयासलिपि) ૧૮ લિપિમાંની ૧૫ મી લિપિ.

आयाहिणं. अ० (आदक्षिणम्) દક્ષિણ તરફથી માંડી, જમણી તરફથી શરૂ કરીને.

आयाहिणपयाहिणा. स्त्री० (आदक्षिणप्रदक्षिणा) જમણી તરફથી શરૂ કરીને ફરી જમણી તરફ સુધી આવર્તન કરવું તે.

आयु. न० (आयुष्) આયુષ્ય.

आयोग. पुं० (आयोग) ધનની આવક.

आर. पुं० (आर) આલોક. (૨) સંસાર; જીવલોક. (૩) ગૃહસ્થપણું. (૪) ચોથી નરકનો એક નરકાવાસો. (૫) त्रि० અગાઉનું.

आरओ अ० (आरतस्) આલોક. (૨) પહેલાં; અર્વાગ્, આપાર. (૩) શરૂ કરી

आरंभ. पुं० (आरम्भ) પાપકારી વ્યાપાર; આરંભ સમારંભ. (૨) त्रि० જેનો આરંભ થાય તેવા જીવ.

आरंभकहा. स्त्री० (आरम्भकथा) ભોજનાદિકમાં થતાં આરંભ સમારંભના વખાણ કરવાં તે

आरंभग. त्रि० (आरम्भक) આરંભ કરનાર. (૨) હિંસક; પાપકર્મ કરનાર

आरंभज. त्रि० (आरम्भज) સાવદ્યક્રિયાના અનુષ્ઠાનથી ઉત્પન્ન થયેલ.

आरंभजीवि. त्रि० (आरम्भजीविन) આરંભ-સાવદ્યક્રિયાથી આજીવિકા ચલાવનાર (ગૃહસ્થ).

आरंभपरिणाय. त्रि० (आरम्भपरिज्ञात) શ્રાવકની આઠમી પડિમા આદરનાર શ્રાવક કે જે આઠ મહીના સુધી પોતે આરંભ સમારંભ કરે નહિ.

आरंभय. त्रि० (आरम्भज) જુઓ "આરંભજ" શબ્દ

आरंभवज्जय. त्रि० (आरम्भवर्जक) આરંભ-પાપના વ્યાપારનો ત્યાગ કરનાર; શ્રાવકની આઠમી પડિમા સેવનાર.

आरंभविणय पुं० (आरम्भविनय) આરમ્ભનો અભાવ.

आरंभसमारंभ. पुं० (आरम्भसमारंभ) આરંભ સમારંભ; પાપના વ્યાપારથી જીવની ઘાત કરવી તે.

आरंभि. त्रि० (आरम्भिन्) પાપનો આરંભ કરનાર.

आरंभिया. स्त्री० (आरम्भिकी) પાપના વ્યાપારથી લાગતી ક્રિયા.

आरक्ख. त्रि० (आरक्ष) } રાજાના આત્મ-
आरक्खग. त्रि० (आरक्षक) } રક્ષક. (૨) પુ૦ ઉગ્રવંશ. (૩) ત્રિ૦ તે વંશમાં ઉત્પન્ન થયેલ.

आरक्खिय. पु० (आरक्षिक) કોટવાળ.

आरग. पुं० (आरक) ચક્રનો આરો; પૈડાનો આરો.

आरगय. त्रि० (आरगत) ઇંદ્રિયોની સમીપ આવેલ; ઇન્દ્રિય ગોચર થયેલ.

आरटिय. पु० (आरटित) આક્રન્દન કરવું તે.

आरण. पु० (आरण) ૧૧ મો દેવલોક. (૨) તે દેવલોકના વાસી દેવતા. (૩) न० બુમ પાડવી તે; આરડવું તે.

आरणग. पु० (आरणक) ૧૧ મો દેવલોક.

आरण्णग. त्रि० (आरण्यक) }
आरण्णय. त्रि० }
आरण्णिय. त्रि० } અરણ્ય-વનમાં જઇ વસનાર; વાનપ્રસ્થ.

आरत. त्रि० (आरत) નિવૃત્તિ પામેલ; ઉપરત-વિરામ પામેલ. (૨) અત્યન્ત અનુરક્ત

आरद्ध. त्रि० (आरब्ध) આરંભ કરેલ.

आरन्निय. त्रि० (आरण्यक) જુઓ " આરણ્ણિય " શબ્દ.

आरब. पुं० (आरब) ઉત્તર ભરતમાંનો આરબ નામે એક દેશ; અર્બસ્થાન (૨) અરબસ્તાનના રહેવાસી મનુષ્ય; આરબ

आरबग. पुं० (आरबक) આરબ; આરબ દેશનો રહેવાસી.

आरबी स्त्री० (आरबी) અર્બસ્તાનમાં જન્મેલ દાસી.

आरभड. न० (आरभट) ૩૨ નાટકમાંનું ૨૮ મું નાટક.

आरभडभसोल. न० (आरभटभसोल) ૩૨ નાટકમાંનું ૩૦ મું નાટક.

आरभडा. स्त्री० (आरभटा) પડિલેહણ કરતી વખતે વસ્ત્ર ઉતાવળે લેતાં મુકતાં કે જોતાં લાગતો એક દોષ; પાડલેહણનો એક દોષ.

आरभिय. न० (आरभित) નાટયની વિધિનો એક પ્રકાર.

आरय. त्रि० (आरत) નિવૃત્તિ પામેલ. (૨) ગયેલ; દૂર થયેલ.

आरव. पु० (आराव) શબ્દ, અવાજ.

आरसिय. न० (आरसित) બરાડા પાડેલ; આરડેલ.

आरा. स्त्री० (आरा) આરા-ગાડી વિગેરેના પૈડાના મધ્ય ભાગમાં જે લાકડાં ગોઠવેલાં હોય છે તે (૨) આર; બળદને મારવાની લોઢાની અણીવાળી લાકડી, હથીયાર વિશેષ.

आरा अ० (आरात्) પાસે, નજીક. (૨) પૂર્વ ભાગ.

आराभाग पु० (आराद्भाग) પૂર્વનો ભાગ; પાસેનો ભાગ.

आराम पु० (आराम) ઉપવન; બાગ; સ્ત્રીપુરૂષોને આરામ લેવાનો મંડપ (૨) ત્રિ૦ આરામ કરનાર-આપનાર

आरामिय. पुं० (आरामिक) આરામ-બાગનું રક્ષણ કરનાર માળી.

आराहअ. पु० (आराधक) આરાધક, સંયમ આદિનો પાળનાર

आराहग. त्रि० (आराधक) જ્ઞાનાદિકનો આરાધક. (૨) મોક્ષનો સાધક.

आराहण. न० (आराधन) આરાધન; સેવન.

आराहणय. पु (आराधनक) સંથારો.

आराहणया. स्त्री० (आराधना) સંથારો; (૨) શ્રુત-શાસ્ત્રનું સમ્યક્ પ્રકારે આરાધન-આસેવન.

आराहणा. स्त्री० (आराधना) મોક્ષ માર્ગરૂપ જ્ઞાન આદિની સેવા.

आराहणी स्त्री० (आराधनी) જેનાથી મોક્ષ માર્ગની આરાધના કરાય એવી ભાષા; દ્રવ્ય ભાષાનો એક પ્રકાર.

आराहिय. त्रि० (आराधित) આરાધના કરેલ.

आरिट्ठ. पु० (आरिष्ठ) મડપગોત્રની શાખા. (૨) તે શાખામાંનો પુરૂષ.

आरिय. त्रि० (आकारित) બોલાવેલ.

आरिय. त्रि० (आर्य) જ્ઞાની તીર્થંકર. (૨) પવિત્ર; વિશુદ્ધ; શ્રેષ્ઠ; નિષ્પાપ. (૩) આર્ય દેશમાં ઉત્પન્ન થયેલ; શ્રેષ્ઠ મનુષ્ય (૪) પું૦ મોક્ષ માર્ગ. (૫) આર્ય દેશ. જુઓ " અજ્જ " શબ્દ.

आरियदंसि. त्रि० (आर्यदर्शिन्) ન્યાય દૃષ્ટિવાળો; ન્યાય દૃષ્ટિએ જોનાર.

आरियपन्न त्रि० (आर्यप्रज्ञ) પ્રશસનીય બુદ્ધિવાળો; શાસ્ત્રીય જ્ઞાનવાન્.

आरुग्ग न० (आरोग्य) નિરોગીપણું; સ્વાસ્થ્ય

आरुसिय. त्रि० (आरुष्ट) ક્રોધી થયેલ.

आरुहण न० (आरोहण) સ્વાર થવું; ચડવું

आरूढ. त्रि० (आरूढ) ઉપર ચડેલ; આશ્રિને રહેલ. (૨) પ્રાપ્ત થયેલ. ઉત્પન્ન થયેલ; ઉગેલ.

आरेण. अ० (आरेण) નજીક; પાસે. (૨) આતરફ, આ કાંઠે. (૩) હાલનું. (૪) પ્રારંભકર.

आरोग्ग. न० (आरोग्य) નિરોગીપણું; તનદુરસ્તિ. (૨) त्रि० રોગરહિત; નિરોગી.

आरोप्प. पुं० (आरोप्प) બુદ્ધ શાસ્ત્રમાં કહેલ એક દેવતાની જાત.

आरोवणा. स्त्री० (आरोपणा) આરોપણા-એક અપરાધનું પ્રાયશ્ચિત્ત કરતાં પુનઃ તેજ અપરાધ બીજીવાર કર્યો તેનું પ્રાયશ્ચિત પ્રથમ પ્રાયશ્ચિતમાં ઉમેરવું-આરોપવું તે. (૨) પ્રરૂપણા; વ્યાખ્યાનો એક પ્રકાર. (૩) પ્રશ્ન.

आरोस. पुं० (आरोष) એ નામનો એક દેશ. (૨) તે દેશવાસી મ્લેચ્છની એક જાત.

आरोह. पुं० (आरोह) શરીરની ઉંચાઈ

आरोहग. त्रि० (आरोहक) હાથીની સ્વારી કરનાર. (૨) હસ્તિપાલક.

आरोहपरिणाह. पुं० (आरोहपरिणाह) શરીરની ઉંચાઈ જેટલી બે ભુજાની પહોળાઈ હોય તે આરોહપરિણાહ.

आलइअ. त्रि० (आलयिक) ગૃહી; આશ્રયવાળા. (૨) અલંકાર શાસ્ત્રના જાણનાર. (૩) અલંકાર સંબંધી. (૪) અલંકાર યોગ્ય.

आलइय. त्रि० (आलगित) યથાયોગ્ય સ્થાને પહેરેલ.

आलंकारिग. त्रि० (आलङ्कारिक) જ્યાં અલંકાર-ઘરેણા પ્હેરવામાં આવે તે સ્થાન.

आलंकारियसभा. स्त्री० (आलङ्कारिकसभा) અલંકાર પહેરવાની સભા.

आलंद. पुं० (आलन्द) પાણીથી ભીનો-લીલો હાથ સુકાય તેટલા વખતથી માંડી. ૫ રાત દિવસ સુધીનો કાળ.

आलंदिअ. त्रि० (आलन्दिक) ઉપર કહેલા સમયનું ઉલ્લંઘન ન કરનાર.

आलंब. पु० (आलम्ब) આધાર; આલમ્બન.

आलंबण. न० (आलम्बन) } આધાર;
आलंबणा स्त्री० (आलम्बना) } આશ્રય, ટેકો. (૨) ઇર્યાસમિતિનું આલંબન-જ્ઞાન દર્શન અને ચારિત્ર. (૩) કારણ; પ્રયોજન.

आलंभिय. न० (आलम्भिक) એક શહેરનું નામ. (૨) ભગવતી સૂત્રના અગીયારમા શતકના બારમા ઉદ્દેશાનું નામ.

आलंभिया. स्त्री० (आलम्भिका) આલભિકા નામની એક નગરી.

आलक्क. पु० (अलर्क) હડકાયો કુતરો.

आलभिया. स्त्री० (आलभिका) એ નામની એક નગરી.

आलय. पु० न० (आलय) રહેવાનું સ્થાન; ઘર.

आलवण. न० (आलपन) બોલવું; વાતચિત કરવી.

आलसिय. त्रि० (आलसित) આલસુ; મન્દ.

आलस्स. न० (आलस्य) આલસ; પ્રમાદ.

आलाव. પુ० (आलाप) થોડું બોલવું તે; આલાપ કરવો તે. (૨) શરૂઆતનું ભાષણ. (૩) એકવાર બોલાએલું.

आलावग्र. आलावग. પું० (आलापक) આલાવો; એક સંબંધવાળા વાક્યોનો સમૂહ. (૨) ગ્રંથનો થોડો ભાગ; પેરેગ્રાફ.

आलावण. ન० (आलापन) પરસ્પર બે વસ્તુ મળવાથી થતો બંધ.

आलावणबंध. પુ० (आलापनबंध) પરસ્પર બે વસ્તુ ભેગી થવાથી થતો બંધ; જેમ ખડની ભારી અને દોરડું એ બેનો બંધ.

आलि. પુ० (आलि) એક જાતની વનસ્પતિ

आलिंग. પુ० (आलिङ्ग) મુરજ-માદલ નામનું વાજીંત્ર. (૨) આલિંગ-સાધુનો વેષ.

आलिंगण. ન० (आलिङ्गन) આલિંગન, થોડો સ્પર્શ કરવો તે.

आलिंगणवट्टि. સ્ત્રી० (आलिङ्गनवृत्ति) શરીર પ્રમાણે લાંબુ ઓશીકું.

आलिंगणिया. સ્ત્રી० (आलिङ्गनिका) શરીર પ્રમાણે લાંબુ ઓસીકું.

आलिंगपुक्खर. ન० (आलिङ्गपुष्कर) મુરજ-માદલ વાજીંત્રનું મોઢું.

आलिंगिणी. સ્ત્રી० (आलिंगिनी) ઘુંટણ અને કોણી નીચે રાખવાનો ચાકળો

आलिघर. ન० (आलिगृह) આલિ નામની વનસ્પતિ વિશેષનું બનાવેલ ઘર-મંડપ

आलित्त. ત્રિ० (आलित्र) નાવાને ચલાવવાનાં હલેસાં.

आलित्त. ત્રિ० (आदीप्त) સર્વ તરફથી જ્વલિત-બળી રહેલ.

आलिद्ध. ત્રિ० (आश्लिष्ट) આલિગન કરાયેલ.

आलिद्ध. ત્રિ० (आदिग्ध) લાગેલ; જોડેલ.

आलिसंदग. પુ० (आलिसन्दक) **आलिसिंदग.** પુ० (आलिसिन्दक) ધાન્ય વિશેષ; ચોળા. (૨) અળસિ.

आलीण. ત્રિ० (आलीन) ઇંદ્રિયનિગ્રહરૂપ મર્યાદામાં તલ્લાલીન. (૨) આશ્રિત. (૩) થોડું લાગેલ-વળગેલ (૪) આલિંગન કરેલ; ભેટેલ.

आलीणगुत्त ત્રિ० (आलीनगुप्त) જેણે ઇંદ્રિયોનો નિગ્રહ કરી ગોપવી રાખી તે, જિતેંદ્રિય.

आलीयग. आलीवक. आलीवग. ત્રિ० (आदीपक) આગ લગાડનાર; અગ્નિ સળગાવનાર.

आलीवण. ન० (आदीपन) રોશની કરવી તે.

आलीवित. ત્રિ० (आदीप्त) અગ્નિમાં બાળેલ

आलु પું० ન० (आलु) બટાટા, કન્દ વિશેષ.

आलुई. સ્ત્રી० (आलुकी) એક જાતની વેલ.

आलुंप. ત્રિ० (आलुम्प) હિંસા ચોરી, જારી વગેરે અકૃત્ય સેવનારા. છીનવી લેનાર.

आलुग. आलुय. પુ० ન० (आलु) સાધારણ વનસ્પતિ વિશેષ; બટાટા.

आलुयवग्ग પુ० (आलुकवर्ग) આલુ-બટાટા સબંધી ભગવતી સૂત્રના ૨૩ મા શતકનો બીજો વર્ગ.

आलेवण. ન० (आलेपन) થોડું લેપન

आलोअ. પુ० (आलोक) વિલોકન, સારી રીતે જોવું તે. (૨) પૃથ્વીનો સરખો ભાગ; સમ ભૂભાગ. (૩) ગવાક્ષ આદિ પ્રકાશનું સ્થાન. (૪) જગત્, સંસાર. (૫) જ્ઞાન. (૬) પ્રકાશ. (૭) રૂપી પદાર્થ.

आलोइत्तार. ત્રિ० (आलोकितृ) જોનાર, અવલોકન કરનાર.

आलोइय ત્રિ० (आलोकित) નિરીક્ષણ કરેલ

आलोइय. ત્રિ० (आलोचित) આલોચન કરેલ, નિવેદન કરેલ.

आलोक. आलोग પુ० (आलोक) જુઓ “ આલોઅ ” શબ્દ.

आलोय. પુ० (आलोक) અવલોકન; નિરીક્ષણ; દર્શન; દેખવું તે (૨) દીવાનો પ્રકાશ.

आलोयण. न० (आलोकन) દર્શન.

आलोयण. न० (आलोचन) } શિષ્યે ગુરૂ પાસે પોતાના દોષનું આલોચન કરવું-નિવેદન કરવું તે.
आलोयणया. स्त्री०
आलोयणा. स्त्री० (आलोचना)

आलोयणारिह. न० (आलोचनार्ह) ગુરૂ પાસે નિવેદન કરવાથી જે પાપની શુદ્ધિ-નિવારણ થાય તે; આલોચના યોગ્ય પાપ (૨) આલોચના યોગ્ય પ્રાયશ્ચિત્ત.

आलोयदरिसणिज्ज. त्रि० (आलोकदर्शनीय) જે દૃષ્ટિગોચર થતાં ઉંચામાં ઉંચું દેખાય તે.

आलोयभायण न० (आलोकभाजन) જેમાં પ્રકાશ પડે એવું ભાજન

आलोविय त्रि० (आलोपित) આચ્છાદન કરેલ.

आव. पु० (आप) લાભ; નફો.

आवइ स्त्री० (आपद्) આપત્તિ—દુઃખ, વિપત્તિ.

आवंतिअज्झयण. न० (आवन्त्यध्ययन) આચારંગના પ્રથમ શ્રુતસ્કંધના પાંચમા અધ્યયનનું નામ

आवंती. त्रि० (यावत्) જેટલા

आवकह. न० (यावत्कथम्) } જાવ જીવ સુધી; જીંદગી પર્યન્ત.
आवकहा स्त्री० (यावत्कथा)

आवकहिय त्रि (यावत्कथिक) યાવજ્જીવ સુધીનું; હમેશનું; ઘણા વખતનું.

आवगा. स्त्री (आपगा) નદી.

आवज्जग. त्रि० (आवर्जक) પ્રસન્ન કરનાર.

आवज्जण. न० (आवर्जन) કેવળીનો ઉપયોગ. (૨) માનસિક વ્યાપાર; શેષ રહેલા કર્મનો ઉદયાવલિકામાં પ્રક્ષેપ કરવાનો વ્યાપાર—ક્રિયા.

आवज्जीकरण. न० (आवर्जीकरण) જુઓ " આવજ્જણ " શબ્દ.

आवट्ट. पुं० (आवर्त्त) સમુદ્રાદિકમાં ચક્રાકારે ઘુમરી ખાતું પાણી દેખાય તે. (૨) રખડવું; પરિભ્રમણ કરવું તે (૩) મોહપાશ; ભૂલવણી. (૪) સંસાર. (૫) સંસારના કારણરૂપ-વિષયના શબ્દાદિક ગુણ. (૬) ઉત્કટ મોહના ઉદયથી વિષયની પ્રાર્થના કરવી તે. (૭) ફરીફરીને ઉત્પન્ન થવું તે. (૮) મહાઘોષનામે થણિત કુમારના ઇંદ્રના લોકપાલનું નામ. (૯) જંબુદ્વીપમાંનો એક દીર્ઘ વૈતાઢ્ય પર્વત. (૧૦) એક ખરીવાળા સ્થળચર તિર્યંચ પંચેન્દ્રિયની એક જાત (૧૧) અહોરાત્રના ૨૫ મા મુહૂર્તનું નામ (૧૨) આવર્ત નામનું એક વિમાન (૧૩) જમ્બૂદ્વીપના મેરૂની પૂર્વે સીતા મહાનદીની ઉત્તરે આવર્ત નામની એક વિજય. (૧૪) આવર્તનામે ૩૨ નાટકમાંનું એક નાટક. (૧૫) મણિનું એક લક્ષણ.

आवट्टकूड. न० (आवर्त्तकूट) મહા વિદેહમાંના નલિનકૂટ નામે વખારા પર્વતનું એ નામનું એક શિખર.

आवड. पुं० (आपात) કિરાત દેશના ભિલ્લની એક જાત.

आवडण. न० (आपतन) ભાંગવું; કકડા કરવા

आवडिय त्रि० (आपतित) ચારે તરફથી આવી પડેલું, લાગેલું.

आवण. पु० (आपण) હાટ, દુકાન. (૨) બજાર.

आवण्ण. त्रि० (आपन्न) પ્રાપ્ત થયેલ; આશ્રીને રહેલ. (૨) ઉત્પન્ન થયેલ.

आवण्णसत्ता. स्त्री० (आपन्नसत्त्वा) ગર્ભવતી, સગર્ભા સ્ત્રી.

आवत्त. पुं० (आवर्त्त) જુઓ "આવટ્ટ" શબ્દ.

आवत्तकूड. न० (आवर्त्तकूट) નલિનકૂટ નામે વક્ખારા પર્વતના ચાર કૂટમાંનું ત્રીજું કૂટ—શિખર.

आवत्तण. न० (आवर्त्तन) ઉથાડવું વાસવું

आवत्तणपेढिया. स्त्री० (आवर्त्तनपीठिका) જેમાં ભોગલ રહે તે સ્થાન.

आवत्ता. स्त्री० (आवर्त्ता) આવર્તા નામની એક વિજય.

आवत्ति. स्त्री० (आपत्ति) પ્રાપ્તિ. (૨) ઉત્પત્તિ. (૩) દોષ પ્રસંગ. (૪) દુ:ખ.

आवन्न. त्रि० (आपन्न) પ્રાપ્ત થયેલ.

आवया. स्त्री० (आपद्) આફત-આપત્તિ. સંકટ.

आवर त्रि० (अपर) બીજું.

आवरण. न० (आवरण) કવચ; બખતર (૨) ઢાલ. (૩) ઢાંકવું તે; ઢાંકણ. (૪) મજિઠ આદિ દ્રવ્ય. (૫) સર્વ વિરતિ અથવા દેશ વિરતિરૂપ પચ્ચખાણને અટકાવનાર કષાય મોહનીય કર્મની પ્રકૃતિ (૬) જ્ઞાન આદિ શક્તિને આવરનાર-ઢાંકનાર જ્ઞાનાવરણીયાદિ કર્મ.

आवरणावरणपविभत्ति. न० (आवरणावरणप्रविभक्ति) ૩૨ પ્રકારનાં નાટકમાંનું એક.

आवरणिज्ज. त्रि० (आवरणीय) આત્માની જ્ઞાનાદિ શક્તિને આવરનાર; જ્ઞાનાવરણીયાદિ કર્મ.

आवरणी स्त्री० (आवरणी) આવરણકારી વિદ્યા.

आवरिय. त्रि० (आवृत) ઢાંકેલ; આચ્છાદન કરેલ.

आवरिसण. न० (आवर्षण) સુગંધિ પાણીનો છટકાવ કરવો.

आवलण. न० (आवलन) અંગ મરડવું તે.

आवलि. स्त्री० (आवलि) હાર, પંક્તિ; લાઇન.

आवलियपविभत्ति. न० (आवलिकाप्रविभक्ति) નાટ્યવિધિ વિશેષ.

आवलिया स्त्री० (आवलिका) અસંખ્યાત સમય પ્રમાણે એક કાળ વિભાગ; એક શ્વાસોશ્વાસનો સંખ્યાતમો ભાગ. (૨) શ્રેણિ; પંક્તિ.

आवसह. पु० (आवसथ) મકાન; ઘર; રહેઠાણ. (૨) તાપસનો આશ્રમ; મઠ.

आवसहिय. पुं० (आवसथिक) આશ્રમ-ઝુંપડીમાં રહેનાર; સન્યાસી (૨) ગૃહસ્થ.

आवसिय. / **आवस्सग.** / **आवस्सय.** त्रि० (आवश्यक) અવશ્યનું; જરૂરી. (૨) न० સાધુ અને શ્રાવકને બે વખત અવશ્ય કરવાની ક્રિયા; પ્રતિક્રમણ (૩) તે ક્રિયા પ્રતિપાદક આવશ્યક નામનું સૂત્ર. (૪) આધાર.

आवस्सयकरण न० (आवश्यककरण) કેવળી સમુદ્ઘાત કર્યા પહેલાં કેવળીને અવશ્ય કરવા યોગ્ય વ્યાપાર

आवस्सयसुयखंध. न० (आवश्यकश्रुतस्कंध) એ નામનું એક સૂત્ર

आवस्सया स्त्री० / **आवस्सिया.** स्त्री० (आवश्यकी) સાધુએ અવશ્યકામ પડયે બહાર જતી વખતે "આવસ્સહિ" શબ્દ બોલવો તે; સામાચારીનો એક પ્રકાર.

आवह. त्रि० (आवह) ધારણ કરનાર.

आवाग पु० (आपाक) નિભાડો.

आवाड. पुं० (आपात) ઉત્તર ભરતમાની કિરાત નામે ભિલની એક જાત

आवाय पु० (आपाक) નિભાડો.

आवाय. पु० (आपात) આવજાવ; માણસોનું ગમનાગમન (૨) પ્રથમ મેળાપ.

आवायभद्द. पुं (आपातभद्र) પ્રથમ મેળાપમાં બોલવા ચાલવા વિગેરેમાં સુખ આપનાર.

आवावकहा स्त्री० (आवापकथा) ભોજન સંબંધી કથા કરવી તે.

आवास. पु० (आवास) મહેલ; હવેલી. (૨) શરીર. (૩) આવાસ નામનો એક દ્વીપ અને એક સમુદ્ર. (૪) નરકાવાસ.

आवासग. पु० (आवश्यक) જુઓ " आवस्सय " શબ્દ.

आवासपव्वय. पु० (आवासपर्वत) नागराजनो आवास पर्वत.

आवासय. पु० (आवासक) पक्षिनु घर; माळो. (२) न० नित्य कर्म. (३) आच्छादक.

आवासय. न० (आवश्यक) आवश्यक कर्तव्य.

आवाह. पु० (आवाह) विवाह पहेलां तांबूल देवानो उत्सव. (२) नवपरणित वहुवरने प्रथम घेर लाववां ते.

आवाहण. न० (आह्वान) आमन्त्रण देवु; बोलाववुं.

आवि. अ० (चापि) संभावना. (२) समुच्चय; पण.

आवि. अ० (आविस्) प्रगट; जाहेर.

आविश्र. त्रि० (आविच) अविच देशमा उत्पन्न थयेल.

आविई. स्त्री० (आविची) अवीच देशमां उत्पन्न थयेल स्त्री.

आविकम्म. न० (आविष्कर्मन्) खुल्लु-प्रगट काम. (२) उत्पत्ति. (३) अभिव्यक्ति.

आविट्ठ. त्रि० (आविष्ट) युक्त थयेल, जोडायेल. (२) अधिष्ठित.

आविद्ध. त्रि० (आविद्ध) पहेरेलु; धारण करेलुं. (२) वींटेलुं; यथोचित बांधेलुं

आविब्भाव. पु० (आविर्भाव) प्रगट थवु, प्रादुर्भाव थवो

आविब्भूय. त्रि० (आविर्भूत) पेदा थयेल. (२) प्रगट थयेल.

आविल. त्रि० (आविल) आकुळ (२) कलुषित; डोळु.

आवीइमरण. न० (आवीचिमरण) समये समये आयुष्यना दळनो अपचय थाय ते; आयुष्य समये समये ओछुं थाय ते.

आवीइसरिणय. न० (आवीचिसञ्ज्ञित) आवीचि नामनुं मरण.

आवीकम्म. न० (आविष्कर्मन्) जुओ "आविकम्म " शब्द.

आवुत्त. त्रि० (अव्युक्त) नहि कांधेल; वगर कांधेल.

आवेढिय. त्रि० (आवेष्टित) चारे तरफथी वींटेल. (२) एक वार वींटेल.

आस. पुं० स्त्री० (आश) भोजन.

आस. पुं० (आस) फेंकवुं.

आस. न० (आस्य) मुख; मों.

आस. पु० (अश्व) घोडो; अश्व (२) अश्विनी नक्षत्रनो अधिष्ठाता देवता. (३) अश्वदेवताथी उपलक्षित अश्विनी नक्षत्र. (४) मन; चित्त.

आसंग. पु० (आसङ्ग) रोग.

आसंदय. न० (आसन्दक) एक जातनु आसन.

आसंदिया. स्त्री० (आसन्दिका) } एक जातनु
आसंदी. स्त्री (आसन्दी) } आसन; मांची. (२) लाकडीनुं मांचडु.

आसंसइय. त्रि० (आमर्शायित) जेमां संदेह नथी तेवु.

आसंसप्पओग. पु० (आशंसाप्रयोग) आशंसा-अभिलाषा करवी ते

आसंसा. स्त्री० (आशंसा) कामभोग मेळववानी इच्छा,-अभिलाषा.

आसंसि त्रि० (आशंसिन्) अभिलाषी.

आसकरण. पु० (अश्वकर्ण) लवण समुद्रमाना ५६ अन्तरद्वीपमानो अश्वकर्ण नामनो एक अंतरद्वीप. (२) त्रि० ते द्वीपना रहेवासी.

आसकरण. न० (अश्वकरण) घोडाने कळा शीखववानी जग्या.

आसकिसोर. पु० (अश्वकिशोर) जातवान घोडानुं बच्चुं; वछेरु.

आसकिसोरी. स्त्री० (अश्वकिशोरी) जातवान वछेरी.

आसग. पु० (आस्यग) ડોક.

आसग्गीव. पु० (अश्वग्रीव) ભરતક્ષેત્રના ચાલુ અવસર્પિણીના પહેલા પ્રતિવાસુદેવનું નામ

आसजुद्ध. न० (अश्वयुद्ध) ઘોડાનું યુદ્ધ

आसज्ञ. न० (आसज्ञ) ક્રિયા વિશેષ

आसण. न० (आसन) આસન; બેઠક; સિંહાસન ભદ્રાસન મયૂરાસન વગેરે. (૨) આસનવાળી બેસવું તે (૩) શય્યા

आसण्ण. त्रि० (आसन्न) નજીક; પાસે.

आसत्त. त्रि० (आसक्त) ભૂમિમાં લાગેલ, ઉપરથી નીચેના ભાગ સાથે લાગેલ

आसत्ति स्त्री० (आसक्ति) પરિગ્રહ આદિમાં ગૃદ્ધિ.

आसत्तोसत्त त्रि० (आसक्तोत्सक्त) ઉપરના ભાગથી નીચેના ભાગને લાગેલ

आसत्थ. त्रि० (आश्वस्त) આરામ લીધેલ, સ્વસ્થ.

आसत्थ पु० (अश्वत्थ) પીપળો

आसधर त्रि० (अश्वधर) ઘોડાવાળો સોદાગર

आसन. न० (आसन) જુઓ "આસણ" શબ્દ.

आसन्न. त्रि० (आसन्न) જુઓ "આસણ્ણ" શબ્દ

आसन्नभव. पु० (आसन्नभव्य) થોડા વખતમાં મોક્ષ જવા યોગ્ય ભવ્ય જીવ

आसपुरा. स्त्री० (अश्वपुरा) પદ્માવિજયની મુખ્ય નગરી.

आसपोसय त्रि० (अश्वपोषक) ઘોડાનો પોષનાર; સોદાગર.

आसप्पमद्दय. त्रि० (अश्वप्रमर्दक) ઘોડાને કળા શીખવનાર.

आसम. पु० (आश्रम) આશ્રમ; તાપસ લોકોને રહેવાની જગ્યા. (૨) ચાર આશ્રમ પૈકી એક આશ્રમ (૩) તીર્થસ્થાન.

आसमक्खिया. स्त्री० (अश्वमक्षिका) ઘોડાની માખ; બગા. (૨) ચાર ઇન્દ્રિયવાળા જીવની જાત.

आसमद्दु पु० (अश्वमृग) ઘોડાના સમારનારા.

आसमद्दअ. } **आसमद्दग** } पु० (अश्वमर्दक) ઘોડાને મર્દન કરનાર.

आसमपय. न० (आश्रमपद) એ નામનો એક બાગ

आसमित्त पु० (अश्वमित्र) અશ્વમિત્રાચાર્ય નામના ચોથા નિન્હવ કે જેણે દરેક પદાર્થ ક્ષણે ક્ષણે નાશ પામે છે એમ સ્થાપન કર્યું

आसमुह. पु० (अश्वमुख) લવણ સમુદ્રમાં દાઢા ઉપર જતા વિદિશામાં રહેલ અશ્વમુખ નામનો એક અંતરદ્વીપ. (૨) તે દ્વીપમાં રહેનાર મનુષ્ય.

आसय पु (आश्रय) આલય, સ્થાન; મકાન. (૨) સેવવા યોગ્ય. (૩) આશ્રય, આધાર.

आसय. पु० (आशय) ચિત્તવૃત્તિ, પરિણામ. (૨) અભિપ્રાય.

आसय. पु० (आशक) ખાનાર.

आसरयण. न० (अश्वरत्न) અશ્વરત્ન, ચક્રવર્તિના ચૌદ રત્નમાનું એક રત્ન

आसरह पु० (अश्वरथ) ઘોડાગાડી; જેમાં ઘોડા જોડાય એવો રથ

आसराय पु० (अश्वराजन्) અશ્વરાજ, ઉત્તમ ઘોડો

आसरुह. } **आसरोह.** } पु० (अश्वरुह) ઘોડેસ્વાર.

आसल. त्रि० (आशल) સ્વાદ લેવા યોગ્ય; ખાવા યોગ્ય

आसव. पु० (आस्त्रव) દારૂ; મદીરા; મદ્ય; શરાબ.

आसव. पु० (आश्रव) જીવરૂપ તળાવમાં કર્મરૂપ પાણીને આવવાનું ગરનાળું; કર્મ

આવવાનું દ્વાર; મિથ્યાત્વ અવિરતિ પ્રમાદ કષાય અને અશુભયોગ એ પાંચમાંનુ ગમે તે એક. (૨) ત્રિ૦ શ્રોતા; ગુરૂવચન સાંભળનાર.

आसवर. } **आसवार.** } પું૦ (अश्ववार) અસ્વાર; ઘોડેસ્વાર.

आसवाहणिया. સ્ત્રી૦ (अश्ववाहनिका) ઘોડાની સ્વારી; અશ્વક્રીડા.

आसवोदगा. સ્ત્રી૦ (आस्वोदका) મીઠા પાણીની વાવ.

आससण ન૦ (आशसन) હિંસા. પ્રાણીનો વિનાશ

आससा. સ્ત્રી૦ (आशसा) ઇચ્છા-આકાંક્ષા. આશા

आससेण. પુ૦ (अश्वसेन) કાશીના રાજાનું નામ. (૨) ચાલુ અવસર્પિણીના ચોથા ચક્રવર્તીના પિતા. (૩) ૨૩ મા તીર્થંકર પાર્શ્વનાથના પિતાનું નામ.

आसा. સ્ત્રી૦ (आशा) ઇચ્છા; અભિલાષા. (૨) ભોગની આકાંક્ષા. (૩) ઉત્તર રૂચક પર્વત પર રહેનારી એક દેવીનું નામ

आसाइय ત્રિ૦ (आसादित) પ્રાપ્ત થયેલ

आसाढ. પુ૦ (आषाढ) અષાડ મહિનો (૨) તૃણવિશેષ (૩) આષાઢાચાર્ય નામના ત્રીજા નિહ્નવ કે જેણે દરેક વસ્તુ અવ્યક્ત-સદિગ્ધ છે એટલે કોનામાં સાધુના છે અને કોનામાં નહિ તેનો નિશ્ચય ન થઇ શકવાથી કોઇને પગે લાગવુ નહિ એમ સ્થાપન કર્યું.

आसाढभूइ. પું૦ (आषाढभूति) જુઓ "અસાડભૂઇ" શબ્દ.

आसाढा. સ્ત્રી૦ (आषाढा) એ નામનુ નક્ષત્ર; પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા નક્ષત્ર.

आसाढायरिय. પું૦ (आषाढाचार्य) આષાઢ નામના ત્રીજા નિન્હવ આચાર્ય.

आसाढी. સ્ત્રી૦ (आषाढी) અષાડમાસની પૂર્ણિમા.

आसादण. ન૦ (आसादन) મેળવવુ; ગ્રહણ કરવુ.

आसादणता. સ્ત્રી૦ (आशातना) અવિનય; આશાતના

आसादिय. ત્રિ૦ (आसादित) પ્રાપ્ત કરેલ.

आसादेत्तार. ત્રિ૦ (आस्वादयितृ) સ્વાદ લેનાર

आसामर. પુ૦ (आशामर) સાતમા વાસુદેવ અથવા બળદેવના પૂર્વભવના ધર્મગુરૂનું નામ.

आसाय. પુ૦ (आस्वाद) સ્વાદ; રસ.

आसायण. ન૦ (आस्वादन) આસ્વાદન; રસ લેવો તે

आसायण. ન૦ (आसादन) ગ્રહણ કરવું; મેળવવુ.

आसायण. ન૦ (आशातन) અનન્તાનુબંધી કષાયનુ વેદન. (૨) અપમાન; તિરસ્કાર.

आसायणा. સ્ત્રી૦ (आशातना) આશાતના, વિનય મર્યાદાનું ઉલ્લંઘન.

आसायणिज्ज. ત્રિ૦ (आस्वादनीय) સ્વાદ લેવા યોગ્ય; ચાખવા યોગ્ય.

आसालय. ન૦ (आशालक) જેના ઉપર સુઇ શકાય કે બેસીને આરામ લઇ શકાય તેવું એક આસન.

आसालिया સ્ત્રી૦ (आशालिका) એ જાતને સર્પ કે જે પદર કર્મભૂમિમાં ચક્રવાતની સેના નીચે પૃથ્વીમા સમુર્ચ્છિમપણે અંતર્મુહૂર્તને આઉખે ઉત્પન્ન થાય છે.

आसाविणी. સ્ત્રી૦ (आश्राविणी) છિદ્રવાળી નાવા; જેમાં પાણી આવે એવી નાવ.

आसास. પુ૦ (आश्वास) આશ્વાસન. (૨) વિશ્રામનું સ્થાન; થાક લેવાની જગ્યા. (૩) એક દ્વીપનું નામ.

आसासग. પુ૦ (आशासक) એક જાતનું વૃક્ષ.

आसासण. न० (आश्वासन) આશ્વાસન નામનો ગ્રહ.

आसासणया. स्त्री० (आश्वासना) આશિર્વાદ.

आसासिय. त्रि० (आश्वासित) આશ્વાસન આપેલ; વિશ્રામ લીધેલ.

आसि. स्त्री० (आशिष्) દાઢ.

आसित्त. त्रि० (आसिक्त) થોડુંક છાંટેલું, છંટકાવ કરેલ.

आसित्तिआ. स्त्री० (आसिक्तिका) એક ખાદ્ય પદાર્થ

आसिय. त्रि० (आश्रित) આશ્રય પામેલ.

आसिय. त्रि० (आसिक्त) જુઓ " આસિત્ત " શબ્દ.

आसियावाय. पु० (आशीर्वाद) આશિર્વચન

आसिल. पु० (आसिल) એ નામના એક અન્યતીર્થી પ્રાચીન ઋષિ

आसी. स्त्री० (आशी) સર્પની દાઢ

आसीण त्रि० (आसीन) બેઠેલ, આશ્રય કરેલ.

आसीविस. पु० (आशीविष) જેની દાઢમાં ઝેર રહેલું છે તેવો સર્પ. (૨) સીતોદાનદીને પશ્ચિમ કિનારે શંખ વિજયની પશ્ચિમ સરહદ ઉપરનો વખારા પર્વત. (૩) નિગ્રહ અથવા અનુગ્રહ કરવામાં સમર્થ.

आसीविसत्त. न० (आशीविषत्व) ઇષ્ટઅનિષ્ટ કરવાનું સામર્થ્ય.

आसीविसभावणा. स्त्री० (आशीविषभावना) ઇષ્ટાનિષ્ટ કરવાના સામર્થ્ય સંબંધી હકીકત જેમાં બતાવેલ છે તેનું અગણાતુ એક કાલિકસૂત્ર.

आसीविसा. स्त्री० (आशीविषा) સીતોદામહા નદીને જમણે કાંઠે આવેલી આશીવિષા નામની નગરી.

आसु. अ० (आशु) જલ્દી, શીઘ્ર, એકદમ.

आसुक्कार. पु० (आशुकार) જેથી તત્કાલ મરણ નિપજે તે; મરણનો અવસર લાવનાર સર્પદંશ વિસૂચિકા વગેરે.

आसुचर. त्रि० (आशुचर) શીઘ્ર ચાલનાર.

आसुपण्ण त्रि० (आशुप्रज्ञ) તીવ્ર બુદ્ધિવાળો; ઉત્પાતકી બુદ્ધિમાન્ (૨) કેવળજ્ઞાની; દિવ્યજ્ઞાની.

आसुर. न० (आसुर) આસુરી ભાવના; જેથી અસુરયોનિમાં થવા યોગ્ય કર્મ બંધાય તેવી ભાવના. (૨) त्रि० અસુર સંબંધી, ભવનપતિ અને વ્યંતર સંબંધી

आसुरत्त. त्रि० (आशुरक्त) ક્રોધથી લાલ ચોળ થયેલ.

आसुरत्त. न० (आसुरत्व) આસુરી ભાવના, અસુર દેવતામાં ઉત્પન્ન થવું પડે તેવી ભાવના

आसुरा. स्त्री० (आसुरी) જેનાથી અસુરયોનિમાં ઉત્પન્ન થવાય એવી ભાવના.

आसुरिय त्रि० (आसुरिक) અસુર સંબંધી (૨) पु० પૂર્વભવમાં તીવ્ર ક્રોધ કરવાથી અસુરપણે ઉત્પન્ન થનાર

आसुरिय. न० (आसुर्य) અસુરપણું.

आसुरी स्त्री० (आसुरी) અસુરપણે ઉપજવા યોગ્ય ભાવના. સાધુ થઇને કલહ કરે, સકામ તપ કરે, નિમિત્ત પ્રકાશે, નિર્દયપણું કરે તે

आसुरुत्त. त्रि० (आसुरोक्त) } અતિ ક્રોધા-
आसुरुत्त त्रि० (आशुरुष्ट) } યમાન થયેલ.

आसुरुत्त. त्रि० (आशुरुष्ट) જલ્દી ક્રોધાયમાન થનાર.

आसुणि. न० (आशुनि) ઘૃતપાનાદિક બલિષ્ટ ઔષધ કે જેથી માણસ બળવાન્ થાય. (૨) રસાયણ ક્રિયા.

आसूणिय. त्रि० (आशूनित) કાંઇક જાડું બનેલું

आसूय. न० ( ) કોઇ દેવને માનતા માનવામાં આવે છે તે.

आसेवण. न० (आसेवन) સેવવું તે.

आसेवणा. स्त्री० (आसेवना) સયમમાં અતિચાર દોષ લગાડવા તે. (૨) સૂત્રનું અનુષ્ઠાન કરવુ તે. (૩) આરોપણ કરવું-આરોપવુ. (૪) સંયમનું પરિપાલન.

आसेवालोयग्र. પુ० (आसेवालोचक) પુનઃ પુનઃ પાપ કરી પ્રાયશ્ચિત લેનાર (સાધુ)

आसेविय त्रि० (आसेवित) થોડો સ્વાદ લીધેલ-ચાખેલ. (૨) ચારે તરફથી પાલન કરાયેલ.

आसोत्र પુ० (अश्वयुज्) આસો માસ.

आसोई. स्त्री० (आश्वयुजी) આસો સુદિ પુનમ.

आसोकंता स्त्री० (आशोकान्ता) મધ્યમ ગ્રામની એક મૂર્છના

आसोग. પુ० ન० (आशोक) અશોક વૃક્ષનું ફૂલ.

आसोट्ठ. } પુ० (अश्वत्थ) પીપળો. પી-
आसोत्थ. } પળાનુ ઝાડ

आस्सादिय. त्रि० (आस्वादित) જુઓ "આ-સાદિય" શબ્દ.

आस्सायणिज्ज. त्रि० (आस्वादनीय) સ્વાદ લેવા યોગ્ય

आस्साविणी स्त्री० (आस्राविणी) જેમા પાણી ચાલ્યુ આવે તે. (નાવા)

आहच्च अ० (आहत्य) ક્દાચ. ક્દાચિત્ (૨) અ० શીઘ્ર, જલદી. (૩) ઉપસ્થિત થયેલ. (૪) વ્યવસ્થા કરનાર. (૫) ભાગ પાડનાર. (૬) છેદનાર.

आहच्चा. स्त्री० (आहत्या) ઘાત કરવો. મારવુ તે.

आहड. त्रि० (आहृत) આણેલું, લાવેલુ (૨) ચોરેલ, છીનવી લીધેલ.

आहडिया. स्त्री० (आहृतिका) બહારથી આવેલી લાણી; પીરસાણું

आहत. त्रि० (आहृत) એક ઠેકાણેથી બીજે ઠેકાણે આણેલુ

आहत्तहीय. न० (याथातथ्य) યાથાતથ્ય, જોઈએ તેવુ (૨) યથાર્થ ઉપદેશનુ સ્વરૂપ; સત્ય; વાસ્તવિક સ્વરૂપ (૩) સૂયગડાંગના ૧૩ મા અધ્યયનનું નામ કે જેમાં યથાર્થ ઉપદેશનું સ્વરૂપ બતાવ્યુ છે.

आहम्मिश्रपय. न० (अधार्मिकपद) અધાર્મિકપદ; ધર્મ વિરૂદ્ધપદ

आहय. त्रि० (आहत) હણેલુ. (૨) વગાડેલુ. બજાવેલું. (૩) પ્રેરણાકરેલ. (૪) પું. ઢોલ

आहया. स्त्री० (आहता) દુંદુભિ.

आहरण. પુ० न० (आभरण) ઘરેણુ; દાગીનો.

आहरण. પું० न० (आहरण) દૃષ્ટાન્ત, ઉદાહરણ. (૨) લેવુ; સ્વીકાર કરવો. (૩) વ્યવસ્થા કરવી. (૪) લાવવુ; લઇ જવુ.

आहरणतद्देस પુ० (आहरणतद्देश) એક દેશી દૃષ્ટાન્ત.

आहरणतद्दोस. પુ० (आहरणतद्दोष) સદોષ દૃષ્ટાંત.

आहवण. પુ० (आह्वान) બોલાવવુ.

आहव्व. त्रि० (आभाव्य) ક્ષેત્ર, શિષ્ય, ભાત, પાણી, વસ્ત્ર, પાત્ર વગેરે.

आहव्वणी स्त्री० (आथर्वणी) તાત્કાલિક અનર્થ કરનાર એક વિદ્યા.

आहव्वाय. न० (यथावाद) વિચ્છેદ ગયેલ બારમા દૃષ્ટિવાદ અંગના બીજા વિભાગ સૂત્રનો ૧૦ મો ભેદ

आहाकड त्रि० (आधाकृत) ખાસ સાધુને માટે નિપજાવેલ આહારાદિ

आहाकम्म. न० (आधाकर्मन्) આધાકર્મ; આહારનો એક દોષ.

आहाकम्म. न० (यथाकर्म) પોતાના જેવા કર્મ હોય તે પ્રમાણે, સ્વકૃત કર્માનુસાર.

आहाकम्मिय. त्रि० (आधाकर्मिक) સાધુના માટે બનાવેલ આહાર.

आहाच्छंद. त्रि० (यथाच्छन्द) પોતાની મરજી મુજબ વર્તનાર.

आहाण न० (आधान) સ્થાપન. (૨) સ્થાન, આશ્રય.

आहातच. न० (याथातथ्य) જે વસ્તુ જેવી હોય તેવીજ કહેવી તે; યથાર્થ સત્ય

आहातहिय. न० (याथातथ्य) યાથાતથિક- સત્યવાત જેમાં પ્રતિપાદન કરી છે તે સૂયગડાંગ સૂત્રના ૧૩ મા અધ્યયનનું નામ.

आहार. पुं० (आधार) આધાર; આશ્રય; અવલમ્બન; ટેકો. (૨) આકાશ.

आहार. पु० (आहार) આહાર, ખોરાક.

आहारत्तार. त्रि० (आहर्तृ) આહાર કરનાર; ખાનાર.

आहारग. न० (आहारक) આહારક શરીર. પાંચ શરીરમાંનુ ત્રીજું શરીર. (૨) त्रि० આહાર કરનાર; ખાનપાન વગેરે કરનાર. (૩) पुं० આહારક શરીરની લબ્ધિવાળા સાધુ. (૪) આહારક સમુદ્ઘાત; આહારક શરીરમાં આત્માના પ્રદેશ વિસ્તારવા તે.

आहारगंगोपंगणाम. न० (आहारकाङ्गोपाङ्गनामन्) નામ કર્મની એક પ્રકૃતિ કે જેના ઉદયથી આહારક શરીરના અંગોપાંગ પ્રાપ્ત થાય.

आहारगजुगल. न० (आहारकयुगल) આહારક શરીર અને આહારક અંગોપાંગ એ બે નામકર્મની પ્રકૃતિની જોડ.

आहारगणाम. न० (आहारकनामन्) જેના ઉદયથી આહારક શરીર મળે એવી નામ- કર્મની એક પ્રકૃતિ.

आहारगमीसा. स्त्री० (आहारकमिश्रा) આહારક મિશ્રયોગ; આહારક શરીર બનાવતી વખતે ઉદારિક આદિ શરીરની સાથે મિશ્રણ થાય તે વખતનો યોગ—શારીરિક વ્યાપાર.

आहारगलद्धि. स्त्री० (आहारकलब्धि) આહારક શરીર બનાવવાની લબ્ધિ-શક્તિ.

आहारगवग्गणा. स्त्री० (आहारकवर्गणा) આહારક શરીરની રચનામાં ઉપયોગી થાય તેવા પુદ્‌ગલનો જત્થો.

आहारगसमुग्घाय. पु० (आहारकसमुद्घात) આહારક શરીર બનાવવા માટે આત્માના પ્રદેશ શરીરથી બહાર કાઢવા તે.

आहारगसरीर. न० (आहारकशरीर) આહારક શરીર.

आहारगसरीरकायप्पओग पुं० (आहारकशरीरकायप्रयोग) આહારક શરીર રચીને તે શરીરથી પ્રવૃત્તિ કરવી તે. આહારક શરીરનો વ્યાપાર

आहारगसरीरि. पु० (आहारकशरीरिन्) આહારક શરીરવાળો (જીવ).

आहारगुत्त. त्रि० (आहारगुप्त) આહાર પરત્વે મન વચન અને કાયાને પાપથી ગોપવી રાખનાર.

आहारण. न० (उदाहरण) દૃષ્ટાન્ત

आहारपज्जत्ति. स्त्री० (आहारपर्याप्ति) જે શક્તિથી આહાર લઈને શરીરરૂપે પરિણામ પમાડી શકાય તે શક્તિની પૂર્ણતા.

आहारपरिणा. स्त्री० (आहारपरिज्ञा) સૂયગડાંગ સૂત્રના બીજા શ્રુતસ્કન્ધના ત્રીજા અધ્યયનનુ નામ.

आहारपोसह. पु० (आहारपौषध) એક અહોરાત્ર સુધી ચારે આહારનો ત્યાગ કરવો તે.

आहारय न० (आहारक) ૫ શરીરમાંનુ એક શરીર કે જે ૧૪ પૂર્વધારી લબ્ધિવાળા સાધુ બનાવી શકે.

आहारसंपज्जणा. न० (आहारसंपत्ति) આહારની સંપત્—રસને ઉત્પન્ન કરનાર; મીઠું.

आहारसण्णा. } **आहारसन्ना.** } स्त्री० (आहारसंज्ञा) આહાર લેવાની સંજ્ઞા-ઇચ્છા.

आहारसमुग्घाय. पुं० (आहारसमुद्घात) આહારક શરીર બનાવતી વખતે જીવ પ્રદેશનું ઉદારિક શરીરથી બહાર નીકળવું અને પ્રકૃત પ્રકૃતિનુ ભોગવટો કરી નિર્જરવુ તે.

आहारित. त्रि० (आहारित) આહાર ગ્રહણ કરેલ; ભક્ષણ કરેલ.

आहारित्तार. त्रि० (आहारयितृ) આહાર કરનાર. (૨) ગ્રહણ કરનાર.

आहारिम. त्रि० (आहार्य) પાણી સાથે ઉતારવા યોગ્ય; ખાદ્ય ઔષધ–ચૂર્ણ વગેરે.

आहारिय. त्रि० (आहारित) જુઓ ' આહારિત " શબ્દ.

आहारुद्देसअ पु० (आहारोद्देशक) 'પન્નવણા' સૂત્રના પ્રથમ ઉદ્દેશાનું નામ.

आहारेत्तार. त्रि० (आहारयितृ) આહાર કરનાર.

आहालंदिअ. पुं० (यथालन्दिक) ઉત્કૃષ્ટ આચારી એક પ્રકારના જૈન સાધુ.

आहावणा स्त्री० (आभावना) ધારણા; સંકલ્પ, ઉદ્દેશ.

आहासिय. पु० (आभासिक) એ નામનો એક અન્તર્દ્વીપ. (૨) त्रि० તેમાં વસનાર મનુષ્ય.

आहिअ. त्रि० (आहृत) આદરથી ગ્રહણ કરેલ

आहिअग्गि. पु० (आहिताग्नि) અગ્નિને સ્થાપન કરનાર બ્રાહ્મણ; અગ્નિહોત્રી.

आहिंडअ. } त्रि० (आहिण्डक) ભ્રમણશીલ,
आहिंडग. } મુસાફર.

आहिंडिअ. त्रि० (आहिण्डित) મોકલેલ.

आहिक्क. न० (आधिक्य) અધિકપણું; વિશેષપણું.

आहिगरणिया. स्त्री० (आधिकरणिकी) હળ, ઉખલ, ખડ્ગ વગેરે અધિકરણ મેળવવાથી લાગતી ક્રિયા.

आहिय. त्रि० (आख्यात) કહેલું; પ્રતિપાદન કરેલું.

आहिय. त्रि० (आहित) ધરેલ; આગળ મુકેલ. (૨) સ્થાપણ હિતકર.

आहियविसेसत्त न० (आहितविशेषत्व) સત્ય વચનનો એક અતિશય.

आहीर. पु० (आभीर) દેશ વિશેષ (૨) આહીર નામની હલકી જાત.

आहुड. त्रि० (आहोतृ) દાતા; ત્યાગી.

आहुइ. स्त्री० (आहुति) અગ્નિમાં ઘી તલ જવ વગેરે હોમવાં તે

आहुणिज्ज. त्रि० (आह्वानीय) આહ્વાન કરવા યોગ્ય. (૨) હોમવા યોગ્ય

आहुणिय. पु० (आधुनिक) ૮૮ ગ્રહમાંનો ૫ મો ગ્રહ. (૨) त्रि० આજકાલનુ નવીન.

आहुय. त्रि० (आहूत) બોલાવેલ.

आहेण. न० ( ) વિવાહ થયા પછી વરને ત્યાં કન્યાને તેડું કરી જમાડે તે

आहेय. त्रि० (आधेय) આધારમાં રહેવા યોગ્ય વસ્તુ

आहेरी. स्त्री० (आभीरी) આહિરણ, ભરવાડણ; ગોવાલણ.

आहेवच्च. न० (आधिपत्य) અધિપતિપણું, નાયકપણું; સ્વામીપણું.

आहेवण. न० (आक्षेपण) શહેરને ઘેરો ઘાલવો–છાપો મારવો તે. (૨) ક્ષોભ ઉત્પન્ન કરવો તે.

आहोइअ. त्रि० (आभोगिक) જ્ઞાનનો એક પ્રકાર.

आहोहिय. पु० (आभोऽवधिक) નિયમિત ક્ષેત્રમાં રહેનારૂ અવધિ જ્ઞાન (૨) નિયત ક્ષેત્રોને અવધિજ્ઞાનથી દેખનાર.

इ.

इ. अ० (इ) पादपूरण (२) वाक्यालंकार (३) समाप्ति.

इअ त्रि० (इत) प्राप्त थयेल. स्थित रहेल (२) गयेल.

इअर. त्रि० (इतर) बीजुं. अपर.

इअरहा. अ० (इतरथा) अन्यथा.

इइ. अ० (इति) एम; एवीरीते. (२) रूप प्रदर्शन, क्रम निर्देश करी बतावबु (३) अवधि. हद (४) हेतु. कारण.

इइहास. पु० (इतिहास) पुराण; इतिहास (२) पुरुषनी ७२ कळामांनी एक कळा

इओ. अ० (इत) अहिंथी (२) अहीआ

इंखिणिया. स्त्री० (इङ्खिनिका) } निन्दा
इंखिणी स्त्री० (इङ्खिनी) }

इंगार } पु० (अङ्गार) अंगारो; कोलसो.
इंगाल. } धुमाडारहित अग्नि. (२) कोलसानी माफक संयमने काळो करनार एक प्रकारनो आहारनो दोष (२) अंगार नामनो एक ग्रह.

इंगाल. त्रि० (आङ्गार) अंगारा संबंधी. देवता संबंधी.

इंगालअ. पु० (अङ्गारक) ए नामनो एक ग्रह; मंगळ ग्रह

इंगालकम्म. न० (अङ्गारकर्मन) कोयला बनाववा अने वेचवानो व्यापार, पंदर कर्मादानमांनु एक

इंगालकारिया. स्त्री० (अङ्गारकारिका) सगडी.

इंगालग. पु० (अङ्गारक) मंगळ ग्रह.

इंगालदाह. पु० (अङ्गारदाह) अंगारा पाडवानी जग्या

इंगालवडिंसय. पु० (अङ्गारावतंसक) अंगारक नामे ग्रहना विमाननुं नाम.

इंगालसगडिया. स्त्री० (अङ्गारशकटिका) अंगीठी. देवता राखवानी सगडी

इंगिणी. स्त्री० (इङ्गिनी) शास्त्रमां कहेल हदमां रही वैयावच्च कराव्या विना संथारो करवो ते. अनशन क्रिया.

इंगिणीमरण. न० (इङ्गिनीमरण) संथारो करी वैयावच्च कराव्या विना इंगित-नियमित प्रदेशनी हदमां रही समाधि मरण करवु ते.

इंगिय. न० (इङ्गित) मनोभाव जणाववानी निशानी. इसारो, आंख वगेरेनी साभिप्राय चेष्टा.

इंगियमरण पु० न० (इङ्गितमरण) जुओ "इंगिणी" शब्द

इंगुई. } स्त्री० (इङ्गुदी) आ नामनु एक
इंगुदी. } वृक्ष, के जेना फळमांथी तेल घाणु नीकळे छे

इंद पु० (इन्द्र) इन्द्र; श्रेष्ठ (२) इंद्र, देवतानो राजा; पुरन्दर (३) ज्येष्ठा नक्षत्रनो अधिपति देवता. (४) ए नामनो एक द्वीप अने एक समुद्र (५) परमेश्वर. इश्वर. (६) जीव, आत्मा. (७) पृथ्वी कायनो एक अधिष्ठायक देव (८) १९ मा तीर्थंकरना एक गणधर. (९) सप्तमी तिथि. सातम (१०) न० ए नामनु एक देवतानु विमान.

इंद त्रि (ऐन्द्र) इन्द्र संबंधी.

इंदकंत. पु० (इन्द्रकान्त) इन्द्रकांत नामे एक विमान के जेना देवताओनी स्थिति १९ सागरोपमनी छे.

इंदकाइय. पुं० (इन्द्रकायिक) त्रण इंद्रियवाळो एक जीव, इंद्रगोप

इंदकील. पु० (इन्द्रकील) नगरना दरवाजानो एक अवयव; जेने आधारे दरवाजाना बे कमाड बंध रही शके ते

इंदकुंभ. पु० (इन्द्रकुम्भ) कलश. म्होटो घडो; भालिओ. (२) वीतशोका नगरीना इशान खुणानुं एक उद्यान (३) नेमनाथना

प्रथम शिष्य. (४) २० मा मुनिसुव्रत तीर्थंकरना प्रथम गणुधरनुं नाम.

इंदकेउ पु० (इन्द्रकेतु) ઇન્દ્રયષ્ટિ, ઇન્દ્ર મહોત્સવમાં બનાવેલ સ્થંભ. (૨) ઇન્દ્રધ્વજ.

इंदखील. પુ० (इन्द्रकील) જુઓ "ઇંદકીલ" શબ્દ.

इंदग. પુ० (इन्द्रक) તેઇંદ્રિય જીવ વિશેષ.

इंदगोव. પુ० (इन्द्रगोप) ઇંદ્રગોપ; મેમમોલો.

इंदगह. પુ० (इन्द्रग्रह) વ્યન્તર દેવના ઉપદ્રવથી થતો રોગ; વળગાડ. (૨) ગ્રહ વિશેષ.

इंदग्गि. પુ० (इन्द्राग्नि) વિશાખા નક્ષત્રનો અધિષ્ઠાતા દેવતા. (૨) ૩૭ મા ગ્રહનુ નામ.

इंदजसा. સ્ત્રી० (इन्द्रयशस) પાંચાલ દેશના બ્રહ્મરાજાની રાણી

इंदजालि ત્રિ० (इन्द्रजालिन्) વિવિધ રચના કરી વિસ્મય પમાડનાર; ઇંદ્રજાલીયો. (જાદુગર)

इंदजालिय. ત્રિ० (इन्द्रजालिक) ઇન્દ્રજાળ કરનાર, ગોડવિદ્યા બતાવનાર

इंदज्झय. પુ० (इन्द्रध्वज) ઇંદ્રધ્વજ, બીજી ધ્વજાની અપેક્ષાએ મોટી ધ્વજા.

इंदट्ठाण ન० (इन्द्रस्थान) ઇંદ્રિથલ, ઇંદ્રધ્વજ. (૨) ઇન્દ્રનું નિવાસસ્થાન.

इंदणील. પુ० ન० (इन्द्रनील) ઇન્દ્રનીલ મણી, નીલમ.

इंददत्त. પુ० (इन्द्रदत्त) ઇંદ્રિદત્ત; ચોથા તીર્થંકરને પ્રથમ ભિક્ષા આપનાર (૨) ૧૨ મા વાસુપૂજ્ય સ્વામીના ત્રીજા પૂર્વ ભવનું નામ.

इंददिण्ण. પુ० (इन्द्रदत्त) એ નામના કોટિક ગચ્છના એક આચાર્ય.

इंदधणु. ન० (इन्द्रधनुष) ઇન્દ્રધનુષ્ય; કાચબી

इंदनील. પુ० (इन्द्रनील) જુઓ "ઇંદણીલ" શબ્દ.

इंदपाडिवया. સ્ત્રી० (इन्द्रप्रतिपत्) ભાદરવા સુદી ૧૫ પછીનો પડવો. (૨) આસો સુદી પુનમ પછીનો પડવો

इंदपुर. ન० (इन्द्रपुर) એ નામનુ એક નગર. (૨) પુ० એ નામના એક સાધુ.

इंदपुरग. ન० (इन्द्रपुरक) વેસવાડિયગણથી નીકળેલ એ નામનું કુળ.

इंदभूइ. } પું० (इन्द्रभूति) મહાવીર સ્વા-
इंदभूति } મીના પ્રથમ ગણધર, ગૌતમસ્વામી.

इंदमह. પુ० (इन्द्रमह) ભાદરવામાસની પુનમે મતાંતરે આસો શુદ પુનમે થતો ઇન્દ્ર મહોત્સવ.

इंदमुद्धाभिसित्त. પુ० (इन्द्रमुर्द्धाभिषिक्त) પખવાડીયાના સાતમા દિવસનુ (સાતમનુ) નામ.

इंदयणिग्ग्य. પુ० (इन्द्रकनिग्र्य) સૌથી મોટો નરકાવાસો.

इंदयाल. ન० (इन्द्रजाल) એ નામની એક વિદ્યા.

इंदयालि. પુ० (इन्द्रजालिन्) ઇન્દ્રજાલ વિદ્યાને જાણનાર

इंदलट्ठि. સ્ત્રી० (इन्द्रयष्टि) ઇંદ્ર મહોત્સવમા જે સ્તભ રોપવામાં આવે તે, ઇન્દ્રધ્વજ.

इंदसिरी. સ્ત્રી० (इन्द्रश्री) પાંચાલ દેશના કાંપિલ્ય નગરના બ્રહ્મદત્ત રાજાની એક રાણી.

इंदसेणा સ્ત્રી० (इन्द्रसेना) ઇંદ્રસેના નામની એક નદી કે જે મેરૂને ઉત્તરે રક્તવતી નદીમા મળે છે. (૨) ઇન્દ્રનું સૈન્ય.

इंदा સ્ત્રી० (इन्द्रा) ઇન્દ્રા નામની નદી કે જે મેરૂની ઉત્તરે રક્તવતીને મળે છે. (૨) ઇન્દ્રા નામની એક દેવી. (૩) ધરણેંદ્રની પાંચમી અગ્રમહિષીનું નામ

इंदा. સ્ત્રી० (ऐन्द्री) પૂર્વ દિશા.

इंदाउह. न० (इन्द्रायुध) ઇંદ્ર ધનુષ્ય.

इंदाणी. स्त्री० (इन्द्राणी) ઇન્દ્રાણી; ઇન્દ્રની અગ્રમહિષી.

इंदिय पुं० न० (इन्द्रिय) આત્માના ચિન્હ અને ઇન્દ્રિય જ્ઞાનના સાધનભૂત આંખ, કાન, નાક, જીભ અને ત્વચા—એ પાંચ ઇંદ્રિય. (२) પન્નવણા સૂત્રના પંદરમા પદનું નામ. (૩) પન્નવણાના ત્રીજા પદના ત્રીજા દ્વારનું નામ. (૪) અંગ; શરીરના અવયવ.

इंदियअवाय. पुं० (इन्द्रियापाय) ઇન્દ્રિયોથી ઉત્પન્ન થતું વસ્તુઓનું નિશ્ચયાત્મક જ્ઞાન.

इंदियउद्देस. पुं० (इन्द्रियोद्देश) પન્નવણા સૂત્રના પંદરમા પદના પ્રથમ ઉદ્દેશાનું નામ.

इंदियओगाहणा. स्त्री० (इन्द्रियावग्रहणा) એક પ્રકારનું ઇન્દ્રિયોદ્વારા ઉત્પન્ન થતું જ્ઞાન.

इंदियचउक्क. न० (इन्द्रियचतुष्क) મન અને ચક્ષુ શિવાયની ચાર ઇન્દ્રિયો; કાન, નાક, ઘ્રાણ, અને સ્પર્શ ઇન્દ્રિય.

इंदियट्ठाण न० (इन्द्रियस्थान) ઇન્દ્રિયોનું ઉપાદાન કારણ.

इंदियणिव्वत्तणा स्त्री० (इन्द्रियनिर्वर्तना) ઇંદ્રિયોના આકારની નિષ્પત્તિ.

इंदियत्थ. पुं० (इन्द्रियार्थ) ઇન્દ્રિયોથી જાણવા યોગ્ય વસ્તુ, રૂપ, રસ, ગંધ વગેરે.

इंदियपज्जत्ति. स्त्री० (इन्द्रियपर्याप्ति) ઇંદ્રિયની સંપૂર્ણતા; ઇંદ્રિયપર્યાપ્તિ બાંધીને પુરી કરવી તે.

इंदियपडिसंलीणता. स्त्री० (इन्द्रियप्रतिसंलीनता) ઇંદ્રિયોને વશ કરવી તે.

इंदियपय. न० (इन्द्रियपद) પન્નવણા સૂત્રનું ૧૫ મું પદ.

इंदियमणोणिमित्त. न० (इन्द्रियमनोनिमित्त) ચક્ષુ વગેરે પાંચ ઇંદ્રિય અને મન છે નિમિત્ત જેમાં એવું જ્ઞાન; મતિશ્રુત જ્ઞાન.

इंदियमणोभव. न० (इन्द्रियमनोभव) ઇંદ્રિય અને મનથી ઉત્પન્ન થતું જ્ઞાન; મતિશ્રુત જ્ઞાન.

इंदियलद्धि. स्त्री० (इन्द्रियलब्धि) પાંચ ઇન્દ્રિયની પ્રાપ્તિ.

इंदियलद्धिया. स्त्री० (इन्द्रियलब्धिका) જુઓ "ઉપલો" શબ્દ.

इंदियविसय. पुं० (इन्द्रियविषय) જુઓ "ઇંદિયત્થ" શબ્દ.

इंदु. पुं० (इन्दु) ચન્દ્ર, ચંદ્રમા.

इंदुत्तरवडिंसग पुं० (इन्द्वोत्तरावतंसक.) એ નામનું એક વિમાન.

इंदुरय. न० (इन्दुरक) મોટો ઉંદર.

इंदुकंत न० (इन्दुकान्त) એ નામનું એક વિમાન.

इंधण. न० (इन्धन) ઇંધણા બળતણ, છાણા લાકડા વગેરે (२) ઉદ્દીપન. ઉત્તેજન.

इंधिय. त्रि० (इन्धित) સળગાવેલ; ઉદ્દીપન કરેલ.

इक. न० ( ) પ્રવેશ, દાખલ થવું તે.

इक्क. त्रि० (एक) એક સંખ્યાવાચક. (२) એકલો; અદ્વિતીય.

इक्कड पुं० (इक्कड) ચટાઇ સાદડી બનાવવાનું કામમાં ઘાસ. (२) ઇક્કડની બનાવેલી ચટાઇ (૩) આ નામનું પર્વત જાતનું ઝાડ.

इक्कमिक्क. त्रि० (एकैक) એકેક (२) પરસ્પર; અન્યોન્ય; એક બીજાનું.

इक्कवीसा. स्त्री० (एकविंशति) ૨૧; એકવીશ.

इक्कसीइ स्त्री० (एकाशीति) એકાશી, ८१.

इक्कार. त्रि० } (एकादशन्) અગીયાર, ११.
इक्कारस. }

इक्कारसंग. पुं० (एकादशाङ्ग) આચારાંગાદિ ૧૧ અંગસૂત્ર.

इक्कारसी. स्त्री (एकादशी) અગીઆરસ.

इक्किक्क. त्रि० (एकैक) એકેએક; પ્રત્યેક.

इक्खाग. पुं० (इक्ष्वाकु) ઋષભદેવ સ્વામીનો વંશ; ઇક્ષ્વાકુ કુલ. (२) કોશલ દેશ.

इक्खागकुल. पुं० न० (इक्ष्वाकुकुल) જુઓ "ઇક્ખાગ" શબ્દ.

इक्खागभूमि. स्त्री० (इक्ष्वाकुभूमि) ઇક્ષ્વાકુ વંશ જ્યાં ઉત્પન્ન થયો તે ભૂમિ; અયોધ્યા.

इक्खागवंश. पुं० (इक्ष्वाकुवंश) ઋષભદેવ સ્વામીનો વંશ.

इक्खागुकुल. न० (इक्ष्वाकुकुल) ઇક્ષ્વાકુ નામનું કુલ.

इक्खु. पुं (इक्षु) શેરડી.

इक्खुगंडिया. स्त्री० (इक्षुगण्डिका) ગંડેરી; શેરડી. (૨) શેરડીના કકડા.

इक्खुघर. न० (इक्षुगृह) એ નામનું એક ઉદ્યાન; બાગ

इक्खुचोयग न० ( ) શેરડીના કુચ્ચા.

इक्खुडालग न० ( ) શેરડીના કકડાનો એક ભાગ.

इक्खुमेरग. न० (इक्षुमेरक) શેરડી.

इक्खुरस. पुं० (इक्षुरस) શેરડીનો રસ.

इक्खुवर. पु० (इक्षुवर) એ નામનો એક દ્વીપ અને એક સમુદ્ર.

इक्खुवाड. पु० (इक्षुवाट) શેરડીનો વાડ, જ્યાં શેરડી પીલાય તે સ્થાન. (૨) શેરડીનું ખેતર.

इक्खुवाडिया. स्त्री० (इक्षुवाटिका) ઇક્ષુ-શેરડીની વાડી.

इक्खुसालग. न० ( ) શેરડીની લાંબી શાખા.

इग. त्रि० (एक) એકની સંખ્યા, ૧.

इगनउइ. स्त्री० (एकनवति) એકાણું; ૯૧.

इगयाला. स्त्री० (एकचत्वारिंशत्) એકતાલીશ; ૪૧.

इगवन्ना. स्त्री० (एकपञ्चाशत्) એકાવન; ૫૧.

इगवीसा. स्त्री० (एकविंशति) ૨૧ ની સંખ્યા; એકવીશ.

इगसट्ठि. स्त्री० (एकषष्ठि) ૬૧; એકસઠ.

इगसी. स्त्री० (एकाशीति) એકાશી; ૮૧.

इगार. त्रि० (एकादशन्) અગીયાર; ૧૧.

इगिंदिय. त्रि० (एकेंद्रिय) જેને એક ઇન્દ્રિય હોય તે; પૃથ્વી આદિ સ્થાવર જીવ.

इगुणनउइ. स्त्री० (एकोननवति) નવ્યાસી; ૮૯.

इगुणवीसा. स्त्री० (एकोनविंशति) ઓગણીશ; ૧૯.

इगुणसट्ठि. स्त्री० (एकोनषष्ठि) ઓગણસાઠ; ૫૯.

इगुणासी. स्त्री० (एकोनाशीति) ઓગણાએંસી; ૭૯.

इग्ग. त्रि० (एक) એકની સખ્યા.

इच्चत्थ पुं० (इत्यर्थ) આ પ્રકારનો અર્થ.

इच्चाइ. पुं० न० (इत्यादि) એઆદિ; ઇત્યાદિક.

इच्चेवं. अ० (इत्येव) આ પ્રકારે; એવી રીતે.

इच्छक्कार. पुं० (इच्छाकार) ઇચ્છાપૂર્વક ગુરૂની આજ્ઞા ઉઠાવવી-અનુષ્ઠાન કરવુ તે; દશ સામાચારીમાંની એક.

इच्छा. स्त्री० (इच्छा) ઇચ્છા; અભિલાષા. (૨) પખવાડીઆની પંદર રાત્રિઓમાંની અગ્યારમી રાત્રિ.

इच्छाकाम. पुं० (इच्छाकाम) અપ્રાપ્ત વસ્તુની આકાંક્ષા.

इच्छाकार. } पु० (इच्छाकार) જુઓ "ઇચ્છક્કાર" શબ્દ.
इच्छक्कार. }

इच्छाछंद. त्रि० (इच्छाच्छन्द) ઇચ્છાનુકૂલ; ઇચ્છા મુજબ વર્તવુ તે.

इच्छापणीय. त्रि० (इच्छाप्रणीत) સંસાર વધે તેવી વિષયાનુકૂલ પ્રવૃત્તિના પ્રવાહમાં ઘસડાયેલ.

इच्छापरिमाण. न० (इच्छापरिमाण) ઇચ્છાનું પરિમાણ-મર્યાદા બાંધવી તે; પાંચમુ અણુવ્રત.

इच्छामुच्छा स्त्री० (इच्छामूर्च्छा) પ્રબળ ઇચ્છા; અતિ આસક્તિ.

इच्छालोभ. पुं० (इच्छालोभ) પ્રબળ લોભ.

इच्छालोभिय. त्रि० (इच्छालोभिक) મહાલોભી.

इच्छालोल. पुं० (इच्छालोल) મહા લોભ. (૨) મહા લોભી.

इच्छिय. त्रि० (इप्सित) प્રાપ્ત કરવાની ઇચ્છાવાળો.

इच्छिय. त्रि० (इच्छित) ઇચ્છેલુ.

इच्छिय त्रि० (इष्ट) ઇચ્છેલુ; ઇષ્ટ, વાંછિત.

इज्जा. स्त्री० (इज्या) યાગ; દેવપૂજા

इज्जा स्त्री० ( ) મા; જનની.

इज्जिस. त्रि० (इज्यैष) } પૂજાની અ-
इज्जिसिय. त्रि० (इज्यैषिक) } ભિલાષાવાળો.

इट्टगा. } स्त्री० (इष्टका) ઇંટ (२) સેવ;
इट्टया. } ખાદ્ય વિશેષ

इट्टा. स्त्री० (इष्टका) ઇંટ.

इट्टाल. न० (इट्टाल) ઇંટના કકડા

इट्टावाय. पुं० (इष्टकापाक) ઇંટ પકવવાનુ સ્થાન.

इट्ठ. त्रि० (इष्ट) પ્રિય, વ્હાલું; મનગમતુ. (२) પૂજ્ય.

इट्ठाणिट्ठ. } त्रि० (इष्टानिष्ट) કંઇક ઇષ્ટ અને
इट्ठानिट्ठ. } કંઇક અનિષ્ટ, સારૂં નરસું.

इड्डर न० ( ) ગાડુ; ગાડી.

इड्ढ. त्रि० (ऋद्ध) સમૃદ્ધિવાન્

इड्ढि. स्त्री० (ऋद्धि) સમૃદ્ધિ, વૈભવ (२) આમર્શ ઔષધિ આદિ લબ્ધિ; શક્તિ (३) પદવી.

इड्ढिगारव. न० (ऋद्धिगौरव) નરેન્દ્રાદિકની તથા આચાર્યની ઋદ્ધિવડે અભિમાન કરી આત્માને ભારે કરવો તે.

इड्ढिपत्त. त्रि० (ऋद्धिप्राप्त) ઋદ્ધિ-આમર્ષ ઔષધિ આદિ જેને પ્રાપ્ત થયેલ છે એવો.

इड्ढिपत्तारिय. पुं० (ऋद्धिप्राप्तार्य) ઋદ્ધિને પ્રાપ્ત થયેલ આર્ય અરિહંત, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, ચારણ મુનિ અને વિદ્યાધર.

इड्ढिसिय. त्रि० ( ) માગણની એક જાત.

इणिहं. अ० (इदानीं) હમણાં; અહુણા.

इतल. पुं० (इतल) તૃણ વિશેષ.

इति. अ० (इति) જુઓ "ઇઇ" શબ્દ.

इतिहास. पुं (इतिहास) પ્રાચીનકાલની હકીકત દર્શાવનાર ઇતિહાસ શાસ્ત્ર; પૂર્વ વૃતાન્ત. (२) પુરાણ શાસ્ત્ર.

इतो. अ० (इत.) અહિંથી.

इत्तर. त्रि० (इत्वर) અલ્પકાલનું. (२) અલ્પ, થોડુ.

इत्तरपरिग्गहा. स्त्री० (इत्वरपरिग्रहा) થોડા વખતનેમાટે ગ્રહણ કરેલ વેશ્યાદિ

इत्तरपरिग्गहिया. स्त्री० (इत्वरपरिगृहीता) નાની ઉમરની પરણેલ સ્ત્રી. (२) થોડા વખતમાટે રાખેલી રખાત.

इत्तरपरिग्गहियागमण. न० (इत्वरपरिगृहीतागमन) નાની ઉમરની પરણેલ સ્ત્રી સાથે ગમન કરવુ-મૈથુન સેવવુ તે; શ્રાવકના ચોથા વ્રતનો પ્રથમ અતિચાર.

इत्तरिय. त्रि० (इत्वरिक) થોડા વખતનું, થોડા સમયનુ. (२) પાદોપગમન મરણની અપેક્ષાએ થોડા વખતનું ઇંગિત મરણ કરવુ તે. (३) જવાવાળુ; ગમનશીલ.

इत्तरी. स्त्री० (इत्वरी) થોડા વખતમાટે રાખેલ વેશ્યા આદિ

इत्ति. अ० (इति) એવુ, એવી રીતે; આ પ્રકારે

इत्तिय. त्रि० (एतावत) એટલુ; એટલા પ્રમાણનું

इत्थ. अ० (अत्र) અહિંઆ; અહિ; આ ઠેકાણે

इत्थं. अ० (इत्थम्) એવી રીતે; આ પ્રકારે.

इत्थंत्थ. त्रि० (इत्थंथ) લોકપ્રસિદ્ધ આકારે રહેલ, લૌકિક સંસ્થાનવાળુ. (२) નિયમિત.

इत्थि. स्त्री० (स्त्री) સ્ત્રી; નારી.

इत्थिआणामणी. स्त्री० (स्त्र्याज्ञापनी) સ્ત્રીને આદેશ કરવાની બોલાવવાની ભાષા.

इत्थिकम्म. न० (स्त्रीकर्मन्) સ્ત્રીને વશ કરવાનું કામ. (२) હસ્તકર્મ વગેરે સાવદ્ય અનુષ્ઠાન.

इत्थिकला. स्त्री० (स्त्रीकला) સ્ત્રીની ચોસઠ કળા.

इत्थिकहा. स्त्री० (स्त्रीकथा) સ્ત્રીસંબંધી કથા; ચાર વિકથામાંની એક.

इत्थिगब्भ. पुं० (स्त्रीगर्भ) સ્ત્રી સંબંધી ગર્ભ-સજીવ પુદ્ગલ પિંડ.

इत्थिगुम्म. न० (स्त्रीगुल्म) સ્ત્રીઓનો સમૂહ.

इत्थिचोर. पु० (स्त्रीचोर) સ્ત્રીના રૂપનો ચોર; પરસ્ત્રી લંપટ.

इत्थिणाम. न० (स्त्रीनामन्) જેથી સ્ત્રીરૂપે જન્મ લેવો પડે તેવી નામકર્મની એક પ્રકૃતિ.

इत्थिणामगोयकम्म न० (स्त्रीनामगोत्रकर्मन्) સ્ત્રીના ગોત્રમાં-જાતિમાં જન્મ લેવો પડે તેવુ કર્મ.

इत्थितित्थ. न० (स्त्रीतीर्थ) સ્ત્રી રૂપે જન્મેલ મલ્લિનાથ તીર્થંકરનું તીર્થ-શાસન; દશ અચ્છેરામાંનુ એક.

इत्थिपच्छाकड. त्रि० (स्त्रीपश्चात्कृत) જેણે સ્ત્રીપણું પાછલ કર્યું છે-ટાળ્યું છે તે.

इत्थिपरणवणी. स्त्री० (स्त्रीप्रज्ञापनी) સ્ત્રીના લક્ષણનું પ્રતિપાદન કરનાર મોહજનક ભાષા.

इत्थिपडिरणा. स्त्री० (स्त्रीपरिज्ञा) સૂયગડાંગ સૂત્રના ચોથા અધ્યયનનું નામ.

इत्थिपरिसह पु० (स्त्रीपरिषह) સ્ત્રી સંબંધીનો પરિષહ; કોઇ સ્ત્રી સંયમથી ચલાવવા હાવભાવ કરે તો પણ ચલિત ન થવું તે; ૨૨ પરિષહમાંનો એક. (૨) બ્રહ્મચર્ય.

इत्थिरज्ज. न० (स्त्रीराज्य) સ્ત્રીનું રાજ્ય; સ્ત્રી જ્યાં સ્વતંત્રપણે વર્તે છે તે.

इत्थिरयण. न० (स्त्रीरत्न) ચક્રવર્તિની મુખ્ય પટ્ટરાણી; ચક્રવર્તિના ૧૪ રત્નમાંનું એક.

इत्थिलक्खण. न० (स्त्रीलक्षण) સામુદ્રિક શાસ્ત્ર પ્રસિદ્ધ સ્ત્રીનાં લક્ષણ; ૭૨ કળા-માંની એક કળા. (૨) એનું પ્રતિપાદન કરનાર પાપશ્રુતનું એક અધ્યયન.

इत्थिलिंग. न० (स्त्रीलिङ्ग) સ્ત્રીલિંગ; સ્ત્રીનુ શરીર.

इत्थिलिंगसिद्ध. पु० (स्त्रीलिङ्गसिद्ध) સ્ત્રીપણે સિદ્ધ થવુ તે; સ્ત્રી ભવમાં મોક્ષ જવું તે.

इत्थिवउ. स्त्री० (स्त्रीवाच्) } સ્ત્રીલિંગ પ્ર-
इत्थिवयण. न० (स्त्रीवचन) } તિપાદક વ-ચન; નારી જાતિના શબ્દ; વીણા, કન્યા આદિ.

इत्थिविप्पजह. त्रि० (स्त्रीविप्रजह) સ્ત્રીનો પરિત્યાગ કરનાર. (૨) પું૦ સાધુ; મુનિ.

इत्थिविप्परियासिय. न० (स्त्रीविपर्यासित) સ્વપ્નમાં સ્ત્રી સાથે ભોગ ભોગવ્યા હોય તે.

इत्थिवेद पुं० (स्त्रीवेद) સ્ત્રીવેદ; મોહનીય કર્મની એક પ્રકૃતિ; સ્ત્રીને વિકાર થાય તે.

इत्थिवेदग. } पुं० (स्त्रीवेदक) સ્ત્રીવેદના
इत्थिवेदय. } ઉદયવાળો જીવ.

इत्थिवेय पुं० (स्त्रीवेद) સ્ત્રીવેદ; સ્ત્રીને પુરૂષ સાથે ભોગ ભોગવવાની ઇચ્છા થાય તે. (૨) જેના ઉદયથી સ્ત્રીવેદ પ્રાપ્ત થાય એવી નોકષાય મોહનીયની એક પ્રકૃતિ. (૩) સ્ત્રી ભોગ સંબંધી વિષયનુ પ્રતિ-પાદન કરનાર શાસ્ત્ર; કામશાસ્ત્ર

इत्थिवेयग. पुं० (स्त्रीवेदक) જુઓ " ઇત્થિ-વેદગ " શબ્દ.

इत्थिवेयरण. पुं० (स्त्रीवेदज्ञ) સ્ત્રીવેદ-સ્ત્રી-ચરિત્રમાં નિપુણ; સ્ત્રીવેદ-કામશાસ્ત્રને જાણનાર.

इत्थी स्त्री० (स्त्री) સ્ત્રી; નારી

इत्थीतित्थ. न० (स्त्रीतीर्थ) ૧૯ મા મલ્લિ-નાથ તીર્થંકર સ્ત્રી રૂપે હતા છતાં તીર્થ પ્રવર્તાવ્યુ તે; દશ અચ્છેરામાંનું ત્રીજું અચ્છેરૂં.

इत्थीपरिन्ना. स्त्री० (स्त्रीपरिज्ञा) સૂયગડાંગ સૂત્રના ચોથા અધ્યયનનુ નામ.

इत्थीरयण न० (स्त्रीरत्न) જુઓ " ઇત્થિરયણ " શબ્દ.

इत्थीवेद. } पुं० (स्त्रीवेद) સ્ત્રીને થતી
इत्थीवेय. } પુરૂષ સમાગમની અભિલાષા.

इदाणिं. अ० (इदानीं) હમણાં; અહુણા.

इदुर. न० (इदुर) સુંડલો. (૨) મોટી પાટ. (૩) ગાડી ઉપરની છત્રી.

इन्हिं. अ० (इदानीम्) અધુના; હવે.

इब्भ. पु० (इभ्य) જેટલા દ્રવ્યથી અબાડી સહિત હાથી ઢંકાય તેટલા દ્રવ્યવાળો ગૃહસ્થ.

इब्भकुल. न० (इभ्यकुल) સાહુકારનું કુળ.

इब्भजाइ. स्त्री० (इभ्यजाति) આર્યજાતિ.

इब्भसेट्ठि. पुं० (इभ्यश्रेष्ठिन्) નગરશેઠ.

इभ. पुं० (इभ) હાથી.

इम. त्रि० (इदम्) આ; એ; પ્રત્યક્ષ.

इमंचणं. अ० (इमञ्च) એટલામાં; તે દરમ્યાન; એ વખતમાં.

इमेयारूव. त्रि० (एतद्रूप) આ પ્રકાર; આ પ્રમાણે.

इमेरिस. त्रि० (एतादृश) આ જેવું; આ પ્રકારનું.

इय. त्रि० (इत) ગયેલું. (૨) પ્રાપ્ત. (૩) જાણેલું.

इय. अ० (इति) આ પ્રકારે; એ પ્રમાણે. (૨) સમાપ્તિ.

इयहिं. अ० (इदानीं) હમણા; હાલમાં.

इयर. त्रि० (इतर) બીજું; અન્ય; ભિન્ન. (૨) હીન; જઘન્ય.

इयरत्थ. अ० (इतरत्र) બીજે સ્થળે.

इयरहा. अ० (इतरथा) અન્યથા; નહિ તો

इयाणिं. अ० (इदानीम्) હમણા; અધુના.

इयाल. स्त्री० (एकचत्वारिंशत्) એકતાલીસ; ૪૧ ની સંખ્યા.

इरिय. त्रि० (ईरित) પ્રેરણા કરેલ.

इरियज्झयण. न० (ईर्याध्ययन) આચારાંગ સૂત્રની પ્રથમ ચૂલિકાનું ત્રીજું અધ્યયન.

इरिया. स्त्री० (ईर्या) ગમન ક્રિયા; ઉપયોગ પૂર્વક ચાલવું તે; સમિતિનો એક પ્રકાર.

इरियावह. पु० (ईर्यापथ) માર્ગમાં જવું. (૨) જવાનો માર્ગ-રસ્તો. (૩) કેવળ શરીરથી થનારી ક્રિયા.

इरियावहिअ. त्रि० (ईर्यापथिक) તેરમું ક્રિયા સ્થાનક; સમિતિ ગુપ્તિયુક્ત યત્નાવત સાધુને હાલતાં ચાલતાં આંખની પાંપણ હલાવતાં યોગનિમિત્તે ક્રિયા લાગે તે.

इरियावहिया स्त्री० (ईर्यापथिकी) ઇરિયાવહી ક્રિયા; ૧૧-૧૨ અને ૧૩ મે ગુણઠાણે ઉપશાંત મોહ કે ક્ષીણ મોહવાળા સાધુને કેવલ યોગ નિમિત્તે શાતાવેદનીય કર્મ રૂપે કર્મબંધ થાય તે.

इरियासमिइ. स्त्री० (ईर्यासमिति) ચાલવામાં યત્ના રાખવી તે. પાંચ સમિતિમાંની પહેલી સમિતિ.

इरियासमिय. त्रि० (ईर्यासमित) યત્નાપૂર્વક ચાલનાર; ઇર્યા સમિતિયુક્ત.

इल. पु० (इल) વારાણસીના એક પ્રખ્યાત ગૃહસ્થ. (૨) न० ઇલાદેવીના સિંહાસનનું નામ.

इलसिरी. स्त्री० (इलश्री) ઇલ નામના ગૃહસ્થની સ્ત્રી.

इला. स्त्री० (इला) જંબૂદ્વીપમાંનું એક ક્ષેત્ર. (૨) ઇલાવર્ધનનગરની એક દેવી. (૩) પશ્ચિમ રૂચક પર્વત ઉપર રહેનારી એક દિશાકુમારી. (૪) ધરણેન્દ્રની એક અગ્રમહિષી. (૫) ઇલ નામના ગૃહસ્થની પુત્રી.

इलाकूड. न० (इलाकूट) ચૂલ હિમવંત પર્વત ઉપર ઇલાદેવીના વાસવાળું ચોથું શિખર. (૨) શિખરી પર્વતનાં ૧૧ કૂટમાંનું નવમું કૂટ-શિખર.

इलादेवी. स्त्री० (इलादेवी) પશ્ચિમ રૂચક પર્વત પર રહેનારી આઠ દિશા. કુમારિકામાંની પહેલી.

इलापुत्त. पुं० (इलापुत्र) ઇલાવર્ધન નગરના રહેવાસી એક શેઠનો પુત્ર એલાચી કુમાર.

इलावइ. पुं० (इलापति) એલાપત્ય ગોત્રનો પ્રકાશક આદિ પુરુષ.

इलावडंसय. न० (इलावतंसक) ઇલાદેવીનો મહેલ.

इलावद्धण. न० (इलावर्धन) ઇલાચી પુત્રનું નિવાસસ્થાન ઇલાવર્ધન નગર.

इलिया. स्त्री० (इलिका) ઇયલ; એલ; ચોખા વગેરે ધાન્યમાં પડતો એક કીડો.

इली. स्त्री० (इली) કરવાલ; બે ધારવાળી તલવાર.

इव. अ० (इव) પેઠે; પરે; જેવું; માફક.

इसणा. स्त्री० (इषणा) અન્વેષણા; ઇષ્ટ વસ્તુમાં પ્રવૃત્તિ અને અનિષ્ટ વસ્તુમાં ત્યાગ બુદ્ધિ.

इसि. पु० (ऋषि) ઋષિ; જ્ઞાનવંત સાધુ, મુનિ. (૨) ઇન્દ્રવિશેષ.

इसिगणिआ. स्त्री० (ऋषिगणिका) એ નામના અનાર્ય દેશમાં જન્મેલ દાસી.

इसिगुत्त. पु० (ऋषिगुप्त) વશિષ્ટ ગોત્રના સુહસ્તિ આચાર્યના એક થિવર શિષ્ય. (૨) ન૦ એ નામનુ માણવગણનું પ્રથમ કુળ.

इसिगुत्तिय. न० (ऋषिगुप्तीय) એ નામનું માણવગણથી નીકળેલ કુળ.

इसिण. पुं० (इसिन) એ નામનો એક અનાર્ય દેશ.

इसिणिया. स्त्री० (इसिनिका) ઇસિણ નામક અનાર્ય દેશની સ્ત્રી.

इसिदत्तिय. पुं० (ऋषिदत्तक) ઋષિગુપ્ત થિવરથી માનવગણનું નીકળેલ બીજું કુળ.

इसिदास. पुं० (ऋषिदास) અણુત્તરોવવાઇ સૂત્રના ત્રીજા વર્ગના ત્રીજા અધ્યયનનું નામ. (૨) કાકંદી નગરી નિવાસી ભદ્રા-સાર્થવાહીનો પુત્ર.

इसिदासज्झयण. न० (ऋषिदासाध्ययन) અણુત્તરોપપાતિક સૂત્રના ત્રીજા વર્ગના ત્રીજા અધ્યયનનું નામ.

इसिदिण्ण. पुं० (ऋषिदत्त) જંબુદ્વીપના એરવત ક્ષેત્રના ચાલુ અવસર્પિણીના પાંચમા તીર્થંકર. (૨) કોટીકકાકન્દકાચાર્યના થવિર શિષ્ય.

इसिपाल पु० (ऋषिपाल) પાંચમા વાસુદેવના ત્રીજા પૂર્વભવનું નામ. (૨) ઇસિવાય જાતિના વ્યંતર દેવનો ઇંદ્ર.

इसिपालिय. पु० (ऋषिपालित) ઇરવત ક્ષેત્રના પાંચમા તીર્થંકર.

इसिपालिया. स्त्री० (ऋषिपालिता) જૈન મુનિઓની એક શાખા.

इसिभद्दपुत्त. पु० (ऋषिभद्रपुत्र) આલભિકા નગરીના મુખ્ય શ્રાવક.

इसिभासिय. न० (ऋषिभाषित) ઋષિ ભાષિત નામનું એક કાલિકસૂત્ર. (૨) ત્રિ० ઋષિ-મુનિએ કહેલ ઉત્તરાધ્યયન વગેરેના અધ્યયનો (૩) પ્રશ્ન વ્યાકરણ સૂત્રનુ ત્રીજું અધ્યયન.

इसिभासियज्झयण. न० (ऋषिभाषिताध्ययन) પ્રશ્નવ્યાકરણ સૂત્રનુ ૩ જું અધ્યયન.

इसिया. स्त्री० (इषिका) ઘાસની સળી.

इसिवंस. पु० (ऋषिवंश) ગણધર સિવાયના તીર્થંકરના શિષ્યોનો વંશ. (૨) તે વંશનુ પ્રતિપાદન કરનાર શાસ્ત્ર; સમવાયંગ વગેરે.

इसिवाइ. पु० (ऋषिवादिन्) વાણવ્યંતરની ૧૬ જાતમાંની ૧૧ મી જાત

इसिवाल. पु० (ऋषिपाल) જુઓ "ઇસિ-પાલ" શબ્દ.

इसिवालिय. पुं० (ऋषिपालित) ઇસિવાય જાતિના વ્યંતરનો ઇંદ્ર. (૨) માઢરસગોત્રી આર્યશાન્તિ સેનિકના થિવર શિષ્ય. (૩) તેના ઉપરથી નીકળેલ શાખા.

इसीपब्भारा. स्त्री० (ईषत्प्राग्भारा) સિદ્ધ શિલા.

इस्स. त्रि० (ष्यत) ભવિષ્યકાળ. (૨) થનાર; ભાવી.

इस्सर. पुं० (ईश्वर) દક્ષિણના ભૂતવાદી જાતના વ્યંતર દેવતાનો ઈંદ્ર. (૨) માલિક; સરદાર; સામાન્ય રાજા.

इस्सरवाइ. पुं० (ईश्वरवादिन्) ઇશ્વર જગત્ કર્તા છે એવો વાદ કરનાર.

इस्सरिय. न० (ऐश्वर्य) ઐશ્વર્ય; મહોટાઇ

इस्सरीकय. त्रि० (ईश्वरीकृत) ધનાઢ્ય નથી તેને ધનાઢ્ય બનાવેલ.

इस्सा. स्त्री० (ईर्ष्या) અદેખાઇ.

इह. / **इहं.** / **इहं.** अ० (इह) અહિંઆ; આ લોકમાં

इहगय. त्रि० (इहगत) અહિંઆ રહેલો.

इहत्थ. त्रि० (इहार्थ) આલોકના અર્થ-સુખનો અભિલાષી.

इहभव. पुं० (इहभव) આ ભવ; આ જન્મ; મનુષ્ય જન્મ.

इहभविय. त्रि० (इहभविक) આ ભવ સબંધી; આ ભવમાં રહે તેવું.

इहरहा. / **इहरा.** अ० (इतरथा) અન્યથા, બીજી રીતે.

इहलोइय. त्रि० (ऐहलौकिक) આ લોક સબંધી.

इहलोग. पुं० (इहलोक) આલોક, આ જન્મ; મનુષ્યભવ.

इहलोगभय. पुं० (इहलोकभय) મનુષ્ય તિર્યંચાદિકથી ઉત્પન્ન થતુ ભય; સાત ભયમાંનું એક.

इहलोगवेयणवेज्ज. त्रि० (इहलोकवेदनवेद्य) આ ભવમાંજ વેદવાથી વેદાઇ જાય તેવુ કર્મ; અપ્રમત્ત સયતિએ ઇચ્છા વિના માત્ર કાયયોગથી બાંધેલ કર્મ.

इहलोगसंवेगिणी. स्त्री० (इहलोकसंवेगिनी) આ સંસારનું સ્વરૂપ જાણીને વૈરાગ્ય પમાય તેવી કથા.

इहलोगासंसप्पओग. पुं० (इहलोकाशंसाप्रयोग) આ લોકમાં હું રાજા થાઉં ઇત્યાદિ ઇચ્છા કરવી તે; સથારાનો પ્રથમ અતિચાર.

इहलोय. पुं० (इहलोक) જુઓ "ઇહલોગ" શબ્દ.

इहेव. अ० (इहैव) અહિંજ.

ईअ / **ई.** / **ईति** स्त्री० पु० (ईति) (૧) સ્વચક્ર ભય. (૨) પરચક્ર ભય. (૩) અતિ વૃષ્ટિ. (૪) અનાવૃષ્ટિ. (૫) ઉંદર. (૬) તીડ. અને (૭) શુક એ સાત ઇતિ કહેવાય છે.

ईरिय. त्रि० (ईरित) પ્રેરણા કરેલ; હાંકેલ; હલાવેલ (૨) કહેલ; પ્રતિપાદન કરેલ.

ईरियाँ. स्त्री० (ईर्या) જુઓ "ઇરિયા" શબ્દ.

ईरियासमिइ. स्त्री० (ईर्यासमिति) જુઓ "ઇરિયાસમિઇ" શબ્દ.

ईस. पु० (ईश) ઇશ્વિર. (૨) ન ઐશ્વર્ય; પ્રભુતા.

ईसक्खअ. त्रि० (ईशाख्य) ઇશ્વિર-નાયક તરીકે જેની પ્રસિદ્ધિ હોય તે.

ईसाणिया. स्त्री० (ईशानिका) ઇશાન દેશમાં ઉત્પન્ન થયેલ દાસી.

ईसत्थ. न० (इष्वस्त्र) ધનુર્વેદ, ધનુર્વિદ્યા; થોડાનું ઘણું અને ઘણાનું થોડું લશ્કર બનાવવાની ૭૨ કળામાની એક કળા.

ईसर. पु० (ईश्वर) ઇશ્વિર; પરમેશ્વર. (૨) માલિક; ધણી-નાયક. (૩) યુવરાજ. (૪) સામાન્ય માંડલિક રાજા. (૫) અમાત્ય; પ્રધાન. (૬) શ્રીમંત. શેઠ. (૭) લવણ સમુદ્રની મધ્યમાં ઉત્તર દિશાએ ઇશ્વિર નામનો મહા પાતાલ કળશો. (૮) ભૂતવાદિ જાતના વ્યંતર દેવનો ઈંદ્ર (૯) અણિમાદિ ઋદ્ધિવાળો; સમર્થ. (૧૦) ચોથા તીર્થંકરના યક્ષ દેવતાનું નામ. (૧૧) વેલંધર દેવોનું રહેઠાણુ.

ईसरिय. न० (ऐश्वर्य) ઐશ્વર્ય; મોટાઇ; સપત્તિ.

ईसा. स्त्री० (ईर्ष्या) અદેખાઇ.

ईसा. स्त्री० (ईशा) ઇંદ્રાણીની અંદરની સભા. (૨) વાણવ્યંતર ઇંદ્રની અભ્યંતર સભા.

ईसाण. पु० (ईशान) ઈશાન નામે બીજો દેવલોક. (૨) એ દેવલોકના નિવાસી દેવતા. (૩) ઈશાન દેવલોકનો ઈંદ્ર. (૪) એક અહોરાત્રિના ૨૪ મુહૂર્તમાંનું ૧૧ મુ અથવા ૧૬ મુ મુહૂર્ત. (૫) ઈશાન કોણ-ખુણો. (૬) પ્રભુ; સ્વામી.

ईसाणकप्प पुं० (ईशानकल्प) બીજો દેવલોક.

ईसाणग. पुं० (ईशानक) બીજા ઇશાન દેવલોકવાસી દેવતા.

ईसाणदेव. पु० (ईशानदेव) બીજા ઇશાન દેવલોકના દેવતા.

ईसाणवडिंसय पु० (ईशानावसतंक) ઈશાન દેવલોકમાંનું સૌથી મોટું વિમાન; ઈશાનેન્દ્રનું મધ્યનુ વિમાન.

ईसाणा स्त्री० (ऐशानी) ઈશાન ખૂણો.

ईसाणिंद. पु० (ईशानेन्द्र) ઈશાન દેવલોકનો ઈંદ્ર.

ईसाणिया. स्त्री० (ईशानिका) ઈશાન ખુણો.

ईसादोष. पु० (ईर्ष्यादोष) ઈર્ષ્યારૂપદોષ.

ईसालु. त्रि० (ईर्ष्यालु) ઈર્ષ્યાવાળો.

ईसि. }
ईसिं. } अ० (ईषत्) થોડું; અલ્પ; જરા. (૨) સિદ્ધિક્ષેત્ર; મુક્તભૂમિ.

ईसिदंत. त्रि० (ईषद्दान्त) થોડી શિક્ષા પામેલ હાથી.

ईसिंपुरेवात }
ईसिंपुरेवाय. } पुं० (ईषत्पुरोवात) થોડો પૂર્વ દિશાનો વાયુ.

ईसिपब्भारा. स्त्री० (ईषत्प्राग्भारा) }
ईसिप्पभा. स्त्री० (ईषत्प्रभा) } સિદ્ધ શિલા; મુક્તિશિલા.

ईसिमत्त. त्रि० (ईषन्मत्त) યૌવનની શરૂઆતવાળા થોડા ઉન્મત્ત હાથી વગેરે.

ईसी. स्त्री० (ईषत्) સિદ્ધ શિલાનું એક નામ.

ईसीपब्भारा. स्त्री० (ईषत्प्राग्भारा) જુઓ "ઇસિપબ્ભારા" શબ્દ.

ईहा. स्त्री० (ईक्षा) અવલોકન; તપાસીને જોવું તે.

ईहा. स्त्री० (ईहा) વિચારણા; આલોચના; અવગ્રહ થયા પછી તે આમ છે કે તેમ એવી વિશેષ વિચારણા કરવી તે; મતિજ્ઞાનનો બીજો ભેદ. (૨) મૃગ વિશેષ.

ईहापोह. पु० (ईहाव्यूह) ઊહાપોહ; તર્ક વિતર્ક. (૨) સંગ્રામ-યુદ્ધનીતિ; એક જાતની વ્યૂહ રચના.

ईहामइ. स्त्री० (ईहामति) ઈહારૂપમતિ-વિચારણા, મતિજ્ઞાનનો એક ભેદ.

ईहामिग. }
ईहामिय. } पु० (ईहामृग) વરૂ; નાહર. (૨) નાટકનો એક પ્રકાર.

ईहिय. त्रि० (ईहित) ચેષ્ટા કરેલ. (૨) વિચારેલ.

उ.

उ. अ० (उत्) વિપરીત; ઉલટું. (૨) અભાવ; ન હોવાપણું. (૩) વિશેષ; વધારે.

उ. पुं० (उ) ઉપયોગ રાખવો, ખ્યાલ રાખવો.

उ. अ० (तु) નક્કી, નિશ્ચય (૨) વિતર્ક. (૩) કિન્તુ; પરન્તુ.

उअर. न० (उदर) પેટ; ઉદર.

उअविय. त्रि० ( ) ઉચ્છિષ્ટ, અએઠું (એઠું).

उआर. पु० (उच्चार) ઉચ્ચાર કરવો તે, બોલવું તે.

उइट्ठ. त्रि० (अपकृष्ट) દબાયેલ, સંકોચ પામેલ

उइरण. त्रि० (अवतीर्ण) ભૂમિપર આવેલ, અવતરેલ.

उइराण त्रि० (उदीर्ण) ઉદય પામેલ, કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલ (૨) ઉદીરણા કરી ઉદયમાં લાવેલ (૩) ઉત્કટ; પ્રબળ (૪) ફળોન્મુખ (કર્મ).

उइय. त्रि० (उदित) કહેલું. (૨) ઉદય આવેલ.

उईण. त्रि० (उदीचीन) ઉત્તર પ્રદેશ સાથે સબંધ રાખનાર; ઉત્તર દિશામાં ઉત્પન્ન થયેલ.

उईणपाईण. पुं० (उदीचीनप्राचीन) પૂર્વોત્તર દિશા; ઈશાન ખુણો.

उईणवाय. पु० (उदीचीनवात) ઉત્તર દિશાનો વાયુ.

उईरण. न० (उदीरण) પ્રેરણા કરવી.

उईरणाया. } **उईरणा** } स्त्री० (उदीरणा) પ્રેરણા; સમય વિના પણ પ્રયત્નથી થતો કર્મનો અનુભવ.

उईरिय. त्रि० (उदीरित) ઉદીરણા કરેલ; પ્રેરણા કરેલ. (૨) કથન કરેલ, પ્રતિપાદન કરેલ. (૩) પેદા થયેલ; કરેલ. (૪) સમય વિના પણ પ્રયત્નથી ઉદયમાં આવી ફળનો અનુભવ કરાવનાર (કર્મ).

उउ. पु० (ऋतु) ઋતુ; બેમાસ પ્રમાણનો એક કાળવિભાગ; હેમંત શિશિર આદિ છ ઋતુ. (૨) સ્ત્રીકુસુમ; રજોદર્શન.

उउंबर. पु० (उदुम्बर) ઉદુમ્બરનું ઝાડ અને તેનુ ફળ; ગુલ્લર.

उउंबरदत्त पु० (उदुम्बरदत्त) પાટલીખંડ નગરના રહેવાસી સાગરદત્ત સાર્થવાહનો પુત્ર. (૨) પાટલીખંડ નગરના ઉદ્યાનમાંનો એક યક્ષ

उउंबरपणग. न० (उदुम्बरपञ्चक) ૧ વડ, ૨ પીપળો, ૩ ઉદુમ્બર, ૪ પ્લક્ષ, ૫ કાકોદુમ્બરી એ પાંચ વૃક્ષનો સમૂહ.

उउदेवी. स्त्री० (ऋतुदेवी)વસન્ત, ગ્રીષ્મ, વર્ષા, શરદ વગેરે ૠતુના નામવાળી દેવી.

उउबद्ध पु० (ऋतुबद्ध) ઋતુ બદ્ધકાળ, શીયાળો અને ઉન્હાળો; ચોમાસા સિવાયનો કાલ.

उउमास. पु० (ऋतुमास) ૠતુમાસ, પરિપૂર્ણ ત્રીસ દિવસ પ્રમાણનો કાળ વિભાગ; કર્મમાસ.

उउय. त्रि० (ऋतुज) ૠતુ સંબંધી; મોસમનું; કાળને ઉચિત.

उउवास. पु० (ऋतुवर्ष) ઋતુ બંધકાળ; ચોમાસા શિવાયના આઠ માસ.

उउसंधि. पु० स्त्री० (ऋतुसंधि.) એક ઋતુનો આરંભ અને બીજીનો અંત.

उउसंवच्छर. पु० (ऋतुसंवत्सर) ઋતુ સંવત્સર; છ ઋતુ પ્રમાણનો કાળ.

उंछ. पुं० (उञ्छ) ભિક્ષા; થોડું થોડું ગ્રહણ કરવુ તે.

उंछजीविया. स्त्री० (उञ्छजीविका) એષણા; થોડો થોડો આહાર લઇ જીવિકા ચલાવવી તે.

उंजायण. न० (उञ्जायन) વશિષ્ઠ ગોત્રની એક શાખા. (૨) તે શાખાનો પુરૂષ.

उंडग. પું० (   ) મૂત્રપાત્ર; માત્રું કરવાનું ઠામ (૨) માંસનો પિણ્ડો; લોચો. (૩) ચાલતાં પગને બગાડે તેટલો કાદવ

उंडी. સ્ત્રી० (उण्डी) પિણ્ડી; પેશી.

उंडुय ન० (उन्दुक) ભોજન કરવાનું સ્થાન.

उंडेरिय. ન० (   ) રેવડી; ખાવાની એક વસ્તુ.

उंडुपाणिश्र. ન० (   ) ઉંડુ પાણી.

उंदर. } **उंदिर** } **उंदुर.** } પુ० સ્ત્રી० (उन्दर) ઉંદર.

उंदुरुक. ન० (   ) દેવતા પૂજન વખતે મોઢેથી બળદના જેવો શબ્દ કરવો તે

उंबर પુ० (उदुम्बर) ઉબરાનું ઝાડ, ગુલરનું ઝાડ. (૨) વિજ્જુકુમાર દેવતાનું ચૈત્ય વૃક્ષ.

उंबरदत्त પુ० (उदुम्बरदत्त) એ નામનો યક્ષ (૨) એક સાર્થવાહનો પુત્ર

उंबरपंचग } **उंबरपणग.** } ન० (उदुम्बरपञ्चक) વડ, પીપર, ગુલર ઇત્યાદિ પાંચ વૃક્ષોનાં ફળ.

उंबरपुप्फ ન० (उदुम्बरपुष्प) ગુલરના ઝાડનું ફૂલ.

उंबरि. સ્ત્રી० (   ) વનસ્પતિ વિશેષ.

उंबिगा. સ્ત્રી० (उंबिका) ઘઉ, જવ, ચોખા વગેરેની ઉમ્મડી-મજરી.

उंबेभरिया સ્ત્રી० (   ) એ નામનું એક જાતનું ઝાડ

उंमुय પુ० (उन्मुक) એ નામના એક જાદવકુમાર.

उकुरुडिया. સ્ત્રી० (   ) ઉકરડી, ઉકરડો.

उक्कंचण. ન० (   ) શૂળીએ ચડાવવાને ઉંચે ઉચકવું તે. (૨) ગુણ વગરના માણસના ખોટા વખાણ કરવા તે; ખુશામત. (૩) ગરીબનો વધારે દંડ કરવો તે. (૪) કોઇને છેતરવામાં પાસે ઉભેલો ડાહ્યો માણસ જાણી જશે એમ જાણી વાર્તાચિત બંધ રાખવી તે. (૫) લાંચ; રૂશ્વત.

उक्कंचणदीव. પુ० (उत्कञ्चनदीप) મશાલ.

उक्कंचणया. સ્ત્રી० (   ) મુગ્ધ જનને છેતરવા ઢોંગ કરવો તે

उक्कंठिय. ત્રિ० (उत्कण्ठित) ઉત્કંઠાવાળો; ઉત્સુક થયેલ.

उक्कंपिय. ત્રિ० (   ) ધોળું કરેલ

उक्कंवण. ન० (   ) ઘરની છત બાંધવી તે

उक्कंबिश्र. ત્રિ० (उत्कम्बित) વાંસની કામડીથી બાંધેલ.

उक्कच्छिया. સ્ત્રી० (औपकक्षिकी) સાધ્વીનાં ૨૫ ઉપકરણમાંનું એક ઉપકરણ, જમણી બાજુની છાતીએ કાંખ સુધી સીવ્યા વગર ધારણ કરવાનું વસ્ત્ર કે જે અઢી હાથનો ચોરસ કટકો હોય છે

उक्कट्ठि. સ્ત્રી० (उत्कृष्टि) ઉત્કર્ષ.

उक्कड. ત્રિ० (उत्कटुक) પૃથ્વી ઉપર શરીર રાખીને પવિત્રતાએ બેઠેલ (૨) ઊકડુ આસન.

उक्कड ત્રિ० (उत्कट) પ્રકૃષ્ટ; ઉન્નત; ઉંચુ. (૨) પસરેલ. (૩) અધિક; વધારે. (૪) કલુષિત, ડોળુ. (૫) બળવાન્

उक्कडुय. ન० (उत्कटुक) ઉકડુ આસન; ઉભડક પગે બેસવું તે.

उक्कड्डग. પુ० (अपकर्षक) ચોરને બોલાવી ચોરી કરનાર. (૨) ચોરને મદદ કરનાર. (૩) ચોરની એક જાત.

उक्कत्त. ત્રિ० (उत्कृत्त) કાપેલ; ભાગ કરેલ

उक्कत्थण. ન० (उत्कन्थन) ખાલ ઉતારવી; ચામડી ઉતારવી તે.

उक्कम. પું० (उत्क्रम) પશ્ચાનુપૂર્વી; ઉલટો ક્રમ.

उक्कमित ત્રિ० (उपक्रान्त) પ્રારબ્ધયોગે પ્રાપ્ત થયેલ; (૨) ક્ષીણ.

उक्कर. पुं० (उत्कर) સમૂહ; સંઘાત. (૨) ત્રિ૦ કર રહિત.

उक्करियाभेय. પુ૦ (उत्करिकाभेद) એરંડ બીજ છાલથી અલગ થાય તેમ અલગ થવુ તે.

उक्करिस. પુ૦ (उत्कर्ष) ઉત્કર્ષ, અતિશય (૨) ગર્વ; અભિમાન.

उक्करुडिया સ્ત્રી૦ ( ) ઉકરડો. મલીન વસ્તુનો સંગ્રહ.

उक्कल. ત્રિ૦ (उत्कल) ચડતી કળાવાળુ. વૃદ્ધિ પામનાર. (૨) તેઇંદ્રિય જીવ વિશેષ (૩) ધર્મ રહિત. (૪) ન૦ ચોરી.

उक्कलिका. સ્ત્રી૦ (उत्कलिका) ઉપરા ઉપરી જવુ આવવુ તે

उक्कलिय. ત્રિ૦ (उत्कलिक) એક પ્રકારનો અવ્યક્ત શબ્દ.

उक्कलिया. સ્ત્રી૦ (उत्कलिका) વધારે નાનો સમુદાય. (૨) તેઇંદ્રિય જીવ વિશેષ, કરોળીઓ. (૩) લહેર—તરંગ (૪) વાયુની માફક ચક્ર ફરવુ તે

उक्कलियावाय. પુ૦ (उत्कलिकावात) થોડી થોડી વારને અંતરે વાતો એક પ્રકારનો વાયુ.

उक्कस. પુ૦ (उत्कर्ष) માન. અહંકાર (૨) વધારેમાં વધારે.

उक्कसाइ ત્રિ૦ (उत्कशायिन्) સન્માનની ઉત્કંઠાવાળો

उक्कसाइ. ત્રિ૦ (उत्कषायिन्) પ્રબળ કષાયવાળો

उक्कस्स પું૦ (उत्कर्ष) માન; અહંકાર

उक्कस्स. ત્રિ૦ (उत्कर्षवत्) મહત્વાળુ; અભિમાની. (૨) ઉત્કૃષ્ટ.

उक्का. સ્ત્રી૦ (उल्का) મૂળ અગ્નિથી છુટા પડેલ આગના તણખા. (૨) દિગ્દાહ. (૩) આકાશમાં વ્યંતરાદિકૃત અગ્નિ દેખાય તે. (૪) તેજની જ્વાળા (૫) ઉલ્કાપાત; તારાનું ખરવુ.

उक्कापाय. પુ૦ (उल्कापात) ઉલ્કાપાત, આકાશમાંથી તારાઓનુ પડવુ

उक्कापाया. સ્ત્રી૦ (उल्कापाता) ઉલ્કાપાત—તારા ખરે તેનુ શુભાશુભ જાણવાની વિદ્યા.

उक्कामुह. પું૦ (उल्कामुख) લવણ સમુદ્રમાં આઠસો જોજન ઉપર આવેલ ઉલ્કામુખ નામનો એક અંતરદ્વીપ. (૨) ત્રિ૦ તેમાં રહેનાર મનુષ્ય. (૩) ગંગા નદીની અધિષ્ઠાત્રી દેવીનો નિવાસ પર્વત.

उक्कालिय. ત્રિ૦ (उत्कालिक) ચાર અકાળ સિવાય ચારે પહોર ભણાય એવુ સૂત્ર, ઉવવાઇ આદિ ઉત્કાલિકસૂત્ર

उक्कावाय. પુ૦ (उल्कापात) જુઓ " ઉક્કાપાય " શબ્દ

उक्कास. પુ૦ (उत्कर्ष) અભિમાનથી પોતાની સમૃદ્ધિના વખાણ કરવા તે, મોહનીય કર્મની એક પ્રકૃતિ.

उक्किट्ठ. ત્રિ૦ (उत्कृष्ट) ઉત્કૃષ્ટ, સર્વોત્તમ, શ્રેષ્ઠ. (૨) કારિંગા, તુમડા, ભીંડા વગેરેને મારીને કરેલ ઝીણા કકડા. (૩) કરજ વગેરે અમુક વખત માટે માગવુ નહિ તે

उक्किट्ठा સ્ત્રી૦ (उत्कृष्टा) એક પ્રકારની દેવતાની વેગવાળી ગતિ, મનોહર ગતિ

उक्किट्ठि. સ્ત્રી૦ (उत्कृष्टि) આનંદજનક ધ્વનિ, હર્ષનો અવાજ.

उक्किण्ण ત્રિ૦ (उत्कीर्ण) ઉખેડેલું; ખોદી કાઢેલુ (૨) અત્યન્ત પ્રગટ, ખુલ્લું (૩) કોતરેલ. (૪) મિશ્રિત.

उक्कित्त ત્રિ૦ (उत्कृत्त) ઉખેડેલ

उक्कित्तण ન૦ (उत्कीर्तन) ચઉવિસત્થો; ચોવીસ તીર્થંકરની સ્તુતિ.

उक्कित्तित. ત્રિ૦ (उत्कीर्तित) કીર્તન કરેલ.

उक्कुट्ठ ન૦ (उत्कुष्ट) લીલા પાનનો ભુક્કો.

उक्कुट्ठ. ત્રિ૦ (उत्कुष्ट) ઉત્કૃષ્ટનાદ; આનંદ ધ્વનિ.

उक्कुडुअ. } न० (उत्कुटुक) ઉકકડુ આસન;
उक्कुडुग. } ઉભપગુણિયે બેસવાનુ આસન; ઉભડક આસન.

उक्कुडुया. स्त्री० (उत्कुटुका) ઉભડક બેસવુ તે; પાંચ પ્રકારની નિષદ્યા-બેઠકમાંની એક.

उक्कुडुयासण. न० (उत्कुटुकासन) ઉકકડુ આસન; ઉભડક પગે બેસવુ તે.

उक्कुडुयासणिय. त्रि० (उत्कुटुकासन) ઉભડક આસને બેઠેલ.

उक्कुरुडु. पु० } ( ) ઉકરડો
उक्कुरुडिया. स्त्री० }

उक्कूइय. न० (उत्कूजित) મહાન્ અવ્યક્ત ધ્વનિ

उक्कूल. त्रि० (उत्कूल) સન્માર્ગ અથવા ન્યાયના કૂલ-તટથી દૂર કરનાર (૨) હદ ઓળગી ગયેલ. (૩) ચોરી.

उक्केर पुं० (उत्कर) રાશિ, સમૂહ, ઢગલો (૨) વૃદ્ધિ, ઉદ્વર્તન, કર્મની સ્થિતિ વગેરેમાં વધારો કરવો તે.

उक्कोडा स्त्री० ( ) લાંચ, રૂશ્વત

उक्कोडिय त्रि० ( ) રૂશ્વત ખાનાર; લાચ લેનાર, લાંચીઓ

उक्कोया. स्त्री० (उत्कोचा) લાચ

उक्कोस. पु० (उत्क्रोश) ઉચુ મોટુ કરી શબ્દ કરનાર પક્ષી; ચાતક; બપૈયો

उक्कोस. पुं० (उत्कर्ष) ઉત્કૃષ્ટ; વધારેમાં વધારે, ઘણામાં ઘણુ (૨) માન, અહંકાર. (૩) ઉત્તમ

उक्कोसिय. त्रि० (उत्कृष्ट) ઉત્કૃષ્ટ, વધારેમાં વધારે.

उक्कोसिय. पु० (उत्कौशिक) એ નામના ગોત્રના પ્રવર્તક ઋષિ (૨) न० એ નામનુ એક ગાત્ર.

उक्कोसिया. स्त्री० (उत्कृष्टि) ઉત્કર્ષ, વિશેષતા.

उक्ख पु० (उक्ष) સમ્બધ. (૨) જૈન સાધ્વીઓને પહેરવાના વસ્ત્રનો અમુક ભાગ.

उक्खंद. पु० (अवस्कन्द) ઘેરો ઘાલવો; કપટથી શત્રુના સૈન્યને મારવુ તે.

उक्खंभ. पु० (उत्तम्भ) જોરથી રોકવુ તે.

उक्खंभिय. न० (औत्तम्भिक) જોરથી રોકવુ-અટકાવવુ.

उक्खणण. न० (उत्खनन) ઉખેડવુ તે.

उक्खणिय त्रि० } (उत्खात) ઉખેડેલ, ખોદેલ
उक्खय. त्रि० }

उक्खल. पु० न० (उदूखल) ઉખલ, ખાંડણી.

उक्खा स्त्री० (उखा) થાળી, તોલડી, હાંડલી.

उक्खिणण. त्रि० ( ) ખરડાયેલ.

उक्खित. त्रि० (उक्षित) સિંચેલ, વિલેપન કરેલ.

उक्खित्त त्रि० (उत्क्षिप्त) ઉચુ કરેલ; ઉપાડેલ-ઉઠાવેલ. (૨) જ્ઞાતાધર્મ કથા સૂત્રના પહેલા અધ્યયનનુ નામ. (૩) ગાયનના ચાર પ્રકારમાંનો એક પ્રકાર (૪) આકર્ષણ કરેલ, ખેંચેલ

उक्खित्तअ त्रि० (उत्क्षिप्तक) ગીતનો એક પ્રકાર. શરૂઆતથી ચડતે સ્વરે ગાવુ તે.

उक्खित्तचरअ. त्रि० } (उत्क्षिप्तचरक) રાંધ-
उक्खित्तचरग } વાના વાસણમાંથી ખાવાના વાસણમા ગૃહસ્થે પોતાને ખાવા કાઢેલુ હોય તેજ લેવુ એવો અભિગ્રહ ધારી ગાચરી કરનાર

उक्खित्तणाअ. न० (उत्क्षिप्तज्ञात) જેણે સસલાને ઉગારવા પગ ઉંચો રાખ્યો તે ઉત્ક્ષિપ્ત-મેઘકુમાર, તેનુ દૃષ્ટાંત જેમાં આપવામા આવ્યુ છે તે અધ્યયન; જ્ઞાતા સૂત્રનુ પ્રથમ અધ્યયન.

उक्खित्तणिक्खित्तचरअ. पु० (उत्क्षिप्तनिक्षिप्तचरक) રાધવાના વાસણમાંથી ખાવાના વાસણમા કાઢેલ હોય તેને બીજા વાસણમાં નાખે તે લેનાર, અભિગ્રહધારી મુનિ

उक्खित्तपुव्ववसहि. पु० (उत्क्षिप्तपूर्ववसति) આ વસતિ-મકાનમાં રહો એમ કહી સાધુને પહેલ વહેલો બતાવેલ ઉતારો.

उक्खित्तय. न० (उत्क्षिप्तक) ગીતનો પ્રથમ પ્રકાર.

उक्खित्तविवेग. पु० (उत्क्षिप्तविवेक) ભાત વગેરેમાં પડેલ અણખપના દ્રવ્યને જુદુ કાઢી નાખવુ તે

उक्खिय. त्रि० (उक्षित) છાંટેલ.

उक्खिवणा. स्त्री० (उत्क्षेपणा) બહાર ફેંકવુ.

उक्खेव. पु० (उत्क्षेप) ઉંચે ઉપાડવુ. (૨) ઉંચે ફેંકવુ (૩) આરંભવાક્ય (૪) અધિકાર; અભિધેય (૫) ઉપોદ્ઘાત, પ્રસ્તાવના.

उक्खेवग. त्रि० (उत्क्षेपक) ઉંચે ફેંકનાર. (૨) પુ૦ એક જાતનો પંખો.

उक्खेवण. न० (उत्क्षेपण) ઉંચે ફેંકવુ; ન્યાય દર્શન સમત પાંચ કર્મ પૈકી પ્રથમ કર્મ

उक्खेवय. पु० (उत्क्षेपक) પ્રસ્તાવના, ઉપોદ્ઘાત. (૨) આલાવો; અધ્યાય (૩) પવન નાખવાનો વાસનો પંખો. (૪) त्रि० ફેંકનાર.

उग्ग. न० (उग्र) ઋષભદેવ પ્રભુએ રક્ષક તરીકે નીમેલું કુળ, ઉગ્રવંશ. (૨) त्रि० ઉગ્રકુળમાં ઉત્પન્ન થયેલ. (૩) ઉગ્ર, પ્રધાન; બહુભારે. (૪) ઉત્કટ, આકરૂં; દુઃખે આચરી શકાય તેવુ. (૫) ઉદ્યમ સહિત.

उग्गकुल. पुं० (उग्रकुल) ઉગ્રકુળ; જે કુળને ઋષભદેવે રક્ષક તરીકે સ્થાપ્યું તે કુળ

उग्गतव. न० (उग्रतपस्) ઉગ્રતપ, ઘણી કઠણ તપશ્ચર્યા. (૨) त्रि० ઉગ્રતપ કરનાર.

उग्गम. पु० (उद्गम) સાધુને અર્થે આહારાદિ નિપજાવતાં ગૃહસ્થથી લાગતા આધાકર્માદિ ૧૬ દોષ

उग्गमकोडि. स्त्री० (उद्गमकोटि) ઉદ્ગમ પક્ષ; આધાકર્મ અને ઉદ્દેશિકના ત્રણ ત્રણ ભેદ-એકદર ૭ ભેદ ઉદ્ગમકોટી તરીકે ગણેલ છે.

उग्गमण. न० (उद्गमन) ઉગવુ તે; સૂર્યનો ઉદય.

उग्गय. न० (उद्गत) બહાર નીકળનો ભાગ. (૨) त्रि० ઉત્પન્ન થયેલ. (૩) ઉગેલ; ઉદય પામેલ.

उग्गयवित्तिअ. त्रि० (उद्गतवृत्तिक) દિવસ ઉગ્યા પછી જેને વૃત્તિ-ખોરાક મેળવવાનું છે તે.

उग्गवई. स्त्री० (उग्रवती) પડવો, છઠ, અને અગ્યારસ એ રાત્રિની ત્રણ તિથિનુ નામ

उग्गविस न० (उग्रविष) ઉત્કટ વિષ (૨) पु० આકરા વિષવાળો સર્પ.

उग्गसेण. पु० (उग्रसेन) કંસના પિતા ઉગ્રસેન રાજા

उग्गह. पु० (अवग्रह) મન અને ઇંદ્રિયોની સાથે વસ્તુનો સબંધ થતા પ્રથમ સામાન્ય બોધ થાય તે; મતિજ્ઞાનના ચાર પ્રકારમાનો પહેલો પ્રકાર (૨) ઉપકાર; આશ્રય (૩) આજ્ઞા, રજા, સમતિ (૪) અભિગ્રહ; નિયમ (૫) પરિગ્રહ. (૬) આવાસ, નિવાસસ્થાન. (૭) અતર, આંતરૂ. (૮) અવધારણ; નિશ્ચય (૯) સાધ્વીઓનુ એક ઉપકરણ. (૧૦) યોનિદ્વાર. (૧૧) ગ્રહણ કરવા યોગ્ય વસ્તુ (૧૨) પોતાની માલેકીની ચીજ.

उग्गहण. न० (अवग्रहण) સામાન્ય અશનું ગ્રહણ કરવુ-વિચારવુ (૨) સ્થાનની આજ્ઞા. (૩) ઇંદ્રિયદ્વારા ઉત્પન્ન થતુ સામાન્ય જ્ઞાન.

उग्गहणंतग. न० (अवग्रहानन्तक) } નાવાને આકારે સાધ્વીનું એક વસ્ત્ર કે જેનો ગુહ્ય પ્રદેશ ઢાંકવામાં ઉપયોગ થાય છે. સાધ્વીના ૨૪ ઉપકરણમાંનું એક.
उग्गहपट्ट, उग्गहपट्टग. पु० न० (अवग्रहपट्ट, क) }

उग्गहमइ. स्त्री० (अवग्रहमति) ઇંદ્રિય અને અર્થનો સબંધ થાય તે; મતિજ્ઞાનનો એક ભેદ.

उग्गहमइसंपया स्त्री० (अवग्रहमतिसम्पद्) મતિસંપદાનો એક પ્રકાર, સામાન્યપણે વસ્તુનું ગ્રહણ કરવું તે.

उग्गहिय. न० (अवग्रहिक) પાઢીઆરા ઉપગરણ; અમુક વખત સુધી વાપરીને પાછા ધણીને સોંપવાયોગ્ય ઉપગરણ

उग्गहिय त्रि० (अवगृहीत) પીરસવા માટે ઉપાડેલું (૨) સામાન્યરૂપથી જાણેલ

उग्गहिया. स्त्री० (अवगृहीता) ગૃહસ્થને થાળી વગેરેમાં પીરસેલું ભોજન સાધુએ યત્નાપૂર્વક લેવું તે. પિંડેષણાનો પાંચમો પ્રકાર

उग्गाढ त्रि० (उद्गाढ) સ્વસ્થ, તંદુરસ્ત.

उग्गाल पु० (उद्गार) ઓડકારની સાથે અનાજ કે પાણી પેટમાંથી મોઢામાં આવે તે.

उग्गाहणा स्त्री० (अवगाहना) શરીરની ઉંચાઇ.

उग्गाहिम. त्रि० (अवगाहिम) ઘી આદિમાં તળેલી વસ્તુ

उग्गाहिय. त्रि० (उद्ग्राहित) હાથમાં લીધેલ, ઉપાડેલ

उग्गिग्गा त्रि० (उद्गीर्ण) ઓકેલ, વમેલ.

उग्गोवणा. स्त्री० (उद्गोपना) શોધવું; ગવેષણા કરવી

उग्गोविय. त्रि० (उद्गोपित) મુઝાએ ગયેલ, ભ્રાંતિમાં પડેલ. (૨) ગુપ્ત કાઢેલ

उग्घर. त्रि० (उद्गृह) ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરનાર; ઘરબાર છોડી સન્યાસ લેનાર.

उग्घाअ. पु० (उद्घात) ઠોકર લાગવી; પ્રતિઘાત થવો તે (૨) ભાગ પાડી ન્હાનું કરવું. (૩) ઉપોદ્ઘાત, ભૂમિકા કે પ્રસ્તાવના. (૪) ક્ષીણતા. (૫) न० પ્રાયશ્ચિત વિશેષ (૬) નિશીથ સૂત્રનો એક અંશ કે જેમાં પ્રાયશ્ચિતનું વર્ણન છે

उग्घाइम. न० (उद्घातिम) લઘુ પ્રાયશ્ચિત (૨) त्रि० લઘુ, નાનું

उग्घाइय. त्रि० (उद्घातित) લઘુ પ્રાયશ્ચિત. (૨) નાશ પામેલ.

उग्घाड. त्रि० (उद्घाट) થોડું ઢાંકેલું-વાસેલું થોડું ખુલ્લું; ભોગળ ન દીધેલ.

उग्घाडण. न० (उद्घाटन) ઉઘાડવું, ખોલવું.

उग्घाडपोरिसी. स्त्री० (उद्घाटपौरुषी) પહોરનો પાછલો ભાગ પોણો પહોર

उग्घाडिय त्रि० (उद्घाटित) ઉઘાડેલ, ખુલ્લું કરેલ

उग्घाडियणाण त्रि० (उद्घाटितज्ञ) કહેલ માત્ર જાણનાર.

उग्घाय पु० (उद्घात) જુઓ ' ઉગ્ઘાઅ ' શબ્દ.

उग्घायण न० (उद्घातन) ક્ષય-નાશ કરવો. (૨) પૂજ્યસ્થાન; ઉત્તમ જગ્યા (૩) સરોવરમાં જવાનો માર્ગ

उग्घुट्ठ. त्रि० (उद्घुष्ट) ઘોષણા કરેલ.

उग्घोसणा. स्त्री० (उद्घोषणा) ઉદ્ઘોષણા ઢંઢેરો.

उग्घोसिय. त्रि० ( ) ઘસેલ, માંજેલ

उच्चिय त्रि० (उचित) યોગ્ય, લાયક. (૨) જોડેલ, મળેલ.

उच्च. त्रि० (उच्च) ઉચ્ચ, ઉત્તમ, પૂજ્ય (૨) ઉંચા શરીર તથા ઉંચા કુળવાળો (૩) ગોત્રકર્મની એક પ્રકૃતિ કે જેથી ઉચ્ચગોત્ર પ્રાપ્ત થાય

उच्चंत पु० ( ) દાંતનો રોગ, દંતરોગ.

उच्चंपिय. त्रि० ( ) જોરથી હલ્લો કરેલ.

उच्चगोय न० (उच्चगोत्र) ઉંચ ગોત્ર નામે ગોત્ર કર્મની શુભ પ્રકૃતિ કે જેના ઉદયથી જીવ ઉંચ ગોત્ર પામે.

उच्चच्छंद त्रि० (उच्चच्छन्दस्) સ્વચ્છંદી; સ્વેચ્છાચારી

उच्चत्त न० (उच्चत्व) ઉંચપણું. (૨) કદ (૩) ઉંચકો, બદલાની અમુક વસ્તુ

उच्चत्तभयअ पु० (उच्चत्वभृतक) ઉંચામ આપી કામ કરાવીએ તે સેવક.

उच्चत्तरिया स्त्री० (उच्चत्तरिका) અઢાર લિપિમાંની એક.

उच्चत्ता. स्त्री० ( ) મફત, કંઇ બદલો લેવાની ઇચ્છા ન કરવી તે

उच्चत्थवणअ. पु० (उच्चस्थापनक) ઉંચા મોઢાનું ભાજન વિશેષ; ચંબુ

उच्चय पु० (उच्चय) ઢગલો, સમૂહ

उच्चयबंध. पु० (उच्चयबन्ध) ઉપરા ઉપરી મુખ્ય ઢગલો કરવો તે રૂપ બંધ

उच्चरणा. न० (उच्चारण) અક્ષરાદિનો ઉચ્ચાર કરવો

उच्चरिय. त्रि० (उच्चरित) કથિત, ઉક્ત

उच्चा. अ० (उच्चैस्) ઉત્તમ, શ્રેષ્ઠ

उच्चाअ. त्रि० ( ) થાકી ગયેલ. શ્રાન્ત.

उच्चाकुया स्त्री० (उच्चाकुचा)
उच्चाकुइया. स्त्री० (उच्चाकुचिका) } જમીનથી ઉંચી અને હાલેચાલે નહી તેવી શય્યા

उच्चाग. पु० (उच्चाग) હિમાચલ પર્વત

उच्चागय त्रि० (उच्चागज) હિમાચલમાં ઉદ્ભવેલ-ઉત્પન્ન થયેલ

उच्चागोत्त.
उच्चागोय. } न० (उच्चगोत्र) ઉંચું ગોત્ર, ગોત્ર કર્મની ઉંચ પ્રકૃતિ.

उच्चानागरी स्त्री० (उच्चानागरी) એ નામની કોડિયગણથી નીકળેલી શાખા, આર્ય-સતિમિખિકની શાખા.

उच्चार. पु० (उच्चार) વડીનીત, ઝાડો, વિષ્ટા. (૨) વડીનીત કરવી, મલ ત્યાગ કરવો (૩) ઉપયોગ અને યત્નપૂર્વક પરઠવવું. પાંચમી પારિઠાવણિયા સમિતિ.

उच्चारणा. पु० न० (उच्चारणा) બોલવું તે

कंडवा. स्त्री० (काण्डवा) એક જાતનું વાજીંત્ર.

कंडा. स्त्री० (काण्डा) પર્વગ જાતિનું એક ઝાડ.

कंडावेल्ली. स्त्री० (काण्डवल्ली) વનસ્પતિ વિશેષ.

कंडिय. त्रि० (कण्डित) ખાંડેલું, છડેલું.

कंडियायण. न० (कण्डिकायन) વૈશાલીનગરી પાસેનું એક ઉદ્યાન

कंडिल्ल. पु० (काण्डिल्य) કાણ્ડિલ્ય ગોત્ર પ્રવર્તક એક ઋષિ. (૨) न० કાણ્ડિલ્ય ગોત્ર (૩) पु० स्त्री० તે ગોત્રમાં ઉત્પન્ન થયેલ.

कंडिल्लायण. पु० (काण्डिल्यायन) એ નામના એક ઋષિ.

कंडु पु० स्त्री० (कन्दु) તવો. (૨) ખસનો રોગ.

कंडुइय. त्रि० (कण्डूमत्) ખસવાળો.

कंडुयण. न० (कण्डूयन) ખણવું; ખુજલિ; ચર કરવી.

कंडू. स्त्री० पु० (कण्डू) ચર, ખરજવાળ.

कंडूइय. न० (कण्डूयित) ખરજ, ચર.

कंडूयग. त्रि० (कण्डूयक) ખંજવાળનાર.

कंत त्रि० (कान्त) મનોહર; સુંદર. (૨) ધૃત સમુદ્રના દેવતાનું નામ. (૩) न० કાન્તિ; પ્રભા.

कंत. त्रि० (क्रान्त) આક્રમણ કરેલ.

कंता. स्त्री० (कान्ता) સુંદરી

कंतार. न० (कान्तार) અટવી; જંગલ.

कंति. स्त्री० (कान्ति) કાંતિ; પ્રભા. (૨) અહિંસા.

कंतिल्ल. त्रि० (कान्तिमत्) કાન્તિવાળો.

कंतेल्ल. पु० (कान्तेल्ल) મંડવ ગોત્રની શાખા. (૨) મંડવ ગોત્રની શાખામાંનો પુરૂષ.

कंथम्र. } **कंथग.** } पुं० (कन्थक) જાતવાન ઘોડો.

कंथीकय त्रि० (कन्थीकृत) કંથાની માફક થીગડા મારેલ વસ્ત્ર.

कंद. पु (क्रन्द) વ્યંતર દેવોની એક જાત.

कंद पुं० (कँन्द) કંદમૂળ (૨) ઝાડના મૂળ અને થડની વચ્ચેનો ભાગ (૩) કમળાદિકના મૂળ ઉપરનો ગોળ ભાગ.

कंदणया स्त्री० (क्रन्दन) આક્રંદન કરવું.

कंदप्प पु० (कन्दर्प) હાસ્ય ગર્ભિત મોહક ચેષ્ટા. (૨) કામદેવ. (૩) કુતુહલી દેવ. (૪) કામદેવની ભાવના. (૫) त्रि. કામી. કામયુક્ત.

कंदप्पिय. त्रि० (कान्दर्पिक) કામચેષ્ટા-હાસ્ય મશ્કરી કરનાર ભાંડ વગેરે. (૨) હાસ્ય મશ્કરી કરી આજીવિકા ચલાવનારની એક જાતિ. (૩) ભાંડ જેવા કંદર્પ દેવતાની એક જાત. (૪) त्रि० કામ સંબંધી.

कंदमूल न० (कन्दमूल) કન્દમૂલ.

कंदर. न० (कन्दर) કાણું; પર્વતની ગુફા.

कंदरा स्त्री० (कन्दरा) ગુફા.

कंदल. पु० (कन्दल) કેળાનું ઝાડ. (૨) લતા વિશેષ.

कंदलग. पुं० (कन्दलक) એક ખરીવાળા પશુની એક જાત.

कंदली. स्त्री० (कन्दली) એક જાતનો કંદ. (૨) કેળનું ઝાડ. (૩) લીલી વનસ્પતિ.

कंदाहार पुं० (कन्दाहार) કંદનો આહાર કરનાર તાપસનો એક વર્ગ.

कंदिंद पुं० (क्रन्देन्द्र) ક્રન્દિત નામના દેવ નિકાયના ઇન્દ્ર.

कंदिय. पुं० न० (क्रन्दित) વિયોગિની સ્ત્રીનું રૂદન (૨) વાણવ્યંતર દેવતાની એક જાત.

कंदु. पु० स्त्री० (कन्दु) લોઢાનું વાસણ; તાવડો.

कंदुक पु० (कन्दुक) એક જાતની વનસ્પતિ.

कंदुकुंभी. स्त्री० (कन्दुकुम्भी) લોઢાની કડાઇ; તાવડી.

कंदुरुक्क. न० (कन्दुरुक) એક જાતનો ધુપનો સુગંધી પદાર્થ.

कंदू. स्त्री० (कन्दू) નારકીને ઉપજવાની કુંભી.

कंध पु० (स्कन्ध) ખાંધ.

कंप. पु० (कम्प) કંપારી; ધ્રુજારો.

कंपण. न० (कम्पन) કંપવું; ધ્રુજવું; હલવું.

कंपणवाइस त्रि० (कम्पनवातिक) કમ્પવાયુ નામના રોગવાળો.

कंपिल्ल पु० न० (कम्पिल्ल) કંપિલપુર નામનું ફરૂખાબાદ જીલ્લાનું એક જુનું નગર. (૨) અંતગડ સૂત્રના ૧ લા વર્ગના સાતમા અધ્યયનનું નામ. (૩) અંધકવૃષ્ણિના પુત્ર સાતમા દશાર્હ.

कंपिल्लपुर. न० (काम्पिल्यपुर) કંપિલપુર નામે નગર.

कंबल. पु० न० (कम्बल) કંબલ; ધાબળો; કામળો. (૨) ગાયના ગળાનું ચામડું.

कंबलकड. पुं० } **कंबलकिडु.** न० } (कम्बलकट) કાંબળો.

कंबु. पु० (कम्बु) શંખ. (૨) ન૦ કંબુ નામે પાંચમા દેવલોકનું એક વિમાન કે જેમાં વસતા દેવોનું બાર સાગરનું આયુષ્ય છે.

कंबुग्गीव. न० (कम्बुग्रीव) કંબુગ્રીવ નામે પાંચમા દેવલોકનુ એક વિમાન

कंबू. स्त्री (कम्बू) એ નામની એક સાધારણ વનસ્પતિ.

कंबोय. पुं० (कम्बोज) કમ્બોજ દેશ; કાબુલ દેશ.

कंबोय त्रि० (काम्बोज) કંબોજ દેશમાં જન્મેલ.

कंस. पु० (कंस) ૮૮ ગ્રહમાનો ૨૨ મો ગ્રહ. (૨) મથુરાનો રાજા; શ્રીકૃષ્ણનો મામો. (૩) કાંસું નામની ધાતુ.

कंस. न० (कांस्य) કાંસાની એક ધાતુ.

कंसणाभ पु० (कंसनाभ) ત્રેવીશમા ગ્રહનુ નામ.

कंसताल न० (कांस्यताल) વાદ્ય વિશેષ, કાંસાના ઝાંઝર.

कंसपाई. स्त्री० (कांस्यपात्री) કાંસાની થાળી.

कंसपात्र. न० (कांस्यपात्र) કાંસાનુ પાત્ર

कंसवण्णाभ पु० (कंसवर्णाभ) અઠ્ઠાવીસમા ગ્રહનું નામ.

कंसवन्न. पुं० (कंसवर्ण) કંસવર્ણ નામનો ગ્રહ.

कंसाला. स्त्री० (कंसताला) વાજાનો એક પ્રકારનો અવાજ; તાલ.

कंसिआ स्त्री० (कंसिका) તાલ. (૨) વાદ્ય વિશેષ.

कंसिय. पुं० (कांस्यिक) કાંસાનું વાજિંત્ર. (૨) કંસારા.

कंसीय. न० (कंसीय) કાંસાનું પાત્ર.

ककारपविभत्ति. पुं० (ककारप्रविभक्ति) કકારની રચનાવાળું નાટક.

ककुध. } पु० न० (ककुद्) બળદની ખુંધ.
ककुह. } (૨) રાજચિન્હ. (૩) પર્વતની ટોચ (૪) ત્રિ. પ્રધાન; મુખ્ય.

कक्क. पु० (कल्क) સુગંધી પદાર્થ; એક કાપેલા દ્રવ્યનો ઉકાળો (૨) ન૦ પાપ. (૩) કપટ; માયા.

कक्क. पु० (कर्क) બ્રહ્મદત્ત ચક્રવર્તીના એક મહેલનું નામ.

कक्कंध. पु० (कर्कन्ध) ગ્રહાધિષ્ઠાયક દેવ વિશેષ

कक्ककुरुया. स्त्री० (कल्ककुरुका) દંભથી બીજાને છેતરવુ તે.

कक्कगुरुग न० (कल्कगुरुक) માયા; કપટ.

कक्कड. त्रि० (कर्कश) ખરબચડું

कक्कड न० (कर्कट) હૃદયનો એક પ્રકારનો વાયુ.

कक्कडग. पु० (कर्कटक) કાકડી, શાકની એક જાત.

कक्कडच्छ पु० (कर्कटाक्ष) કાકડી.

कक्कडय. न० (कर्कटक) દોડતા ઘોડાના પેટમાં ઉછળતો વાયુ.

कक्कडिया. स्त्री० (कर्कटिका) કાકડી.

कक्कडी. स्त्री० (कर्कटी) કાકડી

कक्कणा. स्त्री० (कल्कना) પાપ. (૨) માયા.

कक्कब पु० (कर्कब) ઉકાળેલ શેરડીનો રસ.

कक्कर. पुं० (कर्कर) જેને ચાવતા કર કર થાય તેવી વસ્તુ. (૨) કાંકરો.

कक्करणया. स्त्री० (कर्करणता) શય્યા ઉપધિ વગેરેમાં દોષ કહાડી બડબડાટ કરવુ તે

कक्करय. पु० (कर्कक) ભુભિક્ષાદિના હેતુ શીખવવા

कक्कराइय न० (कर्करायित) દોષવાળું આચરણ (૨) દોષનુ કહેવુ; દોષોનું પ્રગટ કરવુ.

कक्करी स्त्री० (कर्करी) ગાગર.

कक्कस त्रि० (कर्कश) કઠિન; આકરૂ (૨) પ્રખર; ચણ્ડ. (૩) તીવ્ર; પ્રગાઢ.

(४) અનિષ્ટ; હાનિકારક (૫) નિષ્ઠુર; નિર્દય. (૬) તોછડું; કઠોર વચન.

कक्कावंस. પું० (कर्कश) વાસની એક જાત.

कक्किकय. ન० (कल्किक) માંસ.

कक्केयण. પુ० ન० (कर्केतन) એક જાતનું રત્ન.

कक्कोडई. સ્ત્રી० (कर्कोटकी) કારેલા તથા કંકોડાની વેલ.

कक्कोडय. પુ० (कर्कोटक) વેલંધર જાતના દેવતાનું નામ (૨) કર્કોટક દેવને રહેવાના પર્વતનું નામ (૩) અનુવેલંધર દેવતાના રાજાનું નામ (૪) અનુવેલંધર દેવોનો આવાસ પર્વત (૫) ન० શાક વિશેષ; કારેલાં, કંકોડાં

कक्कोल. પુ० ન० (कर्कोल) સુગંધી એક જાતનું ફળ

कक्ख. પુ० (कक्ष) કાખ, બગલ (૨) વન, જંગલ

कक्खड ત્રિ० ( ) પુષ્ટ

कक्खड. ત્રિ० (कर्कश) જુઓ " કક્કસ " શબ્દ.

कक्खडा સ્ત્રી० (कर्कशा) કઠોર વેદના, દુઃસહ પીડા

कक्खा સ્ત્રી० (कक्षा) કાખ; બગલ.

कच्च ન० (कृत्य) કર્તવ્ય, કરવાને યોગ્ય

कच्चायण. પું (कात्यायन) એ નામના એક ઋષિ. (૨) કાત્યના પુત્ર શ્રી પ્રભવજીના ગોત્રનું નામ. (૩) ન० કૌશિક ગોત્રની શાખારૂપ એક ગોત્ર (૪) પુ० સ્ત્રી० કૌશિક ગોત્રની શાખામાં ઉત્પન્ન થયેલ. (૫) ન० મૂળ નક્ષત્રનું ગોત્ર.

कच्चोलय. પુ० ન० (कच्चोलक) પ્યાલો; કચોળો.

कच्छ પું० ન० (कच्छ) કાછડી; કચ્છોટો (૨) કાંઠો. (૩) મહાવિદેહ ક્ષેત્રમાંની એક વિજય. (૪) ચારેકોર જળથી ઢંકાયેલ પ્રદેશ. (૫) કચ્છ વિજયના વૈતાઢ્ય પર્વતના નવ કૂટમાંના બીજા અને સાતમા કૂટનું નામ (૬) થોડા જળનું સ્થાન. (૭) શેરડીની વાડી. (૮) નદીના પાણીથી વીંટાયેલું વન. (૯) કચ્છ વિજયના એક રાજા (૧૦) કચ્છ વિજયના અધિષ્ઠાયક દેવ.

कच्छ. પુ० (कक्ष) કાંખ; બગલ. (૨) વન; જંગલ

कच्छकूड. ન० (कच्छकूट) ચિત્રકૂટ વખારા પર્વતના ચાર કૂટમાંનું ત્રીજું કૂટ-શિખર. (૨) માલવત પર્વતના નવ કૂટમાંના ચોથા કૂટ-શિખરનું નામ.

कच्छगावई } **कच्छगावती** } સ્ત્રી० (कच्छकावती) બ્રહ્મકૂટ વખારા પર્વતની પશ્ચિમે અને દ્રહવતી નદીની પૂર્વે બંનેની વચ્ચે મહાવિદેહાંતર્ગતક્ષેત્ર વિશેષ. એક વિજય.

कच्छभ પુ० (कच्छप) કાચબો (૨) રાહુનું નામ.

कच्छभरिंगिय. ન० (कच्छपरिङ्गित) કાચબાની પેઠે આગળ કે પાછળ મરજી પ્રમાણે ચાલીને વંદના કરે તે; વંદનાનો એક દોષ

कच्छभाणी સ્ત્રી० ( ) કેશરનું ઝાડ

कच्छभी. સ્ત્રી० (कच्छपी) નારદની વીણા. (૨) કાચબી (૩) એક જાતનું પુસ્તક.

कच्छवी. સ્ત્રી० (कच्छपी) છેડે પાતલું અને વચ્ચે પહોળું એવું પુસ્તક; પુસ્તકના પાંચ પ્રકારમાંનું એક.

कच्छा. સ્ત્રી० (कक्षा) હાથીને છાતીમાં બાંધવાની રાસડી. (૨) મહાવિદેહની બત્રીસ વિજયમાંની એક. (૩) કાંખ; બગલ (૪) શ્રેણિ; પંક્તિ (૫) અન્તઃપુર; જનાનખાનું.

कच्छावइ. સ્ત્રી० (कच्छावती) જુઓ " કચ્છગાવઈ " શબ્દ.

कच्छु. स्त्री० (कच्छू) ખરજ ઉત્પન્ન કરનાર ઔષધિ; કપિ કચ્છ.

कच्छुय. पुं० (कच्छुक) ખરજવો; ખસનો રોગ.

कच्छुरी. स्त्री० (कच्छुरा) ધમાસો; ધમાસાનો ગુચ્છો.

कच्छुल. पु० (कच्छुल) ગુલ્મ જાતનું એક ઝાડ. (२) त्रि० ખરજવાના રોગવાળો.

कच्छुल्ल. पुं० (कच्छुल्ल) કચ્છુલ્લ નામનો નારદ.

कच्छू स्त्री० (कच्छू) ખરજ; ખાજ, કણ્ડુ-રોગ.

कच्छूक पु० (कच्छूक) ખાજ, ખસ.

कच्छूल्ल. त्रि० (कच्छूमत्) ખુજલીનો દર્દી

कज्ज. न० (कार्य) કાર્ય; પ્રયોજન.

कज्जकरि त्रि० (कार्यकारिन) સાર્થક, સપ્રયોજન.

कज्जल. न० (कज्जल) આંજણ; કાજળ.

कज्जलंगी. स्त्री० (कज्जलांगी) કાજળ માટે દીવા ઉપર રખાતું પાત્ર.

कज्जलप्पभा. स्त्री० (कज्जलप्रभा) જમ્બુ વૃક્ષના નૈઋત્ય ખુણાના વનખંડની એક વાવડીનું નામ.

कज्जलावेमाण त्रि० ( ) પાણીથી ભરાઈને ડુબતું.

कज्जसेण. पुं० (कार्यसेन) કાર્યસેન નામે ગઇ અવસર્પિણીના સાતમા કુલકર.

कज्जोवग. } पु० (कार्योपग) ८८ માંના
कज्जोवग. } છોતેરમા ગ્રહનું નામ.

कटुय. पुं० (कटुक) કડવો રસ.

कट्टर. पु० (कट्टर) (१) છાસ (२) ચટણી. (३) ગરમ મશાલો. (४) ખંડ; અંશ

कट्ट. त्रि० (कृष्ट) હળથી ખેડેલ.

कट्ठ. न० (कष्ट) કષ્ટ; દુ:ખ; મુશ્કેલી.

कट्ठ. न० (काष्ठ) લાકડું.

कट्ठकम्मंत. न० (काष्ठकर्मान्त) લાકડાનું કારખાનું.

कट्ठकरण. न० (काष्ठकरण) શ્યામક નામના ગૃહસ્થના એક ખેતરનું નામ.

कट्ठकार. पु० (काष्ठकार) સુતાર.

कट्ठकोलंब पु० (काष्ठकोलम्ब) ઝાડની ડાળીનો નીચે લટકતો આગલો ભાગ.

कट्ठखाय. पुं० (काष्ठखाद) કાષ્ઠખાઇ લાકડામા રહેનાર એક જાતનો કીડો.

कट्ठपाउया. स्त्री० (काष्ठपादुका) લાકડાની ચાખડી.

कट्ठपुत्तलिया. स्त्री० (काष्ठपुत्तलिका) લાકડાની પુતળી

कट्ठपेज्जा. स्त्री० (काष्ठपेया) મગનો ક્વાથ. (२) ઘીમા કરેલી ચોખાની રાબ.

कट्ठभूअ. त्रि० (काष्ठभूत) કાષ્ઠની પેઠે જડ; ચેતન વગરનો.

कट्ठमूल. न० (काष्ठमूल) દ્વિદળ ધાન્ય; ચણા, મગ વગેરે.

कट्ठहार. पु० (काष्ठहार) ત્રણ ઇંદ્રિયવાળા જીવ.

कट्ठा. स्त्री० (काष्ठा) દશા; અવસ્થા. (२) દિશા.

कट्ठाहार. पु० (काष्ठाहार) લાકડાને ખાઇ જનાર એક જાતનો કીડો; ત્રણ ઇંદ્રિયવાળો જીવ.

कट्ठिअ. त्रि० (काष्ठित) લાકડાની બનાવેલી ભીંત વગેરે.

कढिण. त्रि० (कठिन) કઠણ; આકરૂં; કર્કશ.

कड त्रि० (कट) સાદડી. (२) હાથીનું ગંડસ્થળ; ગાલ. (३) માંચો પલંગ વગેરે. (४) પર્વતનો એક ભાગ. (५) ઘાસ. (६) વશ.

कड. त्रि० (कृत) કરેલું, આચરેલું; અનુષ્ઠાન કરેલું. (२) ચાર, ચારની સંખ્યાનો સંકેત. (३) સચિત્તે ખરડેલું. (४) યુગ વિશેષ; સત્યયુગ.

कडअ. પુ० (कटक) ભીંત.

कडंगर ન० (कडङ्गर) ફળશૂન્ય એક જાતનું ઘાસ.

कडंब. પુ० (कडम्ब) એક જાતનું વાજીંત્ર.

कडक्ख. પુ० (कटाक्ष) કટાક્ષ

कडक्खिय. ત્રિ० (कटाक्षित) કટાક્ષ ભરેલ

कडग. પુ० ન० (कटक) કંકણ, કડું. (૨) સમૂહ. (૩) સૈન્ય-લશ્કરનું રહેવાનું સ્થાન. (૪) ભિંતનુ મૂળ; પાયો. (૫) પર્વતનો તટ; તળેટી. (૬) પર્વતનો ઉપલો ભાગ. (૭) પર્વતની મેખલાનો મધ્ય ભાગ (૮) પુ० આ નામનો એક દેશ.

कडग्गिदाह. પુ० (कटाग्निदाह) વાંશની અગ્નિ વડે બાળવુ તે (૨) આગળ પાછળથી કટ નામનું ઘાસ વીંટાળીને સળગાવી મુકવુ તે.

कडच्छेज. ન० (कटच्छेद्य) સોનાના આભૂષણ તથા પર્વતના મધ્ય ભાગને છેદવાની કળા

कडजुग. ન० (कृतयुग) સત્યયુગ, ૧૭૨૮૦૦૦ વર્ષનો આદિયુગ.

कडजुम्म. પુ० (कृतयुग्म) જે સખ્યાને ચારે ભાગતા શૂન્ય શેષ રહે તે સખ્યા, જેમકે ૧૬ (૨) સમરાશિ

कडजुम्मकडजुम्म. પુ० ન० (कृतयुग्मकृतयुग्म) ભાજ્ય સખ્યા અને લબ્ધ સખ્યા એ બનેને ચારે ભાગતા શૂન્ય શેષ રહે તે સખ્યા; જેમકે શેળની સખ્યા (૨) રાશિ વિશેષ.

कडजुम्मकलिओय. પુ० (कृतयुग्मकल्योज) જે સખ્યાને ચારે ભાગતાં એક શેષ રહે અને લબ્ધ સખ્યાને ચારે ભાગતાં કંઈ શેષ ન રહે તેવી સંખ્યા; જેમકે સત્તર. (૨) રાશિ વિશેષ.

कडजुम्मतेओग. પુ० (कृतयुग्मत्र्योज) જે સખ્યાને ચારે ભાગતાં ત્રણ શેષ રહે અને લબ્ધ સખ્યાને ચારે ભાગતાં કંઈ શેષ ન રહે તેવી સખ્યા; જેમકે ઓગણીશ. (૨) રાશિ વિશેષ.

कडजुम्मदावरजुम्म. પુ० (कृतयुग्मद्वापरयुग्म) જે સંખ્યાને ચારે ભાગતાં શેષ બે રહે અને લબ્ધ સખ્યાને ચારે ભાગતાં કંઈ શેષ ન રહે તેવી સખ્યા; જેમકે અઢાર. (૨) રાશિ વિશેષ.

कडजोगि. ત્રિ० (कृतयोगिन) ગીતાર્થ; જ્ઞાની.

कडणा. સ્ત્રી० (कटना) ઘરનો એક ભાગ.

कडपूयणा. સ્ત્રી० (कटपूतना) કડપૂતના નામની દેવી; વ્યન્તરી વિશેષ.

कडप्प. પુ० (कटप्र) સમૂહ.

कडभू પુ० (कटभू) એ નામનો એક કંદ.

कडय. પું० ન० (कटक) લશ્કર; સૈન્ય.

कडय. ન० (कडक) શેરડી, જાર, વગેરેના સાંઠા, કડબ.

कडयडिय. ત્રિ० ( ) પાછું ફરેલ; ફેરવાઇ ગયેલ.

कडवाइ પુ० (कृतवादिन्) સૃષ્ટિને નૈસર્ગિક નહી માનતાં કોઇની બનાવેલી માનનાર; જગત્કર્તૃત્વવાદી.

कडसक्करा. સ્ત્રી० ( ) વાંસની ખીલી-શળી.

कडहू. પુ० (कटभू) એ નામનું એક વૃક્ષ.

कडाइ. પુ० (कटादि) જુઓ "કડંગિ" શબ્દ.

कडाय. પુ० (कृतापास) સથારો કરનાર સાધુની સેવા ભક્તિ કરનાર કડાયા સાધુ.

कडाली. સ્ત્રી० (कटालिका) ઘોડાના સ્વારને પગ ટેકવવાને પલાણની બે બાજુએ લટકતા પેગડા. (૨) ઘોડાના મોઢા પર બાંધવાનું મુખ બંધન.

कडासण. ન० (कटासन) આસન; પથરણું.

कडाह. પુ० (कटाह) લોઢાનું ઠામ; કડાઇ. (૨) કાચબાની પીઠ. (૩) પાંસળિનાં હાડકાં.

कडि. स्त्री० (कटि) કેડ; કમર. (૨) વૃક્ષાદિનો મધ્ય ભાગ.

कडि. पु० (कटिन्) સાદડીવાળો

कडिय. त्रि० (कटित) સાદડીથી ઢાંકેલું. (૨) સાદડીથી સુશોભિત કરેલું (૩) એક બીજામાં મેળવેલું

कडियकडि. त्रि० (कटितकटिन्) સાદડીના પટાની માફક એક બીજા સાથે મળેલ; અત્યન્ત નિશ્ચ્છિદ્ર.

कडिण. पुं० (   ) વાંસમાં ઉત્પન્ન થતું એક જાતનું ઘાસ કે જેથી ફૂલ ગુંથાય છે.

कडितड. न० (कटितट) કટીતલ (૨) મધ્ય ભાગ.

कडित्त. न० (कटित्र) કેડ ઉપર પહેરવાનું ચામડાનું કવચ.

कडिपट्टय. न० (कटिपट्टक) ધોતીઉં.

कडिपत्त. न० (कटिपत्र) સર્ગાદિ વૃક્ષની સળી (૨) પાતળી કમર.

कडिबंध पु० (कटिबन्ध) કંદોરો

कडिबंधण. न० (कटिबन्धन) કેડે બાંધવાનું વસ્ત્ર; ચરોટો.

कडिभिल्ल न० (   ) શરીરના એક ભાગમાં હોનાર.

कडियल. न० (कटितल) કમર.

कडिल्ल. पुं० न० (कटिल्ल) મ્હોટી કડાઇ (૨) न० કટી વસ્ત્ર, કમર પર પહેરવાનુ વસ્ત્ર—ધોતીઉં વગેરે. (૩) ઉપકરણ વિશેષ

कडिसुत्त. न० (कटिसूत्र) કમ્મરપટો, કંદોરો.

कडु. } **कडुय.** } त्रि० (कटुक) કડવું, કડવાસવાળું. (૨) पु० કડવો રસ (૩) त्रि० અનિષ્ટ. (૪) દારૂણ, ભયંકર.

कडुइया. स्त्री० (कटुकी) કડવી તુંબડીની વેલ.

कडुच्छग. } **कडुच्छुय.** } पु० स्त्री० (   ) ધૂપનો કડછો, કડછી.

कडुय. न० (   ) એક જાતનું વાંજીંત્ર

कडुसगबंधण. न० (   ) એક ભાગ સૂત્ર, એક ભાગ ઉન અને એક ભાગ કાથી એ ત્રણના મિશ્રણથી બનાવેલ દોરો

कडेवर. न० (कलेवर) શરીર; દેહ.

कड्ढ. पु० (कर्ष) ખેંચવું; આકર્ષણ.

कड्ढण न० (कर्षण) (૧) ખેંચવું. (૨) ખેડવું.

कड्ढित. } **कड्ढिय.** } त्रि० (कृष्ट) ખેંચેલું.

कड्ढाकड्ढी स्त्री० (कर्षापकर्षा) ખેંચાખેંચ; તાણાતાણ.

कढण. पु० (क्वथन) કઢવું. ઉકાળવું.

कढिण त्रि० (कठिन) કઠોર; મજબુત. (૨) વાંસની સાદડી, ચટાઇ. (૩) न० તૃણ વિશેષ. (૪) પર્ણ, પાંદડું

कढिय. त्रि० (क्वथित) ઉકાળેલું

कण. पु० (कण) કણકી; ચોખાના ખંડિત દાણા. (૨) સાતમા ગ્રહનું નામ. (૩) વનસ્પતિ વિશેષ (૪) ચોખા; ભાત.

कणइर. पु० (कर्णिकार) કણેર નામની વનસ્પતિ.

कणंगर. न० (कनङ्गर) પથ્થરનું એક જાતનું હથિયાર.

कणंद. पु० (कनन्द) કનન્દ નામના સાધુ.

कणक. पु० (कनक) બાણ.

कणकणग. } **कणकणग** } पु० (कनकनक) નવમા ગ્રહનું નામ.

कणकपाणि. पु० (कनकपाणि) કણક-બાણ અથવા શારંગ ધનુષ્ય જેના હાથમાં છે તે વાસુદેવ.

कणकुंडग. पु० (कणकुण्डक) ચોખાની બનાવેલી ખાવા યોગ્ય વસ્તુ

कणग. न० (कनक) સુવર્ણ, સોનું. (૨) ઘૃતદ્વીપના દેવતાનું નામ. (૩) રેખા-લીટી વગરનો તેજનો ગોળો. (૪) ચાર ઈંદ્રિય-

વાળો એક જીવ. (૫) એક જાતનું બાણ. (૬) એક જાતનું વાજિંત્ર. (૭) ફૂલનો હાર.

कणगकूड. न० (कनककूट) વિદ્યુત્પ્રભ વખારા પર્વતનાં નવ કૂટમાંનું પાંચમુ કૂટ-શિખર. (૨) પું. સુવર્ણમય શિખરવાળો પર્વત.

कणगकेउ. पु० (कनककेतु) અહિચ્છત્રા નગરીનો કનકકેતુ નામે રાજા. (૨) હસ્તિનાપુર નગરનો કનકકેતુ નામે રાજા.

कणगगिरि. पुं० (कनकगिरि) મેરૂ પર્વત.

कणगज्झय. पु० (कनकध्वज) તેતીલપુર નગરના કનકરથ રાજાનો પુત્ર.

कणगपुर. न० (कनकपुर) કનકપુર નામે નગર.

कणगप्पभा. स्त्री० पु० (कनकप्रभा) ઘૃતદ્વીપના અધિપતિ દેવતાનું નામ. (૨) દેવી વિશેષ. (૩) न० જ્ઞાતા સૂત્રનુ એક અધ્યયન.!

कणगमाला. स्त्री० (कनकमाला) એક વિદ્યાધરની પુત્રી.

कणगरह. पु० (कनकरथ) તેતીલપુર નગરનો કનકરથ નામનો રાજા, કે જે આવતી ચોવીસીમાં પહેલા મહાપદ્મ તીર્થંકર પાસે દીક્ષા લેશે.

कणगलया. स्त्री० (कनकलता) કનક નામની વેલ. (૨) ચમરેન્દ્રના લોકપાલ સોમની બીજી અગ્રમહિષી.

कणगवियाणग. पु० (कनकवितानक) કનકવિતાન નામનો ગ્રહ.

कणगसंताणग. पु० (कनकसन्तानक) ૮૮માંનો એક ગ્રહ.

कणगसंताणय. पुं० (कनकसन्तानक) સત્તોતેરમા ગ્રહનું નામ.

कणगसत्तरि. न० (कनकसप्तति) સુવર્ણની હકીકતવાળું આગળના વખતનું એક લૌકિક શાસ્ત્ર.

कणगा. स्त्री० (कनका) કનકા દેવી. (૨) રાક્ષસના ઇન્દ્ર ભીમની ત્રીજી અગ્રમહિષી. (૩) ચમરેન્દ્રના લોકપાળ સોમની પહેલી અગ્રમહિષી (૪) " જ્ઞાતા ધર્મ કથા " સૂત્રનુ એક અધ્યયન. (૫) ચાર ઇંદ્રિયવાળા જીવની એક જાત.

कणगावलि. स्त्री० (कनकावलि) એક પ્રકારના તપનો સમૂહ કે જેની સ્થાપના કનકાવલિ હારને આકારે થાય છે. (૨) સુવર્ણ અને મણિઓથી બનાવેલ આભૂષણ. (૩) पु० દ્વીપ વિશેષ. (૪) સમુદ્ર વિશેષ.

कणगावलिपविभत्ति. न० (कनकावलिप्रविभक्ति) એક જાતનું નાટ્ય.

कणगावलिभद्द. पु० (कनकावलिभद्र) કનકાવલિ દ્વીપનો અધિષ્ઠાયક દેવ.

कणगावलिमहाभद्द पु० (कनकावलिमहाभद्र) કનકાવલિવર સમુદ્રનો દેવતા.

कणगावलिमहावर. पु० (कनकावलिमहावर) કનકાવલિવર સમુદ્રનો દેવ.

कणगावलिवर. पु० (कनकावलिवर) આ નામનો એક દ્વીપ (૨) આ નામનો એક સમુદ્ર. (૩) કનકાવલિવર સમુદ્રનો અધિપતિ દેવ

कणगावलिवरभद्द. पु० (कनकावलिवरभद्र) કનકાવલિવર દ્વીપનો દેવ.

कणगावलिवरमहाभद्द पु० (कनकावलिवरमहाभद्र) કનકાવલિવર દ્વીપનો અધિપતિ દેવ.

कणगावलिवरोभास पु० (कनकावलिवरावभास) આ નામનો એક દ્વીપ. (૨) આ નામનો એક સમુદ્ર.

कणगावलिवरोभासभद्द. पु० (कनकावलिवरावभासभद्र) કનકાવલિવરાવભાસ દ્વીપના અધિપતિ દેવતા.

कणगावलिवरोभासमहाभद्द. पु० (कनकावलिवरावभासमहाभद्र) કનકાવલિવરાવભાસ દ્વીપનો એક અધિપતિ દેવતા.

कणगावलिवरोभासमहावर. पु० (कनकावलिवराक्भासमहावर) કનકાવલિવરાવભાસ સમુદ્રનો અધિપતિ દેવતા.

कणगावलिवरोभासवर. पु० (कनकावलिवराव-भासवर) કનકાવલિવરાવભાસ સમુદ્રના અધિષ્ઠાતા દેવતા.

कणगावली. स्त्री० (कनकावली) પાંચ વરસ નવ માસ અને અઢાર દિવસમાં થતુ એક તપ કે જેની આંકડામાં સ્થાપના કરતાં કનકાવલિનો આકાર થાય છે. (૨) ડાકમાં પહેરવાનો સોનાનો હાર.

कणपूपलिया. स्त्री० (कणपूपलिका) કણકીની બનાવેલી ખાવાની વસ્તુ.

कणय पु० (　　) જુઓ "કણગ" શબ્દ

कणय. पु० (कनक) સોનું. (૨) આઠમા ગ્રહનું નામ. (૩) જુઓ "કણગ" શબ્દ. (૪) વૃક્ષ વિશેષ.

कणयर. पु० (कवीर) કણેર નામનુ ગુલ્મ જાતિનું ઝાડ

कणगा. स्त्री० (कनका) ચમરેન્દ્રના લોકપાલ સોમની કનકા નામની મુખ્ય દેવી.

कणयार पु० (कर्णार) કણેરનું ઝાડ.

कणयाली. स्त्री० (कनकाली) ઘરનો એક ભાગ.

कणव. पु० (कणत्र) કણવ નામનું એક જાતનું ઘાસ.

कणवित्ताणअ. पु० (कणवितानक) દશમા ગ્રહનુ નામ.

कणवीर. पु० (करवीर) કણેરનું વૃક્ષ. (૨) ન० કણેરનું ફૂલ.

कणाद. पु० (कणाद) વૈશેષિક મતના પ્રવર્તક એક ઋષિ.

कणिय. न० (कणित) આર્ત્તસ્વર. (૨) અવાજ; ધ્વનિ.

कणिक्क. त्रि० (कणिक्क) એક જાતનો મચ્છ.

कणिट्ठ. त्रि० (कनिष्ठ) ન્હાનો, લઘુ.

कणिय. } **कणिया.** } पु० स्त्री० (कणिका) ચોખાની કણકી. (૨) આટાની કણીક.

कणिया. स्त्री० (क्वणिता) એક જાતની વીણા.

कणियार पुं० (कर्णिकार) થણિતકુમાર દેવતાનું કણેર નામે ચૈત્ય વૃક્ષ. (૨) કર્ણિકાર નામના સાધુ.

कणिर त्रि० (क्वणितृ) વાગવાના સ્વભાવવાળુ.

कणीयस त्रि० (कनीयस्) ન્હાનો; કનિષ્ઠ.

कणुग. न० (कणुक) આંખમાં પડેલુ કણું.

कणुय. न० (कणुक) કણું, રજકણ, રજ. (૨) ચામડી વગેરે અવયવ

कणेरु. } **कणेरुया.** } स्त्री (कणेरु) હાથણી

कण्ण. पु० (कण्व) આ નામના એક ઋષિ.

कण्ण. पु० न० (कर्ण) કાન. (૨) અંગ દેશના આ નામના એક રાજા; યુધિષ્ઠિરના ભાઈ.

कण्णकला स्त्री० (कर्णकला) સૂર્ય એક માંડલેથી બીજે માંડલે જે ગતિએ જાય છે તે ગતિ.

कण्णगा. स्त्री० (कन्यका) કુમારિકા.

कण्णत्तिय. पु० (कर्णत्रिक) એક જાતનો પાંખવાળો ઉડતો ચોઇંદ્રિય જીવ

कण्णधार. पु० (कर्णधार) નાવિક; નિર્યામક.

कण्णपाउरण. पु० (कर्णप्रावरण) લવણ સમુદ્રમાં સાતમા જોજન ઉપર આવેલ કર્ણપ્રાવરણ નામનો એક અંતરદ્વીપ. (૨) તે અન્તરદ્વીપમાં રહેનારા મનુષ્યો.

कण्णपालि स्त्री० (कर्णपाली) કાનમાં પહેરવાની વાળી-એક આભૂષણ.

कण्णपीठ. न० (कर्णपीठ) કાનનુ ઘરેણુ.

कण्णपूर. न० (कर्णपूर) કાનમાં પહેરવાનું આભરણ. (૨) કર્ણપૂર નામે હાથીના કાનનુ આભૂષણ.

कण्णालोयण. पु० (कर्णलोचन) સતભિષક નક્ષત્રના ગોત્રનું નામ.

कण्णावालिया. स्त्री० (कर्णवालिका) કાનના ઉપરના ભાગમાં પહેરવાની વાળી

कण्णावेहणग. न० (कर्णवेधनक) ઉત્સવ વિશેષ; કર્ણવેધોત્સવ.

कण्णासक्कुली. स्त्री० (कर्णशष्कुली) કાનનું છિદ્ર. (૨) કાનની લંબાઇ.

कण्णसोहणग न० (कर्णशोधनक) કાનને ખોતરવાની સળી, કાન ખોતરણી–ચાટુડી.

कण्णा. स्त्री० (कन्या) કન્યા; પુત્રી.

कण्णाचोलय. न० (कन्याचोलक) એક જાતનું ધાન્ય.

कण्णालिय. न० (कन्यालीक) કન્યાની બાબતમાં બોલાતું જૂઠું.

कण्णिया. स्त्री० (कर्णिका) ખુણો. (૨) કમળનો બીજકોશ; કમળનો મધ્યભાગ. (૩) એક જાતની વનસ્પતિ. (૪) કાનની વાળી. (૫) છત્રનો અંદરનો ભાગ.

कण्णियार. पु० (कर्णिकार) કણેરનું ઝાડ (૨) न० કણેરનું ફુલ. (૩) પુ૦ ગોશાલાનો એક ભક્ત.

कण्णीरह. पु० (कर्णीरथ) એક પ્રકારનો વિશિષ્ટ રથ, કે જે ખાસ ઋદ્ધિમંત માણસોને ત્યાંજ હોય તે

कण्ह. पु० (कृष्ण) કૃષ્ણ નામે નવમા વાસુદેવ. (૨) કૃષ્ણ નામના એક પરિવ્રાજક સન્યાસી. (૩) અત્યંત મલિન પરિણામ. (૪) પાંચમા બળદેવ વાસુદેવના પૂર્વભવના ધર્માચાર્ય. (૫) કાળો રંગ. (૬) કૃષ્ણ નામની વેલ. (૭) કાળી તુળશી. (૮) એક પ્રકારનો કંદ. (૯) સ્ત્રી૦ છ લેશ્યામાની કૃષ્ણ નામની પહેલી લેશ્યા. (૧૦) નિરયાવલિકા સૂત્રના ચોથા અધ્યયનનું નામ. (૧૧) દિગમ્બર મત પ્રવર્તક શિવભૂતિ મુનિના ગુરૂ.

कण्हओराल. पु० (कृष्णौराल) એક જાતની વનસ્પતિ.

कण्हकन्द. पु० (कृष्णकन्द) એક પ્રકારની કંદ જાતની વનસ્પતિ.

कण्हकणियार. पुं० (कृष्णकर्णिकार) કાળી કણેરનું વૃક્ષ.

कण्हकुमार पु० (कृष्णकुमार) રાજા શ્રેણિકના એક પુત્ર.

कण्हदीवायण. पु० (कृष्णद्वैपायन) એ નામના એક બ્રાહ્મણ સન્યાસી.

कण्हपक्खिय. पुं० (कृष्णपाक्षिक) જેને અર્દ્ધ પુદ્‌ગલ પરાવર્તન કરતાં વધારે સંસારમાં પરિભ્રમણ કરવાનું હોય તે જીવ. (૨) त्रि० ક્રૂર કર્મ કરનાર.

कण्हपरिव्वायग पु० (कृष्णपरिव्राजक) નારાયણની ભક્તિ કરનાર પરિવ્રાજક.

कण्हबंधुजीव. पुं० (कृष्णबन्धुजीव) શ્યામ પુષ્પવાળું એક જાતનું ઝાડ.

कण्हभूम }
कण्हभोम. } पु० (कृष्णभूम) કાળી જમીન.

कण्हराइ. स्त्री० (कृष्णराजि) પાંચમા દેવલોક ઉપર જમીનની ફાટ જેવી લોકાંતિક દેવતાના વિમાનને ફરતી કાળી રેખાઓ છે તે; કૃષ્ણરાજી. (૨) ઇશાનેંદ્રની બીજી અગ્રમહિષીનું નામ. (૩) જ્ઞાતા ધર્મ કથા સૂત્રનું એક અધ્યયન.

कण्हराई. स्त्री० (कृष्णरात्रि) કૃષ્ણરાત્રી દેવી.

कण्हलेसा. स्त्री० (कृष्णलेश्या) કૃષ્ણલેશ્યા નામની પહેલી લેશ્યા.

कण्हलेस्स. त्रि० (कृष्णलेश्य) કૃષ્ણલેશ્યાવાળો.

कण्हलेस्सा. स्त्री० (कृष्णलेश्या) કૃષ્ણલેશ્યા.

कण्हवडिंसयविमाण. न० (कृष्णावतंसकविमान) કૃષ્ણાવતંસ નામનું વિમાન.

कण्हवल्ली. स्त्री० (कृष्णवल्ली) નાગદમની નામની વેલ.

कण्हवासुदेव. पुं० (कृष्णवासुदेव) કૃષ્ણવાસુદેવ; ચાલુ અવસર્પિણીના નવમા વાસુદેવ

कण्हसप्प. पुं० (कृष्णसर्प) કાળો સરપ. (૨) રાહુદેવનું નામ.

कण्हसिरी. स्त्री० (कृष्णश्री) કૃષ્ણશ્રી નામની એક સ્ત્રી

कण्हा. स्त्री० (कृष्णा) ઈશાનેન્દ્રની કૃષ્ણા નામની રાણી. (૨) કૃષ્ણા નામની દેવી. (૩) કૃષ્ણા નામની નદી. (૪) શ્રેણિક રાજાની એક રાણી. (૫) અનગડ સૂત્રના આઠમા વર્ગના ચોથા અધ્યયનનુ નામ (૬) ૭ લેસ્યામાંની પ્રથમ કૃષ્ણ લેસ્યા (૭) વિજયપુર નગરના વાસવદત્ત રાજાની રાણીનુ નામ

कण्हादेवी. स्त्री० (कृष्णादेवी) કૃષ્ણા દેવી

कण्हुइ. अ० (क्वचित्) ક્યાંય પણ; કોઇ પણ સ્થાને. (૨) ક્યાથી

कतर. त्रि० (कतर) બે કે ઘણામાંનો કયો ?

कता अ० (कदा) ક્યારે ?

कति. त्रि० (कृतिन्) સુકૃતિ; સદાચારી

कति त्रि० (कति) કેટલા પ્રકારનું.

कत्तण त्रि० (कर्त्तन) કાપનાર; છેદનાર (૨) न० કાતરવુ, કાપવુ.

कत्तर. न० (कर्त्तर) કાતરવાનુ સાધન; કાતર.

कत्तरी. स्त्री० (कर्त्तरी) કાતર: કાતરણી.

कत्तवीरिय पुं० (कार्त्तवीर्य) ભરતના ચાલુ ચોવીસીના આઠમા ચક્રવર્તિના પિતાનુ નામ.

कत्तार. त्रि० (कर्त्तृ) કરનાર; કર્તા.

कत्ति. स्त्री० (कृत्ति) ચર્મ; ચામડુ.

कत्तिगी. स्त्री० (कार्तिकी) કાર્તિકમાસની પુનમ.

कत्तिय. पुं० (कार्तिक) કાર્તિકમાસ. (૨) હસ્તિનાપુર નગરના રહેવાસી કાર્તિક શેઠ કે જેણે મુનિસુવ્રત પ્રભુની પાસે પોતાના એક હજાર મુનિમની સાથે દીક્ષા લીધી, દીક્ષા પાળી પહેલા દેવલોકના ઇન્દ્રપણે ઉત્પન્ન થયા. (૩) જમ્બુદ્વીપના ભરતખડમાં થનાર છઠા તીર્થંકરના પૂર્વભવનું નામ. (૪) કાર્તિક નામનો માણસ.

कत्तियपाडिवग्र. पुं० (कार्त्तिकप्रतिपत्) કાર્તિક શુદ ૧૫ પછીનો પડવો તે કાર્તિક વદ ૧.

कत्तिया. स्त्री० (कर्त्तिका) કાતર

कत्तिया. स्त्री० (कृत्तिका) કૃત્તિકાનક્ષત્ર.

कत्तियारक्खिय. पुं० (कृत्तिकारक्षित) કૃત્તિકારક્ષિત નામનો પુરૂષ.

कत्तो. अ० (कुतस्) ક્યાથી ?

कत्तोच्चय. त्रि० (कुतस्त्य) ક્યાનો ?

कत्थ. अ० (कुत्र) ક્યા ?

कत्थ. त्रि० (कथ्य) કથા યોગ્ય (શાસ્ત્ર) (૨) કથનીય; કહેવા યોગ્ય.

कत्थइ. अ० (कुत्रचित्) ક્યાયપણ, કોઇપણ ઠેકાણે.

कदंब. न० (कदम्ब) કદમ્બનું ઝાડ.

कदलि. पुं० (कदली) કેળાનુ ઝાડ.

कदाइ. अ० (कदाचित) કદાચિત્, ક્યારેક.

कदापि अ० (कदापि) ક્યારેપણ, કોઇપણ વખતે

कदुइया स्त्री० ( ) એક જાતની વેલ

कद्दम. पुं० (कर्दम) પાચડ, કાદવ (૨) એક નાગરાજ દેવ.

कद्दमग्र. पुं० (कर्दमक) અનુવેલધર દેવતાના બીજા રાજાનુ નામ

कनककंत. त्रि० (कनककान्त) સોનેરી વરણ; સોના જેવા દેખાવનો પદાર્થ.

कण्ण. पुं० (कर्ण) જુઓ "કણ્ણ" શબ્દ.

कण्णगा स्त्री० (कन्यका) કુમારિકા.

कण्णधार. पुं० (कर्णधार) જુઓ "કણ્ણધાર" શબ્દ.

कण्णपावरण. पुं० (कर्णप्रावरण) ગજરો; કાનનું ભૂષણ.

कन्ना. स्त्री० (कन्या) જુઓ " કણ્ણા " શબ્દ.

कन्नालीय. પુ० न० (कन्यालीक) કન્યા આશ્રી જૂઠું બોલવું તે. નવ વરસની હોય અને ૧૫ વરસની છે એમ કહેવું તે.

कन्निया. स्त्री० (कर्णिका) જુઓ "કણ્ણિયા" શબ્દ

कन्नीरह. પુ० (कर्णीरथ) એક પ્રકારનો રથ; પૈસાદારનું એક પ્રકારનું વાહન.

कन्ह. પુ० (कृष्ण) જુઓ " કણ્હ " શબ્દ.

कन्हसह न० (कृष्णसह) જૈન સાધુઓના કુળનું નામ.

कपिंजल. પુ० (कपिञ्जल) કપિંજલપક્ષી; ચાતક.

कपित्थ. न० (कपित्थ) કાઠું, કાઠ.

कपिल. પુ० (कपिल) ધાતકીખંડમાના ભરતખંડની ચંપાનગરીના કપિલ નામના વાસુદેવ. ૨

कपिहसिय. न० (कपिहसित) વાંદરાના દાંતીયાની પેઠે વાદળા વગર આકાશમાં વિજળી થાય તે.

कपोत પુ० (कपोत) કબુતર. પારેવું.

कप्प. પુ० (कल्प) કલ્પ; યોગ્ય, ઉચિત (૨) આચાર. (૩) કલ્પશાસ્ત્ર, વેદધર્મની વિધિ બતાવનાર એક ધર્મ શાસ્ત્ર. (૪) ઓઢવાની પછેડી, સાધુનુ એક ઉપકરણ. (૫) કલ્પ નામનો દ્વીપ અને સમુદ્ર. (૬) એ નામનું આચારની મર્યાદા બતાવનાર કાલિકસૂત્ર. (૭) સૌધર્મ આદિ દેવલોકોના નામવાળા દ્વીપ અને સમુદ્ર (૮) બારમો દેવલોક. (૯) ત્રિ० સરખા, બરાબર. (૧૦) પુ० કલ્પવૃક્ષ. (૧૧) બારમા દેવલોક નિવાસી દેવ. (૧૨) અધિવાસ; સ્થાન. (૧૩) ત્રિ० સમર્થ, શક્તિમાન્.

कप्पट्ठ. પુ० (कल्पस्थ) બાળક.

कप्पट्ठिइ. स्त्री० (कल्पस्थिति) સાધુસમાચારીની સ્થિતિ-મર્યાદા.

कप्पट्ठिय. પુ० (कल्पस्थित) કલ્પસ્થિત; સામાચારીની મર્યાદામા રહેલ મુનિ.

कप्पट्ठिया. स्त्री० (कल्पस्थिका) તરૂણ સ્ત્રી.

कप्पड. પુ० (कर्पट) લુગડાને વળ દઇને બનાવેલ ગોટો; જીર્ણ વસ્ત્ર.

कप्पडिय. પુ० (कार्पटिक) કાપડી; કાવડ લઇ ભિક્ષા માગનાર. (૨) કપટી, માયાવી.

कप्पण न० (कल्पन) છેદવુ.

कप्पणा. स्त्री० (कल्पना) કલ્પના; સંભાવના.

कप्पणिज्ज त्रि० (कल्पनीय) ઉદ્ગમાદિ દોષ રહિત; કલ્પતુ

कप्पणी. स्त्री० (कल्पनी) કાતર (૨) છરી.

कप्पतरु. પુ० (कल्पतरु) કલ્પવૃક્ષ.

कप्पत्थी. स्त्री० (कल्पस्त्री) દેવની સ્ત્રી, દેવી.

कप्पदुम પુ० (कल्पद्रुम) કલ્પવૃક્ષ

कप्पपायव. પુ० (कल्पपादप) કલ્પવૃક્ષ.

कप्पर પુ० (कर्पर) કપાળ, માથાની ખોપરી.

कप्परुक्ख પુ० (कल्पवृक्ष) કલ્પવૃક્ષ, જુગલિયા અને દેવતાને વંછિત ફળ આપનાર ઝાડ

कप्पवइ. પુ० (कल्पपति) કલ્પવાસી દેવનાના અધિપતિ ઇંદ્ર.

कप्पवडिंसय न० (कल्पावतंसक) વિમાન વિશેષ. (૨) પું० આ નામના વિમાન વાસી દેવતા.

कप्पवडिंसिआ. स्त्री० (कल्पावतंसिका) એ નામનુ એક કાલિકસૂત્ર.

कप्पविमाणावास. પુ० (कल्पविमानावास) દેવલોકના એકદેશરૂપ વિમાનમાં નિવાસ.

कप्पविमाणोववत्तिया. स्त्री० (कल्पविमानोपपत्तिका) જેથી દેવલોકમા ઉત્પન્ન થાય તેવી આચરણા.

कप्पसुत्त. न० (कल्पसूत्र) શ્રી ભદ્રબાહુ સ્વામી વિરચિત એક જૈન ગ્રંથ.

कप्पसुय. न० (कल्पश्रुत) જ્ઞાન વિશેષ. (૨) એ નામનો એક ગ્રંથ.

कप्पाइंय पु० (कल्पातीत) રાજ્યવ્યવસ્થાના નિયમને ઉલ્લંઘી ગયેલા દેવતા; નવગ્રૈવેક અને પાંચ અનુત્તર વિમાનના દેવતા

कप्पाकप्पिय. न० (कल्पाकल्पिक) કલ્પ અને અકલ્પ દર્શાવનાર એક લૌકિક ધર્મશાસ્ત્ર

कप्पाग. पु० (कल्पक) એક જગ્યાના ઘણા માલિકો પૈકી એકને મુખ્ય માલિક કલ્પવો તે. સેક્રેટરીઓ.

कप्पाग पु० (कल्पाक) વિધિ જાણનાર સાધુ

कप्पागभिक्खु. पु० (कल्पाकभिक्षु) છેદોપસ્થાપનીય ચારિત્ર સ્થાપવા યોગ્ય સાધુ.

कप्पातीत. पु० (कल्पातीत) કલ્પાતીત દેવલોકમાં ઉત્પન્ન થયેલ નવગ્રૈવેકથી માંડી પાંચ અનુત્તર વિમાન સુધીના દેવતા (૨) સ્થિતિકલ્પ આદિ સાધુના આચારની મર્યાદાને ઉલ્લંઘી ગયેલ તીર્થંકર, કેવળી વગેરે

कप्पाय पु० (कल्पाय) કર, રાજાને આપવાનો ભાગ.

कप्पाय. न० (कल्पक) કલ્પ

कप्पास पु० (कार्पास) એક પ્રાચીન લૌકિક મત. (૨) કપાસથી ઉત્પન્ન થતુ સૂત્ર

कप्पासत्थि. पु० (कार्पासास्थि) ત્રણ ઇંદ્રિયવાળો એક કપાસનો જીવ.

कप्पासिअ. पु० (कार्पासिक) કપાસનો વેપારી (૨) એ નામનું કપાસનુ વ્યાખ્યાન આપનાર એક શાસ્ત્ર. (૩) त्रि० કપાસનુ બનેલુ, સૂતર વગેરે.

कप्पासी. स्त्री० (कार्पासी) કપાસમાં રહેનારૂ જીવડું

कप्पिअ. त्रि० (कल्पित) કાપેલુ, છેદેલુ.

कप्पिअकप्पिअ. पु० (कल्प्याकल्प) ઓગણત્રિશ ઉત્કાલિક સૂત્રમાંનુ બીજું.

कप्पिआ. स्त्री० (कल्पिका) એ નામનું કાલિક સૂત્ર; નિરયાવલિકા અંતર્ગત ઉપાંગ સૂત્ર.

कप्पिय. त्रि० (कल्पित) સાધુને લેવા યોગ્ય, સાધુને કલ્પે તેવુ (૨) ગોઠવેલુ; રચેલુ; સ્થાપેલું. (૩) વ્યવસ્થિત. (૪) છેદેલુ; કટકા કરેલા.

कप्पूर पु० (कर्पूर) કપૂર.

कप्पोवग }
कप्पोवय. } पु० (कल्पोपग) પહેલા દેવલોકથી બારમા દેવલોક સુધીના વૈમાનિક દેવતા

कप्पोववण्णग पु० (कल्पोपपन्नक) જુઓ "કપ્પોવગ" શબ્દ

कप्पोववत्तिय पु० स्त्री० (कल्पोपस्तिक) કલ્પ—બાર દેવલોકમાં ઉત્પન્ન થયેલ વૈમાનિક દેવતા

कप्पोववन्नग पुं० (कल्पोपपन्नक) જુઓ "કપ્પોવગ" શબ્દ

कबंध पु० (कबन्ध) માથા વિનાનું જીવતુ ધડ.

कब्बड्डिगा. स्त्री० (   ) પુત્રી; દીકરી.

कब्बड्डी. स्त्री० (   ) નાની છોકરી.

कब्बड न० (कर्बट) નાના ગઢથી વિંટાયેલુ શહેર; નઠારૂ શહેર (૨) હલકી વસતિનુ રહેઠાણ (૩) त्रि० નઠારા શહેરના રહેવાસી.

कब्बडग पु० (कर्बटक) કર્બટક નામનો ગ્રહ (૨) તે નામનો દેવ.

कब्बाडभयय. पु० (   ) જમીન ખોદવાનું કામ કરનાર મજુર.

कब्बुर. }
कब्बुरय. } पु० (कर्बुर) ગ્રહ વિશેષ (૨) ગ્રહાધિષ્ઠાયક દેવ વિશેષ.

कभल्ल न० (   ) ખપ્પર; ઠીબડી

कम. पु० (क्रम) અનુક્રમ. (૨) ચરણ; પગ. (૩) મર્યાદા; સીમા (૪) નિયમ.

कमंडलु. पु० न० (कमण्डलु) કમડલ

कमकरिया. स्त्री० (क्रमकरिका) એક જાતનું વાજીંત્ર.

कमढग. } **कमढय.** } न० (कमठक) કમડલ, સાધ્વીઓનું એક પાત્ર. (૨) સાધ્વીઓને પહેરવાનુ એક વસ્ત્ર.

कमण. न० (क्रमण) આક્રમણ કરવું.

कमणिया. स्त्री० (क्रमणिका) } **कमणी.** स्त्री० (क्रमणी) } ઉપાનહ,-પગરખાં.

कमल पु० (कमल) કમળ (૨) એક જાતનો હરણ, મૃગ. (૩) છઠ્ઠા તીર્થંકરનું લાંછન (૪) કમલાદેવીના પૂર્વ ભવના પિતા.

कमलप्पभा. स्त्री० (कमलप्रभा) પિશાચના મહારાજા કાળની બીજી અગ્રમહિષી (૨) "જ્ઞાતા ધર્મ કથા" સૂત્રનુ એક અધ્યયન

कमलवर्डिसयभवण न० (कमलावतंसकभवन) કમલાવતંસક નામે ભવન, કમલા નામની ઇંદ્રાણીનો મહેલ.

कमलसिरी स्त्री० (कमलश्री) કમલશ્રી નામની રાણી, કમલા નામની ઇંદ્રાણીની પૂર્વ જન્મની માતાનુ નામ

कमला स्त्री० (कमला) પિશાચના ઇંદ્ર કાળની અગ્રમહિષી કમળા દેવી. (૨) "જ્ઞાતા ધર્મ કથા" સૂત્રનુ એક અધ્યયન.

कमलागर. } **कमलायर** } पु० (कमलाकर) કમળોનો સમૂહ (૨) સરોવર, જળાશય

कमलापीड. } **कमलामेल.** } पु० (कमलापीड) ભરત ચક્રવર્તીનુ અશ્વ રત્ન.

कमलारायहाणी. स्त्री० (कमलाराजधानी) કમળા દેવીની કમળા નામે રાજધાની

कमलावई. स्त्री० (कमलावती) ઇષુકાર રાજાની રાણી.

कमलासीहासण. न० (कमलासिंहासन) પિશાચના ઇંદ્ર કાળની મુખ્ય દેવી કમળાદેવીનું કમળ સિંહાસન નામનુ આસન.

कमसो. अ० (क्रमशस्) અનુક્રમથી, ક્રમેકરી

कमा स्त्री० (कमा) કમાદેવી, ધરણેન્દ્રની અગ્રમહીષીનું નામ.

कमाड न० (कपाट) કમાડ.

कम्म. पु० (कार्मण) કાર્મણશરીર; પાંચ શરીરમાનુ એક. (૨) કાર્મણયોગ; ૧૫ યોગમાંનો એક (૩) કાર્મણશરીર યોગ્ય પુદ્ગલ સ્કંધની વર્ગણા. (૪) त्रि० કર્મ સંબંધી, કર્મનિર્મિત.

कम्म पु० न० (कर्मन) ઉત્ક્ષેપણ, અવક્ષેપણ, આકુંચન, પ્રસારણ, ગમન, એ પાંચ કર્મોમાનુ ગમે તે એક કર્મ. (૨) કારીગરી. (૩) કામ, ધંધો. (૪) આરંભ; પ્રવૃત્તિ (૫) આત્માની શક્તિને દબાવનાર જ્ઞાનાવરણાદિ આઠ કર્મ (૬) જીવ દ્વારા ગ્રહણ કરાતા અત્યંત સૂક્ષ્મ પુદ્ગલ. (૭) જ્યાં ચૂનો વગેરે પકાવવામાં આવે છે તે સ્થાન (૮) પૂર્વ કૃતિ, ભાગ્ય

कम्मअ पु० (कर्मज) આઠ કર્મના જથ્થા રૂપ કાર્મણ શરીર

कम्मइया. स्त्री० (कर्मचिना) કામ કરતા કરતા ઉત્પન્ન થયેલી બુદ્ધિ, ચાર બુદ્ધિમાંની એક

कम्मंत. पु० (कर्मान्त) કર્મ બંધનનુ કારણ. (૨) કારખાનુ

कम्मकर त्रि० (कर्मकर) ઘરનુ કામકાજ કરનાર નોકર

कम्मकरण न० (कर्मकरण) કર્મનુ કરણ-સાધન, જીવ વીર્ય વગેરે.

कम्मकरी. स्त्री० (कर्मकरी) કામગરી; દાસી.

कम्मकार त्रि० (कर्मकार) કામકરનાર, દાસ.

कम्मकारअ. त्रि० (कर्मकारक) કામ કરનાર, દાસ.

कम्मकिब्बिस त्रि० (कर्मकिल्बिष) કર્મ ચંડાળ; ખરાબ કામ કરનાર.

कम्मग न० (कर्मक) કાર્મણ શરીર; કર્મ સમુદાયરૂપ દ્રવ્ય

कम्मगार. पु० (कर्मकर) કારીગર, લુહાર વગેરે.

कम्मजोय. पु० (कार्मणयोग) વશીકરણાદિ વ્યાપાર.

कम्मट्ठाण. न० (कर्मस्थान) કારખાનું

कम्मट्ठिइ. स्त्री० (कर्मस्थिति) કર્મ પુદ્ગળોનો અવસ્થાન સમય. (૨) ત્રિ૦ સસારી જીવ.

कम्मण. न० (कार्मण) મનની શક્તિથી કોઇને વશ કરવું, ગાડા બનાવવું વગેરે (૨) કાર્મણ શરીર.

कम्मणिसेग पु० (कर्मनिषेक) એક જાતની કર્મ પુદ્ગળોની રચના.

कम्मधारय. पु० (कर्मधारय) કર્મધારય સમાસ, સમાસનો એક પ્રકાર.

कम्मनिसेअ. पु० (कर्मनिषेक) અબાધાકાળ શિવાયની કર્મસ્થિતિ, અબાધાકાળ પછી કર્મનો અનુભવ થાય તેવી રીતે કરેલી કર્મની એક રચના-વ્યવસ્થા

कम्मपरिसाडणा स्त्री० (कर्मपरिशाटना) કર્મ પુદ્ગળોનું જીવ પ્રદેશોથી પૃથક્કરણ

कम्मपुरिस. पु० (कर्मपुरुष) કર્મ-મહારંભાદિ તત્પ્રધાન પુરૂષ, વાસુદેવ. (૨) કારીગર, શિલ્પી વગેરે કર્મપ્રધાન પુરૂષ.

कम्मप्पवाय न० (कर्मप्रवाद) કર્મ સબંધી વિવેચન જેમાં છે તે કર્મપ્રવાદ નામનો આઠમો પૂર્વ

कम्मबंध. पु० (कर्मबंध) કર્મોથી આત્માનું બંધન

कम्मबीअ. न० (कर्मबीज) કર્મનું બીજ, રાગદ્વેષાદિ

कम्मभूमग त्रि० (कर्मभूमिक) કર્મ ભૂમિના ક્ષેત્રમાં રહેનાર, અસિમસી અને કૃષી (તલવાર, કલમ અને ખેતી) એ ત્રણ કર્મ ઉપર નિર્વાહ ચલાવનાર

कम्मभूमि. स्त्री० (कर्मभूमि) કર્મભૂમિ મનુષ્યને રહેવાના પંદર ક્ષેત્ર, પાંચ ભરત પાંચ ઇરવત અને પાંચ મહાવિદેહ એ પંદર ક્ષેત્ર.

कम्मभूमिग. त्रि० (कर्मभूमिक) }
कम्मभूमिय त्रि० (कर्मभूमिज) } કર્મભૂમિમાં પેદા થયેલ મનુષ્ય.

कम्ममासय. न० (कर्ममाषक) પાંચ ગુંજ (રતિ) ચાર કાગણી અથવા ત્રણ નિષ્પાપ પ્રમાણનું વજન-માપ

कम्ममूल. न० (कर्ममूल) કર્મનું મૂળ કારણ, મિથ્યાત્વ અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ.

कम्मय. न० (कर्मज) કાર્મણશરીર (૨) ત્રિ૦ કર્મથી ઉત્પન્ન થયેલ.

कम्मया त्रि० (कर्मजा) કામ કરતા કરતાં ઉપજે તે બુદ્ધિ, ચાર પ્રકારમાંની ત્રીજા પ્રકારની બુદ્ધિ

कम्मलेस्सा. स्त्री० (कर्मलेश्या) નામ કર્મની પ્રકૃતિ રૂપ છ લેશ્યા.

कम्मवेयय. पु० (कर्मवेदक) પ્રજ્ઞાપનાના પચીશમા પદનું નામ.

कम्मसाला स्त्री० (कर्मशाला) કારખાનું (૨) કુંભારનું વાસણ બનાવવાનું સ્થાન.

कम्मा स्त्री० (कर्मन्) ક્રિયા, વ્યાપાર.

कम्माजीव. त्रि (कर्माजीव) કારીગર (૨) કારીગરીનું કોઇપણ કામ બતાવી ભિક્ષાદિ પ્રાપ્ત કરનાર સાધુ

कम्मादाण न० (कर्मादान) પંદર પ્રકારના કર્માદાન, શ્રાવકને ન કરવા યોગ્ય કર્મ-ધંધા (૨) કર્મોને આવવાનો માર્ગ.

कम्मायरिय. पु० (कर्मार्य) કર્મમાં આર્ય, નિર્દોષ વ્યાપાર કરનાર

कम्मार. पु० (कर्मार) લુહાર.

कम्मार त्रि० (कर्मकार) કામ કરનાર; નોકર (૨) કારીગર, શિલ્પી.

कम्मावादि. पु० (कर्मवादिन) કર્મવાદી; કર્મને માનનાર.

कम्मासरीर न० (कार्मणशरीर) કાર્મણશરીર.

कम्मि. }
कम्मिय } त्रि० (कर्मिन्) પાપ કર્મ કરનાર.

कम्मिया. स्त्री० (कार्मिका) અભ્યાસ કરતાં કરતાં ઉત્પન્ન થયેલ બુદ્ધિ. (૨) અવશેષ રહેલ કર્મ; કર્મઅંશ

कम्हा. अ० (कस्मात्) શાથી ? કયા કારણથી ?

कय. पु० (कच) બાલ; કેશ.

कय. त्रि० (कृत) જુઓ " કડ " શબ્દ.

कय. पुं० (क्रय) ખરીદવુ, લેવુ

कय. न० (कज) કમળ.

कयअ. त्रि० (कृत) કરેલ; આચરેલ

कयंगला. स्त्री० (कृतङ्गला) શ્રાવસ્તી નગરીની પાસે આવેલી નગરીનુ નામ

कयंत. पु० (कृतान्त) દૈવ. ભાગ્ય. (૨) યમરાજ.

कयंब. पु० (कदम्ब) કદમ્બનુ ઝાડ.

कयंबग. न० (कदम्बक) કદમ્બના ઝાડનાં ફુલ.

कयंबिय. त्रि० (कदम्बित) અલંકૃત; વિભૂષિત.

कयंबुग्र. न० (कदम्बक) કદમ્બ વૃક્ષનુ પુષ્પ.

कयकज्ज. त्रि० (कृतकार्य) કૃતાર્થ; સફળ મનોરથ.

कयकरण. त्रि० (कृतकरण) અભ્યાસી, અભ્યાસ કરનાર.

कयग. पु० (कनक) નિર્મળી વૃક્ષ. (૨) न० તેનુ ફળ.

कयग. त्रि० (कृतक) કૃત્રિમ; કરેલ. (૨) પોતાની ઉત્પત્તિમાં બીજાની અપેક્ષા કરનાર. (૩) પ્રયત્ન જન્ય

कयग. त्रि० (क्रयक) ખરીદેલું.

कयग्घ पुं० (कृतार्ह) ભરતક્ષેત્રના ગઈ ચોવીશીના ૧૯ મા તીર્થંકર.

कयट्ठ. त्रि० (कृतार्थ) ભાગ્યશાળી.

कयणाण. त्रि० (कृतज्ञ) કરેલા ઉપકારને જાણનાર.

कयत्थ. त्रि० (कृतार्थ) જેણે પોતાનું કાર્ય સિદ્ધ કર્યું છે તે; કૃતાર્થ.

कयनासि. त्रि० (कृतनाशिन्) કૃતઘ્ન; કરેલ ગુણનો નાશ કરનાર.

कयन्न त्रि० (कृतज्ञ) કરેલા ઉપકારને જાણનાર.

कयपडिकइ स्त्री० (कृतप्रतिकृति) ગુણનો બદલો વાળવો તે; લોકોપચાર વિનયનો એક પ્રકાર.

कयमाल पु० (कृतमाल) એક જાતનું વૃક્ષ. (૨) તિમિસ ગુફાનો અધિષ્ઠાયક દેવતા

कयमालय. पु० (कृतमालक) વૈતાઢ્યની તિમિસ્ર ગુફાનો સ્વામી દેવતા (૨) વૈતાઢ્યની ગુફાનુ નામ (૩) મેરૂ પર્વતની પૂર્વે સીતા નદીની ઉત્તરે આઠ દીર્ઘ વૈતાઢ્યની આઠ તિમિસ્ર ગુફાના અધિપતિ દેવતા

कयर त्रि० (कतर) બે કે ઘણામાંનો કોણ-કયો એક ?

कयली स्त्री० (कदली) કેળનું ઝાડ.

कयवंत त्रि० (कृतवत्) કરનાર.

कयवम्म. पु० (कृतवर्मन) તેરમા તીર્થંકરના પિતા.

कयवर पु० (कचवर) કચરો, પુંજો. (૨) વિષ્ટા

कयवरुज्झिया. स्त्री० (कचवरोज्झिका) કચરાને શોધી સાફ કરી બહાર ફેંકનાર દાસી.

कयवीरिय. पु० (कृतवीर्य) કાર્તવીર્યના પિતાનુ નામ.

कयव्वयकम्म. न० (कृतव्रतकर्मन्) શ્રાવકની બીજી પડિમા.

कया अ० (कदा) કયારે.

कयाइ. अ० (कदा) }
कयाइं. अ० (कदाचित्) } કોઈ વખતે; કદાચિત. (૨) વિતર્ક દ્યોતક અવ્યય.

कयाणग. न० (क्रयाणक) કરીયાણું.

कयार. पु० (   ) કચરો.

कर. પુ० (कर) હાથ. (૨) હાથીની સુંઢ. (૩) ત્રિ૦ કરનાર. (૪) પુ૦ ૮૨ મા ગ્રહનું નામ. (૫) કર; વેરો. (૬) કિરણ. (૭) રાજાના કરની પેઠે અરિહંતના કર તરીકે માની વંદના કરે તે; વંદનાના ૩૨ દોષમાંનો પચીશમો દોષ. (૮) કામના ચોવીસ પ્રકારમાંનો એક, રતિસંભોગ માટે કામના આસનો વગેરે વાળવા તે.

करग. પુ० (करक) કરા; જામેલું પાણી

करंज પુ० (करज) કરંજ નામનું ઝાડ

करंड. પુ० (करण्ड) કરંડિયો

करंडग | करंडय પુ० (करण्डक) કરંડીયો, ડાબલો

करंडिया સ્ત્રી० (करण्डिका) નાનો ડબ્બો

करंडुय ન० (   ) પુંઠનું હાડકું. પીઠ પાસેનું હાડકું

करंब પુ (करम्ब) દહિ ચોખાના મિશ્રણથી બનતો એક ખાદ્ય પદાર્થ, કરંબો.

करंबिय ત્રિ० (करम्बित) કાબરચિતરા રંગવાળો.

करक. પું० (करक) કરા. (૨) કરવડા જેવું એક પાત્ર; ઝારી.

करकंट. પુ० (करकण्ट) એ નામનો એક બ્રાહ્મણ સન્યાસી

करकंडु. પુ० (करकण्डु) કરકંડુ નામના એક પ્રત્યેક બુદ્ધ કે જેને બળદની પલટાતી અવસ્થા જોઇ વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો.

करकचिय. ત્રિ० (क्रकचित) કરવત વગેરેથી ફાડેલ.

करकड. ત્રિ० (कर्कश) કઠણ.

करकडी. સ્ત્રી० (करकटी) એક જાતનું નિન્દનીય વસ્ત્ર, જે પ્રાચીન કાળમાં કાસીના કેદીને પહેરાવવામાં આવતું.

करकय. પુ० (क्रकच) લાકડા વેહેરવાનું ઓજાર; કરવત.

करकर. પુ० (कर्कर) વહાણ પાણીમાં ડુબતી વખતે કરકર અવાજ કરે છે તે.

करकरसुंठ. પુ० ન० (कर्करशुण्ठ) એક જાતની વનસ્પતિ.

करकरिग પુ० (काकरिक) કરકરિક નામનો ગ્રહ; ગ્રહાધિષ્ઠાયક દેવ વિશેષ.

करकुडि. પુ० (   ) ફાસીની સજા પામેલ કેદીનું એક વસ્ત્ર.

करग. પુ० (करक) કરવડો; એક જાતનું વાસણ (૨) ત્રિ० કરનાર. (૩) પુ० વરસાદનો કાચો ગર્ભ. કરા (૪) શાલક પક્ષિની એક જાત

करगय પુ० (क्रकच) કરવતી, કરવત

करग्ग ન० (कराग्र) હાથનો અગ્રભાગ, આંગળી.

करड પુ० (करट) એક જાતનું વાજીંત્ર

करडी સ્ત્રી० (करटी) એક જાતનું વાજીંત્ર.

करडुयभत्त ન० (   ) મરી ગયેલાની પાછળ જમણ થાય તે, મૃતક ભોજન.

करण ન० (करण) સાધ્યક્રિયાને સિદ્ધ કરવામાં અત્યંત સહાયક સાધન. (૨) ઇંદ્રિય (૩) પ્રયોગ કરી બતાવવું. (૪) જ્યોતિષ શાસ્ત્રમાં દર્શાવેલ બાલવ વગેરે અગીયાર કરણ (૫) કરણ—અભિગ્રહાદિ. (૬) કરવું (૭) ચારિત્ર ધર્મ. (૮) પિંડવિશુદ્ધિ આદિ જૈન શાસ્ત્ર પ્રસિદ્ધ ૭૦ બોલનો સમૂહ. (૯) પૂર્વે કોઇ વખતે નથી ઉત્પન્ન થયા તેવા અધ્યવસાય વિશેષ, અપૂર્વ કરણ. (૧૦) જે અધ્યવસાયથી કર્મના બન્ધન, સંક્રમણ, ઉદ્વર્તના, અપવર્તના, ઉદીરણા, ઉપશમના, નિધત્તિ અને નિકાચના થાય તે.

करणया. સ્ત્રી० (करणता) અનુષ્ઠાન, ક્રિયા. (૨) સંયમાનુષ્ઠાન

करणावीरिय ન० (करणवीर्य) ઉત્થાન આદિ ક્રિયારૂપે પરિણામ પામેલું વીર્ય.

करणसच्च. न० (करणसत्य) ક્રિયામાં દેખાતુ સત્ય; પડિલેહણાદિ ક્રિયા યથોક્ત રીતે કરવી તે

करणि. स्त्री० ( ) સાદશ્ય; સમાનતા

करणिज्ज. त्रि० (करणीय) કર્તવ્ય; કરવા જોગ

करपत्त न० (करपत्र) કરવત. લાકડાવેરવાનુ સાધન.

करभ. पु० (करभ) ઊંટનુ બચ્ચુ.

करभी स्त्री० (करभी) અનાજ ભરવાનુ એક મોટુ પાત્ર

करमद्द पु० (करमर्द) કરમદાનુ ઝાડ

करय पु० (करक) જુઓ " કરગ " શબ્દ.

करयल न० (करतल) હથેળી

करयलपुड पु० (करतलपुट) કરતલ સપુટ, ખોબો.

करव पु० न० (करक) નાળવાવાળુ પાણી પીવાનુ પાત્ર.

करवत्त. पु० न० (करपत्र) કરવત

करह. पु० (करभ) હાથી અથવા ઊંટનુ બચ્ચુ.

करही. स्त्री० (करभी) ઉંટડી, સાંઢણી

कराल. त्रि० (कराल) ઉન્નત. બહાર નીકળતુ.

करि. त्रि० (करिन्) હાથવાળો (२) पु. હાથી.

करिश्र पु० (करिक) આશીમા ગ્રહનુ નામ.

करिल्ल न० ( ) વાંશના અકુર; કુપલ, પાદડાનો અગ્રભાગ (२) શાકની એક જાત, કારેલા.

करिस. पु० (करीष) કરીષનુ ઝાડ.

करिसग. त्रि० (कर्षक) ખેતી કરનાર, ખેડુત

करिसण. न० (कर्षण) ખેચવુ, ખેડવુ (२) ચાસ પાડવા; ખેતી કરવી (३) કૃષિ, ખેતી

करिसावण. पु० न० (कार्षापण) એક જાતનો સિક્કો.

करिसित } **करिसिय.** } त्रि० (कृशित) સુક્ષ્મ, પાતલું; દુર્બળ.

करीर. पु० (करीर) કેરડાનું ઝાડ.

करीरश्र. पु० (करीरक) કરડાને નામે પડેલુ કોઇ પુરૂષનું નામ.

करीस पु० (करीष) અડાયુ; છાણુ.

करुण त्रि० (करुण) દયાજનક; કરૂણાપાત્ર.

करुणा. स्त्री० (करुणा) કરૂણાજનક શબ્દ. (२) દયા

करेणु. स्त्री० (करेणु) હાથણી

करेणुदत्ता. स्त्री० (करेणुदत्ता) } **करेणुसेणा.** स्त्री० (करेणुसेना) } બ્રહ્મદત્ત ચક્રવર્તીની એક સ્ત્રી

करेणुया स्त्री० (करेणुका) હાથણી.

करोडिय पु० (करोटिक) તાપસ; કાપાલિક. (२) તામ્બુલપટ્ટીના બટવો વગરેઉપાડનાર રાજાના માણસ (३) માટીની મ્હોટા મોઢાની કુંડી.

करोडिया. स्त्री० (करोटिका) } **करोडी** स्त्री० (करोटी) } મોટા મોઢા-વાળુકાંસાનુ એક પાત્ર (२) પાનદાન (३) માટીનુ એક જાતનુ પાત્ર (४) ભિક્ષાનું પાત્ર

कल. त्रि० (कल) મધુર, મનોહર. (२) पु એક જાતનુ ધાન્ય (३) હૃદય અને કાનને મધુર લાગે તેવો અવ્યક્ત (ધ્વનિ). (४) કાદવ, કીચડ

कलंक पु० (कलङ्क) ડાઘો, લાંછન

कलंक. पु० ( ) વાંસની બનાવેલી વાડ.

कलंकल. त्रि० (कलङ्कल) અશુભ; અયોગ્ય.

कलंकलीभाव. पु० (कलङ्कलीभाव) કલકલાટ, દુઃખનો ગભરાટ (२) સસારમા પર્યટન કરવુ તે.

कलंद पु० (कलन्द) કુણ્ડ વિશેષ; રગનું કુડુ (२) આર્ય જાતિના એક જાતના મનુષ્ય.

कलंब पु० (कदम्ब) કદમ્બનું ઝાડ.

कलंबचीरपत्त. न० (कदम्बचीरपत्र) શસ્ત્ર વિશેષ.

कलंबचीरिगापत्त } न० (कदम्बचीरिकापत्र) तीक्ष्ण धारवाळु घास.
कलंबचीरियापत्त }

कलंबवालुया स्त्री० (कदम्बवालुका) जेनी रेती वज्र जेवी छे एवी वज्रवेलुका अथवा कदम्बवेलुका नामनी नरकनी नदी. (२) कदम्बना फुल जेवी वेलु

कलंबुअ. पु० } (कलम्बुक) } एक जातनी पाणीनी वनस्पति
कलंबुग. न० }
कलंबुया स्त्री० (कलम्बुका)

कलकल. पु० (कलकल) कलकलाट; घणा माणसोनो अवाज (२) चूर्णादि मिश्र जळ (३) व्यक्त शब्द, स्पष्ट अवाज.

कलकलंत. त्रि० (कलकलायमान) कलकलाट करतु, कलकल एवो अवाज करतु.

कलकलित. त्रि० (कलकलित) कलकलाट शब्द सहित.

कलण. न० (कलन) शब्द, अवाज (२) सख्या, गणतरी

कलत्त न० (कलत्र) स्त्री.

कलधोय. न० (कलधौत) सुवर्ण, सोनु (२) चांदी, रुपु

कलभ. पु० स्त्री० (कलभ) हाथीनु बच्चु

कलभिया. स्त्री० (कलभिका) नानी हाथणी

कलम. पु० (कलम) डांगर कमोद (२) चोर, तस्कर

कलमल. पु० (कलमल) जठरमा रहेला द्रव्यनो समूह.

कलमाय. त्रि० (कलमात्र) चणामात्र, चणा जेवडु

कलयल. पु० (कलकल) कलकलाट शब्द.

कलल. न० (कलल) गर्भनी प्रथम सात दिवसनी अवस्था.

कलस. पु० (कलश) घडा, कळशो (२) आठ मांगलिकमानु एक. (३) अग्निकुमार देवतानु चिह्न (४) ओगणीशमा तीर्थंकरनु लांछन.

कलसिआ स्त्री० (कलशिका) नानो कळशियो. (२) नानो घडो

कलह. पु० न० (कलह) क्लेश, कजीओ.

कलहंस. पु० (कलहंस) राजहंस

कलहोय. न० (कलधौत) चांदी

कला. स्त्री० (कला) भाग, अंश (२) शोभा. (३) हुन्नर, कारीगरी (४) चद्रनी कळा. (५) पुरुषोने जाणवानी ७२ अने स्त्रीओने जाणवानी ६४ कळा (६) काळनो सूक्ष्म भाग

कलाद. } पु० (कलाद) सोनी.
कलाय }

कलाय पु० (कलाय) एक जातनु धान्य.

कलायरिय पु० (कलाचार्य) ७२ कळा शीखवनार, कळाचार्यनी पदवी मेळवेल अध्यापक

कलाव. पु० (कलाप) मोरना पींछा (२) समूह (३) कंठमा पहेरवानु आभरण

कलाव. पु० (कलाय) ए नामनु एक अनाज.

कलावग. न० (कलापक) कंठमा पहेरवानु आभरण (२) चार श्लोकोनी एक वाक्यता

कलावि. पु० स्त्री० (कलापिन्) मयूर, मोर

कलासिंबलिया. स्त्री० (कलाशिंबिका) एक जातनु शींगवाळु धान्य, वटाणा चोळा वगेरे.

कलि. पु० (कलि) एक, एकनी सख्या. (२) कजीयो, क्लेश

कलिओग पु० } (कल्योज) जे सख्याने चारे भागता एक शेष रहे तेवी सख्या.
कलिओय. न० }

कलिओगकडजुम्म. पु० (कल्योजकृतयुग्म) जे सख्याने चारे भागता चार शेष रहे अने लब्धांकने चारे भागतां एक शेष रहे ते सख्या. महायुग्म सख्यानो तेरमो प्रकार.

कलिओगकलिओग. पुं० (कल्योजकल्योज) જે રાશીને ચારે ભાગતાં એક શેષ રહે અને લબ્ધાંકને પણ ચારે ભાગતાં એક શેષ રહે તે સંખ્યા; મહા યુગ્મ સંખ્યાનો સોળમો પ્રકાર.

कलिओगतेओग. पु० (कल्योजत्र्योज) જે સંખ્યાને ચારે ભાગતાં ત્રણ શેષ રહે અને લબ્ધાંકને ચારે ભાગતાં એક શેષ રહે તે સંખ્યા; મહાયુગ્મ સંખ્યાનો ચૌદમો પ્રકાર.

कलिओगदावरजुम्म. पु० (कल्योजद्वापरयुग्म) જે સંખ્યાને ચારે ભાગતાં બે શેષ રહે અને લબ્ધાંકને ચારે ભાગતાં એક શેષ રહે તે સંખ્યા, મહાયુગ્મ સંખ્યાનો પંદરમો પ્રકાર

कलिंग पु० (कलिङ्ग) આર્ય દેશમાંનો કલિંગ નામે ચોથો દેશ (૨) તરબુચ, કાલિંગડું.

कलिंग. न० (कालिङ्ग) કલિંગ દેશમાં બનેલું વસ્ત્ર.

कलिंज पु० (कलिञ्ज) સુંડલો (૨) સુકી લાકડી

कलिंद. पु० (कलिन्द) એક આર્ય જાત.

कलिंब. पु० (कलिम्ब) એક જાતનું લાકડું

कलित्त. न० (कटित्र) કેડ બાંધવાનું ઘુઘરીવાળું ભૂષણ; કંદોરો. (૨) કેડ ઉપર પહેરવાનું એક જાત, ચામડાનું કવચ

कलिय. त्रि० (कलित) યુક્ત. (૨) રચેલું

कलिसिया. स्त्री० (कलशिका) કળસીઆના આકારનું એક વાજીંત્ર.

कलुण. त्रि० (करुण) કરૂણા ઉત્પાદક, દયાપાત્ર, ગરીબ. (૨) કરૂણારસ; નવ રસમાંનો એક રસ.

कलुणा. स्त्री० (करुणा) કરૂણા; દયા.

कलुस त्रि० (कलुष) ડોળું, મેલું.

कलुस. पु० न० (कालुष्य) પાપકર્મ; ચિત્તની ડામાડોળ સ્થિતિ.

कलेवर. न० (कलेवर) શરીર; દેહ.

कलेसुय. न० (कलेसुक) એક જાતનું ઘાસ.

कलोवाइ. स्त्री० (   ) વાંસનો કરંડીયો.

कल्ल. न० (कल्य) આવતીકાલ, બીજો દિવસ. (૨) પ્રાતઃકાળ, પ્રભાતનો સમય. (૩) આરોગ્ય. (૪) શબ્દ; અવાજ. (૫) સંખ્યા, ગણતરી (૬) ત્રિ० રોગ રહિત.

कल्लाकल्लि अ० (कल्याकल्य) પ્રતિદિન, હમેશાં (૨) પ્રતિપ્રભાત.

कल्लाण पु० न० (कल्याण) સુખ; કલ્યાણ. (૨) એ નામનું પર્વત જાતનું ઝાડ (૩) એક પ્રકારના પ્રાયશ્ચિત્તનું નામ. (૪) તીર્થંકરના ૫ કલ્યાણિકમાંનુ ગમે તે એક. (૫) નિર્વાણ; મોક્ષ (૬) સમૃદ્ધિ, વૈભવ. (૭) પુણ્ય, શુભકર્મ. (૮) ત્રિ० હિતકારક; સુખકારક.

कल्लाणकारि. त्रि० (कल्याणकारिन्) સુખાવહ; મંગલકારક

कल्लाणग पु० (कल्याणक) પડિલેહણનો વખત વીત્યા પછી પડિલેહણ થાય તેનું પ્રાયશ્ચિત, કલ્યાણક તપ વિશેષ. (૨) ત્રિ० કલ્યાણકારી

कल्लाणि. पु० (कल्याणिन्) એક જાતની વનસ્પતિ. (૨) ત્રિ० કલ્યાણકારી

कल्लाल. पु० (कल्यपाल) દારૂ નાડી વેચનાર, પીઠાવાળો

कल्लुय पु० (कल्लुक) બે ઇંદ્રિયવાળો જીવ.

कल्लोडय. पु० (   ) દમનીય બળદ; સાંઢ.

कल्लोल. पु० (कल्लोल) તરંગ, લ્હેર.

कल्हार. न० (कह्लार) એક જાતનું સફેદ કમળ.

कवइय. त्रि० (कवचित) બખતરવાળો.

कवचिया. स्त्री० (कवचिका) એક જાતનું દામ.

कवड. न० (कपट) કપટ.

कवड्डिया. स्त्री० (कपर्दिका) કોડી.

कवय. पु० न० (कवच) બખતર; કવચ. (૨) જાળ; સમૂહ.

कवल. पु० (कवल) કોળીયો.
कवलिज्जंत. त्रि० (कवल्यमान) ખવાતુ
कवल्लु. पु० ( ) લોઢાનું ઠામ; કડાઇ.
कवल्ली. स्त्री० ( ) ગોળ ઉકાળવાનુ ઠામ
कवाड न० (कपाल) ખોપરી.
कवाड. पुं० न० (कपाट) કમાડ, બારણુ (૨) કેવળી સમુદ્ઘાત ક્રિયામાં કેવળી આત્માના પ્રદેશને બહાર કાઢી પ્રસારી કપાટને આકારે બનાવે તે.
कवाडभयग्र. पु० (कपाटभृतक) બે હાથ અથવા ત્રણ હાથ જમીન ખોદે તો અમુક પૈસા આપીશ, એવી શરત કરી રાખેલો ચાકર.
कवाल. पु० न० (कपाल) ઘડાનો અર્ધભાગ (૨) મસ્તક, ખોપરી (૩) ભિક્ષા પાત્ર.
कवि. पु० (कवि) કવિતા કરનાર.
कवि पु० (कपि) વાંદરો.
कविंजल. पु० (कपिञ्जल) એક જાતનું પક્ષી
कविकच्छु पु० (कपिकच्छु) એક જાતની વેલ કે જેને અડતા શરીરમાં ખરજ ઉત્પન્ન થાય છે.
कविट्ठ. पु० (कपित्थ) કોઠીનું ફળ, કોઠુ.
कविया स्त्री० (कविका) લગામ
कविल पु० (कपिल) કપિલ કેવળી (૨) ભૂરો રંગ. (૩) એક જાતનું પક્ષી. (૪) કપિલમુનિ સાંખ્ય શાસ્ત્ર પ્રણેતા અને તેના અનુયાયીઓ. (૫) એક બ્રાહ્મણ મહર્ષિ (૬) આ નામના એક વાસુદેવ
कविलग्र. पु० (कपिलक) રાહુના પુદ્ગલના પંદર પ્રકારમાંનો એક.
कविसायण पु० न० (कपिशायन) એક જાતની મદિરા
कविसीसग्र. } **कविसीसग.** } पु० न० (कपिशीर्षक) કોશીશા.
कविहसिय. न० (कपिहसित) આકાશમાં અકસ્માત્ બળતી ભયંકર જ્વાળા દેખાય તે.
कवेल्लुक. } **कवेल्लुय** } पु० ( ) પાત્ર વિશેષ; મ્હોટી કડાઇ. (૨) નળિયાં (૩) કડાઇઓ.
कवोड पु० (कपोत) પારેવો. (૨) न० કૂમાંડ; કોળુ
कवोतालि स्त्री० (कपोतपालिका) પક્ષીને પાળવાની જગા, કબૂતરખાનુ
कवोय पु० (कपोत) કબૂતર; પારેવા.
कवोयसरीर. न० (कपोतशरीर) પારેવાના શરીરના રંગવાળુ ફળ, કોળું.
कवोल. पु० (कपोल) ગાલ, લમણુ.
कव्व न० (काव्य) કાવ્ય, કવિની બનાવેલ કૃતિ
कव्वड. पु० न० (कर्बट) જુઓ "કબ્બડ" શબ્દ
कव्वडग्र. पु० (कर्बटक) ૧૯ મા ગ્રહનુ નામ.
कस. पु० (कश) ચાબખા; કોરડા
कस पु० (कष) ઘસીને કસોટી કરવી તે. (૨) त्रि० હિંસક, હાર મારનાર (૩) पु० न० સંસાર, ભવ, જગત્. (૪) न० કર્મ કર્મપુદ્ગળ
कसट्ट न० ( ) કસતર, કચરો.
कसट्टिय पु० (कषपट्ट) કસોટીનો પથરો.
कसपट्ट. पुं० (कषपट्ट) કસોટીનો પત્થર
कसर. पु० न० ( ) ખસ
कसा. स्त्री० (कशा) ચાબુક; કોરડો
कसाइ. त्रि० (कषायिन्) કષાય રંગવાળો. (૨) ક્રોધ, માન, માયા ને લોભવાળો.
कसाय. पु० (कषाय) ભગવા વસ્ત્ર (૨) કસાયેલો રસ (૩) પન્નવણા સૂત્રના ત્રીજા પદના સાતમા દ્વારનું નામ. (૪) પ્રજ્ઞાપનાના ચઉદમા પદનું નામ (૫) સાત સમુદ્ઘાતોમાની બીજી સમુદ્ઘાત.

(૬) ક્રોધ માન માયા અને લોભ. (૭) વર્ણ વિશેષ; લીલા, પીળા રંગ.

कसायकुसील. પુ૦ (कषायकुशील) કષાય યુક્ત સાધુ; ૭ પ્રકારના નિર્ગ્રંથમાંનો એક.

कसायपद. ન૦ (कषायपद) પન્નવણા સૂત્રના ચોથા પદનું નામ.

कसायमोहणिज्ज. ન૦ (कषायमोहनीय) કષાયરૂપ મોહનીય કર્મની પ્રકૃતિ.

कसायसमुग्घाय પુ૦ (कषायसमुद्घात) ક્રોધાદિ કષાયને ઉદયે જીવના પ્રદેશ શરીર અંદર અને બહાર વિસ્તરવાથી નેત્ર વિકાર કે મુખ વિકારનું થવું અને કષાય મોહનીયનો ભોગવટો કરી કષાયના પુદ્ગલોને નિર્જરવાં તે.

कसायात પુ૦ (कषायात्मन्) કષાયવાળો આત્મા

कसाहि. પુ૦ સ્ત્રી૦ (कषाहि) એક જાતનો મુકુલિત સર્પ

कसि. પું૦ (कृषि) ખેતી, કૃષિ કર્મ.

कसिण. ત્રિ૦ (कृत्स्न) પુરેપુરૂં (૨) અખંડ, ખંડિત ન થયેલ. (૩) પુ૦ પરિપૂર્ણ સ્કંધ, મહાસ્કંધ, જેનાથી મ્હોટો બીજો સ્કંધ નથી તે

कसिण. ત્રિ૦ (कृष्ण) કાળું; કાળાશવાળું.

कसिणा. સ્ત્રી૦ (कृत्स्ना) જે પ્રાયશ્ચિત્તમાં અધિક સમાઇ શકે નહી તે. પ્રાયશ્ચિત્તનો એક પ્રકાર.

कसेरु. પુ૦ ન૦ (कशेरु) પાણીમાં ઉત્પન્ન થતો કશેરૂ નામનો પ્રસિદ્ધ કંદ

कसेरुग. પુ૦ (कशेरुक) કસેરૂ નામની પાણીમાં ઉગતી વનસ્પતિ.

कस्सइ. અ૦ (कस्यचित्) કોઇ એકનું.

कह. } **कहं.** } અ૦ (कथम्) કેમ; શા માટે, કેવી રીતે ?

कहंकहा સ્ત્રી૦ (कथकथा) વિકથા; રાગદ્વેષ ઉત્પન્ન કરનારી કથા.

कहंचि અ૦ (कथंचित्) કોઈ પ્રકારે.

कहकह પુ૦ (कहकह) ઘણા જણનો ખુશાલીનો અવાજ.

कहकहकह. પુ૦ (कहकहकह) ખુશાલીનો પોકાર.

कहग પુ૦ (कथक) કથા કરનાર.

कहण. ન૦ (कथन) } કથન
कहणा. સ્ત્રી૦ (कथना) }

कहल्ल પુ૦ ન૦ ( ) ખપ્પર

कहवि. અ૦ (कथमपि) કોઇપણ રીતે.

कहा સ્ત્રી૦ (कथा) કથા; વાર્તા

कहाणग ન૦ (कथानक) કથા; વાત.

कहासमुल्लाव પુ૦ (कथासमुल्लाप) પરસ્પર વાર્તાલાપ

कहि. ત્રિ૦ (कथिन्) કહેનાર

कहि અ૦ (क्व) ક્યાં, ક્યે ઠેકાણે ?

कहिअ. ત્રિ૦ (कथित) કહેલું.

कहिं અ૦ (क्व) ક્યાં.

कहिं. અ૦ (कदा) ક્યારે

कहिंचि. અ૦ (क्वचित) ક્યાંયપણ; કોઇસ્થળે.

कहित ત્રિ૦ (कथित) કહેલ.

कहित्तार } **कहेत्तार** } ત્રિ૦ (कथयितृ) કહેનાર, બોલનાર.

कह्लार. ન૦ (कह्लार) સંધ્યાવિકાસી સફેદ કમળ

काइ. અ૦ (काचित्) કોઇ, સ્ત્રીજાતિ વિશેષ પદાર્થ.

काइय ત્રિ૦ (कायिक) શરીર સબંધી, શારીરિક.

काइया સ્ત્રી૦ (कायिकी) શરીરના વ્યાપારથી થતી ક્રિયા; પાંચ ક્રિયામાંની એક. (૨) મૂત્ર, પેશાબ.

काई. સ્ત્રી૦ (काकी) કાગડી.

काईअंडअ. ન૦ (काक्यण्डक) કાગડીનાં ઇંડાં.

काउ. સ્ત્રી૦ (कापोती) કાપોતલેશ્યા; આત્માના એક પ્રકારનું પરિણામ

काउंबरि પુ૦ (काकोदुम्बरि) એક જાતનું ઝાડ.

काउंबरिय. पुं० (काकोदुम्बरिक) વૃક્ષ વિશેષ.

काउंबरी. स्त्री० (काकोदुम्बरी) એક જાતની ઔષધિ

काउकाम. त्रि० (कर्तुकाम) કરવાની ઇચ્છાવાળુ.

काउज्जुयया. स्त्री० (कायर्जुकता) શરીર યોગની સરલતા; સીધાપણુ.

काउड्डावण. न० (कायोड्डापन) દૂર રહીને બીજાના શરીરનુ આકર્ષણ કરવુ તે.

काउदर पुं० (काकोदर) એક જાતનો ફણવાળો સર્પ

काउरिस. पुं० (कापुरुष) કાયર, બીકણ.

काउलि स्त्री० (काकोली) એક જાતની વનસ્પતિ.

काउलेसा. }
काउलेस्सा } स्त्री० (कापोतलेश्या) છ લેશ્યા માંની ત્રીજી કાપોત લેશ્યા.

काउस्सग्ग पुं० (कायोत्सर्ग) કાયાના વ્યાપારનો ત્યાગ, કાઉસગ્ગ કરવો તે. (२) આવશ્યક સૂત્રના પાંચમા અધ્યયનનુ નામ. (३) શરીર પરના મમત્વનો ત્યાગ.

काओदर. पुं० (काकोदर) એક જાતનો સર્પ

काओय. पुं० (कापोत) જુઓ "કાઉ" શબ્દ.

काओली. स्त्री० (काकोली) એ નામની એક વનસ્પતિ, કંદ વિશેષ.

काओवग पुं० (कायोपग) સંસારી આત્મા

कांची. स्त्री० (काञ्ची) કાંચી નામની એક નગરી.

काक. पुं० (काक) કાગડો (२) ગ્રહ વિશેષ (३) ગ્રહાધિષ્ઠાયક દેવ વિશેષ.

काकंतिअ पुं० (काकन्तिक) લોકડી.

काकंदग. पुं० (काकन्दक) }
काकंदिय. पुं० (काकन्दिक) } એક જૈન મહર્ષિ

काकंदिया. }
काकंदी } स्त्री० (काकन्दिका) જીતશત્રુ રાજાની કાકંદી નામની નગરી. (२) જૈન મુનિઓની એક શાખા.

काकणी. स्त्री० (काकिणी) ચક્રવર્તીના ચૌદ રત્નમાંનું એક રત્ન.

काकजंघा स्त्री० (काकजङ्घा) એક જાતની વનસ્પતિ.

काकलि. स्त्री० (काकलि) સૂક્ષ્મ ગીતિધ્વનિ.

काकलि पुं० स्त्री० (काकली) એક જાતની વનસ્પતિ.

काग. पुं० (काक) કાગડો (२) કાક નામનો ગ્રહ

कागंदी. स्त्री० (काकन्दी) જુઓ "કાકંદી" શબ્દ

कागणि न० (काकिणी) કોડી (२) એ નામનો એક વેલ. (३) ચક્રવર્તીના ચૌદ રત્નમાનુ એક કે જેથી ચક્રવર્તી તિમિસ ગુફામાં પ્રકાશ કરવાને માંડલા આલેખે છે

कागणिरयण. न० (काकिणीरत्न) ચક્રવર્તીનુ કાકિણી નામનુ રત્ન

कागणिलक्खण. न० (काकिणीलक्षण) કાકિણી રત્નને જોવાની કળા.

कागणी स्त्री० (काकिणी) કોડી; સોનું રૂપુ માપવાનુ એક વજન, સવા ચણોઠી ભારનુ માપ. માસાનો ચોથો ભાગ

कागतालिज्ज न० (काकतालीय) કાકનું બેસવુ ને તાલનું પડવુ તેમ અનાયાસે કોઇ કાર્ય બની જાય તે ઠેકાણે વપરાતો ન્યાય.

कागपिंडी स्त्री० (काकपिण्डी) અગ્રપિણ્ડ.

कागस्सर पुं० (काकस्वर) કાગડાની પેઠે કંઠોર સ્વરથી ગાવું તે, ગાયનનો એક દોષ

कागिणी. स्त्री० (काकिणी) ચક્રવર્તીનાં ચૌદ રત્નમાંનુ એક રત્ન કે જેને છ તળા આઠ ખુણા અને બાર હાંસા હોય છે. (२) કોડી; માસાનો ચોથો હિસ્સો.

कागिणीमंस. न० (काकिणीमांस) કોડીને આકારે કોડી જેવડા માંસના કકડા શરીરમાંથી કાઢવા તે.

कागिणीमंसखाइम. न० (काकिणीमांसखादिम) કોડી પ્રમાણે કકડા કરી પોતાનું માસ પોતાને ખવડાવે તે.

कागिणिमंसखावियंग. त्रि० (काकिणीमांसखादिताङ्ग) કોડીને આકારે માંસના કકડા કરવા તે; એક પ્રકારની શારીરિક શિક્ષા.

कागी. स्त्री० (काकी) કાગડી. (૨) કાગડા સબંધી વિદ્યા, કાક વિદ્યા.

कागंणंद. पु० (काकोनन्द) આ નામની એક મ્લેચ્છ જાતિ.

काण त्रि० (काण) } છિદ્રવાળુ. કાણું (૨)
काण } એક આંખવાળો; કાણો

काणक न० (काणक) બાણ.

काणण न० (काणक) શેરડીનો એક રોગ કે જેથી તેમા છિદ્ર છિદ્ર પડી જાય (૨) તેવા છિદ્રવાળી શેરડી.

काणग. त्रि० ( ) ચોરેલુ.

काणण. न० (कानन) પ્રકીર્ણ ઝાડોવાળુ વન, જગલ (૨) ઉપવન, બગીચો.

काणिक्का स्त्री० ( ) માટી ઈટ.

काणिय न० (काणय) કાણાપાય, માળ રોગમાનો એક રોગ

कादंब. पु० (कादम्ब) એક જાતનો હસ

कादूसगिया स्त्री० (कदूषिका) તમસ્કાયના પ્રભાવથી મદ થયેલી ચદ્રની કાન્તિ.

कापालिअ. पु० (कापालिक) કાપાલિક યોગી.

कापिसायण न० (कापिशायन) એક જાતની માદરા.

कापुरिस. पु० (कापुरुष) કાયર પુરૂષ

काम. पु० (काम) મનોજ્ઞ શબ્દ અને મનોજ્ઞ રૂપ. (૨) શબ્દાદિ પાંચ વિષય (૩) ઇચ્છા, કામના, વાસના, અભિલાષા (૪) કામકર્પ; મૈથુન સેવા.

कामं. अ० (कामम्) અત્યન્ત; અતિશય. (૨) અવધારણ (૩) સ્વીકાર.

कामंग. न० (कामाङ्ग) કામોત્તેજક સ્નાન વગેરે.

कामकंत न० (कामकान्त) દેવ વિમાન વિશેષ.

कामकम. त्रि० (कामक्रम) ઇચ્છા પ્રમાણે ગતિ કરનાર, સ્વચ્છદે ચાલનાર. (૨) લાન્તક નામે છઠ્ઠા દેવલોકના ઇંદ્રનુ મુસાફરી વિમાન.

कामकाम त्रि० (कामकाम) વિષયની ઇચ્છાવાળો.

कामकूड न० (कामकूट) દેવ વિમાન વિશેષ.

कामग. त्रि० (कामक) અભિલાષાવાળો (૨) ચાહનાર.

कामगम पुं० (कामगम) છઠ્ઠા દેવલોકના ઇંદ્રનુ વિમાન (૨) છઠ્ઠા દેવલોકના ઇંદ્રના યાન વિમાનનો વ્યવસ્થાપક દેવતા (૩) त्रि० સ્વેચ્છાચારી

कामगुण. पु० (कामगुण) કામને-વિષયને ગુણ કરનાર-ઉત્તેજન આપનાર ગુણો; શબ્દાદિ પાચ વિષય. (૨) न० મૈથુન.

कामजल न० (कामजल) સ્નાન કરવાનો બાજોઠ

कामजुग. पु० (कामयुग) પક્ષી વિશેષ.

कामज्झय न० (कामध्वज) દેવ વિમાન વિશેષ.

कामज्झया. स्त्री० (कामध्वजा) કામધ્વજા નામની એક વેશ્યા

कामड्ढि त्रि० (कामार्थिन्) વિષયાભિલાષી.

कामड्ढिय. पु० (कामर्द्धिक) જૈન સાધુઓનો એક ગણ.

कामदुहा. स्त्री० (कामदुघा) જોઈએ તેટલું દૂધ પૂર્ણ કરનાર કામદુઘા ગાય.

कामदेव. पु० (कामदेव) એ નામના એક શ્રાવક; મહાવીર સ્વામિના દશ શ્રાવકમાંના એક.

कामपिपासिय. त्रि० (कामपिपासक) વિષયાભિલાષી.

कामप्पभ. न० (कामप्रभ) દેવવિમાન વિશેષ.

कामफास. पु० (कामस्पर्श) ૪૭ મા ગ્રહનું નામ.

काममहावण न० (काममहावन) કાશી-વાણારસી નગરી બહારનું એક ચૈત્ય-ઉદ્યાન.

कामय. पु० (कामक) કામની ઇચ્છાવાળો, કામી.

कामरूवि त्रि० (कामरूपिन्) ઇચ્છાનુસાર રૂપ બનાવનાર.

कामलेस्स. न० (कामलेश्य) દેવ વિમાન વિશેષ.

कामवण्ण. न० (कामवर्ण) એક દેવ વિમાન

कामसमणुण्ण त्रि० (कामसमनोज्ञ) કામાન્ધ

गरुल. पु० (गरुड) ગરૂડ પક્ષી. (૨) વાણ-વ્યંતર દેવતાની એક જાત. (૩) સુવર્ણ કુમાર દેવતાનુ ચિન્હ, તેના મુગટમા રહેલ ગરૂડાકાર નિશાની (૪) ભવનપતિ દેવોની એક જાત, સુવર્ણ કુમાર દેવ.

गरुलकेउ. पु० (गरुडकेतु) ગરૂડના ચિહ્નવાળી જેની ધ્વજા છે તે. વાસુદેવ.

गरुलज्झय. } **गरुलद्धय.** } पु० (गरुडध्वज) ગરૂડપક્ષીના ચિત્રવાળી ધ્વજા. (૨) કૃષ્ણ વાસુદેવ (૩) દેવ જાતિ વિશેષ. સુવર્ણ કુમાર દેવ.

गरुलवूह पु० (गरुडव्यूह) ગરૂડને આકારે વ્યૂહરચના કરવાની કળા

गरुलासण. न० (गरुडासन) જુઓ " ગરૂડા-સણ " શબ્દ

गरुलोववाय. न० (गरुडोपपात) શાસ્ત્ર વિશેષ, જેને યાદ કરવાથી ગરૂડ દેવ પ્રત્યક્ષ થાય તે

गल. पुं० (गल) ગળુ, કંઠ; ગરદન (૨) માછલાનુ ગળુ વિંધનાર જાળની અન્દરનો કાંટો

गलकंबल पु० (गलकम्बल) ગાયોને ગળે લટકતી ચામડી હોય છે તે, ગલકંબલ

गलच्छल्ल. पु० ( ) ગળુ પકડી પાછુ હઠાવવુ.

गलत्थल्ल. पु० ( ) હાથથી ગળુ પકડવુ.

गलि. त्रि० (गलि) ગળીયો, નિયમખોટો

गलिय. त्रि० (गलित) ગળી ગયેલુ, પિગળી ગયેલ. (૨) વરસી રહેલ.

गलोई स्त्री० (गडूची) ગુલવેલ નામની વ-નસ્પતિ.

गल्ल पु० (गल्ल) ગાલ.

गव पु० स्त्री० (गो) પશુ, જાનવર. (૨) ગાય.

गवक्ख पु० (गवाक्ष) ગોખ; ઝરૂખો; બારી. (૨) ગવાક્ષની આકૃતિનુ રત્ન વિશેષ.

गवक्खजाल न० (गवाक्षजाल) રત્નનો ઢ-ગલો; (૨) જાળીવાળી બારી

गवच्छ पु० ( ) ઢાંકણ; આચ્છાદન.

गवच्छिय त्रि० ( ) આચ્છાદિત; ઢાંકેલ

गवल. न० (गवाल) ગાયનો ખોરાક, ઘાસ

गवय पु० (गवय) રોઝ, ગાય જેવો એક ચોપગા પશુ.

गवर पु० ( ) એક જાતની વનસ્પતિ.

गवल न० (गवल) ભેંસ કે પાડાનુ શિંગડુ.

गवाणी. स्त्री० (गवादनी) ગાયોને ખાવાની તથા રહેવાની જગ્યા, ગમાણ

गवालिय न० (गवालीक) ગાયની બાબતમા જુઠ્ઠુ બોલવુ તે

गविट्ठ त्रि० (गवेषित) એષણા ગવેષણા દોષ રહિત શોધેલુ. ખોળેલુ.

गविट्ठ त्रि० (गर्विष्ठ) અભિમાની

गवेधुआ स्त्री० (गवेधुका) જૈન મુનિ ગણની એક શાખા.

गवेलग. } **गवेलय.** } पु० स्त्री० (गवेलक) ગાડર; મેંઢો (૨) ગાય અથવા મેંઢો.

गवेसअ. पु० (गवेषक) અન્વેષણા—શોધ કરનાર.

गवेसइत्तार. त्रि० (गवेषयितृ) ગવેષણા કર-નાર, શોધનાર.

गवेसण. न० (गवेषण) વ્યતિરેક ધર્મનું આલોચન.

गवेसणया. } **गवेसणा.** } स्त्री० (गवेषणा) શોધ; ત-પાસ (૨) શુદ્ધ આહારની યાચના. (૩) આહાર ગ્રહણ કરવો તે.

गवेसाविय. त्रि० (गवेषित) બીજા પાસે તપાસાવેલ.

गवेसिय. त्रि० (गवेषित) શોધી-તપાસી આણેલુ.

गव्व. पु० (गर्व) ગર્વ; માન અહંકાર

गव्विय. त्रि० (गर्वित) અભિમાની.

गसिय. त्रि० (ग्रसित) ધસાઇ ધએલુ.

गह. न० (गृह) ઘર; નિવાસસ્થાન.

गह पु० (ग्रह) ८८ ગ્રહ; જ્યોતિષી દેવતાની ત્રીજી જાતિ (૨) ગાયનના આરંભનો આલાપ (૩) લેવું; પકડવું. (૪) કર્મનો બન્ધ (૫) ગૃદ્ધિ; આસક્તિ

गहगज्जिय. न० (ग्रहगर्जित) ગ્રહો ચળાયમાન થવાની ગર્જના થાય તે

गहचरिय. न० (ग्रहचरित) જ્યોતિષ શાસ્ત્રનુ જ્ઞાન.

गहजुद्ध. न० (ग्रहयुद्ध) બે ગ્રહોનુ એક નક્ષત્રની દક્ષિણ ઉત્તરે સમશ્રેણીમાં રહેવુ તે.

गहण. त्रि० (गहन) નિબિડ, ઝાડીવાળુ, ગહન (૨) જેનો પાર પામી ન શકાય તેવુ. (૩) નિર્જલ પ્રદેશ (૪) અન્યને છેતરવા માટે કપટ કરવુ તે.

गहण न० (ग्रहण) ગ્રહણ કરવુ, સ્વીકારવુ; લેવુ. (૨) त्रि० આકર્ષણ કરનાર, ખેંચનાર. (૩) ગ્રાહ્ય; ગ્રહણ કરવા યોગ્ય (૪) पु० न० અવાજ, શબ્દ. (૫) ઇન્દ્રિય (૬) ચંદ્રસૂર્યનો ઉપરાગ. (૭) શિક્ષા વિશેષ.

गहणय. न० ( ) આભૂષણ-ઘરેણુ

गहणया स्त्री० (ग्रहण) ગ્રહણ કરવુ, ધારવુ.

गहणी. स्त्री० (ग्रहणी) ઝાડાનો રોગ; અતિસાર રોગ, સગ્રહણી. (૨) ગુદાશય; ગુહ્ય સ્થાન.

गहदंड. पु० (ग्रहदण्ड) ગ્રહોની દંડની પેઠે ત્રાંછી શ્રેણી.

गहभिन्न. न० (ग्रहभिन्न) જે નક્ષત્રની વચ્ચે થઇ ગ્રહ પસાર થાય તે નક્ષત્ર કે જેમાં દીક્ષા આદિ કાર્ય કરવાથી હાનિ થાય માટે વર્જવા કહેલ છે.

गहमुसल. न० (ग्रहमुशल) મુશળને આકારે ગ્રહોની ઉંચી શ્રેણી.

गहर पु० (गृध्र) ગીધ પક્ષી.

गहवइ पु० (गृहपति) ગૃહપતિ; ગૃહસ્થ.

गहवइणी. स्त्री० (गृहपत्नी) ઘરધણીયાણી; ગૃહસ્વામિની.

गहवेह पु० (ग्रहवेध) સૂર્ય ચન્દ્રાદિ સાથે ગ્રહનો વેધ.

गहसिंघाडग. न० (ग्रहशृगाटक) શીંગોડાના ફળની પેઠે ગ્રહોનુ રહેવુ તે. (૨) ગ્રહયુગ્મ; ગ્રહનું જોડકુ.

गहिअ. त्रि० (गृद्ध) આસક્ત; તલ્લીન.

गहिय त्रि० (गृहीत) લીધેલું, ગ્રહણ કરેલું. (૨) પકડેલુ. (૩) જાણેલુ

गहिर. त्रि० (गभीर) ગહેરૂ; અગાધ.

गाअ पु० (गो) બળદ.

गाअ. न० (गात्र) શરીર; દેહ (૨) શરીરના અવયવ.

गाइअ न० (गीत) ગાયન; ગીત.

गाइर. पु० (गायक) ગાનાર; ગવૈયા.

गाई. स्त्री० (गो) ગાય.

गाउ पु० (गव्यूत) ગાઉ; બે હજાર ધનુષ્ય પ્રમાણ ક્ષેત્ર.

गाउय न० (गव्यूत) બે હજાર ધનુષ્ય પરિમિત ક્ષેત્ર; ગાઉ.

गागर. पु० ( ) એક જાતનું માછલું. (૨) સ્ત્રીઓને પહેરવાનો ઘાઘરો.

गागरी. स्त्री० (गर्गरी) પાણી ભરવાની ગાગર.

गागलि. पु० (गागलि) એ નામના એક જૈન મુનિ.

गाढ. त्रि० (गाढ) દૃઢ; મજબૂત. (૨) સર્પાદિના ઝેરની તીવ્ર વેદના-મરણાંત કષ્ટ. (૩) અત્યંત, ઘણુ.

गाणंगणिअ. त्रि० (गाणगणिक) ૭ માસની અન્દર એક ગણ છોડી બીજા ગચ્છમાં દાખલ થનાર.

गात्त. न० (गात्र) શરીરના અવયવો

गाथा स्त्री० (गाथा) આર્યા વગેરે છંદ, શ્લોક.

गाम. पु० (ग्राम) ગામ; વસ્તી (૨) પ્રાણિ-સમૂહ. (૩) સંગીતશાસ્ત્ર પ્રસિદ્ધ મૂર્છનાના આશ્રયરૂપ ષડ્જાદિ ત્રણ ગ્રામ (૪) ઇંદ્રિય સમૂહ.

गामउड. } पु० ( ) ગામનો મુખી
गामऊड. }

गामंतिय. न० (ग्रामान्तिक) ગામની સીમા (૨) त्रि० ગામની સીમામાં રહેનાર. (૩) જૈનેતર એક વિદ્વાન.

गामकंडग. } पु० (ग्रामकण्टक) ઇન્દ્રિય સમૂહરૂપ કાંટા (૨) દુર્જનોના નઠારા શબ્દો; ગાળો દેવી તે.
गामकंडय }

गामधम्म. पु० (ग्रामधर्म) ગ્રામ-ઇન્દ્રિય સમૂહના ધર્મ-શબ્દ રૂપ રસ ગન્ધ અને સ્પર્શ એ પાંચ વિષય. (૨) ગામડાનો આચારવિચાર. (૩) વિષયની ઇચ્છા. (૪) ઇન્દ્રિયોનો સ્વભાવ (૫) વિષય પ્રવૃત્તિ, મૈથુન.

गामपिंडोलग. पु० ( ) ભીખ માગી પેટ ભરવાને ગામડાનો આશ્રય લેનાર ભીખારી.

गामरक्ख. पुं० (ग्रामरक्ष) ગ્રામનું રક્ષણ કરનાર; કોટવાળ.

गामरक्खिय. पु० (ग्रामरक्षक) કોટવાળ. ગામેતિ.

गामि. त्रि० (गामिन्) જનાર; પહોંચનાર.

गामिअ. त्रि० (ग्रामिक) વિષયાભિલાષી.

गामिल्ल. त्रि० (ग्रामीण) ગ્રામવાસી. ગામડીયો

गामेयग. त्रि० (ग्रामेयक) ગામડાનો રહીશ. ગામડીઓ.

गामेलुअ. } त्रि० (ग्रामीण) જુઓ "गामिल्ल" શબ્દ
गामेल्ल. }
गामेल्लय. }

गाय. पु० (गो) બળદ.

गाय. न० (गात्र) શરીરના અવયવો.

गायभेय. पु० (गात्रभेद) શરીરનો નાશ કરી લુંટનાર ચોરની એક જાત.

गार. न० (अगार) ગૃહ, મકાન.

गारत्थ. पु० स्त्री० (अगारस्थ) ગૃહસ્થાશ્રમી; ઘરબારી.

गारत्थिणी स्त्री० (अगारस्था) ગૃહસ્થની સ્ત્રી.

गारत्थिय पु० स्त्री० (अगारस्थित) ગૃહસ્થ; સંસારી.

गारव पु० न० (गौरव) ગુરૂપણું; મોટાઇ. (૨) ગૃદ્ધિ, આસક્તિ. (૩) ગર્વ; અભિમાન.

गारविय. त्रि० (गौरवित) ગર્વવાળુ, ગર્વિષ્ઠ (૨) લાલસાવાળા, અભિલાષી.

गारहत्थिया स्त्री० (गार्हस्थिका) ગૃહસ્થની ભાષા; બેટા બાપ, મામા, વગેરે શબ્દોથી પરને બોલાવવું તે.

गारि पु० स्त्री० (अगारिन्) સંસારી; ગૃહસ્થ.

गारुड. } त्रि० (गारुड) ગરૂડ સંબંધી. (૨) न० શાસ્ત્ર વિશેષ, સર્પનું ઝેર ઉતારવાના મંત્રો જેમાં છે તે
गारुल }

गारुडिअ त्रि० (गारुडिक) ગારૂડી વિદ્યા-સર્પ ઉતારવાની, પકડવાની વિદ્યા જાણનાર.

गालण न० (गालन) ગાળવું; છાણવું.

गालित. त्रि० (गालित) ગાળેલું.

गाली स्त्री० (गाली) ગાળ દેવી તે.

गाव पु० (गो) બળદ.

गावी. स्त्री० (गो) ગાય

गास पु० (ग्रास) કોળીયો, કવલ.

गाह पु० (गाध) થાગ, તળીયું.

गाह. पु० (ग्राह) મગરમચ્છ. (૨) પકડવું. (૩) ગ્રહણ કરી ચાલનાર. (૪) આગ્રહ; હઠ. (૫) સર્પને પકડનાર ગારૂડી.

गाहग त्रि० (ग्राहक) સ્વીકારનાર; લેનાર. (૨) ગુરૂ, વિદ્યા આપનાર.

गाहग्ग. न० (गाथाग्र) ગાથાનુ પરિમાણ.

गाहण न० (ग्राहण) બોધ વચન, ઉપદેશ.

गाहय त्रि० (ग्राहक) જુઓ ' ગાહગ" શબ્દ

गाहवई स्त्री० (ग्राहवती) એ નામની એક નદી.

गाहा. स्त्री० (गाथा) પ્રાકૃત ભાષાનુ પદ્ય, શ્લોક (૨) સામાન્યે પ્રાકૃતગાથા બના વવાની તથા જાણવાની કળા. (૩) સૂય-ગડાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કન્ધના ૧૬ મા અધ્યયનનું નામ (૪) પ્રતિષ્ઠા, નિશ્ચય.

गाहाल पु० (ग्राहाल) ત્રણ ઇન્દ્રિયવાળા જંતુની એક જાત

गाहावइ पु० (गाथापति) કુટુમ્બને નિભાવ-નાર નાયક, કુલપતિ (૨) કોઠારનો ઉપરી, ચક્રવર્તીના ૧૪ રત્નમાનું એક. (૩) એ નામના એક અન્યતીર્થિ વિદ્વાન.

गाहावइ पु० (गृहपति) ઘરધણી; ગૃહસ્થ.

गाहावइणी. स्त्री० (गृहपत्नी) ઘરધણીયાણી.

गाहावइरयण. न० (गाथापतिरत्न) ચક્રવર્તીના ૧૪ રત્નોમાનુ એક.

गाहावई. स्त्री० (ग्राहवती) નદી વિશેષ. (૨) દ્વીપ વિશેષ. (૩) સરોવર વિશેષ, જે-માંથી ગ્રાહાવતી નદી નીકળી.

गाहावती. स्त्री० (ग्राहवती) ૨૮ હજાર ન-દીઓના પરિવારે સીતા નદીમાં ભળતી સુકચ્છ અને મહાકચ્છ વિજયને જુદી પાડતી એક મહા નદી.

गाहावतीकुंड. पु० (ग्राहवतीकुण्ड) સુકચ્છ વિજયની પૂર્વે મહાકચ્છવિજયની પશ્ચિમે નીલવંત પર્વતને દક્ષિણકાંઠે ગ્રાહવતી ન-દીનો દરેડો જેમાં પડે છે તે કુન્ડ.

गाहावतीदीव. पु० (ग्राहवतीद्वीप) ગ્રાહવતી કુન્ડ વચ્ચેનો દ્વીપ.

गाहिय. त्रि० (ग्राहित) શીખાવેલ, ગ્રહણ કરાવેલ.

गाहीकय. त्रि० (गाथीकृत) એકત્રિત; એકઠું કરેલ.

गिज्झ त्रि० (ग्राह्य) ગ્રહણ કરવા યોગ્ય.

गिड्डियाइरमण. न० (गिड्डिकादिरमण) ગેડી દડા વગેરેની રમત.

गिण्हण. न० } **गिण्हणा.** स्त्री० } (ग्रहण) પકડવુ.

गिद्ध. त्रि० (गृद्ध) લાલચુ; આસકત.

गिद्ध. पु० (गृध्र) ગીધ, માસાહારી પક્ષી વિશેષ.

गिद्धपिट्ठ (गृध्रपृष्ठ) કોઇ જનાવરના કલે-વરમા પડી ગીધાદિકના ચુથી ખાવાથી મરવુ તે. બાર અકામમરણમાંનું એક.

गिद्धि. स्त्री० (गृद्धि) આકાંક્ષા, આસક્તિ; આતુરતા.

गिम्ह पु० (ग्रीष्म) ગરમીની મોસમ; ઉનાળો.

गिम्हज. त्रि० (ग्रीष्मज) ગ્રીષ્મ ઋતુમાં થયેલું.

गिरा स्त्री० (गिर्) વાણી

गिरि. पु० (गिरि) પર્વત, ડુગર; પહાડ.

गिरिकण्णई. } **गिरिकण्णिया.** } स्त्री० (गिरिकर्णिका) ગિરિ-કર્ણિકા નામની એક વેલ.

गिरिकन्नी } **गिरिकन्नी.** } स्त्री० (गिरिकर्णी) ગિરિકર્ણિકા નામની વેલ

गिरिकुमार. पु० (गिरिकुमार) ચુલ્લ હિમવંત પર્વત સબંધી એક શિખરના અધિષ્ઠાતા દેવતા.

गिरिजण्ण. पु० (गिरियज्ञ) કોકણ દેશમાં ચોમાસામાં થતો એક જાતનો ઉત્સવ.

गिरिपडण. न० (गिरिपतन) પર્વતથી પડીને મરણ નિપજાવવુ તે; એક પ્રકારનું બાળ-મરણ.

गिरिराय. पु० (गिरिराज) પર્વતનો રાજા, મેરૂ પર્વત.

गिरिवर. पु० (गिरिवर) શ્રેષ્ઠ પર્વત, મેરૂ પર્વત.

गिरिसिया. स्त्री० (गिरिसिका) એક જાતનું વાજિત્ર

गिला. स्त्री० (ग्लानि) બિમારી; રોગ. (૨) ખેદ, થાક.

गिलाण. त्रि० (ग्लान) ગ્લાનિ પામેલ; અ-શક્ત. (૨) રોગી; દુર્બળ (૩) ઉદાસીન

गिलाणि. स्त्री० (ग्लानि) ગ્લાનિ. ખેદ.

गिलायय. त्रि० (ग्लायक) ગ્લાનિ યુક્ત; ખેદ પામેલ.

गिलासणि. पु० (ग्लाशनि) ભસ્મક રોગ, ભસ્મક વ્યાધિ

गिलासि. पु० स्त्री० (ग्रासिन) એક પ્રકારની વ્યાધિ.

गिलिश्र. त्रि० (गिलित) ગળી ગયેલ; ગળા નીચે ઉતારેલ.

गिल्लि. स्त्री० ( ) હાથીની અબાડી (૨) બે માણસોએ ઉપાડેલી ઝાળી-ડાળી (૩) ઉંટનુ પલાણ.

गिह. न० (गृह) ઘર, મકાન

गिहकोकिलिया. स्त्री० (गृहकोकिला) ગૃહ-ગોધિકા; ઢેગરોળી.

गिहत्थ पु० स्त्री० (गृहस्थ) ગૃહસ્થાશ્રમી-ગૃહસ્થ.

गिहवइ. पु० स्त्री० (गृहपति) ગૃહસ્થ;ઘરધણી.

गिहवास. पु० (गृहवास) } ગૃહસ્થપણે રહેવુ તે.
गिहावत्त पुं० (गृहावर्त) }

गिहि. पु० (गृहिन) ગૃહસ્થાશ્રમવર્તી; ગૃહસ્થ.

गिहिलिंग न० (गृहिलिंग) ગૃહસ્થનો વેશ, સંસારી જીવન.

गिहेलुग. पु० } (गृहैलुक) ઉમરો, બારણા નીચેનો ભાગ
गिहेलुय. पु० }

गीअत्थ. त्रि० (गीतार्थ) બહુસૂત્રી.

गीइ. स्त्री० (गीति) ગીતિ; છન્દ વિશેષ. (૨) ગાયન; ગીત.

गीइय पु० (गीतिक) ગીત-કવિતા બના-વવાની વિધિ.

गीत. न० (गीत) ગાયન, ગીત (૨) સૂત્ર તથા અર્થને જાણનાર.

गीय न० (गीत) ગીત-ગાયનકળા. (૨) આગમનો જાણ. (૩) त्रि० ગાવા યોગ્ય. (૪) કથિત, પ્રતિપાદિત

गीयजस. पु० (गीतयशस) ગન્ધર્વ જાતના વ્યન્તર દેવતાનો બીજો ઇન્દ્ર

गीयत्थ. पु० (गीतार्थ) શાસ્ત્રના અર્થને જા ણનાર, બહુશ્રુત

गीयरइ. पु० (गीतरति) દક્ષિણ તરફના ગ-ન્ધર્વ દેવતાનો ઇન્દ્ર (૨) स्त्री० સગીત ક્રીડા (૩) पु० ગન્ધર્વ સેનાના અધિપતિ દેવ વિશેષ. (૪) त्रि० સગીતપ્રિય, ગાયનપ્રિય

गीवा स्त्री० (ग्रीवा) ડાક, ગરદન, ગળુ.

गुंजा स्त्री० (गुञ्जा) ચણોઠી (૨) વાદ્ય વિ-શેષ. (૩) પરિમાણ વિશેષ. (૪) ગુંજા-રવ, ગુન ગુન અવાજ. (૫) ગુંજારવ કરતો વાયુ

गुंजालिया. स्त्री० (गुञ्जालिका) વાંકી વાવ. (૨) નાક, નહેર વગેરે (૩) વાંકી નદી

गुंजावाय. पु० (गुञ्जद्वात) શબ્દ કરતો સુ-સવાટા મારતો પવન

गुंजिय त्रि० (गुञ्जित) ગુંજારવ કરેલ.

गुंडण. न० (गुण्डन) રજથી ખરડાવુ તે.

गुंडिय त्रि० (गुण्डित) રજથી ખરડાયેલ (૨) વીંટાએલુ, ઘેરાએલુ. (૩) પ્રેરાયેલુ.

गुंदरुक्ख. पु० (गुन्दवृक्ष) એક જાતનું ઝાડ; ગુંદી

गुंदल. न० (गुन्दल) ક્રીડા; ખેલ.

गुच्छ पु० (गुच्छ) રીંગણી પ્રમુખના ગુચ્છા. (૨) ગુચ્છો; શરીર વગેરે ઉપરથી રજ કે જન્તુને પુંજીને દૂર કરવાનું એક સાધન-ધર્મનુ ઉપકરણ. (૩) વૃક્ષની એક જાત. (૪) પાંદડાનો સમૂહ.

गुच्छग } **गुच्छय.** } पु० (गुच्छक) ઉનનો ગુચ્છો-ગોચ્છો.

गुच्छिय. त्रि० (गुच्छित) ગુચ્છાવાળુ

गुज्झ त्रि० (गुह्य).ગુપ્ત વાત. (૨) પુ० ગુહ્યભાગ; ગુપ્તેન્દ્રિય. (૩) ભવનપતિ દેવતાનો એક અવાન્તર ભેદ (૪) મૈથુન; સંભોગ

गुज्झग. पु० (गुह्यक) ભવનપતિ દેવની એક જાત (૨) त्रि० ગુપ્ત. અદૃશ્ય.

गुज्झदेस. पु० (गुह्यदेश) ગુહ્યસ્થાન.

गुज्झसाला. स्त्री० (गुह्यशाला) ગુપ્ત ઘર.

गुट्ठ पु० (गोष्ठ) ગાયોને રહેવાનો વડો.

गुड. पु० (गुड) ગોળ, શેરડીના રસથી બનેલ ખાદ્ય પદાર્થ.

गुडा स्त्री (गुडा) હાથીનું કવચ (૨) ઘોડાનુ કવચ

गुडिय त्रि० (गुडित) મઢી લીધેલ.

गुढायारि त्रि० (गूढाचारिन्) પોતાનો દુષ્ટાચાર છુપાવનાર

गुण. पु० न० (गुण) ગુણ-મૂળગુણ અને ઉત્તરગુણ, મૂળગુણ-મહાવ્રત, ઉત્તરગુણ-સમિતિ આદિ. (૨) શ્રાવકનાં ત્રણ ગુણવ્રત, છટ્ઠું, સાતમુ અને આઠમુ વ્રત. (૩) દ્રવ્યમાં રહેલ ધર્મ; વસ્તુ સ્વભાવ. (૪) શબ્દ, રૂપ, રસ, આદિ કામના ગુણ, ઇંદ્રિય વિષય. (૫) ક્ષમા, વિનય, જ્ઞાન, સૌભાગ્ય, સરલતા આદિ, સદ્‌ગુણ. (૬) સૂત્રના તાતણા, દોરી. (૭) ગણવું, ગુણાકાર કરવો. (૮) પ્રશંસા (૯) કાર્ય. પ્રયોજન. (૧૦) અંશ; વિભાગ.

गुणकार पु० (गुणाकार) ગુણાકાર-એક રકમને બીજી રકમથી ગુણવું તે.

गुणट्ठाण न० (गुणस्थान) મિથ્યાત્વ આદિ ૧૪ ગુણસ્થાન.

गुणण. न० (गुणन) આવૃત્તિ; ગ્રથવિચાર.

गुणपुरिस. पु० (गुणपुरुष) ગુણવાન્ પુરૂષ.

गुणरयण. न० (गुणरत्न) સોળ મહિનાનું એક તપ.

गुणरयणसंवच्छर न० (गुणरत्नसंवत्सर) એ નામનુ એક તપ

गुणवेरमण. न० (गुणविरमण) શ્રાવકનુ છટ્ઠુ સાતમુ અને આઠમુ એ ત્રણવ્રત.

गुणव्वय. न० (गुणव्रत) જુઓ, " ગુણવેરમણ " શબ્દ.

गुणसंकम. न० (गुणसंक्रम) અબધ્યમાન પ્રકૃતિના દલિઆને બધ્યમાન પ્રકૃતિમાં પ્રતિસમય અસખ્યગુણવૃદ્ધિએ ઉમેરવા તે.

गुणसंकमण. पुं० (गुणसंक्रमण) જુઓ "ગુણસંક્રમ શબ્દ.

गुणसिल. न० (गुणशील) એ નામનુ રાજગૃહ નગરી પાસેનુ એક ઉદ્યાન

गुणसेढि. स्त्री० (गुणश्रेणि) ગુણાકારે પ્રદેશની રચના; જ્યા ગુણની વૃદ્ધિએ અસખ્યાતગુણી નિર્જરા એકેક સમયે અધિક થાય તે ગુણશ્રેણિ.

गुणि. त्रि० (गुणिन्) ગુણવાળુ.

गुणिज्जमाण त्रि० (गुण्यमान) ગુણાકાર કરાતુ

गुणिय त्रि० (गुणित) ગુણેલુ,ગુણાકાર કરેલ. (૨) પઠન કરેલ; અધ્યયન કરેલ.

गुण्ण त्रि० (गुण्य) ગુણને લાયક.

गुत्त न० (गोत्र) ગોત્ર, અટક (૨) સાતમુ ગોત્ર કર્મ.

गुत्त त्रि० (गुप्त) ગુપ્તિવન્ત: મન વચન અને કાયાને પાપમાં ન જવા દેતા ગોપવી રાખનાર (૨) સ્તબ્ધ, દિઙ્‌મૂઢ બનેલ. (૩) છુપાવેલ; ઢાંકેલ. (૪) રક્ષણ કરેલ; બચાવેલ. (૫) ગુપ્ત ઘર-ભોયરૂ વગેરે.

गुत्तास पु० (गोत्रास) વિપાક સૂત્રનું એ નામનું બીજું અધ્યયન.

गुत्ति. स्त्री० (गुप्ति) મન વચન અને કાયાને અશુભ પ્રવૃત્તિથી રોકી ગોપવી રાખવાં તે.

गुत्तिंदिय त्रि० (गुप्तेन्द्रिय) ઇન્દ્રિય નિગ્રહ કરનાર, સયમી

गुत्तिगुत्त. त्रि० (गुप्तिगुप्त) મન વગેરેની નિર્દોષ પ્રવૃત્તિ કરનાર, અયતિ.

गुत्तिय. पु० (गौप्तिक) કોટવાળ (२) त्रि० રક્ષક; રક્ષણ કરનાર.

गुत्तिसेण. पु० (गुप्तिसेन) જમ્બૂદ્વીપના ઐરવત ક્ષેત્રમા ચાલુ અવસર્પિણીમા થએલ સાળમા તીર્થંકર.

गुद पु० स्त्री० (गुद) ગુદા, ગુહ્યસ્થાન.

गुप्प त्रि० (गोप्य) છુપાવવા યોગ્ય. (२) न० એકાન્ત

गुप्फ पु० (गुल्फ) પગની એડી, ઘુંટી.

गुमगुमंत. त्रि० (गुमगुमत्) } ગુમગુમાટ
गुमगुमाइय त्रि० (गुमगुमायित) } કરતો, ગુમગુમ્ એવો અવાજ કરતો

गुमगुमायंत. त्रि० (गुमगुमायमान) ઘમઘમાટ કરતુ, ગણગણાટ કરતુ, મધુર શબ્દ કરતુ.

गुम्म. पु० न० (गुल्म) વશાળલ નવમાલિકા આદિ, વૃક્ષની એક જાત (२) સમૂહ, પરિવાર (३) લશ્કરનો એક ભાગ, જૈન મુનિ મંડળનો એક અશ (४) સ્થાન, જગ્યા.

गुम्मइअ. त्रि० (गुल्मित) મૂઢ બનેલ

गुम्मि पु० (गुल्मिन्) કાનખજુરો.

गुम्मिअ त्रि० (   ) મદમા રમી રહેલ, મદાન્ધ

गुम्मिय. पु० (गुल्मिक) કિલ્લાનુ રક્ષણ કરનાર, ચોકીદાર (२) જાુઇ વગેરે ફૂલઝાડ

गुरु पु० (गुरु) મોક્ષનો માર્ગ દર્શાવનાર, ગુરુ (२) શિક્ષક, વિદ્યાદાતા (३) અધોગતિ લઇ જનાર મહાદોષ (४) માતાપિતા વગેરે વડીલ (५) જેના ઉદયથી જીવ લોઢા જેવુ ભારે શરીર પામે તે નામકર્મની એક પ્રકૃતિ (.) त्रि० ભારે, વજનદાર.

गुरुकुल. न० (गुरुकुल) અભ્યાસ કરવા માટે ગુરુસમીપે રહેવુ તે, ગુરુનુ નિવાસસ્થાન.

गुरुगइ स्त्री० (गुरुगति) ગતિ વિશેષ.

गुरुलहु त्रि० (गुरुलघु) એકાત ભારે નહી અને એકાત હલકુ નહી કિન્તુ એક અપેક્ષાએ ભારે અને બીજી અપેક્ષાએ હલકુ

गुल पु० (गुड) ગુડ, ગાળ

गुलइय त्रि० (गुल्मित) ગુચ્છ-ઝુંડરૂપે મળેલા ન્હાના ઝાડા.

गुलगुल. न० (गुलगुल) હાથીના ગુલગુલાટ શબ્દ, ગુલ ગુલ એવો ધ્વનિ.

गुलगुलंत. त्रि० (गुलगुलत्) ગુલગુલાટ કરતો; ગુલગુલ એવો અવાજ કરતો

गुलगुलाइय. } न० (गुलगुलायित) હાથીનો
गुलगुलिय } ગુલગુલ અવાજ; હાથીની ગર્જના

गुललावणिया. स्त्री० (गुडलावणिका) ગોળ પાપડી.

गुलहाणी स्त्री० (गुलधाना) ગોળ મિશ્રિત ધાણા

गुलिया स्त्री० (गुलिका) ગુટિકા, દવાની ગોળી (२) સુગન્ધી દ્રવ્ય વિશેષ.

गुल्ल पु० (गुड) જુઓ " ગુલ " શબ્દ

गुल्लइय त्रि० (गुल्मवत्) જુઓ "ગુલઇય" શબ્દ

गुविय. त्रि० (गुप्त) વ્યાકુળ; ક્ષુબ્ધ.

गुविल त्रि० (गुपिल) કુટિલ, ગહન. (२) વ્યાપ્ત

गुव्विणी स्त्री० (गुर्विणी) સગર્ભા સ્ત્રી; ગર્ભવતી સ્ત્રી

गुहा स्त्री० (गुहा) ગુફા

गुहिर. त्रि० (गह्वर) ગભીર, ગંહેરૂ.

गूढ. त्रि० (गूढ) ગૂઢ; ગુપ્ત, છાનુ.

गूढदंत पु० (गूढदन्त) અણુત્તરોવવાઇ સૂત્રના બીજા વર્ગના ચોથા અધ્યયનનુ નામ.

(२) શ્રેણિક રાજાની ધારણી રાણીનો પુત્ર (૩) જમ્બૂદ્વીપના ભરતમાં આવતી ઉત્સર્પિણીમાં થનાર ત્રીજા ચક્રવર્તી. (૪) લવણ સમુદ્રમાં નવમો જોજન પર આવેલ ગૂઢદન્ત નામનો એક અન્તરદ્વીપ (૫) તે અન્તરદ્વીપમાં રહેનાર માણસ (૬) એક જૈન મુનિ

गुढपय. न० (गूढपद) ગુપ્તપદ, સાંકેતિક શબ્દ.

गूढसिराग न० (गूढसिरक) એક સાધારણ વનસ્પતિ.

गूहण न० } (गूहन) પોતાના રૂપને **गूहणाया** स्त्री० } છુપાવી દેવું તે, કપટનું અપર નામ

गेज्ज. न० (गेय) ગાવા લાયક; ગીત

गेद्ध. त्रि० (गृद्ध) જુઓ "ગિદ્ધ" શબ્દ

गेय न० (गेय) ઉત્ક્ષિપ્ત, પાદાન્ત, મન્દક અને રોચિતાવસાન એ ચાર જાતના ગીતમાંનું ગમે તે એક જાતનું ગીત

गेरुअ. पु० न० (गैरिक) ગેરિક ધાતુ, ગેરુ, લાલ રંગની માટી. (૨) એક જાતનું રત્ન, મણિ

गेरुय पु० (गैरुक) ભગવા વસ્ત્ર પહેરનાર પરિવ્રાજક; સન્યાસી (૨) એક જાતનો મણિ.

गेलराग. } न० (ग्लान्य) ગ્લાનિ પામતો; **गेलन्न** } મુઝાતું. (૨) રોગ બિમારી

गेव त्रि० (ग्रैव) ક સબંધી.

गेविज्ज न० (ग्रैवेय) કંઠનું ઘરાણું; કંઠનું આભરણ (૨) ગ્રૈવેયક નામનું વિમાન.

गेविज्जग. न० (ग्रैवेयक) ગ્રૈવેયક વિમાન. (૨) નવ ગ્રૈવેયકવાસી દેવ. (૩) ત્રિ० ગ્રીવા સબંધી.

गेविज्जविमाण. न० (ग्रैवेयकविमान) ગ્રૈવેયક દેવતાનાં નિવાસસ્થાન.

गेवेज्ज. न० (ग्रैवेय) જુઓ "ગેવિજ્જ" શબ્દ.

गेवेज्जग न० } (ग्रैवेयक) જુઓ "ગેવિ- **गेवेज्जय.** } જ્જગ" શબ્દ.

गेवेज्जविमाण न० (ग्रैवेयविमान) જુઓ "ગેવિજ્જવિમાણ" શબ્દ.

गेवेय न० (ग्रैवेय) કંઠનું ભૂષણ.

गेह. न० (गेह) ઘર, મકાન

गेहवास. पु० (गेहवास) ઘરવાસ, ગૃહસ્થાશ્રમ.

गेहसम. न० (गेहसम) વીણા વગેરે વાજીંત્રોએ જે સ્વર ઉપાડ્યો હોય તેજ સ્વરમાં ગાવું તે.

गेहागार त्रि० (गेहाकार) ઘરની પેઠે ટાઢ તડકો અને વરસાદથી બચાવનાર ઘરને આકારે પરિણત થયેલ કલ્પવૃક્ષની એક જાતિ

गेहि. स्त्री० (गृद्धि) આસક્તિ, ઇચ્છા.

गेहि त्रि० (गृद्ध) અતિઆસક્ત, લોલુપ.

गेहि त्रि० (गेहिन) } ઘરવાળું; ગૃહ- **गेहिअ** त्रि० (गहिक) } સ્થાશ્રમી. (૨) પુ० ભર્તા, ધણી, પતિ.

गेहिणी स्त्री० (गेहिनी) સ્ત્રી; પત્ની

गो पु० स्त्री० (गो) ગાય. (૨) બળદ (૩) વાણી, વાચા.

गोअम पु० (गौतम) મહાવીરસ્વામીના પ્રથમ ગણધર-ગૌતમસ્વામી (૨) ઇન્દ્રભૂતિ ગણધરનું ગોત્ર. (૩) વિચિત્ર બળદને શણગારી તેની મારફત ભિક્ષા ઉઘરાવનાર એક ભિક્ષુક વર્ગ

गोअर पु० (गोचर) આહાર લેવાની વિધિ, ગોચરી, મધુકરી.

गोउर न० (गोपुर) નગરનો દરવાજો.

गोउल. न० (गोकुल) ગાયોનો સમૂહ.

गोफ. पु० (गुल्फ) પગની ગાંઠ, એડી

गोकराग पु० (गोकर्ण) બે ખરીવાળો ગાયના જેવા કાનવાળો પશુ વિશેષ (૨) એ નામનો એક અંતર્દ્વીપ. (૩) તેમાં રહેનાર માણસ.

गोकरणदीव पु० (गोकर्णद्वीप) લવણ સમુદ્રમાં ચારસો જોજન પર ચૂલહિમવંતની ડાઢા ઉપરે આવેલ ગોકર્ણ નામનો અન્તરદ્વીપ.

गोग्गह. पु० (गोग्रह) ગાયની ચોરી, ગાયને છીનવી લેવી તે.

गोचर. न० (गोचर) ગાયોને ચરવાનું જંગલ. (૨) પુ૦ ગાયોને ચરવાની રીતિ.

गोचरी स्त्री० (गोचरी) ભિક્ષા, ગોચરી

गोच्छग. पु० न० (गोच्छक) ગુચ્છો; પુંજવાનું એક ઉપકરણ

गोच्छय. पु० (गोच्छक) વસ્ત્ર, પાત્ર, લુચ્છવાનો (ઉનનો) ગાચ્છો.

गोच्छिय. त्रि० (गुच्छित) ફૂલના ગુચ્છાવાળુ

गोजलोया. स्त्री० (गोजलौका) બે ઇન્દ્રિયવાળા જીવની એક જાત.

गोट्ठामाहिल. पु० (गोष्ठामाहिल) ગોષ્ઠામાહિલ નામના સાતમા નિહ્નવ

गोट्ठिअ. / **गोट्ठिग** पु० (गोष्ठिक) એક ગોષ્ઠી મણ્ડલીમા રહેનાર મિત્ર. ગોઠીઓ.

गोट्ठिल त्रि० (गोष्ठीमत) વિટ પુરૂષોની ગોષ્ઠીમણ્ડલીમા ભાગ લેનાર, ગોઠીઓ

गोट्ठी. स्त्री० (गोष्ठी) વ્યભિચારી પુરૂષોની મણ્ડલી. (૨) મિત્રમણ્ડલી.

गोड. पु० (गौड) ગૌડ દેશ (૨) તે દેશમા રહેનાર.

गोडी. स्त्री० (गौडी) ગોળની બનાવેલી મદિરા, ગોળનો દારૂ.

गोड्ड त्रि० (गौड) ગુડ સબંધી, ગાળનું બનાવેલ. (૨) મધુર, મીઠુ.

गोण. त्रि० (गौण) ગુણથી બનેલુ-યથાર્થ, ગુણનિષ્પન્ન. (૨) અપ્રધાન; મુખ્ય નહિ તે.

गोण. पु० ( ) બળદ, આખલો (૨) એ નામનો એક અનાર્ય દેશ.

गोणस. पु० (गोनस) ફેણ વિનાનો સર્પ.

गोणिसज्जा स्त्री० (गोनिषद्या) એક પ્રકારનું આસન, ગાયની માફક બેસવુ તે.

गोणी. स्त्री० ( ) ગાય.

गोण्ण. न० (गौण) ગુણ નિષ્પન્ન નામ; પ્રકૃતિ પ્રત્યયના અર્થને અનુસરતુ નામ. (૨) ત્રિ૦ ગૌણ, મુખ્ય નહિ તે.

गोतम. पु० (गौतम) અંતગડસૂત્રના પહેલા વર્ગના પહેલા અધ્યયનનુ નામ (૨) અંધકવૃષ્ણિ રાજાના પ્રથમ પુત્ર. (૩) ગૌતમ ગણધર, મહાવીરસ્વામીના મુખ્ય શિષ્ય (૪) રોહિણી નક્ષત્રનુ ગોત્ર. (૫) ત્રિ. ગૌતમ ગોત્રમાં ઉત્પન્ન થયેલ. (૬) ન૦ લવણ સમુદ્રના અધિપતિ સુસ્થિત દેવતાનો એક દ્વીપ (૭) પુ૦ ગોશાળાનો છઠ્ઠો પઉટ્ટ પરિહાર (૮) નાનો બળદ. (૯) બળદદ્વારા ભિક્ષા માગી નિર્વાહ કરનાર એક વર્ગ

गोतित्थ. न० (गोतीर्थ) તળાવમા ઉતરવાનો આરો; સપાટીથી નીચી જમીન (૨) લવણ સમુદ્ર વગેરેની એક જગા.

गोत्त. न० (गोत्र) વંશના મૂળ પુરૂષ, જે નામથી અટકથી તે વંશ ઓળખાતો હોય તે. (૨) ત્રિ૦ સર્વ આગમનો આધાર. (૩) ન૦ ગોત્રકર્મ, આઠમાંનું સાતમુ કર્મ, જેના પ્રભાવથી માણસ ઉચ્ચ યા નીચ જાતિનો કહેવાય છે. (૪) ગોત્ર; કુળ, વંશ

गोत्तास. त्रि० (गोत्रास) ગાયોને ત્રાસ આપનાર. (૨) પુ૦ એક કૂટ ગ્રાહનો પુત્ર.

गोथूभ पु० (गोस्तूप) લવણ સમુદ્રમાં ચારે દિશાએ જંબૂદ્વીપની જગતીથી બેતાળીસ હજાર જોજન ઉપરે આવેલ વેલંધર દેવોને રહેવાનો પર્વત. (૨) ૧૧ મા શ્રેયાંસ પ્રભુના પ્રથમ ગણધરનું નામ.

गोथूभा. स्त्री० (गोस्तूपा) પશ્ચિમ દિશાના અંજનક પર્વતની પશ્ચિમ તરફની વાવનું

नाम. (२) शक्रेंद्रनी એક અગ્રમહિષીની રાજધાની.

गोदास. पुं० (गोदास) એ નામના મુનિ; ભદ્રબાહુ સ્વામીના પ્રથમ શિષ્ય. (२) એક જૈનમુનિગણ.

गोदासगण. पु० (गोदासगण) મહાવીરસ્વામીના નવ ગણમાંનો એક ગણ-સાધુ સમુદાય.

गोदोहिया. स्त्री० (गोदोहिका) ગાય દહોવાને જે આસને બેસાય તે આસને બેસી ધ્યાન ધરવું કે આતાપના લેવી તે; આસન વિશેષ. (२) ગાયને દહોવી તે.

गोधा. स्त्री० (गोधा) ગોહ, ભુજપરિસર્પની એક જાત

गोधूम पु० (गोधूम) ગોધૂમ, ઘઉં

गोपुर. न० (गोपुर) શહેરનો દરવાજો

गोप्पय. न० (गोष्पद) ગાયના પગલા જેટલું; જેમા ગાયનો પગ બુડે તેટલુ ખાબોચીયુ (२) ગોપદ પરિમિત ભૂમિ.

गोप्पहेलिया. स्त्री० (गोप्रहेल्या) ગાયોને ચરવા માટે થોડા ઘાસવાળી ભૂમિ.

गोफ पु० (गुल्फ) ઘુંટી-પગની એડી.

गोफुस्सिया. स्त्री० (गोस्पर्शिका) એ નામની એક વેલ.

गोबहुल पु० (गोबहुल) શરવણ નામના ગામમા રહેનાર એક બ્રાહ્મણનુ નામ

गोब्बर. पु० (गोर्बर) મગધ દેશમાનુ એ નામનું એક ગામ.

गोभत्तिय. त्रि० (गोभक्तिक) ગાયની પેઠે આહાર કરનાર.

गोभद्द. पु० (गोभद्र) શાલિભદ્રના પિતાનુ નામ.

गोम. } **गोमंत.** } त्रि० (गोमत्) ગાયવાળો.

गोमड. न० (गोमृत) ગાયનું કલેવર.

गोमय. न० (गोमय) છાણ.

गोमाउ. } **गोमाउ.** } पु० (गोमायु) શૃગાલ; શિયાળ.

गोमाउपुत्त. पु० (गोमायुपुत्र) ગોમાયુપુત્ર નામના એક સાધુ.

गोमाणसिया. स्त्री० (गोमानसिका) શય્યા; પથારી. (२) લાંબો ઓટલો.

गोमाणसी. स्त्री० (गोमानसी) જુઓ "ગોમાણસિયા" શબ્દ.

गोमि. } **गोमिअ.** } त्रि० (गोमिन्) જુઓ "ગોમંત" શબ્દ.

गोमिज्जअ. पु० (गोमेदक) એક જાતનો મણિ; સચિત્ત કઠિન પૃથ્વીનો એક ભાગ.

गोमिणी. स्त्री० (गोमिनी) ગાયવાળી સ્ત્રી.

गोमुत्तिया. स्त्री० (गोमुत्रिका) ચાલતી ગાય મુતરે તેને આકારે વાંકી ગોચરી કરવી તે. (२) ગાયનુ મૂત્ર.

गोमुत्ती. स्त्री० (गोमुत्रिका) ગાય કે બળદ મુતરે તેનો જે આકાર થાય તે.

गोमुह. पु० (गोमुख) લવણ સમુદ્રમા પાંચસો જોજન ઉપર ઇશાન ખુણામાં આવેલ ગોમુખ નામનો એક અન્તરદ્વીપ. (२) તે અન્તરદ્વીપમા રહેનાર માણસ. (३) શ્રી ઋષભદેવ સ્વામીના યક્ષનુ નામ.

गोमुहिअ. न० (गोमुखित) ગાયના મુખના આકારવાળી ઢાલ.

गोमुही. स्त्री० (गोमुखी) એ નામનું એક વાજીંત્ર.

गोमेज्ज. पु० (गोमेद) એક જાતનો મણિ.

गोमेह. पु० (गोमेध) નેમનાથજીના યક્ષનું નામ.

गोम्मिअ. पुं० (गौल्मिक) કોટવાળ; નગર રક્ષક.

गोम्हि. पु० (गोम्मिन्) ત્રણ ઇન્દ્રિયવાળો જીવ; કાનખજુરો.

गोय. न० (   ) ઉદુમ્બર વગેરે ફળ.

गोय. पु० (गोत्र) સાતમુ ગોત્રકર્મ જેના

ઉદયથી જીવ ઉંચ અથવા નીચ ગોત્ર પામે છે. (૨) પુ૦ ન૦ ગોત્ર, વંશ. અ-ટક (૩) મોન ધારણ કરવુ તે, વાકસયમ

गोयम. પુ૦ (गौतम) જુઓ " ગાતમ " શબ્દ

गोयमकुमार. પુ૦ (गौतमकुमार) અધક વૃષ્ણિ રાજાનો કુમાર; દશ દશારમાંનો એક

गोयमकेसिज्ज. ન૦ (गौतमकेशीय) ઉત્તરા-ધ્યયન સૂત્રનું એક અધ્યયન, જેમાં ગૌ-તમસ્વામી અને કેશિસ્વામિનો સવાદ છે.

गोयमज्जिया. સ્ત્રી૦ (गौतमार्यिका) જૈન મુનિઓની એક શાખા.

गोयमदीव પુ૦ (गौतमद्वीप) લવણ સમુદ્રમા ગૌતમદ્વીપ નામનો ટાપુ છે, જ્યા સુસ્થિત નામનો લવણ સમુદ્રનો અધિપતિ રહે છે

गोयमपुत्त પુ૦ (गौतमपुत्र) ગૌતમના પુત્ર અર્જુન

गोयमसगुत्त ત્રિ૦ (गौतमगोत्र) ગોતમ ગોત્રમા ઉત્પન્ન થયેલ

गोयर. પુ૦ (गोचर) ગોચરી. સાધુએ ગો-વૃત્તિથી ભિક્ષા લેવી ત (૨) સ્થાન. (૩) સન્મુખ, પ્રત્યક્ષ (૪) વિષય સબધી (૫) ગાયાને ચરવાની જગા

गोयरग्ग ન૦ (गोचराग्र) આધા કર્માદિ દોષરહિત ભિક્ષા-ગોચરી

गोयावाय પુ૦ (गोत्रवाद) ગાત્રના નામથી કોઈને બોલાવવુ, જેમકે હે ગોતમ

गोर. ત્રિ૦ (गौर) સફેદ. ઉજળુ, ગોરુ

गोरखर. પુ૦ (गौरखर) ગધેડાની એક જાતિ

गोरमिग. પુ૦ (गौरमृग) હરણની એક જાતિ (૨) ન૦ તે હરણના ચામડાનુ બનાવેલુ વસ્ત્ર.

गोरव. ન૦ (गौरव) ગૌરવ. મહિમા. મોટાઇ (૨) આદર, સન્માન. (૩) ગમન, ગતિ

गोरस. પુ૦ ન૦ (गोरस) દહિ, દુધ, છાસ વગેરે.

गोरहग. પુ૦ (गोरथक) ત્રણ વર્ષનો નાનો વાછરડો.

गोरी. સ્ત્રી૦ (गौरी) અતગડસૂત્રના પાંચમા વર્ગના બીજા અધ્યયનનુ નામ. (૨) કૃષ્ણવાસુદેવની એક પટ્ટરાણી. (૩) પાર્વતી. (૪) ગોરવર્ણવાળી સ્ત્રી

गोरोयणा ન૦ (गोरोचन) ગારૂ ચદન

गोल. ત્રિ૦ (गोल) ગાળ, લખોટો, ગોળી વગેરે (૨) કાશ્યપ ગોત્રની એક શાખા. (૩) તેમા ઉત્પન્ન થયેલ પુરૂષ (૪) કોઇ એક દેશમા વપરાયેલ અપમાનસૂચક સંબોધન (૫) નિષ્ઠુરતા, કઠોરતા.

गोलंगुल. પુ૦ (गोलाङ्गूल) વાનર.

गोलय. પુ૦ (गोलक) ગોળો, ગાળપિંડો, દડો

गोलवट्ट. ત્રિ૦ (गोलवृत्त) ગાળાકારે વર્તુલ.

गोलव्वायणा. ન૦ (गोलव्रायन) અનુરાધા નક્ષત્રનુ ગાત્ર.

गोलिकायणा પુ૦ (गोलिकायन) કૌશિક ગાત્રની શાખા (૨) તે શાખામાંનો પુરૂષ

गोलियसाला. સ્ત્રી૦ (गोलिकशाला) ગાળ વેચવાની દુકાન (૨) ગાયાને દોહવાનુ સ્થાન.

गोलिया સ્ત્રી૦ ( ) ગાળી: ગુટિકા. (૨) માટુ કુડુ. માટી થાળી.

गोलियायणा. ન૦ (गालिकायन) જુઓ ' ગોલિકાયણ ' શબ્દ

गोलियालिंछ / **गोलियालिच्छ.** ન૦ (गुटिकालिम्छ) ચુલો. (૨) અગ્નિ વિશેષ.

गोलुङ्की. પુ૦ (गोलुङ्की) ગોલુકી નામનુ વાજીત્ર.

गोलेहणिया સ્ત્રી૦ (गोलेखनिका) ગાયોને ચરવાની જગ્યા (બીડ)

गोलोम. પુ૦ (गोलोम) છાણમા થતા બે ઇન્દ્રિયવાળા જીવની એક જાત.

गोल्ल. ન૦ ( ) ફળ વિશેષ.

गोल्ल. ન૦ (गौल्य) ગાત્ર વિશેષ; કાશ્યપ

ગોત્રની એક શાખા (૨) ત્રિ૦ ગોત્ર ગોત્રમા ઉત્પન્ન થયેલ.

गोव. પુ૦ (गोप) ગોવાળ.

गोवइ. પુ૦ (गोपति) મોટો બળદ

गोवग्ग. પુ૦ (गोवर्ग) દશહજાર ગાયોનુ ટોળુ.

गोवल्लायण. ન૦ (गोवल्लायन) પૂર્વાફાલ્ગુની નક્ષત્રનુ ગોત્ર

गोवाल. પુ૦ (गोपाल) ગોવાળિઓ, ગાયો ચારનાર

गोवालिआ સ્ત્રી૦ (गोपालिका) ગોપાલિકા નામની આર્યા. (૨) ગોપી, આહિરણ

गोवाली સ્ત્રી૦ (गोपाली) એ નામની એક વેલ

गोविअ. ત્રિ૦ (गोपित) છુપાવેલ. (૨) રક્ષણ કરાયેલ

गोविंद. પુ૦ (गोविन्द) વિષ્ણુ, કૃષ્ણ (૨) એક જૈન મુનિ.

गोवीहि સ્ત્રી૦ (गोवीथि) શુક્રની ગતિ વિશેષ.

गोव्वइअ ત્રિ૦ (गोव्रतिक) ગાયનુ વ્રત રાખનાર.

गोस પુ૦ (   ) પ્રાતઃકાળ, સવાર

गोसाल. } પુ૦ (गोशाल) ગોશાળો, મંખલિનો પુત્ર.
गोसालग. }

गोसीस ન૦ (गोशीर्ष) ગાયના મસ્તકમાંથી નિકળતુ ગોરોચન. (૨) ગાયનુ મસ્તક.

गोह પુ૦ (गोध) } ઘો. ભુજપર તિર્યંચની એક જાત
गोहा. સ્ત્રી૦ (गोधा) }

गोहिया સ્ત્રી૦ (गोधिका) ભાંડ લોકનુ એક જાતનું વાજીંત્ર (૨) સામાન્ય ઘો.

गोही. સ્ત્રી૦ (गोही) જુઓ 'ગોહા' શબ્દ.

गोहूम. પુ૦ (गोधूम) ઘઉં, ધાન્યની એક જાત.

घ.

घओआ } પુ૦ (घृतोद) સમુદ્ર વિશેષ; જેનુ પાણી ઘી જેવુ મીઠાશવાળુ છે
घओद. }

घंघ. ત્રિ૦ (   ) ગરીબ; અનાથ.

घंघसाला. સ્ત્રી૦ (घघशाला) અનાથાલય, ધર્મશાળા.

घंट. પું૦ (घण्ट) } ઘટડી, ટોકરી. (૨) કાંસાની ઝાલર.
घंटा. સ્ત્રી૦ (घण्टा) }

घंटिय. પુ૦ (घाण्टिक) ઘટા વગાડી ભિક્ષા માગનાર, રાઉલિક.

घंटिया. સ્ત્રી૦ (घण्टिका) ઘટડી, ઘુઘરી, એક જાતનું આભરણ.

घंतु. ત્રિ૦ (घातुक) મારનાર. ઘાત કરનાર

घंसण. ન૦ (घर्षण) ઘસવુ

घंसिअ ત્રિ૦ (घर्षित) ચદનની પેઠે ઘસેલુ, લઢેલુ.

घकारप्पविभत्ति. પુ૦ન૦ (घकारप्रविभक्ति) "ઘ" ના આકાર જેવુ બત્રીશ નાટકમાનુ એક.

घट्टग. ન૦ (घृष्टक) ઘસવાનો પાણો.

घट्टण. ન૦ (घट्टन) સંઘટ્ટો થવો, અથડાવુ

घट्टणग. પુ૦ (घट्टनक) ઘસવાનો એક જાતનો પથ્થર

घट्टणया. } સ્ત્રી૦ (घट्टना) સઘટો કરવો, ભાર દઇને ઘસવુ (૨) મારવુ; હણવુ (૩) હાલવુ, ચાલવુ. (૪) વિચાર, પૃચ્છા (૫) પીડા; દુખ. (૬) સ્પર્શ.
घट्टणा. }

घट्टिय. ત્રિ૦ (घट्टित) માહોમાહિ સ્પર્શ થાય તેવી રીતે હલાવેલ, ઘટ્ટના-ફરસનાપામેલ. (૨) સ્પૃષ્ટ (૩) પ્રેરણા કરેલ.

घट्ठ ત્રિ૦ (घृष्ट) ઘસેલુ, પૉલીસ કરેલું; પત્થરની પેઠે સાફ કરેલુ.

घड. પું० (घट) ઘડો; કળશ.

घडकार. પુ० (घटकार) ઘડાનો બનાવનાર; કુંભાર.

घडग. પુ० (घटक) નાનો ઘડો.

घडण. ન० (घटन) ઉદ્યમ; પ્રયત્ન

घडणा. સ્ત્રી० (घटना) ઘટના કરવી, યોજવું

घडदास. પુ० (घटदास) પાણી ભરનાર નોકર.

घडदासी. સ્ત્રી० (घटदासी) પાણી ભરનારી દાસી.

घडि. ત્રિ० (घटिन्) ઘડાવાળો.

घडिगा સ્ત્રી० (घटिका) માટીની કુલડી

घडिय. ત્રિ० (घटित) ઘટના કરેલ, મળવેલ.

घण. પુ० (घन) દહિનો જામેલ ચકકો (૨) વાજિત્ર, કાંસિયા, ઝાંઝ વગેરે. (૩) દૃઢ કઠણ; મજબુત, છિદ્ર વગરનું (૪) ઘાટું, ગાઢ, જાડું. (૫) વિસ્તાર (૬) મેઘ (૭) આત્માના અસખ્યાત પ્રદેશનું ઘનરૂપ પિંડ. (૮) કોઈ પણ સખ્યાને તેજ સખ્યાથી ત્રણ વખત ગુણવાથી જે આંકડો આવે તે, જેમકે બેનો ઘન આઠ, ત્રણનો સત્તાવિસ, ચારનો ચોસઠ વગેરે (૯) લંબાઇ પહોળાઇ અને જાડાઇ એ ત્રણેનું માન જેમાં આવે તે, ઘનરૂપે આ લોકનું પરિમાણ સાત રાજ છે. (૧૦) ઘણું; બહુ (૧૧) નાગરમોથ (૧૨) કાંસિયા વગેરે વાજિંત્રનો શબ્દ (૧૩) ન० એ નામનું એક દેવ વિમાન (૧૪) પિણ્ડ.

घणघणाइय. ન० (घनघनायित) રથનો ઘણ ઘણ એવો અવાજ થાય તે.

घणघाइ. ન० (घनघातिन्) ઘનઘાતી કર્મ, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર કર્મ.

घणचउरंस. ન० (घनचतुरस्र) નક્કર વસ્તુનું ચોરસ સંઠાણ.

घणतंस. ન० (घनत्र्यस्र) નક્કરરૂપે ત્રિકોણ સંઠાણ.

घणतव. ન० (घनतपस्) પ્રતરને શ્રેણિગુણા કરતાં ઘન થાય જેથી પ્રતર તપ પ્રમાણેજ ચાર વાર તપ કરવાથી ઘન તપ થાય છે

घणदंत પુ० (घनदन्त) લવણ સમુદ્રમાં નવ સો જોજન પર આવેલ ઘનદંત નામનો અંતરદ્વીપ (૨) ત્રિ० તે અંતરદ્વીપમાં રહેનાર.

घणपुरिमंडल. ન० (घनपरिमण्डल) નક્કરરૂપે કંકુલ આકાર; ઘનપરિમંડળ સંઠાણ.

घणमुइंग પુ० (घनमृदङ्ग) મ્હોટું નગારું.

घणरज्जु. સ્ત્રી० (घनरज्जु) જેની લંબાઇ પહોળાઇ અને જાડાઇ સરખી થાય એવી રીતે રાજનું પરિમાણ કરવું તે

घणवट्ट ન० (घनवृत्त) નક્કર ગોળાકાર, લાડવાના જેવો આકાર

घणवात. પુ० } (घनवात) ઘનોદધિ અથવા
घणवाय. } વિમાન આદિના આધારભૂત જામેલા બરફ જેવો અથવા થીજેલા ઘી જેવો એક પ્રકારનો કઠિન વાયુ

घणवायवलय. પુ० (घनवातवलय) વળયાકારે રહેલ ઘનવાયુ

घणविज्जुया સ્ત્રી० (घनविद्युत्) ધરણેન્દ્રની છઠ્ઠી અગ્રમહિષીનું નામ. (૨) ઉપર દિશા કુમારીમાંની એક.

घणसंताणअ. પુ० (घनसन्तानक) કરોળીયાનું પડ

घणसंमद्द પુ० (घनसमर्द) જે યોગમાં ચંદ્ર અને સૂર્ય ગ્રહ તથા નક્ષત્રની વચ્ચમાં થઇ ચાલે તે યોગ.

घणसार. પુ० (घनसार) કપૂર.

घणा. સ્ત્રી० (घना) ઘણાદેવી, ધરણેન્દ્રની એક અગ્રમહિષી.

घणायत न० (घनायत) જાડાઇ અને પહોળાઇ યુક્ત આયતસંઠાણ; નક્કર વસ્તુની લંબાઇ.

घणोदधि. घणोदहि } पु० (घनोदधि) પ્રત્યેક નરકની પૃથ્વી નીચે અરકની પેઠે જામેલ ઘનરૂપ પાણી કે જે વીશ હજાર જોજન પ્રમાણે છે.

घत न० (घृत) ઘી.

घत्त त्रि० (घात्य) ઘાત કરવા યોગ્ય, મરાયેલ

घत्थ त्रि० (ग्रस्त) પકડાએલુ, ઘેરાએલુ. (૨) ગ્રસાઇ ગયેલ. ખવાઇ ગયેલ.

घन त्रि० (घन) ગાઢ, ગંભીર (૨) पु० મેઘ, વરસાદ

घम्म पु० (घर्म) ઘામ, ઓકળો, ગરમી.

घम्मा स्त्री० (घर्मा) પહેલી નરકનુ નામ

घय. न० (घृत) ઘી. (૨) ઘૃત નામના દ્વીપ તથા સમુદ્રનુ નામ

घयघट्ट पु० (घृतघट्ट) ઘીનો મેલ, કીટુ.

घयपुराण न० (घृतपूर्ण) ઘેબર

घयपूर. पु० (घृतपूर) ઘેબર

घयमंड पु० (घृतमण्ड) ઘૃતસાર, ઉપરનુ ઘી.

घयमेह. पु० (घृतमेघ) ભરતક્ષેત્રમા ઉત્સર્પિણીનો બીજો આરો બેસતા ૧૪ દિવસ સુધી બે મેઘ વરસ્યા પછી સાત દિન સુધી ત્રીજો મેઘ વરસે તેનુ નામ; ઘીના જેવો વરસતો વરસાદ.

घर पु० न० (गृह) મકાન, રહેવાનુ સ્થાન, ઘર.

घरकुडी. स्त्री० (गृहकुटी) ઘરની બહારની કોટડી (૨) ચોકની અંદરની કુંડી

घरकोइला. घरकोइलिया } स्त्री० (गृहकोकिला) ગરોળી, બીનગરોળી.

घरघरग. पु० ( ) એક જાતનું ડોકનુ આભૂષણ.

घरजामाउय पु० (गृहजामातृक) ઘર જમાઇ.

घरणी स्त्री० (गृहिणी) ઘરધણિયાણી; સ્ત્રી; ભાર્યા.

घरवास पु० (गृहवास) ગૃહાશ્રમ,ગૃહસ્થાશ્રમ.

घरसमुदाण. न० (गृहसमुदान) સાધુ સામાન્ય પ્રકારે બધે ઘેરથી ગોચરી કરે તે.

घरसमुदाणिय. पु० (गृहसमुदानिक) દરેક ઘરે ભિક્ષા લેનાર ગોશાળાના મતનો અનુયાયી, આજીવિક મતના અનુયાયી સાધુ.

घरिणी. स्त्री० (गृहिणी) સ્ત્રી, ઘરધણીયાણી.

घरिस. पु० (घर्ष) ઘર્ષણ, અરસપરસ ઘસાવુ તે.

घरोलिया घरोली. } स्त्री० ( ) નાની ગરોળી

घलवल पु० (घलवल) એક જાતનો અવાજ.

घस न० (घस) જમીનની મ્હોટી ફાટ; કાળી જમીનનો ચારીયો

घसा. स्त्री० ( ) ક્ષારવાળી ભૂમિ.

घसिय. त्रि० (घृष्ट) ઘસેલુ

घसिर. त्रि० (ग्रसितृ) અધરાયો, બહુ ખાનાર.

घसी. स्त्री० ( ) જમીનનો ઢોળાવ (૨) ભોંયરૂ

घाइ. त्रि० (घातिन) ઘાત કરનાર; હિંસક

घाइआ. स्त्री० (घातिका) વિનાશ કરનારી સ્ત્રી.

घाइकम्म न० (घातिकर्मन) જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અનરાય એ ચાર કર્મ. આત્મિક ગુણોની ઘાત કરનાર કર્મ

घाइय. त्रि० (घातित) મારી નખાવેલ; ઘાત કરાવેલ. (૨) ઘવાયેલ; શક્તિ રહિત.

घाउकाम. त्रि० (हन्तुकाम) લુટવાની ઇચ્છાવાળો.

घाड. पु० (घाट) મિત્રતા, ભાઇબંધી. (૨) માથાની નીચેનો ભાગ.

घाडिय. त्रि० (घाटिक) મિત્ર, ભાઇબંધ.

घाण. न० ( ) ઘાણી.

घाण पु० न० (घ्राण) ઘ્રાણેન્દ્રિય, નાસિકા.

घाणारिस पु० न० (घ्राणार्शस्) નાકમાં થતો મસાનો રોગ

घाणिंदिय न० (घ्राणेन्द्रिय) નાસિકા સુંઘવાની શક્તિ ધરાવનાર ઈંદ્રિય, નાક

घात. पु० (घात) મારવું (૨) નરક

घातअ. त्रि० (घातक) ઘાતકરનાર, મારનારૂ.

घाति त्रि० (घातिन्) હણનાર, વધ કરનાર (૨) न० ચાર ઘાતી કર્મ

घातिय. त्रि० (घातित) હણેલું

घाय. पु० (घात) વધ કરવો, ઘાત કરવી (૨) નરક (૩) સંહાર

घायअ / घायक / घायग. त्रि० (घातक) જુઓ "ઘાતઅ" શબ્દ

घायण न० / **घायणा** स्त्री० (हनन) મારવું, ઘાત કરવી

घायावण. न० (घातना) ઘાયલ કરાવવું.

घायावणा. स्त्री० (घातना) મારવું, બીજા પાસે મરાવવું

घास. पु० (ग्रास) કોળિયો (૨) ભોજન

घास. पु० (घास) તૃણ, ઘાસ

घासेसणा. स्त्री० (ग्रासैषणा) આહાર આપવામાં શુદ્ધિ અશુદ્ધિનું પર્યાલોચન કરવું તે

घिअ न० (घृत) ઘી.

घिओदअ पु० (घृतोदक) ઘૃતોદધિ સમુદ્ર, ઘીના જેવા પાણીવાળો સમુદ્ર

घिं. / घिंसु. पु० (ग्रीष्म) ગરમીની મોસમ, ઉનાળો. (૨) તાપ, ગરમી.

घिणिल्लु त्रि० (घृणावत) દયાળુ, દયાવાન્

घिसरा. स्त्री० ( ) માછલી પકડવાની એક જાતની જાળ.

घुट्टग. पु० (घृष्टक) લિંપેલ પાત્રને ઘસવાનો પથરો.

घुट्ठ. त्रि० (घुष्ट) ઉંચે સ્વરે બોલાએલ; ઉદ્ઘોષણા કરેલ.

घुण. पु० / **घुणा** स्त्री० (घुण) ઘુણો; લાકડાને કોરનાર જન્તુ વિશેષ.

घुणिय त्रि० (घुणित) કીડાથી વિંધાયેલ.

घुल्ला. स्त्री० ( ) બે ઇન્દ્રિયવાળો જીવ; શંખલા વગેરે.

घुसिण. न० (घुसृण) કેસર.

घूघू. / घूय. पु० स्त्री० (घूक) ઘુવડ.

घूरू. स्त्री० ( ) જાંઘ વિગેરે શરીરના અવયવ.

घेरोलिया स्त्री० (गृहकोकिला) ગરોળી.

घोड. पु० (घोट) ઘોડો

घोडग. / घोडय. पु० (घोटक) એક જાતનો ઘોડો.

घोडयमुह न० (घोटकमुख) ઘોડાનાં લક્ષણો જોવાનું શાસ્ત્ર

घोडिय. पु० ( ) મિત્ર

घोर त्रि० (घोर) ઘોર, ભયંકર; દારૂણ. (૨) જેમાં જીવવાનો પણ સંશય રહે તેવું દુષ્કર કૃત્ય.

घोल. पु० (घोल) દહીંને કપડામાં બાંધી ગાળીનાખવું-પાણી કાઢી નાખવું તે.

घोलणा. न० (घोलन) ઘોળવું, અંગુઠા અને આંગળીવતી કેરીની પેઠે ઘોળવું- મસળવું.

घोलवड. न० (घोलवटक) દહીં ઘોળીને તેમાં વડાં નાખે તે. દહિવડાં.

घोलित / घोलिय त्रि० (घोलित) વલોવેલું, મથેલું, કેરીના પેઠે ઘોળેલું.

घोलिर. त्रि० (घूर्णितृ) ચક્રપણે ફરનાર; ઘુમનાર

घोस. पु० (घोष) ગોકુલ; ગાયોને રહેવાનું સ્થાન (૨) ત્રીજા અને ચોથા દેવલોકનું એક વિમાન. (૩) સ્વર; અવાજ (૪) ઉંચે નીચે કે સમસ્વર વિશેષ

ઉચ્ચાર; ઉદાત્તાદિ સ્વર બોલવા તે. (૫) સ્તનિત કુમાર જાતના ભવનપતિનો ઇન્દ્ર. (૬) ઘોસ નામનું પાંચમા દેવલોકનું એક વિમાન.

घोसण. ન૦ (घोषण) } ઘંટાનો શબ્દ,
घोसणा. સ્ત્રી૦ (घोषणा) } ઢંઢેરો પીટાવવો તે.

घोसय. પું૦ ( ) આરસી, નાનો અરિસો (૨) દર્પણનું ઘર. (૩) દર્પણ રાખવાની થેલી

घोसाड પુ૦ ન૦ (घोषातक) ગીસોડા, શાક વનસ્પતિની એક જાત.

घोसाडई. સ્ત્રી૦ (घोषातकी) ગીસાડા-તુરીયાની વેલ.

घोसाडिया. સ્ત્રી૦ (घोषातकी) વનસ્પતિ વિશેષ, ગીસોડી.

घोसालई. } સ્ત્રી ( ) શરદ્ ઋતુમા
घोसाली. } ઉત્પન્ન થતી એક જાતની વેલ.

घोसिअ ત્રિ૦ (घोषित) જાહેર કરેલુ, સાદ પડાવેલો.

ङ.

ङकारपविभत्ति પુ૦ (ङकारप्रविभक्ति) ઙકારના આકાર જેવુ નાટક વિશેષ.

च.

च અ૦ (च) અને, વળી (૨) પાદપૂરણ. (૩) અતિશય; અધિક.

चअ. પુ૦ (चय) જથ્થો (૨) ઇંટ વિગેરેનુ ચણતર. (૩) શરીર (૪) શરીરનુ તજવુ.

चइय ત્રિ૦ (त्यक्त) છોડેલુ; તજેલુ.

चउ. ત્રિ૦ (चतुर्) ચાર, ચારની સખ્યા.

चउकन्न. ત્રિ૦ (चतुष्कर्ण) ચાર કાને ગયેલ (વાર્તા.)

चउक्क. પુ૦ (चतुष्क) ચાર રસ્તા ભેગા થતા હોય તે સ્થળ, ચોક; ચોવાટો (૨) ચારનો સમૂહ-જથ્થો.

चउक्कणइय. ત્રિ૦ (चतुष्कनयिक) ચાર નયથી વસ્તુનો વિચાર કરનાર, જે નૈગમના સામાન્ય અંશને સગ્રહમાં અને વિશેષ અંશને વ્યવહારમાં સમાવી ત્રણ શબ્દ નયને એક રૂપે માની સગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દ એ ચાર નય માનતા હતા તે

चउक्कणय. પુ૦ (चतुष्कनय) ચાર નયને માનનાર એક આસ્તિક મત

चउक्कर. ત્રિ૦ (चतुष्कर) ચાર હાથવાળા. ચતુર્ભુજ.

चउकोण ત્રિ૦ (चतुष्कोण) ચાર ખુણાવાળુ, ચોરસ.

चउक्खुत्तो. અ૦ (चतुष्कृत्वस्) ચારવાર.

चउगइ. સ્ત્રી૦ (चतुर्गति) નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવના એ ચાર ગતિ.

चउगमण. ન૦ (चतुर्गमन) ચારે દિશાએ જવુ તે.

चउगुण. त्रि० (चतुर्गुण) } ચારગણુ
चउगुणिय त्रि० (चतुर्गुणित) }

चउचत्ता. स्त्री० (चतुश्चत्वारिंशत) ચુમાલીસ; ૪૪.

चउज्जामधम्म. पु० (चतुर्यामधर्म) ચાર મહાવ્રતરૂપ ધર્મ; અહિંસા, સત્ય, અચૌર્ય અને અપરિગ્રહ–એ ચાર મહાવ્રતરૂપ વચ્ચેના બાવીસ તિર્થંકરોએ બતાવેલ ધર્મ

चउज्झाइया. स्त्री० ( ) સાપની એક જાતિ.

चउट्ठाण. न० (चतुःस्थान) કર્મનો ચોઠાણિઓ રસ

चउट्ठाणवडिअ त्रि० (चतुःस्थानपतित) ચાર પ્રકારનુ

चउणउइ. स्त्री० (चतुर्नवति) ચોરાણુ

चउतीस. } स्त्री० (चतुस्त्रिंशत) ચોત્રીસ.
चउत्तीस. } ૩૪.

चउत्तीसइम } न० (चतुस्त्रिंशत्तम) ચોત્રીસ
चउत्तीसम } ઉપવાસ ભેગા કરવા તે (२) त्रि० ચોત્રીસમો, ૩૪ મો

चउत्थ. त्रि० (चतुर्थ) ચોથુ, ચોથા નબરનુ (२) पु० न० ચોથ ભક્ત; એક ઉપવાસ

चउत्थचउत्थ. पु० न० (चतुर्थचतुर्थ) એક એક ઉપવાસ.

चउत्थग. } पु० (चतुर्थक) ચોથીયો તાવ.
चउत्थय } ત્રણ ત્રણ દિવસને આન્તરે આવે તે તાવ

चउत्थभत्त न० (चतुर्थभक्त) ચોથ ભક્ત તપ, એક ઉપવાસ.

चउत्थाहिअ. पु० (चतुर्थाह्निक) ચોથે ચોથે દિવસ આવતો તાવ.

चउत्थी स्त्री० (चतुर्थी) પક્ષની ચોથી તિથિ, ચોથ (२) त्रि० ચોથા નબરનુ.

चउदंत. पु० (चतुर्दन्त) ચાર દાન્તવાળો–હાથીરત્ન, ઇન્દ્રનો ઐરાવત નામનો હાથી

चउद्दस. त्रि० (चतुर्दशन) ચૌદ, દશ અને ચાર.

चउद्दसपुव्व. न० (चतुर्दशपूर्व) ચૌદપૂર્વ–આગમ વિશેષ કે જે હાલ વિચ્છિન્ન થઇ ગયેલ છે.

चउद्दसपुव्वि पु० (चतुर्दशपूर्विन्) ચૌદ પૂર્વના જાણનાર (સાધુ)

चउद्दसपुव्वी स्त्री० (चतुर्दशपूर्वी) ચૌદ પૂર્વનો સમૂહ,

चउद्दसम. न० (चतुर्दश) એક સાથે ૭ દિવસના ઉપવાસ કરવા તે (२) त्रि० ચૌદમુ.

चउद्दसी स्त्री० (चतुर्दशी) ચૌદશ

चउद्दिसं } अ० (चतुर्दिश) પૂર્વ, પશ્ચિમ,
चउद्दिसिं } ઉત્તર અને દક્ષિણ–એ ચાર
દિશાઓ તરફ. ચારે દિશામાં.

चउनवइ स्त्री० (चतुर्नवति) ચોરાણુ, ૯૪ ની સખ્યા.

चउनाण. न० (चतुर्ज्ञान) ચાર પ્રકારનુ જ્ઞાન, મતિ, શ્રુત, અવધિ અને મન:પર્યવ

चउपज्जवसिय त्रि० (चतुःपर्यवसित) ચાર–ચારના થોક કરતા જેમા ચાર શેષ રહે તે

चउपण्ण. } स्त्री० (चतुःपञ्चाशत) ચોપન ની
चउपन्न. } સખ્યા

चउप्पइया. स्त्री० (चतुष्पदिका) ચાર પગવાળા ભુજપરિસર્પની એક જાત

चउप्पदी स्त्री० (चतुष्पदी) તિર્યંચ સ્ત્રી, ચોપગી.

चउप्पण्ण } स्त्री० (चतुःपञ्चाशत) જુઓ
चउप्पन्न. } "ચઉપન્ન" શબ્દ.

चउप्पय पु० स्त्री० (चतुष्पद) ચોપગો; ચાર પગવાળા ગાય, ઘોડો, હાથી વિગેરે. (२) દરેક માસની અમાવાસ્યાને દિવસે આવતુ ચાર સ્થિર કરણમાનું બીજું કરણ, ૧૧ કરણમાંનુ નવમુ કરણ.

चउप्पाय. पु० (चतुष्पाद) જુઓ 'ચઉપ્પય' શબ્દ.

चउप्पाल. न० (चतुष्पाल) સૂર્યાભદેવનુ પ્રહરણકોશ.

चउप्पुड. त्रि० (चतुष्पुट) ચાર પડવાળું; ચો-સર; ચોપડ.

चउप्पुडिया स्त्री० (चतुष्पुटिका) ચપટી વગાડવી તે

चउप्फाल. त्रि० (चतुष्फाल) ચોફાળ, ચાર પડવાળુ

चउब्भाग. पुं० (चतुर्भाग) ચતુર્થાંશ, ચોથો ભાગ

चउभंग. पु० न० (चतुर्भंग) ચાર પ્રકાર; ચાર વિભાગ.

चउभंगी स्त्री० (चतुर्भङ्गी) ચોભગી

चउभाइश्रा स्त्री० (चतुर्भागिका) માણીને ચોથો ભાગ. રસ માપવાનુ માપ. ૬૪ પળનુ એક માપ.

चउमासा. स्त्री० (चतुर्मासी) ચાર માસને સમૂહ; ચોમાનુ

चउमासिय. न० (चातुर्मासिक) ચોમાસી તપ. ચાર માસના ઉપવાસ કરવા તે.

चउमासिया. स्त्री० (चातुर्मासिका) ભિક્ખુની ચોથી પડિમા કે જેમા એક માસ સુધી ચારદાત અન્નની અને ચારદાત પાણીની કલ્પે

चउमास्स. न० (चतुर्मास्य) આસાઢી ૧૫ થી કાર્તકી ૧૫ સુધીને સમય.

चउम्मुह त्रि० (चतुर्मुख) ચાર મુખવાળુ, જેની ચારે દિશામા દરવાજા હોય તેવો પ્રાસાદ-હવેલી

चउर त्रि० (चतुर) કુશળ, હોશીઆર.

चउर. त्रि० (चतुर्) ચાર; ચારની સખ્યા.

चउरंग. त्रि० (चतुरङ्ग) જેના ચાર અગ-અવયવ છે તેવી વસ્તુ. ધર્મના ચાર અંગ–દાન, શીયલ, તપ અને ભાવ, શરણના ચાર અગ–અરિહન્ત, સિદ્ધ, સાધુ અને ધર્મ. (૨) હાથી, રથ, ઘોડા અને પાયદલ એ ચાર જેના અગ છે એવી સેના–સૈન્ય.

चउरंगिणी. स्त्री० (चतुरगिनी) ચતુરગી સેના; ચાર વિભાગવાળી.

चउरंत पु० (चतुरन्त) ચાર પ્રકારની ગતિ જેમા છે એવો સસાર. (૨) त्रि० ચાર પર્યન્તવાળો

चउरंस. त्रि० (चतुरस्र) ચોરસ, ચારખુણાવાળું.

चउरग. पु० (चकोरक) ચકોરપક્ષી.

चउरय पु० ( ) ચોરો, ચબુતરો.

चउरासी. } **चउरासीइ** } स्त्री० (चतुरशीति) ચોરાશી, ૮૪.

चउरिंदिय. त्रि० (चतुरिन्द्रिय) સ્પર્શ, ઘ્રાણ, રસના, નેત્ર એ ચાર ઇન્દ્રિયવાળો.

चउवन्न. स्त्री० न० (चतुःपञ्चाशत) ચોપન; ૫૪.

चउवन्न. पु० (चतुर्वर्ण) વર્ણચતુષ્ક, વર્ણ, ગધ, રસ અને સ્પર્શ–એ નામકર્મની ચાર પ્રકૃતિ.

चउवीस. स्त्री० न० (चतुर्विंशति) ચોવીશ; વીશ અને ચાર.

चउवीसइम. न० (चतुर्विंशतितम) ૧૧ ઉપવાસ (૨) त्रि० ચોવીશમુ.

चउवीसत्थय. } **चउवीसत्थव.** } न० (चतुर्विंशस्तव) બીજું આવશ્યક સૂત્ર; લોગસ્સને પાઠ, જેમા ૨૪ તિર્થંકરની સ્તુતિ છે.

चउव्विह. त्रि० (चतुर्विध) ચાર પ્રકારનુ.

चउसट्ठि. स्त्री० (चतुष्षष्टि) ચોસઠ, ૬૪

चउसट्ठिया. स्त्री० (चतु षष्टिका) રસ તોળવાનું-માણીના ચોસઠમા ભાગનુ માપ.

चउसयरि. स्त्री० (चतु सप्तति) ચમોતેર; ૭૪ ની સખ્યા.

चउसरण. न० (चतुश्शरण) અરિહન્ત, સિદ્ધ, સાધુ અને ધર્મ એ ચારનું શરણ (આશ્રય) લેવુ તે. (૨) દશ પઇન્નામાંના એક પઇન્ના (પુસ્તક) નું નામ.

चउसाल त्रि० (चतु.शाल) ચતુઃશાલ; ચાર માળવાળુ. (ઘર)

चउसिया. स्त्री० (चौकुशिका) ચોકુશ નામના દેશની સ્ત્રી.

चउसिर. न० (चतुःशिरस्) વન્દનામાં ચાર વખત ગુરૂને મસ્તક નમાડવું તે.

चओर पु० स्त्री० (चकोर) ચકોર પક્ષી

चओवचइअ. त्रि० (चयोपचयिक) ન્યૂનાધિક થનાર, ચયોપચય હાનિવૃદ્ધિ પામનાર.

चंकमण न० (चङ्क्रमण) આમતેમ ફરવું તે. (૨) બહુ ચાલવું. (૩) વારવાર ચાલવું તે (૪) વાંકુ ચાલવું તે.

चंकमिअ. त्रि० (चङ्क्रमित) અતિશય ચાલેલ.

चंकार. पु० (चकार) ચકાર, ચ અક્ષર.

चंगबेर. पु० ( ) કથરોટ. (૨) ચંગેરી

चंगिम. पु० स्त्री० (चङ्गिमन्) સુન્દરતા સૌન્દર્ય.

चंगेरिआ. } स्त्री० ( ) ફૂલ રાખવાની છાબડી
चंगेरी }

चंचल. त्रि० (चञ्चल) ચંચળ, અસ્થિર; ચપળ.

चंचलायमाण. त्रि० (चञ्चलायमान) ચલાયમાન, ચંચળ.

चंचु. स्त्री० (चञ्चु) ચાંચ.

चंचुच्चिय. न० (चञ्चूच्चित) ઘોડાની એક પ્રકારની ગતિ, ખોટી ચાલ.

चंचुमालइय त्रि० ( ) હર્ષથી વિકાશ પામેલ; રોમાંચ થયેલ.

चंचुय. पुं० (चञ्चुक) એ નામનો એક અનાર્ય દેશ. (૨) તે દેશના નિવાસીમનુષ્ય

चंड. त्रि० (चण्ड) પ્રચણ્ડ; તીક્ષ્ણ. (૨) અતિક્રોધી. (૩) પુ૦ ક્રોધ, કોપ

चंडकोसिय पु० (चण्डकौशिक) એક સર્પ, જેણે ભગવાન મહાવીર સ્વામીને ઘણો પરિસહ આપ્યો હતો

चंडरुद्द. पु० (चण्डरुद्र) એ નામના એક ક્રોધી આચાર્ય.

चंडवाल. पु० (चण्डपाल) એ નામનો એક રાજા.

चंडा. स्त्री० (चण्डा) ચમરેંદ્ર વગેરેની મધ્યમ પર્ષદા-સભા. (૨) જેમ ક્રોધી માણસને શ્રમ ન લાગે તેમ જેમાં શ્રમ ન જણાય એવી દેવતાની એક ગતિ.

चंडाल. पु० (चाण्डाल) નીચ જાત. (૨) ભંગી, ઢેડ (૩) વર્ણશંકર જાતિ.

चंडालग. न० (चन्दालक) દેવપૂજા નિમિત્તે ફૂલ રાખવાનું તાંબાનું વાસણ.

चंडालिय. न० (चाण्डाल्य) ચણ્ડાળના જેવું કર્મ

चंडालिय. न० (चण्डालीक) ક્રોધને વશ થઈને જૂઠું બોલવું તે

चंडालिय त्रि० (चाण्डालिक) ચંડાળ સંબંધી; ચંડાળ જાતિમાં ઉત્પન્ન થયેલ.

चंडिक. पु० न० (चाण्डिक्य) ક્રોધ

चंडिक्किय त्रि० (चाण्डिक्यित) ક્રોધ પ્રગટવાથી રૌદ્રરૂપ ધરેલ, ભયંકર

चंडी स्त्री० (चण्डी) એ નામની સાધારણ વનસ્પતિ (૨) ચણ્ડીદેવી

चंद. पु० (चन्द्र) ચંદ્ર, ચન્દ્રમા (૨) ચન્દ્ર નામનું ત્રીજા દેવલોકનું એક વિમાન. (૩) વપ્રવિજયની પૂર્વ સરહદ ઉપરનો વખારા પર્વત. (૪) જ્યોતિષી દેવતાનો ઇન્દ્ર. (૫) ઉત્તર કુરૂક્ષેત્રમાંના એક દ્રહ કે જેને બે પાસે કંચનક પર્વત છે. (૬) ચંદ્ર નામનો દ્વીપ તથા સમુદ્ર. (૭) જે વર્ષમાં અધિકમાસ ન હોય તે સંવત્સર. (૮) ચન્દ્રપુષ્પિકાનું પહેલું અધ્યયન. (૯) આઠમા તીર્થંકરનું લાંછન. (૧૦) રાધાવેધની પુતળીની આંખનો ડોળો.

चंदक. पु० (चन्द्रक) મોર પીંછા ઉપરનો ચાંદલો

चंदकंत. न० (चन्द्रकान्त) ચન્દ્રકાન્ત નામનું ત્રીજા દેવલોકનું એક વિમાન.

चंदकंता. स्त्री० (चन्द्रकान्ता) ચાલુ અવસર્પિણીના બીજા કુલકરની સ્ત્રી

चंदकूड. न० (चन्द्रकूट) ચન્દ્રકૂટ નામનુ ત્રીજા દેવલોકનુ એક વિમાન. (૨) पु० રૂચક પર્વતનુ એક શિખર.

चंदगवेज्झ. पु० (चन्द्रकवेध्य) રાધાવેધ—ચક્ર ફરતી રાધા પુતળીનાં નત્રા વચ્ચેથી આંખ વિંધવી તે.

चंदगुत्त. स्त्री० (चन्द्रगुप्त) મૌર્યવંશી ચન્દ્રગુપ્ત રાજા

चंदचरिया. स्त्री० (चन्द्रचर्या) ચંદ્રની ગતિ જાણવાની વિદ્યા.

चंदच्छाय. पु० (चन्द्रच्छाय) ચન્દ્રચ્છાય નામે અંગ દેશનો રાજા કે જેણે મલ્લિનાથ પ્રભુ સાથે દીક્ષા લીધી હતી

चंदजसा. स्त्री० (चन्द्रयशस्) વિમળ વાહન કુલકરની સ્ત્રી.

चंदजोग पु० (चन्द्रयोग) નક્ષત્રની સાથે ચન્દ્રનો યોગ

चंदज्झय. न० (चन्द्रध्वज) ચન્દ્રધ્વજ નામનુ ત્રીજા દેવલોકનુ એક વિમાન.

चंदण पु० न० (चन्दन) મલયાગર, ચન્દન (૨) સુખડનુ ઝાડ. (૩) અક્ષ-કોડાનો જીવ. (૪) ચન્દનમણિ, સચિત્તાકઠિન પૃથ્વીનો એક પ્રકાર (૫) રૂચક પર્વતનું એક શિખર.

चंदणकलस. } पु० (चन्दनकलश) ચન્દ-
चंदणघड. } ચર્ચિત કળશ. મંગળકળશ.

चंदणज्जा. स्त्री० (चन्दनार्या) ચોવીસમા તીર્થંકરની મુખ્ય સાધ્વી; ચંદનબાળા નામના આર્યા.

चंदणपेसिया. स्त्री० (चन्दनपेषिका) ચન્દન ઘસનારી દાસી

चंदणा. स्त्री० (चन्दना) ચન્દનબાળાસાધ્વી. ભગવાન્ મહાવીરની પ્રથમ સાધ્વી

चंदणागरी. स्त्री० (चन्दनागरी) જૈન મુનિઓની એક શાખા.

चंदणी स्त्री० (चन्दनी) આચમન.

चंदत्थमणपविभत्ति. स्त्री० (चन्द्रास्तमनप्रविभक्ति) ચન્દ્રાસ્તની વિશેષરચનાવાળુ નાટક.

चंददिण. न० (चन्द्रदिन) ચન્દ્રનો દિવસ; સોમવાર.

चंददीव पु० (चन्द्रद्वीप) ચન્દ્રમા નામનો દ્વીપ.

चंदद्ध. न० (चन्द्रार्ध) અર્ધો ચન્દ્ર, આઠમનો ચન્દ્ર.

चंदन. न० (चन्दन) ચંદન

चंदनागरी. स्त्री० (चन्दनागरी) એ નામની એક જૈન મુનિઓની શાખા

चंदपडिमा. स्त्री० (चन्द्रप्रतिमा) ચન્દ્ર નામની પ્રતિમા—અભિગ્રહ કે જેમા ચંદ્ર કળાની પેઠે શુકલ પક્ષમા દરરોજ એકેક કોળિઓ વધારતા અને કૃષ્ણ પક્ષમાં એકેક કોળીઓ ઘટાડતા અમાવાસ્યાએ એકજ કોળિઓ લેવામાં આવે તે. એક પ્રકારનુ ઉણોદરી તપ.

चंदपण्णत्ति. स्त्री० (चन्द्रप्रज्ञप्ति) જેમાં ચન્દ્ર સબંધી વર્ણન કર્યું છે તે ચન્દ્રપ્રજ્ઞપ્તિ નામનુ એક કાલિક સૂત્ર.

चंदपव्वय पु० (चन्द्रपर्वत) ધાતકી ખંડના મહાવિદેહમાનો એક પર્વત (૨) એ નામનો શીતોદાનદીનો વક્ષસ્કાર પર્વત.

चंदप्पभ. पु० (चन्द्रप्रभ) ચન્દ્રકાન્તમણિ. (૨) કપૂરનો દાંડો (૩) न० ચંદ્રપ્રભ નામનુ ત્રીજા દેવલોકનુ એક વિમાન. (૪) पु० આઠમા ચંદ્રપ્રભ તીર્થંકર. (૫) એક જૈન મુનિ (૬) न० ચંદ્રનુ સિંહાસન.

चंदप्पभा. स्त्री० (चन्द्रप्रभा) ચંદ્રહાસ નામની મદિરા—દારૂ (૨) ચંદ્રમાની મ્હોટી અગ્રમહિષી (૩) ચન્દ્રપ્રભાદેવી. (૪) દશમા અને ચોવીશમા તીર્થંકરની પ્રવ્રજ્યા પાલખીનુ નામ

चंदप्पह पु० (चन्द्रप्रभ) વર્તમાન ચોવીસીના ૮ મા તીર્થંકરનુ નામ.

चंदप्पहा. स्त्री० (चन्द्रप्रभा) જુઓ "ચંદપ્પભા" શબ્દ.

चंदप्पहाविमान. न० (चन्द्रप्रभविमान) એ નામનું એક વિમાન

चंदभागा. स्त्री० (चन्द्रभागा) ચન્દ્રભાગા નામની એક નદી, કે જે સિંધુમાં જઈને મળે છે

चंदम पुं० (चन्द्रमस्) ચન્દ્રમા.

चंदमंडल. पुं० न० (चन्द्रमण्डल) ચન્દ્રનુ મંડળ; ચન્દ્રનુ વિમાન. (૨) ચન્દ્રનું બિમ્બ.

चंदमंडलपविभत्ति. पु० (चन्द्रमण्डलप्रविभक्ति) ચન્દ્રમંડળની વિશેષ રચનાવાળુ નાટક

चंदमस पु० (चन्द्रमस्) ચન્દ્રમા

चंदमहत्तर. पु० (चन्द्रमहत्तर) એ નામના એક આચાર્ય કે જેણે સમતિકા નામ ગ્રંથ રચ્યો છે.

चंदमालिया. स्त्री० (चन्द्रमालिका) ચન્દ્રાકાર હાર. (૨) એ નામનો એક ...

चंदय. पु० (चन्द्रक) મોરપીંછનો ચાંદલો

चंदयगुत्त पु० (चन्द्रगुप्त) પાટલીપુત્રનો પ્રાચીન રાજા; ચંદ્રગુપ્ત નામે મૌર્યવંશનો એક રાજા.

चंदलेस. न० (चन्द्रलेश्य) ચન્દ્રલેશ નામનુ ત્રીજા દેવલોકનુ એક વિમાન

चंदलेस्सा. स्त्री० (चन्द्रलेश्या) ચન્દ્રના વિમાનની કાંતિ

चंदवडिंसश्र. पु० (चन्द्रावतंसक) ચંદ્રમાનુ વિમાન.

चंदवन्न. न० (चन्द्रवर्ण) ચોથા દેવલોકનુ ચન્દ્રવર્ણ નામનુ એક વિમાન.

चंदसालिया. स्त्री० (चन्द्रशालिका) મેડી; માળ, મજલો

चंदसिंग. न० (चन्द्रशृङ्ग) ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન

चंदसिट्ठ. न० (चन्द्रशिष्ट) ચન્દ્રશિષ્ટ નામનુ ત્રીજા દેવલોકનુ એક વિમાન.

चंदसिरि. स्त्री० (चन्द्रश्री)ચન્દ્રશ્રી નામની સ્ત્રી; ચક્ષુષ્મત્ નામના બીજા કુલકરની માતા.

चंदसूरदंसावणिया. } **चंदसूरपासणिया** } स्त्री० (चन्द्रसूर्यदर्शनिका) જન્મથી ત્રીજે દિવસે બાળકને કરાવવામાં આવતુ સૂર્ય ચન્દ્રનુ દર્શન (૨) તે પ્રસંગ થતો ઉત્સવ.

चंदसूरमालिश्रा. स्त्री० (चन्द्रसूर्यमालिका) એક જાતનું ઘરાણું-દાગીનો.

चंदहोरा स्त्री० (चन्द्रहोरा) ચંદ્રની હોરા; ચન્દ્રલગ્ન

चंदा. स्त्री० (चन्द्रा) ચન્દ્રમાની રાજધાની. ચંદ્રદ્વીપની રાજધાની.

चंदागमणपविभत्ति. न० (चन्द्रागमनप्रविभक्ति) ચન્દ્રાગમનની રચનાવાળુ નાટ્ય વિશેષ

चंदाणण. पु० (चन्द्रानन) જંબુદ્વીપના એરવત ક્ષેત્રમાં ચાલુ અવસર્પિણીના પહેલા તીર્થંકર

चंदाणणा स्त्री० (चन्द्रानना) ચન્દ્રના માફક આનંદ ઉપજાવ કરનારી શાશ્વતી જિન પ્રતિમાઓ પૈકી ચોથી પ્રતિમાનુ નામ

चंदाभ. न० (चन्द्राभ) ચંદ્રાભ નામનુ પાંચમા દેવલોકનુ એક વિમાન (૨) पु० અગીયારમા કુલગરનુ નામ.

चंदायण. न० (चान्द्रायण) જુઓ "ચંદપડિમા" શબ્દ.

चंदालग न० ( ) એક જાતનુ તાંબાનુ પાત્ર.

चंदावत्त. पु (चन्द्रावर्त) ચન્દ્રાવર્ત નામનુ ત્રીજા દેવલોકનુ એક વિમાન.

चंदावरणपविभत्ति. न० (चन्द्रावरणप्रविभक्ति) ચન્દ્રમાને ઢાંકવાની વિશેષ રચનાવાળુ નાટ્ય વિશેષ.

चंदावलिपविभत्ति. न० (चन्द्रावलिप्रविभक्ति) ચન્દ્રમાની વિશેષ રચનાવાળુ એક નાટક.

चंदाविज्झय. न० (चन्द्रवेध्यक) ૨૯ ઉત્કાલિક સૂત્રમાંનું ૧૫ મું.

चंद्रिम. पु० (चन्द्रमस्) ચંદ્રમા. (૨) ચંદ્રમાના દૃષ્ટાન્તવાળુ જ્ઞાતાસૂત્રનું ૧૦ મુ અધ્યયન. (૩) આ નામના એક જૈન મુનિ.

चंद्रिमसूरिय. पु० (सूर्याचन्द्रमस्) ચન્દ્ર અને સૂર્ય

चंद्रिमा. स्त्री० (चन्द्रिका) અણુત્તરોવવાઇ સૂત્રના ત્રીજા વર્ગના છઠા અધ્યયનનુ નામ. (૨) કાકંદી નગરી નિવાસી ભદ્રા સાર્થવાહીના પુત્ર (૩) ચન્દ્રિકા; જ્યોત્સ્ના.

चंदुत्तरवडिंसग पुं० (चन्द्रोत्तरावतंसक) ચન્દ્રોત્તરાવતંસક નામનુ ત્રીજા દેવલોકનુ એક વિમાન

चंदोतरण न० (चन्द्रोत्तरण) કોશામ્બી નગરીનું એક ઉદ્યાન.

चंदोत्तरायण. न० (चन्द्रोत्तरायन) કોશામ્બી નગરીના બહારનો ચન્દ્રોત્તરાયણ નામનો એક બાગ

चंदोयरण. न० (चन्द्रोत्तरण) એ નામનુ એક ચૈત્ય કે જે ઉદ્દંડપુર નગરની બહાર હતુ

चंदोवग न० (चन्द्रोवक) સન્યાસીનુ એક ઉપકરણ.

चंदोवराग पु० (चन्द्रोपराग) ચન્દ્રગ્રહણ.

चंपक } पु० (चम्पक) ચંપાનુ ઝાડ.
चंपग. }

चंपय. पु० (चम्पक) કિંપુરૂષદેવની સભા આગળનુ ચૈત્યવૃક્ષ, ચંપાનું ઝાડ. (૨) સૂર્યાભના ચમ્પક વનનો રક્ષક દેવતા. (૩) ચંપાનું વન તથા ત્યા રહેનાર દેવ. (૪) ચંપો; ચંપાનું ફૂલ. (૫) ચંપાનુ વૃક્ષ કે જેની હેઠે વીસમા તીર્થંકરને કેવળજ્ઞાન થયું.

चंपयवडेंसय. न० (चम्पकावतंसक) ચમ્પકાવતંશક નામનુ એક વિમાન.

चंपा. स्त्री० (चम्पा) ચંપા નામની નગરી; કોણિક રાજાની રાજધાની; અંગ દેશનો પાયતખ્ત; આજકાલ ભાગલપુરના નામથી ઓળખાય છે તે.

चंपाणयरी. स्त्री० (चम्पानगरी) ચંપાનગરી

चंपापविभत्ति न० (चम्पाप्रविभक्ति) ચંપાનગરીની બજારની શોભાયુક્ત નાટક

चंपिज्जिया. स्त्री० (चम्पीया) જૈન મુનિગણની એક શાખા.

चकारवग्गपविभत्ति पु० (चकारवर्गप्रविभक्ति) ચ અક્ષરના આકારની રચનાવાળુ નાટક; નાટકના ૩૨ પ્રકારમાંનો એક.

चक्क. न० (चक्र) પૈડું (૨) વાસુદેવનુ સુદર્શન ચક્ર. (૩) ચક્રરત્ન. ૧૪ રત્નમાનું એક (૪) ધર્મચક્ર (દેવતાનુ બનાવેલ) તીર્થંકરની આગળ રહેછે તે. (૫) કુંભારનો ચાકડો. (૬) ચક્રાકારે હાથની રેખા. (૭) સમૂહ; મંડળ (૮) મુશળ; સાંબેલુ. (૯) આકાશમા ચક્રાકારે ગોળ કુંડાળા જેવુ થાય છે તે. (૧૦) पु० ચકવો પક્ષી

चक्कंग. पु० (चक्राग) ચક્રવાક નામે એક પક્ષી.

चक्कग पु० (चक्रक) ચક્ર, આભરણ વિશેષ.

चक्कजोहि. पु० (चक्रयोधिन) ચક્રથી લડનાર યોદ્ધો. (૨) વાસુદેવ, ત્રણ ખંડ પૃથ્વીનો રાજા.

चक्कज्झय. पु० (चक्रध्वज) ચક્રની નિશાનીવાળી ધ્વજા.

चक्कपुरा. } स्त्री० (चक्रपुरी) મહાવિદેહ
चक्कपुरी } ક્ષેત્રની વગ્ગુવિજયની મુખ્ય રાજધાની–નગરી

चक्करक्खा. पु० (चक्ररक्ष) ચક્રનુ રક્ષણ કરનાર દેવ

चक्करयण. न० (चक्ररत्न) ચક્રવર્તીના ચૌદ રત્નમાનુ એક ચક્રરત્ન.

चक्कल. पु० (चक्कल) સિંહાસનનો પડથાંરો.

चक्कलिश्राभिराण. त्रि० ( ) ગોળાકાર ખંડ, ગોળ કકડો

चक्कवट्ट पु० (चक्रवर्तिन्) } चक्रवर्ती राजा. **चक्कवट्टि** (चक्रवर्तिन्) } सम्राट; भरतक्षेत्रना ६ खण्डनो अधिपति

चक्कवाक } पु० (चक्रवाक) चकवो पक्षी
चक्कवाग }
चक्कवाय }

चक्कवाल न० (चक्रवाल) चक्रोनो, समूह. मंडल. (२) गाडानुं पैडुं (३) सिंहासन नीचेनो पायो (४) पु० पवन विशेष.

चक्कवालविक्खंभ. पु० (चक्रवालविष्कम्भ) गोळ परिधि, चक्राकार घेरो

चक्कवाला. स्त्री० (चक्रवाला) मंडलाकारे श्रेणी. गोळ पंक्ति.

चक्कवूह. पु० (चक्रव्यूह) चक्राकार व्यूह रचना करवानी कळा

चक्कहर पु० (चक्रधर) सुदर्शन चक्रने धारण करनार वासुदेव (२) ६ खंडनो स्वामी चक्रवर्ती

चक्काउह पु० (चक्रायुध) जंबुमां शान्तिनाथ तीर्थंकरना प्रथम गणधरनुं नाम

चक्कागा न० ([illegible]) चक्राकार वस्तु

चक्काग. पु० (चक्रवाक) चक्रवाक पक्षी

चक्कागभज्जमाण. त्रि० (चाक्रभज्यमान) जे कण, पाकुं, के पाणी तोडता चक्राकारे गोळ चिन्ह थाय ते.

चक्कारबद्ध. न० (चक्रारबद्ध) [illegible]

चक्काह पु० (चक्राभ) ओगणीसमा तीर्थंकरना प्रथम शिष्य

चक्कि. पु० (चक्रिन्) } चक्रवर्ती राजा
चक्किय. पु० (चक्रिक) } (२) त्रि० चक्र नामनुं आयुध धारण करनार. (३) तेली (४) कुंभार

चक्किह्र. त्रि० (चकित) भयभीत.

चक्किय पु० (चाक्रिक) चक्रथी लडनार योद्धो. (२) भिक्षुकनी एक जाति.

चक्कीसर. पु० (चक्रेश्वर) चक्रवर्ती; सम्राट.

चक्केसरी स्त्री० (चक्रेश्वरी) ऋषभदेव प्रभुनी देवीनुं नाम.

चक्ख न० (चक्षुष) चक्षु, आंख

चक्खिंदिय न० (चक्षुरिन्द्रिय) चक्षु इन्द्रिय; जोवानी शक्तिवाळी इन्द्रिय. आंख

चक्खु पु० न० (चक्षुष) आंख (२) शास्त्रीयज्ञान

चक्खुइंदिय न० (चक्षुरिन्द्रिय) नेत्र. आंख

चक्खुकंत पु० (चक्षुष्कान्त) कुंडल समुद्रना देवतानुं नाम

चक्खुकंता. पु० (चक्षुष्कान्ता) चालु अवसर्पिणीना प्रथमा कुलकरनी स्त्री

चक्खुदंसण (चक्षुर्दर्शन) आंखथी जोनेल वस्तुनो प्रथम सामान्य बोध थाय ते.

चक्खुदंसणपडिया स्त्री० (चक्षुर्दर्शनप्रतिज्ञा) आंखथी जोवानो नियम, आंखथी जोवानो संयम

चक्खुदंसणावरण न० (चक्षुर्दर्शनावरण) दर्शनावरणीय कर्मनी एक प्रकृति के जेना उदयथी जीव चक्षुदर्शन (आंखथी सामान्य बोध थाय ते) न पामे

चक्खुदंसणि त्रि० (चक्षुर्दर्शनिन्) चक्षुदर्शनवाळो जीव

चक्खुदय त्रि० (चक्षुर्दय) ज्ञानरूपी आंख आपनार. ज्ञानदाता

चक्खुदरिसण. न० (चक्षुर्दर्शन) जुओ "चक्खुदंसण" शब्द.

चक्खुदरिसणावरण न० (चक्षुर्दर्शनावरण) जुओ "चक्खुदंसणावरण" शब्द

चक्खुपरिन्नाण. न० (चक्षुष्परिज्ञान) रूप विषयक ज्ञान. आंखथी थतुं ज्ञान

चक्खुपह पु० (चक्षुष्पथ) नेत्रमार्ग, आंखनो उपयोग.

चक्खुफास. पु० (चक्षुःस्पर्श) दर्शन. अवलोकन

चक्खुमीय. त्रि० (चक्षुर्मीत) અવલોકન નાનથી ડરી ગયેલ.

चक्खुभूय. त्रि० (चक्षुर्भूत) આખની પેઠે આધારરૂપ.

चक्खुकंत. पु० (चक्षुष्कान्त) ચક્ષુ'મા નામે આવતી અવસર્પિણીના બીજા કુલકર. (૨) આઠમા કુલકરનું નામ (૩) त्रि० આખ-વાળું

चक्खुराग. पु० (चक्षुराग) દૃષ્ટિરાગ. આખનો પ્રેમ

चक्खुलेस त्रि० (चक्षुर्लेष) જેનામાં જ્યાં આખનો શ્લેષ થાય—આખ ચોટી જાય તે.

चक्खुलोलय त्रि० (चक्षुर्लोलक) આખની ચપળતાવાળો.

चक्खुल्लोयणलेस्स त्रि० (चक्षुर्लोकनलेश्य) સુન્દર રૂપવાળો.

चक्खुस. त्रि० (चाक्षुष) નેત્રગ્રાહ્ય પદાર્થ. આખથી જોવા યોગ્ય

चक्खुस. न० (चक्षुस्) ચક્ષુ, આખ.

चक्खुसुह. पु० (चक्षुःसुख) ક્ષુદ્ર સમુદ્રના દેવનાનું નામ.

चक्खुहर न० (चक्षुहर) આખને આનન્દ આપનાર

चच्चग. पु० (चर्चक) ઝાટાપા

चच्चर न० (चत्वर) ચોગર ચારથી વધારે રસ્તા ભેગા થતા હોય તે સ્થળ. ચકલો

चच्चरी. स्त्री० (चर्चरी) હાથની તાળીનો અવાજ

चच्चसा स्त्री० ( ) એક જાતનું વાજું.

चच्चा. स्त्री० (चर्चा) ચન્દન વિગેરેથી લેપન કરવું તે.

चच्चिय त्रि० (चर्चित) ચન્દન વગેરેનું વિલેપન કરેલ, ચર્ચેલ.

चज्जा. स्त्री० (चर्या) પરિભાષા, સકલ્પ. (૨) આચરણ, વર્તન. (૩) ચલન, ગમન.

चट्ट. पु० ( ) વિદ્યાર્થી.

चट्टसाला. स्त्री० (चट्टशाला) નાના છોકરાની પાઠશાળા.

चडग पु० स्त्री० (चटक) ચકલો (૨) નોકર.

चडगर. पु० ( ) સમુદાય, સમાજ (૨) નોકર, સેવક (૩) મુખ્ય લડવૈયા (૪) ચટકા દેનાર—ડાંશ વગેરે (૫) આડમ્બર.

चडचड पु० (चडचड) ચડચડ એવો શબ્દ

ठिइबंध. પુ० (स्थितिबन्ध) કર્મની સ્થિતિનો બન્ધ; કર્મનુ કાલમાન.

ठिइय. त्रि० (स्थितिक) ઉભું રહેલું; સ્થિર થયેલુ. (૨) સ્થિતિવાળો.

ठिइया. स्त्री० (स्थितिका) સ્થિતિ.

ठिइवडिया. स्त्री० (स्थितिपतिता) કુળપરંપરાથી ચાલી આવતી જન્મ મહોત્સવાદિ ક્રિયા.

ठित त्रि० (स्थित) ચિત્તમાં સ્થિર રહેલું.

ठिति स्त्री० (स्थिति) ગતિનો અભાવ. (૨) સ્થિતિ; આયુષ્યકાળ. (૩) મર્યાદા.

ठितिभेश्र. पु० (स्थितिभेद) कर्मनीजे स्थिति बांधेल होय तेमां अध्यवसायादि बळथी न्यूनाधिकता करवी ते.

ठितिय. पुं० (स्थितिक) ऊभो रहेनार. (२) त्रि० स्थितिवाळो.

ठितिवडिया. स्त्री० (स्थितिपतिता) कुळक्रमागत; कुळमां आवेली स्थिति प्रमाणे जन्मोत्सवादि क्रिया.

ठिय. त्रि० (स्थित) स्थिर रहेल; व्यवस्थित करेल; ऊभुं राखेल.

ठियकप्प. पुं० (स्थितिकल्प) भरत अने ऐरवत क्षेत्रमां पहेला अने छेल्ला तीर्थंकरना शासनना साधुओने माटे नियत करेल आचार व्यवस्था-मर्यादा.

ड.

डंक. पु० ( ) डंख; वींछी आदिनो कांटो.

डंड. पु० (दण्ड) दंड.

डंडि. पु० (दण्डिन्) दण्डधारी.

डंडि स्त्री० ( ) शीवेला वस्त्रनो कटको.

डंडिखंड. पु० (दण्डिखण्ड) टुकडा टुकडा सीवीने जोडेल वस्त्र.

डंभण. न० (दम्भन) दंभकरी बीजाने ठगवु ते; (२) एक प्रकारनुं शस्त्र.

डंभणया. } **डंभणा.** } स्त्री० (दम्भना) ठगाई. (२) माया; कपट.

डंसण. न० (दंशन) डंसवुं; करडवुं.

डक्क. न० (दष्ट) जंगम सर्पादिनुं झेर. (२) त्रि० डंख दीधेल.

डक्का. स्त्री० (डक्का) शिवनुं वाजुं; डमरू.

डगलग. पुं० ( ) नाना नाना पथरा, कांकरा.

डड्ढ. त्रि० (दग्ध) बळी गयेलुं; भस्म थयेलुं.

डमर. पुं० न० (डमर) बे राजाओनो के राजकुमारोनो परस्पर विरोध थाय ते उपद्रव. (२) हुल्लड; तोफान; बळवो.

डमरुय. न० (डमरुक) डमरू नामे वाजींत्र.

डहण. न० (दहन) बाळवुं.

डहर. त्रि० ( ) हलकुं; तुच्छ; नानुं. (२) बाळक. (३) तरुण; युवक.

डाइणी. स्त्री० (डाकिनी) डाकण.

डाग } **डाय.** } पुं० न० (डाक) वृक्षनी डाळखी; नानी डाळ. (२) डांभो; राई वगेरेनी भाजी. (३) त्रि० सारू.

डागिणी. स्त्री० (डाकिनी) जुओ "डाइणी" शब्द.

डामरिय. त्रि० (डामरिक) लडाई करनार.

डायट्ठिई. स्त्री० (डायस्थिति) जे स्थितिथी मांडीने ते प्रकृतिनी उत्कृष्टस्थितिनो बन्ध थाय त्यां सुधीनी बधी स्थितिओनी डायस्थिति एवी संज्ञा छे.

डायाल. न० ( ) हवेलीनुं तळीयुं; महेलनी जमीन.

डाल. स्त्री० न० ( ) शाखा; झाडनी डाळ. (२) शाखानो एक भाग; डांखळी (३) फळनां पतिकां; न्हानी ककडी.

डाला. स्त्री० ( ) शाखा; डाळ.

डाह. पुं० (दाह) बळवुं; दाझवुं.

डिंडिम. न०(डिण्डिम) वाद्यविशेष; नानो ढोल.

डिंब. पुं० न० (डिम्ब) ઉપદ્રવ; બળવો. (૨) હરકત. વિઘ્ન. (૩) વિપ્લવ; ફેરફાર.

डिंभ. પુ० (डिंभ) બાળક.

डिंभय. પુ० (डिंमक) બાળક.

डिंभिया. સ્ત્રી० (डिंभिका) બાલિકા; કન્યા.

डिल्ली. સ્ત્રી० ( ) જળજન્તુ વિશેષ.

डुंगर. પુ० ( ) ડુંગર; પર્વત.

डुंब. પુ० ( ) માવત. (૨) ચાડાલ. (મહેતર)

डुट्ठ. ત્રિ० (दुष्ट) દુષ્ટ; દુર્જન.

डूतिपलासञ्च. પુ० (दूतिपलाशक) દુતિપ-લાશ નામે ઉદ્યાન.

डेवण. न० ( ) ઉલ્લંઘન; ઓલંગવુ.

डोअ. પુ० ( ) લાકડાનો ચાટવો.

डोंगर. પુ० ( ) પર્વત: ચોરોને રહે-વાનું સ્થાન.

डोंब. પું० ( ) ડાંબ દેશ. (૨) ત્રિ० ડાંબ દેશ નિવાસી.

डोंबिलग. ત્રિ० (डोम्बिलक) ડોંબિલદેશ નિ-વાસી. (૨) પુ० મ્લેચ્છ દેશ વિશેષ. (૩) અનાર્ય જાતિ.

डोडिणी. સ્ત્રી० ( ) બ્રાહ્મણી; બ્રા-હ્મણ જાતિની સ્ત્રી.

डोंड्ड પુ० ( ) મહુડાનાં ફળ. (૨) જન્તુ વિશેષ.

डोहल न० (दोहद) દોહલો.

ढ.

ढंक. પુ० (ढक) એક પક્ષી (૨) કાગડા. (૩) કાકાકૌઆ. (૪) કુંભાર જાતિનો એક જૈન ઉપાસક.

ढंकण. પુ० ( ) ચાર ઇન્દ્રિયવાળા જીવની એક જાત; બગાઈ

ढंकुण પું० ( ) માકડ (૨) એક જાતનું વાજીંત્ર.

ढकवत्थुल. પું० (ढक्वास्तुल) શાક વનસ્પ-તિની એક જાત.

ढड्डर પુ० (ड्ढुर) અનુકરણ શબ્દ; ભાંભરો અવાજ. (૨) રાહુદેવનું નામ.

ढिंक પુ० (ढिङ्क) પક્ષી વિશેષ.

ढिंकण. } પુ० ( ) માંકડ. (૨) બ-
ढिंकुण. } ગાઇ.

ढेणियालग. પુ० (ढेणिकालक) } પક્ષિ
ढेणियालिया. સ્ત્રી० (ढेणिकालिका) } વિશેષ; ઢેલ.

ढोल. પુ० ( ) ઉંટ.

ण.

ण. અ० (न) ના; નહિ.

णइअ. ત્રિ० (नयिक) નયયુક્ત; વિશેષ અભિપ્રાયવાળા.

णई. સ્ત્રી० (नदी) નદી.

णईकच्छ. પું० (नदीकच्छ) નદીના કિનારા પરની ઝાડી.

णईवइ. पुं० (नदीपति) સમુદ્ર; સાગર.

णउइ. स्त्री० (नवति) ૯૦; નેવુ.

णउय. स्त्री० न० (नवत) નેવું; ૯૦.

णउय. न० (नयुत) ૮૪ લાખ નિયુતાંગ પ્રમાણ કાળવિશેષ.

णउयंग. न० (नयुताङ्ग) ૮૪ લાખ અયુત પ્રમાણ કાળવિશેષ.

णउल. पु० (नकुल) નોળીઉં. (૨) न० વાદ્યવિશેષ (૩) પાણ્ડુ રાજાનો દીકરો; પાચ પાંડવોમાંનો સૌથી નાનો ભાઇ.

णउली. स्त्री० (नकुली) સર્પને વશ કરવાની વિદ્યા.

णं. अ० ( ) વાક્યાલંકાર.

णंगर. पु० ( ) લંગર, વહાણને રોકી રાખવાની દોરડી કે સાંકળ.

णंगर } न० (लाङ्गल) હળ.
णंगल. }

णंगलई स्त्री० (नङ्गलकी) એ નામની એક સાધારણ વનસ્પતિ.

णंगलिय पु० (लाङ्गलिक) સોનાનો હળ હાથમા લઇ સ્વારીમા આગળ ચાલનાર સુભટ.

णंगूल } न० (लाङ्गूल) પુચ્છ.
णंगोल }

णंगोलि. पु० (लाङ्गूलिन्) } લાંગુલિક
णंगोलिय. पु० (लाङ्गूलिक) } નામનો એક અતરદ્વીપ, ૫૬ અંતરદ્વીપમાંનો એક. (૨) पु० स्त्री० તે અંતરદ્વીપમાં વસનાર મનુષ્ય.

णंतग. न० ( ) વસ્ત્ર.

णंद. त्रि० (नन्द) સમૃદ્ધ. (૨) पु० રાજગૃહી નગરીનો નંદ મણીયાર નામનો શેઠ. (૩) ૧૧ મા તીર્થંકરને પ્રથમ ભિક્ષા આપનાર. (૪) આવતી ઉત્સર્પિણીમાં થનાર પ્રથમ વાસુદેવ. (૫) એક જાતનું લોઢાનું આસન. (૬) સાતમા દેવલોકનું એક વિમાન. (૭) બાર જાતના વાજીંત્રનો સાથે શબ્દ કરવો તે. (૮) એ નામનો એક રાજકુમાર. (૯) पु० એ નામના એક પાટલીપુત્ર નગરના રાજા. (૧૦) ભરતક્ષેત્રમાં થયેલા નવમા તીર્થંકરના પૂર્વભવનું નામ.

णंदकंत. पुं० (नन्दकान्त) સાતમા દેવલોકનું એક વિમાન.

णंदकूड पु० (नन्दकूट) સાતમા દેવલોકનું એક વિમાન.

णंदग. पु० (नन्दक) એ નામની કૃષ્ણ વાસુદેવની તલવાર.

णंदज्भय. पु० (नन्दध्वज) સાતમા દેવલોકનુ એક વિમાન.

णंदण. पुं० (नन्दन) સમૃદ્ધિ. (૨) પુત્ર. (૩) ભરતક્ષેત્રના સાતમા બળદેવ. (૪) મેરૂ પર્વત ઉપરનું દેવતાઓને ક્રીડા કરવાનું વન. (૫) મલ્લિનાથ સ્વામિનો પૂર્વભવ. (૬) મોકા નગરીની બહારનું ઉદ્યાન. (૭) ભરતક્ષેત્રના ભવિષ્યના સાતમા વાસુદેવ. (૮) શ્રેણિકરાજાના એક પુત્ર. (૯) વૃદ્ધિ.

णंदणकूड. पु० (नन्दनकूट) નંદનવનનાં નવ-કૂટમાનું એક.

णंदणभद्द. पु० (नन्दनभद्र) માઠરસ ગોત્રના આર્ય સંભૂતિવિજયના પહેલા શિષ્ય.

णंदणवण. न० (नन्दनवन) જમીનની સપાટીથી પાંચસો જોજન ઉંચે મેરૂ પર્વત ઉપર આવેલ એક વન. (૨) વિજયપુર નગરીની પાસેનું ઉદ્યાન

णंदणवणकूड. त्रि० (नंदनवनकूट) નંદન વનનાં નવ કૂટમાંનું પહેલું કૂટ-શિખર.

णंदणवन. न० (नन्दनवन) જુઓ "ણંદણ-વણ" શબ્દ.

णंदप्पभ. पुं० (नन्दप्रभ) સાતમા દેવલોકનું એક વિમાન.

णंदमई. स्त्री० (नन्दमती) એક અન્તકૃત્ સાધ્વી.

णंदमणियार. પુ૦ (नन्दमणिकार) એ નામનો એક શેઠ-સાહુકાર.

णंदमाणग. પુ૦ (नन्दमानक) પક્ષીની એક જાત.

णंदमित्त. પુ૦ (नन्दमित्र) ભરત ક્ષેત્રમા થનાર બીજા વાસુદેવ.

णंदलेस्स પુ૦ (नन्दलेश्य) સાતમા દેવલોકનું એક વિમાન.

णंदवराण. પુ૦ (नन्दवर्ण) સાતમા દેવલોકનુ એક વિમાન.

णंदवद्धिणी. સ્ત્રી૦ (नन्दवर्द्धिनी) પૂર્વ દિશાગત રૂચક પર્વત ઉપર વસનારી આઠમાંની ચોથી દિશાકુમારી.

णंदसिंग. પુ૦ (नन्दशृङ्ग) સાતમા દેવલોકનું એક વિમાન.

णंदसिट्ठ. પુ૦ (नन्दसृष्ट) }
णंदसिद्ध. પુ૦ (नन्दसिद्ध) } સાતમા દેવલોકનુ એક વિમાન.

णंदसेणिआ. સ્ત્રી૦ (नन्दसेनिका) એક જૈન સાધ્વી

णंदा. સ્ત્રી૦ (नन्दा) પડવો, છઠ્ઠ અને અગીયારસ એ ત્રણ તિથિનુ નામ. (૨) શીતલનાથ પ્રભુની માતાનુ નામ (૩) પૂર્વ રૂચક પર્વત પર વસનારી આઠમાંની બીજી દિશાકુમારી. (૪) રતિકર પર્વત ઉપર ઈશાન ઇન્દ્રની અગ્રમહિષીની રાજધાની. (૫) અંજન પર્વત ઉપરની એક વાવનું નામ. (૬) શ્રેણિક રાજાની એક રાણી; અભયકુમારની માતા.

णंदापुक्खरिणी. }
णंदापोक्खरिणी. } स्त्री० (नन्दापुष्करिणी) મેરૂથી વાયવ્ય ખુણે ૫૦ જોજન ઉપર ભદ્રસાલવનમાંની ચાર વાવડીઓ (૨) સૂર્યાભના વનખંડમાંના મહેન્દ્રધ્વજ આગળની એક વાવ. (૩) ચંપાનગરીની બહારની એક વાવડીનું નામ.

णंदावत्त. પું૦ (नन्दावर्त) પાંચમા દેવલોકના ઇંદ્રના વિમાનનો વ્યવસ્થાપક દેવતા. (૨) સાતમા દેવલોકનું એક વિમાન. (૩) નવ ખુણાવાળો સાથીઓ. (૪) ચાર ઇંદ્રિયવાળો જીવ વિશેષ.

णंदि. પુ૦ સ્ત્રી૦ (नन्दि) આનંદ; પ્રમોદ. (૨) ગૌણમોહનીયકર્મ. (૩) બાર પ્રકારના વાજીંત્રોનો સમુદાય. (૪) એક જાતનુ ઝાડ. (૫) એ નામનો એક દ્વીપ અને એક સમુદ્ર. (૬) મતિજ્ઞાન આદિ પાંચ જ્ઞાન. (૭) ઈચ્છેલા અર્થની પ્રાપ્તિ. (૮) મંગલ. (૯) સમૃદ્ધિ. (૧૦) જૈન આગમ વિશેષ. (૧૧) અભિલાષ, ચાહના. (૧૨) ગાધાર ગ્રામની એક મૂર્ચ્છના (૧૩) એ નામના એક રાજકુમાર

णंदिअ. ત્રિ૦ (नन्दित) સમૃદ્ધ. (૨) પું૦ એ નામના એક જૈન મુનિ.

णंदिआवत्त. પુ૦ (नन्द्यावर्त) નવખુણાવાળો સાથીઓ. (૨) પાંચમા દેવલોકના ઇંદ્રનુ વિમાન

णंदिकर. }
णंदिगर. } ત્રિ૦ (नन्दिकर) મંગલકારક.

णंदिघोस પું૦ (नन्दिघोष) બાર પ્રકારનાં વાજીંત્રોનો અવાજ. (૨) નન્દિના જેવો અવાજ કરનાર (૩) ન૦ દેવ વિમાન વિશેષ.

णंदिघोसा. સ્ત્રી૦ (नन्दिघोषा) થણિતકુમાર દેવતાની ઘંટા.

णंदिचुराणग. પું૦ (नन्दिचूर्णक) અમુક દ્રવ્યના સંયોગથી બનાવેલું ચૂર્ણ.

णंदिज्ज. ન૦ (नन्दीय) સ્થવિર આર્ય રોહણથી નિકળેલ ઉદ્દેહગણનું પાંચમુ કુળ.

णंदिणीपिय. પું૦ (नन्दिनीपितृ) સાવથી નગરીનો રહેવાસી એ નામનો ગાથાપતિ.

णंदितूर. न० (नन्दितूर्य) એક સાથે વાગતાં બાર પ્રકારનાં વાજિત્ર.

णंदिपुर न० (नन्दिपुर) શાણ્ડિલ દેશની રાજધાની.

णंदिफल. त्रि० (नन्दिफल) એ નામનું વૃક્ષ. (૨) એનું પ્રતિપાદન કરનાર જ્ઞાતાસૂત્રનું ત્રીજું અધ્યયન.

णंदिभाण न० (नन्दिभाजन) *એક જાતનું ઉપકરણ.

णंदिमित्त. पु० (नन्दिमित्र) મલ્લીનાથ સાથે દીક્ષા લેનાર નન્દિમિત્રકુમાર.

णंदिमुइंग न० (नन्दिमृदङ्ग) એક પ્રકારનું વાજિત્ર.

णंदिमुह पुं० (नन्दिमुख) બે આંગળી પ્રમાણ શરીરધારી પક્ષી વિશેષ.

णंदिया. स्त्री० (नन्दिका) ગાંધાર ગ્રામની પહેલી મૂર્છના.

णंदियावत्त पु० (नन्द्यावर्त्त) નવ ખુણાવાળો સાથીઓ. (૨) બ્રહ્મદેવલોકના ઇંદ્રનું મુસાફરી વિમાન. (૩) બે ઇંદ્રિયવાળો જીવવિશેષ. (૪) ઘોષ અને મહાઘોષ ઇંદ્રના લોકપાળનું નામ.

णंदिराय. पु० (नन्दिराज) પાણ્ડવોના સમકાલીન એક રાજા.

णंदिरुक्ख. पुं० (नन्दिवृक्ष) પીપળો; એક જાતનું ઝાડ.

णंदिवद्धण. पुं० (नन्दिवर्द्धन) એ નામના એક રાજકુમાર. (૨) ભગવાન મહાવીરના મોટા ભાઇ. (૩) પક્ષ વિશેષ.

णंदिवद्धणा. स्त्री० (नन्दिवर्द्धना) અંજનપર્વત ઉપરની એક વાવડી. (૨) રૂચક પર્વત ઉપરની એક દિશાકુમારી.

णंदिसिणा. स्त्री० (नन्दिषेणा) પશ્ચિમ અંજન પર્વત ઉપરની એક વાવડી.

णंदिसेण. पुं० (नन्दिषेण) મથુરા નગરીના દામરાજાના કુમારનું નામ. (૨) ગૌતમનો પુત્ર; નન્દિવર્ધનનો શિષ્ય. (૩) ઇરવત ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલ ચોથા તીર્થંકર.

णंदिसेणा. स्त्री० (नन्दिषेणा) પૂર્વ અંજન પર્વત ઉપરની એક વાવનું નામ (૨) પૂર્વ રૂચક પર્વત ઉપર રહેનારી એક દિશાકુમારી.

णंदिसेणिया. स्त्री० (नन्दिषेणिका) શ્રેણિક રાજાની રાણી

णंदिस्सर. पुं० (नन्दिस्वर) બાર પ્રકારનાં વાજીંત્રોનો અવાજ (૨) આઠમો નન્દીશ્વર નામનો દ્વીપ

णंदिस्सरदीव. पु० (नन्दीश्वरद्वीप) નન્દીશ્વર નામનો આઠમો દ્વીપ.

णंदिस्सरा. स्त्री० (नन्दीश्वरा) વાયુકુમાર દેવતાની ઘટા.

णंदी पु० स्त्री० (नन्दि) જુઓ " णंदि " શબ્દ.

णंदीचुण्णग. न० (नन्दिचूर्णक) જુઓ " णंदिचुण्णग " શબ્દ.

णंदीमुह पु० (नन्दिमुख) પક્ષી વિશેષ.

णंदीसर. पुं० (नन्दीश्वर) આઠમો નન્દીશ્વર દ્વીપ.

णंदीसरवर. पु० (नन्दीश्वरवर) એ નામનો એક દ્વીપ.

णंदीसरवरोद पु० (नन्दीश्वरवरोद) એ નામનો એક સમુદ્ર

णंदुत्तर. पुं० (नन्दोत्तर) ભવનપતિના ઇંદ્રના રથનો અધિપતિ.

णंदुत्तरा. स्त्री० (नन्दोत्तरा) રતિકર પર્વત ઉપરની ઇશાનેન્દ્રની અગ્રમહિષીની રાજધાની. (૨) પૂર્વઅંજન પર્વત ઉપરની એક વાવડીનું નામ (૩) મન્દર પર્વતના રિષ્ઠકૂટ ઉપર વસનારી દિશાકુમારીમાંની એક (૪) પૂર્વ દિશાના રૂચક પર્વત ઉપરની એક દિશાકુમારી. (૫) એ નામની

શ્રેણિક મહારાજાની રાણી. (૬) એ નામની એક વાવ.

णंदुत्तरावडिंसग. પું० (नन्दोत्तरावतंसक) સાતમા દેવલોકનું એક વિમાન.

णंदोत्तरा. સ્ત્રી० (नन्दोत्तरा) જુઓ "ણદુત્તરા" શ૭૬.

णकार. પું० (णकार) 'ણ' અક્ષર.

णक्क. પું० ( ) નાક; નાસિકા.

णक्क. પુ० (नक्र) એક જાતનો મચ્છ.

णक्ख. પુ० (नख) નખ.

णक्खत्त. પુ० ન० (नक्षत्र) અભિજિત્ વગેરે ૨૮ નક્ષત્ર.

णक्खत्तमंडल પુ० (नक्षत्रमण्डल) નક્ષત્રોને આકાશમા ચાલવાનો રસ્તો. નક્ષત્રના માંડલાં.

णक्खत्तमास. પુ० (नक्षत्रमास) નક્ષત્રમાસ, ૨૮ નક્ષત્ર ચંદ્રમા સાથે જોગ જોડી હ્યે તેટલો વખત.

णक्खत्तसंवच्छर. પુ० (नक्षत्रसंवत्सर) ૩૨૭ અહોરાત્ર અને એક અહોરાત્રના ૬૭ ભાગ કરીએ તેવા ૫૧ ભાગ પ્રમાણ નક્ષત્ર સંવત્સર.

णक्खसण. ન० ( ) નખ છેદવાનુ અને કાંટા કાઢવાનુ ઓજાર.

णक्खि. ત્રિ० (नखिन्) સુંદર નખવાળુ.

णख. પુ० (नख) નખ

णखछेयणग. ન० (नखछेदनक) નખ હરણી-નેયણી; નરેણી.

णग. પું० (नग) પર્વત.

णगर. ન० (नगर) શહેર.

णगरगुत्तिय. પુ० (नगरगुप्तिक) કોટવાળ, દરોગો.

णगरधम्म. પુ० (नगरधर्म) શહેરનો આચાર.

णगरनिद्धमण. ન० (नगरनिर्धमन) નગર-શહેરનું પાણી નીકળવાનો માર્ગ; ખાળ.

णगरमाण. ન० (नगरमान) નગર વસાવવાની વિધિ, ૭૨ કળામાંની ૪૫ મી કળા.

णगररक्खिय. પુ० (नगररक्षक) નગરનું રક્ષણ કરનાર; કોટવાળ.

णगराय. પુ० (नगराज) પર્વતનો રાજા; મેરૂ પર્વત.

णगरावास. પુ (नगरावास) રાજધાની; પાટનગર.

णगरी. સ્ત્રી० (नगरी) નગરી; પુરી.

णगवर. પુ० (नगवर) શ્રેષ્ઠ પર્વત.

णगिंद. પુ० (नगेन्द्र) મેરૂ પર્વત.

णगिण }
णग्ग. } ત્રિ० (नग्न) નિષ્પરિગ્રહી; નિર્ગ્રંથ. (૨) નગ્ન, વસ્ત્ર રહિત.

णग्गइ પુ० (नग्नजित्) ગંધાર (કન્દહાર) દેશનો રાજા. (૨) એ નામના એક ક્ષત્રિય રાજર્ષિ.

णग्गभाव. ન० (नग्नभाव) નગ્નપણું; સાધુપણુ.

णग्गोह. પુ० (न्यग्रोध) વડનું ઝાડ. (૨) વડના આકારનું સહાણ.

णग्गोहपरिमंडल. ન० (न्यग्रोधपरिमण्डल) ન્યગ્રોધપરિમંડળ સંઠાણ. (૨) ત્રિ० તે સંઠાણવાળુ.

णच्च. અ० (नच) નહિ.

णच्च. ન० (नृत्य) નાચવુ તે; નાચ.

णच्चण. ન० (नर्त्तन) નાચ; નાચવું તે.

णच्चणसीलय. પુ० (नृत्यशीलक) નાચવાના સ્વભાવવાળો; મોર.

णच्चाविय. ન० (नर्तित) નચાવવુ-હલાવવુ તે. (૨) ત્રિ० નાચેલ.

णच्चासन्न. ન० (नात्यासन्न) ઘણું પાસે નહિ.

णच्चिय ત્રિ० (नर्त्तित) નાચેલ.

णच्चुण्ह. ત્રિ० (नात्युष्ण) જે ઘણું ગરમ નથી તે.

णट्ट. પુ० (नट) નાચનાર; નટ લોકોની એક જાત.

णट्ट. ન० (नाट्य) નાટ્ય; નાટક. (૨) નાટ્યકળા; નાટક સંબંધી વિજ્ઞાન

णट्टग. त्रि० (नर्तक) નૃત્ય કરનાર.
णट्टमाल. पुं० (नर्तमाल) વૃક્ષ વિશેષ.
णट्टमालय. पु० (नृत्यमालक) વૈતાઢ્ય પર્વતની ખંડપ્રપાત ગુફાનો સ્વામી દેવતા.
णट्टवत्थु. न० (नाट्यवस्तु) નાચ, નાટક આદિનું પ્રતિપાદન કરનાર શાસ્ત્ર; ૨૯ પાપશ્રુતમાંનું એક.
णट्टविहि. (नाट्यविधि) નાટ્ય કળા; નાટક કરવાની વિધિ-રીતિ.
णट्ठ. त्रि० (नष्ट) નાશ પામેલ, નષ્ટ થયેલ. (૨) રાતદિવસનું ૧૭ મુ મુહૂર્ત.
णट्ठवंत. पु० (नक्तन) અહોરાત્રનું ૨૬ મુ મુહૂર્ત.
णट्ठसुइअ. त्रि० (नष्टश्रुतिक) બહેરો.
णड. पुं० (नट) નાટક કરનારની એક જાત; નટ.
णडखाइता स्त्री० (नटखादिता) એક જાતની પ્રવ્રજ્યા; નાટકની માફક ધર્મશૂન્ય કથા કરીને આજીવિકા ચલાવવી તે.
णडिय. त्रि० ( ) પાડિત.
णडी. स्त्री० (नटी) નટની સ્ત્રી; નટડી (૨) નાચનાર સ્ત્રી. (૩) એક જાતની લિપિ.
णणंदा. स्त्री० (ननान्दृ) નણંદ; પતિની બ્હેન.
णत त्रि० (नत) નમેલ. (૨) पु० નત નામે એક વિમાન.
णत्त. न० (नक्त) રાત્રિ.
णत्तिआ. स्त्री० (नप्तृका) દીકરાની દીકરી. (૨) દીકરીની દીકરી.
णत्तु. पु० (नप्तृ) } પૌત્ર, પુત્રનો પુત્ર.
णत्तुअ. पु० (नप्तृक) } (૨) દૌહિત્ર; પુત્રીનો પુત્ર.
णत्तुआ. स्त्री० (नप्तृका) જુઓ ' ણત્તિઆ ' શબ્દ.
णत्तुआवइ. पुं० (नप्तृकापति) પૌત્રીનો વર.
णत्तुइणी. स्त्री० (नप्तृकिनी) દીકરાના દીકરા કે દીકરીના દીકરાની વહુ.
णत्तुई स्त्री० (नप्तृकी) જુઓ ' ણત્તિઆ ' શબ્દ.
णत्तुणिअ. पु० (नप्तृक) પુત્રનો પુત્ર; પૌત્ર.
णत्तुणिया. स्त्री० (नप्तृका) દીકરાની દીકરી.
णत्थ. त्रि० (न्यस्त) સાધુને વાસ્તે સ્થાપી રાખેલ. (૨) નથ; બળદની નાથ.
णत्थि. अ० (नास्ति) નથી.
णत्थिअ. त्रि० (नास्तिक) નાસ્તિક; અક્રિયાવાદી.
णत्थित्त. न० (नास्तित्व) નાસ્તિત્વ; અસ્તિત્વનો અભાવ.
णद. पु० (नद) નાદ; અવાજ.
णदी. स्त्री० (नदी) નદી. (૨) એ નામનો એક દ્વીપ અને એક સમુદ્ર.
णदिय. न० (नर्दित) બળદ વગેરેનો અવાજ.
णद्ध. त्रि० (नद्ध) બાંધેલ.
णपुंसग. न० (नपुंसक) નપુસક; નામર્દ.
णपुंसगपराणवणी. स्त्री० (नपुंसकप्रज्ञापनी) નપુસકના લક્ષણ બતાવનારી ભાષા.
णपुंसगलिंगसिद्ध. पु० (नपुंसकलिङ्गसिद्ध) નપુસકપણે સિદ્ધ થાય તે.
णपुंसगवयण. न० (नपुंसकवचन) નાન્યતર જાતિના શબ્દ
णपुंसगवेद. पु० (नपुंसकवेद) ત્રણ વેદમાંનો એક.
णपुंसगवेदग. } पु० (नपुंसकवेदक) નપુસક
णपुंसगवेदय. } વેદવાળો જીવ.
णपुंसगवेय. पुं० (नपुंसकवेद) જુઓ ' ણપુંસગવેદ'' શબ્દ.
णपुंसगवेयग. पु० (नपुंसकवेदक) જુઓ ''ણપુંસગવેદગ'' શબ્દ.
णपुंसय. न० (नपुंसक) જુઓ ''ણપુંસગ'' શબ્દ.
णपुंसयवेयणिज्ज. न० (नपुंसकवेदनीय) જેથી નપુસકપણું વેદવામાં આવે તેવી એક મોહનીય કર્મની પ્રકૃતિ.
णभ. न० (नभस्) આકાશ.

णमसूर. पु० (नमसूर) राहु.

णमंसण. न० } (नमस्यन) नमस्कार
णमंसणया स्त्री० } करवो ते.

णमंसणिज्ज. त्रि० (नमस्यनीय) नमस्कार करवा योग्य.

णमंसिय. त्रि० (नमस्यित) नमस्कार करेल, नमेल.

णमण न० (नमन) नमन, प्रणाम.

णमणी. स्त्री० (नमनी) बीजी गौण आज्ञा.

णमि पु० (नमि) चार प्रत्येकबुद्धमांना एक प्रत्येक बुद्ध. (२) एकवीशमा तीर्थंकरनु नाम. (३) वैताढ्यनी उत्तरश्रेणिमांना विद्याधरनो राजा (४) अनगडदशा सूत्रना पहेला अध्ययनमां जेनो अधिकार छे एवा एक साधु

णमिपव्वज्जा. स्त्री० (नमिप्रव्रज्या) ए नामनु उत्तराध्ययननु ९ मुं अध्ययन.

णमिय. त्रि० (नमित) नम्र

णमिया. स्त्री० (नमिता) ए नामनी एक स्त्री (२) ज्ञाताधर्मकथा सूत्रनु एक अध्ययन.

णमुक्कार. पु० (नमस्कार) नमस्कार.

णमुदय. पु० (नमुदय) ए नामनो गोशाळानो एक श्रावक; आजीविक मतनो एक उपासक.

णमो. अ० (नमस्) नमस्कार करवो ते.

णमोकार. } पु० (नमस्कार) नमस्कार. (२)
णमोक्कार. } पंचपरमेष्ठिमंत्र.

णय. पु० (नद) जुओ "णद" शब्द.

णय अ० (नच) नहि.

णय. त्रि० (नत) नम्र थयेल; नमेल. (२) न० देव विमान विशेष.

णय. पु० (नय) अनेक धर्मवाळी वस्तुना एक धर्मनो बोध करावनार अभिप्राय; नैगम आदि सात नयमांनो गमे ते एक. (२) मत; दृष्टि, अपेक्षा. (३) न्याय; नीति. (४) विधि.

णयगइ. स्त्री० (नयगति) नैगम आदि नयोए पोतपोताना मतनुं पोषण स्थापन करवुं ते, परस्पर सापेक्ष सर्व नयोथी प्रमाणने बाध न आवे तेवी रीते वस्तुनुं व्यवस्थापन करवु ते.

णयण. न० (नयन) आंख; नेत्र, चक्षु. (२) ज्ञान, निश्चय.

णयय पु० (नवत) एक जातनु उननु बनावलु अस्तर.

णयर. न० (नगर) नगर; ज्यां हलकी वस्तु उपर कर न होय तेवु शहेर.

णयरगुत्तिय. पु० (नगरगुप्तिक) नगर रक्षक; कोटवाळ.

णयरी स्त्री० (नगरी) नगरी; राजधानीनु शहेर.

णर. पु० (नर) नर, मनुष्य, पुरुष.

णरकंतप्पवाय. न० (नरकान्ताप्रपात) जंबूद्वीपना मन्दर पर्वतनी उत्तरमां आवेली नरकान्ता नदीनो दरोडो.

णरकंता. स्त्री० (नरकान्ता) रुक्मि पर्वतना महापुंडरीक द्रहमांथी दक्षिण तरफ नीकळेली एक महानदी.

णरकंताकूड न० (नरकान्ताकूट) रुक्मि पर्वत उपरनां आठ कूटमांनु चोथु कूट-शिखर.

णरग. पु० (नरक) नरकावासो; नारकीना जीवोने रहेवानुं स्थान.

णरगपाल. पु० (नरकपाल) नरकना रक्षक पंदर जातना परमाधार्मिक.

णरगविभत्ति स्त्री० (नरकविभक्ति) नरकना विभाग. (२) तेनुं प्रतिपादन करनार सूयगडांगसूत्रनुं पांचमुं अध्ययन.

णरगावास. पु० (नरकावास) नरकावासो; नारकीनुं स्थान.

णरगिंद. पु० (नरकेन्द्र) મ્હોટામાં મ્હોટો નરકાવાસો.

णरदेव. पु० (नरदेव) ચક્રવર્તી. (૨) એ નામનો ઋષભદેવ સ્વામિનો એક પુત્ર

णरय. पु० (नरक) રત્નપ્રભાદિ સાત નરક.

णरवइ. पु० (नरपति) માણસનો સ્વામી; નાયક; રાજા.

णरवरीसर. पु० (नरवरेश्वर) શ્રેષ્ઠ રાજા.

णरवसह. पु० (नरवृषभ) ઉત્તમ પુરૂષ.

णरसीह. पुं० (नरसिंह) પુરૂષમાં સિંહ સમાન. (૨) અરધા ભાગમાં પુરૂષના અને અરધા ભાગમાં સિંહના આકારવાળો.

णराहिव. पु० (नराधिप) રાજા

णरिंद पु० (नरेंद्र) રાજા, ચક્રવર્તી આદિ.

णरिंदकंत न० (नरेंद्रकान्त) દેવ વિમાન વિશેષ

णरिंदवसह पु० (नरेन्द्रवृषभ) મ્હોટો રાજા.

णरिंदुत्तरवडिंसग. न० (नरेंद्रोत्तरावतंसक) દેવ વિમાન વિશેષ.

णरीसर. पु० (नरेश्वर) રાજા.

णल. पु० (नल) એક જાતની વનસ્પતિ. (૨) નલ, વૈશ્રમણનો પ્રખ્યાત પુત્ર.

णलदाम. पु० (नलदामन्) એ નામનો એક વણકર.

णलिण. न० (नलिन) થોડું રાતુ કમળ. (૨) ૮૪ લાખ નલિનાંગ પ્રમાણનો કાળ વિભાગ. (૩) સાતમા દેવલોકનુ એક વિમાન. (૪) પશ્ચિમ મહાવિદેહના દક્ષિણ ખાંડવાની મેરૂ તરફથી સાતમી વિજય. (૫) સાતમી વિજયનો રાજા (૬) જંબુદર્શનની પૂર્વમા આવેલી એક વાવ.

णलिणंग. न० (नलिनाङ्ग) ૮૪ લાખ પદ્મ પ્રમાણનો કાળ વિભાગ.

णलिणकूड. पु० (नलिनकूट) સીતા મહાનદીને ઉત્તર કિનારે અને આવર્ત વિજયની પૂર્વે સરહદ ઉપરનો વખારા પર્વત.

णलिणगुम्म. पुं० (नलिनगुल्म) શ્રેણિક રાજાની સ્ત્રી નલિનગુલ્માનો પુત્ર. (૨) મહાપદ્મસ્વામીના વખતનો એક રાજા. (૩) આઠમા દેવલોકનું એ નામનું એક વિમાન. (૪) એ નામનું એક અધ્યયન.

णलिणवण. न० (नलिनवन) પુષ્કલાવતી વિજયમાં પુણ્ડરીક નગરીની ઉત્તર પશ્ચિમ દિશામાં આવેલુ એક ઉદ્યાન.

णलिणा. स्त्री० (नलिना) એક વાવનું નામ.

णलिणावई. स्त्री० (नलिनावती) મહા વિદેહ ક્ષેત્રની એક વિજય; એ નામનો એક પ્રદેશ

णलिणिवण. न० (नलिनीवन) પદ્મલતાનુ વન

णलिणी. स्त्री० (नलिनी) કમલિની, પદ્મલતા.

णलिणीवण. न० (नलिनीवन) એ નામનુ એક ઉદ્યાન.

णव त्रि० (नव) નવીન, નવુ; તાજુ.

णव. त्रि० (नवन्) નવ, ૯ ની સંખ્યા.

णवइ. स्त्री० (नवति) નેવુની સંખ્યા, ૯૦

णवग. न० (नवाङ्ग) બે કાન, બે આંખ, બે નાસિકા (નસકોરા), જીભ, સ્પર્શ અને મન એ નવ અંગ જાગૃત થવા જુવાની પ્રગટે છે.

णवणउइ स्त्री० (नवनवति) ૯૯, નવાણુ.

णवणवमिया. स्त्री० (नवनवमिका) નવનવ૮૧ દિવસનું એક અભિગ્રહ તપ.

णवणीइया. स्त्री० (नवनीतिका) એક પ્રકારની વનસ્પતિ.

णवणीय. } पु० न० (नवनीत) માખણ.
णवनीत. }

णवबंभचेर. न० (नवब्रह्मचर्य) નવ પ્રકારના બ્રહ્મચર્યનું પ્રતિપાદન કરનાર.

णवम. त्रि० (नवम) નવમો-મી-મુ.

णवमालिया स्त्री० (नवमालिका) એ નામની એક વેલ.

णवमिया. स्त्री० (नवमिका) કિંપુરૂષના ઇંદ્ર-સુપુરૂષની બીજી અગ્રમહિષી. (૨) શક્રે-

ન્દ્રની છઠ્ઠી અગ્રમહિષી. (૩) મન્દર પર્વતની પશ્ચિમે આવેલા રૂચક પર્વતના રૂચકોત્તમ નામના શિખર ઉપર વસનારી એક દિશાકુમારી. (૪) નવમિકા દેવી.

णवमी. स्त्री० (नवमी) નોમ.

णवय. પું० (नवत) એક જાતનું ઉનનું કપડું

णवरं. } अ० (नवरम्) પણ આટલું
णवरिं. } વિશેષ; અતર; પૂર્વના અતિદેશ કરતાં કંઇક વિશેષતા દ્યોતક

णवलग. પુ० (नवलक) જાળ

णविय. त्रि० (नव्य) નવું.

णसण. न० (न्यसन) મુકવું; આરોપણ કરવું તે.

णह. न० (नभस्) આકાશ

णह. પું० (नख) નખ. (૨) કરજ; દેણું

णहच्छेदणय. न० (नखच्छेदनक) નખ ઉતારવાનું હથીઆર; નેરણી.

णहयल. न० (नभस्तल) આકાશ

णहसिर. न० (नखशिरस्) } નખનો આ-
णहसिहा. स्त्री० (नखशिखा) } ગલો ભાગ.

णहहरणी. स्त्री० (नखहरणी) નખ ઉતારવાનું શસ્ત્ર; નેરણી.

णहि. પુ० (नखिन्) નહોરવાળા પ્રાણી; શિકારી પ્રાણીઓ.

णहि. अ० (नहि) નિષેધાર્થક અવ્યય, નહિ.

णहु. अ० (नहु) નહિ; નિષેધાર્થક અવ્યય.

णाअ. त्रि० (ज्ञात) જાણેલું. (૨) न० દૃષ્ટાંત.

णाइ. स्त्री० (ज्ञाति) જ્ઞાતિ; જાતિ, નાત; (૨) સજાતીય માતા પિતાદિ સબંધી. (૩) જ્ઞાન; બોધ.

णाइ. त्रि० (ज्ञातिन्) જેણે સર્વ પદાર્થો જ્ઞાત-જાણેલા છે તે; સર્વજ્ઞ.

णाइ. अ० (नाति) થોડું, અલ્પ.

णाइ. પુ० (ज्ञाति) ઇક્ષ્વાકુ વંશમાં ઉત્પન્ન થયેલ ક્ષત્રિય વિશેષ.

णाइं. अ० (नञ्) નહિ.

णाइपुत्त. પું० (ज्ञातिपुत्र) } ભગવાન્ શ્રી
णाइसुय. પુ० (ज्ञातिसुत) } મહાવીર.

णाइय. त्रि० (नादित) નાદ કરેલ; પોકારેલ. (૨) न० પડછંદો; પ્રતિધ્વનિ. (૩) અવાજ, શબ્દ.

णाइल. પુ० (नागिल) આર્ય વજ્રસેનના અંતેવાસી.

णाइला. } स्त्री० (नागिला) જૈન મુનિ-
णाइली. } ઓની એક શાખા.

णाइवंत त्रि० (ज्ञातिमत्) સ્વજાતીય; નાતિલો.

णाग. પું० (नाग) ભવનપતિ દેવોની નાગકુમાર નામે એક જાત (૨) त्रि० નાગ વંશમા ઉત્પન્ન થયેલ. (૩) પુ० હાથી. (૪) નાગકુમાર દેવતાનો મહોત્સવ. (૫) સર્પ. (૬) આર્યરક્ષિતના શિષ્ય, એ નામના આચાર્ય. (૭) નાગકેસર, એક જાતનું ઝાડ. (૮) ૮ મા તીર્થંકરનુ ચૈત્યવૃક્ષ. (૯) અમાવાસ્યાની રાતે આવતુ ચાર (ધ્રુવ) સ્થિરકરણમાંનું ત્રીજું કરણ. (૧૦) એ નામનો એક દ્વીપ અને એક સમુદ્ર. (૧૧) વલ્ગુવિજયની પૂર્વ સરહદ ઉપરનો એક વખારા પર્વત. (૧૨) એ નામના એક ગૃહસ્થ.

णागकुमार. પુ० (नागकुमार) નાગકુમાર દેવતા; ભવનપતિની એક જાત.

णागकुमारराय. પું० (नागकुमारराज) નાગકુમારના રાજા; ધરણેંદ્ર.

णागकुमारिंद. પું० (नागकुमारेन्द्र) નાગ કુમારના ઇંદ્ર; ધરણેંદ્ર.

णागग्गह. પું० (नागग्रह) નાગ દેવતાના આવેશથી થયેલ રોગ-જ્વર વગેરે.

णागजण्ण. પું० (नागयज्ञ) નાગપૂજા; નાગ દેવતાનો ઉત્સવ.

णागज्जुण. પું० (नागार्जुन) હિમવંત આચાર્યના શિષ્ય.

णागणिय. न० (नाग्न्य) નગ્નભાવ, નિર્ગ્રંથભાવ; સંયમ અનુષ્ઠાન.

णागदंत. पुं० (नागदन्त) લોઢાની વાંકી વળેલી ખીંતી.

णागदत्त. पुं० (नागदत्त) એ નામના એક રાજપુત્ર. (૨) બળરાજાની સ્ત્રી સુભદ્રાના પુત્ર.

णागदत्ता. स्त्री० (नागदत्ता) ૧૬ મા તીર્થંકરની પ્રવ્રજ્યા પાલખીનું નામ.

णागद्दार. न० (नागद्वार) સિદ્ધાયતનની પશ્ચિમ દિશામાં નાગકુમારના આવાસનું દ્વાર.

णागपइ. पु० (नागपति) નાગકુમાર દેવતાઓના રાજા; નાગેન્દ્ર.

णागपरियावणिया स्त्री० (नागपरियापनिका) એ નામનુ એક કાલિક શ્રુત.

णागपव्वय. पुं० (नागपर्वत) જમ્બૂદ્વીપના મદર પર્વતની પશ્ચિમે શીતોદા નદીની ઉત્તરે આવેલો એક પર્વત

णागपुर. न० (नागपुर) હસ્તિનાપુર, કુરૂદેશનુ મુખ્ય નગર.

णागफडा. स्त्री० (नागफणा) સર્પની ફેણ. (૨) નાગકુમાર દેવતાનું મુગટમાં રહેલુ ચિહ્ન.

णागबाण. पु० (नागबाण) એક જાતનો દિવ્ય (દૈવી) ઘોડો.

णागभद्द. पुं० (नागभद्र) નાગદ્વીપનો અધિપતિ દેવતા.

णागभूय. न० (नागभूत) આર્ય રોહણ સ્થવિરથી નીકળેલ ઉદ્દેહ ગણનું પ્રથમ કુળ.

णागमहाभद्द. पु० (नागमहाभद्र) નાગદ્વીપનો અધિપતિ દેવતા.

णागमहावर. पु० (नागमहावर) નાગસમુદ્રનો અધિપતિ દેવતા.

णागमित्त. पुं० (नागमित्र) આર્યમહાગિરીના એક શિષ્ય.

णागर. त्रि० (नागर) નગરમાં રહેનાર મનુષ્ય; નાગરિક.

णागराज. पुं० (नागराज) નાગકુમાર દેવતાનો રાજા.

णागरी. स्त्री० (नागरी) નગરમાં રહેનાર સ્ત્રી. (૨) એક જાતની લિપિ; હિન્દી લિપિ

णागरुक्ख. पु० (नागवृक्ष) નાગવૃક્ષ.

णागलया. स्त्री० (नागलता) નાગલતા; નાગરવેલ.

णागवर. पुं० (नागवर) પ્રધાન હાથી; ઉત્તમહસ્તી (૨) નાગસમુદ્રનો અધિપતિ દેવતા. (૩) ઉત્તમ સર્પ.

णागवीही. स्त्री० (नागवीथी) શુક્રની નવ વીથીમાંની એક.

णागसिरी. स्त्री० (नागश्री) પ્રતિષ્ઠાનપુર નગરના નાગવસુ શેઠની સ્ત્રી અને નાગદત્તની માતા. (૨) ચંપા નગરીના સોમ બ્રાહ્મણની સ્ત્રી કે જેણે ધર્મરૂચિ નામના તપસ્વી મુનિને કડવી તુંબીનું શાક વહેરાવ્યું હતુ.

णागसुहुम न० (नागसूक्ष्म) એ નામનું એક લૌકિક શાસ્ત્ર.

णागहत्थि. पु० (नागहस्तिन्) આર્ય નન્દિલક્ષમણના શિષ્ય.

णागिंद. पु० (नागेन्द्र) નાગકુમારના ઇન્દ્ર.

णागी. स्त्री० (नागी) નાગણી; સાપણી.

णागेंद पुं० (नागेन्द्र) જુઓ " णागिंद " શબ્દ.

णागोद. पुं० (नागोद) એ નામનો સમુદ્ર.

णाड. न० (नाट्य) જુઓ " णट्ट " શબ્દ.

णाडइज्ज. त्रि० (नाटकीय) નાટકનાં પાત્ર; એકટર.

णाडइणी. स्त्री० (नाटकिनी) નટી, નાચનાર સ્ત્રી.

णाडय. न० (नाटक) નાટક. (૨) पु० નાટક કરનાર; નાચ કરનાર.

णाडीय. पु० (नाडीक) વનસ્પતિ વિશેષ.

णाण. न० (ज्ञान) જ્ઞાન; સમજણ, બોધ. (૨) આભિનિબોધિક જ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અને કેવળજ્ઞાન એ પાંચ પ્રકારમાંનું ગમે તે એક. (૩) પન્નવણા સૂત્રના ત્રીજા પદના દશમા દ્વારનુ નામ.

णाणकसायकुसील. पु० (ज्ञानकषायकुशील) જ્ઞાન આશ્રિત કષાય કુસીલ.

णाणकुसील. त्रि० (ज्ञानकुशील) જ્ઞાનને દૂષિત બનાવનાર.

णाणत्त. न० (नानात्व) } નાના પ્રકાર;
णाणत्ता. स्त्री० (नानाता) } નાના ભાવ. નાનાપણુ

णाणपुरिस. पु० (ज्ञानपुरुष) જ્ઞાનવાન્ પુરુષ; જ્ઞાન પ્રધાન પુરૂષ.

णाणपुलाअ. पु० (ज्ञानपुलाक) જ્ઞાનને નિ:સાર બનાવનાર પુલાક લબ્ધિવાળો સાધુ

णाणप्पओस. पु० (ज्ञानप्रदोष) શ્રુત આદિ જ્ઞાનમા અથવા જ્ઞાનીમા અપ્રીતિ-દ્વેષ કરવો તે; જ્ઞાનાવરણીય કર્મ બાંધવાનો એક હેતુ.

णाणप्पकार. त्रि० (नानाप्रकार)નાના પ્રકારનુ, વિચિત્ર.

णाणप्पवाय न० (ज्ञानप्रवाद) એ નામનું પાંચમુ પૂર્વશાસ્ત્ર

णाणवि. त्रि० (ज्ञानवित्) જ્ઞાનવાળો.

णाणविसंवायणाजोग. पु० (ज्ञानविसंवादनायोग) જ્ઞાની સાથે ખોટા ઝઘડા, મિથ્યા વિવાદ કરવો તે; જ્ઞાનાવરણીય બાંધવાનો એક હેતુ.

णाणा. अ० (नाना) નાના પ્રકાર;અનેક વિધ.

णाणायार. पुं० (ज्ञानाचार) કાળે-અવસરે ભણવુ. (૨) વિનય સહિત ભણવુ. (૩) બહુ માનપૂર્વક ભણવું. (૪) ઉપધાન તપ સહિત ભણવુ. (૫) અનિહ્નવપણે ભણવું. (૬) શબ્દ. (૭) અર્થ. (૮) તદુભય-શબ્દ અને અર્થ બંનેને ગોઠવ્યા સિવાય ભણવું, એ આઠ જ્ઞાનોત્તેજક અનુષ્ઠાન તે જ્ઞાનાચાર.

णाणावरण पु० (ज्ञानावरण) જ્ઞાન પ્રાપ્ત કરવામાં આડે આવતુ આઠ કર્મમાંનું પહેલું કર્મ.

णाणावरणिज्ज. न० (ज्ञानावरणीय) જ્ઞાન શક્તિને દબાવનાર આઠ કર્મમાંનું પહેલું કર્મ.

णाणाविह. त्रि० (नानाविध) નાના પ્રકારનું; અનેક પ્રકારનુ

णाणि. त्रि० (ज्ञानिन) જ્ઞાનિ; યથાર્થ તત્ત્વ સ્વરૂપ જાણનાર.

णात. पु० (ज्ञात) વંશ વિશેષ. (૨) त्रि० વંશ વિશેષમા ઉત્પન્ન થયેલ. (૩) पु० એ નામનુ એક આર્યકુળ કે જેમા મહાવીર સ્વામી ઉત્પન્ન થયા હતા. (૪) त्रि० જ્ઞાત કુળમાં ઉત્પન્ન થયેલ.

णातकुमार. पु० (ज्ञातकुमार) જ્ઞાત વંશના એક રાજકુંવર.

णातखंड. न० (ज्ञातखण्ड) એ નામનું એક વન કે જ્યા મહાવીરસ્વામીએ દીક્ષા લીધી હતી.

णाति. स्त्री० (ज्ञाति) સ્વજન; સંબંધી.

णाद. पु० (नाद) ઘોષ; અવાજ.

णादित. } त्रि० (नादित) નાદ કરેલ; અ-
णादिय. } વાજ કરેલ.

णाभि. पु० (नाभि) ગાડાનો એક ભાગ. (૨) નાભિ; ડુંટી. (૩) ઋષભદેવ પ્રભુના પિતાનું નામ, પંદરમા કુલકર.

णाभिरसहरणी. स्त्री० (नाभिरसहरणी) નાભિની નાળ.

णाम. पु० (नाम) પરિણામ; ભાવ; સંજ્ઞા વિશેષ. (૨) નમન.

णाम. म० (नाम) वाक्यालङ्कार; पादपूरण (२) न० अभिधान; नाम. (३) संभावना. (४) જેના યોગે શરીર, રૂપ, બાંધો, આકૃતિ, જાતિ વગેરે શારીરિક સંપત્તિ શુભ કે અશુભ પ્રાપ્ત થાય છે તે નામકર્મ. (५) આમન્ત્રણ, સંબોધન. (६) પ્રસિદ્ધિ; ખ્યાતિ. (७) અનુજ્ઞા; અનુમતિ.

णाम न० (नामन्) નામ; આખ્યા; અભિધાન.

णामंकिय. त्रि० (नामाङ्कित) નામાંકિત, નામવાળું.

णामकम्म न० (नामकर्मन्) નામકર્મ; આઠ કર્મમાનું છઠ્ઠું કર્મ.

णामकरण. न० (नामकरण) નામકરણ સંસ્કાર બારમે દિવસે બાળકનું નામ સ્થાપવું તે.

णामगुत्त. } **णामगोय** } न० (नामगोत्र) નામ અને ગોત્ર કર્મની પ્રકૃતિ.

णामण. न० (नमन) નમવું, નીચું કરવું.

णामधिज्ज } **णामधेज्ज** } **णामधेय** } न० (नामधेय) નામ, અભિધાન.

णामपुरिस. पु० (नामपुरुष) નામનો પુરૂષ. (२) જેનું નામ પુરૂષ છે તે.

णामय. पु० (नामक) નામ; સંભાવના.

णामलोग. पु० (नामलोक) નામનો લોક; જેનું નામ લોક રાખવામાં આવ્યું હોય તે.

णामवीर. पु० (नामवीर) વીર એવું નામ ધરાવનાર જીવ વા અજીવ પદાર્થ.

णामसच्च. न० (नामसत्य) સત્ય જેવું નામ છે તે; નામનું સત્ય.

णामिंद. पुं० (नामेन्द्र) નામનો ઇંદ્ર; જેમાં ઈંદ્રના ગુણ નથી પણ કેવળ નામ જેવું ઇંદ્ર છે તે. (२) ઈંદ્રનું નામ.

णामिय. न० (नामिक) વાચક શબ્દ; પદ.

णाय. पु० (न्याय) ન્યાય; નીતિ. (२) ઉપપત્તિ; પ્રમાણ.

णाय. त्रि० (ज्ञात) જાણેલું; સમજેલું; (२) न० ઇક્ષ્વાકુ વંશનું એક અવાંતર કુળ; મહાવીર સ્વામીનું કુળ. (३) त्रि० તે વંશમાં જન્મ પામેલ. (४) न० દૃષ્ટાંત. (५) જ્ઞાતા સૂત્રનો અર્થ-મતલબ.

णाय. पु० (नाद) નાદ; અવાજ, બૂમ.

णायक. पु० (नायक) નાયક; નેતા.

णायकुमार. पु० (ज्ञातकुमार) જુઓ "णातकुमार" શબ્દ.

णायकुल न० (ज्ञातकुल) એ નામનો એક વંશ

णायकुलचंद. पु० (ज्ञातकुलचन्द्र) } **णायकुलनंदण.** पु० (ज्ञातकुलनन्दन) } ભગવાન્ શ્રી મહાવીર.

णायखंड. न० (ज्ञातखण्ड) જુઓ "णातखंड" શબ્દ.

णायग. पु० (नायक) નાયક; નેતા. (२) પ્રરૂપણા કરનાર.

णायपुत्त. पु० (ज्ञातपुत्र) જ્ઞાતવંશમાં ઉત્પન્ન થયેલ, જ્ઞાત-પ્રખ્યાત સિદ્ધાર્થરાજાના પુત્ર મહાવીરસ્વામી.

णायय. पु० (नायक) નાયક, નેતા.

णायसंड. न० (ज्ञातखण्ड) ક્ષત્રિયકુણ્ડપુરની બહારનું ઉદ્યાન, જ્યાં મહાવીર સ્વામીએ દીક્ષા લીધી.

णायसुय. पु० (ज्ञातसुत) ભગવાન્ શ્રી મહાવીર.

णायसुय. न० (ज्ञातश्रुत) જ્ઞાતાધર્મકથા નામનો જૈન આગમ ગ્રંથ.

णाया. स्त्री० (ज्ञाता) જેમાં દૃષ્ટાંત સહિત અધિકાર છે એવું જ્ઞાતા નામનું છઠ્ઠું અંગસૂત્ર.

णायाधम्मकहा. स्त्री० (ज्ञाताधर्मकथा) જેમાં દૃષ્ટાંત સહિત અધિકાર છે એવું એ નામનું છઠ્ઠું અંગસૂત્ર.

णारय. पुं० (नारद) નારદ ઋષિ. (૨) સૌર્યપુર નગરના રાજા સમુદ્રવિજયનો દીકરો. (૩) ગન્ધર્વના લશ્કરનો આધપતિ ગંધર્વ.

णारय. पुं० (नारक) નરકમાં ઉત્પન્ન થયેલ પ્રાણી; નરકના જીવ; નારકી.

णारयपुत्त. पु० (नारदपुत्र) ભગવાન્ મહાવીરસ્વામીના એક શિષ્યનું નામ.

णाराय. न० (नाराच) સામસામે બે વસ્તુનો મર્કટબંધ; છ સંઘયણમાંનું ત્રીજું સંઘયણ.

णारायण. पुं० (नारायण) દશરથ રાજાના પુત્ર રામના ભાઈ લક્ષ્મણનું અપર નામ.

णारिकंता. स्त्री० (नारीकान्ता) નીલવન પર્વતથી નીકળી ઉત્તર તરફ રમ્મકવાસ ક્ષેત્રમા વ્હેતી એક મહાનદી.

णारिकंताकूड. न० (नारीकान्ताकूट) નીલવત પર્વતનું છઠું કૂટ.

णारी. स्त्री० (नारी) નારી, સ્ત્રી જાતિ.

णारीकंतप्पवाय. पु० (नारीकान्ताप्रपात) એ નામનો એક દ્રહ.

णारीकंता स्त्री० (नारीकान्ता) જુઓ "ણારિકંતા" શબ્દ.

णाल. न० (नाल) કમળ આદિનો દાંડો; કંદ ઉપરનો ભાગ. (૨) નાળ; ડુંટો.

णालंदइज्ज. न० (नालन्दीय) સૂયગડાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધના છઠ્ઠા અધ્યયનનું નામ. (૨) त्रि० નાલન્દા સબંધી.

णालंदा. स्त्री० (नालन्दा) રાજગૃહ નગરનો એ નામનો એક લત્તો-મહોલ્લો.

णालंदिज्ज. न० (नालन्दीय) નાલંદીય નામે સૂયગડાંગ સૂત્રનું ૨૩ મું અધ્યયન.

णालिएर. पु० (नारिकेल) નાળીએરી; નાળીએરનું ઝાડ. (૨) न० તેનાં ફળ.

णालिबद्ध. न० (नालबद्ध) નાળબંધ-નાળીવાળાં ફુલ; જાઇ, જૂઇ, મોગરાદિ.

णालिया. स्त्री० (नालिका) કમળ આદિની દાંડી; નાલિકા. (૨) દ્યૂતક્રીડા. (૩) કલમ્બુકા નામનું ઝાડ. (૪) એ નામની વેલ. (૫) સમય માપવાનું યંત્ર; ઘડી.

णालियाखेड्ड. न० (नालिकाखेट) દ્યુતક્રીડા વિશેષ; એક પ્રકારનો જુગાર. (૨) ગ્રહોની ગતિ સમજવાને માટે ઘડી જેવી નળી બનાવવામાં આવે તે. (૩) કમળઆદિની નાલિકા છેદવાની કળા.

णालियाबद्ध न० (नालिकाबद्ध) નાલિકા-દાંડીવાળાં ફૂલ.

णाली. स्त्री० (नाली) વખત માપવાની ઘડી. (૨) એક જાતની વેલ.

णाली. स्त्री० (नाडी) નાડી; સિરા; નસ.

णालीय. त्रि० (नालीय) નાલ સબંધી.

णावण. न० ( ) દાન.

णावा. स्त्री० (नौका) નાવ, વહાણ; જહાજ.

णावापूरय. पु० ( ) અજલિ; ખોબો.

णावावणियग. पु० (नौवाणिज्यक) નૌકા દ્વારા વ્યાપાર કરનાર.

णावासंतारिम. न० (नौसतार्य) જ્યાં વહાણ ચાલી શકે તેટલુ પાણી.

णाविय. पु० (नाविक) વહાણ ચલાવનાર

णाविया. स्त्री० (नौका) નૌકા; વહાણ.

णास. पु० (नासा) નાક.

णास पु० (न्यास) સ્થાપન; થાપણ.

णासा. स्त्री० (नासा) નાક; નાસિકા.

णासापुड. पु० (नासापुट) નાકના ફોયણાં; નસકોરા.

णासि. त्रि० (नाशिन) નાશ પામનાર; નાશવત.

णासिक्कपुर. न० (नासिक्यपुर) ગોદાવરી નદીના દક્ષિણે આવેલું એ નામનું નગર.

णासियपुड. न० (नासिकापुट) જુઓ "ણાસાપુડ" શબ્દ.

णासियासिंघाणग. न० (नासिकासिङ्घाणक) નાકનો મેલ; લીંટ ગુંગાં વગેરે.

णाह. पुं० (नाथ) નાથ; ધણી.

णि. अ० (नि) વધારો; અધિકતા. (૨) નિશ્ચય. (૩) નિયમ. (૪) અધોભાગ; નીચે. (૫) અભિમુખપણું, સન્મુખપણું (૬) અલ્પપણું, લઘુપણું

णि अ० (निर्) આ અવ્યય નીચેના અર્થમાં વપરાય છે. (૧) નિશ્ચય. (૨) અધિકપણું; અતિશય (૩) પ્રતિષેધ; નિષેધ. (૪) બહિર્ભાવ. (૫) નિર્ગમન, નિષ્ક્રમણ.

णिअ त्रि० (निज) સ્વકીય; પોતાનું.

णिअइ. स्त्री० (निकृति) માયા. કપટ.

णिअट्ट. पु० (निवर्त) નિવૃત્તિ.

णिअट्टि स्त्री० (निवृत्ति) અધ્યવસાય વિશેષ (૨) મોહરહિત અવસ્થા.

णिअट्टिबादर. } न० (निवृत्तिबादर) એ
णिअट्टिबायर } નામનું આઠમું ગુણસ્થાનક (૨) पु० આઠમા ગુણસ્થાનકમાં વર્તનાર જીવ.

णिअट्टिय. त्रि० (निवर्तित) પાછળ હઠાવેલ.

णिअट्टिय. त्रि० (निर्वर्तित) રચેલ; બનાવેલ

णिअडि. स्त्री० (निकृति) માયા, કપટ

णिअडिल्ल त्रि० (निकृतिमत) કપટી, માયાવી

णिअडिल्लया स्त्री० (निकृति) ઠગાઇ, માયા.

णिअल. न० पु० (निगड) પગની બેડી, લોઢાની સાંકળ.

णिअल्ल पु० (नियल्ल) ગ્રહાધિષ્ઠાયક દેવ વિશેષ

णिइय त्रि० (नित्य) નિત્ય;

णिउज्जम. त्रि० (निरुद्यम) ઉદ્યમ રહિત. આળસુ

णिउण. त्रि० (निगुण) નિયત-નિશ્ચિત ગુણવાળુ

णिउण. } त्रि० (निपुण) નિપુણ; હોંશિયાર. (૨) સૂક્ષ્મ બુદ્ધિવાળો.
णिउणिय. }

णिउत्त. त्रि० (नियुक्त) પ્રવૃત્ત કરેલ; યોજેલ.

णिउदजीव. पु० (निगोदजीव) નિગોદના જીવ.

णिउय. त्रि० (नियुत) સુસંગત.

णिउर. पु० (निकुर) એક જાતનું ઝાડ.

णिउरंब न० (निकुरम्ब) સમૂહ. (૨) पु० વૃક્ષ વિશેષ.

णिओअ. पु० (नियोग) વ્યાપાર, ક્રિયા.

णिओग. पु० (नियोग) આજ્ઞા, હુકમ. (૨) સંબન્ધ; નિયોજન (૩) અનુયોગ, સૂત્રની વ્યાખ્યા. (૪) ગામ. (૫) ક્ષેત્ર; ભૂમિ. (૬) સયમ, ત્યાગ.

णिओद. } पु० (निगोद) નિગોદ; સાધારણ વનસ્પતિ. (૨) કુટુમ્બ
णिओय. }

णिंदण. न० (निन्दन) } નિન્દા કરવી. (૨) પશ્ચાત્તાપ કરવો.
णिंदणया. स्त्री० }
णिंदणा. स्त्री० (निन्दना) }

णिंदणिज्ज. त्रि० (निन्दनीय) નિન્દા કરવા યોગ્ય

णिंदा स्त्री० (निंदा) નિન્દા, હેલના

णिंदिया. स्त्री० (निन्दिता) જેમાં એકવાર ઘાસ વગેરે નિદવામાં આવે તે કૃષિ.

णिंदु स्त्री० (निन्दु) મૃત વંઝા સ્ત્રી; જેના છોકરાં જીવતાં નથી તેવી સ્ત્રી

णिंब पु० (निम्ब) લીંબડો. (૨) न० લીંબોળી; લીંબડાના ફળ

णिंबोलिया. स्त्री० (निम्बगुलिका) લીંબોળી.

णिकर. पु० (निकर) સમૂહ, જથ્થો.

णिकरण न० (निकरण) નિશ્ચય; નિર્ણય. (૨) દુઃખ ઉત્પાદન.

णिकरिय. त्रि० (निकरित) ઝતરડાના સારમાંથી ખેંચેલુ. (૨) બધી રીતે શુદ્ધ કરેલ.

णिकाइय. त्रि० (निकाचित) હેતુ; ઉદાહરણ આદિથી સિદ્ધ કરેલુ (૨) નિકાચિત, ત્રુટે નહિ તેવુ. (૩) વ્યવસ્થાપતિ; નિયમિત. (૪) न० કર્મનું નિબિડ બંધન.

णिकाम. न० (निकाम) નિશ્ચય; નિર્ણય. (૨) અત્યંત.

णिकाय. पु (निकाय) મોક્ષ. (૨) પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય

અને ત્રસકાય એ ૭ પ્રકારના જીવનો સમૂહ. (૩) આવશ્યક, અવશ્ય કરવા યોગ્ય અનુષ્ઠાન વિશેષ.

णिकाय. પુ૦ (निकाच) નિમન્ત્રણ કરવું, આમન્ત્રણ કરવું.

णिकायणा. સ્ત્રી૦ (निकाचना) કરણ વિશેષ, જેમાં કર્મનો નિવિડ બંધ છે તે.

णिकुरंब. ન૦ (निकुरम्ब) સમૂહ. (૨) કાળી-મેઘ ઘટા.

णिकेय. પુ૦ (निकेत) આવાસ, ઘર.

णिक्क. ત્રિ૦ ( ) શુદ્ધ, મલ વગરનું.

णिक्कंकड. ત્રિ૦ (निष्कङ्कट) નિરાવરણ, આવરણ રહિત.

णिक्कंखिय. ત્રિ૦ (निष्काङ्क्षित) અન્ય દર્શનની આકાંક્ષા રહિત, પક્ષપાત રહિત (૨) ન૦ આકાંક્ષાનો અભાવ.

णिक्कंत. ત્રિ૦ (निष्कान्त) ગૃહસ્થાશ્રમથી મુક્ત થયેલ, દીક્ષા લીધેલ.

णिक्कंतार. ત્રિ૦ (निष्क्रमितृ) બહાર નીકળનાર.

णिक्कंतार ત્રિ૦ (निष्कान्तार) જંગલથી બહાર કાઢેલ.

णिक्कट्ठ. ત્રિ૦ (निष्कृष्ट) દુબળા શરીરવાળો. (૨) બહાર ખેંચેલ.

णिक्कण. ત્રિ૦ (निष्कण) કણ-ધાન્ય રહિત, અત્યન્ત ગરીબ.

णिक्कमण. ન૦ (निष्क्रमण) દીક્ષા, ચારિત્ર.

णिक्कम्म. પુ૦ (निष्कर्मन्) મોક્ષ. (૨) સંવર; કર્મનો નિરોધ.

णिक्कल. ત્રિ૦ (निष्कल) કળા રહિત.

णिक्कल ત્રિ૦ ( ) નક્કર.

णिक्कलुण. ત્રિ૦ (निष्करुण) દયા રહિત.

णिक्कवय. ત્રિ૦ (निष्कवच) આવરણ રહિત. (૨) કવચ વિનાનો.

णिक्कसण. ન૦ (निष्कसन) નિર્ગમન.

णिक्कसाय. ત્રિ૦ (निष्कषाय) કષાય રહિત. (૨) પુ૦ ભરતક્ષેત્રના એક ભાવી તીર્થંકર દેવ.

णिक्काम. ત્રિ૦ (निष्काम) અભિલાષા રહિત.

णिक्कारण ત્રિ૦ (निष्कारण) } કારણ
णिक्कारणिय. ત્રિ૦ (निष्कारणिक) } રહિત.

णिक्कासिय. ત્રિ૦ (निष्कासित) નીકળેલ; કાઢી મૂકેલ.

णिक्किंचण. ત્રિ૦ (निष्किञ्चन) નિષ્પરિગ્રહી.

णिक्किरिय. ત્રિ૦ (निष्क्रिय) ક્રિયા રહિત.

णिक्किव. ત્રિ૦ (निष्कृप) કૃપા રહિત.

णिक्कोडण ન૦ (निष्कोटन) બન્ધન વિશેષ.

णिक्कोरण ન૦ (निष्कोरण) પાત્ર વગેરેનું મોઢું બંધ કરવું તે.

णिक्खंत. ત્રિ૦ (निष्क्रान्त) નીકળેલ (૨) સંસારમાંથી નીકળીને દીક્ષા લીધેલ.

णिक्खम. પુ૦ ન૦ (निष्क्रम) ઉપાધિ છોડી નીકળવું-દીક્ષા લેવી તે. નુયનો એક પ્રકાર.

णिक्खमण. ન૦ (निष्क्रमण) સૂર્ય ચન્દ્રનું તેના માંડલામાંથી બહાર નીકળવું તે (૨) દીક્ષા લેવી તે (૩) ઘરમાંથી બહાર નીકળવું તે.

णिक्खमणचरियणिबद्ध. ન૦ (निष्क्रमणचरित निबद्ध) મહાવીરસ્વામી આદિ તીર્થંકરના દીક્ષા મહોત્સવ વગેરે દૃશ્ય બતાવનાર નાટ્યવિધિ, ૩૨ નાટકમાંનું એક.

णिक्खमणमहिमा. પુ૦ સ્ત્રી૦ (निष्क्रमणमहिमन्) દીક્ષા મહોત્સવ.

णिक्खमणाभिसेय. પુ૦ (निष्क्रमणाभिषेक) દીક્ષાનો અભિષેક; દીક્ષાની ક્રિયા.

णिक्खित्त. ત્રિ૦ (निक्षिप्त) છોડેલ; મૂકેલ. (૨) વ્યવસ્થાપન કરેલ; રાખેલ. (૩) રાંધવાના વાસણમાં રાખેલ.

णिक्खित्तचरअ. ત્રિ૦ (निक्षिप्तचरक) રસોઇના વાસણમાંથી બહાર કહાડયું ન હોય તેવા આહારની ગવેષણા કરનાર.

णिक्खुड. पुं० (निष्कुट) પર્વત વિશેષ. (૨) ત્રિ૦ નિષ્કમ્પ, સ્થિર.

णिक्खेव. पुं० (निक्षेप) રાખવું તે (૨) નામસ્થાપનાદિરૂપે નિક્ષેપ કરવો તે

णिक्खेवअ. पुं० (निक्षेपक) ઉપસંહાર, આલાપક (૨) રાખવું તે.

णिक्खेवणया. } **णिक्खेवणा.** } स्त्री० (निक्षेपणा) સ્થાપના

णिक्खोभ. त्रि० (निःक्षोभ) ક્ષોભરહિત

णिगम. पुं० (निगम) વ્યાપારીઓનું નિવાસસ્થાન (૨) વાણિઆનો સમૂહ. (૩) અભિગ્રહવિશેષ. (૪) વ્યાપાર (૫) નિશ્ચિત અર્થનો બોધ.

णिगर. पुं० (निकर) સમૂહ, જથ્થો, ઢગલો.

णिगरण. न० (निकरण) કારણ; હેતુ.

णिगरित. } **णिगलिय.** } त्रि० (निकरित) શોધન કરેલ, ગાળીને શુદ્ધ કરેલ.

णिगस. पुं० (निकष) રેખા

णिगाम क्रि० वि० (निकाम) અતિશય; ગાઢું.

णिगास. पुं० (निकर्ष) પરસ્પર મેળાપ કરવો તે

णिगिण. त्रि० (नग्न) વસ્ત્ર રહિત

णिगिणिणा न० (नाग्न्य) નગ્નતા, નગ્નપણું.

णिगिण्हित्तार. त्रि० (निग्रहीतृ) નિગ્રહ કરનાર.

णिगुण. त्रि० (निर्गुण) ગુણ રહિત

णिगुरंब. न० (निकुरम्ब) જુઓ "ણિઉરંબ" શબ્દ

णिगूढ. त्रि० (निगूढ) ગુપ્ત (૨) મૌન રહેલ.

णिगोय. पुं० (निगोद) એક શરીરમાં અનન્તા જીવ હોય તે. અનન્તકાય.

णिग्गअ. त्रि० (निर्गत) નીકળેલ.

णिग्गंथ. न० (नैर्ग्रन्थ्य) નિર્ગ્રંથના સિદ્ધાંત-પ્રવચન. (૨) ત્રિ૦ નિર્ગ્રંથ સંબંધી

णिग्गंथ. पुं० (निर्ग्रन्थ) બાહ્યાભ્યન્તર પરિગ્રહ રહિત; નિસ્પૃહી જૈન સાધુ.

णिग्गंथधम्म. पुं० (निर्ग्रन्थधर्म) નિર્ગ્રન્થનો ધર્મ. જૈન ધર્મ.

णिग्गंथपावयण. न० (निर्ग्रन्थप्रवचन) જૈન સિદ્ધાન્ત. જૈન આગમ.

णिग्गंथी स्त्री० (निर्ग्रन्थी) સાધ્વી.

णिग्गम. पुं० (निर्गम) નીકળવું તે (૨) ઉત્પત્તિ, જન્મ. (૩) પ્રસ્થાન, પ્રયાણ.

णिग्गमण. न० (निर्गमन) નીકળવાનો માર્ગ.

णिग्गय. त्रि० (निर्गत) નીકળેલું. (૨) રહિત, અવિદ્યમાન.

णिग्गह. पुं० (निग्रह) નિગ્રહ; કાબુમાં રાખવું, નિરોધ કરવો.

णिग्गहट्ठाण. न० (निग्रहस्थान) વાદમાં પ્રતિવાદી જેનાથી પકડાય તે નિગ્રહ-સ્થાન.

णिग्गहदोस. पुं० (निग्रहदोष) પરાજય સ્થાનરૂપ દોષ.

णिग्गाहि. त्रि० (निग्राहिन्) નિગ્રહ કરનાર.

णिग्गुंडी. स्त्री० (निर्गुण्डी) એક પ્રકારની ગુચ્છ વનસ્પતિ

णिग्गुण. त्रि० (निर्गुण) ગુણ રહિત (૨) ગણત્વથી રહિત

णिग्गूढ न० (निर्गूढ) સ્થિરરૂપ સ્થાપેલ.

णिग्गोह. पुं० (न्यग्रोध) વડનું ઝાડ (૨) પહેલા તીર્થંકરનું ચૈત્ય વૃક્ષ (૩) નાભિ ઉપરના અવયવો સુન્દર હોય અને તેના નીચેના આધારણ હોય તેવું શરીરનું એક સંઠાણ

णिग्गोहपरिमंडल. न० (न्यग्रोधपरिमण्डल) વડના વૃક્ષની પેઠે નાભિ ઉપરના અવયવો સુન્દર અને નીચેના બેડોળ તેવી જાતનું શરીરનું એક સંઠાણ.

णिग्घंटु. पुं० (निघण्टु) વૈદિકકોષ નિઘંટુ શાસ્ત્ર.

णिग्घाइय. त्रि० (निर्घातित) બહાર નીકળેલ. (૨) હણાયેલ; નાશ પામેલ

णिग्घाय. पु० (निर्घात) वैक्रिय करेल वज्रनुं पडवु. (२) विजळीनुं पडवु. (३) गर्जनाना कडाका. (४) झरानु वहेवु ते. (५) विनाश.

णिग्घायण. न० (निर्घातन) हणवु, मारवु, नाश करवो.

णिग्घिण. त्रि० (निर्घृण) निर्दय.

णिग्घोस. पु० (निर्घोष) अवाज, स्वर, महाध्वनि.

णिघंटु. पु० (निघण्टु) ए नामनो वैदिककोश.

णिघस. पु० (निकष) कसोटीनो पत्थर.

णिचय. पु० (निचय) समूह; जत्थो (२) कर्मसंचय; कर्मबंध.

णिचिय. त्रि० (निचित) निबिड, घट्ट, घाटु.

णिच्च. त्रि० (नित्य) नित्य; हमेशनुं

णिच्चभत्त. न० (नित्यभक्त) दररोज भोजन लेवु ते.

णिच्चय. पु० (निश्चय) निश्चय; चोकस करेल ठराव.

णिच्चल. त्रि० (निश्चल) स्थिर; अचळ.

णिच्चलपय. पु० न० (निश्चलपद) निश्चलपद मोक्ष.

णिच्चवाय पु० (नित्यवाद) पदार्थने नित्य माननारनो मत.

णिच्चाणिच्च. त्रि० (नित्यानित्य) नित्यानित्य.

णिच्चालोग. } **णिच्चालोय.** } पु० (नित्यालोक) ८२ मा ग्रह. (२) त्रि० हमेशा प्रकाशवाळा

णिच्चुज्जोअ. } **णिच्चुज्जोत.** } पु० (नित्योद्योत) ८३ मा महाग्रह. (२) त्रि० सदा प्रकाशयुक्त.

णिच्चेट्ठ. त्रि० (निश्चेष्ट) चेष्टारहित.

णिच्चेयणय. न० (निश्चेतनक) चैतन्य वगरनुं शरीर; मृतदेह.

णिच्चोउया स्त्री० (नित्यर्तुका) हमेशां रज-स्वला रहेनार स्त्री.

णिच्छइय. त्रि० (नैश्चयिक) निश्चय संबंधी. (२) पुं० निश्चय नय; परिणाम वाद.

णिच्छक्क. त्रि० ( ) अवसरनो अजाण.

णिच्छय पुं० (निश्चय) निर्णय; निश्चय. (२) अव्यभिचारी नियम. (३) मोक्ष. (४) वास्तविक पदार्थनेज माननार द्रव्यार्थिक नय.

णिच्छयणय. पु० (निश्चयनय) द्रव्यार्थिकनय; निश्चयनय.

णिच्छयन्न त्रि० (निश्चयज्ञ) निश्चयार्थ सम-जनार

णिच्छाय. त्रि० (निश्छाय) शोभा वगरनो; कदरूपो.

णिच्छारिय त्रि० (निस्तारित) पार पहोंचाडेल

णिच्छिण्ण. त्रि० (निस्तीर्ण) पार गयेल

णिच्छिण्ण. त्रि० (निच्छिन्न) जूदुं करेल, कापेल

णिच्छिद्द त्रि० (निश्छिद्र) छिद्र रहित.

णिच्छिय. त्रि० (निश्चित) निश्चित–नक्की करेल

णिच्छीर. त्रि० (निःक्षीर) क्षीर रहित.

णिच्छुढ त्रि० (निःक्षिप्त) बहार नीकळेल.

णिच्छुभणा. स्त्री० (निक्षोभणा) भत्संना; तिरस्कार.

णिच्छुभाविय. त्रि० (निक्षेपित) बहार काढी मूकेल.

णिच्छुहणा. स्त्री० (निक्षेपणा) बहार काढ-वानी आज्ञा.

णिच्छूढ न० (निष्ठ्यूत) थुंकवु ते.

णिच्छूढ. त्रि० (निक्षिप्त) बहार काढी मूकेल.

णिच्छोडणा. स्त्री० (निश्छोटना) निर्भत्सना; तिरस्कार.

णिजुत्त. त्रि० (नियुक्त) नीमेलुं; कोइए त्यां गोठवेलुं.

णिजुद्ध. न० (नियुद्ध) कोइपण जातनी सलाह संधि स्वीकारवामां न आवे तेवु युद्ध.

णिज्जप्प त्रि० (निर्याप्य) सत्त्व रहित (भोजन). (२) निर्वाहकारक.

णिज्जरण. न० (निर्जरण) निर्जरा, कर्मनुं खरवुं.

णिज्जरा. स्त्री० (निर्जरा) कर्मनुं એક દેશથી ઝરવું-ખરવું તે; આત્માથી કર્મનું છુટા થવું; નવ તત્ત્વમાંનું એક.

णिज्जरिय. त्रि० (निर्जरित) क्षय करेल; निर्जरा करेल.

णिज्जवग्ग. } त्रि० (निर्यापक) મ્હોટા પ્રાયશ્ચિત્તનો નિર્વાહ કરનાર (२) નિર્વાહ કરનાર (३) આરાધના કરનાર, આરાધક.
णिज्जवग. }

णिज्जवणा. स्त्री० (निर्यापना) પ્રાણિઓના પ્રાણને પ્રયાણ કરાવવાનું કૃત્ય; હિંસાનું એક નામ.

णिज्जाण. न० (निर्याण) જ્યાંથી પાછું આવવું ન હોય તેવું ગમન. મોક્ષગમન. (२) સ્વતંત્ર ગમન (३) મરણકાળે શરીરમાંથી આત્માનું બહાર નીકળવું તે (४) નગરથી બહાર નીકળવું તે. (५) નગરમાંથી નીકળવાનો રસ્તો. (६) નિસ્તાર; છેડો.

णिज्जाणभूमि. स्त्री० (निर्याणभूमि) જે ઠેકાણે નિર્વાણપદ મળ્યું હોય તે ભૂમિ.

णिज्जाणमग्ग. पु० न० (निर्याणमार्ग) મોક્ષ માર્ગ. (२) જીવને નીકળવાનો માર્ગ. (३) નીકળવાનો રસ્તો; બહાર જવાનો માર્ગ.

णिज्जाणिय. त्रि० (नैर्याणिक) નિર્યાણ સબંધી; નિર્ગમ સબંધી.

णिज्जाणियलेण. न० (नैर्याणिकलयन) નગરમાંથી નીકળવાના માર્ગમાંનું મકાન.

णिज्जामग. } पु० (निर्यामक) ખલાસી
णिज्जामय. }

णिज्जाय. त्रि० (निर्यात) નીકળેલ.

णिज्जास पु० (निर्यास) ઝાડનો રસ; ગુંદર વગેરે ચીકણો પદાર્થ.

णिज्जिण्ण. त्रि० (निर्जीर्ण) ક્ષીણ; ક્ષય કરેલ.

णिज्जिय. त्रि० (निर्जित) જીતેલું.

णिज्जीव. न० (निर्जीव) સોનું આદિ ધાતુ મારવી તે; ૭૧ મી કળા. (२) त्रि० જીવરહિત.

णिज्जुत्त. त्रि० (निर्युक्त) અધીન. (२) અર્પાયેલ.

णिज्जुत्ति स्त्री० (निर्युक्ति) યુક્તિ સહિત સૂત્રના અર્થ બતાવનાર; ગ્રંથ વિશેષ. (२) વ્યાખ્યા, ટીકા.

णिज्जूढ. त्रि० (निर्यूढ) બહાર કાઢી મૂકેલ. (२) સુદર નહીં તે.

णिज्जूह. न० (निर्यूह) બારસાખ પાસે બહાર કાઢેલું લાકડું; ઘોડલો. (२) ગોખ (३) ગોખવાળું ઘર.

णिज्जूहणया. } स्त्री० (निर्यूहणा) પરિત્યાગ (२) વિરચના, નિર્માણ.
णिज्जूहणा. }

णिज्जोग } पु० (निर्योग) સેવક. (२) વસ્ત્ર પાત્રાદિ ઉપકરણ; સામગ્રી.
णिज्जोय. }

णिज्झर. पु० (निर्झर) પહાડમાંથી ઝરતું પાણી; ઝરો

णिज्झाइ. त्रि० (निध्यायिन्) જોનાર

णिज्झाइत्तार. त्रि० (निर्ध्यातृ) અતિચિંતા કરનાર.

णिज्झोसइत्तार त्रि० (निर्झोषयितृ) પૂર્વના કરેલા કર્મને ખપાવનાર

णिट्ठवण न० (निष्ठापन) નિપજાવવું.

णिट्ठवय. त्रि० (निष्ठापक) સમાપ્ત કરનાર.

णिट्ठा. स्त्री० (निष्ठा) કાર્યસિદ્ધિ; કાર્યસમાપ્તિ. (२) અન્ત; અવસાન.

णिट्ठाण. न० (निष्ठान) સારા ગુણવાળું, સરકારેલ ભોજન

णिट्ठाणकहा. स्त्री० निष्ठानकथा) એક પ્રકારની ભોજન કથા.

णिट्ठाभासि. स्त्री० (निष्ठाभाषिन्) નિશ્ચયપૂર્વક ભાષણ કરનાર

णिट्ठिक. त्रि० (नैष्ठिक) ધર્મમાં શ્રદ્ધાપૂર્વક મગ્ન રહેનાર.

णिट्ठिय. त्रि० (निष्ठित) સ્વકાર્ય સિદ્ધ કરેલ પુરૂ કરેલ. (૨) પુ० મોક્ષ; પરિસમાપ્તિ. (૩) त्रि० સત્તાવાળુ, નિષ્ઠાવાળુ (૪) न० આસ્થા, શ્રદ્ધા.

णिट्ठिय. त्रि० (नैष्ठिक) નિષ્ઠાવાળા.

णिट्ठियट्ठ. त्रि० (निष्ठितार्थ) કૃતકૃત્ય; કૃતાર્થ.

णिट्ठियट्ठि. त्रि० (निष्ठितार्थिन्) મુમુક્ષુ, મોક્ષના ઇચ્છનાર

णिट्ठुभय. त्रि० (निष्ठीवक) થુંકનાર

णिट्ठुर त्रि० (निष्ठुर) નિષ્ઠુર; કઠોર, કઠિન

णिट्ठुवण. न० (निष्ठीवन) થુંક; બળખો (૨) त्रि० થુંકનાર, બળખા આદિ કરનાર

णिडल / णिडाल. न० (ललाट) લલાટ, કપાળ

णिणाय. पु० (निनाद) અવાજ, ધ્વનિ

णिण्ण. त्रि० (निम्न) નીચું (૨) अ० નીચે, હેઠે.

णिण्णगा स्त्री० (निम्नगा) નદી

णिण्णगर. त्रि० (निर्नगर) નગર બહાર કાઢેલ

णिण्णिमेस त्रि० (निर्निमेष) આંખના પલકારા રહિત. (૨) ચેષ્ટા રહિત. (૩) અનુપયોગી.

णिण्हइया. स्त्री० (नैह्नविकी) એક પ્રકારની લિપિ.

णिण्हग / णिण्हव. पु० (निह्नव) સિદ્ધાંતના સત્ય અર્થને ગોપવનાર, સત્યસિદ્ધાંતના ઉત્થાપક, જમાલી આદિ મિથ્યાવાદી.

णिण्हवग त्रि० (निह्नवक) ઉત્થાપન કરનાર; છુપાવનાર.

णिण्हवण. न० (निह्नवन) છુપાવવુ તે.

णितंब. पु० (नितम्ब) પર્વતની કેડ, પર્વતનો આંત ભાગ. (૨) સ્ત્રીની કેડનો પાછલો ભાગ

णितिउमाण. न० (नित्यावमान) જ્યાં સાધુ નિત્ય વહોરવા જાય તે કુળ.

णितिय. त्रि० (नैतिक) નિયત; નિયમિત. (૨) નિત્ય પિંડ લેનાર.

णितिय त्रि० (नित्य) હમેશનુ; સદાનુ.

णितियवाइ त्रि० (नित्यवादिन्) પદાર્થનુ એકાંતપણે નિત્યપણું સ્થાપનાર.

णितियवास पु० (नित्यवास) હમ્મેશ એક ઠકાણે નિવાસ કરવો તે; સ્થિરવાસ.

णितिया. स्त्री० (नित्या) જમ્બુસુદર્શનાનુ અપર નામ

णित्त न० (नेत्र) નેત્ર. આંખ.

णित्तल. त्रि० (निस्तल) શરાણથી ન ઉતરેલ, અનિષ્પન્ન (૨) નિવૃત્તિ નહીં પામેલ

णित्तुप्प. त्रि० ( ) સ્નેહ રહિત, ઘી આદિથી વર્જિત

णित्तुस त्रि० (निस्तुष) ફોતરાં રહિત, વિશુદ્ધ

णित्तेय त्रि० (निस्तेजस्) તેજ રહિત. (૨) વીર્ય રહિત

णित्थरण. न० (निस्तरण) પાર પામવુ

णित्थाण. त्रि० (निस्थान) સ્થાનભ્રષ્ટ

णित्थार पु० (निस्तार) પાર છેડો. (૨) બચાવ. રક્ષા. (૩) ઉદ્ધાર.

णित्थारणा. स्त्री० (निस्तारणा) પાર પામવુ તે.

णित्थारिय त्रि० (निस्तारित) બચાવેલ, રક્ષણ કરેલ

णिदंसण. न० (निदर्शन) ઉદાહરણ. (૨) નિરંતર જોવું તે.

णिदा. स्त्री० (निदा) હિંસા. (૨) ભાનસહિત વેદના.

णिदाघ. पु० (निदाघ) જેઠ મહિનાનું લોકોત્તર નામ

णिदाण. न० (निदान) કારણ; હેતુ. (૨) વ્રતના ફળની પ્રાપ્તિનો સંકલ્પ. (૩) મૂળ કારણ.

णिदाय पुं० } (निदाक) ભાનપૂર્વક વેદના.
णिदाया स्त्री० }

णिदाह. पुं० (निदाह) અસાધારણ દાહ.

णिदाह. पुं० (निदाघ) જેઠ માસનું લોકોત્તર નામ. (૨) ઘામ, બફારો (૩) ગરમીની મોસમ.

णिद्दड्ढ. पुं० (निर्दग्ध) સીમન્તકપ્રભા નામે નરકેન્દ્રથી પૂર્વની આવલિકામાંના ૨૧ મા નરકાવાસો. (૨) ત્રિ० આગી નાખેલ ભસ્મ કરેલ

णिद्दड्ढमज्झ. पुं० (निर्दग्धमध्य) સીમન્તકપ્રભ નરકેન્દ્રની ઉત્તર આવલિકામાંના ૨૧ મા નરકાવાસો

णिद्दड्ढावत्त. पुं० (निर्दग्धावर्त) સીમન્તક નરકેન્દ્રની પશ્ચિમ આવલિકામાંના ૨૧ મા નરકાવાસો

णिद्दड्ढावसिट्ठ पुं० (निर्दग्धावशिष्ट) સીમન્તક નરકેન્દ્રની દક્ષિણ આવલિકાના ૨૧ મા નરકાવાસો.

णिद्दय त्रि० (निर्दय) નિર્દય, કરુણા રહિત.

णिद्दलण. न० (निर्दलन) મર્દન, વિદારણ

णिद्दा स्त्री० (निद्रा) નિદ્રા, ઊંઘ

णिद्दाणिद्दा. स्त्री० (निद्रानिद्रा) ગાઢનિદ્રા

णिद्दारिय. त्रि० (निर्दारित) ફાડેલ કકડા કરેલ.

णिद्दिट्ठ. त्रि० (निर्दिष्ट) કહેલ, દર્શાવેલ.

णिद्दुद्धिया. स्त्री० (निर्दुग्धिका) દૂધરહિત (ગાય વગેરે)

णिद्देस. पुं० (निर्देश) આજ્ઞા, હુકમ. (૨) લિંગ યા અર્થમાત્રનું કથન. (૩) વિશેષ ભાષનનું અભિધાન. (૪) નિશ્ચયપૂર્વક કથન. (૫) પ્રતિપાદન, નિરૂપણ.

णिद्देसग. } त्रि० (निर्देशक) નિર્દેશ કરનાર.
णिद्देसय. }

णिद्देसवत्ति. त्रि० (निर्देशवर्तिन) આજ્ઞા પ્રમાણે વર્તનાર

णिद्दोस. त्रि० (निर्दोष) નિર્દોષ, દોષરહિત.

णिद्ध. त्रि० (स्निग्ध) ચીકાસવાળું; ચિકણું. (૨) સ્નેહવાળું. (૩) સુંવાળું. (૪) કાન્ત, તેજસ્વી (૫) न० સ્નેહ, એક પ્રકારનો રસ.

णिद्धंत त्रि० (निर्ध्मात) અગ્નિમાં નાખી ધમેલ, તપાવેલ-વિશુદ્ધ કરેલ. (૨) મળ રહિત.

णिद्धंधस. त्रि० ( ) નિર્દય, નિષ્ઠુર

णिद्धण त्रि० (निर्धन) નિર્ધન, ગરીબ

णिद्धफास पुं० (स्निग्धस्पर्श) સ્નિગ્ધ સ્પર્શ; ચીકાશ.

णिद्धमण न० (निर्ध्मान) નિસ્સાર. (૨) पुं० યન્ત્ર વિશેષ

णिद्धमण. न० ( ) ખાળ, મોરી.

णिद्धम्म. त्रि० (निर्धर्म्म) ધર્મરહિત

णिद्धाडण. न० (निर्घाटन) બહાર કાઢવું તે.

णिद्धारण. न० (निर्धारण) ગુણ યા જાતિ આદિને લઈને સમુદાયના એક ભાગનું પૃથક્કરણ (૨) નિશ્ચય, અવધારણ.

णिद्धूय त्रि० (निर्धूत) દૂર કરેલ.

णिद्धोभास त्रि० (स्निग्धावभास) સ્નિગ્ધપણાથી ચળકતું.

णिधण. न० (निधन) નાશ, પર્યવસાન; છેડો.

णिधत्त. न० (निधत्त) એક પ્રકારના કર્મનો બંધ. (૨) त्रि० નિબિડ ભાવથી પ્રાપ્ત થયેલ કર્મપુદ્ગળ

णिधि. पुं० (निधि) ભંડાર, ખજાનો.

णिन्हइया. स्त्री० (निह्नविका) અઢાર લિપિમાંની એક.

णिपाइ. त्रि० (निपातिन) નીચે ઉતરી જનાર.

णिपुण. त्रि० (निपुण) નિપુણ, હોશીયાર; ચતુર.

णिप्पएस. त्रि० (निष्प्रदेश) પ્રદેશ રહિત. (૨) पुं० પરમાણુ.

णिप्पंक. त्रि० (निष्पङ्क) गारा वगरनुं; कीचड रहित.

णिप्पकंप. त्रि० (निष्प्रकम्प) अति निश्चल; स्थिर.

णिप्पगल. त्रि० (निष्प्रगल) टपकनार, झरनार.

णिप्पच्चक्खाण. त्रि० (निष्प्रत्याख्यान) प्रत्याख्यानरहित.

णिपच्चवाय. त्रि० (निष्प्रत्यवाय) प्रत्यवाय रहित; अटकाव रहित (२) निर्विघ्न.

णिप्पट्ठ. त्रि० (निष्पृष्ट) जेमां पुछवु पडे नही तेवु स्पष्ट; असंदिग्ध (२) अस्पष्ट, अव्यक्त.

णिप्पडिकम्म. त्रि० (निष्प्रतिकर्मन्) सत्कार रहित; मलिन.

णिप्पडियार. त्रि० (निष्प्रतिकार) चिकित्सा रहित.

णिप्पण्ण. त्रि० (निष्पन्न) सिद्ध, निष्पन्न थयेल.

णिप्पत्ति. स्त्री० (निष्पत्ति) सिद्धि.

णिप्पभ. त्रि० (निष्प्रभ) प्रभारहित.

णिप्परिग्गह. त्रि० (निष्परिग्रह) परिग्रहरहित.

णिप्पलिवयण. त्रि० (निष्प्रतिवचन) निरुत्तर; उत्तर आपवामा असमर्थ.

णिप्पाण. त्रि० (निष्प्राण) प्राणरहित

णिप्पाव. पु० (निष्पाव) वाल, एक जातनु धान्य.

णिप्पिवास. त्रि० (निष्पिपास) पिपासा--लालसा रहित. (२) स्नेहरहित.

णिप्पीलण. न० (निष्पीडन) दबाण, दबाइ जवु ते.

णिप्पुलाय. पु० (निष्पुलाक) आवती उत्सर्पिणीमा भरतक्षेत्रमा थनार १४ मा तीर्थंकर

णिप्फंद. त्रि० (निष्पन्द) चलन आदि क्रिया रहित, स्थिर.

णिप्फण्ण. त्रि० (निष्पन्न) पूर्ण; भरपुर; भरेलुं. (२) पेदा थयेलुं; उपजेलुं.

णिप्फाइय. त्रि० (निष्पादित) नीपजावेल; सिद्ध करेल

णिप्फाव. पु० (निष्पाव) वाल, एक जातनुं धान्य.

णिप्फेडिय. त्रि० (निस्फेटित) हरण करेल; लइ लीधेल.

णिबंध. पु० (निबन्ध) सबंध; संयोग.

णिबंधण. न० (निबन्धन) हेतु.

णिबद्ध त्रि० (निबद्ध) गुंथेल; बांधेल.

णिबोह. पु (निबोध) उत्तम ज्ञान. (२) अनेक प्रकारनो बोध

णिब्बल. त्रि० (निर्बल) बलहीन; दुर्बळ.

णिब्बहिं. अ० (निर्बहिस) अत्यन्त बहार.

णिब्बुक त्रि० ( ) निर्मूळ; मूळ रहित.

णिब्भच्छण. न० (निर्भर्त्सन) आक्रोशथी कटुवचन कहेवुं; ठपको देवो ते.

णिब्भच्छणा. स्त्री० (निर्भर्त्सना) ठपको देवो

णिब्भच्छिय. त्रि० (निर्भर्त्सित) ठपको आपेल.

णिब्भय. त्रि० (निर्भय) भय रहित.

णिभ. त्रि० (निभ) सदृश, सरखु, तुल्य.

णिभंग पु० (निभङ्ग) भांगवु; तुटवुं ते.

णिमेलण. न० ( ) घर; स्थान.

णिमंतणा. स्त्री० (निमन्त्रणा) आमंत्रण करवु. (२) प्रार्थना करवी.

णिमग्ग. त्रि० (निमग्न) डुबेल, खुंचेल; नलीन.

णिमग्गजला. स्त्री० (निमग्नजला) तिमिस्र गुफानी अंदर वहेती नदी.

णिमज्जग. पु० (निमज्जक) डुबकी मारी स्नान करनार तापसनी एक जात.

णिमज्जण. न० (निमज्जन) जळमां प्रवेश करवो, डुबकी मारवी.

णिमित्त. पुं० (निमित्त) કારણ; હેતુ. (૨) એક પ્રકારનું જ્ઞાન; નિમિત્ત શાસ્ત્રથી ભૂત ભવિષ્ય જાણવું તે. (૩) જૈન સાધુઓની ભિક્ષાનો એક દોષ.

णिमित्तपिंड. પુ० (निमित्तपिण्ड) સાધુએ ભવિષ્ય પ્રકાશી મેળવેલો પિંડ–આહાર. (૨) તે આહાર લેવાથી સાધુને લાગતો એક દોષ.

णिमिस. પુ० (निमिष) આંખનો પલકારો.

णिमिसिअ. પુ० (नैमिषिक) આંખના પલકારા જેટલો વખત.

णिमेस પુ० (निमेष) આંખનો પલકારો

णिम्मंस. त्रि० (निर्मांस) માંસ રહિત.

णिम्मद्दग પુ० (निर्मर्दक) આગલાને મારીને ચોરી કરનાર, લુટારો. (૨) ત્રિ० હમેશા મર્દન કરનાર.

णिम्मद्दिय. त्रि० (निर्मर्दित) મર્દન કરેલ, ચોળેલ.

णिम्मम. त्रि० (निर्मम) મમતારહિત (૨) પુ० ભારતવર્ષના એક ભાવી તીર્થંકરદેવ.

णिम्मल त्रि० (निर्मल) નિર્મળ; સ્વચ્છ. (૨) પુ० કર્મરૂપી મેલથી વિશુદ્ધ થયેલ સિદ્ધ ભગવાન્ (૩) બ્રહ્મલોકના છ વિમાનમાંનું ચોથું વિમાન

णिम्मवइत्तार. त्रि० (निर्मापयितृ) સફલતા પર્યંત કાર્ય કરનાર; કાર્યસિદ્ધિ મેળવનાર.

णिम्माण न० (निर्माण) રચના, બનાવટ. (૨) નામકર્મની એક પ્રકૃતિ.

णिम्माय પુ० (निर्मात) નિર્માણ કરેલ (૨) ત્રિ० નિપુણ, કુશળ.

णिम्मावित. त्रि० (निर्मापित) બનાવેલ; રચેલ.

णिम्मिय. त्रि० (निर्मित) નિર્માણ કરેલ; રચેલ.

णिम्मियवाइ. त्रि० (निर्मितवादिन्) જગત્ ઈશ્વરે બનાવેલ છે એમ બોલનાર.

णिम्मिसिय. त्रि० (निर्मिषित) આંખ મીચી પલકારો મારેલ.

णिम्मूल. त्रि० (निर्मूल) મૂળ વગરનું.

णिम्मेर त्रि० (निर्मर्याद) મર્યાદા રહિત.

णिम्मोयणी स्त्री० (निर्मोचनी) સર્પની કાચળી.

णिय त्रि० (निज) પોતાનું; અંગત.

णियइ.. स्त्री० (नियति) દૈવ, ભાગ્ય. (૨) ભાવીભાવ.

णियइ. स्त्री० (निकृति) માયા, કપટ.

णियइकम्म. न० (निकृतिकर्मन) માયા કરવી તે.

णियइपव्वय પુ० (नियतिपर्वत) એ નામનો એક પર્વત કે જ્યાં વાણવ્યંતર દેવો ક્રીડાર્થે વૈક્રિય શરીરના ભિન્નભિન્ન રૂપો ધારણ કરે છે.

णियइय. न० (नैयतिक) નિશ્ચય, અવશ્યપણું.

णियइवाइ. त्रि० (नियतिवादिन्) ભાવિભાવને માનનાર.

णियंटिय. त्रि० (नियन्त्रित) પ્રત્યાખ્યાનનો એક પ્રકાર; ગમે તેવી મુશીબત હોય છતા પચ્ચક્ખાણ ન છોડવા તે. (૨) न० અવશ્ય કર્તવ્ય.

णियंठ. પુ० (निर्ग्रन्थ) બાહ્ય અને અભ્યન્તર ગ્રન્થ-પરિગ્રહ રહિત, સાધુ. (૨) જિન ભગવાન્. (૩) ત્રિ० ધનરહિત.

णियंठिपुत्त. પુ० (निर्ग्रन्थीपुत्र) એક વિદ્યાધરનો પુત્ર, જેનું બીજું નામ "સત્યકિ" હતું. (૨) એક જૈન મુનિ જે ભગવાન્ મહાવીરના શિષ્ય હતા

णियंठिय. त्रि० (नैर्ग्रन्थिक) નિગ્રન્થ સબંધી, જિનદેવ સબંધી.

णियंठी स्त्री० (निर्ग्रन्थी) સાધ્વી.

णियंब. પું० (नितम्ब) પર્વતનો એક ભાગ; પર્વત ઉપરનું વસતિનું સ્થાન (૨) કેડનો એક ભાગ; થાપા

णियंसण न० (निवसन) વસ્ત્ર; પોશાક

णियडि. स्त्री० (निकृति) માયા, કપટ કરવું તે.

णियडिलया. स्त्री० (निकृति) માયા; કપટ.

णियणिय. त्रि० (निजनिज) પોતપોતાનું.

णियत. त्रि० (नियत) શાશ્વત.

णियति. स्त्री० (नियति) જુઓ " ણિયઇ " શબ્દ.

णियतिपव्वय. पु० (नियतिपर्वत) એ નામનો એક પર્વત.

णियतिवाइश्र. त्रि० (नियतिवादिक) ભવિષ્યવાદી, ભાવીભાવ હોય તેજ બને અને પુરૂષાર્થ અકિંચિત્કર છે એમ બોલનાર.

णियत्त. त्रि० (निवृत्त) નિવૃત્ત, નિવૃત્તિ પામેલ.

णियत्त. त्रि० (निकृत्त) છેદન કરેલ; કાપેલ

णियत्तण. न० (निवर्त्तन) } ક્ષેત્રનુ માપ
णियत्तणिय. न० (निवर्त्तनिक) } વિશેષ (૨) त्रि० નિવર્તન પરિમાણવાળુ. (૩) નિવૃત્ત.

णियत्थ. त्रि० (निवसित) પહેરેલ; ધારણ કરેલ.

णियम. पु० (नियम) નિયમ, અભિગ્રહ (૨) પિંડ વિશુદ્ધિ આદિ ઉત્તર ગુણ. (૩) નિશ્ચય, નક્કી, ચોક્કસ. (૪) અવશ્ય ભાવના.

णियमण. न० (नियमन) સંયમ.

णियय त्रि० (   ) શાશ્વત; નિત્ય રહેનાર. (૨) નિયમબદ્ધ, નિયમાનુસારી.

णिययचारि. त्रि० (नियतचारिन्) પ્રતિબંધ વગર વિહાર કરનાર.

णिययपिंड. पु० (नियतपिण्ड) હમ્મેશાં એક ઘેરથી લેવામાં આવતો પિંડ–આહાર.

णियर. पु० (निकर) સમૂહ; જથ્થો

णियल. त्रि० (निगड) બંધન; બેડી.

णियल्ल. पु० (निगड) ૮૮ મહાગ્રહમાંનો ૫૩ મો મહાગ્રહ.

णियाइय. त्रि० (निकाचित) જુઓ " ણિકાઇય " શબ્દ.

णियाग. पु० (नियाग) મોક્ષ (૨) न० આમન્ત્રણ આપી ભિક્ષા આપવી તે.

णियाण. न० (निदान) નિયાણું કરવુ. (૨) કાર્ય કારણનો વિચાર

णियाणकड. त्रि० (निदानकृत) } નિયાણું
णियाणकारि त्रि० (निदानकारिन्) } કરનાર; કરણિના ફળની ઇચ્છા રાખનાર.

णियाणमरण. न० (निदानमरण) નિયાણું બાંધીને મરવુ તે; બાળ મરણનો એક પ્રકાર.

णियाणसल्ल न० (निदानशल्य) સંપત્તિ પામવાને નિયાણુ કરવુ તે, ત્રણ શલ્યમાંનું એક

णियामग. } त्रि० (नियामक) નિયમમાં
णियामय. } રાખનાર.

णियाय. पु० (नियाग) મોક્ષ.

णियावादि. त्रि० (नित्यवादिन्) પદાર્થો એકાન્તે નિત્ય છે એવા મતવાળો

णियुत्त. त्रि० (नियुक्त) નિયુક્ત કરેલ. જોડેલ.

णियुद्ध. न० (नियुद्ध) મલ્લનુ યુદ્ધ

णियोग. पु० (नियोग) અનુયોગ. વ્યાપાર (૨) નિશ્ચય. ચોક્કસ.

णिरइ. स्त्री० (निर्ऋति) રાક્ષસ (૨) મૂળ નક્ષત્રના અધિષ્ઠાતા દેવતા.

णिरइयार पु० (निरतिचार) પહેલા અને છેલ્લા તીર્થંકરના વખતમાં અતિચાર લાગ્યા વિના જે સામાયિક ચારિત્ર છોડી બીજું ચારિત્ર આરોપવામાં આવે છે તે, છેદોપસ્થાપનીય ચારિત્રનો બીજો ભેદ. (૨) त्रि० અતિચાર રહિત.

णिरंगण. त्रि० (निरङ्गण) રાગરહિત; નિર્લેપ

णिरंजण. त्रि० (निरञ्जन) રાગથી રહિત; મુક્ત.

णिरंतर. क्रि० वि० (निरन्तर) હમ્મેશાં; નિરંતર.

णिरंतरिय. त्रि० (निरन्तरित) જરાપણ અંતર રહિત.

णिरंभा. स्त्री० (निरम्भा) એક ઇન્દ્રાણી; વૈરોચન ઇન્દ્રની એક અગ્રમહિષી
णिरंस. त्रि० (निरंश) અંશ રહિત, અખંડ.
णिरक्किय. त्रि० (निराकृत) આકૃતિ વિનાનું
णिरट्ठ. त्रि० (निरर्थ) } નિરર્થક; નિષ્પ્ર-
णिरट्ठग त्रि० (निरर्थक) } યોજન. (२) न० પ્રયોજનનો અભાવ.
णिरणुकंप त्रि० (निरनुकम्प) અનુકંપારહિત; નિર્દય.
णिरणुक्कोस. त्रि० (निरनुक्रोश) દયા રહિત.
णिरणुताव. त्रि० (निरनुताप) પશ્ચાત્તાપ રહિત
णिरत्थग. त्रि० (निरर्थक) ફોકટ, નિરર્થક.
णिरभिग्गह. त्रि० (निरभिग्रह) અભિગ્રહ રહિત.
णिरभिराम त्रि० (निरभिराम) અસુન્દર; ઉત્તમ નહિ તે.
णिरभिलप्प. त्रि० (निरभिलाप्य) અનિર્વચનીય, વાણીથી ન બનાવી શકાય તેવું.
णिरभिस्संग. त्रि० (निरभिष्वङ्ग) સંગરહિત; બાહ્યાભ્યન્તર પરિગ્રહ રહિત, નિસ્પૃહ.
णिरय त्रि० (निरत) આસક્ત.
णिरय. त्रि० (नीरजस) રજ રહિત, નિર્મળ.
णिरय पुं० (निरय) નરક, પાપ ભોગવવાનું સ્થાન. (२) નરકના જીવ, નારકી.
णिरयगइ. स्त्री० (निरयगति) નરક ગતિ, ચાર ગતિમાંની એક.
णिरयगामि. त्रि० (निरयगामिन) નરકમાં જનાર.
णिरयगोयर. पुं० (निरयगोचर) નરકમાં રહેનાર જીવ; નારકી.
णिरयपाल. पुं० (निरयपाल) નરકને પાળનાર પરમાધામી.
णिरयवेयणिज्ज. न० (निरयवेदनीय) નરકમાં વેદવા યોગ્ય કર્મ.
णिरयावलिया. स्त्री० (निरयावलिका) નિરય-નરકની આવલિકા-શ્રેણી, પંક્તિબંધ નરકાવાસા. (२) એ નામનું એક સૂત્ર. (३) નરકના જીવોને દુઃખ આપનાર પરમાધામી
णिरयावास. पुं० (निरयावास) નરકાવાસા.
णिरवक्ख. त्रि० (निरपेक्ष) અપેક્ષા રહિત.
णिरवकंखि. त्रि० (निरवकाङ्क्षिन्) કાંક્ષા-ઇચ્છા રહિત.
णिरवच्च. त्रि० (निरपत्य) સંતાન રહિત.
णिरवज्ज. त्रि० (निरवद्य) નિર્દોષ.
णिरवयक्ख. त्रि० (निरपेक्ष) પરના પ્રાણ બચાવવામાં બેદરકાર.
णिरवयव. त्रि० (निरवयव) અવયવ રહિત.
णिरवराहि त्रि० (निरपराधिन) અપરાધ રહિત.
णिरवलंब. त्रि० (निरवलम्ब) અવલમ્બન રહિત, આધાર-ટેકા વગરનો.
णिरवलाव. त्रि० (निरपलाप) કોઇની વાત બીજાને ન કહી દેનાર
णिरवसेस. त्रि० (निरवशेष) સંપૂર્ણ, સમગ્ર.
णिरहिगरण त्रि० (निरधिकरण) મોટા આરંભ રૂપ શસ્ત્ર વગરનો.
णिरहिगरणि. त्रि० (निरधिकरणिन्) અધિકરણ રહિત, શાસ્ત્ર રહિત.
णिराणंद त्रि० (निरानन्द) આનન્દ રહિત.
णिरातंक. त्रि० (निरातङ्क) રોગ રહિત.
णिराबाध } त्रि० (निराबाध) હરકત રહિત.
णिराबाह }
णिराभिराम. त्रि० (निरभिराम) અતિ સુંદર.
णिरामगंध. त्रि० (निरामगन्ध) આમગંધ-મૂલોત્તર ગુણખંડના રૂપ દોષથી રહિત; નિર્દોષ ચારિત્રવાળા.
णिरामिस. त्रि० (निरामिष) આસક્તિ રહિત.
णिरायंक. त्रि० (निरातङ्क) જુઓ " ણિરાતંક " શબ્દ.
णिरायास त्रि० (निरायास) ખેદના કારણથી રહિત, પરિશ્રમ રહિત.

णिरालंबण. त्रि० (निरालम्बन) આલમ્બન-આધાર રહિત.

णिरावकंखि. त्रि० (निरवकाङ्क्षिन्) આકાંક્ષા રહિત; નિઃસ્પૃહી.

णिरावयक्ख. त्रि० (निरपेक्ष) અપેક્ષા રહિત.

णिरावरण. त्रि० (निरावरण) આવરણ રહિત.

णिरास. त्रि० (निराश) નિરાશ થયેલ. (૨) ન० આશાનો અભાવ.

णिरासव. त्रि० (निराश्रव) આશ્રવ રહિત, કર્મ બન્ધનના કારણોથી રહિત.

णिरिंधणया. स्त्री० (निरिन्धनता) ઇંધન-બળતણનો અભાવ.

णिरिक्खण. न० (निरीक्षण) બારીકીથી જોવું; અવલોકન કરવું તે.

णिरिक्खणा. स्त्री० (निरीक्षणा) અવલોકન. પ્રતિલેખના.

णिरिक्खिय. त्रि० (निरीक्षित) અવલોકન કરેલ; નિરીક્ષણ કરેલ

णिरिण. त्रि० (निर्ऋण) ઋણમુક્ત.

णिरिति. स्त्री० (निरिति) એક રાત્રીનુ નામ.

णिरुंभण. न० (निरोधन) અટકાવવ. રોકાણ, રોધવુ તે

णिरुंभा. स्त्री० (निरुम्भा) એ નામની એક દેવી.

णिरुच्छाह. त्रि० (निरुत्साह) ઉત્સાહ રહિત

णिरुज. न० (नीरुज्) રોગનો અભાવ. (૨) त्रि० રોગ રહિત.

णिरुट्ठाइ. त्रि० (निरुत्थायिन्) નહીં ઉઠનાર

णिरुत्त. न० (निरुक्त) વેદમા આવેલા શબ્દોની નિરૂક્તિ-વ્યુત્પત્તિ દર્શાવનાર શાસ્ત્ર. (૨) નિશ્ચિત ઉક્તિ.

णिरुत्ति. स्त्री० (निरुक्ति) વ્યુત્પત્તિ.

णिरुत्तिय. त्रि० (नैरुक्तिक) વ્યુત્પત્તિ પ્રમાણે જેનો અર્થ થઇ શકે તેવો શબ્દ.

णिरुदर. त्रि० (निरुदर) નાના પેટવાળો; સાહુદરી નહિ તે.

णिरुद्ध. त्रि० (निरुद्ध) રોકેલ. (૨) આવૃત; આચ્છાદિત. (૩) પુ० માછલાની એક જાત.

णिरुवक्कम. त्रि० (निरुपक्रम) કઇપણ નિમિત્ત મળ્યે જેનુ આઉખુ તુટે નહી તે; જેટલું બાંધ્યું હોય તેટલુંજ આયુષ્ય ભોગવે તે. (૨) મનના શોક આદિથી રહિત.

णिरुवक्किट्ठ. त्रि० (निरुपक्लिष्ट) સ્વગત શોક આદિ ક્લેશ રહિત; દુઃખ રહિત.

णिरुवक्केस. त्रि० (निरुपक्लेश) શોક આદિ ક્લેશો-બાધા રહિત.

णिरुवग्गह. त्रि० (निरुपग्रह) ઉપકાર નહિ કરનાર.

णिरुवचरिय त्रि० (निरुपचरित) ઉપચાર નહિ કરેલ. (૨) વાસ્તવિક; યથાતથ્ય.

णिरुवट्ठाणि. त्रि० (निरुपस्थानिन) નિરૂદ્યમી, આળસુ.

णिरुवद्दव. त्रि० (निरुपद्रव) ઉપદ્રવ રહિત.

णिरुवम. त्रि० (निरुपम) ઉપમા રહિત.

णिरुवयरिय त्रि० (निरुपचरित) જુઓ "णिरुवचरिय" શબ્દ.

णिरुवलेव. त्रि० (निरुपलेप) કર્મરૂપી લેપ રહિત (૨) સ્નેહ વગરનો.

णिरुवसग्ग. पु० (निरुपसर्ग) જન્મ, મરણ આદિ ઉપસર્ગ રહિત, મોક્ષ; મુક્તિ. (૨) त्रि० ઉપસર્ગ રહિત.

णिरुवहत } **णिरुवहय** } त्रि० (निरुपहत) રોગાદિથી નહિ હણાયેલ. (૨) વિકાર રહિત. (૩) જ્વરાદિ ઉપદ્રવ રહિત.

णिरुव्विग्ग. त्रि० (निरुद्विग्न) ઉદ્વેગ રહિત.

णिरुस्साह. त्रि० (निरुत्साह) ઉત્સાહ-ઉદ્યમ રહિત.

णिरुह. पुं० (निरूह) નાડીમાંથી લોહી કાઢવુ તે.

णिरेय. त्रि० (निरेज) } **णिरेयण.** त्रि० (निरेजन) } નિષ્પ્રકમ્પ; નિશ્ચલ.

णिरोदर. त्रि० (निरुदर) નાના પેટવાળો; ઉદરના વિકાર વિનાનો.

णिरोय. त्रि० (नीरोग) રોગ રહિત.

णिरोवयार. त्रि० (निरुपकार) ઉપકારને નહી માનનાર.

णिरोह. पु० (निरोध) નિરોધ; અટકાવ. (૨) ઈંદ્રિયાદિનો નિગ્રહ કરવો તે

णिलय. न० (निलय) ઘર.

णिलयण. न० (निलयन) વસતી, રહેઠાણ.

णिलाड. न० (ललाट) કપાળ, મસ્તકનો આગલો ભાગ

णिलाडपट्टिया. स्त्री० (ललाटपट्टिका) કપાળ ઉપર કરવામા આવતી કંકુની પટી; પીળ ભીજના ચંદ્ર જેવી આડ

णिलुक्क त्रि० (निर्लोक्य) ગુમ.

णिलुंछण. न० (निर्लाञ्छन) નપુંસક કરવું તે, ખુટીઆ આદિને સમારવા તે.

णिलज्ज. त्रि० (निर्लज्ज) લજ્જા–શરમરહિત

णिल्लालिय त्रि० (निर्लालित) પસરેલ; નીકળેલ.

णिल्लेव. त्रि० (निर्लेप) લેપરહિત.

णिल्लेवण. न० (निर्लेपन) લેપનો અભાવ. મેલનો અભાવ

णिल्लेवणकाल. पु० (निर्लेपनकाल) નરકમા વિવક્ષિત સમયનો એક પણ નારકી જીવ ન હોય તે સમય.

णिल्लेविय. त्रि० (निर्लेपित) લેપરહિત કરેલ. (૨) તદ્દન ખૂટી ગયેલ.

णिल्लेहण. न० (निर्लेखन) ઉદ્વર્તન,

णिव. पु० (नृप) } રાજા, નરપતિ.
णिवइ. पु० (नृपति) }

णिवइत्तार. त्रि० (निपतितृ) ઉતરનાર, પડનાર.

णिवइय. त्रि० (निपतित) પડેલ. (૨) न० એક પ્રકારનુ ઝેર; ત્વચા ઝેર, દૃષ્ટિ ઝેરઆદિ.

णिवउप्पय. पुं० (निपातोत्पात) જેમાં ઉંચે ચડવું પાછું નીચે પડવું થાય, તેવા પ્રકારનું એક નાટક, ૩૨ નાટકમાંનું એક.

णिवट्टण. न० (निवर्तन) નિવૃત્તિ; પ્રવૃત્તિનો અભાવ. (૨) પાપ આવવાનો માર્ગ બંધ થાય તેવું સ્થાન.

णिवडण. न० (निपतन) નીચે પડવું.

णिवडिय. त्रि० (निपतित) નીચે પડેલ.

णिवण्ण. प० (निषण्ण) કાયોત્સર્ગ વિશેષ, જેમાં ધર્મ આદિ કોઇ પ્રકારનુ ધ્યાન કરાતુ નથી તેવો કાઉસગ્ગ.

णिवण्णणिवण्ण. पुं० (निषण्णनिषण्ण) જેમા આર્ત અને રૌદ્રધ્યાન કરવામાં આવે છે તે કાઉસગ્ગ.

णिवण्णुस्सिय. पु० (निषण्णोत्सृत) કાયોત્સર્ગ વિશેષ, જેમાં ધર્મ ધ્યાન અને શુક્લધ્યાન કરવામા આવે છે તે કાઉસગ્ગ.

णिवत्त. त्रि० (निवृत्त) વીતી ગયેલ; પસાર થયેલ.

णिवत्ति. स्त्री० (निवृत्ति) બંધ થવું. અટકવું. (૨) નિષ્પત્તિ.

णिवसण न० (निवसन) વસ્ત્ર.

णिवाइ. त्रि० (निपातिन्) નીચે પડનાર.

णिवाइय. }
णिवातित. } त्रि० (निपातित) નીચે પડેલ.
णिवातिय. }

णिवाय पु० (निपात) નીચે પડવું. (૨) બેસવું તે. (૩) નિપાત; વ્યાકરણ શાસ્ત્ર પ્રસિદ્ધ ચ વા આદિ અવ્યય (૪) ચપટી વગાડવી તે (૫) સંયોગ; સંબન્ધ.

णिवाय त्रि० (निवात) વાયુ સંચારરહિત; સ્થિર

णिवायण. न० (निपातन) ખાડામા પાડવું. (૨) વ્યાકરણ પ્રસિદ્ધ શબ્દસિદ્ધિ.

णिवारण. न० (निवारण) નિવારણ–અટકાવવું તે. (૨) ટાઢ તાપને રોકનાર–ઘર, વસ્ત્ર વગેરે.

णिवारय. त्रि० (निवारक) નિવારણ કરનાર; અટકાવ કરનાર.

णिवारिय त्रि० (निवारित) રોકેલ; અટકાવેલ

णिवास. पु० (निवास) નિવાસ; રહેઠાણ

णिविट्ठ त्रि० (निविष्ट) મેળવેલ. પ્રાપ્ત કરેલ. (૨) આસક્ત.

णिविट्ठकप्पट्ठिइ. स्त्री० (निविष्टकल्पस्थिति) પરિહારવિશુદ્ધતપ પૂર્ણ કરનારની કલ્પસ્થિતિ; સાધુ સામાચારી વિશેષ

णिविट्ठकाइयकप्पट्ठिइ स्त्री० (निविष्टकायिककल्पस्थिति) પરિહારવિશુદ્ધ તપ કરી બહાર નીકળેલ સાધુની કલ્પસ્થિતિ.

णिवित्ति स्त्री० (निवृत्ति) આરંભ વગરે પાપથી નિવૃત્ત થવું તે; નિવર્તન.

णिविस्समाणकप्पट्ठिइ. स्त्री० (निर्विशमानकल्पस्थिति) પરિહારવિશુદ્ધકલ્પ આચરનારની કલ્પસ્થિતિ.

णिवुड्ढि. स्त्री० (निवृद्धि) વૃદ્ધિનો અભાવ (૨) ઘટવું, હાનિ થવી

णिवेइय. त्रि० (निवेदित) નિવેદન કરેલ.

णिवेयण. न० (निवेदन) નિવેદન. જાહેર કરવું તે

णिवेस पु० (निवेश) સ્થાપન કરવું તે. બેસાડવું તે (૨) આવાસસ્થાન

णिवेसण. न० (निवेशन) સ્થાન, બેઠક. (૨) એક દરવાજાવાળા ઘણા ઘરો.

णिव्वट्टग. त्रि० (निर्वर्तक) બનાવનાર, કર્તા.

णिव्वट्टण न० (निवर्त्तन) નગરમાંથી નીકળવાનો માર્ગ.

णिव्वट्टिय. त्रि० (निर्वर्तित) બનાવેલ; નિષ્પન્ન કરેલ.

णिव्वण. त्रि० (निर्व्रण) ફોલ્લા, ચાઠા આદિ જખમ રહિત.

णिव्वत. त्रि० (निर्व्रत) વ્રત રહિત.

णिव्वत्त. त्रि० (निर्वृत्त) નિવૃત્ત થયેલ. (૨) અતિક્રમણ કરેલ (૩) ઉત્પન્ન થયેલ.

णिव्वत्तण. न० (निर्वर्त्तन) }
णिव्वत्तणया. स्त्री० (निर्वर्त्तना) } ઉત્પત્તિ. (૨) નિષ્પત્તિ; સિદ્ધિ. (૩) છુટવું; નિવૃત્તિ પામવી.
णिव्वत्तणा. }

णिव्वत्तणाधिकरणिया. }
णिव्वत्तणाहिगरणिया. } स्त्री० (निर्वर्त्तनाधिकरणिकी) તલવાર વગરે અધિકરણને તદ્દન નવીન તૈયાર કરવાથી લાગતી ક્રિયા.

णिव्वत्तय त्रि० (निर्वर्तक) બનાવનાર: નિષ્પન્ન કરનાર.

णिव्वत्ति. स्त्री० (निर्वृत्ति) વસ્તુની ઉત્પત્તિ; બનાવટ. (૨) નિષ્પત્તિ.

णिव्वत्तिय त्रि० (निर्वर्तित) ઉત્પન્ન કરેલ; બનાવેલ. ઉપાર્જન કરેલ. (૨) વ્યવસ્થાપન કરેલ. (૩) ગાળાકાર કરેલ.

णिव्वय. त्रि० (निर्व्रत) વ્રત રહિત.

णिव्वयण न० (निर्वचन) ખુલાસો: જવાબ.

णिव्वाघाइम. त्रि० (निर्व्याघातिम) સ્વાભાવિક; કુદરતી, કોઇ વસ્તુના આવરણથી ન બનેલ

णिव्वाघाय. त्रि० (निर्व्याघात) વ્યાઘાત રહિત; વિઘ્ન વિનાનું (૨) न० કેવળજ્ઞાન

णिव्वाण. न० (निर्वाण) મોક્ષ. (૨) पु० જમ્બૂદ્વીપના એરવતક્ષેત્રમાં આવતી ચોવીશીમાં થનાર ત્રીજા તીર્થંકર. (૩) न० બૂઝાઇ જવું. (૪) त्रि० બૂઝાઇ ગયેલ.

णिव्वाय त्रि० (निर्वात) વાયુ રહિત

णिव्वावकहा. स्त्री० (निर्वापकथा) એક જાતની ભોજન કથા.

णिव्वाविय. त्रि० (निर्वापित) શીતળ કરેલ; ઠંડું પાડેલ.

णिव्वासिय. त्रि० (निर्वासित) હદપાર કરેલ.

णिव्विइगिच्छ. न० (निर्विचिकित्स्य) }
णिव्विइगिच्छा. स्त्री० (निर्विचिकित्सा) } ફળપ્રાપ્તિમાં શંકાનો અભાવ.

णिव्विइय. } न० (निर्विकृतिक) दूध आदि
णिव्विगइय. } रसनो परित्याग; विगयना पच्चक्खाण.

णिव्विट्ठ. पुं० (निर्विष्ट) जेणे परिहार विशुद्ध चारित्र सेवेल छे ते साधु.

णिव्विट्ठकप्पट्ठिइ. स्त्री० (निर्विष्टकल्पस्थिति) परिहार विशुद्ध चारित्रने पूर्ण करनार साधुनी कल्प स्थिति.

णिव्विट्ठकाइय. पु० (निर्विष्टकायिक) परिहार विशुद्ध चारित्रने पूर्ण करीने ए चारित्रथी बहार नीकळनार साधु.

णिव्विण्ण. त्रि० (निर्विण्ण) खिन्न, अनुयुक्त (२) निवृत्त थयेल.

णिव्विण्णचारि. त्रि० (निर्विण्णचारिन्) खिन्न थई करनार.

णिव्विण्णवरा. स्त्री० (निर्विण्णवरा) विरक्त पतिवाळी स्त्री.

णिव्वित्त. त्रि० (निर्वृत्त) निवृत्ति पामेल. पुरु थयेल.

णिव्वियतिअ. न० (निर्विकृतिक) जेमां दूध घी वगेरे विकृतिनो त्याग करवामां आवे छे ते तप; नीवी (२) त्रि० विकारहित.

णिव्विस. त्रि० (निर्विष) विष-झेरथी रहित.

णिव्विसमाण. न० (निर्विशमान) एक प्रकारनुं चारित्र. (२) त्रि० ते चारित्रने पाळनार.

णिव्विसय. त्रि० (निर्विषय) विषय अभिलाषा रहित. (२) देश बहार काढेल; देशवटो आपेल.

णिव्विसिय. त्रि० (निर्वासित) देशनी बहार करेल.

णिव्विसेस. त्रि० (निर्विशेष) विशेष रहित; साधारण.

णिव्वुअ. त्रि० (निर्वृत) शीतळ थयेल. (२) निर्वाण-मोक्ष गयेल. (३) पु० स्वस्थ आत्मा.

णिव्वुइ. स्त्री० (निर्वृति) मननुं स्वस्थपणुं; समाधि. (२) क्षीण मोहावस्था. (३) ए नामना एक आचार्य के जेना उपरथी निवृत्ति शाखा नीकळी छे (४) सुख; दुःखनी निवृत्ति.

णिव्वुइकर. त्रि० (निर्वृतिकर) निर्वाणजनक.

णिव्वुक्कच्छिन्न त्रि० ( ) निर्मूळ करेल; जडमूळथी छेदेल.

णिव्वुड. त्रि० (निर्वृत) शीतळ-ठंडु थयेल (२) निर्वाण पामेल, मोक्ष पामेल.

णिव्वुड्ड त्रि० (निर्ब्रुडित) डुबी गयेल.

णिव्वुति. स्त्री० (निर्वृति) निर्वाण सुख.

णिव्वुय. त्रि० (निर्वृत) सुखी, संतोषी (२) क्रोध वगेरे दूर थवाथी शांत थयेल.

णिव्वेअण. न० (निर्वेदन) खेद, वैराग्य (२) त्रि० वैराग्यजनक.

णिव्वेअणी. स्त्री० (निर्वेदनी) संसारथी विरक्त बनावनार वैराग्यनी कथा.

णिव्वेग. पु० (निर्वेग) संसारथी विरक्ति.

णिव्वेगणी. स्त्री० (निर्वेदनी) जुओ " णिव्वेअणी " शब्द.

णिव्वेय पु० (निर्वेद) वैराग्य, संसारथी विरक्तता. (२) मोक्षनी अभिलाषा.

णिव्वेस. पुं० (निर्वेश) लाभ.

णिव्वोढव्व त्रि० (निर्वोढव्य) निर्वाहयोग्य.

णिसंत. न० (निशान्त) विश्राम (२) घर.

णिसंत. त्रि० (निशान्त) अत्यंत शांत प्रकृतिवाळो. (२) सांभळेल. (३) प्रभातनो वखत. रात्रिनो अंत. (४) अवधारण करेल.

णिसंस त्रि० (नृशंस) क्रूर कर्म करनार.

णिसग्ग. पु० (निसर्ग) स्वभाव; प्रकृति. (२) त्याग.

णिसग्गरुइ स्त्री० (निसर्गरुचि) उपदेश सांभळ्या वगर कुदरती रीते थती धर्म परनी श्रद्धा-रुचि

णिसज्जा. स्त्री० (निषद्या) આસન.

णिसज्जिश्र. त्रि० (नैषद्यिक) પલ્યંક આસને બેસનાર.

णिसट्ठ. त्रि० ( ) પ્રચુર; બહુ રીતે

णिसट्ठ. त्रि० (निसृष्ट) નિકળેલ; તજાયેલ. (૨) આપેલ. (૩) મુક્ત; છુટો (૪) ફેંકેલ.

णिसढ. पु० (निषध) બળદ. (૨) નિષધ નામે એક યાદવ કુમાર. (૩) મહાવિદેહની મર્યાદા બાંધનાર મેરૂથી દક્ષિણ તરફનો નિષધ નામે પર્વત.

णिसढकूड. न० (निषधकूट) નિષધ પર્વતનું બીજું કૂટ-શિખર.

णिसढदह. पु० (निषधद्रह) મન્દર પર્વતની દક્ષિણે દેવકુરૂક્ષેત્રમાંનો મોટો દ્રહ-ઝરો.

णिसरण. त्रि० (निषण्ण) બેઠેલ; (૨) કાઉસગ્ગનો એક ભેદ.

णिसम्मभासि. त्रि० (निशम्यभाषिन्) વિચારીને બોલનાર

णिसरण. न० (निसरण) નીકળવું તે

णिसल्ल. त्रि० (नि शल्य) માયા નિયાણ અને મિચ્છાદંસણ એ ત્રણ શલ્ય રહિત

णिसह. पु० (निषध) જુઓ " णिसढ " શબ્દ.

णिसहकूड. पु० (निषधकूट) જુઓ "णिसढकूड" શબ્દ.

णिसहदह. पु० (निषधद्रह) દેવકુરૂના ચિત્ર વિચિત્રકૂટ પર્વતથી ૮૩૪ જોજનને સાતીયા ચાર ભાગ ઉત્તરે સીતા નદીની વચ્ચે આવેલ એક દ્રહ.

णिसा. स्त्री० (निशा) રાત્રિ. (૨) રાત્રીના જેવા અન્ધકારવાળી નરકભૂમિ (૩) વાટવાનો પત્થર.

णिसाय. पु० (निषाद) સ્વર વિશેષ.

णिसालोढ. न० (निशालोष्ट) વાટવાનો પત્થર.

णिसिज्जा. स्त्री० (निषद्या) આસન; બેઠક.

णिसिट्ठ. त्रि० (निःसृष्ट) ફેંકેલ. (૨) મુક્ત. (૩) અનુજ્ઞાત.

णिसिद्ध. त्रि० (निषिद्ध) નિષેધ કરેલ; અટકાવેલ.

णिसिभत्त. न० (निशाभक्त) રાત્રિ ભોજન.

णिसिय. त्रि० (निशित) તીક્ષ્ણ; પાણીદાર; તાળી ધારવાળું.

णिसिरण. न० (निसर्जन) નીકળવું તે. (૨) ત્યાગ

णिसिरणया } स्त्री० (निसर्जना) દાન. ત્યાગ.
णिसिरणा. } (૨) નીકળવું તે.

णिसिरिय त्रि० (निसृष्ट) તજેલ; મુકેલ.

णिसीयण. न० (निषीदन) બેસવું તે

णिसीह. न० (निशीथ) જૈન આગમ વિશેષ, નિશીથ સૂત્ર.

णिसीहिया. स्त्री० (नैषेधिकी) સ્વાધ્યાય કરવાની ભૂમિ (૨) પાપ ક્રિયાનો ત્યાગ. (૩) સામાચારીનો એક પ્રકાર; વ્યાપારાન્તરનો નિષેધરૂપ આચાર

णिसीहिया. स्त्री० (निशीथिका) સ્વાધ્યાય ભૂમિ, અધ્યયનસ્થાન. (૨) આચારંગ સૂત્રનું એક અધ્યયન

णिसुंभण न० (निशुम्भन) વિનાશ. (૨) त्रि० મારનાર.

णिसुंभा स्त्री० (निशुम्भा) વૈરોચન ઇંદ્રની પાચમી અગ્રમહિષી.

णिसेय. पु० (निषेक) કર્મ પુદ્ગળની પ્રતિસમય અનુભાગ રચના.

णिसेवग. त्रि० (निषेवक) સેવનાર; આરાધનાર

णिसेविय. त्रि० (निषेवित) આશ્રય કરેલ.

णिसेह. पु० (निषेध) અપવાદ.

णिसेहणा. स्त्री० (निषेधना) નિવારણ.

णिसेहिया. स्त्री० (नैषेधिकी) મોક્ષગતિ.

णिस्संक. त्रि० (नि शङ्क) નિઃશંક; ચોક્કસ.

णिस्संकिय. त्रि० (निःशङ्कित) શંકા રહિત. (૨) ન० શંકાનો અભાવ

णिस्संचार. त्रि० (निस्संचार) સંચાર રહિત. જે નગરમાં માણસોને આવવા જવાનું બંધ હોય તે.

णिस्संत. त्रि० (निःशान्त) અતિશય શાંત થયેલ.

णिस्संदिद्ध. त्रि० (निःसंदिग्ध) સંદેહ રહિત.

णिस्संदेह. त्रि० (निस्सन्देह) સંદેહ રહિત.

णिस्संधि. त्रि० (निस्सन्धि) સાંધ-છિદ્ર રહિત

णिस्संस त्रि० (निःशंस) પ્રશંસા રહિત.

णिस्संस. त्रि० (नृशंस) ઘાતકી; ક્રૂર.

णिस्सण्णा. त्रि० (निःसंज्ञ) સંજ્ઞા રહિત

णिस्सयर त्रि० (निःक्षर) કર્મને જુદા પાડનાર

णिस्सरण. त्रि० (निःशरण) (निस्सरण) } શરણ રહિત. (૨) ન० બહાર નીકળવું.

णिस्सल्ल. त्रि० (निःशल्य) માયા, નિયાણ અને મિથ્યાદંસણ એ ત્રણ શલ્ય રહિત.

णिस्ससिय. न० (निःश्वसित) નીચે શ્વાસ મુકવો તે.

णिस्सह त्रि० (निःसह) અનિયશક્ત, મંદ

णिस्सा. स्त्री० (निश्रा) આશ્રય, આલંબન.

णिस्साण. न० (निश्राण) અવલમ્બન.

णिस्साणपय न० (निश्राणपद) અપવાદ.

णिस्सार. त्रि० (निःसार) સાર રહિત, નિરર્થક (૨) જીર્ણ, પુરાણુ

णिस्सारिय त्रि० (निःसारित) બહાર કાઢેલ. (૨) ભ્રષ્ટ કરેલ.

णिस्सावयण न० (निश्रावचन) કોઈને પ્રતિબોધ પમાડવાને તેવા ગુણવાળાનું કોઈ દૃષ્ટાંત આપવું તે

णिस्सास. पुं० (निःश्वास) નિશ્વાસ, નીચોશ્વાસ.

णिस्सिंसिचिय. न० (निःसिञ्चित) અવ્યક્ત શબ્દ વિશેષ

णिस्सिय. त्रि० (निःश्रित) મેળવેલ. (૨) નિશ્રય બાંધેલ. (૩) લિઙ્ગપ્રમિત. (૪) આશ્રિત. (૫) આસક્ત થયેલ. (૬) ન० રાગ, આહાર આદિની લોલુપતા.

णिस्सिय त्रि० (निःसृत) નીકળેલ

णिस्सील. त्रि० (निःशील) સારા સ્વભાવથી રહિત, દુઃશીલ. (૨) આચાર રહિત. (૩) સમાધિ-શાન્તિ રહિત. (૪) શીયળ વગરનો, બ્રહ્મચર્યવ્રત રહિત. (૫) મહાવ્રત કે અણુવ્રત રહિત.

णिस्सेणि. स्त्री० (निःश्रेणि) નિસરણી.

णिस्सेयस. न० (निःश्रेयस) કલ્યાણ; મંગલ (૨) મોક્ષ; નિર્વાણ. (૩) અભ્યુદય; ઉન્નતિ.

णिस्सेयसिय. त्रि० (नैःश्रेयसिक) મોક્ષાભિલાષી; મુમુક્ષુ.

णिस्सेस पुं० (निःश्रेयस) મોક્ષ.

णिस्सेस त्रि० (निःशेष) સમ્પૂર્ણ, સર્વ.

णिह. त्रि० (निह) માયાવી. (૨) ક્રોધ આદિથી પીડિત. (૩) આઘાતનું ઠેકાણું, ઘાતના સ્થાન.

णिह त्रि० (स्निह) રાગી; મમત્વવાળો. (૨) ન० તેલ.

णिहट्ट. अ० ( ) જુદું કરવું તે. (૨) સ્થાપન કરવું તે.

णिहण न० (निधन) વિનાશ, છેડો.

णिहत्त. न० (निधत्त) પરસ્પર મળેલ કર્મપુદ્ગલોને દૃઢપણે ધારણ કરવા તે, કર્મબન્ધનો એક પ્રકાર.

णिहत्तण न० (निधत्तन) કર્મનું નિબિડ બન્ધન.

णिहय. त्रि० (निहत) હણેલ, મારેલ.

णिहरण. न० (निस्सरण) નિર્ગમન, બહાર નીકળવું તે. (૨) અપનયન

णिहस. पुं० (निकष) કસોટી, કસોટી કાઢવાનો પત્થર.

णिहा. स्त्री० (निहा) માયા, કપટ

णिहाण. न० (निधान) चक्रवर्तीनां नव निधान. (२) खजानो.

णिहार. पु० (निहार) शौचक्रिया.

णिहारिम न० (निर्हारिम) जेना शबने बहार काढीने संस्कार करवामां आवे तेनुं मरण. (२) त्रि० दूर जनार

णिहि. पु० (निधि) भंडार. खजानो (२) ए नामनो एक द्वीप अने एक समुद्र. (३) धन आदिथी भरेलुं पात्र (४) च-क्रवर्ती राजानी संपत्ति विशेष; नैसर्प आदि नव निधि.

णिहिपइ. पु० (निधिपति) भंडारी, निधाननो धणी, खजानची.

णिहिरयण. न० (निधिरत्न) चक्रवर्तीनुं नि-धान-खजानो.

णिही. स्त्री० (निही) अनन्तजीववाळी वन-स्पतिनी एक जात

णिहु. स्त्री० (स्निहु) ए नामनी एक व-नस्पति, कंद विशेष. (२) औषधि विशेष.

णिहुय. त्रि० (निभृत) निवृत्त थयेल. प्रवृ-त्तिरहित. (२) प्रशान्तवृत्तिवाळो. (३) निश्चळ, अचळ.

णिहुअ. न० ( ) अकिंचित्कर.

णिहं अ० (न्यक्) नीचे.

णीआगोय. न० (नीचगोत्र) गोत्रकर्मनी अ-शुभ प्रकृति.

णीइ. स्त्री० (नीति) नैगम आदि नय. (२) नीति, न्याय

णीच. त्रि० (नीच) नीचो; हलको.

णीछूढ. न० (निष्ठ्यूत) थुंकेलुं; थूंक.

णीजूह. न० (निर्यूह) जुओ " णिज्जूह " शब्द.

णीणिय. त्रि० (निर्णीत) बहार काढेल.

णीणिया स्त्री० (नीनिका) एक जातनो चार इंद्रियवाळो जीव.

णीति. स्त्री० (नीति) नीति; न्याय.

णीम. पु० (नीम) कदंबनुं झाड

णीय. त्रि० (नीत) लावेल, आणेल.

णीय त्रि० (नित्य) नित्य; हमेश रहेनार.

णीय. त्रि० (नीच) नीचुं, नानुं; ठींगणुं. (२) नीच, हलको, नीचा कुळनो.

णीयागोय न० (नीचगोत्र) गोत्रकर्मनी अ-शुभ प्रकृति; हलकुं गोत्र. (२) त्रि० नीच गोत्रमां उत्पन्न थयेल.

णीयागोयकम्म. न० (नीचगोत्रकर्मन्) गोत्र कर्मनी अशुभप्रकृति के जेना उदयथी जीव नीच गोत्र पामे करे छे.

णीरय. त्रि० (नीरजस) रजरहित; निर्मळ. (२) पु० ब्रह्मदेवलोकना एक प्रस्तर

णीरिति पु० (नैर्ऋति) मूळ नक्षत्रनो अधि-ष्ठाता देवता.

णीरुव्विग्ग. त्रि० (निरुद्विग्न) उद्वेग रहित. चिन्ता रहित.

णीरोग त्रि० (नीरोग) रोग रहित. (२) ग्लानि रहित.

णील त्रि० (नील) श्याम, नीलुं. (२) पु० नीलो रंग (३) नीलम; एक जातनो मणि (४) जीव. (५) २५ मा ग्रहनुं नाम (६) स्त्री० नीललेश्या; छ लेश्यामांनी बीजी लेश्या. (७) प्राणसमूह. (८) म-हाधिष्ठायक देव विशेष. (९) पर्वत विशेष

णीलकंठ. पु० (नीलकण्ठ) शक्रेन्द्रनी महिष सेनानो अधिपति देवता.

णीलकंठय. पु० (नीलकण्ठक) मोर; मयूर.

णीलकणवीर. पु० (नीलकरवीर) नीलारंगनी कणेर; वृक्षनी एक जात.

णीलकूड. पु० (नीलकूट) नीलवंत वर्षधर पर्वतनुं एक शिखर.

णीलगुलिया. स्त्री० (नीलगुटिका) एक जा-तनुं रत्न.

णीलबंधुजीव. पु० (नीलबन्धुजीव) નીલા રંગના પુષ્પવાળું એક જાતનું ઝાડ.

णीललेस्स. त्रि० (नीललेश्य) નીલલેશ્યાવાળો જીવ.

णीललेस्सा. स्त्री० (नीललेश्या) ૬ લેશ્યામાંની બીજી લેશ્યા; અશુભ અધ્યવસાય વિશેષ

णीलवंत. पु० (नीलवत्)સીતા નદીને વચ્ચગાળે આવેલ એ નામનો એક દ્રહ. (૨) તેના વાસી નાગકુમાર દેવ. (૩) મન્દર પર્વતનું બીજું શિખર. (૪) નીલવંત પર્વત; મહાવિદેહની ઉત્તર તરફની સીમા બાંધનાર પર્વત. (૫) નીલવંત પર્વતનો અધિષ્ઠાતા દેવતા.

णीलवंतकूड. पु० (नीलवत्कूट) નીલવંત વર્ષધર પર્વતનું બીજું શિખર.

णीलवंतद्दहकुमार. पु० (नीलवद्द्रहकुमार) નીલવંત દ્રહનો અધિપતિ નાગકુમાર દેવ.

णीलवंतपव्वय. पु० (नीलवत्पर्वत) નીલવંત પર્વત

णीला स्त्री० (नीला) નીલલેશ્યા. (૨) જંબુદ્વીપના મેરૂની ઉત્તરે રક્તા મહાનદીને મળતી એ નામની એક મહાનદી

णीलाभास. पुं० (नीलाभास) ૨૬ મો મહા ગ્રહ

णीलासोग. पु० (नीलाशोक) નીલા રંગનું અશોકવૃક્ષ. (૨) એ નામનું સુદર્શન શેઠનું ઉદ્યાન.

णीलासोय. न० (नीलाशोक) સૌગંધિકા નગરીની બહારનું એક ઉદ્યાન.

णीली. स्त्री० (नीली) નીલી, ગળી. (૨) ગુચ્છ વનસ્પતિનો એક પ્રકાર.

णीलुप्पल. न० (नीलोत्पल) નીલોત્પલ; કમળ.

णीलोभास. त्रि० (नीलावभास) મયૂરના ગળા જેવું પ્રકાશમાન. (૨) पु० ૨૬ મા ગ્રહનું નામ.

णीव. पुं० (नीप) કદંબનું ઝાડ. (૨) न० તેના ફળ.

णीवार. पु० न० (नीवार) ખેડ્યા વગરની જમીનમાં ઉગેલ ધાન્ય વિશેષ, સામો, ચોખા પ્રભૃતિ.

णीसंक. त्रि० (निःशङ्क) શંકા રહિત.

णीसट्ठ. त्रि० (निःसृष्ट) વિમુક્ત. (૨) પ્રદત્ત.

णीसढ. त्रि० (निःसृष्ट) ફેંકેલ, મુકેલ.

णीसवय. त्रि० (निश्रावक) નિર્જરા કરનાર.

णीससिउच्छ्वसिअसम. (निःश्वसितोच्छ्वसितसम) ઉંચા નીચા સ્વરવાળું ગાયન.

णीससिय. न० (निःश्वसित) નીચે શ્વાસ મુકવો.

णीसा. स्त्री० ( ) વટી.

णीसास. पु० न० (निःश्वास) નીચે શ્વાસ મુકવો તે.

णीसेयस. न० (निःश्रेयस) નિશ્ચિત કલ્યાણ; મોક્ષ.

णीहडिया स्त्री० (निर्हृतिका) પીરસાણું.

णीहरण. न० (निर्हरण) મરણ સંસ્કાર. (૨) નીકળવું તે.

णीहार. पु० (नीहार) દિશાએ-શૌચક્રિયાએ જવું.

णीहारण. न० (निस्सारण) કાઢી મુકવું.

णीहारि त्रि० (निर्हारिन्) વ્યાપીજનાર; વિસ્તાર પામનાર. (૨) અવાજવાળું.

णीहारिम न० (निर्हारिम) જેના શબનું નિહરણ-અગ્નિસંસ્કાર વગેરે મરણ સંસ્કાર થઇ શકે તેવે સ્થળે સંથારો કરવો તે. (૨) ઘણે દૂર સુધી પહોંચે તેવું.

णीहू स्त्री० (नीहू) કન્દની એક જાત.

णु अ० (नु) પ્રશ્ન. (૨) વિતર્ક.

णुक्कार पुं० (नुकार) નુકાર શબ્દ કરવો તે.

णूणं. अ० (नूनम्) નક્કી; ચોક્કસ. (૨) તર્ક, પ્રશ્ન, હેતુ ઇત્યાદિ અર્થમાં વપરાતું અવ્યય.

णूम न० (नूम) ગાઢ અંધારૂં. (૨) પર્વતની ગુફા વગેરે ગુપ્ત સ્થળ. (૩) ઢાંકવું. (૪) માયા; કપટ. (૫) કર્મ.

णूमगिह न० (नूमगृह) ગીચ ઝાડીમાં આવેલું ઘર; કુંજઘર.

णे. अ० (णे) પાદપૂરણ.

णेआइय. त्रि० (नैयायिक) } ન્યાયયુક્ત; युक्ति प्र-
णेआउअ त्रि० (न्याय्य) } યુક્તિ સહિત. (૨) પુ૦ જેમાં નિશ્ચે મુક્તિ મળે તેવો માર્ગ. (૩) ત્રિ૦ ન્યાય શાસ્ત્ર જાણનાર.

णेउणिअ. त्रि० (नैपुणिक) નિપુણ, ચતુર. (૨) ન૦ અનુપ્રવાદ નામના પૂર્વ ગ્રંથની એક વસ્તુ.

णेउण्ण. न० (नैपुण्य) નિપુણતા; ચતુરાઈ.

णेउर. न० (नूपुर) પગનું આભરણ; ઝાંઝર (૨) બે ઇન્દ્રિય જીવ વિશેષ. (૩) ચાર ઇંદ્રિયવાળા જીવની એક જાત.

णेग. त्रि० (नैक) અનેક, બહુ.

णेगम न० (नैगम) વાણીયા-વ્યાપારીઓનું નિવાસ સ્થાન. (૨) પુ૦ શાસ્ત્રના અર્થમાં કુશળ. (૩) સાત નયમાંનો પહેલો નય

णेच्छइय. पु० (नैश्चयिक) નિશ્ચય નય.

णेतार. त्रि० (नेतृ) નાયક.

णेत्त. पु० न० (नेत्र) આંખ. (૨) નેતરૂં. (૩) નેતરની છડી; સોટી.

णेत्तसूल. न० (नेत्रशूल) નેત્રશૂળ, આંખનો કઢાપો.

णेम. पु० स्त्री० (नेम) જમીનથી ઉંચો નીકળતો પ્રદેશ; ભિંતની કિનારી. (૨) ન૦ મૂળ; જડ.

णेमि. पु० (नेमि) પૈડાનો ઘેરાવો, પૈડાની ધાર. (૨) બાવીસમા તીર્થંકર.

णेमित्तिय. न० (निमित्त) નિમિત્તશાસ્ત્ર, ૨૯ પાપશાસ્ત્રમાંનું એક.

णेम्म त्रि० (   ) સમાન, સરખું.

णेम्मा. स्त्री० (   ) જમીનથી નીકળતો પ્રદેશ.

णेय. त्रि० (ज्ञेय) જાણવા યોગ્ય.

णेयतिय. त्रि० (नैयतिक) નિત્ય

णेयाउय. त्रि० (नैयायिक) ન્યાયયુક્ત. (૨) ન્યાયદર્શન-ગૌતમ શાસ્ત્રને જાણનાર. (૩) મોક્ષમાર્ગ બતાવનાર ન્યાયયુક્ત શાસ્ત્ર.

णेयार त्रि० (नेतृ) નેતા; નાયક.

णेरइय पु० (नैरयिक) નરકમાં રહેનાર જીવ, નારકી. (૨) નરકગતિ, નરકનો ભવ-ભુગતાર.

णेरइयावास पु० (नैरयिकावास) નરકાવાસો.

णेरई. स्त्री० (नैर्ऋती) નૈઋતિ-રાક્ષસ જેનો દેવતા છે એવું નક્ષત્ર; મળ નક્ષત્ર (૨) દક્ષિણ અને પશ્ચિમ વચ્ચેની દિશા.

णेरुत्त. न० (नैरुक्त) વ્યુત્પત્તિ પ્રમાણે અર્થનો વાચક શબ્દ. (૨) ત્રિ૦ નિરૂક્ત શાસ્ત્રના જાણકાર

णेरुत्ति. स्त्री० (नैरुक्ति) વ્યુત્પત્તિ

णेरुत्तिय. त्रि० (नैरुक्तिक) વ્યુત્પત્તિ કરી શકાય તેવું; વ્યુત્પત્તિવાળું.

णेल्ल. त्रि० (नैल) ગળીનો વિકાર.

णेवत्थ. न० (नेपथ्य) વેષ; પોશાક. (૨) પડદો (૩) અલંકાર; આભૂષણ.

णेवाइय. त्रि० (नैपातिक) નિપાત નિષ્પન્ન નામ, અવ્યય આદિ.

णेसज्जि. त्रि० (नैषधिन) નિષદ્યા-પલાંઠી આસને બેસનાર.

णेसज्जिया. स्त्री० (नैषधिकी) નિષદ્યા-પલાંઠી આસને બેસનાર (સ્ત્રી)

णेसत्थिया. स्त्री० (नैसृष्टिकी) પત્થર વગેરે ફેંકવાથી લાગતી ક્રિયા.

णेसप्प. पु० (नैसर्प) ચક્રવર્તીનાં નવ નિધાનમાંનું એક. જેમાં ગામ, નગર આદિનું વર્ણન છે.

णेसाय. पु० (निषाद) નિષાદ નામનો સ્વર; સાત સ્વરમાંનો એક.

णेह. पु० (स्नेह) સ્નેહ; રાગ, પ્રીતિ. (૨) ચિકાશ.

णेहुर. पु० (नेहुर) એ નામનો એક અનાર્ય દેશ (૨) त्रि० તે દેશના મનુષ્ય.

णो. अ० (नो) નહીં; નિષેધ. (૨) મિશ્રણ. (૩) દેશ; ભાગ, અંશ

णोआगम. पु० (नोआगम) આગમનો અભાવ. (૨) આગમ સાથે મિશ્રણ. (૩) આગમનો એક અંશ. (૪) न० પદાર્થનું અપરિજ્ઞાન.

णोइंदिय. न० (नोइन्द्रिय) ઇંદ્રિયભિન્ન અને ઇંદ્રિય સદૃશ; મન

णोकसाय. पु० (नोकषाय) હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરૂષવેદ, નપુંસકવેદ એ નવ મોહનીયકર્મની પ્રકૃતિ, કષાયભિન્ન, કષાયસદૃશ, ઉપર્યુક્ત નવ પ્રકૃતિનો સમુદાય

णोकसायवेयणिज्ज. न० (नोकषायवेदनीय) મોહનીય કર્મની હાસ્યાદિ નવ પ્રકૃતિ.

णोकेवलणाण. न० (नोकेवलज्ञान) અવધિ અથવા મનઃપર્યવજ્ઞાન.

णोगुण. त्रि० (नोगुण) અયથાર્થ; અવાસ્તવિક.

णोजीव पुं० (नोजीव) અજીવ; નિર્જીવ. (૨) જીવનો પ્રદેશ.

णोतह. त्रि० (नोतथ) તેવા પ્રકારનું નહી.

णोल्लिय. त्रि० (नोदित) પ્રેરણા કરેલ; જવાને સન્મુખ કરેલ.

णोमल्लिया. } **णोमालिया.** } स्त्री० (नवमल्लिका) નવમાલતિ નામનું એક વૃક્ષ.

णोल्लिय त्रि० (नोदित) પ્રેરણા કરેલ.

ण्हवण. न० (स्नपन) સ્નાન

ण्हविय. त्रि० (स्नपित) સ્નાન કરેલ; નાહેલ.

ण्हाण. न० (स्नान) સ્નાન કરવું તે

ण्हाणपीढ. पु० न० (स्नानपीठ) સ્નાન કરવાનો પાટલો-બાજોઠ.

ण्हाणमल्लिया. स्त्री० (स्नानमल्लिका) સ્નાનમાં ઉપયોગી એક જાતનું સુગંધી વૃક્ષ; મોટી માલતી

ण्हाय. त्रि० (स्नात) નાહેલ; સ્નાન કરેલ.

ण्हारु न० } **ण्हारुणी** स्त्री० } (स्नायु) સ્નાયુ; નસ. (૨) માંસ તંતુ.

ण्हाविया स्त्री० (स्नापिका) સ્નાન કરાવનારી દાસી.

ण्हुसा स्त्री० (स्नुषा) પુત્રની વહુ; છોકરાની સ્ત્રી

त.

त त्रि० (तत्) તે; પહેલું.

तइ. त्रि० (तति) તેટલું-લી-લો.

तइ. अ० (तदा) ત્યારે; તે વખતે.

तइय. त्रि० (तृतीय) ત્રીજો-જી-જું.

तइया. स्त्री० (तृतीया) ત્રીજ.

तइया. अ० (तदा) તે વખતે; તે સમયે.

तइल्ल. न० (तैल) તેલ.

तईय त्रि० (तृतीय) જુઓ “ तइय ” શબ્દ

तईया. स्त्री० (तृतीया) જુઓ “ तइया ” શબ્દ.

तउ. न० (त्रपु) તરૂઓ; કલઈ. (૨) સીસું.

तउवग्गलेव पु० (त्र्युदकलेप) એક માસમાં ત્રણવાર નાભિ પ્રમાણે જળવાળી નદીમાં ઉતરવું તે.

तउपम. त्रि० (तदुपम) તેની બરાબર, તેના જેવું.

तउय. न० (त्रपुक) કલઈ; તરૂઓ.

तउयर पु० (त्रपुकर) રોગ વિશેષ.

तउस. न० (त्रपुष) એક જાતની વેલ; કાકડી. (२) ચીભડું.

तउसमिंजगा. } स्त्री० (त्रपुषमिञ्जिका) એક
तउसमिंजिया. } પ્રકારનો ત્રણ ઇંદ્રિયવાળો જંતુ.

तउसी. स्त्री० (त्रपुषी) કાકડી; વનસ્પતિ વિશેષ.

तए. अ० (ततस्) ત્યાર પછી. તે પછી. (२) તે કારણથી.

तओ. अ० (ततस्) ત્યાર પછી, ત્યારે.

त. अ० (तत्) વાક્યાલંકાર (२) કારણ, હેતુ.

तंजहा. अ० (तद्यथा) તે આ પ્રમાણે. ઉદાહરણ બતાવનાર અવ્યય.

तंडव. न० (ताण्डव) નૃત્ય, નાચ.

तंडुल. पु० (तण्डुल) ચોખા, ભાત. (२) ટીંબરૂનું ઝાડ.

तंत त्रि० (तान्त) ખિન્ન થયેલ; ખેદ પામેલ.

तंत. न० (तन्त्र) શાસ્ત્ર, સિદ્ધાંત, મંત્ર (२) વિદ્યા. (३) તાંતવાળાં વાજિંત્ર; સતાર વગેરે.

तंतव. पु० (तान्तव) ચાર ઇંદ્રિયવાળા જીવની એક જાત.

तंतिय. त्रि० (तान्त्रिक) તંત્રી-વીણા વગાડનાર.

तंती. स्त्री० (तन्त्री) વીણા; વાદ્ય વિશેષ. (२) વીણા વિશેષ. (३) તાંત; ચામડાની દોરી.

तंतु. पु० (तन्तु) તાંતણા, દોરા, તાર.

तंतुज. } त्रि० (तन्तुज) વસ્ત્ર; કપડાં.
तंतुय. }

तंतुवाय. पु० (तन्तुवाय) વણકર; કપડાં વણનાર

तंतुवायसाला. स्त्री० (तन्तुवायशाला) વણકરની શાળા. વણાટશાળા.

तंदुल पु० (तण्डुल) ચોખા, ચાવલ. (२) તંદુલ નામનો ચોખાના જેવડા શરીરવાળો એક જાતનો મચ્છ (३) એ નામની એક જાતની લીલી વનસ્પતિ.

तंदुलमच्छ. पु० (तन्दुलमत्स्य) ચોખાના દાણા જેવડા મચ્છ; તંદુલીયો મચ્છ.

तंदुलवेयालिय. न० (तण्डुलवैचारिक) ૨૯ ઉત્કાલિક સૂત્રમાંનું ૧૪ મું સૂત્ર.

तंदुलेज्जग. } पु० (तन्दुलीयक) તાંદળજો.
तंदुलेज्जय. }

तंब न० (ताम्र) તાંબુ. ધાતુની એક જાત (२) त्रि० રાતું.

तंबग. पु० (ताम्रक) એ નામનો ચાર ઇંદ્રિયવાળો જીવ.

तंबचूल. पु० (ताम्रचूड) કુકડો.

तंबूल. } न० (ताम्बूल) પાનપટી; તાંબૂલ.
तंबोल. }

तंबोली. स्त्री० (ताम्बूली) નાગરવેલ.

तंमण न० (तन्मनस्) દેવદત્ત વગેરેનું ઘટાદિ વિષયમાં મન તે તન્મન કહેવાય.

तंस. त्रि० (त्र्यस्र) ત્રિકોણાકાર; ત્રણ ખુણાવાળું.

तक्क न० (तक्र) છાશ.

तक्क. पु० (तर्क) તર્ક-જ્ઞાન વિશેષ. (२) વિચાર; તર્ક; ઉહાપોહ.

तक्कग. त्रि० (तर्कक) તર્ક કરનાર

तक्कणावित्ति. स्त्री० (तर्कणावृत्ति) નટ-નટાચાર્ય વગેરેનું કુળ.

तक्कम्मसेवि. न० (तत्कर्मसेविन्) મૈથુન કર્યા પછી કુતરાની પેઠે પોતાના વીર્યને ચાટનાર, નપુંસકનો એક પ્રકાર.

तक्कर. पु० (तस्कर) ચોર.

तक्करपओग. पु० (तस्करप्रयोग) શ્રાવકનાં ત્રીજા અદત્તાદાનવ્રતનો બીજો અતિચાર; ચોરને પ્રેરણા કરવી તે.

तक्कलि. } **तक्कली** } स्त्री० ( ) વૃક્ષ વિશેષ.

तक्का. स्त्री० (तर्क) તર્ક, કલ્પના

तक्कालं. अ० (तत्कालम्) તરત; જલદી.

तक्खणा न० (तत्क्षण) તત્કાળ; તેજ વખતે.

तगर. पु. (तगर) તગર, એક જાતનું સુગંધી દ્રવ્ય.

तगरा स्त्री० (तगरा) તગરા નદી

तच. त्रि० (तृतीय) ત્રીજો ૩-જુ. (૨) ત્રીજીવાર.

तच. न० (तत्त्व) સાર, પરમાર્થ.

तच. त्रि० (तथ्य) સત્ય; વાસ્તવિક, ખરેખર; પારમાર્થિક (२) न० સત્યતા.

तचं. अ० (त्रिः) ત્રણવાર.

तच्चावाय पु० (तत्त्ववाद) (तथ्यवाद) } દૃષ્ટિવાદ, તત્ત્વવાદ.

तच्चित्त. त्रि० (तच्चित्त) જેમાં જેનું મન લાગેલુ હોય તે, તલ્લીન.

तच्छणा. न० (तक्षण) લાકડા વગેરે છોલવા.

तच्छिय. त्रि० (तक्षित) છોલેલ.

तज्जणा न० (तर्जन) } **तज्जणा.** स्त्री० (तर्जना) } તર્જના કરવી, ઉલભોદેવો; તરછોડવુ

तज्जाय त्रि० (तज्जात) ગુરૂએ શિષ્યને શિખામણ આપતા જે શબ્દો કહ્યા, તેજ શબ્દો શિષ્ય ગુરૂને સંભળાવે કે તમે કેમ નથી કરતા તે. (૨) સમાન જાતિવાળું. (૩) સાધુને આપવા યોગ્ય દ્રવ્ય-ખાદ્ય પદાર્થ.

तज्जिय. त्रि० (तर्जित) તર્જના કરેલ.

तट्ठ. त्रि० (त्रस्त) ડર પામેલ. (२) न० મુહૂર્ત વિશેષ.

तट्ठ. त्रि० (तष्ट) છોલેલું; ઝીણુ કરેલુ.

तट्ठव. न० (ऋस्त) મુહૂર્ત વિશેષ

तट्ठार. पु० (त्वष्टृ) ચિત્રા નક્ષત્રનો અધિષ્ઠાતા દેવતા.

तड. पु० न० (तट) કિનારો; કાંઠો.

तडउडा स्त्री० ( ) આવળ.

तडत्थ. त्रि० (तटस्थ) તટસ્થ, મધ્યસ્થ

तडाग. पु० (तडाग) તળાવ; સરોવર.

तडि. स्त्री० (तडित्) વિજળી; વિદ્યુત્.

तडिअ. पु० (तटिक) કાંઠો, ભેખડ.

तडिअ. त्रि० (तत) વિસ્તૃત; ફેલાયેલ.

तडिगा. स्त्री० (तलिका) મોજડી; પગરખા.

तडितडिया स्त्री० (तडित्तडित्) વિજળીની પેઠે વિસ્તાર પામેલ.

तडिया. स्त्री० (तडित्) વીજળી; વિદ્યુત્

तडी. स्त्री० (तटी) નદી આદિનો કિનારો.

तण. न० (तृण) ઘાસ, ખડ, દર્ભ, ધ્રો વગેરે તરણા.

तणग. न० (तृणक) એક જાતનું ઘાસ (૨) ઘાસનુ પાથરણુ, ચટાઈ.

तणघर. न० (तृणगृह) તરણાનુ બનાવેલુ ઘર, ઝુપડી.

तणपणग. न० (तृणपञ्चक) પાંચ જાતનાં તૃણ, શાલિ, વ્રીહિ, કોદ્રવ, કાંગ અને શ્યામાક એ પાચ જાતના પલાલ તથા તરણા.

तणपरिसह. पु० (तृणपरिषह) } **तणफास.** पु० (तृणस्पर्श) } દાભડાની પથારીમા તરણાં લાગે તે, ૨૨ માંનો ૧૭ મા પરિષહ.

तणय. पु० (तनय) પુત્ર.

तणविंटय. } **तणवेंटय.** } पु० (तृणवृन्तक) ત્રણ ઇંદ્રિયવાળા જીવ વિશેષ.

तणसोलि. } **तणसोलिया.** } स्त्री० (तृणमोल्लिका) સફેદ ફૂલવાળી વનસ્પતિ વિશેષ, માલિકા.

तणहार. पु० (तृणाहार) ઘાસ ખાઈને જીવનાર; ઘાસનો કીડો; તેઇંદ્રિય જીવ વિશેષ

तणहारअ. पु० (तृणाहारक) ઘાસ સારનાર, ઘાસ વેચનાર.

तणु. त्रि० (तनु) બારીક; સૂક્ષ્મ. (૨) પુ० સ્ત્રી० દેહ; શરીર. (૩) ન० સ્વલ્પ; લઘુ પરિમાણ. (૪) છેક સૂક્ષ્મ હોવાથી સિદ્ધશિલાનુ એક નામ. (૫) શરીરનામ. નામકર્મની એક પ્રકૃતિ કે જેના ઉદયથી જીવ ઉદારિકાદિ શરીર પામે.

तणुई. स्त्री० (तन्वी) નાજુક અંગવાળી સ્ત્રી. (૨) સિદ્ધશિલાનુ એક નામ.

तणुग. न० (तनुक) શરીર. (૨) ત્રિ० સૂક્ષ્મ

तणुज. पु० (तनुज) પુત્ર.

तणुणाम. न० (तनुनामन) શરીરનામ, નામકર્મની એક પ્રકૃતિ

तणुतणु. स्त्री० (तनुतनु) } સિદ્ધશિલા.
तणुतणुई स्त्री० (तनुतन्वी) } મુક્તિશિલા, ઇષિત્પ્રાગભારા નામની પૃથ્વી.

तणुनाम. न० (तनुनामन्) શરીરરૂપ નામ કર્મની એક પ્રકૃતિ

तणुपज्जत्ति. स्त्री० (तनुपर्याप्ति) ૭ પર્યાપ્તિ માંની બીજી શરીર નામે પર્યાપ્તિ.

तणुय. त्रि० (तनुक) ઝીણુ, સૂક્ષ્મ, સ્વલ્પ (૨) દરિદ્રી; ગરીબ (૩) યાચક. (૪) ન० અગ્રભાગ. (૫) શરીર

तणुय. त्रि० (तनुज) તનુ દેહથી ઉત્પન્ન થયેલ, પુત્ર પુત્રી વગેરે.

तणुल. न० (तनुल) શારીરિક સુખ.

तणुवत्थुल. न० (तनुवस्थुल) એ નામની એક વનસ્પતિ

तणुवात. } पु० (तनुवात) ઘનવાનો આ
तणुवाय. } ધારભૂત તનુવા, બાદર વાયુકાયનો એક ભેદ.

तणुसोल्लिय. न० (तनुमौक्तिक)માલતીનુ ફૂલ

तणू. स्त्री० (तनू) ઇષત્પ્રાગભારા નામની પૃથ્વી.

तणुयतरा. स्त्री० (तनूकतरा) } સિદ્ધશિલા
तणुयरी स्त्री० (तनुतरी) }

तण्णग. पु० (तार्णक) } વાછરડો.
तण्णय. पु० (तर्णक) }

तण्हा. स्त्री० (तृष्णा) તૃષ્ણા; લાલસા, પિપાસા. (૨) તૃષા; તરસ.

तत. न० (तत) તાનથી વાગ તે; વીણા, સારંગી વગેરે. (૨) વચ્ચે પોલા અને બે તરફથી ચર્માદિકથી મઢેલ વાજિંત્રની એક જાત; ઢોલ, માદલ વગેરે. (૩) ત્રિ० વિસ્તાર પામેલ.

ततगति. स्त्री० (ततगति) એક ગામથી બીજે ગામ જતા સામે ગામ ન પહોંચાય ત્યાં સુધી ગતિનો વિસ્તાર થાય તે તતગતિ.

ततिय. त्रि० (तृतीय) ત્રીજો-જી-જું

ततिया स्त्री० (तृतीया) ત્રીજ.

ततो अ० (ततस्) ત્યાર પછી.

तत्त. न० (तत्त्व) રહસ્ય, સાર; તત્ત્વ. (૨) વસ્તુ; સત્પદાર્થ (૩) પરમાર્થ-યથાવસ્થિત (જેવો છે તેવો) લોકનો સ્વભાવ. (૪) જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ તત્ત્વ.

तत्त. त्रि० (तप्त) તપેલ; ગરમ થએલ

तत्तजला. स्त्री० (तप्तजला) સુવચ્છવિજયની પશ્ચિમ સરહદ ઉપરની એક અંતર નદી.

तत्तडिअ. न० ( ) રંગેલ વસ્ત્ર.

तत्तत्थ पु० (तत्त्वार्थ) પરમાર્થ; સારઅર્થ.

तत्तनिव्वुड. त्रि० (तप्तनिर्वृत) તપીને અચિત્ત થયેલ.

तत्तफासुअ. न० (तप्तप्रासुक) ગરમ કરેલ અચેત પાણી.

तत्तवई. स्त्री० (तत्त्ववती) સુઘોસ નગરના અર્જુન રાજાની રાણીનું નામ.

तत्ताणिव्वुड. त्रि० (तप्तानिर्वृत) તપેલ પણ પ્રાશુક-અચેત નહીં થયેલ.

तत्ताणुरूवत्त. न० (तत्त्वानुरूपत्व) ૧૫ મો સત્ય વચનનો અતિશય: તત્ત્વને અનુસરી બોલવુ તે.

तत्ति. स्त्री० (तृप्ति) संतोष; तृप्ति.

तत्ति. स्त्री० (तप्ति) તાપ; ક્રોધ. (૨) કાર્ય; પ્રયોજન.

तत्तिय. त्रि० (तावत्) તેટલું.

तत्तिल्ल. त्रि० (तावत्) તેટલું.

तत्तो अ० (ततः) ત્યાર પછી.

तत्थ. न० (तथ्य) સત્ય

तत्थ. त्रि० (स्तब्ध) સ્તબ્ધ થયેલ.

तत्थ. त्रि० (त्रस्त) ત્રાસ પામેલ.

तत्थ. अ० (तत्र) ત્યાં; તે ઠેકાણે.

तत्थेव. अ० (तत्रैव) ત્યાંજ.

तथारूव त्रि० (तथारूप) શાસ્ત્રમાં કહ્યું છે તેવા પ્રકારનો

तदवत्थ त्रि० (तदवस्थ) મૂળ હતું તેવું ને તેવું.

तदा अ० (तदा) ત્યારે, તે વખતે.

तदुभय त्रि० (तदुभय) તે બે

तद्धिय. पु० (तद्धित) અપત્યાદિ અર્થ બતાવનાર પ્રત્યય (૨) તદ્ધિત પ્રત્યયની પ્રાપ્તિના કારણભૂત અર્થ

तद्धियज्ञ. त्रि० (तद्धितज) તદ્ધિતથી બનેલું.

तधा अ० (तथा) તે પ્રકારે.

तप्प. पु० न० (तप्र) ત્રાપો. (૨) ત્રાપાને આકારે થતું નારકીનું અવધિજ્ઞાન.

तप्पग्र त्रि० (तल्पग) પથારી પર જનાર, સુનાર.

तप्पढमया स्त्री० (तत्प्रथमता) સૌની પહેલા, શરૂઆત

तप्पण. न० (तर्पण) એક ઉપકરણ. (૨) સાથવો. (૩) તેલ આદિ સ્નિગ્ધ પદાર્થ.

तप्पणालोडिय. न० (तर्पणालोडित) પાણીથી લોદો વાળેલ સાથવો.

तप्पभिइं. अ० (तत्प्रभृति) ત્યારથી માંડીને.

तप्पुरिस. पुं० (तत्पुरुष) તત્પુરુષ નામનો સમાસ, સમાસનો એક પ્રકાર

तब्भव. पुं० (तद्भव) તે ભવ; વર્તમાન ભવ.

तब्भवजीविय. न० (तद्भवजीवित) ઉદારિક શરીરવાળા મનુષ્ય અને તિર્યંચનું જીવન.

तब्भवमरण. न० (तद्भवमरण) તદ્ભવ મરણ; જે ગતિનુ આયુષ્ય ભોગવે છે તેજ ગતિનુ ફરી આયુષ્ય બાંધી મરણ પામે તે, બાળમરણનો એક પ્રકાર.

तब्भारिय. पु० (तद्भार्य) } દાસ.
तब्भारिय. (तद्भारिक) }

तब्भूम. त्रि० (तद्भौम) તે ભૂમિમાં ઉત્પન્ન થયેલ.

तम. पु० न० (तमस्) અંધકાર; અંધારૂં. (૨) મોહ. (૩) અજ્ઞાન

तमकाय पु० (तमस्काय) તમસ્કાય કે જે અરૂણવર સમુદ્રથી નિકળી પાંચમા દેવલોક સુધી પહોંચેલ છે

तमतमग पु० (तमस्तमाग) સાતમી નરકના જીવ.

तमतमप्पभा स्त्री० (तमस्तमःप्रभा) સાતમી નરક, સાતમી નરકની પૃથ્વીનુ ગોત્ર.

तमतमा. स्त्री० (तमस्तमा) ગાઢ અંધકારવાળી સાતમી નરક

तमतिमिर. (तमस्तिमिर) અંધકાર. (૨) અંધકારનો સમૂહ

तमप्पभा. } स्त्री० (तमःप्रभा) છઠ્ઠી નરકની
तमप्पहा. } પૃથ્વી.

तमबल. त्रि० (तमोबल) અસદાચારી, તસ્કર. (૨) न० અજ્ઞાનનું બળ.

तमरूव. न० (तमोरूप) તમસ્કાય; અરૂણવર સમુદ્રમાંથી અંધકારમય ધૂમસ ચડે છે તે.

तमस. पु० न० (तमस्) અંધકાર.

तमस्सई. स्त्री० (तमस्वती) ઘોર અંધકારવાળી રાત્રિ.

तमा. स्त्री० (तमा) છઠ્ઠી નરક પૃથ્વી. (૨) નીચી દિશાનું નામ.

तमाल. पु० (तमाल) તમાલનુ ઝાડ.

तमिस्र. न० (तमिस्र) અંધારૂ.

तमिसंधयार. પુ० (तमिस्रान्धकार) ગાઢ અંધારૂ.

तमिसगुहा. સ્ત્રી० (तमिस्रगुफा) કચ્છવિજયના વૈતાઢ્ય ઉપરનાં નવ કૂટમાનું છઠ્ઠું શિખર

तमिस्स. ન० (तमिस्र) ગાઢ અન્ધકાર

तमिस्सगुहा. સ્ત્રી० (तमिस्रगुहा) વૈતાઢ્ય પર્વતની વચ્ચે પશ્ચિમ બાજુની એક ગુફા કે જેમા થઇ ચક્રવર્તી ઉત્તર ભરતમાં દેશ સાધવા જાય છે

तमुक्काइय. પુ० (तमस्काधिक) તમસ્કાય કરનાર દેવ

तमुक्काय. પુ० (तमस्काय) અરૂણવર સમુદ્રમાંના પાણીના સૂક્ષ્મ પરિણામ રૂપ અન્ધકારનો સમૂહ.

तमुय ત્રિ० (तमस्) જન્માન્ધ. (૨) અત્યન્ત અજાની

तमोकसिय. ત્રિ० (तमःकषिक) ખરી ખાનાનો ઢાંક પીછાડા કરનાર. ગુપ્ત ક્રિયા કરનાર

तम्मण. ત્રિ० (तन्मनस्) તલ્લીન, તચ્ચિત્ત

तम्मय. ત્રિ० (तन्मय) તન્મય, તે સ્વરૂપ (૨) તેનો વિકાર

तम्मियय } ન० (तन्मात्रज) પાચ તન્માત્રથી ઉત્પન્ન થયેલ આકાશ આદિ પાચ મહાભૂત.
तम्मेयय. }

तम्हा. અ० (तस्मात्) તેટલા માટે

तय ત્રિ० (तत) વિસ્તૃત. પસારેલ. (૨) ન० વાદ્ય વિશેષ.

तय. સ્ત્રી० (त्वच) તજ. તેજનાની એક જાત.

तयक्खाय. પુ० (त्वक्खाद) લાકડાની અંદરની છાલ ખાનાર ઘુણો.

तयण्णवत्थुक. પુ० (तदन्यवस्तुक) ઉદાહરણનો એક પ્રકાર

तया અ० (तदा) ત્યારે; તે વખત.

तया. સ્ત્રી० (त्वच) તૃણ વનસ્પતિનો એક પ્રકાર. (૨) ચામડી; છાલ, ત્વચા.

तयाणंतर. ન० (तदनन्तर) ત્યાર પછી.

तयाणुग. ત્રિ० (तदनुग) તેનુ અનુસરણ કરનાર

तयामंत. ત્રિ० (त्वग्मत) ત્વચાવાળા.

तयाविस. પુ० (त्वग्विष) ચામડી માત્રના સ્પર્શથી ઝેર ચઢે એવા સર્પની એક જાત.

तयाहार પુ० (त्वगाहार) ઝાડની છાલનો આહાર કરનાર વાનપ્રસ્થની એક જાત.

तर પુ० ( ) દહી વગેરે ઉપર જે તર હોય તે

तर ન० (तरस्) વેગ, બળ

तरंग. પુ० (तरङ्ग) તરગ, મોજા, લહેર. (૨) કલ્લોલ

तरंड પુ० (तरण्ड) મછવો, ન્હાનુ વહાણ.

तरग. ત્રિ० (तरक) તરનાર. પાર પામનાર.

तरच्छ. પુ० (तरक्ष) તરસ; દીપડા, વાઘની એક જાત

तरण. ન० (तरण) તરવુ તે. પારપામવું. (૨) નૌકા. વહાણ.

तरणि સ્ત્રી० (तरणि) નાવા; વહાણ

तरणिज्ज ત્રિ० (तरणीय) તરવા યોગ્ય

तरतम. ત્રિ० (तरतम) ન્યૂનાધિક ભાવવાળો.

तरमल्लि. ત્રિ० (तरोमल्लि) વેગ ધારણ કરનાર; બળવાન્

तरमल्लिहायण. ત્રિ० (तरमल्लिहायन) વેગથી દોડી શકે તે અવસ્થાને પ્રાપ્ત થયેલ; ઘોડા, બળદ વગેરે (૨) તરૂણ; યુવાન.

तरय ત્રિ० (तरक) તરનાર.

तरल. ત્રિ० (तरल) ચચળ

तरलिय ત્રિ० (तरलित) ચચળ.

तरिअ. ત્રિ० (तीर्ण) તરી ગયેલ.

तरिअं. અ० (त्वरितम्) શીઘ્ર; જલદી.

तरियार ત્રિ० (तरितृ) તરનાર.

तरी સ્ત્રી० (तरी) તરવાનું સાધન; મચ્છવો.

तरू. પુ० (तरु) વૃક્ષ, ઝાડ. (૨) વનસ્પતિકાય.

तरुकाल. पु० (तरुकाल) વનસ્પતિકાળ; અનંતકાળ.

तरुण. त्रि० (तरुण) યુવાન; જુવાન (૨) નવીન; તાજું.

तरुणग. } **तरुणय.** } त्रि० (तरुणक) ન્હાનો બાળક; સ્તનંધય (૨) નવું. (૩) કાચું

तरुणरहस. पु० न० ( ) રોગ; બિમારી.

तरुणिया. स्त्री० (तरुणिका) કાચી વનસ્પતિ.

तरुणी. स्त्री० (तरुणी) યુવાન સ્ત્રી; યુવતિ

तरुणीपडिकम्म न० (तरुणीप्रतिकर्मन) સ્ત્રીને શોભાવવાનું વિજ્ઞાન, ૩૧ મી કળા

तरुपक्खंदोलय. त्रि० (तरुपक्षान्दोलक) ઝાડ ઉપરથી પડીને મરનાર, બાળમરણનો એક પ્રકાર

तरुपडण न० (तरुपतन) ઝાડ ઉપરથી પડીને મરવું તે; બાળમરણનો એક પ્રકાર.

तल पु० (तल) હાથનું તળીયું, હથેળી. (૨) મધ્યમ ખંડ (૩) તળીયું, ભૂમિનું તળ.

तल. पु० (ताल) તાડ વૃક્ષ અને તેનું ફળ (૨) હાથના તાલ; તાલીનો અવાજ.

तल पु० (तिल) તલ. એક પ્રકારનું ધાન્ય.

तलखोडा. स्त्री० ( ) એ નામનો ગુચ્છો; તેલિડા

तलण. न० (तलन) તળવું, ભુંજવું.

तलताल. पु० (तलताल) ગાયનના તાલ પ્રમાણે બે હથેળીથી પાડવામાં આવતા તાલ. (૨) વાદ્ય વિશેષ

तलभंगय. न० (तलभङ्गक) ભુજામાં પહેરવાનું આભૂષણ.

तलवर. पु० (तलवर) રાજાએ પ્રસન્નતાથી બક્ષીસ આપેલ રત્નજડિત સુવર્ણપટ્ટ મસ્તકે ધરનાર ધનવાન્ ગૃહસ્થ. (૨) કોટવાળ. (૩) તળાટી.

तलाग. } **तलाय** } पु० (तडाग) તળાવ; સરોવર.

तलार. पु० (तलवर) કોટવાળ.

तलिअ. त्रि० (तलित) તળેલ.

तलिअ. त्रि० (तलिक) જોડા-પગરખાથી ઢંકાયેલ પગ.

तलिआ. } **तलिगा.** } स्त्री० (तलिका) સપાટ; મોજડી.

तलिण त्रि० (तलिन) પાતળું, ઝીણું.

तलिम. न० (तलिमत) કરતાલ. વાદ્ય વિશેષ.

तलिम. पु० न० ( ) શય્યા, પલંગ વગેરે.

तलिमा स्त्री० (तलिमा) વાદ્ય વિશેષ

तलिय. त्रि० (तलित) તળેલ; ભુંજેલ

तलिया. स्त्री० (तलिका) એક જાતનું વાસણ.

तलुण. त्रि० (तरुण) જુઓ "तरुण" શબ્દ

तल्लज्ज न० (तल्लज) એક જાતનું ખડ

तल्लेस } **तल्लेस्स** } त्रि० (तल्लेश्य) તલ્લીન, તદાસક્ત.

तव. पु० न० (तपस्) જેનાથી કર્મનો ક્ષય થાય તે તપ, અનશન આદિ બાર પ્રકારનાં તપ. તપસ્યા

तवअ. पु० (तवक) તાવડો

तवग्ग पु० (तवर्ग) ત, થ, દ, ધ, ન. 'ત' નો વર્ગ.

तवग्गपविभत्ति. न० (तवर्गप्रविभक्ति) એ નામનું ૩૨ નાટકમાંનું ૧૮ મું નાટક.

तवचरण न० (तपश्चरण) તપનું આચરણ કરવું તે.

तवचरणि. त्रि० (तपश्चरणिन्) તપાનુષ્ઠાન કરનાર, તપસ્વી.

तवण. पु० (तपन) રવિ, સૂર્ય.

तवणच्चिमालि पु० (तपनार्चिमालिन्) તાપ કરતો સૂર્ય.

तवणा स्त्री० (तपना) સૂર્યનો તાપ; આતાપના.

तवणिज्ज. न० (तपनीय) રાતું સોનું, તપાવેલ સોનું.

तवणिज्जकूड. पु० (तपनीयकूट) જંબુદ્ધીપના રૂચક પર્વતનું એક કૂટ-શિખર.

तवणिज्ज. त्रि० (तपनीय) તપવા યોગ્ય.

तवतेण. त्रि० (तपःस्तेन) તપ સંબંધી જુઠું બોલનાર, તપ ચોર

तवय पु० (तवक) તાવડો; કડાઇ.

तवसमायारी. स्त्री० (तपःसामाचारी) બાર પ્રકારે તપ કરવું તે; તપનું અનુષ્ઠાન.

तवसमाहि. पु० (तपःसमाधि) તપની સમાધિ; કેવળ નિર્જરા અર્થ સમાધિભાવે તપ કરવું તે.

तवस्सि. त्रि० (तपस्विन्) અનશન આદિ બાર પ્રકારે તપ કરનાર

तवायार. पु० (तपआचार) બાર પ્રકારના તપનો આચાર; જેથી તપ શુદ્ધ થાય તે

तवारिह. त्रि० (तपोऽर्ह) તપને યોગ્ય; પ્રાયશ્ચિત્તનો છઠ્ઠો પ્રકાર.

तविय. त्रि० (तप्त) તપેલ, ગરમ થયેલ.

तविय. त्रि (तापित) તપાવેલ. (૨) સંતાપિત.

तवोकम्म. न० (तपःकर्मन्) કર્મને તપાવનાર તપકર્મ; તપોનુષ્ઠાન.

तवोकम्मगंडिया स्त्री० (तपःकर्म्मगण्डिका) તપકર્મના અધિકારવાળું પુસ્તક

तवोधण. न० (तपोधन) તપસ્વી; તપ એજ જેનું ધન છે તે

तवोमग्गगइ. स्त्री० (तपोमार्गगति) ઉત્તરાધ્યયનસૂત્રના ૩૦ મા અધ્યયનનું નામ

तवोवण. न० (तपोवन) તપોવન, તપ કરવાનું સ્થળ.

तवोवहाण. न० (तपउपधान) ઉપધાન તપ.

तव्वणिय. पु० (   ) બૌદ્ધધર્મને માનનાર; બૌદ્ધનો અનુયાયી.

तव्वत्थुअ. पु० (तद्वस्तुक) વાદીએ જે સાધનનો ઉપન્યાસ કર્યો હોય તેને લઇને જ પ્રતિવાદી ઉપપત્તિપૂર્વક પ્રત્યુત્તર આપે તે.

तव्वयण. पुं० न० (तद्वचन) વ્યુત્પત્તિ અનુસાર થતા અર્થને કહેનાર શબ્દ-યૌગિક શબ્દ પંકજ વગેરે.

तव्विह त्रि० (तद्विध) તે પ્રકારનું.

तस. पु० (त्रस) દુઃખથી ત્રાસ પામી એક સ્થાનથી બીજે સ્થાને જવાની ગતિ શકિતવાળા પ્રાણી; ત્રસ જીવ; બે ઈંદ્રિય આદિ જીવ. (૨) ત્રસકાય માર્ગણા. (૩) નામકર્મની એક પ્રકૃતિ કે જેના ઉદયથી જીવ ત્રસપણું પામે.

तसकाइय. त्रि० (त्रसकायिक) ત્રસકાય જીવ; જંગમ પ્રાણી.

तसकाय. पु० न० (त्रसकाय) હાલતા ચાલતા જીવ. બે ઇંદ્રિય, તેઇંદ્રિય, ચોઇંદ્રિય અને પંચેંદ્રિય જીવ, ત્રસ સમૂહ

तसजिय. पु० (त्रसजीव) ત્રસજીવ.

तसण. न० (त्रसन) હાલવું ચાલવું (૨) પલાયન.

तसनाडी. स्त्री० (त्रसनाडी) ત્રસ જીવોને રહેવાનો પ્રદેશ કે જે લોકની વચ્ચે એક રાજ પ્રમાણ લોકના નીચેના છેડાથી ઉપરના છેડા સુધી છે.

तसनाम. न० (त्रसनामन्) જેના ઉદયથી ત્રસપણું મળે, તેવી નામકર્મની એક પ્રકૃતિ.

तसपाण. पु० (त्रसप्राण) હાલતા ચાલતા પ્રાણી

तसरेणु. पु० (त्रसरेणु) વાલાગ્રનો ૬૪ મો ભાગ; રથરેણુનો આઠમો ભાગ

तसवाइया स्त्री० (त्रसवादिका) ત્રણ ઇંદ્રિય જીવ વિશેષ

तसिय त्रि० (त्रस्त) ત્રાસ પામેલ.

तह त्रि (तथ्य) યથાર્થ.

तह पु० (तथ) આજ્ઞાકારક, દાસ; નોકર.

तह. अ० (तथा) તે પ્રકારે; તેવી રીતે.

तहं. अ० (तथा) તેમજ; તે પ્રકારે.

तहक्कार. पु० (तथाकार) ગુરૂએ તત્વ પ્રતિપાદન કરતી વખતે કે શાસ્ત્રનો પાઠ આપતી વખતે શિષ્ય તહત્તિ-તે તેમજ છે એમ કહે તે; સામાચારીનો આઠમો પ્રકાર.

तहणाणा त्रि० (तथाज्ञान) પ્રશ્ન અને ઉત્તરને જાણનાર. (૨) न० સત્યજ્ઞાન.

तहत्ति. अ० (तथेति) તેમજ; તહેત; સ્વત્વનું પ્રતિપાદન કરતી વખતે બોલવાનો શબ્દ.

तहपि. अ० (तथापि) તોપણ.

तहप्पगार त्रि० (तथाप्रकार) તથા પ્રકારનું; તેવી રીતનું.

तहा अ० (तथा) તેમજ તેમ. વળી.

तहागय. पु० (तथागत) તથા-ભવભ્રમણથી ગત-નીકળેલ. ભવભ્રમણમાંથી નિવૃત્ત થયેલ; અરિહંત, ગણધર વિગેરે. (૨) સર્વજ્ઞ.

तहाभूय. त्रि० (तथाभूत) તેવા પ્રકારનું; યથાર્થ.

तहामुत्ति. स्त्री० (तथामूर्ति) સત્ય સ્વરૂપ. તથારૂપ.

तहारूव. त्रि० (तथारूप) શાસ્ત્રમાં વર્ણવ્યા છે તેવા, યથોક્ત ગુણના ધરનાર.

तहारूवसाहु. पु० (तथारूपसाधु) શાસ્ત્રમાં બતાવેલ આચાર પાળનાર સાધુ.

तहावि अ० (तथापि) તોપણ.

तहाविं त्रि० (तथाविद) નિપુણ ચતુર. (૨) पु० સર્વજ્ઞ.

तहाविह त्रि० (तथाविध) તે પ્રકારનું.

तहिं. अ० (तत्र) ત્યાં, તે ઠેકાણે.

तहिय. त्रि० (तथ्य) સત્ય, વાસ્તવિક.

तहियं. अ० (तत्र) ત્યાં; તે ઠેકાણે.

तहेव अ० (तथैव) તે પ્રકારે; તેમજ.

ता. अ० (तस्मात्) તેથી.

ता. अ० (तावत्) ત્યાંસુધી.

ताअ. पु० (तात) તાત; બાપ. (૨) પુત્ર; વત્સ.

ताइ. त्रि० (तायिन्) મોક્ષમાં જનાર.
ताइ. त्रि० (त्रायिन्) (૨) સ્વ અને પરનો રક્ષક; પરિપાલક.

ताइ. त्रि० (तापिन) તાપયુક્ત.

तागंध. पु० (तद्गन्ध) તેની ગંધ. (૨) તે ગંધની બરોબર ગંધ.

ताडण न० (ताडन) તાડન; મારવું તે.

ताण न० (त्राण) રક્ષણ કરવું તે. (૨) શરણ.

ताण. न० (तान) રાગ ગાવામાં પલટા મારવા તે.

तामरस. पु० न० (तामरस) કમળ.

तामलि. पु० (तामलि) સ્વનામ ખ્યાત એક તાપસ.

तामलित्ति. स्त्री० (ताम्रलिप्ति) એ નામની બંગદેશની એક નગરી, કે જ્યાં તામલિ તાપસનો જન્મ થયો હતો.

तामलित्तिया स्त्री० (ताम्रलिप्तिका) ગોદાસ થિવરથી નીકળેલ ગોદાસ ગણની પ્રથમ શાખા.

तामस. त्रि० (तामस) અજ્ઞાન ભાવવાળો. (૨) न० અન્ધકાર.

तामसबाण. पु० (तामसबाण) રણસંગ્રામમાં અન્ધકાર ફેલાવે તેવું બાણ.

ताय. पु० (तात) પિતા; બાપ.

तायत्तीस. स्त्री० (त्रयस्त्रिंशत) ૩૩; તેત્રીસ.

तायत्तीसग. पु० (त्रायस्त्रिंशक) ઇંદ્રના પૂજ્ય સ્થાનીય ત્રાયસ્ત્રિંશક જાતિના દેવતા.

तार. न० (तार) ચાંદી સોનાનો તાર. (૨) ત્રીજો સ્વર, અતિ ઉંચો સ્વર.

तारग. न० (तारक) આંખની કીકી. (૨) વિવેકજન્ય જ્ઞાન. (૩) બીજા પ્રતિ વાસુદેવ. (૪) તારા. (૫) पु० સૂર્યઆદિ નવ ગ્રહ.

तारगा. स्त्री० (तारका) યક્ષના ઇંદ્ર પૂર્ણભદ્રની ચોથી અગ્રમહિષી. (૨) નક્ષત્ર.

तारगा त्रि० (तारक) તારનાર; પાર ઉતારનાર.

तारय. त्रि० (तारक) તારનાર. (૨) પુ૦ બીજા પ્રતિવાસુદેવનું નામ.

तारया. स्त्री० (तारका) જુઓ "તારગા" શબ્દ

तारा. स्त्री० (तारा) સુગ્રીવની સ્ત્રી (૨) તારા, નક્ષત્ર (૩) આઠમા ચક્રવર્તી સુભૂમની માતા (૪) એ નામની એક મહાનદી

तारायगा. न० (तारायणा) એ નામના એક ઋષિ.

तारापह. पुं० (तारापथ) આકાશ, ગગન

तारावलिपविभत्ति पु० न० (तारावलिप्रविभक्ति) ૩૨ નાટકમાનું એક નાટક.

तारिअ त्रि० (तारित) તારેલ.

तारिम त्रि० (तार्य) તારવા યોગ્ય

तारिया स्त्री० (तारिका) તારિકા દેવી. (૨) આંખની કીકી.

तारिस त्रि० (तादृश) તેના જેવો. તેના સરખો.

तारुणग. } न० (तारुण्य) યૌવન, યુવાવસ્થા
तारुन्न. }

ताल. पु० (ताल) તાલ (તાડ) નું ઝાડ (૨) તેનું ફળ. (૩) કાંસીઆ ઝાંઝ વગેરે. (૪) હાથનો તાલ. ગાયનના સરમાં તાલ આપવો તે. (૫) એ નામનો ગોશાળાનો મુખ્ય શ્રાવક. (૬) તાળું

तालउड. न० (तालपुट) તાલપુટનામનું ઝેર. તત્કાળ પ્રાણ જાય તેવું ઝેર.

तालजंघ. त्रि० (तालजङ्घ) તાડના જેવી લાંબી જાંઘવાળો.

तालण. न० (ताडन) } ચપેટા દઈ મારવું.
तालणा. स्त्री० (ताडना) } તાડન કરવું.

तालद्धय. पु० (तालध्वज) તાલ વૃક્ષની ધ્વજાના ચિહ્નવાળા. બળદેવ.

तालना स्त्री० (ताडना) ટીપવું; કુટવું તે

तालपट्ट. न० (ताडपट्ट) તાડના ઝાડનો પંખો.

तालपलंब पु० (तालप्रलम्ब) ગોશાળાનો એક શ્રાવક. (૨) તાડનું ફળ.

तालपिसाय. पु० (तालपिशाच) લાંબી કાયાવાળો રાક્ષસ.

तालपुडविस न० (तालपुटविष) તાલપુટ ઝેર.

तालपुडगविस. न० (तालपुटकविष) તાળવું કાડી નાખે એવું ઝેર.

तालमूलय न० (ताडमूलक) તાડવૃક્ષના મૂળની પેઠે નીચે વિશાળ અને ઉપર સંકીર્ણ એવું એક જાતના પ્રાણિનું ઘર.

तालयर. पु० (तालचर) એક મનુષ્ય જાતિ; ચારણ.

तालवग्ग पु० (ताडवर्ग) તાડના અધિકારવાળો વર્ગ-પ્રકરણ.

तालविंट. न० (ताडवृन्त) તાડના પાંદડાંનો પંખો.

तालसंबुड. पु० (तालसंपुट) તાડના પાંદડાંનો પડીઓ

तालसम न० (तालसम) સરખા તાલમાં ગાવું તે (૨) ત્રિ૦ તાલ અનુસાર સ્વર.

तालाचर. } त्रि० (तालचर) તાલોટા વગાડી
तालायर } નાચનાર, નૃત્યકારનો એક વર્ગ (૨) પ્રેક્ષક વિશેષ, તાલ આપનાર પ્રેક્ષક.

तालायरकम्म न० (तालचरकर्मन्) તાલક્રિયા; નૃત્યકર્મ.

तालिय त्रि० (ताडित) તાડન કરેલ.

तालियंट न० (तालवृन्त) તાડના પાંદડાંનો પંખો.

तालिस. त्रि० (तादृश) તેવું, તેવા પ્રકારનું.

तालु. न० (तालु) તાળવું (૨) તાળું; સાચવણું.

तालुग्घाडणी. स्त्री० (तालोद्घाटनी) તાળાને ઉઘાડવાની વિદ્યા.

तालुय. न० (तालुक) } તાળવું.
तालुया स्त्री० (तालुका) }

ताव. अ० (तावत्) ત્યાંસુધી. (૨) પહેલાં.

ताव पु० (ताप) સૂર્યનો તડકો. (૨) તપાવવું તે. (૩) સંતાપ, દુઃખ.

तावइय. त्रि० (तावत्) તેટલું, તેટલા પ્રમાણવાળું.

तावं. अ० (तावत्) ત્યાં સુધી.

तावंचणं. अ० (तावच्च) તેટલામાં.

तावक्खेत्त. न० (तापक्षेत्र) સૂર્યનો તાપ જેટલા ક્ષેત્રમાં પડે તેટલું ક્ષેત્ર.

तावच्चणं. अ० (तावच्च) તેટલામાં.

तावणीय त्रि० (तापनीय) તાપવા યોગ્ય

तावतिय. त्रि० (तावत्) તેટલું

तावस. पु० (तापस) તપસ્વી, તાપસ. (૨) માઢર ગોત્રના આર્યશાન્તિકશ્રેણીના શિષ્ય.

तावसा. स्त्री० (तापसा) જૈન મુનિઓની એક શાખા.

तावसी. स्त्री० (तापसी) તાપસી, તપ કરનાર સ્ત્રી.

ताविच्छ. पु० न० (ताविच्छ) તમાલ વૃક્ષ

ताविय त्रि० (तापित) તપાવેલું

तास पु० (त्रास) ત્રાસ; બીક, ભય.

तासणग्र. त्रि० (त्रासनक) ત્રાસ-આકસ્મિક ભય ઉપજાવનાર.

तासन. त्रि० (त्रासन) ત્રાસ ઉપજાવનાર.

तासि. त्रि० (त्रासिन्) પોતે બીએ અને બીજાને બીવરાવે તે.

तासिय. त्रि० (त्रासित) ત્રાસ પામેલ.

ताहे. अ० (तदा) ત્યારે; તે વખતે.

ति. अ० (इति) આ પ્રકારે, આમ. (૨) ઇતિ, સંપૂર્ણ; સમાપ્તિ.

ति. अ० (त्रिः) ત્રણવાર.

ति. त्रि० (त्रि) ત્રણ.

तिअग. न० (त्रिकक)
तिअय. न० (त्रितय) } ત્રણનો સમૂહ.

तिअसिंद. पुं० (त्रिदशेन्द्र) દેવતાનો અધિપતિ; ઇન્દ્ર.

तिआल. स्त्री० न० (त्रिचत्वारिंशत्) તેંતાળીસ; ૪૩

तिइंदिय. पु० (त्रीन्द्रिय) ત્રણ ઇંદ્રિયવાળા જીવ.

तिइक्खा. स्त्री० (तितिक्षा) ક્ષમા, સહિષ્ણુતા.

तिउट्ट. त्रि० (त्रुट) તૂટેલ.

तिउडग. पु० ( ) ધાન્યની એક જાત. ૨૪ પ્રકારના ધાન્યમાનું એક.

तिउण. त्रि० (त्रिगुण) ત્રગણું

तिउत्तर. त्रि० (त्र्युत्तर) ત્રણ ઉપર, ત્રણથી અધિક.

तिउल त्रि० (त्रितुल) મન વચન અને કાયા એ ત્રણની તુલના કરીને જીતનાર.

तिऊड पु० (त्रिकूट) વચ્છવિજયના પશ્ચિમ સરહદ ઉપરનો વખારો પર્વત

तिओय. न० (त्र्योजस) વિષમ રાશિ વિશેષ

तिंतिणिअ. न० ( ) એકના વચન બોલવા તે, બડબડ કરવું તે (૨) त्रि० બડબડ કરનાર.

तिंदुक.
तिंदुग
तिंदुय. } पु० (तिन्दुक) બહુ બીજવાળા ફળવાળું એક જાતનું ઝાડ. (૨) વાણારસી નગરીનું તિન્દુકના ઝાડવાળું તિંદુક નામે ઉદ્યાન. (૩) સાવત્થી નગરીની બહારનું એ નામનું એક ઉદ્યાન (૪) ૧૧ મા તીર્થંકરનું ચૈત્યવૃક્ષ.

तिंदूस. पु० (तिन्दूस)
तिंदूसग.
तिंदूसय (तिन्दूसक) } બહુબીજ ફળવાળું એક ઝાડ (૨) દડો.

तिक. पु० (त्रिक) ત્રણનો સમૂહ.

तिकडुय. न० (त्रिकटुक) સુંઠ, મરી અને પિપર એ ત્રણ કડુ.

तिकणइय. त्रि० (त्रिकनयिक) દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક અને ઉભયાર્થિક એમ ત્રણ નયનો આશ્રય કરનાર.

तिकरण. त्रि० (त्रिकरण) મન વચન અને કાયા એ ત્રણ કરણ.

तिकल्ल न० (त्रिकाल्य) ત્રણ કાળનો વિષય

तिकाल. पु० (त्रिकाल) ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણ કાળ

तिकूड. पु० (त्रिकूट) જંબૂદ્વીપના મેરૂની પૂર્વે આવેલી શીતોદા મહાનદીની દક્ષિણ દિશામાં આવેલો એક વખારા પર્વત

तिकोण. त्रि० (त्रिकोण) ત્રિકોણાકાર પદાર્થ (૨) न० શીંગોડાનું ફળ

तिक्ख. त्रि० (तीक्ष्ण) તીખું; તીક્ષ્ણ. (૨) વેગવાન. (૩) કઠોર. નિષ્ઠુર

तिक्खुत्तो. अ० (त्रिकृत्वस्) ત્રણવાર

तिग. न० (त्रिक) ત્રણ રસ્તાનો સંગમ

तिगडुय. न० (त्रिकटुक) સુંઠ, પીપર અને મરી-તીખા એ ત્રણ ઔષધિ

तिगरण. न० (त्रिकरण) મન, વચન અને કાયા એ ત્રણ કરણ

तिगिंच्छकूड. न० (तिगिञ्छकूट) શિખરી પર્વતનાં ૧૧ કૂટમાનું અગીઆરમું કૂટ

तिगिंछिद्दह. पु० (तिगिञ्छिद्रह) નિષધ પર્વત ઉપરનો દ્રહ.

तिगिच्छ. पु० (तिगिञ्छ) એ નામનો એક દ્રહ (૨) દશમા દેવલોકનું એક વિમાન.

तिगिच्छ. पु० (चिकित्स) ચિકિત્સા કરનાર; વૈદ

तिगिच्छग. त्रि० (चिकित्सक) ચિકિત્સા કરનાર; વૈદ, હકીમ વગેરે.

तिगिच्छण. न० (चिकित्सन) ચિકિત્સા કરવી.

तिगिच्छय. न० (चैकित्स्य) ચિકિત્સા.

तिगिच्छय त्रि० (चिकित्सक) ચિકિત્સા કરનાર; વૈદ્ય.

तिगिच्छा. स्त्री० (चिकित्सा) ચિકિત્સા રોગ નિવારણ ઉપાય. (૨) ઉપાયણના ૧૬ દોષમાંનો છઠ્ઠો દોષ.

तिगिच्छायण. पु० (चिकित्सायन) જ્યેષ્ઠા નક્ષત્રનું ગોત્ર.

तिगिच्छासत्थ. न० (चिकित्साशास्त्र) ચિકિત્સા શાસ્ત્ર. આયુર્વેદ.

तिगिच्छि. पु० (तिगिच्छि) શિખરી પર્વતનુ એક શિખર. (૨) નિષધ પર્વત ઉપરનો એક દ્રહ. (૩) ફૂલની રજ.

तिगिच्छिकूड पु० (तिगिच्छिकूट) ચમરેંદ્રનો એક ઉત્પાત પર્વત.

तिगिच्छिणयरी. स्त्री० (तिगिच्छिनगरी) तिगिच्छि નામની નગરી.

तिगिच्छिद्दह पु० (तिगिच्छिद्रह) નિષધ પર્વતની વચ્ચેનો એક દ્રહ

तिगिच्छिय. पु० (चिकित्सक) ચિકિત્સા કરનાર. વૈદ્ય.

तिगिच्छिय. न० (चैकित्स्य) રોગની ચિકિત્સા કરવી તપાસ

तिगुण. त्रि० (त्रिगुण) ત્રણગણું. (૨) દ્રષ્ટિવાદાન્તર્ગત સિદ્ધશ્રેણિ પરિકર્મનો નવમો ભેદ.

तिगुत्त. त्रि० (त्रिगुप्त) મન વચન અને કાયાથી ગુપ્ત-સુરક્ષિત

तिगुत्ति. स्त्री० (त्रिगुप्ति) મન વચન અને કાયાને પાપથી ગોપવવારૂપ ત્રણ ગુપ્તિ.

तिघरंतरिय. त्रि० (त्रिगृहान्तरिक) ત્રણ ઘરને આંતરે ભિક્ષા લેનાર ગોશાળાના મતનો અનુયાયી.

तिचक्खु पु० (त्रिचक्षु) ચક્ષુરિંદ્રિય પરમશ્રુત અને પરમ અવધિ એમ ત્રણ જ્ઞાનરૂપી ચક્ષુ ધરનાર તથા રૂપના સાધુ.

तिजय पु० (त्रिजगत्) ત્રણલોક.

तिट्ठाण न० (त्रिस्थान) સરખા ત્રણસ્થાન-હૃદય, કંઠ અને મસ્તક (૨) पु० કર્મનો ત્રિઠાણીયો રસ.

तिड्डु. पु० ( ) તિડ

तिण. न० (तृण) ઘાસ; ખડ

तिणइय. न० (त्रिनयिक) ત્રણ નયવાળું સૂત્ર

तिणय. त्रि० (त्रिनत) આદિ મધ્ય અને અવસાનમાં નમેલ.

तिणयण. पु० (त्रिनयन) શંકર; શિવ.

तिणसूय न० (तृणशूक) તૃણનો આગલો ભાગ.

तिणहत्थय. पु० (तृणहस्तक) ઘાસના પૂળા.

तिणिस. पु० (तिनिश) વૃક્ષવિશેષ, નેતરનું ઝાડ

तिणिसलया स्त्री० (तिनिशलता) નેતરની છડી.

तिण्ण. त्रि० (तीर्ण) પાર પામેલ, તરી ગયેલ.

तिणाणि. त्रि० (त्रिज्ञानिन्) મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાનવાળો.

तिणिगग पु० (तीर्णक) એ નામનો એક દેશ. (૨) ત્રિ० તે દેશમા રહેનાર મનુષ્ય

तिण्हा स्त्री० (तृष्णा) તૃષ્ણા, પિપાસા.

तितिक्ख त्रि० (तितिक्षु) પરિષહ આદિ સહન કરનાર, દીનતા રહિત.

तितिक्खण न० (तितिक्षण) સહન કરવું તે

तितिक्खा स्त्री० (तितिक्षा) તિતિક્ષા પરિષહ સહન કરવા તે, સહનશીલતા

तितिक्खिय त्रि० (तितिक्षित) સહન કરેલ

तित्त त्रि० (तृप्त) તૃપ્ત, સંતુષ્ટ

तित्त. पु० (तिक्त) તીખો રસ (૨) ત્રિ० તીખારસવાળુ તીખું. (૩) તિક્તરસનામ કર્મ, નામકર્મની એક પ્રકૃતિ કે જેના ઉદયથી જીવ તીખો રસ પામે છે.

तित्तणाम न० (तिक्तनामन) નામકર્મની એક પ્રકૃતિ.

तित्तरसणाम. न० (तिक्तरसनामन) નામ કર્મની એક પ્રકૃતિ.

तित्तलाउय न० (तिक्तालाबुक) કડવી તુંબડી.

तित्ति स्त्री० (तृप्ति) તૃપ્તિ; સંતાપ

तित्तिर. पु० (तित्तिर) તેતર પક્ષી.

तित्तिर लक्खण. न० (तित्तिरलक्षण) તેતરના સ્વરૂપનું પ્રતિપાદન કરનાર ગ્રન્થ વિશેષ.

तित्तिस. } **तित्तीस** } स्त्री० न० (त्रयस्त्रिंशत्) ૩૩; તેત્રીસની સંખ્યા.

तित्थ पु० (त्रिस्थ) } **तित्थ** पु० (त्र्यर्थ) } સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાનો સમુદાય, જૈન સંઘ.

तित्थ. पु० न० (तीर्थ) ગંગા જમુના વગેરે લૌકિક તીર્થ. (૨) સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપ સંઘ-સમુદાય. (૩) શાસન, તીર્થંકરનું સામ્રાજ્ય. (૪) તરવાનું સ્થાન. (૫) તીર્થંકર નામ; નામકર્મની એક પ્રકૃતિ કે જેના ઉદયથી જીવ તીર્થંકરપણું પામે. (૬) દર્શન; મત. (૭) નદી વગેરેમાં ઉતરવાનો રસ્તો (૮) યાત્રાનું સ્થાન

तित्थंकर } **तित्थंयर.** } पु० (तीर्थकर) **तित्थकर.** } **तित्थगर** } पु० (तीर्थकर) ચાર તીર્થને સ્થાપનાર, તીર્થંકર. (૨) નામકર્મની એક પ્રકૃતિ, જેના ઉદયથી જીવ તીર્થંકર પદ પ્રાપ્ત કરે છે.

तित्थगरसिद्ध पु० (तीर्थकरसिद्ध) તીર્થંકરપદ પ્રાપ્ત કરીને સિદ્ધ થનાર.

तित्थनाह. पु० (तीर्थनाथ) તીર્થના અધિષ્ઠાતા; તીર્થંકર.

तित्थपवत्तणचरियणिबद्ध. (तीर्थप्रवर्त्तनचरित्रनिबद्ध) ૩૨ નાટકમાંનું એક પ્રકારનું નાટક.

तित्थभेय. पु० (तीर्थभेद) તીર્થમાં ભેદ પાડવો તે.

तित्थयर. पु० (तीर्थकर) સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, એ ચાર તીર્થ સ્થાપનાર.

तित्थयरगंडिया स्त्री० (तीर्थकरगण्डिका) તીર્થંકરના ચરિત્રવાળો ગ્રંથ વિભાગ.

तित्थयरणामगोयकम्म. न० (तीर्थकरनामगोत्रकर्मन्) નામકર્મની એક પ્રકૃતિ કે જેના ઉદયથી જીવ તીર્થંકર નામ ગોત્ર પામે

तित्थयरसिद्ध. पुं० (तीर्थकरसिद्ध) તીર્થંકરપણે સિદ્ધ થનાર.

तित्थसिद्ध पु० (तीर्थसिद्ध) तीर्थ स्थपाया पछी सिद्ध थनार.

तित्थाहिव. पु० (तीर्थाधिप) चतुर्विध तीर्थना अधिपति; तीर्थंकर.

तित्थीय. त्रि० (तीर्थीय) दार्शनिक, ते ते दर्शनना विद्वान्. (२) कोईपण दर्शनना अनुयायी

तित्थुगालिय न० (तीर्थोद्गालिक) ए नामनो एक पयन्नो, दश पयन्नामांनु एक.

तिदंड. पु० (त्रिदण्ड) संन्यासीनुं एक स्नाननु उपकरण, त्रिदंडीनी लाकडी. (२) तेने धारण करनार. सन्यासी.

तिदंडि पु० (त्रिदण्डिन्) त्रण दंड धारण करनार सन्यासी; त्रिदंडी

तिदंडिय. न० (त्रिदण्डिक) सन्यासीने राखवानी लाकडी, जेना योगथी त्रिदंडी कहेवाय छे ते.

तिदिसा. / **तिदिसि.** स्त्री० न० (त्रिदिश) चार दिशामांनी गमे ते त्रण दिशा

तिदुल त्रि० (त्रिदोल) मन वचन अने कायाने डोलावनार

तिनवइ स्त्री० (त्रिनवति) त्राणुं ९३ नी संख्या

तिन्न. त्रि० ( ) आर्द्र थयल, पाणीथी पलळेल

तिन्न. त्रि० (तीर्ण) तरी गयल. पार पामेल

तिन्नाण न० (त्रिज्ञान) मति, श्रुत अने अवधि ए त्रण ज्ञान.

तिपंच. त्रि० (त्रिपञ्च) पंदर. १५

तिपासिय त्रि० (त्रिपाशित) दोराना त्रण वेष्टन-आटाथी बांधेल

तिपुंज. न० (त्रिपुञ्ज) शुद्ध अशुद्ध अने मिश्र ए त्रण पुद्गलनो समूह.

तिपुड. त्रि० (त्रिपुट) त्रण पडवाळुं.

तिप्पण. न० / **तिप्पणया.** स्त्री० (तेपन) आंखमांथी टीपां पाडी रोवुं. (२) दुःख देवु. हिंसा करवी.

तिफास. पु० (त्रिस्पर्श) आठ स्पर्शमांना त्रण स्पर्श

तिभाग. पु० (त्रिभाग) तृतीयांश; त्रीजो भाग.

तिमहुर न० (त्रिमधुर) घी, साकर अने मध.

तिमासिय. त्रि० (त्रिमासिक) त्रण मासनु, त्रण महिनानु.

तिमासियभत्त. न० (त्रिमासिकभक्त) त्रण मासना उपवास

तिमासिया. स्त्री० (त्रिमासिकी) भिखुनी त्रीजी पडिमा के जेमां एक महिना सुधी त्रण दात अन्ननी अने त्रण दात पाणीनी लई शकाय.

तिमि. पु० (तिमि) मोटुं माछलुं; मच्छनी एक जात.

तिमिंगिल. पु० (तिमिङ्गिल) ए नामनो एक जातनो मच्छ

तिमिंगिलगिल. पु० (तिमिङ्गिलगिल) ए प्रकारनो महान् मच्छ

तिमिर. न० (तिमिर) अंधकार. (२) पर्वतनी वनस्पतिनो एक प्रकार.

तिमिरिस पु० ( ) वृक्षविशेष.

तिमिसा. स्त्री० (तिमिस्रा) भरतना वैताढ्य पर्वतनी एक गुफा के जेमां थई चक्रवर्ती दक्षिण भरतार्द्धमांथी उत्तरार्द्धमां जई शके छे

तिमिस्सगुहा. स्त्री० (तिमिस्रगुहा) जुओ "तिमिसा" शब्द.

तिमिस्सा. स्त्री० (तिमिस्रा) जुओ "तिमिसा" शब्द.

तिमुह. पु० (त्रिमुख) त्रीजा संभवनाथ तीर्थंकरना यक्षनु नाम.

तिय. न० (त्रिक) त्रणनो समुदाय. (२) शरीरनो एक अवयव, वांसाना करोडनो एक भाग. (३) त्रण मार्ग भेगा थाय ते स्थळ; त्रिकोण मार्ग.

तिय. त्रि० (तृतीय) त्रीजुं.
तियस. पु० (त्रिदश) देवता.
तियाह. पु० (त्र्याह) त्रण दिवस.
तिरच्छिअय. त्रि० (तिरश्चीन) त्रिच्छो.
तिरयण न० (त्रिरत्न) सम्यग् ज्ञान, सम्यग् दर्शन अने सम्यक् चारित्र ए मोक्ष साधन रूप त्रण रत्न.
तिराइय. त्रि० ( ) ताडन करेल.
तिरासि. न० (त्रिराशि) त्रैराशिक मत प्रमाणे जीव, अजीव अने जीवाजीव एम त्रण राशि-पदार्थ समूह.
तिरि त्रि० (तिर्यच्च) तिर्यच.
तिरिक्ख त्रि० (तिर्यच) तिर्यच. (२) पु० पशु पक्षी वगेरे प्राणी (३) मर्त्यलोक, मध्यलोक. (४) न० मध्य; वचमा.
तिरिक्खगइ स्त्री० (तिर्यग्गति) तिर्यचनी गति
तिरिक्खजंभग. पु० (तिर्यग्जृम्भक) देवोनी एक जाति.
तिरिक्खजोणि. पु० (तीर्यग्योनि) पशु, पक्षी वगेरे तिर्यच
तिरिक्खजोणि. स्त्री० (तिर्यग्योनि) } तिर्य-
तिरिक्खजोणिणी. स्त्री० (तिर्यग्योनिका) } चणी तिर्यचनी स्त्री.
तिरिक्खजोणिय. त्रि० (तिर्यग्योनिक) तिर्यच योनिमा उत्पन्न थयेल.
तिरिक्खदिसा } स्त्री० (तिर्यग्दिश्) पूर्व
तिरिक्खदिसि. } आदि दिशा.
तिरिक्खपव्वय. पु० (तिर्यक्पर्वत) वचमा पडेला पर्वत; मार्गने अटकावनार पर्वत.
तिरिक्खभित्ति. स्त्री० (तिर्यग्भित्ति) वचली भींत
तिरिक्खवसइ. स्त्री० (तिर्यग्वसति) तिर्यच योनि.
तिरिक्कु. त्रि० (तिरश्चीन) त्रिच्छुं. (२) तिर्यच संबंधी.

तिरिच्छिअय. पु० (तिर्यच) तिर्यच; पशु.
तिरिय. त्रि० (तिर्यच) पशु पक्षी वगेरे तिर्यच. (२) त्रिच्छु. (३) पु० त्रिच्छो लोक; मध्यलोक (४) स्त्री० तिर्यग् दिशा; त्रिच्छी दिशा. (५) न० मध्य.
तिरियलोग } पु० (तिर्यग्लोक) अढारसो
तिरियलोय. } योजन प्रमाणे त्रिच्छो लोक (२) मर्त्यलोक, मध्यलोक
तिरीड पु० न० (किरीट) त्रण शेखरवाळो मुगट
तिरीड पु० (तिरीट) लोधरनु झाड.
तिरीडपट्टय. न० (तिरीटपट्टक) लोध्र नामना झाडनी छालनु बनावेलु वस्त्र
तिरीडि. त्रि० (किरीटिन्) मुकटधारी
तिरूवाहय. त्रि० (त्रिरूवाहत) त्रणे गुणेल, त्रणगणु.
तिरोभाव पु० (तिरोभाव) अंतर्धान, छुपा रहेवु ते.
तिल. पु० (तिल) तल. (२) ८८ ग्रहमांना ३१ मा ग्रह
तिलग. पु० (तिलक) जुओ "तिलय" शब्द
तिलगकरणी. स्त्री० (तिलककरणी) कपाळे तिलक करवानी सळी.
तिलगरयण. न० (तिलकरत्न) एक प्रकारनु तिलक
तिलपप्पडिया. } स्त्री० (तिलपर्पटिका) तलनी
तिलपप्पडिया. } बनावेल एक खावानी चीज, तलसाकळी.
तिलपिट्ठ न० (तिलपिष्ट) तलवट.
तिलपुप्फवरणा. पु० (तिलपुष्पवर्ण) ३२ मा महाग्रह
तिलभट्ट. पु० (तिलभट्ट) तलनी खेती करनार एक ब्राह्मण.
तिलय न० (तिलक) तिल; चामडी उपर काळा रंगनो तिलना जेवो डाघ. (२)

ચાંલ્લો, ટીલું. (૩) તિલનું ઝાડ. (૪) ૧૧ મા તીર્થંકરનું ચૈત્ય વૃક્ષ. (૫) એ નામના આવતી ચોવિસીના પ્રથમ પ્રતિવાસુદેવ (૬) એ નામનો એક દ્વીપ અને એક સમુદ્ર.

तिलसंगलिया स्त्री० (तिलसंगलिका) તલની ફળી.

तिलसक्कुलिया. स्त्री० (तिलशष्कुलिका) તલસાંકળી.

तिलागणि. पु० (तिलाग्नि) તલના ઝાડની અગ્નિ

तिलितिलय पु० ( ) જનાવરનુ વિશેષ.

तिलिम पु० (तिलिम) વાદ્ય વિશેષ

तिलुक्क. न० (त्रैलोक्य) સ્વર્ગ, મર્ત્ય અને પાતાળ એ ત્રણ લોકવર્તી જનસમુદાય.

तिलोई स्त्री० (त्रिलोकी) } **तिलोक्क.** न० (त्रैलोक्य) } **तिलोग.** } **तिलोय.** } पु० (त्रिलोक) } સ્વર્ગ મર્ત્ય અને પાતાળ એ ત્રણ લોક

तिल्ल. न० (तैल) તેલ

तिल्लकुट्टी स्त्री० (तिलकुट्टी) તલવટ

तिल्लग त्रि० (तैलक) તેલ વેચનાર.

तिल्लपूय. पु० (तिलपूप) તેલપચા, તેલના માલપુઆ.

तिल्लमल्ली. स्त्री० (तिलमल्ली) તલનો બાળ

तिवई-ती. स्त्री० (त्रिपदी) પહેલવાનની એક પ્રકારની ચાલ (૨) ઘોડા વગેરેનું ત્રણે પગે ઉભા રહેવું, ઘોડાની એક પ્રકારની ચાલ. (૩) હાથીનું પલાન બાંધવાની રસ્સી-દોરડી. (૪) કુદવાના એક પ્રકાર (૫) ત્રણ પદોનો સમૂહ

तिवग्ग. पु० (त्रिवर्ग) ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરૂષાર્થ

तिवट्ठ. पु० (त्रिपृष्ठ) ભરતક્ષેત્રના ભવિષ્યના નવમા વાસુદેવ.

तिवरिस. पु० स्त्री० (त्रिवर्ष) ત્રણ વરસની પ્રવ્રજ્યાવાળા સાધુ સાધ્વી.

तिवलि. स्त्री० (त्रिवलि) પેટ ઉપર ત્રણ વાટા હોય છે તે.

तिवलिया. स्त्री० (त्रिवलिका) ક્રોધ કરતી વખતે કપાળ ઉપર ત્રણવલી-સિંટી પડે તે. (૨) પેટ ઉપર પડતા ત્રણ વાટા.

तिवली स्त्री० (त्रिवली) પેટ કે કપાળ ઉપર થતી ત્રણ રેખા.

तिवाअ. पु० (त्रिपात) મન વચન અને કાયા એ ત્રણનું પાડવું

तिवायण न० (त्रिपातन) } **तिवायणा** स्त्री० (त्रिपातना) } મન વચન કાયાનો નાશ કરવો; ઇંદ્રિય આયુષ્ય અને દેહ એ ત્રણનો નાશ કરવો તે (૨) પ્રાણનો અતિપાત કરવો તે.

तिविट्ठ. पु० (त्रिपृष्ठ) ચાલુ ચોવીસીના પ્રથમ વાસુદેવ. (૨) આવતી ચોવીસીના નવમા વાસુદેવ.

तिविह. त्रि० (त्रिविध) ત્રણ પ્રકારનુ

तिव्व. त्रि० (तीव्र) તીક્ષ્ણ, આકરૂ, દુઃસહ. (૨) ગાઢ. (૩) અત્યન્ત; ગાઢ. (૪) पु० અચાનક મરણ નિપજે તેવો રોગ (૫) पु० તીવ્રરસ; કડવો રસ.

तिसंझ न० (त्रिसन्ध्य) } **तिसंझा.** स्त्री० (त्रिसन्ध्या) } પ્રાતઃકાળ, મધ્યાહ્ન અને સાંઝ એ ત્રણ સંધ્યાનો સમૂહ

तिसंधि त्रि० (त्रिसन्धि) આદિ, મધ્ય અને અન્ત-છેડે સાંધાવાળુ

तिसत्तक्खुत्तो. अ० (त्रिसप्तकृत्वस्) ૨૧ વાર, ૨૧ વખત.

तिसमुत्थ. त्रि० (त्रिसमुत्थ) ધર્મ, અર્થ અને કામ એ ત્રણ વસ્તુથી બનેલ.

तिसर. पु० (त्रिसर) ત્રણ સરોહાર. (૨) ત્રણ સરવાળી માળા.

तिसरा. स्त्री० (त्रिशरा) મચ્છ બન્ધન વિશેષ, માછલા પકડવાની જાળ.

तिसला. स्त्री० (त्रिशला) ભગવાન્ મહાવીર સ્વામિની માતાનુ નામ.

तिसल्ल. न० (त्रिशल्य) માયા, નિયાણ અને મિચ્છાદસણ એ ત્રણ શલ્ય.

तिसा स्त्री० (तृषा) તરસ.

तिसालग. पु० (त्रिशालक) ત્રણ પડાળવાળુ ઘર.

तिसिय त्रि० (तृषित) તૃષાતુર થયેલ. તૃષાયુક્ત.

तिसुद्धि. स्त्री० (त्रिशुद्धि) સમકિતની ત્રણ શુદ્ધિ; દેવ, ગુરૂ અને ધર્મ શિવાય બાકીની સાસારિક વસ્તુ માત્રને તુચ્છ-નિઃસાર માનવી તે

तिसूल न० (त्रिशूल) ત્રિશૂળ

तिसूलिया. स्त्री० (त्रिशूलिका) લાબી સૂળ (૨) નાનુ ત્રિશૂલ

तिसोवाण. न० (त्रिसोपान) ત્રણ દિશામા સોપાન પગથીયાનો સમૂહ

तिहा. श्र० (त्रिधा) ત્રણ પ્રકારે.

तिहि पु० स्त्री० (तिथि) તિથિ, દિવસ.

तिहुयण. पु० (त्रिभुवन) ઉર્ધ્વ, અધો અને તિર્યંગ એ ત્રણ લોક.

तीइल न० (तैतिल) તૈતિલ નામનુ કરણ. ૧૧ કરણમાનુ એક.

तीत त्रि० (अतीत) ભૂતકાળનુ. ગતકાળનુ.

तीतद्धा. स्त्री० (अतीताद्धा) ભૂતકાળ.

तीय. त्रि० (तृतीय) ત્રીજુ

तीय त्रि० (अतीत) ભૂતકાળનુ. ગતકાળનુ. (૨) पु० ભૂતકાળ

तीयद्धा स्त्री० (अतीताद्धा) ભૂતકાળ.

तीर पु० (तीर) કાંઠો, કિનારો

तीरंगम. त्रि० (तीरङ्गम) પારગામી, પાર જનાર.

तीरिय. त्रि० (तारित) પાર ઉતારેલ. (૨) સમાપ્ત; પૂર્ણ કરેલ.

तीस. } **तीसइ** } स्त्री० (त्रिंशत्) ત્રીસ, ૩૦

तीसइम. त्रि० (त्रिंशत्तम) લાગલાગટ ચૌદ દિવસના ઉપવાસ.

तीसगुत्त. पु० (तिष्यगुप्त) તિષ્યગુપ્ત નામના બીજા નિહ્નવ; જેણે જીવના અસખ્યાત પ્રદેશ પૈકી છેલ્લા પ્રદેશમા જીવત્વ છે, બીજામા નહિ, એવી રીતે સ્થાપન કર્યુ.

तीसभद्द. पु० (तिष्यभद्र) એ નામના માઢર ગોત્રના સભૂતિવિજય થિવરના શિષ્ય.

तीसय पु० (तिष्यक) એ નામના ભગવાન મહાવીર સ્વામિના એક શિષ્ય.

तीसयदेव. पुं० (तिष्यकदेव) મહાવીર સ્વામિના તિષ્યક નામના સાધુ કે જે કાળ કરીને પ્રથમ દેવલોકના સામાનિક દેવના થયા તે.

तीसा. स्त्री० (त्रिंशत्) ત્રીસ, ૩૦.

तु. श्र० (तु) સમુચ્ચય. (૨) અવધારણ. (૩) વિશેષણ. (૪) વિતર્ક; પણ. (૫) પાદપૂરણ (૬) તેના માટે. (૭) અને, વળી (૮) ભેદ, ભિન્નતા.

तुअट्टण. न० (त्वग्वर्त्तन) લાબા થઈને પડવુ.

तुअर. पु० (तुवर) એક જાતનુ ધાન્ય, તુવેર.

तुंग त्रि० (तुङ्ग) ઉચ્ચ ગુણવાળુ, ઉન્નત. (૨) બહાર નીકળેલુ

तुंगिय. पु० (तुङ्गिक) એ નામનુ ગોત્ર. (૨) पु० स्त्री० તુગિક ગોત્રી.

तुंगिया. स्त्री० (तुङ्गिका) એ નામની એક પ્રસિદ્ધ નગરી, કે જ્યા મહાવીરસ્વામીના ઘણા શ્રાવકો વસતા હતા.

तुंगियायण पु० (तुङ्गिकायन) તુગિક ગોત્રના ઋષિ. (૨) न० એ નામનુ એક ગોત્ર.

तुंड. स्त्री० न० (तुण्ड) મોઢુ, મુખ. (૨) ચાચ

तुंदिल. त्रि० (तुन्दिल) દુદાળો, ફાંદાળો. (૨) મોટા પેટવાળો.

तुंब न० (तुम्ब) તુબડુ; તુબડી. (૨) તુબડીના દૃષ્ટાંતવાળું જ્ઞાતાસૂત્રનુ છઠ્ઠુ અધ્ય-

यन. (૩) ચક્ર અથવા પૈડાની વચ્ચેનો ગાળ અવયવ.

तुंबइय. પુ० (तुम्बकित) ભયથી સ્તબ્ધ થયેલ.

तुंबणाय. ન० (तुम्बज्ञात) તુંબડીના અધિકારવાળુ નાતાસૂત્રનુ છઠ્ઠું અધ્યયન.

तुंबवीणा. ત્રિ० (तुम्बवीण) તુંબડીની વીણા વગાડનાર.

तुंबवीणा. સ્ત્રી० (तुम्बवीणा) તુંબડીની વીણા.

तुंबा. સ્ત્રી० (तुम्बा) ચમરેન્દ્ર તથા બલેન્દ્રની અભ્યંતર પરિષદ-સભા (૨) સૂર્ય તથા ચંદ્રની અભ્યન્તર પરિષદ.

तुंबाग. ન० (तुम्बाक) તુંબડી, તુંબી.

तुंबी. સ્ત્રી० (तुम्बी) તુંબડીની વેલ.

तुंबुरु પું० (तुम्बुरु) શ્રી સુમતિનાથ પ્રભુના યક્ષ. (૨) શક્રેન્દ્રની ગન્ધર્વ સેનાના અધિપતિ. (૩) ત્રીજો ગન્ધર્વ (૪) યક્ષ વિશેષ (ટીબરૂ)

तुच्छ ત્રિ० (तुच्छ) તુચ્છ, નિઃસાર, અલ્પ; હલકુ. (૨) ચોથ, નોમ અને ચઉદસ એ ત્રણ તિથી. (૩) અલ્પ (૪) અપૂર્ણ.

तुच्छग } **तुच्छय.** } ત્રિ० (तुच्छक) ગભીરતા વિનાનુ, હલકુ. (૨) નિર્ધન, દરિદ્ર (૩) ગર્વિષ્ટ, તોછડો.

तुच्छा સ્ત્રી० (तुच्छा) ચોથ, નોમ અને ચૌદસની તિથિનુ નામ.

तुच्छोसहिभक्खणया. સ્ત્રી० (तुच्छौषधिभक्षण) જેમા નાખી દેવાનુ ઘણુ એવી તુચ્છ વસ્તુ ખાવી તે; સાતમા ઉપભોગ પરિભોગ વ્રતનો એક અતિચાર.

तुज्ज. ન० (तूर्य) તુરી, વાદ્ય વિશેષ.

तुडिय ન० (त्रुटित) વાદ્ય, વાજિંત્ર.

तुडण. ન० (त्रोटन) વિચ્છેદ, પૃથક્કરણ.

तुट्ठ. ત્રિ० (तुष्ट) સંતુષ્ટ, સંતોષ પામેલ; ખુશી થયેલ.

तुट्ठि. સ્ત્રી० (तुष्टि) સંતોષ, તૃપ્તિ

तुडिय. ન० (त्रुटित) તુરી, વીણા આદિ વાજિંત્ર. (૨) ૮૪ લાખ ત્રુટિતાંગ પ્રમાણનો કાળ વિભાગ. (૩) બાજુબન્ધ; બેરખા. (૪) અન્તઃપુર. (૫) ચમરેન્દ્રની અભ્યન્તર પરિષદ્.

तुडियंग. ન० પુ० (त्रुटिताङ्ग) ૮૪ લાખ પૂર્વનો એક ત્રુટિતાંગ. (૨) જેમાંથી વાજિંત્ર જેવો અવાજ નીકળે તેવા કલ્પવૃક્ષ.

तुडिया. સ્ત્રી० (त्रुटिता) વાણવ્યંતર, લોકપાળ, સૂર્ય, ચંદ્ર અને ઇંદ્રાણીની મધ્યમ સભા. (૨) હાથનુ આભરણ, બાજુબંધ.

तुणागिं } **तुणाय.** } ત્રિ० (तुन्नवाय) તુણનાર, વસ્ત્રના ફાટેલ ભાગને તુણીને સીવનાર

तुण्णिय ત્રિ० (तुन्नित) તુણનારે તુણીને છિદ્ર પૂરેલ, સાંધેલ.

तुसिणीक ત્રિ० (तूष्णीक) મૌન ધારણ કરનાર

तुत्तय પુ० (तोत्रक) ચાબુક, ચાબખો.

तुद. પુ० (तोद) ચાબુક, ચાબખો.

तुन्नण. ન० (तुन्नन) તુનવુ, સાંધો કરવો તે

तुन्नाग ત્રિ० (तुन्नक) જુઓ "તુણ્ણાગ" શબ્દ.

तुप्प ન० ( ) ઘી (૨) ત્રિ० ઘીથી મસળેલ, ઘી લગાડેલ (૩) સ્નિગ્ધ; સ્નેહયુક્ત

तुप्पग ત્રિ० ( ) તેલથી મસળીને ઓપ ચડાવેલ.

तुमंतुम. પુ० ( ) ક્રોધકૃત મનોવિકાર વિશેષ

तुम्ह. ત્રિ० (युष्मद्) તુ, તમે; આપ.

तुम्हारिस. ત્રિ० (युष्मादृश) તમારા જેવા.

तुयट्ट. ન० } **तुयट्टण.** } (त्वग्वर्तन) આડે પડખે પડવુ; લાંબા થઇ સૂવુ.

तुयट्टावण. ન० (त्वग्वर्तन) પાસું ફેરવવુ તે.

तुयट्टिय ત્રિ० (त्वग्वर्तित) આડે પડખે પડેલ.

तुयारी. स्त्री० (तुवरिका) તુરદાળ; તુવેરની દાળ.

तुयावइत्ता. स्त्री० (तोदयित्वा) વ્યથા ઉત્પન્ન કરીને પ્રવ્રજ્યા આપવામાં આવે તે; પ્રવ્રજ્યાનો એક પ્રકાર.

तुरंग. पु० (तुरग) }
तुरंगम. पु० (तुरङ्गम) } અશ્વ, ઘોડો.
तुरग. पु० (तुरग) }

तुरगमुह. पु० (तुरगमुख) અનાર્ય દેશ વિશેષ.

तुरगमेंढग. पु० (तुरगमेंढक) અનાર્ય દેશ વિશેષ.

तुरतुंगव पु० (तुरतुङ्गव) ત્રણ ઇંદ્રિયવાળા જીવની એક જાત

तुरय. पु० (तुरग) ઘોડો (૨) ત્રીજા તીર્થંકરનું લાંછન

तुरयमुह. पु० (तुरगमुख) એ નામનો અનાર્ય દેશ

तुरिय. त्रि० (तुर्य) ચોથો. ચોથા નંબરનો

तुरिय न० (तूर्य) ભેરી, મૃદંગ, કરતાલ વગેરે વાદ્ય-વાજિંત્ર

तुरिय. न० (त्वरित) શીઘ્ર, ત્વરિત, ઉતાવળ. (૨) त्रि० ઉતાવળું. (૩) न० શીઘ્ર ગતિ.

तुरियगइ. पु० (त्वरितगति) અમિતગતિ તથા અમિતવાહન ઇંદ્રના લોકપાળનું નામ. (૨) त्रि० શીઘ્ર ગતિવાળો.

तुरिया. स्त्री० (त्वरिता) મન જેવા વેગવાળી દેવતાની એક પ્રકારની ગતિ.

तुरुक्क. न० (तुरुष्क) સેલ્હારસ, મેરી લોબાન.

तुरुक्की. स्त्री० (तुरुक्की) લિપિ વિશેષ.

तुरुमणि स्त्री० (तुरुमणि) તુરૂમણિ નામની એક નગરી.

तुलणा. स्त्री० (तुलना) તુલના; સરખામણી.

तुलसी. स्त्री० (तुलसी) તુલસીનું ઝાડ. (૨) જીન દેવતાની સભા આગળનું ચૈત્ય વૃક્ષ.

तुला. स्त्री० (तुला) તુલના; સરખામણી. (૨) તોળવાનું ત્રાજવું; કાંટો.

तुलिय त्रि० (तुलित) તોળેલ.

तुल्ल न० (तौल्य) માપ.

तुल्ल. त्रि० (तुल्य) સરખું; બરાબર.

तुवर. न० (तुवर) તુવેર ધાન્ય. (૨) पु० કસાયેલો રસ. (૩) त्रि० કાચું, કસાયલું

तुवरी स्त्री० (तुवरी) ધાન્યની એક જાત, તુવેર

तुस. पु० (तुष) ફોતરા, ભુસો. (૨) બાજરી, કોદરા આદિ હલકું ધાન્ય.

तुसदाह न० (तुषदाह) ફોતરાં બાળવાની જગ્યા.

तुसार. न० (तुषार) બરફ, હિમ (૨) ઠંડક

तुसारकर. पु० (तुषारकर) ચંદ્રમા.

तुसिणी. अ० (तूष्णीम्) મુંગા રહેવું, મૌન રહેવું.

तुसिणीय. त्रि० (तूष्णीक) મૌનધારી

तुसिय. पु० (तुषित) લોકાંતિક દેવતાની નવ જાતિમાંની એક.

तुसोदग }
तुसोदय. } न० (तुषोदक) ચોખાના ભુસ્સાનું પાણી. ડાંગરનું ધોણ.

तुहग. पु० (तुहक) એક જાતનો કંદ.

तुहिणायल. पु० (तुहिनाचल) હિમાલય

तूण. पु० (तूण) બાણ રાખવાનું ભાથું.

तूणइल्ल. त्रि० (तूणावत्) તુણી નામનું વાજીંત્ર વગાડી ભિક્ષા માગનાર.

तूणय न० (तूणक) તુનક નામનું વાદ્ય વાજીંત્ર.

तूणा. स्त्री० (तूणा) બાણ રાખવાનું ભાથું. (૨) એ નામનું વાજીંત્ર.

तूर. पुं० न० (तूर्य) વાદ્ય વિશેષ.

तूरवइ. पु० (तूर्यपति) નટોનો મુખી

तूल. न० (तूल) કપાસ. રૂ

तूला. स्त्री० (तूली) તળાઇ; સેજ; શય્યા

तूलिया स्त्री० (तूलिका) તળાઈ; ગાદલું. (૨) ચિત્ર આલેખવાની પીંછી.

तूली स्त्री० (तूली) તળાઈ (૨) જેનુ પડિલેહણ ન થઈ શકે એવું વસ્ત્ર

तेअंसि त्रि० (तेजस्विन) તેજસ્વી; શરીરના તેજવાળો.

तेअय. न० (तैजस) કાર્મણશરીર સહચારી સૂક્ષ્મશરીર વિશેષ.

तेअस्सि. त्रि० (तेजस्विन) તેજસ્વી.

तेआहिअ. पु० (त्र्याहिक) ત્રણ ત્રણ દિવસને આંતરે આવતા તાવ; તરીઓ તાવ.

तेइंदिय. पु० (त्रीन्द्रिय) શરીર, માઢું અને નાક એ ત્રણ ઇંદ્રિયવાળા જીવ.

तेइच्छ न० (चैकित्स्य) ચિકિત્સા કરવી તે. રોગનો ઉપાય.

तेइच्छा स्त्री० (चिकित्सा) ચિકિત્સા; રોગનો ઉપચાર.

तेइच्छिय. त्रि० (चैकित्सिक) ચિકિત્સા કરનાર (૨) पु० વૈદ, હકીમ. (૩) न० રોગનો ઉપચાર.

तेइच्छी स्त्री० (चैकित्सी) ઉપાય, ઇલાજ

तेइल्ल. त्रि० (तेजस्क) તેજવાળા

तेउ पु० (तेजस) અગ્નિ (૨) ગરમી, તાપ, બફારો. (૩) તેજુલેસ્યા (૪) અગ્નિશિખ તથા અગ્નિમાણવ ઇંદ્રના પહેલા લોકપાળનું નામ. (૫) તાપ, અભિતાપ. (૬) પ્રકાશ; ઉદ્યોત

तेउकंत. पु० (तेजस्कान्त) અગ્નિશિખ તથા અગ્નિમાણવ ઇંદ્રના લોકપાળનુ નામ

तेउकाइय पु० (तैजस्कायिक) }
तेउकाय पुं० (तेजस्काय) }
तेउक्काइय. पु० (तैजस्कायिक) }
तेउक्काय पु० (तेजस्काय) } અગ્નિકાય. અગ્નિના જીવ

तेउप्पभ. पु० (तेजःप्रभ) અગ્નિશિખ તથા અગ્નિમાણવ ઇંદ્રના લોકપાલનુ નામ.

तेउप्फास पु० (तेजःस्पर्श) ગરમ સ્પર્શ.

तेउलेसा. स्त्री० (तेजोलेश्या) તેજુલેશ્યા; લેશ્યાનો ચોથો પ્રકાર.

तेउलेस्स. त्रि० (तेजोलेश्य) તેજુલેશ્યાવાળો.

तेउलेस्सा. स्त्री० (तेजोलेश्या) તેજુલેશ્યા.

तेउसिह. पु० (तेजःशिख) અગ્નિશિખ તથા અગ્નિમાણવ ઇંદ્રનો બીજો લોકપાળ

तेउसोय न० (तेजःशौच) ભસ્મ આદિથી કરાતો શૌચ

तेओअ. न० }
तेओग. पु० } (त्र्योजस्) જે સંખ્યાને ચારે ભાગતા ત્રણ શેષ રહે તે

तेओगकडजुम्म. पु० (त्र्योज कृतयुग्म) જે સંખ્યાને ચારે ભાગતા શૂન્ય શેષ રહે અને લબ્ધાંકને ચારે ભાગતા ત્રણ શેષ રહે તે સંખ્યા

तेओगकलिओग पु० (त्र्योजःकल्योजस्) જે સંખ્યાને ચારે ભાગતાં એક શેષ રહે અને લબ્ધાંકને ચારે ભાગતા ત્રણ શેષ રહે તે સંખ્યા.

तेओगतेओग. पु० (त्र्योजस्त्र्योजस) જે સંખ્યાને અને લબ્ધાંકને (બંનેને) ચારે ભાગતા ત્રણ શેષ રહે તે સંખ્યા

तेओगदावरजुम्म न० (त्र्योजोद्वापरयुग्म) જે સંખ્યાને ચારે ભાગતા બે શેષ રહે અને લબ્ધાંકને ચારે ભાગતા ત્રણ શેષ રહે તે સંખ્યા.

तेओलेस्सा. स्त्री० (तेजोलेश्या) તેજુલેશ્યા

तेंदु. }
तेंदुअ. }
तेंदुग. } पु० (तिन्दुक) વૃક્ષ વિશેષ.

तेंदुसय. पु० ( ) દડો

तेंबुरु. पु० ( ) ત્રણ ઇંદ્રિયવાળા જીવની એક જાત.

तेगिच्छ. न० (चैकित्स्य) ચિકિત્સાકર્મ, રોગનિવારણનો ઉપાય.

तेगिच्छा स्त्री० (चिकित्सा) ચિકિત્સા; રોગની તપાસ.

तेगिच्छायण. त्रि० (चिकित्सायन) ચિકિત્સ ગાત્રમાં ઉત્પન્ન થયેલ.

तेगिच्छिकूड पु० (तिगिच्छिकूट) અસખ્યાતમા સમુદ્રમા એ નામનું એક કૂટ-શિખર.

तेगिच्छिद्दह. पु० (चैकित्स्यद्रह) નિષધ પર્વત ઉપરના ધૃતિક દેવતાનો દ્રહ.

तेगिच्छिय. त्रि० (चैकित्सिक) જુઓ " निगिच्छिय " શબ્દ.

तेगिच्छियसाला स्त्री० (चैकित्सिकशाला) દવાખાનું; ઔષધાલય.

तेज. न० (तेजस) તેજ.

तेण. पु० (स्तेन) ચોર. તસ્કર

तेणउइ स्त्री० (त्रिनवति) ૯૩, ત્રાણુંની સંખ્યા.

तेणपरं. अ० (ततःपरम) ત્યાર પછી

तेणयबंध पु० (स्तनकबन्ध) બીજાને કળવામા ન આવે તેવી રીતે સાધવું તે, ચારીયાબધ.

तेणाहड. न० (स्तेनाऽऽहृत) ચોરી આણેલ માલ લેવો તે; શ્રાવકના ત્રીજા વ્રતનો પ્રથમ અતિચાર.

तेणिक्क } न० (स्तैन्य) ચોરી. અદત્ત
तेणिय. } વસ્તુનું ગ્રહણ કરવું તે.

तेणिस. त्रि० (तैनिश) તણિસ નામના ઝાડ સબંધી.

तेणेव अ० (तत्रैव) ત્યાં. નિદ્રા.

तेण्ण न० (स्तैन्य) ચોરી.

तेतल पु० (तेतल) નાગકુમારના ઇંદ્રની ગંધર્વ સેનાનો અધિપતિ.

तेतलि. पु० (तेतलिन्) વૃક્ષ વિશેષ. (૨) મનુષ્યની એક જાત. (૩) એક મંત્રીના પિતાનું નામ. (૪) ગંધર્વ સેનાનો નાયક.

तेतलिपुत्त. पु० (तेतलिपुत्र) તેતલિપુત્ર નામના એક સાધુ.

तेतलिपुत्तकेवलि. पु० (तेतलिपुत्रकेवलिन्) તેતલિપુત્ર નામના કેવળી-કેવળજ્ઞાની.

तेतलिपुर न० (तेतलिपुर) એ નામનું એક નગર.

तेतलिसुय. पु० (तेतलिसुत) તેતલિપુત્ર, એ નામનો તેતલીપુર નગરના રાજા કનકરથનો પ્રધાન. (૨) તેતલીપુત્ર પ્રધાનના અધિકારવાળું જ્ઞાતાસૂત્રનું ૧૪ મું અધ્યયન.

तेतलीअ पु० (तैतलीयक) તેતલીપુત્રના અધિકારવાળું જ્ઞાતાસૂત્રનું ૧૪મું અધ્યયન

तेतिल. न० (तैतिल) જુઓ " तीइल " શબ્દ.

तेतीस. स्त्री० न० (त्रयस्त्रिंशत्) તેત્રીસ. ૩૩

तेत्तिर. पु० (तित्तिर) તેતર પક્ષી.

तेत्तीस. स्त्री० न० (त्रयस्त्रिंशत्) ૩૩; તેત્રીસ

तेपुराणमिंजिया. स्त्री० (त्रिपुर्णामिञ्जिका) ત્રણ ઇંદ્રિયવાળા જીવની એક જાત

तेमासिय. त्रि० (त्रैमासिक) ત્રણ માસમાં થનાર.

तेय. न० (स्तेय) ચોરી

तेय. पु० (तेजस) તેજ, કાન્તિ, પ્રકાશ. (૨) તેજસ શરીર નામ, નામકર્મની એક પ્રકૃતિ કે જેના ઉદયથી જીવ તેજસ શરીર પામે. (૩) તાપ, સૂર્યનો તડકો. (૪) અગ્નિ. (૫) સાત સમુદ્ઘાતમાંની પાંચમી સમુદ્ઘાત

तेयअ. न० (तेजस्क) ખારાકના રસ નિષ્પન્ન પચાવી પરિણમાવનાર એક શરીર, પાંચ શરીરમાંનું એક.

तेयंसि. त्रि० (तेजस्विन्) તેજસ્વી.

तेयग. न० (तेजस्क) તેજસ શરીર; પાંચ શરીરમાંનું એક. (૨) પુ० અગ્નિ. (૩) તેજસ શરીરયોગ્ય પુદ્ગલસ્કંધની વર્ગણા - સમુદાય.

तेयगलद्धि. स्त्री० (तेजस्कलब्धि) તેજુલેસ્યા ઉત્પન્ન કરવાની લબ્ધિ-શક્તિ.

तेयगसमुग्घाय. पु० (तेजस्कसमुद्घात) સાત સમુદ્ઘાતમાંની પાંચમી સમુદ્ઘાત.

तेयगसरीर. न० (तैजस्कशरीर) तैजस शरीर.

तेयगसरीरणाम. न० (तैजस्कशरीरनामन्) नाम कर्मनी એક પ્રકૃતિ.

तेयगसरीरि. त्रि० (तैजस्कशरीरिन्) तैजस शरीरवाળो (જીવ).

तेयणिसग्ग. न० (तेजोनिसर्ग) ભગવતીસૂત્રના ૧૫મા શતકના પહેલા ઉદ્દેશાનુ નામ.

तेयलि. न० (तेतलिन्) જ્ઞાતાસૂત્રનુ તેતલી પુત્રના અધિકારવાળું ૧૪ મુ અધ્યયન (૨) દેવકુરૂ ઉત્તરકુરૂના મનુષ્યની એક જાત. (૩) એક મંત્રીના પિતાનુ નામ.

तेयलिपुत्त. पु० (तेतलिपुत्र) તેતલીપુર નગરના રાજા કનકરથનો એ નામનો પ્રધાન.

तेयलिपुर. न० (तेतलिपुर) જુઓ " તેતલિપુર " શબ્દ.

तेयलेस्स. त्रि० (तेजोलेश्य) તેજુલેશ્યાવાળો.

तेयलेस्सा. स्त्री० (तेजोलेश्या) તેજુલેશ્યા.

तेयवीरिय. पु० (तेजोवीर्य) ભરતના વંશમા પાંચમી પેઢીએ મહાબળનો પુત્ર

तेयसमुग्घाय. पु० (तैजस्समुद्घात) તેજુલેશ્યા મુકતી વખતે જીવ પ્રદેશનુ વિસ્તરવુ અને પ્રકૃત પ્રકૃતિનુ નિર્જરવું તે.

तेयसरीरि. त्रि० (तैजसशरीरिन्) તૈજસ શરીરવાળો.

तेयस्सि. त्रि० (तेजस्विन्) તેજસ્વી

तेया. स्त्री० (तेजस्) તૈજસ 'શરીર ' (૨) તેરસની રાત્રિનુ નામ.

तेया. न० (तेजस्) જુઓ "તેઅય" શબ્દ

तेयाणुबंधि. न० (स्तेयानुबन्धिन्) ચોરને મારવા સંબંધિનુ રૌદ્રધ્યાન, રૌદ્રધ્યાનનો એક પ્રકાર.

तेयापोग्गलपरियट्ट न० (तैजःपुद्गलपरिवर्त) લોકના સર્વ પુદ્ગલોને તૈજસ શરીર રૂપે જેટલા વખતમા પરણુમાવીને છોડે તેટલો વખત.

तेयाल. स्त्री० न० (त्रिचत्वारिंशत) ૪૩; તેતાલીસ.

तेयालि. पु० (तेयालि) એક જાતનું ઝાડ.

तेयाली. स्त्री० (त्रिचत्वारिंशत) ૪૩; તેતાલીસ.

तेयालीस. स्त्री० न० (त्रिचत्वारिंशत) ૪૩; ત્રતાલીસ.

तेयासरीर. पु० न० (तेजश्शरीर) તૈજસ શરીર.

तेयासीइ. स्त्री० (त्र्यशीति) ૮૩; ત્યાશી.

तेयाहिय. पुं० (त्र्याहिक) ત્રણ દિવસને આંતરે આવતો તાવ, તરીઓ તાવ.

तेरस. त्रि० (त्रयोदशन्) ૧૩, તેરની સખ્યા.

तेरसया. स्त्री० (   ) જૈન મુનિઓની એક શાખા.

तेरसी. स्त्री० (त्रयोदशी) પક્ષથી ૧૩ મી તિથિ, તેરસ.

तेरासिय. त्रि० (त्रैराशिक) જીવ અજીવ અને જીવાજીવ એમ ત્રણ રાશિનુ સ્થાપન કરનાર રોહગુપ્ત આચાર્યના મતનો અનુયાયી. (૨) न० મત વિશેષ.

तेरिंदिय. त्रि० (त्रीन्द्रिय) ત્રણ ઇંદ્રિયવાળા જીવ

तेरिच्छ. त्रि० (तिरश्चीन) તિર્યંચ સબધી. (૨) न० તિર્યંચ પશુ પક્ષી વગેરે.

तेरिच्छिय त्रि० (तैरश्चिक) તિર્યંચ સબધી. તિર્યંચનું કરેલુ.

तेरिच्छी. स्त्री० (तिरश्चीना) પશુની માદા, તિર્યંચણી

तेल. न० (तैल) તેલ. (૨) ગોત્ર વિશેષ, માડવ્ય ગોત્રની એક શાખા.

तेलकेला. स्त्री० (तैलकेला) તેલ રાખવાનુ ઠામ.

तेलचम्म. न० (तैलचर्मन्) જેના ઉપર બેસી તેલનું મર્દન કરાય તે ચામડું.

तेलुक्क } **तेलोक्क.** } पु० (त्रैलोक्य) ત્રણલોક; સ્વર્ગ મર્ત્ય અને પાતાળ એ ત્રણ લોક.

तेल्ल. न० (तैल) तेल.

तेल्लकेला. स्त्री० (तैलकेला) जुओ " तेल्ल-केला " शब्द.

तेल्लगा. न० (तैलक) એક જાતની મદિરા.

तेल्लचम्म. न० (तैलचर्मन्) તેલ મર્દન કરવાને બેસવાનું આસન.

तेल्लपल्ल. न० (तैलपल्य) એક જાતનુ સૌરાષ્ટ્ર દેશ પ્રસિદ્ધ તેલનુ ઠામ.

तेल्लपूय. न० (तैलपूप) માલપૂઆ

तेल्लपेल्ला. स्त्री० (तैलपल्य) સૌરાષ્ટ્ર દેશ પ્રસિદ્ધ મૃન્મય તેલનુ ભાજન.

तेवग्ग. पु० (त्रिवर्ग) ધર્મ અર્થ અને કામ એ ત્રણ વર્ગ.

तेवट्ठ. }
तेवाट्ठ. } स्त्री० न० (त्रिषष्टि) ત્રેસઠ. ૬૩.

तेवणा. स्त्री० न० (त्रिपञ्चाशत्) ૫૩; ત્રેપન

तेवत्तरि. स्त्री० (त्रिसप्तति) ૭૩. તોંતેરની સંખ્યા.

तेवन्न. स्त्री० न० (त्रिपञ्चाशत्) ૫૩, ત્રેપન.

तेवीस स्त्री० न० (त्रयोविंशति) ૨૩, ત્રેવીસ.

तेसट्ठि. स्त्री० (त्रिषष्टि) ૬૩; ત્રેસઠની સંખ્યા.

तेसीति. स्त्री० (त्र्यशीति) ૮૩. ત્યાશીની સંખ્યા.

तेहिय. त्रि० (त्र्याहिक) ત્રણ દિવસનુ. (૨) તરીઓ તાવ; ત્રીજે દીવસે આવે તેવો તાવ.

तो. अ० (ततः) તેથી, તેટલા માટે.

तोडन. न० (तोदन) પીડા કરવી તે.

तोडहिया. स्त्री० ( ) એક પ્રકારનું વાજીંત્ર.

तोड्ड. पु० ( ) ચાર ઇંદ્રિયવાળા જીવની એક જાત.

तोण. पु० न० (तूण) બાણ રાખવાનું ભાથું.

तोत्त. न० (तोत्र) ચાબુક

तोदग त्रि० (तोदक) વ્યથા ઉપજાવનાર, પીડા કરનાર.

तोमर. न० (तोमर) જેને ભાષામા ગડાસા અથવા સવળી કહે છે તે અસ્ત્ર; એક પ્રકારનુ બાણ.

तोय. पु० (तोद) પીડા.

तोय. न० (तोय) પાણી; જળ.

तोयधरा. }
तोयधारा. } स्त्री० (तोयधारा) એક દિશા કુમારી દેવી.

तोयपिट्ठ. न० (तोयपृष्ठ) પાણીની સપાટી.

तोरण. न० (तोरण) તોરણ.

तोल पुं० न० (तोल) તોલ, માપ વિશેષ.

तोस. पु० (तोष) પ્રમોદ, સંતોષ

तोसलि. पु० (तोसलिन्) તોસલિના રહેવાસી એક આચાર્ય.

तोसिय. त्रि० (तोषित) સંતોષ પમાડેલ; ખુશી કરેલ.

त्ति. अ० (इति) સમાપ્તિ દ્યોતક અવ્યય.

त्थ. त्रि० (स्थ) સ્થાન રહેલ, સ્થિર રહેલ.

थ.

थ. अ० (थ) વાક્યાલંકાર; (૨) પાદપુરણ.

थइया. स्त्री० (स्थगिका) પાન રાખવાની ડબ્બી, પાનદાની.

थंडिल. }
थंडिल्ल. } न० (स्थण्डिल) સંથારો કરવાને યોગ્ય સ્થળ. (૨) સાધુને શૌચ જવાની જગ્યા; દિશાએ જવાને ઉચિત ભૂમિ. (૩) ક્રોધ; ગુસ્સો.

थंब. पु० (स्तम्ब) धासनो जथ्थो. (२) झुमखो.

थंभ. पु० (स्तम्भ) अहंकार; गर्व, मान. (२) थांभलो

थंभण. न० (स्तम्भन) थंभवुं. (२) अटकाववुं.

थंभणया. स्त्री० } (स्तम्भना) थोभवुं. (२)
थंभणा. स्त्री० } अटकाववुं

थंभणी. स्त्री० (स्तम्भनी) स्तंभन करवानी विद्या.

थंभय. पु० (स्तम्भक) अरीसानी फ्रेम, (फ्रेम) चोगठु.

थंभिय. त्रि० (स्तम्भित) थोभावेल; स्तब्ध करेल; रोकेल

थक्क. पु० ( ) पर्याय. (२) अवसर; समय.

थक्कंथक्कं. अ० (स्थित्वास्थित्वा) रही रहीने

थगण. न० (स्थगन) ढांकवुं

थगिय त्रि० (स्थगित) आच्छादित, ढंकायेल

थण. पु० (स्तन) स्तन; थान.

थणजीविणी. स्त्री० (स्तनजीविनी) धावणी, धावमाता

थणण न० (स्तनन) गर्जना. (२) आक्रन्द (३) जोरथी निशासा मूकवो ते.

थणय न० (स्तनज) दूध.

थणिय न० (स्तनित) गर्जना, मेघनो शब्द (२) रतिक्रीडा समयनो शब्द. (३) पु० स्तनितकुमार देवता, भवनपति देवतानी एक जात.

थणियकुमार पु० (स्तनितकुमार) भवनपति देवतानी दशमी जात.

थणियकुमारी. स्त्री० (स्तनितकुमारी) स्तनितकुमार देवतानी देवी.

थद्ध त्रि० (स्तब्ध) अहंकारी, अभिमानी.

थय. पु० (स्तव) } स्तोत्र; स्तवन.
थयण. न० (स्तवन) }

थरहरिय. त्रि० ( ) ध्रुजेल; कंपेल.

थल. न० (स्थल) पाणी न भराय तेवो भूमि विभाग

थलचर. पु० (स्थलचर) तिर्यंच पंचेंद्रियनी एक जात

थलचरी. स्त्री० (स्थलचरी) थळचर तिर्यंचनी स्त्री; स्त्रीरूप थळचर तिर्यंच.

थलज. } त्रि० (स्थलज) जमीनथी उत्पन्न
थलय } थयेल.

थलयर त्रि० (स्थलचर) जुओ "थलचर" शब्द

थली. स्त्री० (स्थली) जमीननो उंचो प्रदेश

थव पु० (स्तव) जुओ "थय" शब्द

थवइय. त्रि० (स्तवकित) फूल अने गुच्छ जेमां लागेल छे ते

थवण. न० (स्तवन) स्तुति करवी ते

थवय पु० (स्तवक) फूलनो गुच्छो.

थविर. त्रि० (स्थविर) परिपक्व-स्थिरबुद्धि-वाळो. (२) स्थविरकल्पी-गच्छवासि साधु

थविरकप्प. पु० (स्थविरकल्प) गच्छमां रहेल आचार्य आदिनी सामाचारी-व्यवहार मर्यादा.

थविरभूमि. स्त्री० (स्थविरभूमि) स्थविरनी पदवी.

थाण न० (स्थान) स्थान. ठेकाणुं

थाणु. पु० (स्थाणु) झाडनुं ठुंठुं.

थाम. न० (स्थामन) बळ; सामर्थ्य. (२) क्रिया, अनुष्ठान.

थारुगिणिया स्त्री० (स्थारुकिनिका) थारुकिन देशमां उत्पन्न थयेली दासी.

थारुणय त्रि० (थारुकिन) ए देशमां उत्पन्न थयेल.

थाल पु० न० (स्थाल) पात्र विशेष; थाळ.

थालइ. पु० (स्थालकिन्) थाळ जेवुं एक ठाम राखनार तापस; तापसनो एक वर्ग.

थालपाग. पु० (स्थालपाक) जमणवार.

थालपाणय. न० (स्थालीपानक) દાહને ઉપશમાવનારૂ કુંભારની માટીનું પાણી.

थाली. स्त्री०(स्थाली) થાળી, ભાજન વિશેષ.

थालीपाग. पु० (स्थालीपाक) થાળાં-તપેલાં વગેરેમાં રાંધવું તે.

थावच्चा. स्त्री० (स्थापत्या) એ નામની એક ગાથાપતિણી; ગૃહિણી.

थावच्चापुत्त. पु० (स्थापत्यापुत्र) થાવચ્ચા ગાથાપતણીનો દીકરો કે જેણે એક હજાર જણ સાથે દીક્ષા લીધી હતી.

थावय. पु० (स्थापक) સમર્થ હેતુ, સ્વપક્ષ સાધનાર હેતુ

थावर. पु० (स्थावर) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ પાંચ સ્થાવર. (૨) न० સ્થાવરનામ-નામકર્મની એક પ્રકૃતિ કે જેના ઉદયથી જીવ સ્થાવરપણું પામે.

थावरकाय. पु० (स्थावरकाय) પૃથ્વી આદિ પાંચ સ્થાવર

थासग. पु० (स्थासक) અરીસો (૨) ઘોડાની પુંઠનો અલંકાર (૩) એક જાતનું દર્પણના આકારનું પાત્ર.

थासया. स्त्री० (स्थासिका) આરસી, દર્પણ.

थाह. पु० (स्थाघ) અગાધ નહીં કિન્તુ નાસિકા પર્યંત જળ.

थिग्गल पु० ( ) શરદ ઋતુના આકાશનો ખંડ. (૨) થિગડું (૩) ભીંતમાં પાડેલી બારી.

थिज्ज न० (स्थैर्य) સ્થિરતા; ધીરજ.

थिबुग. पु० (स्तिबुक) પાણીનો પરપોટો.

थिमिय. त्रि० (स्तिमित) ભયથી રહિત; નિર્ભય. (૨) નિશ્ચળ, સ્થિર. (૩) न० અંતગડસૂત્રના ૧ લા વર્ગના ૫ મા અધ્યયનનું નામ. (૪) રાજા અન્ધક વૃષ્ણિના એક પુત્રનું નામ.

थिय. त्रि० (स्थित) રહેલ.

थिर त्रि० (स्थिर) સ્થિર રહેલું; નિશ્ચળ. (૨) નામકર્મની એક પ્રકૃતિ. (૩) નિષ્પન્ન; સંપન્ન.

थिरणाम. / **थिरनाम** न० (स्थिरनामन) નામકર્મની એક પ્રકૃતિ કે જેના ઉદયથી દાંત હાડકાં આદિ અવયવોની સ્થિરતા થાય છે.

थिरा स्त्री० (स्थिरा) સ્થિર-નિષ્પન્ન થયેલ વનસ્પતિ. વનસ્પતિની એક અવસ્થા.

थिरावलिया. स्त्री० (स्थिरावलिका) ભુજપરિસર્પિણીનો એક પ્રકાર.

थिरीकरण. न० (स्थिरीकरण) કષ્ટથી સીદાતા ધર્મિજનને દિલાસો આપી સ્થિર કરવો તે; સમકિતના આઠ આચારમાંનો છઠ્ઠો આચાર. (૨) સ્થિર કરવું; દૃઢ કરવું.

थिल्लि स्त्री० ( ) ઉંટનો પલાણ. (૨) હાથીની અંબાડી. (૩) યાન વિશેષ. (૪) ઘોડાનો એક ઉપકરણ. (૫) બે ઘોડાની ગાડી (૬) બે ખચ્ચરની ગાડી.

थिहु. स्त्री० (स्तिहु) સાધારણ બાદર વનસ્પતિનો એક ભેદ.

थी. स्त्री० (स्त्री०) સ્ત્રી; ભાર્યા.

थीण त्रि० (स्त्यान) એકઠું કરેલ (૨) થીણદ્ધિનિદ્રા.

थीणगिद्धि. स्त्री० (स्त्यानगृद्धि) દર્શનાવરણીય કર્મની એક પ્રકૃતિ, એક પ્રકારની નિદ્રા.

थीणद्धि स्त्री० (स्त्यानर्द्धि) જુઓ "થીણગિદ્ધિ" શબ્દ. (૨) અધમ નિદ્રા વિશેષ.

थीपरिणा. स्त्री० (स्त्रीपरिज्ञा) સ્ત્રી પરિજ્ઞા નામનું સૂયગડાંગનું ૪ થું અધ્યયન.

थीलिंग. न० (स्त्रीलिङ्ग) સ્ત્રી જાતિ.

थीविलोयण. न० (स्त्रीविलोचन) ૧૧ કરણમાનું ચોથું કરણ.

थीवेय. पु० (स्त्रीवेद) સ્ત્રીવેદ.

थुइ. स्त्री० (स्तुति) સ્તુતિ; ગુણ ગાવા તે.

थुक्कार पु० (थूत्कार) थुथु करवु ते, धिक्कारवु ते.

थुड. पु० (स्थुड) वनस्पतिनो स्कंधभाग

थुति. स्त्री० (स्तुति) स्तववु ते, स्तुति करवी ते.

थुल्ल. त्रि० (स्थूल) जाडु; स्थूल.

थूण. न० (स्थूण) थांभलो.

थूणा. स्त्री० (स्थूणा) थांभली (२) ए नामनी पश्चिम दिशामां एक नगरी.

थूणामंडव. न० (स्थूणामण्डप) तम्बु, थांभली उपर करेल मांडवो.

थूभ. पु० (स्तूप) प्रेक्षा घरना मण्डप आगळनी मणिपीठिका उपर साठ जोजननो लांबो पहोळो अने साठ जोजननो उंचो सफेद रंगनो चैत्यस्तूप (२) अवयव समुदाय रूप अवयवी (३) कुवा वगेरेनो तट-कांठो. (४) पगलां. (५) थुभ-स्मरणस्तम्भ (६) स्तूप-मृतक घर; एनी जग्याए बांधेल देरी छत्तरडी वगेरे (७) शिखर. (८) ढगलो.

थूभकरंडग. न० (स्तूपकरण्डक) वृषभपुरनी पासेनु एक उद्यान.

थूभिया. } स्त्री० (स्तूपिका) लघु शिखर
थूभियागा. } (२) प्रासाद उपरनी मणिमय स्तूपिका. (शिखर)

थूल. त्रि० (स्थूल) स्थूल; जाडु. (२) म्होटु. (३) पुष्ट.

थूलभद्द. पु० (स्थूलभद्र) आर्य सम्भूतविजयना शिष्यनु नाम.

थेग. पु० (स्तेक) थेग; कंदनी एक जात

थेज्ज. न० (स्थैर्य) धैर्य; स्थिरभाव.

थेर. पुं० (स्थविर) ६० वरसनी उमरना वय स्थविर, वीस वरसनी दीक्षावाळो प्रव्रज्या स्थविर अने ठाणांग समवायांग वगेरेना जाणनार श्रुत स्थावर, एम त्रण प्रकारे थिवर. (साधु).(२) त्रि० वृद्ध; प्रौढ.

थेरकप्प पु० (स्थविरकल्प) १४ उपगरणधारी साधुओनी व्यवहार मर्यादा. (२) विशेष आचारनो प्रतिपादक ग्रंथ.

थेरकप्पट्ठिइ. स्त्री० (स्थविरकल्पस्थिति) गच्छप्रतिबद्ध आचार्यादिना कल्पनी स्थिति-व्यवहारमर्यादा.

थेरकप्पिय. पु० (स्थविरकल्पिक) स्थविर कल्पवाळा साधु, गच्छना प्रतिबंधवाळा साधु.

थेरभूमि. स्त्री० (स्थविरभूमि) स्थविर पदवीनी योग्यता

थेरावलि. स्त्री० (स्थविरावलि) स्थविर साधुओनी परिपाटी-एक पछी एकनु अनुक्रमे वर्णन. (२) ए नामनो मुनिओना चारित्रनो प्रतिपादक ग्रन्थ.

थेरिया. } स्त्री० (स्थविरा) स्थविर साध्वी.
थेरी. } (२) वृद्ध स्त्री.

थेरोवघाइय पु० (स्थविरोपघातिक) थिवर आचार्य गुरु वगेरेना दोष काढी तेनी घात करनार; असमाधिनु छट्ठु स्थानक सेवनार.

थेव. त्रि० ( ) थोडु; स्वल्प.

थोअ } त्रि० (स्तोक) थोडु
थोग. }

थोत्त न० (स्तोत्र) तीर्थंकर आदिनी स्तुति, स्तोत्र.

थोभ पु० (स्तोभ) } 'च' 'व' व-
थोभय. पु० (स्तोभक) } गेरे पादपूरणु अर्थे वपराता अव्ययोनो समूह.

थोव त्रि० (स्तोक) थोडु. (२) पु० काळनु एक जातनु प्रमाणु.

थोवअ. पुं० (स्तोकक) चातक पक्षी.

थोवथोवं. अ० (स्तोकस्तोकं) थोडुं थोडु.

थोहरी. स्त्री० (थोहरी) थोरनुं झाड.

दं.

दअ न० (दक) પાણી.

दइ. स्त्री० (दृति) મસક.

दइय पु० (दयित) વલ્લભ; પતિ

दइया. स्त्री० (दयिता) પ્રિયા. વલ્લભા, સ્ત્રી.

दइया. स्त्री० (दृतिका) ચામડાની મસક.

दइवत } **दइवय.** } न० (दैवत) દેવ; નશીબ.

दउदर } **दओदर.** } न० (दकोदर) જલોદર; એક જાતનો પેટનો રોગ.

दओभास पु० (दकावभास) વેલંધર દેવતાનો નિવાસ પર્વત.

दंड. पुं० (दण्ड) જેથી આત્મા દંડાય તેવી મન, વચન અને કાયાની પ્રવૃત્તિ કરવી તે. (૨) ચાર હાથ પરિમિત એક માપ. (૩) દંડ-લાકડીના આકારે કેવળ સમુદ્ઘાત વખતે આત્માના પ્રદેશ વિસ્તારવા તે (૪) ખભા પ્રમાણે ઉંચી લાકડી; દાંડાના પાંચ પ્રકારમાંનો એક. (૫) પાણી ગરમ કરતાં પાણીમાં ઉકાળો આવે તે (૬) દંડ, સામાન્ય લાકડી. (૭) સંન્યાસીનું એક ઉપકરણ (૮) શિક્ષા. સજા. (૯) દંડ રત્ન; ચક્રવર્તીનાં ચૌદ રત્નમાંનું એક. (૧૦) મૂળપાઠ. શબ્દ સંદર્ભ. (૧૧) આજ્ઞા (૧૨) પુ૦ ન૦ સૈન્ય; લશ્કર.

दंडदंडेण. अ० (दण्डदण्डेन) દંડ ઉપર દંડ.

दंडक. पु० } **दंडग.** पु० } (दण्डक) વિંછીનો કાંટો. (૨) નારકી આદિ ચોવીશ દંડક. (૩) લાકડી. દાંડો. (૪) કથન, વર્ણન. (૫) નમોત્થુણં આદિ પાઠ.

दंडण. न० } **दंडणया.** स्त्री० } (दण्डन) દંડવું તે.

दंडणायग. पुं० (दण्डनायक) કોટવાળ. (૨) દંડદાતા. (૩) સેનાપતિ.

दंडणीइ. स्त्री० (दण्डनीति) દંડ કરવો, શિક્ષા કરવી તે; રાજ્યનીતિનો એક પ્રકાર.

दंडदारु. पु० (दण्डदारु) કાષ્ઠમય દંડ; બ્રહ્મચારીનું એક ઉપકરણ.

दंडधारि त्रि० (दण्डधारिन्) દંડ ધારણ કરનાર.

दंडनायग. पु० (दण्डनायक) જુઓ "દંડણાયગ" શબ્દ.

दंडनीइ. } **दंडनीति.** } स्त्री० (दण्डनीति) જુઓ "દંડણીઇ" શબ્દ.

दंडपह. पु० (दण्डपथ) ગાય વગેરે પશુઓને ચરવાનો માર્ગ; કેડી

दंडपासि. पु० (दण्डपार्श्विन्) થોડા અપરાધને માટે ભારે શિક્ષા કરનાર.

दंडपुंछणय. न० (दण्डप्रोञ्छनक) દાંડાવાળી સાવરણી.

दंडभी. त्रि० (दण्डभी) દંડથી-પાપ પ્રવૃત્તિથી બીનાર.

दंडय पु० (दण्डक) જુઓ "દંડગ" શબ્દ.

दंडरक्खिय. पु० (दण्डरक्षक) દંડથી રક્ષણ કરનાર, કોટવાળ.

दंडरयण. न० (दण्डरत्न) ચક્રવર્તીનું દંડ રત્ન, ચૌદ રત્નમાંનું એક

दंडवीरिअ. पु० (दण्डवीर्य) ભરતની ગાદીએ આવેલ કીર્તિવીર્ય પછી તેનો પુત્ર.

दंडाययइ. त्रि० (दण्डायतिक) દંડની માફક પગ લાંબા કરી બેસનાર.

दंडायय. न० (दण्डायत) દંડાસન; આસનનો એક પ્રકાર. (૨) त्रि० દંડની માફક લાંબા.

दंडाविय. त्रि० (दण्डित) દંડાયેલ.

दंडासणिय. त्रि० (दण्डासनिक) દંડાસને બેસનાર.

दंडि. त्रि० (दण्डिन्) દંડ ધારણ કરનાર.

दंडिआ. स्त्री० (दण्डिका) નાની લાકડી, ડંડીકો. (૨) રાજમુદ્રા

दंडिखंड. पु० (दण्डिखण्ड) દોરાથી સીવેલ વસ્ત્ર; થીગડાં દીધેલ વસ્ત્ર.

दंडिणी स्त्री० (दण्डिनी) એ નામની એક રાજાની બે સ્ત્રીઓ.

दंडिम. त्रि० (दण्डिम) દંડથી બનેલ (૨) न० દંડની વસુલ થયેલી રકમ.

दंडिय पु० (दण्डिक) વિરોધી રાજા

दंडी. स्त्री० ( ) સાંધેલું જુનું વસ્ત્ર

दंत न० (दन्त्य) મુખડાની એક જાત. ગુ-ળીન જેવો ખાવાનો એક પદાર્થ.

दंत. पु० (दन्त) દાંત

दंत त्रि० (दान्त) ઇંદ્રિય દમન કરેલ, જિતેન્દ્રિય

दंतकट्ठ. न० (दन्तकाष्ठ) દાતણ.

दंतकम्म न० (दन्तकर्मन्) દાંતની કારીગરી.

दंतकार. पु० (दन्तकार) દાંતના કારીગર.

दंतधावण न० (दन्तधावन) દાંત સાફ કરવા તે (૨) દાતણ.

दंतनिवाय. पु० (दन्तनिपात) હોઠમાં દંત ક્ષત કરવું તે. કામચેષ્ટાનો એક પ્રકાર.

दंतमणि. पु० (दन्तमणि) હાથી આદિના દાંતમાંથી નીકળતો મણિ

दंतमाल. पु० (दन्तमाल) વૃક્ષ વિશેષ

दंतवक्क पु० (दान्तवाक्य) ચક્રવર્તી, જેના વચન માત્રથી શત્રુ દાન્ત-દમિત થાય છે તે

दंतवण. न० (दन्तावन) દાતણ. (૨) દાંત સાફ કરવા તે.

दंतवाणिज्ज पु० (दन्तवाणिज्य) દાંતનો વ્યાપાર કરવો તે. સાતમા ઉપભોગ પરિભોગ વ્રતનો એક અતિચાર.

दंतसोहण न० (दन्तशोधन) દાંત ખોતરણી.

दंतार पुं० (दन्तकार) દાંત કોતરનાર કારીગર

दंताली. स्त्री० (दन्ताली) ઘાસ, પરાળ વગેરે એકઠું કરવાનું એક લાકડાનું હથી-યાર; દંતાળી.

दंति. पु० (दन्तिन्) હાથી.

दंतिंदिय. त्रि० (दान्तेन्द्रिय) ઇંદ્રિય દમન કરનાર; જીતેન્દ્રિય

दंतिक. न० ( ) ચોખાનો આટો.

दंतिया. स्त्री० (दन्तिका) એ નામનું એક ગુલ્મ જાતિનું વૃક્ષ.

दंती. स्त्री० (दन्ती) એ નામની એક વનસ્પતિ; ઉદુમ્બર

दंतुक्खलिय. त्रि० (दन्तोत्खलित) ફળ ખાનાર તાપસનો એક વર્ગ.

दंद. न० (द्वन्द्व) રાગદ્વેષ આદિ બબ્બે વસ્તુની જોડ. (૨) દ્વન્દ્વ નામે સમાસ, સમાસનો એક પ્રકાર.

दंभ. पु० (दम्भ) ઢોંગ, ખોટો આડંબર.

दंभण न० (दम्भन) ડાભ.

दंस पु० (दर्श) દર્શન, સમ્યક્ત્વ (૨) સામાન્ય બોધ.

दंस. पु० (दंश) ડાંસ.

दंसण. पु० (दशन) દાંત

दंसण. पु० न० (दर्शन) સામાન્ય ઉપયોગ. ચક્ષુ અચક્ષુ અવધિ અને કેવળ એ ચાર દર્શન. (૨) તત્ત્વાર્થનું યથાર્થ શ્રદ્ધાન-સદ્દ-હણા (૩) પન્નવણા સૂત્રના ત્રીજા પદનું નામ. (૪) આંખ; નેત્ર. (૫) દેખવું, જોવું. (૬) સંવેદન; વેદવું તે (૭) દર્શન; દૃષ્ટિ. (૮) ઉપદેશ. (૯) અભિપ્રાય.

दंसणपडिणीयया. स्त्री० (दर्शनप्रत्यनीकता) દર્શન-સમ્યક્ત્વ પ્રત્યે શત્રુતા; દર્શના-વરણીયકર્મ બાંધવાનો એક હેતુ.

दंसणपडिमा. स्त्री० (दर्शनप्रतिमा) શ્રાવકે એક માસ સુધી બરાબર રીતે સમ્યક્ત્વનું પાલન કરવું તે. શ્રાવકની ૧૧ પડિમા-માંની પહેલી પડિમા.

दंसणपरीसह. पुं० (दर्शनपरीषह) દર્શન-સમ્યકત્વનો પરિષહ; બાવીશ પરિષહમાનો એક.

दंसणपुरिस्त. त्रि० (दर्शनपुरुष) સમ્યકત્વવાન પુરૂષ.

दंसणपुलाय. पुं० (दर्शनपुलाक) દર્શનને નિસાર બનાવનાર પુલાક લબ્ધિવંત સાધુ.

दंसणबुद्ध. पु० (दर्शनबुद्ध) દર્શન મોહનીયના ક્ષયોપશમાદિથી તત્ત્વશ્રદ્ધાન-રૂચિવડે બોધ પામેલ.

दंसणबोहि. त्रि० (दर्शनबोधिन) દર્શન મોહનીય કર્મના ક્ષયોપશમથી તત્ત્વ શ્રદ્ધાન પામનાર

दंसणभेदणी स्त्री० (दर्शनभेदिनी) દર્શન-સમકિતને ભેદનારી વિકથા

दंसणमोहणिज्ज. न० (दर्शनमोहनीय) દર્શન-સમ્યકત્વમા મુઝાવનાર મોહનીય કર્મની પ્રકૃતિ, સમ્યકત્વમોહનીય મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીય એ ત્રણ પ્રકૃતિ.

दंसणलोग पु० (दर्शनलोक) સમ્યકત્વાદિ દર્શનરૂપ લોક

दंसणवावन्नग. पु० (दर्शनव्यापन्नक) જેણે દર્શન-સમ્યકત્વ વમ્યુ છે-નિહ્નવ વગરે.

दंसणविसंवायणाजोग पु० (दर्शनविसंवादनायोग) સમકિત પરત્વે ખોટો વિખવાદ કરવો તે. દર્શનાવરણીય કર્મ બાંધવાનો એક હેતુ.

दंसणसावग } **दंसणसावय** } पु० (दर्शनश्रावक) શ્રાવકની ૧૧ પડિમા પૈકી પહેલી પડિમા આદરનાર શ્રાવક કે જે એક માસ સુધી શંકાદિ રહિત નિર્મળ સમકિતનુ પાલન કરે.

दंसणायार. पुं० (दर्शनाचार) દર્શન-સમકિતનો આઠ પ્રકારનો આચાર; ૧ તત્ત્વમાં નિઃશંકપણું; ૨ અતત્ત્વને ગ્રહણ કરવાની અનિચ્છા, ૩ કરણીના ફળની અસંદિગ્ધતા-અસંદેહ, ૪ દૃષ્ટિનો અવ્યામોહ, ૫ શક્તિનુ અગોપવવું, ૬ પડનાને સ્થિર કરવો, ૭ સાધર્મિ પ્રત્યે વત્સલભાવ રાખવો અને ૮ ધર્મની પ્રભાવના કરવી.

दंसणाय. पु० (दर्शनात्मन) દર્શન રૂપ આત્મા; આત્માનો છઠ્ઠો પ્રકાર.

दंसणायार पु० (दर्शनाचार) જુઓ "દંસણાચાર" શબ્દ.

दंसणावरण. न० (दर्शनावरण) આત્માની દર્શન શક્તિને દબાવનાર કર્મ. કર્મના આઠ પ્રકારમાંનો બીજો પ્રકાર.

दंसणावरणिज्ज न० (दर्शनावरणीय) દર્શનાવરણીય કર્મ, આઠ કર્મમાંનુ બીજું.

दंसणि. त्रि० (दर्शनिन्) દર્શની, દર્શનવાળો. (૨) તત્ત્વમાં શ્રદ્ધાવાળો.

दंसणिंद. पु० (दर्शनेन्द्र) ક્ષાયિક સમકિતનો ધણી.

दंसणिज्ज } **दंसणिय.** } त्रि० (दर्शनीय) દર્શન કરવા યોગ્ય.

दंसणिया. त्रि० (दर्शनिका) દર્શન, અવલોકન.

दंसि त्रि० (दर्शिन्) જોનાર; અવલોકન કરનાર

दंसिय. त्रि० (दर्शित) દેખાડેલ.

दक्ख. न० (दाक्ष्य) દક્ષતા, ચાતુરી; ચાલાકી

दक्ख. त्रि० (दक्ष) ચતુર, બુદ્ધિવાન; નિપુણ. (૨) ઉત્તર તરફના ભવનપતિ ઇંદ્રની પાયદળ સેનાનો ઉપરી

दक्खा. स्त्री० (द्राक्षा) દ્રાક્ષ-દરાખ.

दक्खिण. पु० (दक्षिण) સર્વ સ્ત્રીઓમા સરખો રાગ રાખનાર નાયકનો એક પ્રકાર (૨) દક્ષિણ દેશ-વિભાગ.

दक्खिणाउल. } **दक्खिणाकूल.** } त्रि० (दक्षिणाकूल) ગંગાને દક્ષિણ કાંઠે રહેનાર તાપસ; તાપસની એક જાત.

दक्खिणड्ढभरह पु० (दक्षिणार्धभरत) દક્ષિણાર્ધભરત, ભરતક્ષેત્રનુ દક્ષિણાર્ધ

दक्खिणत्त. त्रि० (दाक्षिणात्य) દક્ષિણ દિશામા રહેનાર. (અસુરકુમાર આદિ).

दक्खिणा. स्त्री० (दक्षिणा) દક્ષિણા; દાન.

दक्खिणावह. त्रि० (दक्षिणापथ) એ નામનો એક દેશ.

दक्खिणिल्ल. त्रि० (दाक्षिणात्य) દક્ષિણ દિશાનુ

दक्खिणेय. पु० (दाक्षिणेय) દાન લેનાર

दक्खिण्ण } **दक्खिन्न.** न० (दाक्षिण्य) ડહાપણ, ચાતુરી, ચતુરાઈ.

दक्खु. त्रि० (दक्ष) ચતુર, નિપુણ.

दक्खु त्रि० (द्रष्टृ) દેખનાર, સર્વજ્ઞ.

दक्खु. त्रि० (दृष्ट) જોયેલ (२) पु० જિનદેવ; સર્વજ્ઞ

दग न० (दक) પાણી (२) એ નામનો ૩૩ મો ગ્રહ (૩) સ્ફટિક, કાટક.

दगगब्भ पु० (दकगर्भ) અભ્ર, વાદળાં

दगतुंड. पु० (दकतुण्ड) પક્ષિ વિશેષ.

दगपंचवण्ण. पु० (दकपञ्चवर्ण) ૮૮ ગ્રહમાંનો ૩૮ મો ગ્રહ

दगपव्वय. पु० (दकपर्वत) સુર્યાભવાસી દેવતાઓના વનખંડમાંનો સ્ફટિકમય ક્રીડા પર્વત.

दगपह. पुं० (दकपथ) પાણી ભરવાનો માર્ગ.

दगपासाय. पु० (दकप्रासाद) જળમહેલ. (२) સ્ફટિક રત્નનો બનાવેલો મહેલ

दगपिप्पली. स्त्री० (दकपिप्पली) એ નામની એક લીલી વનસ્પતિ

दगभवण } **दगभवन** न० (दकभवन) પાણીઆરૂં.

दगभास पु० (दकभास) વેલંધર નાગરાજનો એક આવાસ પર્વત

दगमंचग. पु० (दकमञ्चक) સ્ફટિક રત્નનોમચ.

दगमंडग न० (दकमण्डप) સુર્યાભ દેવતાના વનખંડમાંનો ક્રીડા મંડપ.

दगमंडव. पु० (दकमण्डप) જેમા પાણી ઝરે છે એવો માંડવો. (२) સ્ફટિક રત્નનો બનાવેલો માંડવો.

दगमग्ग. पु० (दकमार्ग) પાણીનો માર્ગ.

दगमट्टिया स्त्री० (दकमृत्तिका) સચિત્ત પાણી સહિત કાદવ, ઢીલો કીચડ. (२) પાણી અને માટીના સંયોગનુ વિજ્ઞાન; જમીન અને પાણી પીછાનવાની કળા, ૭૨ કળામાંની ૧૫મી કળા

दगमल. न० (दकमल) મેલ સહિત પાણી, મેલુ-ગદું પાણી

दगमालग पु० (दकमालक) સુર્યાભ દેવતાનુ એક ક્રીડાસ્થાન

दगरक्खस पु० (दकराक्षस) જલચર વિશેષ

दगरय. पु० न० (दकरजस्) પાણીનુ બિંદુ-રજકણ.

दगरयय. न० (दकरजत) પાણીના ફીણ.

दगलेव पु० (दकलेप) નાભિ પ્રમાણ પાણીમા ઉતરવુ તે.

दगवण्ण. पु० (दकवर्ण) ૩૮ મો મહાગ્રહ

दगवार पु (दकवार) નાનો ઘડો.

दगवारक. } **दगवारय.** पु० (दकवारक) પાણીનો નાનો ઘડો

दगवीणिया. स्त्री० (दकवीणिका) પાણીની ધોરીઓ

दगसीम. पु० (दकसीमन्) મનશિલાક નામના વેલંધર નાગરાજનો આવાસ પર્વત.

दगसोयरिअ. पु० (दकसौकरिक) સાખ્યમતના અનુયાયી કે જે પાણી ઢોળનારા તરીકે પ્રસિદ્ધ હતા; જળના શીકારી.

दगाभास. पु० (दकाभास) જુઓ " દગભાસ " શબ્દ.

दगोवयर. पु० (दकोदर) સફેદ કાકની એક જાત.

दच्छ. त्रि० (दक्ष) દક્ષ; ચતુર; નિપુણ.

दट्ठ. त्रि० (दृष्ट) દેખેલ.

दट्ठ. त्रि० (दष्ट) ડંસેલ; કરડેલ.

दट्ठार. त्रि० (द्रष्टृ) જોનાર; પ્રેક્ષક.

दट्ठुमणा. त्रि० (द्रष्टुमनस्) જોવાની ઇચ્છાવાળો.

दड्ढ त्रि० (दग्ध) બળેલ, દાઝેલ.

दढ त्रि० (दृढ) દૃઢ; સ્થિર; નિશ્ચળ, મજબુત. (૨) સમર્થ. (૩) અતિ નિબિડ, પ્રગાઢ.

दढकेउ. पु० (दृढकेतु) ઐરવત ક્ષેત્રમાં થનાર આઠમા તીર્થંકરનું નામ.

दढणेमि पु० (दृढनेमि) બાવીસમા નેમનાથ તીર્થંકરના ભાઇનું નામ

दढधणु. पु० (दृढधनुष्) જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં થનાર આઠમા કુલકર (૨) જંબૂદ્વીપના ઐરવત ક્ષેત્રમાં થનાર સાતમા કુલકર.

दढनेमि. पु० (दृढनेमि) અંતગડસૂત્રના ચોથા વર્ગના દશમા અધ્યયનનું નામ. (૨) નેમનાથ પ્રભુના ભાઇ.

दढपइराणा. पु (दृढप्रतिज्ञ) સૂર્યાભ દેવતાના આવતાભવનું નામ (૨) અમ્બડ સન્યાસીના આવતા ત્રીજા ભવનું નામ. (૩) ગોશાળાના જીવનું નામ. (૪) એ નામનો એક શ્રાવક (૫) ત્રિ० પ્રતિજ્ઞામાં દૃઢ રહેનાર.

दढप्पहारि. त्रि० (दृढप्रहारिन्) મજબૂત પ્રહાર કરનાર (૨) પુ० એક જૈન મુનિ કે જેઓ પ્રથમ ચોરોના નાયક હતા પાછળથી દીક્ષા લઇ મોક્ષ ગયા.

दढरह पु० (दृढरथ) દશમા તીર્થંકર શીતળ નાથના પિતાનું નામ. (૨) એ નામના ગત અવસર્પિણીના આઠમા કુલકર.

दढरहा. स्त्री० (दृढरथा) વાણવ્યન્તરના ઇંદ્રની પટરાણીની બાહ્ય પરિષદ્. (૨) ભવનપતિના ઇંદ્રના લોકપાળની દેવીની બાહ્ય પરિષદ.

दढाउ. पु० (दृढायुष्) જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં થનાર પાંચમા તીર્થંકરના પૂર્વભવનું નામ. (૨) ભરતખંડના એક ભાવી કુલકર.

दढाउल पु० (दृढाकुल) એ નામનો એક માણસ.

दणुय. पु० (दनुज) રાક્ષસ.

दत्त. त्रि० (दत्त) આપેલું; દીધેલું. (૨) ન० દાન. આપવું તે. (૩) ત્રિ० છોડેલ; સ્થાપેલ. (૪) પુ० ભારતવર્ષમાં થઇ ગયેલ સાતમા વાસુદેવ. (૫) જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આવતી ઉત્સર્પિણીમા થનાર પાંચમા કુલકર. (૬) વિપાકસૂત્રના નવમા અધ્યયનમાં ઉદાહરણ આપેલ દેવદત્તનો પિતા. (૭) પુપ્ફિકાસૂત્રના સાતમા અધ્યયનનું નામ. (૮) ગત ચોવીસીના ૮ મા તીર્થંકર

दत्ति स्त्री० (दत्ति) અન્ન કે પાણીની દાન-ધાર, એક વખતમાં જેટલું દાન આપી શકાય તે

दत्तिय पु० (दत्तिक) આહાર પાણીના દાનનો અભિગ્રહ ધારણ કરનાર (સાધુ).

दत्तेसणा स्त्री० (दत्तैषणा) ઉત્પાદ આદિ એષણા દોષની તપાસ કરવી તે.

दद्दर. त्रि० (दर्दर) મજબુત, દૃઢ. (૨) ન० વાદ્ય વિશેષ. (૩) થાપો મારવો તે; ચપેટાનો એક પ્રકાર (૪) દાદરો; નિસરણી (૫) પુ० એક પર્વત. (૬) દેડકાની માફક પગ પછાડવા. (૭) વચનનો આડંબર. (૮) દક્ષિણમાં દર્દુર નામના પહાડ ઉપરનું ચન્દન. (૯) આઘાત; પ્રહાર.

दद्दरग. पु० } (दर्दरक) પગથી દર દર
दद्दरय. न० } એવો અવાજ કરવો તે (૨) એક જાતનું વાજિંત્ર (૩) વાસણનું મો બાંધવાનો લુગડાનો કટકો.

दद्दरिया. स्त्री० (दर्दरिका) વાદ્ય-વાજિંત્ર વિશેષ. (૨) પ્રહાર; આઘાત.

दद्दु पु० (दद्रु) ધાધર; ચામડીનો એક રોગ.

दद्दुर. पु० (दर्दुर) દેડકો. (૨) એ નામનો એક પર્વત (૩) રાહુનું અપરનામ (૪) ચામડાથી મોઢું બાંધેલ કળસ. (૫) કુંડી આદિ ભાજનનું મુખ (૬) દેડકાના ભવમાંથી દર્દુરાવતંસક વિમાનમાં ઉત્પન્ન થયેલ દેવ (૭) પાંચમા દેવલોકના ઇંદ્રનું ચિહ્ન

दद्दुरदेव पु० (दर्दुरदेव) પહેલા દેવલોકનો એક દેવતા.

दद्दुरवडिंसय न० (दर्दुरावतंसक) એ નામનું પહેલા દેવલોકનું એક વિમાન

दद्दुरी स्त्री० (दर्दुरी) દેડકી

दड्ढ. त्रि० (दग्ध) બળેલ.

दधि. न० (दधि) દહીં.

दधिघण. न० (दधिघन) બરાબર જામેલું-કઠણ થયેલ દહીં.

दधिफोल्लई. स्त्री० (दधिफोल्लकी) વનસ્પતિ વિશેષ.

दधिमुह. न० (दधिमुख) નંદીશ્વરદ્વીપના અંજન પર્વતની વાવડી વચ્ચેના પર્વતનું નામ.

दधिवण्ण. पु० (दधिपर्ण) વૃક્ષ વિશેષ.

दप्प. पु० (दर्प) અહંકાર. ગર્વ (૨) ધૃષ્ટતા

दप्पण. पु० न० (दर्पण) અરીસો; આયનો. (૨) આઠ મંગળિકમાંનો એક. (૩) त्रि० દર્પજનક.

दप्पणग. न० (दर्पणक) અરીસો પકડવાનો હાથો.

दप्पणिज्ज. त्रि० (दर्पणीय) બળ આપી ઉત્સાહ શક્તિને પુષ્ટ કરનાર, જઠરાગ્નિ પ્રદીપ્ત કરનાર (૨) न० જેથી કામ ઉત્પન્ન થાય એવું એક પ્રકારનું મર્દન.

दप्पिट्ठ. त्रि० (दर्पिष्ठ) ગર્વી, અહંકારી.

दप्पिय. त्रि० (दर्पित) ગર્વિષ્ઠ.

दब्भ. पु० (दर्भ) દાભડો, એક જાતનું ઘાસ

दब्भकुस. न० (दर्भकुश) દાભડો.

दब्भपुप्फ. पु० (दर्भपुष्प) દર્વિકર-સર્પની એક જાત

दब्भय पु० (दर्भक) મૂળ સહિત દાભનો છોડ

दब्भसंथारग न० (दर्भसंस्तारक) દાભડાની પથારી

दब्भियायण पु० (दार्भ्यायन) ચિત્રા નક્ષત્રનું ગોત્ર

दम पु० (दम) ઇંદ્રિય દમન, બાહ્યવૃત્તિનો નિરોધ. (૨) દમન, નિગ્રહ.

दमग. त्रि० (द्रमक) રાંક, ભિખારી (૨) દરિદ્રી

दमघोस. पु० (दमघोष) શિશુપાળ રાજાના બાપનું નામ, ચેદિ દેશના રાજા.

दमण. न० (दमन) દમન કરવું તે; પશુ આદિને પીડવા તે. (૨) વૃક્ષની એક જાત.

दमणग } पु० (दमनक) ફૂલની એક જાત
दमणय. }

दमणा. स्त्री० (दमना) એક જાતનું ગન્ધ દ્રવ્ય.

दमदंत. पु० (दमदन्त) એ નામનો હસ્તિશીર્ષકપુરનો એક રાજા. (૨) એક જૈન મુનિ.

दमि. त्रि० (दमिन्) ઇંદ્રિય નિગ્રહ કરનાર, જિતેન્દ્રિય.

दमिय. त्रि० (दमित) દમન કરેલ; નિગ્રહ કરેલ.

दमिल पु० (द्रविड) એ નામનો એક ભરતખંડમાંનો દેશ. (૨) પુ૦ સ્ત્રી૦ તે દેશના રહેવાસી.

दमिला } **दमिली.** } स्त्री० (द्रविडा) દ્રવિડ દેશમાં ઉત્પન્ન થયેલ દાસી.

दमीसर. पु० (दमीश्वर) જિતેન્દ્રિયમાં અગ્રેસર.

दम्म त्रि० (दम्य) દમન કરવા યોગ્ય

दय. न० (दक) પાણી, જળ

दय. त्रि० (दय) આપનાર

दयसीम पु० (दकसीमन्) લવણ સમુદ્રમાં રહેલ એક આવાસ પર્વત

दया. स्त्री० (दया) દયા, કૃપા. (૨) જીવ રક્ષા

दयालु. त्रि० (दयालु) દયાળુ, દયાવાન

दर. त्रि० ( ) અર્ધું (૨) થોડું

दरसणिज्ज. त्रि० (दर्शनीय) દર્શન કરવા યોગ્ય.

दरसिय. त्रि० (दर्शित) દેખાડેલ.

दरिद्द त्रि० (दरिद्र) દરિદ્ર; ગરીબ; નિર્ધન.

दरिय त्रि० (दृप्त) ગર્વિષ્ટ, ગર્વયુક્ત.

दरिय. त्रि० (दीर्ण) ફાડેલ; વિદારેલ.

दरिसण न० (दर्शन) સમકિત. (૨) આગમ. (૩) સંવેદન. (૪) પ્રકાશવું, પ્રગટ કરવું. (૫) વાક્ય (૬) દર્શન-મત.

दरिसणावरणिज्ज. } **दरिसणावरणीय.** } न० (दर्शनावरणीय) આત્માના દર્શન ગુણનું આચ્છાદન કરનાર આઠ કર્મમાંનું બીજું કર્મ.

दरिसणिज्ज } **दरिसणीय** } त्रि० (दर्शनीय) જોવા યોગ્ય.

दरिसावण. न० (दर्शन) દર્શન; સાક્ષાત્કાર.

दरिसि त्रि० (दर्शिन्) સર્વદર્શી.

दरी स्त्री० (दरी) પર્વતની ગુફા. (૨) ઉંદર આદિએ કરેલી નાની ખાડ.

दल. न० (दल) પત્ર; પાંદડાં. (૨) ભાગ; ખંડ. (૩) સમૂહ, જથ્થો (૪) કર્મના દળીયા, કર્મના અણુનો જથ્થો. (૫) ઉપાદાન કારણ.

दलिय. न० (दलिक) વિભાગ; અવયવ વિશેષ. (૨) કર્મના પરમાણુ. (૩) વસ્તુ-પદાર્થ.

दव. पु० (द्रव) ક્રીડા; ગમ્મત. (૨) પાણી વગેરે પ્રવાહી. (૩) વેગ (૪) સંયમ; વિરતિ (૫) રસીલી ચીજ.

दव. पु० (दव) દાવાનળ; વનનો અગ્નિ.

दवकर त्रि० (द्रवकर) હાસ્યકારક.

दवकारी स्त्री० (द्रवकारिणी) હાસી-ગમ્મત કરનારી (ભાષા)

दवग्गि. पु० (दवाग्नि) દાવાનળ

दवग्गिदावणया. स्त्री० (दवाग्निदापन) સાતમા ઉપભોગ પરિભોગ વ્રતનો ૧૩ મો કર્માદાન રૂપ અતિચાર, ડુંગર વગેરેને સળગાવવા તે.

दवण. न० (दवन) વાહન.

दवदव. अ० ( ) 'દબ દબ' કરતા ચાલવું તે

दवदवचारि. त्रि० ( ) દબ દબ એવો અવાજ કરતા ઉતાવળે ચાલનાર સાધુ, અસમાધિનું પ્રથમ સ્થાન સેવનાર

दवदवस्स. अ० ( ) ઉતાવળે ઉતાવળે

दवर. पु० ( ) રજ્જુ, દોરડું

दवरग पु० ( ) દોરડું.

दवरिया. स्त्री० ( ) નાની રસ્સી

दवसील त्रि० (द्रवशील) જલદી જલદી ભાષણ કરનાર

दविड पु० (द्रविड) એ નામનો એક અનાર્ય દેશ

दविडी. स्त्री० (द्राविडी) લિપિ વિશેષ.

दविण. न० (द्रविण) ધન; સંપત્તિ.

दविय. त्रि० (द्रवित) ભીંજાયેલી; દ્રવયુક્ત.

दविय પુ० (द्रविक) સંયમી. (૨) મોક્ષ જવાને યોગ્ય, ભવ્ય. (૩) તૃણ આદિ દ્રવ્યસમુદાય; બીડ.

दविय. પુ० ન० (द्रव्य) દ્રવ્ય, મૂળવસ્તુ. (૨) ધન; સંપત્તિ. (૩) ત્રિ० ભવ્ય, મુક્તિને યોગ્ય. (૪) સુન્દર, શુદ્ધ. (૫) રાગદ્વેષથી રહિત; વીતરાગ.

दवियाणुओग પુ० (द्रव्यानुयोग) પદાર્થ વિચાર.

दवियात. પુ० (द्रव्यात्मन) દ્રવ્યાત્મા, આત્મદ્રવ્ય.

दविल ત્રિ० (द्रविड) દ્રવિડ દેશવાસી. (૨) પુ૦ દેશ વિશેષ.

दविसात्थिय પુ० (द्रव्यस्वास्तिक) વનસ્પતિ વિશેષ.

दव्व. ન० (द्रव्य) ગુણ અને પર્યાયનુ આશ્રય ભૂત અને ભાવિ પર્યાયનુ કારણ વસ્તુ-પદાર્થ; ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્ય. (૨) કર્મદળ, કર્મના દલિઆ.

दव्वट्ठिय. પુ० (द्रव्यार्थिक) દ્રવ્યાર્થિકનય, દ્રવ્યની અપેક્ષા લગાડી વિચાર કરવો તે.

दव्वत्थव. પુ० (द्रव्यस्तव) દ્રવ્યસ્તવ-સ્તુતિ, ભાવ વિના સ્તુતિનો ઉચ્ચાર માત્ર કરવો તે.

दव्वदेव. પુ० (द्रव्यदेव) આવતા ભવમા દેવપણે થનાર મનુષ્ય અને તિર્યંચ.

दव्वपुरिस. પુ० (द्रव्यपुरुष) પુરુષભાવ રહિત, દ્રવ્યમાત્રે કરી પુરુષ.

दव्वबंध પું० (द्रव्यबन्ध) દ્રવ્યબંધ, સ્નેહ યા રજ્જુથી બાધવુ તે.

दव्वमण. ન० (द्रव्यमनस्) કાયયોગની સહાયથી જીવે ગ્રહણ કરેલ ચિંતા-વિચારણા પ્રવૃતિ કરાવનાર મનોવર્ગણાનો દ્રવ્યસમૂહ.

दव्वलिंग. ન० (द्रव्यलिङ्ग) દશ્ય વ્યવહાર; બહારનો વેષ.

दव्वलेस्सा. સ્ત્રી० (द्रव्यलेश्या) દ્રવ્ય લેશ્યા; કૃષ્ણાદિ છ લેશ્યાનુ દ્રવ્ય. (૨) શરીર આદિ પૌદ્ગલિક વસ્તુનો રૂપ, રંગ.

दव्वलोग. } **दव्वलोय.** } પુ० (द्रव्यलोक) ધર્માસ્તિકાય આદિ જીવાજીવ દ્રવ્યરૂપ લોક.

दव्वसंसार. પું० (द्रव्यसंसार) જીવ પુદ્ગળ રૂપ દ્રવ્યનુ ભ્રમણ તે દ્રવ્ય સંસાર.

दव्वसुय ન० (द्रव्यश्रुत) દ્રવ્યશ્રુત. ભાવશ્રુતના કારણરૂપ શબ્દ સમૂહ; આચારાંગ આદિ શાસ્ત્ર.

दव्वसोय પુ० (द्रव्यशौच) શરીરશૌચ, બહારની પવિત્રતા.

दव्वहलिया. સ્ત્રી० (द्रव्यहलिका) એ નામની એક વનસ્પતિ.

दव्वहोमा. સ્ત્રી० (द्रव्यहोमा) ઉચ્ચાટનાદિ નિમિત્તે મધ, ઘી, તલ વગેરે હોમવાની વિદ્યા, ૭૨ વિદ્યામાની એક.

दव्विंद. પુ० (द्रव्येन्द्र) જે શરીર ભવિષ્યમા ઇંદ્રનુ સામર્થ્ય મેળવનાર છે અથવા ભૂતકાળમા જેણે મેળવ્યુ છે વર્તમાનમા ઇંદ્રભાવ રહિત છે તે શરીરને આગમની અપેક્ષાએ દ્રવ્યેંદ્ર કહેવાય.

दव्विंदिय પુ० (द्रव्येन्द्रिय) કાન, નાક, આંખ આદિ નિર્વૃતિ અને ઉપકરણ રૂપ દ્રવ્ય ઇંદ્રિય, સ્થૂલ ઇન્દ્રિય.

दव्विकर પુ० (दर्वीकर) એક જાતનો સર્પ.

दव्वी. સ્ત્રી० (दर्वी) કડછી, ચાટવો. (૨) આ નામની એક વનસ્પતિ, કાબીજ; ફુલકાબી.

दव्वीअर. } **दव्वीकर.** } પુ० (दर्वीकर) એક જાતનો સર્પ.

दव्वेयणा. સ્ત્રી० (द्रव्यैजना) દ્રવ્ય પરત્વે કાંપવુ તે.

दव्वोगाहणा. સ્ત્રી० (द्रव्यावगाहना) દ્રવ્ય આશ્રી અવગાહના-ઉંચાઈ.

दव्वोमोयरिया. સ્ત્રી० (द्रव्यावमोदरिका) ખાનપાનનાં કે પહેરવા ઓઢવાનાં દ્રવ્યો ઘટાડવા તે; દ્રવ્ય ઉણોદરીનો એક પ્રકાર.

दस. त्रि० (दशन्) દશ. ૧૦, દશની સખ્યા.

दसअट्ठ त्रि० (दशाष्ट) ૧૮, અઢાર

दसंग पुं० (दशांग) દશ જેના અગ-અવયવો છે એવું સુખ મેળવનાર જીવ, દશાગી સુખ પ્રાપ્ત કરનાર.

दसक. न० (दशक) દશકો; દશનો થોક.

दसकालिय न० (दशकालिक) દશવૈકાલિક નામનું મૂળ સૂત્ર.

दसगुण. त्रि० (दशगुण) દશગણો.

दसगुणिय. त्रि० (दशगुणित) દશ ગણેલ, દશગણું.

दसट्ठ त्रि० (दशाष्ट) અઢાર. ૧૮.

दसण पुं० (दशन) દાંત.

दसण्ण. पुं० (दशार्ण) એ નામનો એક દેશ

दसण्णपुर. न० (दशार्णपुर) એ નામનું એક નગર

दसदसमिया. स्त्री० (दशदशमिका) દશ દશક-ના દિવસનું અભિગ્રહ-તપ, જેમાં એકેક દિવસે અથવા દશ દશ દિવસે એકેક દાત અન્નપાણીની વધારતા એક દાતથી દશ દાત સુધી અન્ન પાણીની લઇ શકાય છે.

दसद्ध. पुं० न० (दशार्द्ध) દશનું અર્ધ; પાચ. ૫.

दसद्धवण्ण. त्रि० (दशार्द्धवर्ण) પાચ રંગનું, પચરંગી.

दसधणु. पुं० (दशधनुष्) જંબૂદ્વીપના ઐરવત ક્ષેત્રમાં આવતી ઉત્સર્પિણીમાં થનાર છઠ્ઠા કુલકર. (૨) ભરતક્ષેત્રની આવતી ઉત્સર્પિણીના ૧૦ મા કુલકર.

दसन. पुं (दशन) દાંત.

दसन्न. पुं० (दशार्ण) જુઓ "દસણ્ણ" શબ્દ

दसन्नभद्द. पुं० (दशार्णभद्र) દશાર્ણ દેશનો રાજા.

दसपुर. न० (दशपुर) દશપુર નામનું નગર કે જેમાં ગોષ્ઠામાહિલ નિહ્નવ થયા.

दसपुव्वि. त्रि० (दशपूर्विन्) દશ પૂર્વ-ગ્રંથોના અભ્યાસી.

दसम त्रि० (दशम) દશમો-મી-મું. (૨) न० ચાર ઉપવાસ.

दसमभत्त. न० (दशमभक्त) ચાર ઉપવાસ ભેગા કરવા તે.

दसमभत्तिय. पुं० (दशमभक्तिक) ચાર ઉપ-વાસવાળો.

दसमा. / **दसमी** स्त्री० (दशमी) દશમ, પક્ષની ૧૦ મી તિથિ.

दसमुद्दा स्त्री० (दशमुद्रा) આગળીમાં પહેરવાનું આભૂષણ

दसमुद्दियाणंतक. / **दसमुद्दियाणंतय.** पुं० (दशमुद्रिकानन्तक) આગળીમાં પહેરવાનું એક આભૂષણ.

दसरत्तठिइवडिया. स्त्री० (दशरात्रस्थितिपतिता) કુળાચાર પ્રમાણે દશ દિવસ સુધી પુત્ર પુત્રીનો જન્મ મહોત્સવ કરવો તે.

दसरह. पुं० (दशरथ) ચાલુ અવસર્પિણીના આઠમા બળદેવ તથા વાસુદેવ; રામ લક્ષ્મણના પિતા, દશરથ રાજા. (૨) એ નામના ચાલુ અવસર્પિણીના ૯મા કુલકર. (૩) એક કુમારનું નામ (૪) વન્હિદશા સૂત્રના પ્રથમ અધ્યયનનું નામ

दसविह. त्रि० (दशविध) દશ પ્રકારનું.

दसवेयालिय न० (दशवैकालिक) એ નામનું ૨૯ ઉત્કાલિક સૂત્રમાંનું પહેલું.

दससय न० (दशशत) હજારની સખ્યા.

दसहा. अ० (दशधा) દશ પ્રકારનું.

दसा. स्त्री० (दशा) દશા, સ્થિતિ; અવસ્થા. (૨) દસ પ્રકારના અધિકારવાળું એક કાલિક સૂત્ર (૩) સૂત્રના અથવા ઉનના નાના ને પાતળા દોરા.

दसाकप्पववहार. पु० (दशाकल्पव्यवहार) દશાશ્રુતસ્કંધના દશ, બૃહત્કલ્પનાં છ અને વ્યવહાર સૂત્રના દશ અધ્યયન-સર્વ મળીને છવીસ અધ્યયન.

दसाकप्पववहारधर पु० (दशाकल्पव्यवहारधर) દશાશ્રુત, બૃહતકલ્પ અને વ્યવહાર સૂત્રના ધરનાર.

दसार. पु० (दशार्ह) સમુદ્રવિજય વગેરે દશ ભાઇ. લોકોમા અર્હ-લાયક હોવાથી દશાર્હ કહેવાય છે (૨) વાસુદેવ, શ્રીકૃષ્ણ. (૩) વાસુદેવનુ કુટુમ્બ.

दसारगंडिया. स्त्री० (दशार्हगण्डिका) જેમા દશાર્હનો અધિકાર છે એવો ગ્રન્થ.

दसाहिय. त्रि० (दशाह्निक) દશ દિવસ સમ્બન્ધી

दसाहिया. स्त्री० (दशाह्निका) દશ દિવસ પર્યંત થતી પુત્રની જન્મક્રિયા.

दसी स्त्री० (दशा) વસ્ત્રનો છેડો કે જે ભાગ વણ્યા વગરનો હોય તે

दसुग } पु० (दस्युक) ચોર, તસ્કર
दसुय. }

दस्सु. पु० (दस्यु) ચોર

दह. त्रि० (दशन्) દશ, ૧૦

दह. पु० (ह्रद) પાણીનો ઉંડો ઝરો. ધરો. (૨) એ નામનો એક દ્વીપ અને એક સમુદ્ર. (૩) એ નામની એક વેલ

दहण. न० (दहन) બાળવુ, ભસ્મ કરવુ. (૨) એ નામનો કૃત્તિકા નક્ષત્રનો દેવતા. (૩) पु० અગ્નિ; વહ્નિ.

दहणय. त्रि० (दहनक) દાહ કરનાર.

दहफुल्लिया. स्त्री० (ह्रदफुल्लिका) એ નામની એક વેલ.

दहवई. स्त्री० } (ह्रदवती) મહાવિદેહના
दहवती. } બાર અંતર નદીમાની એક; કચ્છગાવતીવિજય અને આવર્ત-વિજય વચ્ચેની નદી.

दहावई स्त्री० (ह्रदवती) બાર અંતર નદી-માની એક.

दहावईकुंड न० (ह्रदावतीकुण्ड) દ્રહાવતી નદીનો કુંડ.

दहि न० (दधि) દહીં.

दहिकामुय. पु० (दधिकामुक) એ નામની એક વનસ્પતિ.

दहिघण. पु० (दधिघन) દહીંનો પિંડ; કઠણ જામેલ દહીં

दहिमुह. पु० (दधिमुख) એક પર્વતનુ નામ. (૨) દધિમુખ નામનો દેવ

दहिय त्रि० (दग्ध) તપાવેલ


धणगिरि. પું० (धनगिरि) એક મુનિનું નામ; આર્ય ફલ્ગુમિત્રના શિષ્ય.

धणगुत्त. પુ० (धनगुप्त) ધનગુપ્ત નામે મહાગિરિ આચાર્યના એક શિષ્ય.

धणगोव. पु० (धनगोप) રાજગૃહનગર નિવાસી ધન્ય સાર્થવાહનો ત્રીજો પુત્ર.

धणड्ड. पुं० (धनाढ्य) એ નામના એક જૈન મુનિ.

धणदत्त. पु० (धनदत्त) ત્રીજા વાસુદેવના ત્રીજા પૂર્વ ભવનું નામ. (૨) એ નામનો એક સાર્થવાહ.

धणदेव. पु० (धनदेव) ધન્ય સાર્થવાહનો બીજો પુત્ર.

धणपाल. पु० (धनपाल) ધન્ય સાર્થવાહનો પહેલો પુત્ર.

धणय. पु० (धनद) વૈશ્રમણ, કુબેર ભંડારી.

धणरक्खिय. पु० (धनरक्षित) ધન્ય સાર્થવાહનો ચોથો પુત્ર

धणवइ. पु० (धनपति) વૈશ્રમણ, કુબેર ભંડારી. (૨) એક રાજકુમાર.

धणवंत. त्रि० (धनवत्) ધનવાન્; શ્રીમંત.

धणवति. पु० (धनपति) કુબેર, ધનનો અધિષ્ઠાયક દેવતા.

धणवह. पु० (धनवह) એ નામના એક રાજા.

धणसत्थवाह. पु० (धनसार्थवाह) રાજગૃહ નગરનિવાસી ધન નામે એક સાર્થવાહ.

धणसिरी. स्त्री० (धनश्री) એક વાણીયાની સ્ત્રી.

धणसेट्ठि पु० (धनश्रेष्ठिन्) રાજગૃહ નગરનો રહેવાસી ધન નામે એક શેઠ.

धणावह. त्रि० (धनावह) એ નામના એક રાજા.

धणि. पुं० (ध्वनि) શબ્દ, ધ્વનિ; અવાજ.

धणि. स्त्री० (ध्राणि) અસંતોષ; લોભીપ્રકૃતિ. (૨) તૃપ્તિ; સતોષ.

धणिक. त्रि० (धनिक) ધનવાન.

धणिट्ठा. स्त्री० (धनिष्ठा) એ નામનું એક નક્ષત્ર.

धणिय. त्रि० (धनिक) ધનવાન્; (૨) ધણી; માલીક; સ્વામી.

धणिय. त्रि० ( ) મજબૂત; કઠિન; દૃઢ

धणियं. अ० ( ) અતિશય; ધણુંજ.

धणु. न० (धनुष्) ધનુષ, તીરકામઠું. (૨) ચાર હાથનું માપ; વાંભ. (૩) પું૦ ધનુષ્યવતી નારકીઓને દુઃખ આપનાર પરમાધામી.

धणुक. न० (धनुष्क) જુઓ "धणु" શબ્દ.

धणुग्गह. पु० (धनुर्ग्रह) ધનુર્વા; એક પ્રકારનો વાયુનો રોગ

धणुद्धय पु० (धनुर्ध्वज) એ નામનો રાજા કે જે આવતી ચોવીસીમાં પહેલા મહાપદ્મ તીર્થંકર પાસે દીક્ષા લેશે.

धणुपिट्ठ. / **धणुपुट्ठ.** पु० (धनुःपृष्ठ) ધનુષ્યની પીઠ-કમાન. (૨) ધનુષ્યના પીઠના આકારનુ ક્ષેત્ર

धणुवेय. पु० (धनुर्वेद) બાણ છોડવાની વિદ્યાનો ગ્રંથ, પાચમો વેદ.

धणुह. न० (धनुष्) ધનુષ્ય.

धण्ण. त्रि० (धन्य) સન્માનનુ પાત્ર; આદરણીય; ભાગ્યશાળી. (૨) એક સાર્થવાહનુ નામ. (૩) એ નામના એક જૈન મુનિ. (૪) "અનુત્તરોપપાતિકદશા" સૂત્રનુ એક અધ્યયન. (૫) યક્ષ વિશેષ.

धण्ण. न० (धान्य) ૨૪ પ્રકારનુ ધાન્ય, અનાજ, દાણો.

धण्णंतरि. पु० (धन्वन्तरि) કનકરથ રાજાનો એક વૈદ.

धत्त. पु० ( ) વનસ્પતિ વિશેષ

धत्तरट्ठ. पु० (धृतराष्ट्र) કાળા મુખ અને પગવાળો એક જાતનો હંસ.

धन्न. त्रि० (धन्य) ધન્યવાદને લાયક. (૨) न० અણુત્તરોવવાઈ સૂત્રના ત્રીજા વર્ગના પ્રથમ અધ્યયનનું નામ. (૩) પુ૦ કાકદી નગરીનિવાસી ભદ્રાસાર્થવાહીના પુત્ર.

धन्न. न० (धान्य) અનાજ; ધાન્ય.

धन्नणिहि. पु० स्त्री० (धान्यनिधि) ધાન્ય રાખવાનુ ઘર; કોઠાર.

धन्नपुंजिय. न० (पुञ्जितधान्य) એકઠું કરેલું અનાજ.

धन्नविक्खित्त. न० (विक्षिप्तधान्य) વેરેલું અનાજ

धन्नविरल्लिय न० (विरल्लितधान्य) પવનથી એકઠું કરેલું અનાજ.

धन्नसंकट्टिय. न० (सङ्कर्षितधान्य) ખેતરમાંથી કાપીને ખળામાં આણેલું ધાન્ય

धन्ना. स्त्री० (धन्या) એ નામની એક સ્ત્રી

धन्नावह पु० (धन्यावह) એ નામનો એક રાજા.

धमग. त्रि० (ध्मापक) ધમનાર

धमण. न० (ध्मान) વાયુ પૂરવો તે (२) ધમણ

धमणी. स्त्री० (धमनी) નાડી, નસ

धमासगसार. पु० (धमासकसार) એક પ્રકારની વનસ્પતિ ધમાસો.

धम्म पु० न० (धर्म) દુર્ગતિમાં પડતા પ્રાણીને ધારી રાખનાર જ્ઞાન દર્શન, ચારિત્રરૂપ ધર્મ; દયા ક્ષમા, સદાચાર આદિ આત્મ ધર્મની સામગ્રી (२) વસ્તુનો સ્વભાવ (३) દશવૈકાલિક સૂત્રના પહેલા અધ્યયનનું નામ. (४) સૂયગડાંગ સૂત્રના નવમા અધ્યયનનું નામ. (५) જીવનો પર્યાય (६) १५ મા તીર્થંકરનું નામ (७) દરેક વસ્તુને ગતિ આપનાર અરૂપી દ્રવ્ય ધર્માસ્તિકાય (८) પુણ્ય, સુકૃત (९) એ નામના એક જૈન મુનિ. (१०) આચાર, વ્યવહાર

धम्म त्रि० (धर्म्य) ધર્મયુક્ત, ધર્મને લાયક

धम्मकंखिय त्रि० (धर्मकाङ्क्षित) ધર્મની આકાંક્ષાવાળો.

धम्मकहा. स्त्री० (धर्मकथा) ધર્મની ચર્ચા; ધર્મોપદેશ; ધર્મપ્રધાન દાન શીલ તપ ભાવ વગેરે સબંધી કથા

धम्मकहि. त्रि० (धर्मकथिन्) ધર્મકથા કહેનાર. ધર્મનો ઉપદેશક

धम्मक्खाइ. त्रि० (धर्माख्यायिन) ધર્મ પ્રતિપાદક.

धम्मक्खाइ. त्रि० (धर्मख्याति) ધર્મની ખ્યાતિવાળો; ધર્માત્મા.

धम्मघोस. पु० (धर्मघोष) એ નામના એક સ્થવિર સાધુ.

धम्मचक्क. न० (धर्मचक्र) ધર્મને પ્રકાશ કરનાર ધર્મચક્ર તીર્થંકરની આગળ ચાલે તે ચક્ર. તીર્થંકરના ३४ અતિશયમાંનો ૨૧ મો અતિશય

धम्मजस पु० (धर्मयशस्) એ નામના એક જૈન મુનિ

धम्मजागरिया स्त्री० (धर्मजागर्या) ધર્મને માટે જાગરણ કરવું તે (२) કુળધર્મ પ્રમાણે બાળકના જન્મને છઠ્ઠે દિવસે જાગરણ થાય છે તે

धम्मजीवि. त्रि० (धर्मजीविन) સંયમમય જીવન ગાળનાર

धम्मज्झय. पु० (धर्मध्वज) જંબુદ્વીપના ઐરવત ક્ષેત્રમાં આવતી ઉત્સર્પિણીમાં થનાર પાંચમા તીર્થંકર (२) ઇન્દ્રધ્વજ ધર્મદ્યોતકધ્વજ

धम्मज्झाण. न० (धर्मध्यान) આજ્ઞાવિચયાદિ રૂપ ધર્મચિંતન, ધર્મવિચારણા ભાવના, ચાર પ્રકારના ધ્યાનમાનું એક

धम्मण न० (ध्मान) ફૂંક મારવી, વાયુ પૂરવો તે

धम्मतित्थयर पु० (धर्मतीर्थकर) જીનભગવાન

धम्मत्थकामज्झयण न० (धर्मार्थकामाध्ययन) ધર્માર્થકામ એ ત્રિવર્ગ સબંધી દશવૈકાલિકસૂત્રનું છઠ્ઠું અધ્યયન.

धम्मत्थिकाय. पु० (धर्मास्तिकाय) એ પ્રકારનું લોકવ્યાપી દ્રવ્ય કે જે સર્વને ગતિમાં સહાય કરે છે.

धम्मदय. त्रि० (धर्मदय) ધર્મની પ્રાપ્તિ કરાવનાર; ધર્મદેશક.

धम्मदेव. पु० (धर्मदेव) ધર્મમાં દેવ સમાન. સાધુ; મુનિ.

धम्ममित्त. पु० (धर्ममित्र) છઠ્ઠા તીર્થંકરના બીજા પૂર્વભવનું નામ.

धम्मरुइ. पु० (धर्मरुचि) ધર્મમાં પ્રેમ, સમકિતનો એક પ્રકાર. (૨) એ નામના એક સાધુ. (૩) ત્રિ૦ ધર્મમાં રૂચિવાળા.

धम्मरुक्ख. पु० (धर्मवृक्ष) એ નામનું વલય જાતિનું એક વૃક્ષ

धम्मवि. } ત્રિ० (धर्मवित्) ધર્મના જાણકાર
धम्मविउ }

धम्मविरति. पु० (धर्मविरति) એ નામના એક સાધુ

धम्मसण्णा. } स्त्री० (धर्मसंज्ञा) ધર્મ પર વિશ્વાસ, (૨) ધર્મબુદ્ધિ
धम्मसन्ना }

धम्मसील ત્રિ० (धर्मशील) ધાર્મિક.

धम्मसीह. पु० (धर्मसिंह) સુબુદ્ધિ મંત્રીનો મિત્ર એક રાજા (૨) ચોથા તીર્થંકરના ત્રીજા પૂર્વભવનું નામ. (૩) એક સાધુનું નામ. (૪) ૧૫ મા તીર્થંકરને પ્રથમ ભિક્ષા આપનાર ગૃહસ્થ.

धम्मसेण पु० (धर्मसेन) સાતમા બળદેવના ત્રીજા પૂર્વભવનું નામ.

धम्मा स्त्री० (धर्मा) એ નામની એક સ્ત્રી.

धम्मायरिय. पु० (धर्माचार्य) ધર્મના આચાર્ય, ધર્મ પાળનાર તથા પળાવનાર સાધુ.

धम्मावाय. पु० (धर्मवाद) ધર્મ ચર્ચા. (૨) બારમો જૈન અંગગ્રંથ.

धम्माविअ ત્રિ० (ध्मापित) ધમણથી ઉનું કરેલ. (૨) ધમ્માર્થ. ધમેલ.

धम्मिट्ठ ત્રિ० (धर्मेष्ट) ધર્મપ્રિય.

धम्मिट्ठ ત્રિ० (धर्मिष्ठ) ધર્મમાં તત્પર, ધર્મની ઉંડી લાગણીવાળો, ધર્મ પ્રેમી.

धम्मिय. ત્રિ० (धार्मिक) ધર્માચરણી. ધર્મવાન્ (૨) ધર્મ સંબંધી.

धम्मिल्ल. पु० (धम्मिल) કેશબંધ; વેણી; અંબોડો (૨) એ નામના એક જૈન મુનિ.

धम्मीसर. पुं० (धर्मेश्वर) ભરતક્ષેત્રમાં થઈ ગયેલ ગત ચોવીસીના ૨૦ મા તીર્થંકરનું નામ.

धय. पुं० (ध्वज) } ધ્વજ, વાવટો.
धया. स्त्री० (ध्वजा) }

धर. ત્રિ० (धर) ધારણ કરનાર, ધારી રાખનાર. (૨) જંબુદ્વીપના એરવત ક્ષેત્રમાં ચાલુ અવસર્પિણીમાં થયેલ ૨૦ મા તીર્થંકર. (૩) છઠ્ઠા તીર્થંકરના પિતા. (૪) એ નામનો મથુરા નગરીનો રાજા.

धरण. पु० (धरण) દક્ષિણ દિશાના નાગકુમારોનો ઇન્દ્ર, ધરણેન્દ્ર. (૨) ધરણેન્દ્રનો મિત્ર. (૩) અંતગડસૂત્રના બીજા વર્ગના છઠ્ઠા અધ્યયનનું નામ. (૪) અંધક વૃષ્ણિ રાજાની ધારણી રાણીનો પુત્ર

धरण न० ( ) લાંઘણ કરવી

धरणप्पभ. पु० (धरणप्रभ) ધરણેન્દ્રનો ઉત્પાત પર્વત.

धरणा. स्त्री० (धरणा) ધરણેન્દ્રની ધરણા નામે રાજધાની

धरणि. स्त्री० (धरणि) પૃથ્વી, ધરા; ભૂમિ (૨) બારમા તીર્થંકરની મુખ્ય સાધ્વી. (૩) અરનાથજીના શાસન દેવીનું નામ.

धरणिधरा. स्त्री० (धरणिधरा) તેરમા તીર્થંકરની મુખ્ય સાધ્વી.

धरणिरायहाणी. स्त्री० (धरणिराजधानी) એ નામની એક રાજધાની.

धरणोववाअ पु० (धरणोपपात) એ નામનું એક કાલિક સૂત્ર.

धरा स्त्री० (धरा) તેરમા તીર્થંકરની મુખ્ય સાધ્વીનું નામ. (૨) પૃથ્વી.

धरिम. न० (धरिम) ત્રાજવાથી તોળીને વેચાતી વસ્તુ. (૨) ઋણ; કરજ.

धरिय ત્રિ० (धारित) ધારણ કરેલું

धरिय. ત્રિ० ( ) ઢાંકેલું

धरिसणा. स्त्री० (धर्षणा) બળાત્કાર, ધૃષ્ટતા.

धरिसणा. स्त्री० (धर्षणा) વચનથી તરછોડવું; ધિક્કારવું.

धव पुं० (धव) એ નામનું એક વૃક્ષ; ધાવડીનું ઝાડ. (૨) પતિ, સ્વામી

धवल. त्रि० (धवल) ધોળું, સફેદ; શ્વેત

धस पुं० (धस्) 'ધસ' એવો અવાજ.

धाअ. } पुं० (धातृ) દક્ષિણ તરફના પણ-
धाइ. } પન્નિય જાતના વ્યંતર દેવતાનો ઇન્દ્ર.

धाइयसंड पुं० (धातकीषण्ड) ધાતકીખંડ નામે બીજો દ્વીપ

धाई. स्त्री० (धात्री) ધાવમાતા (૨) ધાવનું કામ કરીને પ્રાપ્ત કરેલ ભિક્ષા.

धाईपिंड. पुं० (धात्रीपिण्ड) ધાત્રીની પેઠે બાળકને રમાડી-બોલાવીને ભિક્ષા લેવી તે, ભિક્ષાનો એક દોષ.

धाउ. पुं० (धातु) સોનું રૂપું વિગેરે ધાતુ (૨) ગેરૂ વગેરે જાતની માટી-પથ્થર. (૩) શરીરની અંદરના વાત, પિત્ત, કફ વગેરે ધાતુઓ (૪) ક્રિયાવાચક શબ્દ, ક્રિયાપદ. (૫) પૃથ્વી, જળ, તેજ અને વાયુ એ ચાર મહાભૂત.

धाउअ त्रि० (धातुज) ધાતુથી બનેલું, ધાતુવાળું (૨) નામ; શબ્દ.

धाडण. न० (धाडन) પ્રેરણા. (૨) નાશ

धाती. स्त्री० (धात्री) ધાવમાતા.

धातु. पुं० (धातु) ક્રિયાવાચક શબ્દ, ક્રિયાપદ (૨) ખનિજ પદાર્થ; ધાતુ.

धाम. न० (धामन) બળ; તેજ

धाय न० (धात) સુભિક્ષ, સુકાળ. (૨) તૃપ્ત; સંતુષ્ટ.

धायई. स्त्री० (धातकी) લવણ સમુદ્રને ફરતો ધાતકીના ઝાડથી ઓળખાતો બીજો દ્વીપ. (૨) એક પ્રકારનું વૃક્ષ.

धायईखंड. पुं० (धातकीखण्ड) એ નામનો એક દ્વીપ

धायईरुक्ख. पुं० (धातकीवृक्ष) આંબળાનું ઝાડ, જેની નીચે ૨૩ મા તીર્થંકરને કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું હતુ.

धायईसंड. पुं० (धातकीषण्ड) જુઓ "ધાયઇસંડ" શબ્દ.

धारग त्रि० (धारक) ધારણ કરનાર.

धारण. न० (धारण) ધારણ કરવાની અવસ્થા (૨) ગ્રહણ. (૩) રક્ષણ. (૪) પરિધાન. (૫) અવલમ્બન

धारणा. स्त्री० (धारणा) મતિ જ્ઞાનનો એક પ્રકાર, સ્મૃતિ, ધારણા. (૨) ધારણા નામનો વ્યવહાર. (૩) જેના ઉપર આડસર રહે છે તે થાંભલો (૪) મનની સ્થિરતા.

धारणाववहार. पुं० (धारणाव्यवहार) વ્યવહાર વિશેષ.

धारणिज्ज त्रि० (धारणीय) ધારણ કરવા યોગ્ય.

धारणी. स्त्री० (धारणी) ૧૧ મા તીર્થંકરની મુખ્ય સાધ્વી. (૨) અંધકવૃષ્ણિ રાજાની રાણી. (૩) શિવ રાજાની એ નામની રાણી. (૪) શ્રેણિક મહારાજાની રાણી (૫) ધારણ કરનારી

धारय त्रि० (धारक) ધારણ કરનાર

धारा. स्त्री० (धारा) શસ્ત્રાદિની ધાર (૨) દૂધ, પાણી, તેલ વિગેરેની ધાર-છેડ.

धारावारिय. त्रि० (धारावारिक) જેમા ધારાથી પાણી પડતું હોય તે-ફુંવારો વગેરે

धारावारियलेण. पुं० (धारावारिकलयन) ફુવારાવાળું ઘર.

धाराहय. त्रि० (धाराहत) વરસાદથી છંટાયેલ.

धारि. त्रि० (धारिन्) ધારણ કરનાર.

धारिआ. स्त्री० (धारिका) ધારણ કરનારી.

धारिणी. स्त्री० (धारिणी) મિથિલાના જિતશત્રુ રાજાની રાણી. (૨) કોણિક રાજાની રાણીનું નામ (૩) બળરાજાની રાણીનુ

नाम (४) सद्गुणधारी-सद्गुणी स्त्री. (५) रुप्पी राजानी राणीनु नाम (६) च पा नगरीना जितशत्रु राजानी राणीनुं नाम.

धावणा न० (धावन) दोडवु, भागवु

धावणाअ. पु० (धावनक) दूत; दोडनार सेवक.

धाहा स्त्री० ( ) अवाज, पोकार.

धिइ स्त्री० (धृति) धीरज, चित्तनी स्थता. (२) धृतिदेवी; निषध पर्वतना तिगिच्छद्रहनी अधिष्ठात्री देवी. (३) धृतिदेवीनी प्रतिमा-मूर्ति. (४) धारणा, स्मृति (५) अभिप्राय (६) धरणु; अवस्थान

धिक्कय त्रि० (धिक्कृत) धिक्कारेल. (२) न० धिक्कार, तिरस्कार

धिक्कार. पुं० (धिक्कार) धिक्कार, तिरस्कार (२) अगियारमाथी पंदरमा कुलकरना समयमा वपराती दंडनीति. धिक्कारनी शिक्षा.

धिज्ज. न० (धैर्य) धीरज, धैर्य

धिज्ज. त्रि० (ध्येय) ध्यान करवा योग्य. चिन्तनीय

धिज्जाइय. पु० स्त्री० (धिग्जातिक) ब्राह्मण.

धिज्जीवित न० (धिग्जीवित) धिक्कारपात्र जीवन.

धिति. स्त्री० (धृति) धीरज. (२) निषध पर्वतना तिगिच्छद्रहनी अधिष्ठात्री देवी

धितिकूड. पुं० (धृतिकूट) निषध पर्वतना नवकूटमानुं छठ्ठुं कूट-शिखर

धितिधर. } पु० (धृतिधर) अन्तगडसूत्रना
धितिहर. } छठ्ठा वर्गना छठ्ठा अध्ययननुं नाम. (२) काकंदी नगरी निवासी एक गाथापति.

धिद्धिकार. पु० (धिग्धिक्कार) धिक् शब्दथी अतिशय तिरस्कार करवो ते.

धिद्धी. अ० (धिग्धिक्) धिक्कारवाची शब्द

धिरत्थु अ० (धिगस्तु) धिक्कार हो.

धी स्त्री० (धी) धी; बुद्धि.

धीमंत. त्रि० (धीमत्) बुद्धिवाळु.

धीर त्रि० (धीर) गंभीर, धीर. (२) विवेकी, शान्त. (३) बुद्धिमान. (४) पुं० परमात्मा. जिनदेव. (५) गणधर देव

धुणण न० (धूनन) कंपाववु; हलाववु.

धुणण त्रि० (धाव्य) दूर करवा योग्य. (२) न० पाप. (३) कर्म.

धुत. त्रि० (धुत) दूर करेल. (२) आचारांग सत्रनु छठ्ठु अध्ययन (३) आठ प्रकारना कर्म.

धुत्त त्रि० (धूर्त) धूतारा, ठग

धुम्म. पु० (धूम्र) धुमाडो

धुय त्रि० (धुत) कंपावेलु, हलावेलुं. (२) न० संयमनुं अनुष्ठान. (३) मोक्ष (४) त्रि० तजेलु. (५) न० कर्म.

धुय पु० (ध्रुव) संयम.

धुर पु० (धुर) ए नामनो ८० मो ग्रह.

धुरा स्त्री० (धुरा) रथ आदिनी धोसरी. (२) भार, जवाबदारी

धुरी स्त्री० (धुरी) धरी, धोसरी

धुव. त्रि० (ध्रुव) निश्चळ, स्थिर; शाश्वत (२) पु० ध्रुव काळ. जे वखते जे कार्य करवानु होय ते समय (३) न० मोक्ष अने तेना साधन (४) अवश्य भावी. (५) निश्चित, नियत (६) मोक्ष; मुक्ति. (७) संयम, इन्द्रियादि निग्रह. (८) संसार. (९) अत्यन्त; अतिशय.

धुवउदइ. त्रि० (ध्रुवोदयिन) जेनो उदय विच्छिन्न नथी थयो एवी कर्म प्रकृति.

धुवउदया. स्त्री० (ध्रुवोदया) ध्रुवोदयी प्रकृति.

धुवउदीरणा. स्त्री० (ध्रुवोदीरणा) अवश्यभावी उदीरणा.

धुवं. अ० (ध्रुवम) चोक्कस; नक्की, अविचळपणे.

धुवकम्मिग्र. પુ૦ (ध्रुवकर्म्मिक) નિત્યકર્મચાગી લુહારાદિ જાતિ.

धुवचारि. ત્રિ૦ (ध्रुवचारिन्) મુમુક્ષુ, મોક્ષના અભિલાષી.

धुवण. ન૦ (धावन) ધોવું, સાફ કરવું

धुवणिग्गह પુ૦ (ध्रुवनिग्रह) આવશ્યક, અનુષ્ઠાન વિશેષ

धुवपगडि સ્ત્રી૦ (ध्रुवप्रकृति) પાંચ જ્ઞાનાવરણ, નવ દર્શનાવરણ, મિથ્યાત્વમોહનીય, સોલકષાય, ભય, જુગુપ્સા, તૈજસ, કાર્મણ, વર્ણાદિ ચાર, અગુરૂલઘુ ઉપઘાત, નિર્માણ, પાંચ અન્તરાય, એ ૪૭ પ્રકૃતિ અવિચ્છિન્ન હોય તે માટે ધ્રુવપ્રકૃતિ કહેવાય છે.

धुवबंध પુ૦ (ध्रुवबन्ध) }
धुवबंधी. સ્ત્રી૦ (ध्रुवबन्धिनी) } જે પ્રકૃતિબંધ હેતુ મળે અવશ્ય બંધાય તેને સ્થાને બીજી પ્રકૃતિ ન બંધાય તે ધ્રુવબંધી (પ્રકૃતિ)

धुवमग्ग પુ૦ (ध्रुवमार्ग) મોક્ષમાર્ગ

धुवराहु પુ૦ (ध्रुवराहु) ચન્દ્રની સાથે ચાલનાર નિત્ય રાહુ

धुववरण પુ૦ (ध्रुववर्ण) સંયમ. (૨) મોક્ષ (૩) શાશ્વત યશ.

धुवसंकम પુ૦ (ध्रुवसङ्क्रम) ધ્રુવસત્તાવાળી પ્રકૃતિનું સંક્રમણ-સજાતીય પ્રકૃત્યન્તરમાં પ્રવેશ

धुवसंतकम्मिगा સ્ત્રી૦ (ध्रुवसत्कर्मिका) કર્મની ૧૫૮ ઉત્તર પ્રકૃતિમાં નરકદ્વિક, મનુજદ્વિક, દેવદ્વિક, વૈક્રિયસપ્તક, આહારકસપ્તક, તીર્થંકરનામ, સમ્યક્ત્વમોહનીય, સમમિથ્યાત્વમોહનીય, ઉચ્ચગોત્ર, ચાર આયુષ્ય, એ અઠાવીસ પ્રકૃતિ અધ્રુવસત્તાની, બાકીની ૧૩૦ પ્રકૃતિ ધ્રુવસત્તાની છે.

धुवसत्ता. સ્ત્રી૦ (ध्रुवसत्ता) ધ્રુવસત્તા. જેની સત્તા જીવને સર્વદા હોય પરંતુ ભવપ્રત્યયાદિક કારણિક ન હોય તે

धुवसीलया. સ્ત્રી૦ (ध्रुवशीलता) ૧૮ સહસ્ર શીલાંગ રથને ધારણ કરવા તે.

धुवसुन्न. ત્રિ૦ (ध्रुवशून्य) શાશ્વત શૂન્ય એટલે જે કોઈ પણ કાળે અસ્તિત્વમાં ન આવે એવી દ્રવ્ય વર્ગણા

धुव्वं. અ૦ (ध्रुवम्) નિશ્ચળ; સ્થિર, નિત્ય

धूत ત્રિ૦ (धूत) પૂર્વે બાંધેલ કર્મ

धूता સ્ત્રી૦ (दुहितृ) પુત્રી, કન્યા

धूम પુ૦ (धूम) ધુમાડો (૨) ધૂમાડાની માફક સંયમને મલિન કરનાર આહારનો એક દોષ (૩) દ્વેષ; અપ્રીતિ.

धूमकेउ પુ૦ (धूमकेतु) ધુમકેતુ નામનો ૭૦ મો ગ્રહ. (૨) વહ્નિ; અગ્નિ

धूमण. ન૦ (धूमन) ધૂમપાન

धूमप्पभा } સ્ત્રી૦ (धूमप्रभा) પાંચમી નરક, જ્યાં ધુમાડા જેવા પ્રકાશ હોય છે
धूमप्पहा }

धूमवट्टि. સ્ત્રી૦ (धूमवर्त्ति) ધુમાડાની વાટ ધુમાડાના ગોટા

धूमसिहा સ્ત્રી૦ (धूमशिखा) ધુમાડાનો અગ્રેલો ભાગ.

धूमाभा. સ્ત્રી૦ (धूमाभा) એ નામની પાંચમી નરક ભૂમિ.

धूमिय ન૦ (धूमित) અગર વગેરે સુગંધી પદાર્થનો ધુપ દેવો તે.

धूमिया. સ્ત્રી૦ (धूमिका) ધુમ્મસ.

धूम्म. પુ૦ (धूम्र) ધુમાડો.

धूय. ત્રિ૦ (धूत) દૂર કરેલ.

धूयरा. સ્ત્રી૦ (दुहितृ) પુત્રી. (૨) પુત્રીની પુત્રી.

धूया. સ્ત્રી૦ (दुहितृ) દીકરી; કન્યા; પુત્રી

धूलि સ્ત્રી૦ (धूलि) ધૂળ; રજ.

धूलिया. સ્ત્રી૦ (धूलिका) ધૂળિ.

धूली. સ્ત્રી૦ (धूलि) ધૂળ; રજ.

धूव. પું૦ (धूप) ધુપ; સુગન્ધી દ્રવ્ય વિશેષ.

धूवकडुच्छुय. पु० (धूपकडुच्छुक) ધૂપનો કડછો

धूवघडिआ. स्त्री० (धूपघटिका) ધૂપ રાખવાનું ભાજન.

धूवघडी. स्त्री० (धूपघटी) જેમાં ધૂપ ઉખેવવામાં આવે તે.

धूवण. न० } **धूवणाया.** स्त्री० } (धपन) રોગ નિવૃત્તિ માટે ધૂપમાં વપરાતો સુગન્ધિયુક્ત પદાર્થ. (२) ધૂપ દેવો તે

धूविय त्रि० (धपित) ધૂપાવેલું; ધૂપ દીધેલું

धेज्ज. न० (धैर्य) ધૈર્ય; ધીરજ.

धेणु स्त्री० (धेनु) ગાય; ધેનુ.

धेय त्रि० (धेय) ધારણ કરવા યોગ્ય

धेय. त्रि० (ध्येय) ધ્યાન કરવા યોગ્ય

धेवत. } **धेवय** } पु० (धैवत) નાભીથી ઉઠેલો વાયુ, દાંત ને ઓઠના સ્થાનમાં જે અવાજ ધારણ કરે તે સ્વર; સાતમાંનો છઠ્ઠો સ્વર.

धोअण. न० (धावन) ધોવું, સાફ કરવું

धोत. } **धोय** } त्रि० (धौत) ધોયેલું; સાફ કરેલું

धोयण न० (धावन) ધોવું, સાફ કરવું.

धोयपोत्ती. स्त्री० (धौतपोतिका) બ્રાહ્મણને પહેરવાનું વસ્ત્ર

धोरण. न० ( ) ચાલવાની ચતુરાઈ.

धोरणी. स्त्री० (धारणी) જળની નિરન્તર ચાલતી ધારા, ધોરીઓ.

धोरुगिणी स्त्री० (धोरुकिनिका) દેશ વિશેષમાં ઉત્પન્ન થયેલ દાસી

धोरेय त्रि० (धौरेय) બોજો વહન કરનાર જાનવર; બળદ વગેરે.

धोवण. न० (धावन) ધોવું, સાફ કરવું

न.

न. अ० (न) નહી, ના, નિષેધાર્થક અવ્યય.

नइ स्त्री० (नदी) નદી;-ગંગા યમુના સિન્ધુ ઇત્યાદિ (२) નદી નામે એક દ્વીપ અને સમુદ્ર.

नउइ } **नउति.** } स्त्री० (नवति) નેવું

नउय. पु० (नयुत) ८४ લાખ નયુતાંગ પ્રમાણે કાળ વિભાગ.

नउयंग. पु० (नयुताङ्ग) ८४ લાખ અયુત પરિમિત કાળ વિભાગ.

नउल. पुं० (नकुल) નોળીયો.

नउली. स्त्री० (नकुली) નોળીઆની માદા. (२) નકુલ સંબંધી વિદ્યા

नं अ० (ननु) શંકાસૂચક અવ્યય.

नंगल. पुं० (लाङ्गल) હળ.

नंगुलि. त्रि० (लाङ्गुलिन्) પૂંછડીવાળું જનાવર.

नंद पु० (नन्द) આવતી ચોવીસીના પ્રથમ વાસુદેવ (२) આનંદ, પ્રસન્નતા. (३) લોઢાનું આસન. (४) નવનંદ.

नंदग. पु० (नन्दक) નન્દક નામનું વાસુદેવનું ખડ્ગ-તલવાર

नंदण त्रि० (नन्दन) આનન્દ ઉપજાવનાર. (२) पु० પુત્ર. (३) ભરતક્ષેત્રના ચાલુ ચોવીસીના ચોવીસમા તીર્થંકરના ત્રીજા પૂર્વભવનું નામ. (४) દેવતાઓને રમવાનું આનંદ કરવાનું સ્થાન; મેરૂપર્વત ઉપર આવેલું નન્દનવન. (५) આવતી ચોવીસીના સાતમા બળદેવનું નામ. (६) ઓગણીસમા તીર્થંકરના ત્રીજા પૂર્વભવનું નામ.

नंदणभद्द. पु० (नंदनभद्र) સમ્ભૂતિવિજયના શિષ્ય

नंदणवण. न० (नन्दनवन) મેરૂ પર્વત ઉપર આવેલો એ નામનો બગીચો; દેવતાઓનુ ક્રીડાસ્થાન

नंदमित्त. पु० (नन्दमित्र) આવતી ચોવીસીના બીજા વાસુદેવનું નામ.

नंदवती. स्त्री० (नन्दवती) અંતગડસૂત્રના સાતમા વર્ગના બીજા અધ્યયનનુ નામ.(२) રાજગૃહ નગરના શ્રેણિક રાજાની રાણી.

नंदसेणिया. स्त्री० (नन्दसेनिका) અંતગડ સૂત્રના સાતમા વર્ગના ચોથા અધ્યયનનુ નામ (२) રાજગૃહ નગરના શ્રેણિક રાજાની રાણી.

नंदा स्त्री० (नन्दा) અંતગડસૂત્રના સાતમા વર્ગના પહેલા અધ્યયનનું નામ. (२) રાજગૃહ નગરના શ્રેણિક રાજાની રાણી (३) એકમ, છઠ્ઠ અને અગીયારસ એ ત્રણ તિથિઓનું નામ. (४) ૧૦ મા તીર્થંકરની માતા. (५) અંજનગિરિની દક્ષિણ તરફની પુષ્કરિણી વાવનું નામ

नंदाचंपापविभत्ति. पु० न० (नन्दाचम्पाप्रविभक्ति) ૩૨ પ્રકારના નાટકમાંનું એક.

नंदापविभत्ति. पु० न० (नन्दाप्रविभक्ति) એ નામે નાટ્ય વિધિ.

नंदावत्त. पु० न० (नन्दावर्त्त) એક જાતનો સાથીઓ. (२) ચાર ઇન્દ્રિયવાળા જીવની એક જાત (३) દૃષ્ટિવાદાન્તર્ગત સિદ્ધ સેણિયા પરિકર્મનો ૧૩ મો ભેદ (४) સિદ્ધ સેણિયા અને મણુસ્સ સેણિયા પરિકર્મનો તેરમો અને પુટ્ઠ સેણિઆદિ પાચ પરિકર્મનો દશમો ભેદ. (५) વિચ્છેદ ગયેલ બારમા દૃષ્ટિવાદ અંગના બીજા વિભાગ સૂત્રનો ૧૨ મો ભેદ. (६) અઢારમા તીર્થંકરનું લાંછન.

नंदि. पुं० न० (नन्दि) નંદીસૂત્ર. (२) નદીવાજિંત્રનો શબ્દ. (३) રમતગમત; પ્રમોદ; હર્ષ.

नंदिआवत्त पु० (नन्दिकावर्त्त) એ નામનું સાતમા મહાશુક્ર દેવલોકનું એક વિમાન. (२) એક લોકપાળનુ નામ.

नंदिघोस. पु० (नन्दिघोष) એ નામનું પાંચમા દેવલોકનું એક વિમાન. (२) બાર પ્રકારના વાજિંત્રનો અવાજ.

नंदिणीपिउ. पु० (नन्दिनीपितृ) મહાવીર સ્વામિના દશ શ્રાવકમાંના એક.

नंदिपुर न० (नन्दिपुर) સાંડિલ દેશનું પ્રસિદ્ધ નગર

नंदिफल. न० (नन्दिफल) નંદિફળના દૃષ્ટાંત વાળું જ્ઞાતાનું ૧૫ મુ અધ્યયન.

नंदिमाणग. पु० (नन्दिमानक) એક જાતનું પક્ષી.

नंदिय पु० (नन्दिक) નંદીસૂત્ર, નંદીસિદ્ધાન્ત

नंदिय. त्रि० (नन्दित) આનન્દયુક્ત. (२) સમૃદ્ધિવાન્

नंदिलखमण. पु० (नन्दिलक्ष्मण) એ નામનો મંગુસ્વામિનો એક શિષ્ય

नंदिवद्धण. पु० (नन्दिवर्धन) મહાવીર સ્વામીના મોટાભાઈનું નામ

नंदिवद्धणा स्त्री० (नन्दिवर्धना) અંજનગિરિ પર્વતની ઉત્તરદિશાની પુષ્કરિણી વાવડીનું નામ.

नंदिसेण पु० (नन्दिसेन) જમ્બૂદ્વીપના એરવત ક્ષેત્રમાં ચાલુ અવસર્પિણીમાં થયેલ ચોથા તીર્થંકર (२) વિપાકસૂત્રનું નંદિષેણ નામનુ છઠ્ઠું અધ્યયન.

नंदिसेणा. स्त्री० (नन्दिसेना) પશ્ચિમ તરફના અંજનગિરિ પર્વતની પૂર્વે બાજુની પુષ્કરિણી વાવનું નામ.

नंदिस्सर. पुं० (नंदीश्वर) નંદીશ્વર નામનો આઠમો દ્વીપ.

नंदिस्सरवर. पु० (नन्दीश्वरवर) એ નામનો દ્વીપ અને સમુદ્ર.

नंदी. पु० स्त्री० (नन्दी) २९ ઉત્કાલિક સૂત્રમાંનું ૧૧ મુ સૂત્ર, નંદીનામે મૂળ સૂત્ર. (૨) લોભનો પર્યાયવાચક શબ્દ. (૩) ગન્ધાર ગ્રામની પહેલી મૂર્છના (૪) આઠમા દ્વીપ અને સમુદ્રનું નામ. (૫) પોઠિયો; આખલો; સાંઢ. (૬) હર્ષ; આનંદ. (૭) મતિશ્રુત અવધિ મનઃપર્યવ અને કેવળ એ પાંચ જ્ઞાન.

नंदीचुएणग. न० (नन्दिचूर्णक) હોઠ રંગવાનું એક ચૂર્ણ.

नंदीभाण न० (नन्दिभाजन) પાત્ર વિશેષ.

नंदीमुयंग. पु० (नन्दीमृदंग) એક જાતનું મૃદંગ-માદલ

नंदीमुह. पु० (नन्दीमुख) એક જાતનું પક્ષી

नंदीसर. पु० (नन्दीश्वर) એક દ્વીપનું નામ

नंदीसरदीव. पु० (नन्दीश्वरद्वीप) નંદીશ્વર નામનો આઠમો દ્વીપ.

नंदीसरवर पु० (नन्दीश्वरवर) એ નામનો દ્વીપ.

नंदुत्तरा. स्त्री० (नन्दोत्तरा) પૂર્વ રતકના અંજનગિરિ પર્વતની પૂર્વબાજુની પુષ્કરિણી વાવનું નામ

नंदोत्तरा. स्त्री० (नन्दोत्तरा) અંતગડસૂત્રના સાતમા વર્ગના ત્રીજા અધ્યયનનું નામ (૨) રાજગૃહ નગરના શ્રેણિક રાજાની નંદોત્તરા નામની રાણી.

नकुल. पु० (नकुल) નોળીયો.

नक्क. पु० (नासिका) નાક, ઘ્રાણેંદ્રિય.

नक्कच्छिन्न. त्रि० (नासिकाच्छिन्न) નાક છેદાયલો; નકટો.

नक्ख. पुं० (नख) નખ.

नक्खत्त. न० (नक्षत्र) જ્યોતિઃશાસ્ત્ર પ્રસિદ્ધ ૨૮ નક્ષત્ર.

नख. पु० (नख) નખ.

नग. पुं० (नग) પર્વત; પહાડ.

नगर. न० (नगर) નગર, શહેર.

नगरगुत्तिय. पु० (नगरगुप्तिक) નગરની રક્ષા કરનાર કોટવાળ, ફોજદાર વિગેરે.

नगरी. स्त्री० (नगरी) નગરી; નગર

नगिण } **नग्ग.** } त्रि० (नग्न) વસ્ત્ર રહિત; નાગો.

नग्ग न० (नाग्न्य) નગ્નપણું, નિરૂપાધિપણું

नग्गभाव. पु० (नग्नभाव) નગ્નવૃત્તિ, સાધુવૃત્તિ.

नग्गोह. पु० (न्यग्रोध) વડનું ઝાડ.

नच्चण न० (नर्तन) નાચવું, ગાનતાન કરવું.

नच्चणी. स्त्री० (नर्तकी) નાચ કરનારી; નટી.

नच्चिर त्रि० (नर्तनशील) નાચનાર.

नजुतंग पु० (नयुताङ्ग) ચોરાશી લાખ નજુતપરિમિત કાળવિભાગ.

नट्ट. न० (नाट्य) ૩૨ પ્રકારના નાટક પ્રયોગ, નૃત્યગાનાદિ. (૨) નાટ્યકળા. (૩) त्रि० નાટક કરનાર; નાટકીઆ.

नट्टग त्रि० (नर्तक) નાચ કરનાર.

नट्टमालअ. पु० (नृत्तमालक) વૈતાઢ્યની ખંડપ્રપાત ગુફાનો અધિપતિ દેવતા.

नट्टय. त्रि० (नर्तक) નાચનાર.

नट्टसाला. स्त्री० (नाट्यशाला) નાટકશાળા

नट्टिया स्त्री० (नर्तकी) નાચ કરનાર સ્ત્રી.

नट्ठ त्रि० (नष्ट) નષ્ટ થયેલ, નાશ પામેલ. (૨) દિવસના ત્રીશ મુહૂર્તમાંના સત્તરમા મુહૂર્તનું નામ

नट्ठवंत पु० (नष्टव्रत) એ નામનું ૨૬ મુ મુહૂર્ત

नड. पु० (नट) નટ; નાટકીઆ

नडिअ त्रि० ( ) વિડંબિત; ખેદ પમાડેલ

नणु अ० (ननु) શંકાસૂચક અવ્યય.

नत्तमाल. पु० (नक्तमाल) વૃક્ષ વિશેષ; ખજુરી

नत्तु. पु० (नप्तृ) દોહિતરો.

नत्तुआ. स्त्री० (नप्तृका) પૌત્રી, દીકરાની કે દીકરીની દીકરી.

नमुई. स्त्री० (नमूका) जुओ "नमुआ" शब्द

नत्थ त्रि० (न्यस्त) राखेलु (२) छोडेलु; नजेलु.

नत्था. स्त्री० (नस्ता) બળદ વગેરેને નાકમાં બાંધેલ દોરડી, નાથ

नत्थि. अ० (नास्ति) नथी, छ नहि.

नद्द. पु० (नद) શબ્દ, નાદ, ધ્વનિ.

नदी. स्त्री० (नदी) નદી

नपु. न० (नपुम) નપુંસકવેદ

नपुंम न० (नपुम) નપુંસક વેદ, જેમાં સ્ત્રી અને પુરુષ બંનેના લક્ષણ હોય તે

नपुंसक. } न० (नपुंसक) નપુંસક, નામર્દ
नपुंसग }

नपुंसगवयण न० (नपुंसकवचन) નપુંસક વચન, નાન્યતરજાતિ વાચક પ્રત્યય

नपुंसगवेदग पु० (नपुंसकवेदक) નપુંસક વેદ; ત્રણ વેદમાંનો એક

नपुंसगवेय पु० (नपुंसकवेद) નપુંસક વેદ, ત્રણ વેદમાંનો એક

नभ. न० (नभस) આકાશ

नमंसण न० (नमन) નમન કરવું

नमंसणिज्ज त्रि० (नमस्य) નમસ્કાર કરવા યોગ્ય

नमंसिय. त्रि० (नमस्य) નમવા યોગ્ય

नमि. पु० (नमि) મિથિલા નગરીનો રાજા (२) ચાલુ અવસર્પિણીના ૨૧ મા તીર્થંકરનું નામ.

नमिर. त्रि० (नम्र) નમ્ર, વિનયી.

नमुक्कार. पु० (नमस्कार) નમસ્કાર.

नमुक्कारसिया. स्त्री० (नमस्कारसीमा) નમસ્કાર ગણી પાળે નહી ત્યાં સુધી સવારના પહોરમાં બે ઘડી સુધી ચઉવિહારના પચ્ચક્ખાણ કરવા તે

नमुदय. पुं० (नमुदक) એ નામનો એક આજીવિક મતનો ઉપાસક.

नमो. अ० (नमस) નમસ્કાર હો.

नमोक्कार. पु०(नमस्कार) પ્રણામ; નમસ્કાર.

नमोक्कारपुन्न. न० (नमस्कारपुण्य) નમન કરવાથી થતું પુણ્ય.

नय. त्रि० (नत) નમ્ર થયેલ; નત.

नय अ० (नच) નહિ.

नय पु० (नय) એક વસ્તુના અનેક ધર્મમાંથી એક ધર્મને મુખ્ય રાખી અન્યને ગૌણ રાખી વિચાર કરવો તે, જુદી જુદી અપેક્ષાએ પદાર્થને જોવાની અને સમજવાની દૃષ્ટિ (२) ન્યાય. (३) શાસ્ત્ર. (४) મત

नयण. न० (नयन) નયન, આંખ (२) લઇ જવું, દોરી જવું

नयर. न० (नगर) નગર કર વિનાનું ગામ.

नयरी. स्त्री० (नगरी) નગરી; શહેર.

नर पु० (नर) મનુષ્ય, પુરુષ. (२) મનુષ્ય ગતિનામે નામકર્મની એક પ્રકૃતિ.

नरक. पु० (नरक) નરક

नरकंता स्त्री० (नरकान्ता) રમ્યક્વાસ ક્ષેત્રની પૂર્વ તરફ લવણ સમુદ્રમાં ભળતી એ નામની એક મોટી નદી.

नरग. पु० (नरक) નરક, નરકાવાસ.

नरगपालग. पु० (नरकपालक) નારકીઓને કર્મનું ફળ આપનાર પરમાધામી.

नरदेव. पु० (नरदेव) ચક્રવર્તી.

नरय. पु० (नरक) નારકીઓનું નિવાસ સ્થાન, રત્નપ્રભા આદિ સાત નરક, પાતાળ લોક

नरयविभत्ति. स्त्री० (नरकविभक्ति) સૂયગડાંગના પાંચમા અધ્યયનનું નામ.

नरवइ } पु० (नरपति) નૃપતિ; રાજા.
नरवति. }

नरवेअ पु० (नरवेद) પુરુષવેદ.

नराणुपुव्वी स्त्री० (नरानुपूर्वी) મનુષ્યની અનુપૂર્વી; નામ કર્મની એક પ્રકૃતિ કે જે જીવને બીજી ગતિમાંથી મનુષ્યની ગતિમાં સિધેસિધુ લઇ આવે.

नराहिव. पुं० (नराधिप) नरोनो अधिप; नृप; राजा.

नरिंद पुं० (नरेन्द्र) नरेन्द्र; राजा. (२) એ નામનું પાંચમા દેવલોકનું એક વિમાન.

नरिंदकंत पु० (नरेन्द्रकान्त) એ નામનું પાંચમા દેવલોકનું એક વિમાન.

नरिंदुत्तरवडिंसग. पु० (नरेन्द्रोत्तरावतंसक) એ નામનું પાંચમા દેવલોકનું એક વિમાન

नरेस्सर. पु० (नरेश्वर) નરેશ્વર, ચક્રવર્તી.

नल. पु० (नल) તૃણ વિશેષ; નળ; બરૂ.

नलकुबर. पु० (नलकुबर) વૈશ્રમણ દેવનો પુત્ર સમાન એક દેવ, અતિલાલિત્યવાન એક દેવ

नलिण पु० न० (नलिन) કમળ (२) ८४ લાખ નલિનાંગપરિમિત કાળવિભાગ. (૩) એ નામનું આઠમા દેવલોકનું એક વિમાન.

नलिणंग पु० (नलिनाङ्ग) ચોરાશી લાખ પદ્મ(?)માનપરિમિત કાળ વિભાગ

नलिणगुम्म. पु० (नलिनगुल्म) આઠમા દેવલોકનું એક વિમાન.

नलिणा. स्त्री० (नलिना) નલિના નામની મહાવિદેહની એક વિજય. (૨) જંબૂવૃક્ષના અગ્નિખુણાના વનખંડની એક વાવડીનું નામ.

नलिणावई. स्त्री० (नलिनावती) મહાવિદેહની એક વિજય

नलिणी स्त्री० (नलिनी) કમલિની.

नलिन पु० (नलिन) નલિન રાજા કે જે આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકર મહાપદ્મની પાસે દીક્ષા લેશે.

नलिनगुम्म. पु० (नलिनगुल्म) જુઓ "નલિણગુમ્મ" શબ્દ.

नलिय. न० (नलित) એક જાતની વનસ્પતિ.

नव. त्रि० (नवन्) નવની સંખ્યા.

नव. त्रि० (नव) નવું, રૂપાળું; નૂતન.

नवग. न० (नवक) નવનો સમૂહ.

नवणीय. न० (नवनीत) માખણ.

नवतय. न० (नवतक) ઉનનું વસ્ત્ર વિશેષ

नवनवइ स्त्री० (नवनवति) નવાણું, ૯૯ ની સંખ્યા.

नवनवमिया. स्त्री० (नवनवमिका) ૮૧ દિવસોમાં થતી ૪૦૫ દાતની એક ભિક્ષુપડિમા- અભિગ્રહ વિશેષ.

नवनीअ. न० (नवनीत) માખણ.

नवनीया. स्त्री० (नवनीका) ગુલ્મ જાતનું એક ઝાડ.

नवमल्लइ. पु० (नवमल्लकिन्) નવ મલ્લવંશના ચેડા રાજાના પક્ષના રાજા કે જે મહાવીરસ્વામીના પરમભક્ત હતા.

नवमा. स्त्री० (नवमी) નવમી; નોમ

नवमालिआ. स्त्री० (नवमालिका) નવમાલિકાની વેલ.

नवमिया स्त्री० (नवमिका) પશ્ચિમ દિશાના રૂચક પર્વત પર વસનારી આઠ દિશાકુમારીમાંની છઠ્ઠી. (૨) સાધર્મેન્દ્રની ત્રીજી અગ્રમહિષી (૩) સત્પુરૂષેન્દ્રની બીજી અગ્રમહિષી.

नवयअ. पु० (नवतक) ઉનનું વસ્ત્ર વિશેષ.

नवरं. अ० ( ) વિશેષતાસૂચક અવ્યય.

नवरि. अ० ( ) કેવળ; માત્ર.

नवलेच्छइ. पु० (नवलेच्छकिन्) નવ લેચ્છકિ જાતિના રાજા.

नवि. अ० (नैव) નહીં; નિષેધસૂચક શબ્દ.

नविय. त्रि० (नव्य) નૂતન; નવું

नस्सर. त्रि० (नश्वर) નાશ થનાર.

नह न० (नभस्) આકાશ.

नह. पु० (नख) નખ.

नहच्छेयणअ. न० (नखच्छेदनक) નખને છેદનાર; નેરણી.

नहर पु० (नखर) નખ.

नहि. त्रि० (नखिन्) नख–नहोरवाळु जानवर.

नहु. अ० (नैव) नही.

नाअ पु० (न्याय) सन्मार्ग, मुमुक्षुजनोनो आचार. (२) पदार्थनु स्वरूप जणावनार न्याय–कांटो (३) त्रि० योग्य. उचित. (४) न० आवश्यकसूत्रनु पर्यायवाचक नाम.

नाइ अ० (नैव) नही निषेधार्थक अव्यय.

नाइ. स्त्री० (ज्ञाति) जाति; कुटुंब

नाइअ त्रि० (नादित) शब्द; अवाज. (२) गीतादि

नाग. पु० (नाग) सर्प (२) हाथी (३) नागकुमार. भवनपति देवतानी एक जात (४) अनीयसादि ७ भाइना पिता. सुलसानो पति. (५) ११ करणमानु एक करण. (६) अंजन पर्वतना सिद्धायतनना त्रीजा द्वारनु नाम. (७) नागद्वारना अधिपति देवनु नाम (८) ए नामनो एक छोडवो, नागकेसर

नागकुमार. पु० (नागकुमार) भवनपति देवतानी एक जात

नागकुमारी स्त्री० (नागकुमारी) नागकुमारनी देवी

नागदंत. पु० (नागदन्त) हाथीना दांतना आकारवाळी खीती.

नागपरियावणिया. स्त्री० (नागपरियापनिका) ७२ सूत्रमांनु एक.

नागपरियावलिया. स्त्री० (नागपर्यावलिका) ए नामनु एक कालिकसूत्र.

नागपव्वअ. पु० (नागपर्वत) ए नामनो सीतोदा नदीने किनारे आवेलो एक पर्वत

नागबाण. पु० (नागबाण) एक जातनु बाण, जे छुट्या पछी नागनी पेठे मनुष्यने पाशरूपे वींटाई शरीरमां प्रवेश करे छे ते.

नागमंडलपविभत्ति. पु० (नागमण्डलप्रविभक्ति) नागमंडळनी विशेष रचनायुक्त नाटक.

नागमित्त. पु० (नागमित्र) आर्य महागिरिना शिष्य.

नागरपविभत्ति. पु० (नागरप्रविभक्ति) नगर संबंधी विशेष रचनावाळु नाटक.

नागरुक्ख. पु० (नागवृक्ष) महोरगदेवनी सभा आगळनु वृक्ष (२) नागकेशरनु झाड

नागलया. स्त्री० (नागलता) तांबुलनी वेल. नागरवेल.

नागवीहि. स्त्री० (नागवीथि) शुक्रग्रहनी गति विशेष.

नाडइज्ज. त्रि० (नाटकीय) नाटक संबंधी (२) नाटकना पात्र.

नाडग. } न० (नाटक) बत्रीस प्रकारना
नाडय. } नाटक (२) नाट्यशास्त्र

नाडिया. स्त्री० (नाडिका) २४ मिनिट प्रमाणकाळ, घडी

नाण. न० (ज्ञान) ज्ञान, समजण, बोध

नाणंतराय. पु० (ज्ञानान्तराय) ज्ञानमां अंतराय पाडवी; ज्ञानावरणीय कर्म बांधवानो एक हेतु.

नाणट्ठ. त्रि० (नानार्थ) अनेक अर्थवाळु.

नाणत्त न० (नानात्व) विविधपणु

नाणनिण्हवणया स्त्री० (ज्ञाननिह्नव) ज्ञानीज्ञान आपनारनो उपकार न मानवो ते. ज्ञानावरणीय कर्म बांधवानो एक हेतु

नाणपडिणीयया. स्त्री० (ज्ञानप्रत्यनीकता) ज्ञानथी प्रतिकूळ वर्तवुं ते. ज्ञानावरणीय कर्म बांधवानो एक हेतु.

नाणप्पओस. पु० (ज्ञानप्रदोष) ज्ञान उपर द्वेष राखवो ते; ज्ञानावरणीय कर्म बांधवानो एक हेतु.

नाणप्पवाय. पु० (ज्ञानप्रवाद) जेमां ज्ञान विषयक विचार छे ते पांचमा पूर्व.

नाणप्पवायपुव्व. पु० (ज्ञानप्रवादपूर्व) ज्ञानप्रवाद नामे चउद पूर्वमांनो एक पूर्वशास्त्र.

नाणविसंवादणाजोग. પુ० (ज्ञानविसंवादनयोग) જ્ઞાનયોગને વિષમભાવે પ્રવર્તાવવા તે. જ્ઞાનાવરણીય કર્મ બાંધવાનો એક હેતુ

नाणवि. त्रि० (ज्ञानवित्) જ્ઞાનવાન્. યથાર્થપણે પદાર્થને જાણનાર.

नाणा अ० (नाना) અનેકરૂપે; વિવિધપ્રકારે

नाणायार पु० (ज्ञानाचार) કાળે ભણવું વિનયસહિત ભણવું. વગેરે આઠ પ્રકારનો જ્ઞાનનો આચાર.

नाणावरण न० (ज्ञानावरण) જ્ઞાનાવરણીય કર્મ.

नाणावरणिज्ज न० (ज्ञानावरणीय) જ્ઞાનને ઢાંકનાર કર્મ.

नाणि. त्रि (ज्ञानिन्) જ્ઞાનવાન્. જ્ઞાની

नाति स्त्री० (ज्ञाति) જ્ઞાતિના માણસ

नाभि. पु० (नाभि) નાભિ. ડુંટી (૨) શ્રી ઋષભદેવના પિતા નાભિરાજા (૩) પૈડાની નાભિ-તુંબ.

नाम. न० (नामन्) નામ, અભિધાન. સંજ્ઞા (૨) આઠ કર્મોમાનુ છઠ્ઠું કર્મ. (૩) કામણ આમંત્રણરૂપ. (૪) ગુણ હોય કે ન હોય છતાં અમુક ગુણદર્શક નામ પાડવું તે. નામનિક્ષેપ.

नामं अ० (नामन्) નામે, નામવાળો (૨) સંભાવનાર્થમા વપરાતુ અવ્યય

नामकम्म. न० (नामकर्मन्) નામકર્મ કર્મના આઠ પ્રકારમાંનો છઠ્ઠો પ્રકાર.

नामकरण न० (नामकरण) એ નામનો એક સંસ્કાર કે જેમા નામ પાડવાની ક્રિયા કરવામાં આવે છે.

नामधिज्ज. / **नामधेज्ज.** / **नामधेय.** न० (नामधेय) નામ. નામની સ્થાપના

नामय. अ० (नामक) સંભાવના અર્થે વપરાતુ અવ્યય.

नामिय. त्रि० (नामित) નમાવેલુ.

नामुदय. पु० (नामोदक) એ નામના એક અન્યતીર્થિ વિદ્વાન્ (૨) ગોશાળાનો એક શ્રાવક

नाय. त्रि० (ज्ञात) જાણેલુ; સમજાયેલ. (૨) न० ઉદાહરણ દૃષ્ટાંત. (૩) पु० મહાવીર સ્વામીનો વંશ, જ્ઞાત નામનુ કુળ. (૪) છઠ્ઠા અંગસૂત્રનુ નામ (૫) કર્મના નેતા, આત્મા. (૬) જાતિ, નાત.

नायअ पु० (ज्ञातज) જ્ઞાતકુળમા ઉત્પન્ન થયેલ મહાવીરસ્વામી (૨) त्रि० નાતનો, જ્ઞાતિનો

नायकुल न० (ज्ञातकुल) એક પ્રખ્યાત ક્ષત્રિય કુળ (૨) પિતૃકુળ

नायग त्रि० (नायक) નાયક, સ્વામી

नायपुत्त. पु० (ज्ञातपुत्र) જ્ઞાત નામે કુળમા ઉત્પન્ન થયેલ શ્રી વર્ધમાનસ્વામી

नायसंड न० (ज्ञातषण्ड) મહાવીરસ્વામીએ જે વનમા દીક્ષા લીધી તે વનનુ નામ.

नायाधम्मकहा. स्त्री० (ज्ञाताधर्मकथा) જ્ઞાતાધર્મકથા એ નામનુ ધર્મકથારૂપ છઠ્ઠું અંગસૂત્ર

नायार पु० (ज्ञात) જાણનાર આત્મા

नारंग. न० (नारङ्ग) નારંગીફળ

नारय. पु० (नारक) નરકના જીવ

नारय. पु० (नारद) જંબુદ્વીપના ભરતખંડમા થનાર ૨૧ મા તીર્થંકરના પૂર્વભવનું નામ

नाराय पु० (नाराच) બાણ (૨) મર્કટબંધ. એક જાતનુ હાડનુ બંધારણ

नारायण पु० (नारायण) લક્ષ્મણ અપર નામક નારાયણ નામના વાસુદેવ.

नारायसंघयण. न० (नाराचसंहनन) એક પ્રકારનુ શરીરનુ બંધારણ.

नारिय. त्रि० (अनार्य) મ્લેચ્છ, અનાર્ય.

नारी. स्त्री० (नारी) નારી; સ્ત્રી.

नारीकंता. स्त्री० (नारीकान्ता) રમ્યકવાસ ક્ષેત્રની એક નદી; નીલવંત પર્વતના કે-

શરી દ્રહના ઉત્તર તોરણેથી નીકળી રમ્ય-ક્વાસ ક્ષેત્રમાં વ્હેતી એક મહાનદી

नारीकूड. પુ૦ (नारीकूट) નીલવંત પર્વતનાં નવકૂટમાંનુ છઠ્ઠું કૂટ-શિખર.

नाल. પુ૦ (नाल) કમળનો દાંડો. (૨) પાણી જવાનો રસ્તો; પરનાળ.

नालंदइज्ज. ન૦ (नालन्दीय) સૂયગડાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના સાતમા અધ્યયનનું નામ

नालग. ન૦ (नालक) લસણની દાંડલી

नालियर. પુ૦ (नालिकेर) એ નામનો એક દ્વીપ (૨) નાળીએર.

नालियरी. સ્ત્રી૦ (नालिकरी) નાળિએરનું ઝાડ.

नालिंदा. સ્ત્રી૦ (नालिन्दा) રાજગૃહીની એક શેરી, નાલંદા પાડો.

नालिया. સ્ત્રી૦ (नलिका) માપવાનુ એક સાધન. ધનુષ્ય; ચાર હાથ પ્રમાણ માપ (૨) કાળ માપવાનુ એક સાધન. ઘડી (૩) શરીર કરતા ચાર આંગળ વધારે લાંબી લાકડી (૪) દ્યૂતની સર્વ કળા (૫) વાંસની નળી. (૬) વનસ્પતિ વિશેષ

नाली સ્ત્રી૦ (नाडी) ઘટિકા; ઘડી.

नावण. ન૦ (स्नपन) સ્નાન કરવુ તે

नावा. સ્ત્રી૦ (नौ) નાવ. હોડી; નૌકા.

नावापुड પુ૦ (नौपुट) નાવના આકારે કરેલ હથેળીનો આકાર; ધોબો.

नावाबंध. પુ૦ (नौबन्ध) હોડીની પેઠે બંધ દેવો-સાંધવુ તે.

नाविअ. પુ૦ (नाविक) નાવ ચલાવનાર; ખલાસી.

नास. પુ૦ (न्यास) થાપણ, નિક્ષેપ.

नास. પુ૦ (नाश) નાશ, વિનાશ.

नासग. ત્રિ૦ (नाशक) નાશ કરનાર.

नासण. ન૦ (नाशन) નાશ કરવો તે. (૨) પલાયન; નાશી જવુ તે.

नासणा. સ્ત્રી૦ (नाशन) વિનાશ.

नासा. સ્ત્રી૦ (नासा) નાસિકા; નાક.

नासि ત્રિ૦ (नाशिन्) નાશવત.

नासिका. સ્ત્રી૦ (नासिका) નાસિકા, નાક.

नासिय. ત્રિ૦ (नष्ट) નષ્ટ થયેલ.

नासिया સ્ત્રી૦ (नासिका) નાક.

नाह પુ૦ (नाथ) સ્વામી, માલિક; નાયક

नाहि. સ્ત્રી૦ (नाभि) ડુંટી.

नाहिय. પુ૦ (नास्तिक) નાસ્તિક

नाहियवाद. પુ૦ (नास्तिकवाद) નાસ્તિકવાદ

नाहियवादि ત્રિ૦ (नास्तिकवादिन्) નાસ્તિકવાદિ, નાસ્તિક મતવાળો

निअंब પુ (नितम्ब) પર્વતના ઉપરનો ભાગ.

निअट्टि. ન૦ (निवृत्ति) આઠમુ નિયટ્ટિબાદર ગુણસ્થાનક

निअम પુ૦ (नियम) નિશ્ચય, નક્કી

निअमिअ ત્રિ૦ (नियमित) નિર્માણ કરેલ, રચેલ

निअय. ત્રિ૦ (नियत) નિત્ય; શાશ્વત, સ્થિર

निअलिअ. ત્રિ૦ (निगडित) બંધનથી બાંધેલ

निइअ. ત્રિ૦ (नित्य) નિત્ય. સ્થિર. (૨) ન૦ હંમેશાં, પ્રતિદિન.

निउण ત્રિ૦ (निपुण) ચતુર; પ્રવીણ, ડાહ્યો

निउत्त. ત્રિ૦ (नियुक्त) ગોઠવેલ, યોજેલ

निउय. પુ૦ (निगोद) નિગોદીઆ જીવનુ શરીર

निउरंब. ન૦ (निकुरम्ब) સમૂહ, જથ્થો.

निओग. પુ૦ (नियोग) આજ્ઞા; હુકમ. (૨) નિયમ. (૩) વ્યાપાર.

निओय. પુ૦ (निगोद) અનંતકાય જીવ.

निओयग. પુ૦ (निगोदक) નિગોદીયા જીવનું શરીર

निंदणया. } **निंदणा.** } સ્ત્રી૦ (निन्दना) આત્માની સાક્ષિયે પોતાના દોષોની નિન્દા કરી પશ્ચાતાપ કરવો તે.

निंदा. स्त्री० (निन्दा) નિન્દા.

निंदुअ. त्रि० (निंदुत) જન્મતા મરેલ, મૃત જન્મેલ

निंब. पु० (निम्ब) લીબડો.

निंबअ. पु० (निम्बक) એ નામનો માણસ.

निंबकरय. पुं० (निम्बकरज) એ નામનું એક ઝાડ.

निकर पु० (निकर) સમૂહ

निकरण. न० } (निकरण) કોઈને પણ
निकरणया. स्त्री० } શારીરિક યા માનસિક દુઃખ ઉત્પન્ન કરવું તે (૨) કારણ

निकरणा. स्त्री० (निकरणा) નિર્ણય. નિશ્ચય

निकस. पु० (निकष) સોનું ઘસવાની કસોટી.

निकसाअ. पु० (निष्कषाय) જંબુદ્વીપના ભરતખંડમાં થનાર ૧૩ મા તીર્થંકર

निकाअ पु० (निकाय) સમૂહ; જથ્થો

निकाइय. त्रि० (निकाचित) નિર્યુક્તિ હેતુ ઉદાહરણાદિદ્વારા વ્યવસ્થાપિત કરેલ. (૨) અત્યંતગાઢ અધ્યવસાય વડે બાંધેલ કર્મ કે જે ફળરૂપે ભોગવ્યા વિના નાશ થાય નહિ તે

निकाइया. स्त्री० (निकाचना) કર્મના નિકાચનબંધ.

निकाम. न० (निकाम) અત્યન્ત, અતિશય. (૨) નિશ્ચય.

निकामचारि त्रि० (निकामचारिन्) આધાકર્માદિ નિમિત્તે અત્યન્ત ફરનાર

निकायणा. स्त्री० (निकाचना) આઠમાનું કોઈપણ કરણ પ્રવર્તી ન શકે એવી અવસ્થામાં કર્મને સ્થાપવાં તે.

निकेय. न० (निकेत) આશ્રય; સ્થાન; ઉપાશ્રય.

निक्क. त्रि० ( ) નિર્મળ.

निक्कंकड त्रि० (निष्कङ्कट) કંટક રહિત; વિઘ્ન રહિત.

निक्कंखिय त्रि० (निष्काङ्क्षित) આકાંક્ષા-અભિલાષા વિનાનું.

निक्कंटक. त्रि० (निष्कण्टक) અડચણ-વિઘ્નરહિત

निक्कंप त्रि० (निष्कम्प) અચળ, સ્થિર.

निक्कंम. न० (निष्कर्मन्) કર્મરહિત-મોક્ષ.

निक्कंमदंसि त्रि० (निष्कर्मदर्शिन्) સર્વ કર્મરહિત-આત્માને જોનાર. આત્મજ્ઞ

निक्कमण न० (निष्क्रमण) નીકળવું

निक्कल त्रि० (निष्कल) કળાહીન

निक्कसाय पु० (निष्कषाय) જુઓ 'નિકસાય' શબ્દ

निक्कारण न० (निष्कारण) કારણ વિના

निक्किट्ठ त्रि० (निकृष्ट) અધમ; નીચ

निक्किरिअ त्रि० (निष्क्रिय) ક્રિયારહિત; અક્રિય.

निक्किविया स्त्री० (निष्कृपता) નિર્દયતા

निक्खंत. त्रि० (निष्क्रान्त) નીકળેલ, બહાર આવેલ. સંસારથી ભાગેલ, દીક્ષિત થયેલ

निक्खम पु० (निष्क्रम) નીકળવું તે, દીક્ષા લેવી તે

निक्खमण त्रि० (निष्क्रमण) ચાલી નીકળવું; સંસાર છોડી દીક્ષા લેવી

निक्खमाभिसेअ. पु० (निष्क्रमाभिषेक) દીક્ષામહોત્સવ

निक्खित्त त्रि० (निक्षिप्त) મૂકેલ; રાખેલ (૨) એષણાના દશ દોષમાંનો ત્રીજો દોષ, જે સચિત્ત વસ્તુ ઉપર રાખેલી વસ્તુ લેવાથી લાગે છે.

निक्खित्तचरअ. पुं० (निक्षिप्तचरक) રાંધવાના વાસણમાંથી બહાર કાઢેલ હોય તેજ લેવું એવો અભિગ્રહ કરનાર.

निक्खित्तसत्थ. पु० (निक्षिप्तशस्त्र) ઐરવત ક્ષેત્રમાં ચાલુ અવસર્પિણીમાં થયેલ બારમા તીર્થંકર.

निक्खिव. पु० (निक्षेप) સ્થાપન કરવું. મૂકવું.

निक्खिवण न० (निक्षेपन) મૂકવું, કરવું

निक्खुड पु० (निष्कुट) ઘરની પાસેનું વન (૨) ગામ વગર સ્થાન. (૩) ભરત આદિ ક્ષેત્રનો એક વિભાગ ખંડ

निक्खेव. पु० (निक्षेप) થાપણ રાખેલું ધન. (૨) નિક્ષેપ, કર્મદલિઆનો નિક્ષેપ કરવો તે (૩) શબ્દાર્થ વ્યાપાર, નામ સ્થાપના દ્રવ્ય અને ભાવ, એ ચાર પ્રકારના નિક્ષેપ. (૪) અનુયોગદ્વાર નયના બીજો ભેદ. (૫) મૂકવું તે

निक्खेवअ पु० (निक्षेपक) નિગમન, ઉપસંહાર.

निक्खेवण. न० }
निक्खेवणया. स्त्री० } (निक्षेपण) મૂકવું, રાખવું

निक्खेवणा. स्त्री० (निक्षेपणा) સ્થાપન કરવું તે; રાખવું, મૂકવું તે.

निगम. पु० (निगम) વ્યાપારીઓનું નિવાસ સ્થાન (૨) વૈશ્ય, વ્યાપારી

निगर. पु० (निकर) સમૂહ, જથ્થો

निगरिंत त्रि० (निकरित) સારું કરેલ.

निगरिय. त्रि० (निगलित) શોધિત, ગાળીને શુદ્ધ કરેલ.

निगाइअ पु० (निकाचित) ભોગવ્યા વિના બીજી રીતે છૂટે નહી તેવા મજબુત કર્મ બંધ

निगाम. न० (निकाम) અત્યંત, ઘણું અતિશય, હદ ઉપરાંત.

निगिट्ठ त्रि० (निकृष्ट) અધમ, નીચ

निगिण. त्रि० (नग्न) નગ્ન, નાગા

निगुंज. पु० (निकुञ्ज) લતાનો માંડવો.

निगूढ. त्रि० (निगूढ) ગુપ્ત; નહી દેખાય તેવું.

निगूहिय. न० (निगूहित) ઢાંકેલું; છુપાવેલું.

निगोय. पु० (निगोद) અનતકાય જીવ.

निग्गअ. त्रि० (निर्गत) નીકળેલ; દૂર થયેલ.

निग्गइ. पु० (निर्गति) એ નામના એક પ્રત્યેક બુદ્ધ કે જેને આંબાની પલટાયલી દશા જોઇ વૈરાગ્ય થયો હતો.

निग्गंथ. पु० (निर्ग्रन्थ) પરિગ્રહના અથવા રાગ દ્વેષની ગ્રંથિ-ગાંઠ રહિત સાધુ.

निग्गंथ त्रि० (नैर्ग्रन्थ) નિર્ગ્રંથ સંબંધી (ધર્મ, પ્રવચન, વગેરે)

निग्गंथी. स्त्री० (निर्ग्रन्थी) સાધ્વી, આર્યા

निग्गत. त्रि० (निर्गत) નીકળેલું; દૂર થયેલું.

निग्गम पु० (निर्गम) નીકળવું તે.

निग्गमण न० (निर्गमन) નીકળવું તે.

निग्गमन न० (निर्गमन) ઉત્પત્તિ

निग्गय त्रि० (निर्गत) જુઓ "નિગ્ગત" શબ્દ.

निग्गह. पु० (निग्रह) દંડ, શિક્ષા. દમન (૨) પરાજય વાદીને યુક્તિ જાળથી પકડવો તે

निग्गहट्ठाण. न० (निग्रहस्थान) એક પ્રકારનું વાદિને પરાજય કરવાનું સ્થાન, વચન ચાતુરી.

निग्गुण त्रि० (निर्गुण) ગુણ વિનાનો; મૂર્ખ

निग्गुन्न. त्रि० (नैर्गुण्य) ગુણહીનતા.

निग्गोह पु० (न्यग्रोध) નિગ્ગોહપરિમંડળ સંઠાણ (૨) વડનું ઝાડ

निग्गोहमंडल. न० (न्यग्रोधमण्डल) જેના નાભિ ઉપરનો ભાગ શાસ્ત્રમાં કહેલા પ્રમાણ જેવું હોય તે, ૭ સંઠાણમાનું એક

निग्घाडण. न० (निर्घाटन) કાઢવું, બહાર કરવું, બહિષ્કાર કરવો તે.

निग्घाय. पु० (निर्घात) કર્મનો નાશ. (૨) ગર્જનાનો કડાકો.

निग्घायण. न० (निर्घातन) મારવું, નાશ કરવો તે.

निग्घिण. त्रि० (निर्घृण) નિર્દય; ઘાતકી.

निग्घोस. पु० (निर्घोष) અવાજ; શબ્દ.

निघंटु. पु० (निघण्टु) એ નામનો વૈદકનો ગ્રન્થ

निघस पु० (निकष) કસ. કસોટી

निचय पु० (निचय) સમહ. જથ્થો (૨) કર્મદલની રચના

निचिय. त्रि० (निचित) પુષ્ટ મજબૂત, નિબડ.

निच्च. त्रि० (नित्य) નિત્ય. સ્થિર અવિનાશી. (૨) અ० નિરંતર; હમેશા, સદા

निच्चं. अ० (नित्यम्) નિત્ય. હમેશા.

निच्चभत्तिय पु० (नित्यभक्तिक) હમેશા એક વખત ખાનાર સાધુ.

निच्चमंडिया. स्त्री० (नित्यमण्डिता) જમ્બૂ-સ્વામીનું અપર નામ

निच्चल. त्रि० (निश्चल) સ્થિર. મજબૂત

निच्चालोग पु० (नित्यालोक) નિત્યાલોક નામનો ગ્રહ

निच्छिड्ड त्रि० (निश्छिद्र) ચેષ્ટારહિત

निच्चुज्जोय पु० (नित्योद्योत) એ નામનો ગ્રહ

निच्चेट्ठ. त्रि० (निश्चेष्ट) જુઓ 'નિચ્ચિટ્ઠ' શબ્દ.

निच्चोयग. त्रि० (नित्योदक) જેમાં હમેશા પાણી રહેતું હોય તે. અગાધ જળવાળું

निच्छइय त्रि० (नैश्चयिक) નિશ્ચયનયથી વાત કહેનાર, પરમાર્થ દૃષ્ટિવાળો.

निच्छय. पु० (निश्चय) નિશ્ચય. દૃઢ વિચાર. (૨) નિશ્ચયનય.

निच्छयनय पु० (निश्चयनय) નિશ્ચયનય: વસ્તુને પરમાર્થથી જોવાની દૃષ્ટિ

निच्छाया स्त्री० (निश्छाया) છાયા રહિત.

निच्छिण्ण. त्रि० (निश्छिन्न) બીજાથી જુદુ કરેલ.

निच्छिण्ण. त्रि० (निस्तीर्ण) તરી પાર પામેલ.

निच्छिद्द. त्रि० (निश्छिद्र) જેમાં છિદ્ર ન હોય તે.

निच्छिय त्रि० (निश्चित) નિશ્ચય કરેલ.

निच्छीर त्रि० (निःक्षीर) દૂધરહિત.

निच्छुढ त्रि० ( ) કાઢી નાખેલું (૨) વિખેરેલું

निच्छुभ. पु० (निष्क्रोभ) બહિષ્કાર કરવો.

निच्छुभण न० (निष्क्रोभण) સમુદાયમાંથી દૂર કરવો, બહિષ્કાર કરવો

निच्छुय त्रि० (निश्छुत) ગણ સમાવિયુક્ત

निच्छूढ. न० (निष्ठ्यूत) થુંક્યું.

निच्छोडणा स्त्री० (निश्छोटना) હલકાર કરવી.

निच्छोडिय. त्रि० (निश्छोटित) મુકી નાખેલું.

निज त्रि० (निज) પોતાનું.

निजुत्त त्रि० (नियुक्त) મજબૂત ગોઠવેલું

निज्जरण न० (निर्जरण) ઝરવું

निज्जरणा. स्त्री० (निर्जरणा) કર્મની નિર્જરા.

निज्जरा. स्त्री० (निर्जरा) એક દેશથી કર્મને દૂર કરવાં તે નવ તત્ત્વમાંનું સાતમું તત્ત્વ

निज्जरिय. त्रि० (निर्जीर्ण) નિર્જરા કરેલ

निज्जवग पु० (निर्यापक) સંથારાનો નિર્વાહ કરાવનાર, સંથારો કરેલો હોય તેને સમાધિથી દૂર કરનાર

निज्जवणा स्त्री० (निर्यापना) નિગમન રૂપ પ્રકરણ, જેમ ધૂમ હોવાથી અગ્નિની સ્થાપના કરવી તે

निज्जवय पु० (निर्यापक) જેમ પાલન કરી શકે એવા પ્રકારે પ્રાયશ્ચિત આપનાર

निज्जाण न० (निर्याण) રાજા વગેરેને નીકળવાનો માર્ગ (૨) કર્મથી છૂટવું તે. સંસારથી નીકળવું તે

निज्जामय. } त्रि० (निर्यामक) મુખ્ય ખલાસી. (૨) સંથારો કરનારની

निज्जावग } પરિચર્યા સેવા કરનાર સાધુ

निज्जाविंयार. त्रि० (निर्यापयितृ) નિર્વાહ કરનાર. પાર પાડનાર.

निज्जिण्ण त्रि० (निर्जीर्ण) દૂર કરેલ. નિર્જરેલ

निज्जिय. त्रि० (निर्जित) જીતેલ

निज्जीव. पुं० (निर्जीव) જીવ ન હોય તેવી રીતે નિશ્ચેષ્ટ બની મુવેલા જેવો દેખાવ કરવાની કળા.

निज्जुत्ति स्त्री० (नियुक्ति) સૂત્રના અર્થની વિશેષરૂપે યુક્તિ લગાડી ઘટના કરવી તે; નિક્ષેપ, ઉપોદ્ઘાત અને સૂત્રસ્પર્શિક એમ ત્રણ પ્રકારની નિર્યુક્તિ (૨) સૂત્રના અર્થની યુક્તિ દર્શાવનાર વાક્ય વા ગ્રંથ.

निज्जूढ. त्रि० (निर्व्यूढ) શાસ્ત્રમાંથી સારાંશ તારવી કાઢેલ (૨) અમનોજ્ઞ

निज्जूहण. न० (निर्यूहण) ગચ્છ બહાર મુકવું તે

निज्जूहणा. स्त्री० (निर्यूहणा) વિશેષ રચના. (૨) નક્કી કરવું

निज्जोग } **निज्जोय** } पुं० (नियोग) ઉપકરણ (૨) યોજવું તે

निज्झर. पुं० (निर्झर) પાણિનો ઝરણ; પ્રવાહ.

निज्झाइ त्रि० (निध्यायिन्) વારંવાર જોવાની ટેવવાળો

निज्झाइत्तार. त्रि० (निध्यातृ) ધ્યાન કરનાર. એકાગ્રપણે ચિન્તવન કરનાર

निज्झोसइत्तार त्रि० (निर्झोषयितृ) કર્મનો ક્ષય કરનાર

निट्ठविय. त्रि० (निष्ठापित) દૂર કરેલ. ક્ષય કરેલ

निट्ठा. स्त्री० (निष्ठा) ભક્તિ. (૨) સિદ્ધિ, સમાપ્તિ (૩) નિશ્ચયકારી ભાષા.

निट्ठाण. न० (निष्ठान) દહિં વગેર ખાદ્ય વસ્તુ

निट्ठाण. त्रि० (निःस्थान) સ્થાનરહિત.

निट्ठाभासि. त्रि० (निष्ठाभाषिन्) નિશ્ચયકારી વચન બોલનાર

निट्ठिक. त्रि० (नैष्ठिक) ધર્મની પરાકાષ્ઠાયુક્ત.

निट्ठिय. त्रि० (निष्ठित) નિષ્ઠા પામેલ; સમાપ્ત કરેલ. (૨) સિદ્ધ કરેલ; નિપજાવેલ. (૩) સારી રીતે રંધાયેલું

निट्ठीवण. न० (निष्ठीवन) થુંકવું.

निट्ठुर. त्रि० (निष्ठुर) ધીઠાઇ કરનાર; ક્રૂર.

निडाल. न० (ललाट) ભાલ; કપાળ.

निएण. त्रि० (निम्न) નીચું. ગંભીર; ઉંડું.

निएहग } **निएहय** } **निएहव.** } पुं० (निह्नव) જૈન દર્શનથી અધિક અથવા વિપરીત કહનાર. સત્ય વાતને છુપાવનાર, નિહ્નવ.

नितिक. त्रि० (नैत्यिक) નિત્યનું. રોજનું.

नित्त न० (नेत्र) નેત્ર; આંખ.

नित्तुस त्रि० (निस्तुष) નિર્મળ. ફોતરા વિનાનું

नित्तेज } **नित्तेय.** } त्रि० (निस्तेजस) તેજ વિનાનું ઝાંખુ

नित्थारणा. स्त्री० (निस्तारणा) આરંભેલ કામને પાર પાડવું તે

नित्थारिय त्रि० (निस्तारित) કાઢેલું. બહાર કરેલું

निदंसण न० (निदर्शन) ઉદાહરણ. દૃષ્ટાન્ત.

निदंसिय त्रि० (निदर्शित) દેખાડેલું. બતાવેલું.

निदरिसण. न० (निदर्शन) દાખલો; દૃષ્ટાન્ત

निदा स्त्री० (निदा) સમજણપૂર્વક વેદના વેદવી તે

निदाण. न० (निदान) કારણ. મૂળ

निदाह पुं० (निदाघ) ઉનાળો.

निद्दय त्रि० (निर्दय) દયા વિનાનો.

निद्दा स्त्री० (निद्रा) નિદ્રા, ઉંઘ. (૨) દર્શનાવરણીય કર્મની એક પ્રકૃતિ.

निद्दानिद्दा. स्त्री० (निद्रानिद्रा) ગાઢ નિદ્રા; દર્શનાવરણીય કર્મની એક પ્રકૃતિ.

निद्दारित त्रि० (निर्दारित) ફાડેલ; વિદારેલ.

निद्दिट्ठ त्रि० (निर्दिष्ट) કહેલું; બતાવેલું. (૨) પું० પહેલી નરકનો મેરૂથી દક્ષિણ તરફનો એક નરકાવાસો.

निद्दुक्ख त्रि० (निर्दुःख) દુઃખરહિત.

निद्देस. पुं० (निर्देश) નિર્દેશ; આજ્ઞા. (૨) બતાવવું.

निद्देसवत्ति त्रि० (निर्देशवर्तिन्) આજ્ઞાકારી; તાબેદાર

निद्दोस त्रि० (निर्दोष) દોષરહિત, શુદ્ધ; નિર્મળ

निद्ध. त्रि० (स्निग्ध) ચિકાશું, ચિકાશવાળું (૨) પું० સ્નેહ, ચિકાશ.

निद्धंत. त्रि० (निर्ध्मात) અગ્નિમાં નાખી શોધેલ

निद्धमण पुं० (निर्धमन) ગરનાળું, પાણી મોરી.

निद्धया स्त्री० (स्निग्धता) સ્નિગ્ધતા, ચીકાશ

निद्धूम त्रि० (निर्धूम) ધુમાડા વગરનું

निद्धूय त्रि० (निर्धूत) દૂર કરેલ

निद्धोय त्रि० (निर्धौत) ધોઇ નાખેલ

निधण. न० (निधन) મૃત્યુ અવસાન

निधत्त न० (निधत्त) ઉદ્વર્તન અને અપવર્તન સિવાય કોઇ કરણથી ફેરફાર ન થાય એવી રીતે કર્મને બાંધવું તે કર્મના બંધનો એક પ્રકાર

निनाद पुं० (निनाद) શબ્દ

निन्न त्रि० (निम्न) નીચું

निन्नगा. स्त्री० (निम्नगा) નદી

निन्नय पुं० (निर्णय) નિશ્ચય, સંશયનો અભાવ

निन्नया स्त्री० (निम्नगा) નદી

निन्हवण न० (निह्नव) ગોપવવું, છુપાવવું

निपच्चक्खाण त्रि० (निष्प्रत्याख्यान) જેને કોઇ જાતનું પચ્ચક્ખાણ-ત્યાગ નથી તે.

निपातिणी. स्त्री० (निपातिनी) સન્મુખ પડતી

निपुण त्रि० (निपुण) ચતુર. નિપુણ.

निपूर पुं० (निपूर) નંદીવૃક્ષ; પીપળાની એક જાત

निप्पंक. त्रि० (निष्पङ्क) કલંક કે કાદવ વિનાનું, શુદ્ધ.

निप्पकंप. त्रि० (निष्प्रकम्प) નિશ્ચળ, સ્થિર

निप्पगल. त्रि० (निष्प्रगल) બીલકુલ ન ટપકે તેવું

निप्पच्चक्खाण. (निष्प्रत्याख्यान) પ્રત્યાખ્યાનથી રહિત.

निप्पच्चवाय. त्रि० (निष्प्रत्यवाय) વિઘ્ન રહિત

निप्पट्ठ त्रि० (निःपृष्ट) જેમાં કંઇ પુછવાનું ન રહે તેવું, અતિસ્પષ્ટ

निप्पडिकम्म त्रि० (निष्प्रतिकर्मन्) પ્રતિકર્મ-સંભાળ-સારવાર-ચિકિત્સા વિનાનું

निप्पडियार. त्रि० (निष्प्रतिकार) પ્રતિકાર ઉપાય રહિત.

निप्पडिवयण. त्रि० (निष्प्रतिवचन) જેને ઉત્તર ન આપી શકે તે.

निप्पत्ति. स्त्री० (निष्पत्ति) સિદ્ધિ

निप्पन्न. त्रि० (निष्पन्न) તૈયાર થયેલું, બનાવેલું.

निप्परिग्गह त्रि० (निष्परिग्रह) પરિગ્રહ રહિત

निप्पाण. त्रि० (निष्प्राण) પ્રાણથી રહિત, મરેલ

निप्पाव. न० (निष्पाव) ધાન્ય વિશેષ, વાલ

निप्पाविय त्रि० (निष्पादित) તૈયાર કરેલું

निप्पिट्ठ. त्रि० (निष्पिष्ट) સારી રીતે વાટેલું

निप्पिवास त्रि० (निष्पिपास) પિપાસા તૃષ્ણા રહિત; નિષ્કામ, નિસ્પૃહી.

निप्पिह त्रि० (निस्पृह) નિઃસ્પૃહ, ઇચ્છા રહિત.

निप्पुलाअ पुं० (निष्पुलाक) જંબુદ્વીપના ભરતખંડમાં થનાર ૧૪મા તીર્થંકરનું નામ

निप्फंद त्रि० (निष्पन्द) અંગના ફરકવા વિનાનો હલનચલનાદિ ક્રિયારહિત

निप्फण्ण. त्रि० (निष्पन्न) ઉત્પન્ન થયેલ

निप्फत्ति स्त्री० (निष्पत्ति) ઉત્પત્તિ.

निप्फन्न. त्रि० (निष्पन्न) तैयार थयेल.

निप्फाइय. त्रि० (निष्पादित) उत्पन्न करेल.

निप्फायग. त्रि० (निष्पादक) બનાવનાર, ઉત્પન્ન કરનાર.

निप्फाव. पु० (निष्पाव) ધાન્ય વિશેષ. વાલ. (२) માસાના ત્રીજા ભાગ જેવડો એક તોલ.

निप्फेडणा. न० (निष्फोटन) હેરાનગતિ.

निबंध. पु० (निबन्ध) નિશ્ચય (२) આગ્રહ.

निबद्ध. त्रि० (निबद्ध) બાંધેલું, રચેલું, ગોઠવેલું.

निब्बंध पु० (निर्बन्ध) આગ્રહ.

निब्बुड्ड. त्रि० (निर्ब्रुडित) પાણીમાં ડુબેલ.

निब्भंछणा. स्त्री० (निर्भर्त्सना) ઠપકો; તિરસ્કાર.

निब्भंजण न० (निर्भञ्जन) પુરી પકવાન વગેરે તળી લીધા પછી અવશેષ રહેલ બળેલ ઘી. દગ્ધ ઘૃત.

निब्भच्छण न० (निर्भर्त्सन) તિરસ્કાર કરવો. કરાવવું.

निब्भय. त्रि० (निर्भय) ભયરહિત, ભયવિનાનું.

निब्भर. त्रि० (निर्भर) વ્યાપ્ત.

निभ. त्रि० (निभ) સમાન, તુલ્ય, બરાબર.

निमंतण. न० (निमन्त्रण) }
निमंतणा. स्त्री० (निमन्त्रणा) } નિમંત્રણ; આમંત્રણ; નોતરું.

निमंतिअ. त्रि० (निमन्त्रित) નિમંત્રણ દીધેલ, નોતરેલ.

निमग्ग. त्रि० (निमग्न) ડુબેલ.

निमग्गजला स्त्री० (निमग्नजला) તિમિસ્ર ગુફાને મધ્યભાગ આવેલી એક નદી કે જેના પાણીમાં કલેવર વગેરે પડતી વસ્તુ ડુબી જાય છે.

निमज्जग. त्रि० (निमज्जक) સ્નાન કરતાં પાણીમાં ડુબકી મારી થોડો વખત પડી રહેનાર તાપસ; તાપસની એક જાત.

निमित्त. न० (निमित्त) કારણ; હેતુ. (२) શુભાશુભસૂચક નિમિત્તશાસ્ત્ર, શુકન આદિ ચિહ્નથી શુભાશુભ ફળની કલ્પના.

निमित्तपिंड. पु० (निमित्तपिण्ड) નિમિત્ત ભાખીને ભિક્ષા લેવામાં આવે તે.

निमित्तवादि. त्रि० (निमित्तवादिन्) સૃષ્ટિના નિમિત્તરૂપે ઇશ્વરને માનનાર.

निमित्तिअ पु० (नैमित्तिक) નિમિત્ત શાસ્ત્રથી ભૂત ભવિષ્ય જાણનાર.

निमिस. न० (निमेष) આંખના પલકારો.

निमीलिय त्रि० (निमीलित) આંખ બંધ કરેલ. આંખ મીંચેલ.

निम्मंस त्रि० (निर्मांस) માંસ રહિત; દુબળું.

निम्मगामिणी स्त्री० (निम्नगामिनी) નદી.

निम्मच्छिय. त्रि० (निर्मक्षिक) માખી ન હોય તેવું એકાન્ત સ્થાન.

निम्मद्दग त्रि० (निर्मर्दक) મર્દન કરનાર.

निम्मद्दव. त्रि० (निर्मार्दव) મૃદુપણાથી રહિત. કઠણ.

निम्मम. त्रि० (निर्मम) મમતા-આસક્તિ રહિત. (२) જંબુદ્વીપના ભરતખંડમાં થનાર ૧૫ મા તીર્થંકરનું નામ.

निम्मल. त्रि० (निर्मल) મળરહિત, શુદ્ધ. (२) પાંચમા દેવલોકમાંના નિર્મળ નામનો એક પાથડો.

निम्मल्ल. न० (निर्माल्य) દેવપૂજનમાં અર્પણ કરેલ પુષ્પાદિ.

निम्मवइत्तार त्रि० (निर्मापयितृ) બનાવનાર. ધાન્ય આદિ નીપજાવનાર.

निम्मवण. न० (निर्मापन) બનાવવું; નિપજાવવું.

निम्मविय. त्रि० (निर्मापित) બનાવેલ.

निम्महिय. त्रि० (निर्मथित) મન્થન કરેલ.

निम्मा. स्त्री० (   ) વડી ઉપરનો ભાગ.

निम्माअ. त्रि० (निर्माय) માયા-કપટ રહિત.

निम्माण. પુ૦ (निर्माण) એ નામની એક કર્મપ્રકૃતિ જેના ઉદયથી શરીરમાં પોતપોતાની જાતિના અનુસાર અંગ-પ્રત્યંગોની બનાવટ થતી જાય છે.

निम्मात } **निम्माय** } ત્રિ૦ (निर्मात) બનાવેલ. (૨) નિષ્ણાત, નિપુણ.

निम्मिय. ત્રિ૦ (निर्मित) બનાવેલું; કરેલું

निम्मेर. ત્રિ૦ (निर्मर्याद) મર્યાદા વિનાનું

निम्मेलित. ત્રિ૦ (निर्मिलित) પેટથી બહાર કાઢેલ.

निम्मोय. ન૦ (निर्मोक) સર્પની કાચળી.

निम्मोयणी સ્ત્રી૦ (निर्मोक्नी) સર્પની કાચળી

निय. ત્રિ૦ (नीच) હલકું, નીચ

निय. ત્રિ૦ (निज) પોતાનું, સ્વકીય

नियइ. સ્ત્રી૦ (निकृति-नियति) માયા, કપટ (૨) ભાવી, દૈવની ઇચ્છા

नियइपव्वय પુ૦ (नियतिपर्वत) મર્યાદ વિમાનના વનખંડમાના એક પર્વત કે જ્યાં દેવતા નિત્ય મૂળરૂપે તેમજ વૈક્રિય શરીરે ક્રીડા કરે છે

नियंटिय ત્રિ૦ (नियन्त्रित) પચ્ચક્ખાણના દશ પ્રકારમાંના એક, નિયત સમયે કરવાનું તપ કારણસર ન બનતા કાળાન્તરે કરવાની પ્રતિજ્ઞા લેવી તે

नियंटियपच्चक्खाण ન૦ (नियन्त्रितप्रत्याख्यान) જુઓ ઉપલો શબ્દ

नियंठ. પુ૦ (निर्ग्रन्थ) પરિગ્રહ ન રાખનાર સાધુ

नियंठीपुत्त. પુ૦ (निर्ग्रन्थीपुत्र) મહાવીર સ્વામીનો એક શિષ્ય.

नियंतिय ત્રિ૦ (नियन्त्रित) સ્વાધીન કરેલ. નિયમમાં રાખેલ.

नियंब. ત્રિ૦ (नितम्ब) પર્વતનું શિખર.

नियंसण. ન૦ (निवसन) પહેરવાનું વસ્ત્ર.

नियंसणी. સ્ત્રી૦ (निवसनी) સાધ્વીને કેડથી માંડી અર્ધ જાંગ સુધી પહેરવાનું વસ્ત્ર.

नियट्टि સ્ત્રી૦ (निवृत्ति) નિયટ્ટિ બાદર નામે આઠમું ગુણસ્થાનક.

नियड ન૦ (निकट) સમીપ; પાસે; નજીક.

नियड પુ૦ (निगड) નિગડ; હાથકડી.

नियडि. સ્ત્રી૦ (निकृति) ગૂઢ કપટ, છળ, માયા

नियडिय. ત્રિ૦ (निगडित) બાંધેલું; જકડેલ.

नियडिल्ल. ત્રિ૦ (निकृतिमत) કપટી, છળ-કરનાર.

नियडिल्लया. સ્ત્રી૦ (निकृति) માયા; છળ.

नियति સ્ત્રી૦ (निकृति) કપટ

नियतिभाव. પુ૦ (नियतिभाव) નિત્યપણું.

नियत्त ત્રિ૦ (निवृत्त) નિવૃત્તિ પામેલ.

नियत्तण ન૦ (निवर्त्तन) નિવર્તન, અટકાવવું (૨) જમીનનું એક માપ-ભરૂપ.

नियत्तणिय. ત્રિ૦ (निवर्तनिक) નિવર્તન-જમાન માપવાનું એક પ્રાચીન સાધન, તત્પરિમિત નિવર્તન પ્રમાણે.

नियत्ति. સ્ત્રી૦ (निवृत्ति) નિવૃત્તિ, નિવૃત્ત થવું, પાછા વળવું.

नियत्तिय. ત્રિ૦ (निवृत्त) નિવૃત્તિ પામેલ.

नियत्थ ત્રિ૦ (न्यस्त) ઓઢેલું, મૂકેલું

नियत्थ. ત્રિ૦ (निवसित) પહેરેલું, ઓઢેલ

नियम. પુ૦ (नियम) વ્રત, તપશ્ચર્યાદિ નિયમ, ટેક, અભિગ્રહ. (૨) અવશ્યપણું, વ્યાપ્તિ. (૩) નિયમ, કાનૂન

नियमण. ન૦ (नियमन) ગોઠવણ, વ્યવસ્થા.

नियय ત્રિ૦ (नियत) નિયમબદ્ધ. (૨) કાયમનું, શાશ્વત, હમેશનું. (૩) નિશ્ચિત, નક્કી કરેલ

नियर. પુ૦ (निकर) સમૂહ.

नियल. પું૦ (निगड) બેડી, જંજીર, પગ બાંધવાની સાંકળ.

नियल्ल. પુ૦ (नियल) એ નામનો ગ્રહ.

नियसिय ત્રિ૦ (निवसित) ધારણ કરેલ.

निया. સ્ત્રી૦ (निदा) જાણીબુઝીને કરવામાં આવતી હિંસા-

नियाइगा त्रि० (निकाचन) मजबूत. दृढ
नियाग न० (नित्यक) હંમેશ આમંત્રણ કરે ત્યાંથી ભિક્ષા લેવી તે. નિત્યપિંડ
नियाग पु० (नियाग) મોક્ષ, મુક્તિ
नियाण. न० (निदान) કારણ; હેતુ (૨) તપના ફળની અગાઉથી માગણી કરવી તે, નિયાણું, ત્રણ શલ્યમાનું એક.
नियाणमरण. न० (निदानमरण) ભોગ વગેરેની માગણી કરી મૃત્યુ પામવું તે
नियाणसल्ल. न० (निदानशल्य) ઈન્દ્રાદિકની પદવીને માટે સકામ તપ કરવું તે, આત્માના વિકારામાર્ગમાં શલ્ય-વિઘ્ન.
नियाय. पु० (नियाग) મોક્ષમાર્ગ.
नियुद्ध न० (नियुद्ध) મોટું યુદ્ધ કરવાની કળા.
निर्योग पु० (निर्योग) નિયોગ, અવશ્યભાવ, નક્કી.
निरइ. पु० (निर्ऋति) મૂળનક્ષત્રનો સ્વામી
निरइयार. त्रि० (निरतिचार) અતિચાર દોષરહિત. (વ્રતાદિ)
निरओवग. त्रि० (निरयोपग) નરકાદિ દુર્ગતિમાં જનાર
निरंकुस त्रि० (निरङ्कुश) નિરંકુશ. સ્વતન્ત્ર, સ્વચ્છંદી
निरंगण. त्रि० (निरङ्गण) અંગરાગરહિત. સ્વચ્છ, શુદ્ધ.
निरंगणया. स्त्री० (निरङ्गणता) રાગદ્વેષનો અભાવ
निरंजण } त्रि० (निरञ्जन) અંજન ધ્વજ
निरंजन } રહિત, રાગદ્વેષ રહિત
निरंतर न० (निरन्तर) હંમેશ. પ્રતિક્ષણ
निरंतरिय त्रि० (निरन्तरित) સાંધ કે કાટ વિનાનું.
निरंभा. स्त्री० (निरम्भा) વૈરોચનેન્દ્રની ચતુર્થી અગ્રમહિષી.
निरक्कय. } त्रि० (निराकृत) દૂર કરેલ;
निरक्किय. } ત્યાગેલ
निरट्ठ. त्रि० (निरर्थ) અર્થ-પ્રયોજન વિનાનું; નિરર્થક
निरट्ठग त्रि० (निरर्थक) અર્થ વિનાનું. નકામું.
निरणुकंप त्रि० (निरनुकम्प) દયા વિનાનું, નિર્દય, ક્રૂર મનનું.
निरणुतावि त्रि० (निरनुतापिन्) પશ્ચાત્તાપ ન કરનાર
निरतियार त्रि० (निरतिचार) શંકા કાંક્ષાદિ અતિચાર દોષ રહિત.
निरतिसअ त्रि० (निरतिशय) કેવળજ્ઞાનાદિના અતિશય રહિત
निरत्थय. त्रि० (निरर्थक) અર્થ વિનાનું, નકામું
निरभिस्संग. त्रि० (निरभिष्वङ्ग) નિઃસ્પૃહ ઈચ્છા વિનાનો.
निरय. त्रि० (नीरजस) રજ વિનાનું
निरय त्रि० (निरत) કાર્યમાં તત્પર (૨) પુ० પાંચમા દેવલોકનો નિરત નામનો પાથડો.
निरय पु० (निरय) નરક.
निरयगइ. स्त्री० (निरयगति) નરકની ગતિ.
निरयपाल. पु० (निरयपाल) નરકને પાળનાર. પરમાધામી દેવ
निरयविभत्ति स्त्री० (निरयविभक्ति) એ નામનું સૂયગડાંગસૂત્રનું પાંચમું અધ્યયન
निरयाणुपुव्वी स्त्री० (निरयानुपूर्वी) નરકાનુપૂર્વી નામે નામકર્મની એક પ્રકૃતિ
निरयावलिया. स्त्री० (निरयावलिका) એ નામનું એક કાલિકસૂત્ર
निरयावास. पु० (निरयावास) નરકનો નિવાસ. નરકાવાસા.
निरवकंख त्रि० (निरवकाङ्क्ष) આકાંક્ષા-ઈચ્છા વિનાનું; નિઃસ્પૃહ.
निरवचय. त्रि० (निरपचय) હાનાથી રહિત.
निरवज्ज. त्रि० (निरवद्य) નિરવદ્ય, નિર્દોષ.

निरवयक्ख. त्रि० (निरपेक्ष) આકાંક્ષાથી રહિત.

निरवसेस त्रि० (निरवशेष) સઘળું; સંપૂર્ણ.

निरवाय त्रि० (निरपाय) દોષરહિત, વિઘ્ન વિનાનું

निरविक्ख. } त्रि० (निरपेक्ष) કોઈ પણ
निरवेक्ख. } જાતની અપેક્ષા વિનાનો.

निरवेक्खा. स्त्री० (निरपेक्षा) નિઃસ્પૃહા, ઈચ્છા નહિ તે.

निरसण न० (निरशन) ભોજનનો અભાવ.

निरस्साय त्रि० (निरास्वाद) સ્વાદ વિનાનું, મોળું, ફીકું.

निरहंकार त्रि० (निरहङ्कार) અહંકાર રહિત, નિરાભિમાની

निरहिगरण. त्रि० (निरधिकरण) મહોટા આરંભ વિનાનું.

निराउअ. त्रि० (निरायुष) આયુષ્ય વિનાનું. આયુષ્ય કર્મનો ક્ષય કરેલ.

निरागरण. पु० (निराकरण) ખુલાસા. નિરાકરણ.

निरागार. त्रि० (निराकार) આકાર રહિત.

निरातंक. त्रि० (निरातङ्क) નીરોગી.

निरामगंध. त्रि० (निरामगन्ध) આમગન્ધ-મૂળોત્તર ગુણની ખંડના દોષથી રહિત

निरामय. त्रि० (निरामय) રોગ-પીડાથી રહિત.

निरामिस त्रि० (निरामिष) વિષયરૂપ આમિષથી રહિત, વિષય વાસનાથી નિવૃત્ત થયેલ.

निरायंक त्रि० (निरातङ्क) રોગ વિનાનું, નીરોગી.

निरायव त्रि० (निरातप) તડકાથી રહિત.

निरारंभ. त्रि० (निरारम्भ) આરંભ-પાપક્રિયા ન કરનાર.

निरालंबण. न० (निरालम्बन) આલોક અને પરલોકની આશંસાથી રહિત, નિષ્કામ. (૨) આલંબન-આધાર વિનાનું

निरालय. त्रि० (निरालय) ઘર વિનાનો, રહેઠાણની જરૂર વિનાનો.

निरालोय त्रि० (निरालोक) પ્રકાશથી રહિત

पज्जुसण. न० (पर्युषण) વર્ષાકાળમાં સાધુએ એક સ્થાને નિવાસ કરવો તે.

पज्जुसणाकप्प. पु० (पर्युषणाकल्प) પર્યુષણાકલ્પ, વર્ષાકાળમાં સાધુએ એક સ્થાનકે નિવાસ કરવો, સંવત્સરી પ્રતિક્રમણ કરવું, લોચ કરવો, વસ્ત્રાદિક વ્હોરવા નહી વગેરે.

पज्जोतित. त्रि० (प्रद्योतित) પ્રગટ કરેલ.

पज्जोय पु० (प्रद्योत) ઉદ્યોત, પ્રકાશ. (૨) છઠ્ઠા તીર્થંકરના ૧લા ગણધર.

पज्जोयगर. त्रि० (प्रद्योतकर) પ્રકાશ કરનાર, તેજ આપનાર.

पज्जोसवण. न० (पर्युषण) } पर्युषण
पज्जोसवणा. स्त्री० (पर्युषणा) } पर्व; આષાઢી પાખીના પડવાથી ૪૯ કે ૫૦ મો દિવસ. (૨) એક સ્થાનમા ચોમાસું વ્યતીત કરવું તે.

पज्जोसवणाकप्प. पु० (पर्युषणाकल्प) જુઓ " પજ્જુસણકપ્પ " શબ્દ.

पज्जोसविय. त्रि० (पर्युषित) પજ્જુસણ કલ્પ; પર્યુષણમાં કરવાનું વિધાન કરેલ-આચરેલ.

पज्झर. पुं० (प्रझर) પ્રવાહ વિશેષ.

पज्झाय. न० (प्रध्यात) પ્રિયજનનું અતિશય ચિન્તન કરવું તે. (૨) त्रि० ચિન્તિત.

पट. पुं० (पट) વસ્ત્ર; લુગડું.

पट्ट. पुं० (पट्ट) દુપટ્ટો; પછેડી. (૨) ધાતુનાં પતરાં. (૩) સાધ્વીનું એક ઉપકરણ; અવગ્રહાનન્તકને ધરી રાખવા માટે સાધ્વીની કેડ ઉપર બાંધવાનો પટ્ટો. (૪) કીડાની લાળનુ સૂત્ર. (૫) કવચ ઉપર બાંધવાનો પટ્ટો. (૬) લેખની તખતી. (૭) પટ્ટસૂત્રનાં બનેલ પટોળાં.

पट्टइल्ल. पु० (पट्टवत्) પટેલ; ગામનો મુખી.

पट्टंसुय. पु० (पट्टांशुक) અગુચ્છા; શરીર લુછવાનો ટુવાલ.

पट्टकार. पु० (पट्टकार) શાલવી, વણકર.

पट्टग. पुं० (पट्टक) પાટ; આસન વિશેષ.

पट्टण. न० (पत्तन) મોટું શહેર. (૨) રત્ન ભૂમિ; સ્થાન વિશેષ.

पट्टय. न० (पट्टक) ન્હાવાનો પાટલો.

पट्टिया. स्त्री० (पट्टिका) લાકડાની પટ્ટી-પાટલી. (૨) ધનુષની પટ્ટી.

पट्टिस. पुं० (पट्टिश) નાળ; એક જાતનું અસ્ત્ર.

पट्टी. स्त्री० (पट्टी) ધનુર્યષ્ટિ. (૨) હાથ પરની પટ્ટી.

पट्ठ. त्रि० (स्पृष्ट) જેનો સ્પર્શ કરેલો છે તે.

पट्ठ. त्रि० (पृष्ट) જેને પૂછેલ છે તે. (૨) न० પ્રશ્ન; સવાલ. (૩) त्रि० અગ્રેસર. (૪) પ્રધાન; મુખી.

पट्ठ. न० (पृष्ठ) પીઠ; વાંસાનો ભાગ.

पट्ठवअ. त्रि० (प्रस्थापक) સ્થાપન કરનાર. (૨) અવધિજ્ઞાનનો પ્રારંભ કરનાર.

पट्ठवग. पु० (प्रस्थापक) પ્રસ્થાપના કરનાર. (૨) પ્રવર્તક.

पट्ठवण. न० (प्रस्थापन) આરંભ. (૨) પ્રકૃષ્ટ સ્થાપન.

पट्ठवणा. स्त्री० (प्रस्थापना) કલ્પના.

पट्ठविय. त्रि० (प्रस्थापित) સ્થાપેલુ; કરવા માંડેલુ.

पट्ठविया. स्त्री० (प्रस्थापिता) અપરાધનુ પ્રાયશ્ચિત શરૂ કરવુ તે; આરોપણા પ્રાયશ્ચિત્તનો એક પ્રકાર.

पट्ठिमंस. न० (पृष्ठमांस) પીઠનુ માસ. (૨) વિષ્ટા.

पट्ठिय. त्रि० (प्रस्थित) પ્રયાણ કરેલ.

पट्ठीवंस. पु० (पृष्ठीवंश) આડસર.

पड. पु० (पट) વસ્ત્ર; લુગડું.

पडंगा. स्त्री० ( ) છડી; લાકડી.

पडकारक. पु० (पटकारक) લુગડું વણનારો; વણકર.

पडग. पु० (पटक) પટ; વસ્ત્ર.

पडगार. पु० (पटकार) તન્તુવાય; કપડું વણનાર.

पडण. न० (पतन) પડી જવું; પડવુ.

पडल. न० (पटल) પટલ; સમૂહ; જથ્થો. (૨) પડ; થડ. (૩) ગુચ્છ. (૪) પડલો; ગોચરી વખતે પાત્રાં ઢાંકવાનું એક વસ્ત્ર ખણ્ડ.

पडलग. स्त्री० न० (पटलक) ફુલ વગેરે ઢાંકવાનો પડલો; આચ્છાદન વસ્ત્ર. (૨) પોટલી.

पडसाडग. } **पडसाडय.** } પુ० (पटशाटक) નાચે પહેરવાનું વસ્ત્ર; ધોતીયું. (૨) દુપટ્ટો.

पडसाडया. } **पडसाडिया.** } સ્ત્રી० (पटशाटिका) સાડી; પછેડી.

पडह. પુ० (पटह) મોટો ઢોલ.

पडाग. પુ० (पताक) } **पडागा.** સ્ત્રી० (पताका) } ધ્વજા, વાવટો. (૨) ચિહ્નવાળો પટ્ટો. (૩) એક જાતનો સર્પ.

पडागाइपडागा. સ્ત્રી० (पताकातिपताका) ઉપરા ઉપરી ધ્વજા, ધ્વજા ઉપર ધ્વજા. (૨) મચ્છની એક જાત.

पडि. અ० (प्रति) દરેક. (૨) પ્રત્યે. (૩) પ્રતિપક્ષી, વિપરીત. (૪) વિશેષ; વિશિષ્ટતા (૫) વ્યાપ્તિ. (૬) પછી. (૭) સન્મુખપણુ. (૮) પ્રતિદાન; બદલો. (૯) પ્રતિષેધ; નિષેધ. (૧૦) સ્વભાવ. (૧૧) અધિકતા; અતિશય. (૧૨) નાનાપણું; લઘુતા. (૧૩) શ્લાઘા; પ્રશસ્તતા. (૧૪) સાંપ્રતિકતા; વર્તમાનતા. (૧૫) નિરર્થક.

पडि. ત્રિ० (पटिन्) પટવાળુ; વસ્ત્રવાળુ.

पडिएक्क. ન० (प्रत्येक) દરેક; પ્રત્યેક.

पडिंसुआ સ્ત્રી० (प्रतिश्रुत) પ્રતિધ્વનિ, પ્રતિશબ્દ.

पडिकंटय ત્રિ० (प्रतिकण्टक) પ્રતિસ્પર્ધી.

पडिकत्तार. ત્રિ० (प्रतिकर्तृ) ઇલાજ કરનાર.

पडिकप्पिअ. ત્રિ० (प्रतिकल्पित) સજ્જ કરેલ; તૈયાર કરેલ.

पडिकम्म. ન० (प्रतिकर्मन्) સકલનાદિ ગણિત. (૨) વૈદું–ચિકિત્સા.

पडिकय. ત્રિ० (प्रतिकृत) જેનો બદલો આપવામાં આવેલ છે તે. (૨) ન० પ્રતિકાર; બદલો.

पडिकिरिया સ્ત્રી० (प्रतिक्रिया) પ્રતિકાર; બદલો.

पडिकुक्कुड. પું० (प्रतिकुक्कुट) પ્રતિપક્ષી કુકડો.

पडिकुट्ठ. } **पडिकुट्ठिल्लग.** } ત્રિ० (प्रतिक्रुष्ट) સમાજનો નિરસ્કાર પામેલ; નિષિદ્ધ; નિંદ્ય.

पडिकूल. ત્રિ० (प्रतिकूल) ઉલટું; વિપરીત. (૨) અનિષ્ટ.

पडिकोह. પુ० (प्रतिक्रोध) ક્રોધની સામે ક્રોધ કરવો.

पडिक्क. ન० (प्रत्येक) પ્રત્યેક; દરેક.

पडिक्कंत. ત્રિ० (प्रतिक्रान्त) પ્રતિક્રમણ કરેલ; પાપથી પાછો વળેલ.

पडिक्कम. પુ० (प्रतिक्रम) શરીરની વિભૂષા આદિ ક્રિયા.

पडिक्कमण. ન० (प्रतिक्रमण) } **पडिक्कमणा.** સ્ત્રી० (प्रतिक्रमणा) } પ્રતિક્રમણ કરવુ; પાપની આલોચના; દોષ નિવારણ. (૨) નિવૃત્તિ; વ્યાવર્તન. (૩) પ્રમાદને વશ થવાથી શુભ યોગ મૂકી અશુભ યોગપર ચડ્યા પછી પાછા શુભ યોગ પર ચડવું તે.

पडिक्खित्त. ત્રિ० (परिक्षिप्त) વિસ્તારિત.

पडिगय. ત્રિ० (प्रतिगत) પાછું ગયેલુ.

पडिगाहग. ત્રિ० (प्रतिग्राहक) ગ્રહણ કરનાર.

पडिग्गह. ન० (प्रतिग्रह) ઉપરથી પડતી વસ્તુને ગ્રહણ કરનાર; સાધુના પાત્ર; પાતરા. (૨) સિદ્ધ સેણિઆ અને મણુસ્સ સેણિઆ પરિકર્મનો ૧૧ મો ભેદ અને પુટ્ઠ સેણિઆદિ પાંચ પરિકર્મનો આઠમો ભેદ.

पडिग्गहधारि. ત્રિ० (प्रतिग्रहधारिन्) પાતરા રાખનાર.

पडिग्गाहिअ. ત્રિ० (प्रतिगृहीत) ગ્રહણ કરેલ.

पडिघाअ. પુ० (प्रतिघात) વિનાશ (૨) પ્રતિબન્ધ; નિરોધ. (૩) નિરાકરણ.

पडिचंद. પુ० (प्रतिचन्द्र) સામસામે બે ચંદ્ર દેખાય તે, જે ઉત્પાત આદિનુ કારણ છે.

पडिचारग. પું० (प्रतिचारक) જાસૂસ; ચર પુરૂષ.

पडिचार. पु० (प्रतिचार) गोठवण, व्यवस्था. (२) कळा विशेष; ग्रह आदिनी गतिनु परिज्ञान. (३) रोगीनी सेवा चाकरीनु ज्ञान.

पडिचोयणा. स्त्री० (प्रतिचोदना) उपदेश, प्रेरणा.

पडिच्छग. पुं० (प्रतीच्छक) पोताना गुरुनी आज्ञा लइ सूत्रना अर्थ ग्रहण करवाने आचार्य साथे रहेनार साधु, ज्ञान लेवानो अभिलाषी.

पडिच्छण. न० (प्रतीच्छन) बीजा गणमा जइ सूत्रार्थ ग्रहण करवा ते.

पडिच्छन्न. त्रि० (प्रतिच्छन्न) ढंकाएलु

पडिच्छयणा. } न० (प्रतिच्छादन) आच्छा-
पडिच्छायणा. } दन; ढांकणु.

पडिच्छा. स्त्री० (प्रतीच्छा) प्रतीक्षण, निरीक्षण.

पडिच्छिय. त्रि० (प्रतीच्छित) ग्रहण करेल (२) विशेष स्वरूपनी इच्छावाळो.

पडिच्छीण. (प्रातिक्षीण) उमेदवार; इंतेजार.

पडिजागर. न० (प्रतिजागर) उजागरो; जागता रहेवु ते.

पडिजागरणा. न० (प्रतिजागरण) ग्लाननी वेयावच्च करवी ते.

पडिणाविया. स्त्री० (प्रतिनौका) सामे आवती नावा-होडी.

पडिणिकास. त्रि० (प्रतिनिकाश) सदृश, सरखुं.

पडिणिग्गय. त्रि० (प्रतिनिर्गत) नीकळेलु, नीकळी गयेलु.

पडिणिभ. त्रि० (प्रतिनिभ) हेतु विशेष; वादीना उपन्यास तुल्य उपन्यास करी प्रतिवादी उत्तर आपे ते (२) सदृश; तुल्य.

पडिणियत्त. त्रि० (प्रतिनिवृत्त) पाछा हठेल.

पडिणिविट्ठ. त्रि० (प्रतिनिविष्ट) द्वेषयुक्त.

पडिणिसंत. त्रि० (प्रतिनिश्रान्त) सारी रीते विश्राम पामेलु. (२) निलीन.

पडिणीय. त्रि० (प्रत्यनीक) दुश्मनाइ राखनार; उपद्रव करनार शत्रु. (२) निंदक. (३) न० प्रतिपक्षीनी सेना.

पडिणीयभासा स्त्री० (प्रत्यनीकभाषा) अपकारी-विरोधी भाषा.

पडिण्णत्त त्रि० (प्रतिज्ञप्त) उक्त; कथित.

पडितंत. त्रि० (प्रतितन्त्र) स्वशास्त्र प्रसिद्ध अर्थ.

पडिदंड. पु० (प्रतिदण्ड) मुख्य दंडनी समान बीजो दंड.

पडिदुगंछि त्रि० (प्रतिजुगुप्सिन्) निन्दा करनार. (२) परिहार-त्याग करनार.

पडिदुवार. } न० (प्रतिद्वार) म्होटा दरवाजा
पडिद्दार } पासेना बीजो नाना दरवाजो. (२) बारणे बारणे.

पडिनकास. त्रि० (प्रतिनिकाश) सरखु; समान

पडिनिक्खंत त्रि० (प्रतिनिष्क्रान्त) बहार नीकळेल

पडिनियत्त. त्रि० (प्रतिनिवृत्त) पाछु वळेल, निवृत्त थयेल

पडिनिवेस. पु० (प्रतिनिवेश)अत्यन्त द्वेष.

पडिनीअ. त्रि० (प्रत्यनीक) प्रतिपक्षी; विरोधी.

पडिन्नत्त. त्रि० (प्रतिज्ञप्त) प्रतिज्ञा करेल. (२) आदेश करेल

पडिन्ना. स्त्री० (प्रतिज्ञा) जुओ "पइण्णा" ३०६.

पडिपंथ. पु० (प्रतिपथ) उलटो मार्ग; विपरीत मार्ग. (२) प्रतिकूळता.

पडिपंथि. त्रि० (प्रतिपन्थिन्) प्रतिकूळ,विरोधी.

पडिपंथिया. स्त्री० (प्रतिपन्थिता) प्रतिकूळता; विद्वेषिपणु.

पडिपन्न. त्रि० (प्रतिपन्न) युक्त; सहित.

पडिपह. पु० (प्रतिपथ) અવળો માર્ગ; ઉલટો રસ્તો. (૨) ન. અભિમુખ; સંમુખ.

पडिपहिअ. त्रि० (प्रातिपथिक) પંથે ચાલતા મુસાફરની સામે જઇ ચોરી કરનાર; સામે આવનાર.

पडिपाद. पु० (प्रतिपाद) પાયા નીચે રાખવાનો પડવાયો.

पडिपिल्लिय. त्रि० (प्रतिप्रेरित) પ્રેરણા કરેલ.

पडिपुच्छणया. } **पडिपुच्छणा.** } स्त्री० (प्रतिप्रच्छना) પૂછવું તે. (૨) ગુરૂની અનુજ્ઞાથી એક કામ કરતા વચ્ચે પોતાને માટે કે બીજા સાધુઓને માટે કંઇ બીજું કામ નીકળે તે વખતે પણ પુનઃ ગુરૂને પુછી સમતિ લઇનેજ કરવું તે, સામાચારીનો ચોથો પ્રકાર (૩) ગુર્વાદિક પાસેથી ખુલાસા મેળવવા પ્રશ્ન કરવો તે (૪) ઉત્તર; પ્રશ્નનો જવાબ

पडिपुच्छणिज्ज त्रि० (प्रतिपृच्छनीय) વારંવાર પૂછવા યોગ્ય.

पडिपुच्छा. स्त्री० (प्रतिपृच्छा) ખબર પુછવા તે (૨) ગુરૂએ એકવાર મના કરી હોય તે કાર્ય માટે ફરીથી ગુરૂને શિષ્ય પૂછવું તે, દશ સામાચારીમાંની સાતમી સામાચારી.

पडिपुण्ण. } **पडिपुन्न.** } त्रि० (प्रतिपूर्ण) સમ્પૂર્ણ, પુરે પુરૂ

पडिपूजिय. त्रि० (प्रतिपूजित) પૂજેલું. અર્ચેલું.

पडिबंध. पु० (प्रतिबन्ध) પ્રતિબંધ; વિલમ્બ, અટકાયત, રોકાણ. (૨) હઠ; આગ્રહ. (૩) વિલંબે કામ કરનાર. આળસુ, ધીમો (૪) સ્નેહ; પ્રીતિ. (૫) આસક્તિ. (૬) વેષ્ટન

पडिबद्ध. त्रि० (प्रतिबद्ध) બાંધેલું. (૨) પોતાનું કરી રાખેલું. (૩) દૃઢ. મજબૂત (૪) સમીપમા રહેલું.

पडिबाहिर. त्रि० (प्रतिबाह्य) અધિકારથી બહાર; અનધિકારી; અયોગ્ય.

पडिबुज्झणया } **पडिबुज्झणा.** } स्त्री० (प्रतिबोधना) બોધ; સમજ. (૨) જાગૃતિ.

पडिबुद्ध. त्रि० (प्रतिबुद्ध) જાગૃત થયેલ; ઉંઘમાંથી ઉઠેલ. (૨) ન० પ્રતિબોધ. (૩) પુ० એક રાજાનુ નામ.

पडिबुद्धि. पु० (प्रतिबुद्धि) પ્રતિબુદ્ધિ નામે અયોધ્યાનો પ્રાચીન રાજા.

पडिबूहणया स्त्री० (प्रतिबृंहणा) ઉપચય; પુષ્ટિ

पडिबोह पु० (प्रतिबोध) જાગવુ તે.

पडिबोहिय. त्रि० (प्रतिबोधित) જાગૃત કરેલ. જગાડેલ

पडिबोहिया. स्त्री० (प्रतिबोधिका) જગાડનારી. દાસી

पडिभंड पु० (प्रतिभाण्ड) વેચવાનુ કરિયાણુ-માલ.

पडिभग्ग. त्रि० (प्रतिभग्न) હારી ગયેલ; થાકી ગયલ.

पडिभणणा. स्त्री० (प्रतिभणन) સામો જવાબ દેવો તે

पडिभणित्तार त्रि० (प्रतिभणितृ) સામે બોલનાર.

पडिभाग. पु० (प्रतिभाग) અંશ, ભાગ.

पडिभोइ. त्रि० (प्रतिभोगिन्) પરિભોગ કરનાર

पडिमट्ठाइ पु० (प्रतिमास्थायिन्) પડિમા-બારમી ભિક્ખુની પડિમા અંગીકાર કરી રહેનાર (સાધુ).

पडिमट्ठाइअ पु० (प्रतिमास्थायिक) પડિમાધારી સાધુ.

पडिमा. स्त्री० (प्रतिमा) અભિગ્રહ વિશેષ, શ્રાવકની અગીયાર અને સાધુની બાર પડિમા વગેરે. (૨) ફોટો; મૂર્તિ; આકાર. (૩) કાઉસગ્ગ.

पडिमाण. न० (प्रतिमान) પ્રતિમાન; પૈસા વગેરેથી વસ્તુની કિમ્મત કરવી તે. (૨) જેનાથી સુવર્ણ વગેરેનો તોલ થાય છે તે રતિ, માસા ઇત્યાદિ માપ.

पडिमुंडणा. स्त्री० (प्रतिमुण्डना) નિષેધ; નિવારણ.

पडिमोयग. त्रि० (प्रतिमोचक) મુક્ત કરાવનાર; છોડાવનાર.

पडिय. त्रि० (पतित) પડેલું

पडियरग. पु० (प्रतिचारक) સેવા કરનાર; વૈયાવચ્ચ કરનાર.

पडियरण. न० (प्रतिचरण) }
पडियरणा. स्त्री० (प्रतिचरणा) } નિરૂપણ કરવું; આલોચના કરવી તે. (૨) સેવા, શુશ્રૂષા. (૩) પ્રતિક્રમણ. (૪) સત્કાર્યમાં પ્રવૃત્તિ.

पडिया. स्त्री० (प्रतिज्ञा) ટેક; ધારણા; પ્રતિજ્ઞા

पडिया. स्त्री० (पटिका) છાબને ઢાંકવાનું વસ્ત્ર

पडियाइक्खिय. त्रि० (प्रत्याख्यात) પચ્ચખ્ખાણ કરેલ; ત્યાગ કરેલ.

पडियाखित्त. त्रि० (प्रत्याक्षिप्त) નિષેધ કરેલું.

पडियागय. त्रि० (प्रत्यागत) પાછા આવેલ.

पडियाणग. }
पडियाणिय. } न० (पर्याणक) ઘોડાના પલાણની નીચેનું વસ્ત્ર; પડછી. (૨) થિગડું.

पडियार. पु० (प्रतिकार) પૂર્વકર્મનો બદલો. (૨) ઉપાય. (૩) શોધ.

पडियार. पु० (प्रतिचार) અંગચેષ્ટા (૨) પ્રતિકાર; સેવા.

पडियारग. पु० (प्रतिचारक) સેવકવર્ગ.

पडियारिया. स्त्री० (प्रतिचारिका) દાસી.

पडिरह. पु० (प्रतिरथ) રથની સ્હામો રથ.

पडिरूव. त्रि० (प्रतिरूप) સુન્દર દેખાવવાળું; જોનારને ક્ષણે ક્ષણે નવું લાગે તેવું. (૨) પ્રતિબિમ્બ પડે તેવી સ્વચ્છ વસ્તુ. (૩) મળતો આકાર (૪) ઉત્તર તરફના ભૂતદેવતાના બીજા ઇન્દ્રનું નામ. (૫) માતા અને પિતા બન્નેના કુળને લાયક. (૬) શ્રેષ્ઠ પદ્ધતિ; જુના વખતથી ચાલતી આવતી રીત. (૭) નમુનો.

पडिरूवग. }
पडिरूवय. } न० (प्रतिरूपक) પ્રતિબિમ્બ. (૨) त्रि० નમુનો; તેના જેવું.

पडिरूवा. स्त्री० (प्रतिरूपा) ચાલુ અવસર્પિણીના ચોથા કુલકરની સ્ત્રી.

पडिलंभ. पु० (प्रतिलम्भ) પ્રાપ્તિ; આહારાદિકનો લાભ.

पडिलद्ध. त्रि० (प्रतिलब्ध) મળવેલ; પ્રાપ્ત કરેલ

पडिलाभिय. त्रि० (प्रतिलाभित) આહાર પાણી વ્હોરાવેલ; સાધુમુનિને નિર્દોષ આહારાદિ આપેલ.

पडिलेहण. न० (प्रतिलेखन) }
पडिलेहणा. स्त्री० (प्रतिलेखना) } નિરીક્ષણ. તપાસ.

पडिलेहणिया. स्त्री० (प्रतिलेखनिका) જુઓ " પડિલેહણ " શબ્દ.

पडिलेहय. त्रि० (प्रतिलेखक) નિરીક્ષક. જોનાર.

पडिलेहा. स्त्री० (प्रतिलेखा) જુઓ ' પડિલેહણ ' શબ્દ.

पडिलेहिय. त्रि० (प्रतिलेखित) પડિલેહણ કરેલ

पडिलोम. त्रि० (प्रतिलोम) વિરૂદ્ધ, પ્રતિકૂળ; ઉલટુ.

पडिवंस. पुं० (प्रतिवंश) નાના વાસ.

पडिवंसग. पु० (प्रतिवंशक) પાંજરાની વચ્ચે ફરતી ગોઠવેલી વાંસની કાંબડી. (૨) ઉભા વાંસ ઉપર આડા ગોઠવેલ વાંસ.

पडिवक्ख. पुं० (प्रतिपक्ष) સ્હામો પક્ષ; પ્રતિપક્ષ; વિરોધીપક્ષ

पडिवन्निय. त्रि० (प्रतिपन्न) અંગીકાર કરેલ. સ્વીકારેલ.

पडिवडिय. त्रि० (प्रतिपतित) ચાલી ગયેલ.

पडिवरण. त्रि० (प्रतिपन्न) પ્રાપ્ત થયેલું. (૨) આશ્રિત. (૩) સ્વીકૃત.

पडिवत्ति. स्त्री० (प्रतिपत्ति) પ્રણામ-વન્દના આદિ વિનયવિધિ; સેવાભક્તિ. (૨) અંગીકાર; સ્વીકાર. (૩) દ્રવ્યાદિક પદાર્થ પરત્વે મતાન્તર. (૪) અનુભવથી થતી પ્રતીતિ-નિશ્ચય. (૫) કરણી; કૃત્ય. (૬) પ્રકાર; ભેદ. (૭) જીવાદિદ્વાર; પ્રકરણ. (૮) ઉપપતિ; યુક્તિઘટના. (૯) પ્રાપ્તિ; લાભ. (૧૦) અભિગ્રહ વિશેષ. (૧૧) પરિપાટી; ક્રમ.

पडिवत्तिअ. पु० (प्रतिपत्तिक) સમ્યક્ત્વથી પડીને વળી બીજીવાર સમ્યક્ત્વ પામનાર જીવ

पडिवत्तिसमास. पु० न० (प्रतिपत्तिसमास) શ્રુતજ્ઞાનનો એક પ્રકાર; ગતિ આદિ એ ચાર દ્વારથી થતું જીવાદિ પદાર્થનું જ્ઞાન

पडिवन्न. त्रि० (प्रतिपन्न) સ્વીકારેલ; અંગીકાર કરેલ. (૨) પ્રાપ્ત થયેલ; પામેલ.

पडिवया स्त्री० (प्रतिपद्) પડવો, એકમ.

पडिवह. पु० (प्रतिपथ) આડો રસ્તો; ઉલટો માર્ગ.

पडिवा. स्त्री० (प्रतिपद्) પડવો, એકમ.

पडिवाअ. पुं० (प्रतिपात) અવધિ જ્ઞાનનો ઘટાડો થાય તે.

पडिवाइ. त्रि० (प्रतिपातिन्) પડવાના સ્વભાવવાળું; આવીને જતું રહે તેવું. (૨) પું० न० અવધિજ્ઞાનનો એક ભેદ.

पडिवाय. पु० (प्रतिघात) નાશ; ધ્વંસ.

पडिवाय. पु० (प्रतिपाद) પડવાયો; પલંગ આદિના પાયા નીચે રાખવાનો લાકડાનો કકડો.

पडिवासुदेव. पु० (प्रतिवासुदेव) જે ત્રણ ખંડનું રાજ્ય કરતાં વાસુદેવને હાથે મરે ને તેનું રાજ્ય વાસુદેવ કરે તે પ્રતિ વાસુદેવ.

पडिविज्जा. स्त्री० (प्रतिविद्या) વિદ્યાની સ્હામે વિદ્યા; મારણ, મોહન, વગેરેની સ્હામે તેવી વિદ્યા ચલાવવી તે.

पडिवित्थर. पुं० (प्रतिविस्तार) વિસ્તાર.

पडिविरइ. स्त्री० (प्रतिविरति) નિવૃત્તિ.

पडिविरय. त्रि० (प्रतिविरत) સાવદ્ય યોગથી નિવૃત્ત થયેલ.

पडिविसज्जिय. त्रि० (प्रतिविसर्जित) વિદાય કરેલ; વિસર્જન કરેલ.

पडिविसेस. त्रि० (प्रतिविशेष) વિશેષ; અધિક.

पडिवुत्तया स्त्री० (प्रत्युक्तता) પ્રત્યુત્તર.

पडिवूह. न० (प्रतिव्यूह) શત્રુની સ્હામે લશ્કર ગોઠવવાની કળા.

पडिसंत. त्रि० (प्रतिशान्त) શાંત થએલ; વિશ્રાન્ત.

पडिसंलीण. त्रि० (प्रतिसंलीन) ઇન્દ્રિયોને નિયમમા રાખી એકાન્તમાં રહેલું; ઇન્દ્રિયાદિકનો નિગ્રહ કરનાર.

पडिसंलीणया. स्त्री० (प्रतिसंलीनता) પ્રતિ સંલીન તપ; ઇન્દ્રિયના વિષયો અને કષાયોનો લય કરવો તે.

पडिसंसाहणया. स्त्री० (प्रतिसंसाधना) પછવાડે ચાલવું; ઉલ્લંઘીને ન જવું તે.

पडिसडिय. त्रि० (प्रतिशटित) ખરી પડેલું.

पडिसत्तु. पु० (प्रतिशत्रु) પ્રતિપક્ષી; દુશ્મન.

पडिसाडण. न० (प्रतिशाटन) પરિશાટન નામનું કરણ; ઔદારિક શરીરને છોડતાં છેલ્લા સમયમાં સર્વથા તે પુદ્ગળોનો ત્યાગ કરવો તે.

पडिसारणा. स्त्री० (प्रतिस्मारणा) બીજાના મનની નિન્દા કરવી તે.

पडिसाहरणा स्त्री० (प्रतिसंहरणा) સંકેલી લેવું; પાછું ખેંચી લેવું. (૨) વિનાશ.

पडिसिद्ध. त्रि० (प्रतिषिद्ध) નિષેધ કરેલું; નિવારિત.

पडिसिविणय. પું० (प्रतिस्वप्नक) એક સ્વપ્નનું વિરોધી બીજું સ્વપ્ન; સ્વપ્નાનું પ્રતિકૂળ સ્વપ્નું.

पडिसीसक. } ન० (प्रतिशीर्षक) શિરનું
पडिसीसय. } પ્રતિરૂપ શિર.

पडिसुइ. પું० (प्रतिश्रुति) જંબૂદ્વીપના એરવતક્ષેત્રમાં આગામિ ઉત્સર્પિણીમાં થનાર ૯ મા કુલકર.

पडिसुणण. ન० (प्रतिश्रवण) નિમંત્રણનો સ્વીકાર.

पडिसुणित्तार. त्रि० (प्रतिश्रोतृ) સાંભળનાર

पडिसुण्ण. त्रि० (प्रतिशून्य) ખાલી; શૂન્ય.

पडिसुति. પું० (प्रतिश्रुति) જુઓ " પડિસુઇ " શબ્દ.

पडिसुय પું० ન० (प्रतिश्रुत) પ્રતિધ્વનિ; પડઘો. (૨) ત્રિ० સાંભળેલું. (૩) ન० અંગીકાર; સ્વીકાર.

पडिसुया. સ્ત્રી० (प्रतिश्रुता) પ્રવ્રજ્યા વિશેષ; એક પ્રકારની દીક્ષા.

पडिसुया. સ્ત્રી० (प्रतिश्रुत) પ્રતિશબ્દ; પ્રતિધ્વનિ.

पडिसूर. પું० (प्रतिसूर्य) સૂર્યની સામે બીજો સૂર્ય દેખાય તે; સૂર્ય પ્રતિબિંબ. (૨) ઇન્દ્ર ધનુષ.

पडिसेग. પુ० (प्रतिषेक) નાકની અંદરનું આવરણ. (૨) નખની નીચેનો ભાગ.

पडिसेज्जा. સ્ત્રી० (प्रतिशय्या) ઉત્તર શય્યા.

पडिसेय. પુ० (प्रतिषेक) નખની નીચેનો ભાગ.

पडिसेवण. ન० (प्रतिषेवण) નિષિદ્ધ વસ્તુનું સેવન કરવું તે.

पडिसेवणा સ્ત્રી० (प्रतिषेवणा) દોષનું સેવન; સંયમમાં દોષ લગાડવા તે.

पडिसेवणाकुसील. પું० (प्रतिषेवणाकुशील) દોષ લગાડવાથી થયેલ કુશીલ; નિયંઠાનો એક પ્રકાર.

पडिसेवय. પુ० (प्रतिषेवक) સયમનો વિરાધક; દોષનું સેવન કરનાર. (૨) પ્રતિકૂળ સેવા કરનાર.

पडिसेवा. સ્ત્રી० (प्रतिषेवा) આધાકર્મી આહારાદિનું સેવન કરવાથી દોષ લાગે તે; સંયમની વિરાધના.

पडिसेवि. त्रि० (प्रतिषेविन्) દોષનો સેવનાર.

पडिसेविय. त्रि० (प्रतिषेवित) શાસ્ત્ર નિષિદ્ધ વસ્તુનું સેવન કરેલ.

पडिसेवेत्तार. त्रि० (प्रतिषेवितृ) પ્રતિષેધવાળી વસ્તુની સેવા કરનાર.

पडिसेह. પુ० (प्रतिषेध) નિષેધ; મનાઈ.

पडिसेहग. त्रि० (प्रतिषेधक) પ્રતિષેધ કરનાર; રોકનાર.

पडिसेहण. ન० (प्रतिषेधन) નિષેધ; નિવારણ

पडिसेहिय. त्रि० (प्रतिषेधित) પ્રતિષેધ કરેલ, મનાઇ કરેલ.

पडिसोय. ન० (प्रतिश्रोत्र) કાનની સન્મુખ

पडिसोय. પું० (प्रतिस्रोतस्) સ્હામુ પૂર. પ્રવાહની સ્હામે.

पडिस्सय. પુ० (प्रतिश्रय) ઉપાશ્રય.

पडिस्सुअ. त्रि० (प्रतिश्रुत) સ્વીકારેલુ, કબૂલ કરેલું.

पडिस्सुया. સ્ત્રી० (प्रतिश्रुता) જુઓ "પડિસુયા " શબ્દ.

पडिहट्टु. अ० (प्रतिहृत्य) અર્પણ કરીને.

पडिहणण. ન० } (प्रतिहनन) અટકાવવું
पडिहणणा. સ્ત્રી० } તે; નિષેધ.

पडिहत्थ. त्रि० (प्रतिहस्त) પરિપૂર્ણ; ભરેલ, ઘણુંજ.

पडिहय. त्रि० (प्रतिहत) પાછા હઠાવેલ, સ્ખલના પમાડેલ.

पडिहाण. ન० (प्रतिभान) પ્રતિભા; બુદ્ધિ વિશેષ.

पडिहाण. न० (प्रणिधान) ચિત્તની એકાગ્રતા.

पडिहाणवंत. त्रि० (प्रतिभानवत्) પ્રતિભા-ઉત્પાતકી આદિ બુદ્ધિવાળો.

पडिहाणवंत. त्रि० (प्रणिधानवत्) એકાગ્ર-ચિત્તવાળું.

पडिहाय. पु० (प्रतिघात) પ્રતિઘાત, પ્રતિબન્ધ; અટકાયત.

पडिहार. पुं० (प्रतिहार) દ્વારપાલ.

पडिहारिया. स्त्री० (प्रतिहारिका) દાસી.

पडीण. पु० स्त्री० (प्रतीचीन) પશ્ચિમ પ્રદેશ; પશ્ચિમ દિશા. (૨) त्रि० પશ્ચિમ દિશાથી સંબંધ રાખનાર.

पडीणवाय. पु० (प्रतीचीनवात) પશ્ચિમનો વાયુ.

पडीणा. स्त्री० (प्रतीची) પશ્ચિમ દિશા.

पडु. त्रि० (पटु) હુશીયાર; ચતુર, ચાલાક.

पडुक्खेव. पु० (प्रत्युत्क्षेप) ઢોલક, કાંસા વગેરે ગાયન ઉપયોગી વાદ્યનો શબ્દ. (૨) નાચનારીના પગનો ઠમકો.

पडुच्च. अ० (प्रतीत्य) આશ્રય પરત્વે. (૨) અપેક્ષા પરત્વે. (૩) અધિકાર પરત્વે.

पडुच्चसच्चा. स्त्री० (प्रतीत्यसत्या) સત્ય વચનનો એક ભેદ; અપેક્ષા કૃત સત્ય વચન.

पडुप्पण्ण. } **पडुप्पन्न.** } त्रि० (प्रत्युत्पन्न) વિદ્યમાન; વર્તમાન કાળનુ. (૨) ઉત્પન્ન થયેલ; જાત. (૩) ગુણાકાર કરેલ. (૪) પ્રાપ્ત કરેલ; મેળવેલ. (૫) पु० વર્તમાનકાળ.

पडुप्पवाइय. त्रि० (प्रत्युत्पन्नवादित) વાજીંત્ર વગાડેલ.

पडोयार. पुं० (प्रत्युपचार) પ્રતિકૂળ ઉપચાર.

पडोच्छन्न. त्रि० (प्रत्यवच्छन्न) ઢંકાએલુ.

पडोयार. पुं० (प्रत्यवतार) સમવતાર; સમાવેશ કરવો; લાગુ પાડવું. (૨) આવિર્ભાવ. (૩) પાત્રનાં ઉપકરણ. (૪) સ્વરૂપ. (૫) ઘનોદધિ વિગેરેનું વલય.

पडोयार पुं० (पदावतार) કોઇ વસ્તુના પદમાં વિચારને લીધે કરેલ અવતરણ.

पडोयार. पुं ( ) પરિકર.

पडोयार. पुं० (प्रत्युपचार) પ્રતિકૂળ ઉપચાર-ઉપાય.

पडोल. पुं० (पटोल) પરવરનો ગુચ્છો.

पडोला. स्त्री० (पटोला) પરવરની વેલ.

पड्डुक्की स्त्री० ( ) ભેંસ.

पड्डिया. स्त्री० ( ) નાની ભેંસ; પાડી. (૨) નાની ગાય; વાછરડી.

पढग. त्रि० (पाठक) ભણનાર; શીખનાર.

पढण न० (पठन) પાઠ; અભ્યાસ.

पढण. न० (पठन) પઠન કરવુ; ભણવુ.

पढम. त्रि० (प्रथम) પહેલુ; પ્રથમનું. (૨) પ્રધાન; મુખ્ય.

पढमकरण. न० (प्रथमकरण) ત્રણકરણ પૈકી યથાપ્રવૃત્તિનામનું પ્રથમ કરણ.

पढमकसाय. पु० (प्रथमकषाय) પ્રથમ કષાય; અનતાનુબંધી કષાય.

पढमसरय. पुं० (प्रथमशरद्) માગશર મહિનો.

पढमा. स्त्री० (प्रथमा) પહેલી તિથિ; પડવો. (૨ પહેલી વિભક્તિ.

पढमालिया. स्त्री० (प्रथमालिका) પ્રથમ ભોજન.

पढमिल्लु. त्रि० (प्राथमिक) પહેલાનુ; આદ્ય.

पढिअ. त्रि० (पठित) ભણેલુ.

पण. न० (पण) એ નામનું નવમા દેવલોકનુ એક વિમાન.

पण. त्रि० (पञ्चन्) પાંચ; સંખ્યાવાચક શબ્દ.

पणइणी. स्त्री० (प्रणयिनी) પ્રેમાલ સ્ત્રી; વલ્લભા.

पणग. त्रि० (पञ्चक) પાંચ.

पणग. पुं० (पनक) ફુગી; લીલફુલ; છારી. (૨) ઢીલોકાદવ-કીચડ.

पणगमट्टिया. } **पणगमट्टिया.** } स्त्री० (पनकमृत्तिका) નદી આદિમાં પાણીનું પૂર

ઉતરી ગયા પછી નીચે ચીકણી માટી પડી રહે તે.

पणच्चिय. त्रि० (प्रनर्तित) નૃત્ય કરેલ.

पणट्ठ. त्रि० (प्रणष्ट) નાશ પામેલું.

पणट्ठसंधि. पु० (प्रणष्टसन्धि) જેનાં પાંદડાંની વચલી સાંધાની દાંડી દેખાતી નથી એવી એક જાતની વનસ્પતિ.

पणतालीसा. स्त्री० (पञ्चचत्वारिंशत्) પિસતાલીસ; ૪૫.

पणतीसा. स्त्री० (पञ्चत्रिंशत्) પાંત્રીશ; ૩૫.

पणत्ति. स्त्री० (प्रज्ञप्ति) ધર્મનાથજીની શાસન દેવીનુ નામ.

पणद्ध. त्रि० (प्रणद्ध) પરિગત.

पणनिद्दा. स्त्री० (पञ्चनिद्रा) નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલા પ્રચલા અને થિણદ્ધિ નિદ્રા એ પાંચ નિદ્રા.

पणपन्नियाअ. पु० (पञ्चप्राज्ञिक) કુતુહલ પ્રિય વ્યન્તર દેવની એક જાત.

पणपन्न. स्त्री० न० (पञ्चपञ्चाशत्) પંચાવન; ૫૫.

पणपन्निय. पुं० (पञ्चप्राज्ञिक) વાણવ્યંતર દેવતાની ૧૬ જાતમાની દશમી જાત.

पणमिय. त्रि० (प्रणत) નમેલું, નીચે વળી ગયેલું.

पणय. पुं० (पनक) લીલ ફુલ, ફુગ. (૨) શેવાળ. (૩) ચીકણો કાદવ.

पणय. त्रि० (प्रणत) અતિનમ્ર, વિનીત. (૨) પ્રામ.

पणय. पुं० (प्रणय) સ્નેહ; પ્રેમ.

पणयंजलि. पुं० (प्रणयाञ्जलि) પ્રણય–પ્રેમપૂર્વક અંજલિ–હાથ જોડવા તે.

पणयखिज्जिय. न० (प्रणयखेदित) પ્રણય–સ્નેહ છતાં ખેદ રોષ દર્શાવવો તે.

पणयाल. } **पणयालीस.** } स्त्री० न० (पञ्चचत्वारिंशत्) પિસતાલીસ; ૪૫ ની સંખ્યા.

पणरस. त्रि० (पञ्चदश) પંદર.

पणरसिआ. स्त्री० (पञ्चदशी) પૂનમ.

पणव. पुं० (पणव) ભાણ્ડ લોકોનું વાજીંત્ર, ઢોલ.

पणवण्णा. स्त्री० न० (पञ्चपञ्चाशत्) પંચાવન, ૫૫.

पणवन्नियाय. पुं० (पञ्चप्राज्ञिक) જુઓ "પણપન્નિઅ" શબ્દ.

पणवन्न. त्रि० (पञ्चवर्ण) પચરંગી; પાંચ રંગવાળુ.

पणवीसा. स्त्री० (पञ्चविंशति) પચીશ; ૨૫

पणस. पुं० (पनस) ફણસનુ વૃક્ષ–ઝાડ.

पणसट्ठि. स्त्री० (पञ्चषष्टि) પાંસઠ; ૬૫.

पणसीइ. स्त्री० (पञ्चाशीति) પંચ્યાશી.

पणाम. पु० (प्रणाम) પ્રણામ; નમસ્કાર.

पणामय. त्रि० (प्रणामक) દુર્ગતિ તરફ નમાડનાર શબ્દાદિ પાંચ વિષય.

पणायक. } **पणायग.** } त्रि० (प्रणायक) નાયક; દોરનાર

पणालिआ. स्त्री० (प्रणालिका) પરમ્પરા.

पणाली. पु० (प्रणाली) શરીર જેવડી ઉંચી લાકડી.

पणासिअ. त्रि० (प्रणाशित) નાશ કરેલુ.

पणिंदिअ. पु० (पञ्चेन्द्रिय) પાંચ ઇંદ્રિયવાળા જીવ.

पणिअणा. न० (प्रणयन) (વધ્ય ભૂમિ તરફ) લઇ જવુ તે.

पणिधि. पु० स्त्री० (प्रणिधि) માયા, છળ.

पणिय. त्रि० (प्रणीत) સરસ; રસદાર. (૨) મનોહર.

पणिय. न० (पण्य) વ્યાપાર; સોદો; ક્રય વિક્રય. (૨) વ્યાપારની વસ્તુ; કરિયાણું.

पणियगिह. न० (पण्यगृह) કરીયાણાનું ઘર; દુકાન.

पणियभंडग. न० (पण्यभाण्डक) ઘી તેલ વિગેરે માલ.

पणियभूमि. स्त्री० (प्रणीतभूमि) મનોજ્ઞ ભૂમિ.

पणियभूमि. स्त्री० (पणितभूमि) એ નામને એક અનાર્ય દેશ, જ્યાં મહાવીર પ્રભુ એક ચોમાસું રહ્યા હતા. (૨) વિક્રય વસ્તુ રાખવાનુ સ્થાન.

पणियसाला. स्त्री० (पण्यशाला) કરીયાણાનું હાટ-દુકાન.

पणिवइय. त्रि० (प्रणिपतित) નમેલુ.

पणिवाय. पुं० (प्रणिपात) દંડવત્પ્રણામ.

पणिहाण. न० (प्रणिधान) મન વગેરે યોગાની એકાગ્રતા; અવધાન. (૨) પ્રયોગ; વ્યાપાર. (૩) અભિલાષા; કામના.

पणिहि. पु० स्त्री० (प्रणिधि) મનની વિશિષ્ટ એકાગ્રતા. (૨) માયા; કપટ. (૩) પું૦ જાસૂસ; દૂત.

पणिहिअ. त्रि० (प्रणिधिक) વેષ બદલાવી કપટ-માયા કરનાર.

पणिहिय. त्रि० (प्रणिहित) અસન્માર્ગથી હઠીને સન્માર્ગમાં વ્યવસ્થિત થયેલ.

पणीत. त्रि० (प्रणीत) કહેલુ, રચેલુ.

पणीय. त्रि० (प्रणीत) પ્રરૂપેલુ; પ્રકાશેલુ; રચેલું. (૨) રસભર; જેમાં ઘી વિગેરેના બિન્દુ ટપકે તેવુ રસદાર. (૩) પ્રકર્ષે કરી દોરવાયેલ. (૪) મનોજ્ઞ; સુન્દર. (૫) સમ્યગ્ આચરિત.

पणीयरस. त्रि० (प्रणीतरस) સરસ આહાર.

पणुन्न. त्रि० (प्रनुन्न) પ્રેરણા કરેલ; પ્રેરાયેલ.

पणुवीस. स्त्री० (पञ्चविंशं) પચીશ; ૨૫.

पणोल्ली. स्त्री० (प्रणोदी) તાજણાની લાકડી.

पणोल्लण. न० (प्रणोदन) પ્રેરણા.

पणोल्लय. त्रि० (प्रणोदक) પ્રેરક.

पणोल्लि. त्रि० (प्रणोदिन्) પ્રેરણા કરનાર. (૨) પું૦ બળદ વગેરેને હાંકવાની લાકડી.

पणोल्लिय. त्रि० (प्रणोदित) પ્રેરણા કરેલ.

पण्ण. पुं० (प्राज्ञ) ડાહ્યો; બુદ્ધિમાન્. (૨) ત્રિ૦ પ્રાજ્ઞસંબંધી.

पण्ण. न० (पण्य) વાણિજ્ય. (૨) ક્રયવિક્રયની વસ્તુ.

पण्ण. त्रि० (पञ्चन्) પાંચ.

पण्णग. पु० (पन्नग) સર્પ; નાગ.

पण्णट्ठि. स्त्री० (पञ्चषष्टि) પાંસઠ; ૬૫.

पण्णत्त. त्रि० (प्रज्ञप्त) કહેલું; પરૂપેલુ.

पण्णत्ति. स्त्री० (प्रज्ञप्ति) નિરૂપણ; પરૂપણા; ઉપદેશ. (૨) પાંચમુ અગસૂત્ર; ભગવતી સૂત્ર. (૩) જમ્બુદ્વીપ પન્નત્તિ વગેરે સૂત્રો.

पण्णत्तिक्खेवणी. स्त्री० (प्रज्ञप्त्याक्षेपणी) પ્રજ્ઞપ્તિ-સંદિગ્ધ માણસને મધુર વચને કરી બોધ આપવારૂપ આકર્ષક કથા. (૨) જમ્બૂદ્વીપપન્નતિ વગેરે પન્નતિસૂત્રનું કથારૂપે વાંચન.

पण्णरस. त्रि० (पञ्चदशन्) પન્દર; ૧૫.

पण्णरसी. स्त्री० (पञ्चदशी) પૂનમ.

पण्णवग. त्रि० (प्रज्ञापक) જણાવનાર; ગુરૂ. (૨) પ્રરૂપક; પ્રતિપાદક.

पण्णवण. न० (प्रज्ञापन) પ્રતિપાદન કરવુ. (૨) શાસ્ત્ર. સિદ્ધાન્ત.

पण्णवणा. स्त्री० (प्रज्ञापना) પ્રરૂપણા; નિરૂપણ. (૨) ૧૨ ઉપાંગ પૈકી ચોથુ ઉપાગસૂત્ર; ૨૯ ઉત્કાલિકસૂત્રમાંનું ૮ મુ. (૩) વિનંતિ; અરજ.

पण्णवणापद. न० (प्रज्ञापनापद) પ્રજ્ઞાપના સૂત્રનુ પદ-પ્રકરણ.

पण्णवणिज्ज. त्रि० (प्रज्ञापनीय) જણાવવા યોગ્ય.

पण्णवणी. स्त्री० (प्रज्ञापनी) વિનયવાન્ શિષ્યને ઉપદેશ દેવામા વપરાતી ભાષા; અર્થ બોધક ભાષા.

पण्णविय. त्रि० (प्रज्ञापित) સામાન્યથી કહેલું; પ્રતિપાદન કરેલું.

पण्णवीस. स्त्री० (पञ्चविंश) પચીશ; ૨૫.

पण्णवेत्तार. त्रि० (प्रज्ञापयितृ) પ્રરૂપણ કરનાર; પ્રતિપાદન કરનાર.

पण्णा. स्त्री० (प्रज्ञा) बुद्धि. (२) त्रिकालिक ज्ञान; समजण.

पण्णा. स्त्री० (पञ्चाशत्) पचाश.

पण्णाण. न० (प्रज्ञान) सदसद् विवेक. (२) सम्यग्ज्ञान. (३) आगम.

पण्णापरिसह. पुं० (प्रज्ञापरिषह) बुद्धिनो गर्व न करवो. (२) बुद्धिनी मंदतानो खेद न करवो. (३) प्रज्ञा-बुद्धिनी मन्दतानो परिषह.

पण्णास. स्त्री० (पञ्चाशत्) पचास; ५०.

पण्ह. पुं० (प्रश्न) प्रश्न; सवाल.

पण्हय. पु० (प्रस्रव) टपकवु. झरवु. (२) स्तनधारा.

पण्हव. पुं० (प्रह्लव) ए नामनो एक अनार्यदेश. (२) त्रि० ते देशनो रहेवासी.

पण्हवण. न० (प्रस्नवन) झरवुं, टपकवु.

पण्हवण. न० (प्रज्ञापन) जणाववु ते; निरूपण.

पण्हविआ. स्त्री० (प्रह्लविका) प्रह्लव देशमां जन्मेली दासी.

पण्हावागरण. न० (प्रश्नव्याकरण) प्रश्न व्याकरण नामनुं दशमु अंगसूत्र.

पण्हि. पु० स्त्री० (पार्ष्णि) पगना पानी

पण्हिया. स्त्री० (पार्ष्णिका) पगनी पानी.

पतंगवीहिया. स्त्री० (पतङ्गवीथिका) पतंगीयानी गति प्रमाणे अनियमितपणे क्रमविना गोचरी करवी ते; गोचरीनो एक प्रकार.

पतणु. त्रि० (प्रतनु) झीणु; पातळुं, सूक्ष्म.

पतरग. पुं० (प्रतरक) सोना रूपाने जतरडामां खेंची बनावेल झीणा तार.

पति. पुं० (पति) भर्ता; स्वामी; धणी.

पतिकंत त्रि० (प्रतिक्रान्त) प्रवेश करेल.

पतिट्ठा. स्त्री० (प्रतिष्ठा) आबरू; ख्याति; प्रतिष्ठा.

पतिट्ठाण. न० (प्रतिष्ठान) त्राण शरण; रक्षण कारक.

पतिट्ठिय. त्रि० (प्रतिष्ठित) प्रतिष्ठा पामेलुं.

पतिण्ण. त्रि० (प्रतीर्ण) पार पहोंचेल.

पतिण्णा. स्त्री० (प्रतिज्ञा) प्रतिज्ञा; टेक.

पतिबोहण. पु० (प्रतिबोधन) ज्ञान देवु; जगाववुं ते.

पतिभयकर. त्रि० (प्रतिभयङ्कर) स्हामो भय उत्पन्न करे तेवु.

पतिभाग. पु० (प्रतिभाग) समान; प्रतिरूप

पतिरिक्क. त्रि० (प्रतिरिक्त) खाली; शून्य.

पतुण्ण. न० (प्रतुन्न) झाडनी छालना वस्त्रनी एक जात.

पत्त. न० (पत्र) पांदडु; पान. (२) पाख. (३) पुस्तकनां पृष्ट-पानां.

पत्त. त्रि० (प्राप्त) पामेलुं, प्राप्त करेल.

पत्त. न० (पात्र) पात्र; वासण. (२) पात्र; गुणवान्; सुपात्र. (३) पात्र; नाटकनो खेल भजवनार; एक्टर.

पत्तअ. त्रि (पत्रक) गेय-गीतनो एक प्रकार (२) न० पातरू; पादडु.

पत्तइय. त्रि० (पत्रकित) जेमा नाना पादडां आव्या छे ते. (२) कठण पादडांवाळु.

पत्तकालग. पु० (पत्रकालक) आलभिका नगरीनी बहारनो एक चैत्य.

पत्तच्छेज्ज. न० (पत्रच्छेद्य) बाणथी पांदडुं विंधवानी कळा.

पत्तच्छेज्जक. त्रि० (पत्रच्छेद्यक) झाडना पांदडां जमीन उपर पाडनारनु काम.

पत्तट्ट. त्रि० (प्राप्तार्थ) अतिकुशळ.

पत्तपुड. पु० (पत्रपुट) पांदडांनो दडीयो; दुनो.

पत्तबिंटिय पु० (पत्रवृन्तक) पांदडांने आश्री रहेनार त्रण इन्द्रियवाळा जीवनी एक जात.

पत्तय. न० (पत्रक) एक प्रकारनुं गेय.

पत्तरक. पुं० (प्रतरक) आभरण विशेष.

पत्तल. न० (पत्रल) પાંપણ.

पत्तल. त्रि० (पत्रवत्) પાંદડાંવાળુ.

पत्तविच्छुय. पु० (पत्रवृश्चिक) જીવ વિશેષ; ચાર ઇન્દ્રિય જીવની એક જાત, વીંછી.

पत्तसगडिया. स्त्री० (पत्रशाकटिका) પાંદડાંથી ભરેલી ગાડી.

पत्तहार. पु० (पत्रहार) ત્રણ ઇન્દ્રિયવાળા જીવની એક જાત.

पत्ताबंध. पु० (पात्रबन्ध) પાતરા બાંધવાનો ચોસાર વસ્ત્રખંડ-ઝોળી.

पत्तामोड. न० (पत्रामोट) ડાળીને વાળી નીચે નમાડી ચુટેલ પાંદડા.

पत्ताहार. पु० (पत्राहार) પાંદડા પર નિર્વાહ કરનાર વાનપ્રસ્થ.

पत्ताहारग. पु० (पत्राहारक) પાંદડાનો જીવડો; તેઇન્દ્રિય જીવ વિશેષ.

पत्तिअ. न० (प्रीतिक) પ્રીતિ ઉપજાવનાર વચન. (२) પ્રેમ, પ્રીતિ.

पत्तिइय. त्रि० (प्रत्ययित) પ્રતીતિ ભરેલું; વિશ્વાસજનક.

पत्तिय. पु० न० (प्रत्यय) નિમિત્ત, કારણ, હેતુ. (२) વિશ્વાસ.

पत्तिय. त्रि० (प्रतीत) પ્રસિદ્ધ; પ્રખ્યાત. (२) પ્રતીતિ રાખેલ.

पत्तिय. त्रि० (पत्रित) પાંદડાવાળુ.

पत्ती. स्त्री० (पत्नी) સ્ત્રી; પત્ની; ધણીયાણી.

पत्ती. स्त्री० (पात्री) પાત્રી; પ્યાલો.

पत्तेग. न० (प्रत्येक) નામ કર્મની આઠ પ્રત્યેક પ્રકૃતિ; ઉપઘાત નામ વગેરે. (२) એકની તરફ.

पत्तेगतणु. त्रि० (प्रत्येकतनु) પ્રત્યેક શરીરી; જેને એક જીવદીઠ એક શરીર હોય તે.

पत्तेय. न० (प्रत्येक) દરેક, એકેએક. (२) નામકર્મની એક પ્રકૃતિ કે જેના ઉદયથી જીવ પ્રત્યેક શરીર-એક જીવ દીઠ એક શરીર પામેછે. (३) પ્રત્યેક વનસ્પતિ વગેરે.

पत्तेयबुद्ध. पुं० (प्रत्येकबुद्ध) પ્રત્યેક બુદ્ધ; કોઇ વસ્તુના નિમિત્તથી જેને બોધ થયો હોય તે; કરકંડુ આદિ મહાપુરૂષ.

पत्तेयबुद्धसिद्ध. पु० (प्रत्येकबुद्धसिद्ध) પ્રત્યેક બુદ્ધ થઇને મોક્ષ ગયા હોય તે. સિદ્ધના પંદર ભેદમ.નો એક ભેદ

पत्तेयसरीर. न० (प्रत्येकशरीर) }
पत्तेयसरीरनाम. न० (प्रत्येकशरीरनामन्) } પ્રત્યેક શરીર; જીવ જીવદીઠ એકેક શરીર.

पत्तोवग पुं० (पत्रोपग) ઘણા પાંદડાંવાળુ ઝાડ

पत्थ. पु० (प्रार्थ) પ્રાર્થના.

पत्थ. त्रि० (पथ्य) હિતકાર; પ્રકૃતિને માફક આવે તેવુ.

पत्थ. पु० (प्रस्थ) પાથો; બત્રીશ પસલી પ્રમાણનો એક માપ. (२) શિખર; ટોચ.

पत्थड. पु० (प्रस्तट) પાથડો; પડ. (२) ભવનની વચ્ચેનો અંતરાળ ભાગ.

पत्थड त्रि० (प्रस्तृत) પાથરેલું, ફેલાગેલું.

पत्थणाया. }
पत्थणा. } स्त्री० (प्रार्थना) માગણી; યાચના કરવી તે. (२) લોભનું પર્યાય નામ

पत्थणिज्ज त्रि० (प्रार्थनीय) પ્રાર્થના કરવા યોગ્ય

पत्थय. त्रि० (प्रार्थक) પ્રાર્થના કરનાર, માગી લેનાર.

पत्थयण न० (पथ्यदन) ભાતુ; ટીમણ, નાસ્તો.

पत्थर. पु० (प्रस्तर) પાષાણ, પથ્થર.

पत्थाण न० (प्रस्थान) ગમન; યાત્રા.

पत्थार. पु० (प्रस्तार) વસ્ત્રનો એક વિભાગ. (२) પ્રાયશ્ચિત રચના વિશેષ. (३) નાશ; મરણ

पत्थाव. पु० (प्रस्ताव) સમ્બન્ધ, વિષય. (२) અવસર.

पत्थिय त्रि० (प्रार्थित) પ્રાર્થના કરેલુ; ઇચ્છેલુ.

पत्थिय. त्रि० (प्रस्थित) વિદાય થયેલું.

पत्थिया. स्त्री० (प्रस्थिका) છાબડી; ટોપલી.

पत्थियापिडग्न. पु० (प्रस्थिकापिटक) કાવડની બે બાજુની વાંસની છાબડી-ટોપલી.

पत्थिव. पुं० (पार्थिव) રાજા.

पत्थुय. त्रि० (प्रस्तुत) ચાલુ; ચાલતુ. (૨) પ્રાપ્ત; લબ્ધ.

पथ. पुं० (पथिन्) માર્ગ; રસ્તો.

पथिय. पुं० (पथिक) મુસાફર.

पद. न० (पद) પદ; વાકયનું એક અંગ; શબ્દ. (૨) જીવ અજીવ આદિ પદાર્થ. (૩) જીવાદિ પદાર્થનાં વર્ણનવાળું પ્રકરણ-અધ્યાય. (૪) પગ. (૫) સ્થાન; ઠેકાણું.

पदंसिय. त्रि० (प्रदर्शित) દેખાડેલું.

पदत्थ. पु० (पदार्थ) જીવાદિ પદાર્થ; તત્ત્વ.

पदबद्ध. त्रि० (पदबद्ध) વિશિષ્ટ પદ રચનાથી રચેલ.

पदमग्ग. पु० (पदमार्ग) પગ રસ્તો.

पदसम. न० (पदसम) જે પદ જે સ્વરમાં ગાવું જોઇએ તેજ સ્વરમાં ગાવું તે.

पदाण. न० (प्रदान) આપવું; દેવુ તે.

पदायग त्रि० (प्रदायक) દેનાર.

पदाहिणा. स्त्री० (प्रदक्षिणा) પ્રદક્ષિણા કરવી તે.

पदिद्ध. त्रि० (प्रदिग्ध) ચોપડેલ; ભભરાવેલ.

पदिसा. स्त्री० (प्रदिश्) વિદિશા; અગ્નિ, નૈઋતિ વગેરે ખુણા.

पदीव. पु० (प्रदीप) દીવો.

पदीवग. पु० (प्रदीपक) મ્હોટો દીવો, મસાલ

पदुग्ग. पु० (प्रदुर्ग) કોટ; કિલ્લો; ગઢ

पदुट्ठ. त्रि० (प्रदुष्ट) દૂષિત; દ્વેષયુક્ત.

पदूमिय त्रि० (प्रदावित) અત્યન્ત પીડિત.

पदेस. पु० (प्रदेश) સૂક્ષ્મમા સૂક્ષ્મ અંશ; પ્રદેશ; અવિભાગી અંશ. (૨) જગ્યા; સ્થાન.

पदेसिअ. त्रि० (प्रदेशित) બતાવેલ, દર્શાવેલ.

पदेसिय. त्रि० (प्रदेशिक) પ્રદેશવાળો; પ્રદેશના સમૂહથી બનેલ સ્કંધ વગેરે.

पदोस. पुं० { (प्रदोष) / (प्रद्वेष) } દ્વેષ, ખાર; દોષ. (૨) પ્રાતઃકાળ અને સાયકાળ.

पद्धइ. स्त्री० (पद्धति) પંક્તિ; શ્રેણી. (૨) માર્ગ; રસ્તો.

पद्धंस. पु० (प्रध्वंस) ધ્વંસ; નાશ.

पद्धंसाभाव. पुं० (प्रध्वंसाभाव) વસ્તુનો ધ્વંસ થવાથી થતો અભાવ.

पधूविय. त्रि० (प्रधूपित) ધૂપથી સુવાસિત કરેલું.

पन्न. त्रि० (प्रज्ञ) જુઓ “ પણ્ણ ” શબ્દ.

पन्न. त्रि० (प्राज्ञ) પ્રજ્ઞાવાન્; પંડિત. (૨) त्रि० પ્રજ્ઞા સબંધી.

पन्नग. पु० (पन्नग) સર્પ.

पन्नत्त. त्रि० (प्रज्ञप्त) કહેલું, ફરમાવેલું

पन्नत्तरि. स्त्री० (पञ्चसप्तति) પંચોતેર; ૭૫.

पन्नत्तार. त्रि० (प्रज्ञापयितृ) પરૂપણા કરનાર.

पन्नत्ति. स्त्री० (प्रज्ञप्ति) જણાવવુ તે; નિરૂપણ.

पन्नरस. त्रि० (पञ्चदशन्) પન્દર; ૧૫.

पन्नरसी. स्त्री० (पञ्चदशी) પુનમ; પંદરમી તિથિ.

पन्नवग. पु० (प्रज्ञापक) પ્રશ્નનો ખુલાસો કરનાર-આચાર્ય.

पन्नवणा. स्त्री० (प्रज्ञापना) એ નામનું એક ઉપાંગ સૂત્ર-આગમ. (૨) નિરૂપણ કરવું; કહેવું.

पन्नवणी. स्त्री० (प्रज्ञापना) શિષ્યવર્ગને ઉપદેશ દેવો તે; ઉપદેશ આપવાની ભાષા; ભાષાનો એક પ્રકાર.

पन्नविअ. त्रि० (प्रज्ञापित) જણાવેલું; સમજાવેલું

पन्नवीस. स्त्री० (पञ्चविंश) પચ્ચીસ; ૨૫.

पन्नइत्तरि. स्त्री० (पञ्चसप्तति) . પંચોતેર; ૭૫.

पन्ना. स्त्री० (प्रज्ञा) માણુસની દશ દશાઓ પૈકી પાંચમી દશા; ૪૧ થી ૫૦ વર્ષ સુધીની માણસની સમજણવાળી અવસ્થા. (૨) બુદ્ધિ; ડહાપણ.

पन्नाण. न० (प्रज्ञान) પદાર્થનું સ્વરૂપ સારી રીતે જાણવું તે. (૨) પ્રકૃષ્ટ જ્ઞાન. (૩) આગમ; શાસ્ત્ર.

पन्नास. स्त्री० (पञ्चाशत्) પચાસ; ૫૦.

पन्हय. पुं० (प्रस्नव) થાનમાંથી ઉભરાતું દૂધ; હર્ષથી માતાને દૂધનો પાનો ચઢે તે

पपंच. पुं० (प्रपञ्च) આડમ્બર; ડોળ. (૨) ઠગાઇ.

पपुत्त. पुं० (प्रपौत्र) પરપોતરો; પુત્રના પુત્રનો પુત્ર. (૨) પોતાનો પુત્ર.

पप्पग. पु० (पर्पक) એક જાતનું ઘાસ; વનસ્પતિ વિશેષ.

पप्पड. पु० स्त्री० (पर्पट) પાપડ.

पप्पडमोयय. पुं० (पर्पटमोदक) મિષ્ટાન્ન વિશેષ; મગદળ અને અડદીઆ.

पप्पडिया. स्त्री० (पर्पटिका) પાપડ, વડી વગેરે ખાદ્ય પદાર્થો.

पप्पुय. त्रि० (प्रप्लुत) ભીંજાએલ.

पप्फड. पुं० (पर्पट) પાપડ.

पप्फुय. त्रि० (प्रप्लुत) વિકાસ પામેલ. (૨) વહેતું; ટપકતું.

पप्फुल्ल. त्रि० (प्रफुल्ल) વિકસિત; ખીલેલ.

पप्फोडण. न० (प्रस्फोटन) વિસ્તારવું. (૨) ઝાપટવું.

पप्फोडणा. } **पप्फोडणी.** } स्त्री० (प्रस्फोटना) પડિલેહણ વખતે વસ્ત્રને ઝાપટવું તે; પડિલેહણના એક દોષનું નામ.

पबंध. पुं० (प्रबन्ध) નિરંતર વિકથા કરવી તે; સ્ત્રીકથા, ભત્તકથા, દેશકથા અને રાજકથા એ ચાર વિકથાની પ્રવૃત્તિ. (૨) રચના; નિર્માણ.

पबंधण. न० (प्रबन्धन) પ્રબન્ધ કરવો; વ્યવસ્થા કરવી.

पबाहा. स्त्री० (प्रबाधा) વિશેષ પીડા; પ્રકૃષ્ટ બાધા.

पबोहय. त्रि० (प्रबोधक) પ્રબોધ કરનાર.

पब्भ. त्रि० (प्रह्व) નમ્ર.

पब्भट्ठ. त्रि० (प्रभ्रष्ट) ભ્રષ્ટ; પતિત થયેલ.

पब्भार. पुं० (प्राग्भार) પર્વતનો કંઇક નમી ગયેલો ભાગ-શિખર. (૨) સમૂહ (૩) એક જાતનો કારીગર.

पब्भारगय. त्रि० (प्राग्भारगत) નમેલું.

पब्भारा. स्त्री० (प्राग्भारा) માણસની દશ દશાઓમાંની આઠમી દશા. (૨) પુરૂષની ૭૦ થી ૮૦ વર્ષ સુધીની અવસ્થા.

पभ. पुं० (प्रभ) હરિકાન્ત અને હરિસહ ઇન્દ્રના લોકપાળનું નામ. (૨) પ્રભા; કાંતિ. (૩) ત્રિ० સમાન; તુલ્ય.

पभंकर. पुं० (प्रभङ्कर) પ્રભંકર નામે ત્રીજા દેવલોકનું એક વિમાન. (૨) એ નામનું પાંચમા દેવલોકનું એક વિમાન. (૩) લોકાન્તિક દેવતાનું એક વિમાન. (૪) એ નામનો એક ગ્રહ.

पभंकर. पुं० (प्रभाकर) તેજ આપનાર; પ્રકાશ કરનાર.

पभंकरा. स्त्री० (प्रभंकरा) જ્યોતિષીના ઇન્દ્ર ચન્દ્રમા તથા સૂર્યની ચોથી અગ્રમહિષીનું નામ. (૨) કચ્છગાવતી વિજયની મુખ્ય રાજધાની-નગરી.

पभंगुर. त्रि० (प्रभङ्गुर) ક્ષણમાં નાશ પામે તેવું, ક્ષણભંગુર.

पभंजण. पु० (प्रभञ्जन) પ્રભંજન નામે વાયુકુમાર જાતિના દેવતાનો ઇન્દ્ર. (૨) પાતાલ કલશાના અધિષ્ઠાતા એક દેવનું નામ.

पभकंत. पुं० (प्रभकान्त) જુઓ "પભંકર" શબ્દ.

पमक्खिय. त्रि० (प्रमक्षित) કહેલું.

पमव. पुं० (प्रभव) ઉત્પતિ; કારણ. (૨) પ્રભવસ્વામી.

पमा. स्त्री० (प्रभा) કાન્તિ; જ્યોતિ; તેજ.

पमाइय. त्रि० (प्राभातिक) પ્રાતઃકાળ સમ્બન્ધી; સવારનું.

पमाकर. पुं० (प्रभाकर) એ નામનું ત્રીજા દેવલોકનું એક વિમાન.

पमाय. न० (प्रभात) પ્રભાત; પ્રાતઃકાળ.

पमार. पुं० (प्रभार) પ્રકૃષ્ટ ભાર.

पमाव. पु० (प्रभाव) મહિમા; પ્રતાપ.

पमावई. स्त्री० (प्रभावती) ઓગણીશમા તીર્થંકરની માતાનું નામ. (૨) બળરાજાની રાણીનું નામ. (૩) ઉદાયન રાજાની દેવીનું નામ.

पमावणा. स्त्री० (प्रभावना) શાસન ઉન્નતિનાં જે જે કારણો હોય તેનું પ્રવર્તન કરવું તે; સમકિતના આઠ આચારમાંનો છેલ્લો આચાર.

पमास. पुं० (प्रभास) બારમા દેવલોકનું એક વિમાન. (૨) લવણ સમુદ્ર અને સિંધુ નદીના સંગમસ્થાને પ્રભાસ નામે દેવતાના આવાસરૂપ એક તીર્થ કે જ્યાં ચક્રવર્તી અટ્ઠમ તપ કરે. (૩) ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન. (૪) મહાવીર પ્રભુના એક ગણધરનું નામ. (૫) ઐરવતય ક્ષેત્રના વૃત્તવૈતાઢ્યનો અધિષ્ઠાતા દેવતા.

पमासतित्थकुमार. पु० (प्रभासतीर्थकुमार) પ્રભાસતીર્થનો અધિપતિ દેવતા.

पमासा. स्त्री० (प्रभासा) અહિંસા; દયા.

पमासिय त्रि० (प्रभाषित) ઉક્ત; કથિત.

पमिइ. } न० (प्रभृति) શરૂઆત; આદિ;
पमिति. } વગેરે.

पमीअ. त्रि० (प्रभीत) બહુ બીધેલ; ભય પામેલ.

पमु. पुं० (प्रभु) સમર્થ; દેવાધિદેવ; તીર્થંકર. (૨) સ્વામી

पमूत. त्रि० (प्रभूत) ઉદ્ભવેલ; ઉત્પન્ન થયેલ (૨) અતિશય; ઘણું. (૩) પ્રમાદાદિનું પરિણામ; અતીત અનાગતાદિ વિષયક કર્મ પરિણામ.

पमेय. पु० (प्रभेद) પ્રકાર; ભેદ.

पमइल. त्रि० (प्रमलिन) અનિમલિન.

पमक्खिअय. त्रि० (प्रम्रक्षित) વિલિપ્ત.

पमज्जण. न० (प्रमार्जन) પૂંજવું. સાફ કરવું.

पमज्जणया. } स्त्री० (प्रमार्जन) પૂંજવું; શુદ્ધ
पमज्जणा. } કરવું; માર્જન કરવું. (૨) વાસીદું વાળવું તે.

पमज्जणिया } स्त्री० (प्रमार्जनी) કચરો
पमज्जणी. } કાઢવાનું ઝાડુ; સાવરણી.

पमज्जिय त्रि० (प्रमार्जित) સાફ કરેલ.

पमत्त. त्रि० (प्रमत्त) પ્રમાદયુક્ત; પ્રમાદી. (૨) પ્રમત્તસયતિ; છઠા ગુણઠાણાવાળો.

पमत्तविरत. त्रि० (प्रमत्तविरत) પ્રમત્તસયતિ; છઠા ગુણઠાણાવાળો.

पमत्तसंजय. पु० (प्रमत्तसंयत) જેને કંઇક પ્રમાદ રહેલો છે તેવા છટ્ઠા ગુણસ્થાનવર્તી સાધુ: પ્રમાદી સાધુ.

पमदवण. न० (प्रमदवन) મહાદત્ત નામના યુવરાજનું પ્રમદવન નામે એક ઉદ્યાન.

पमदा. स्त्री (प्रमदा) જુવાનસ્ત્રી, ઉત્તમસ્ત્રી.

पमद्द. पु० (प्रमर्द) સવદ્દનું: મર્દન.

पमद्दण. न० (प्रमर्दन) મર્દન કરવું. (૨) પરાજય કરવો. (૩) ઓછું કરવું. (૪) નાશ કરવો.

पमद्दि. त्रि० (प्रमर्दिन्) મર્દન કરનાર; પીડનાર.

पमयवण. न० (प्रमदवन) તેતલીપુર નગરની બહારનું એક વન.

पमया. स्त्री० (प्रमदा) જુઓ "પમદા" શબ્દ.

पमाइ. त्रि० (प्रमादिन्) આળસુ; બેદરકાર.

पमाण. न० (प्रमाण) પ્રત્યક્ષ પરોક્ષ આદિ પ્રમાણ. (૨) માન; હદ. (૩) આહારની મર્યાદા. (૪) હેતુ; કારણ. (૫) ન્યાય શાસ્ત્ર. (૬) યથાર્થ જ્ઞાન; સત્ય જ્ઞાન. (૭) સંખ્યા. (૮) માપ; પરિમાણ.

पमाणंगुल पु० (प्रमाणांगुल) પ્રમાણાંગુલ; મહાવીરસ્વામિની એક હજાર આત્માંગુલ પ્રમાણ ભરપ.

पमाणकाल. पु० (प्रमाणकाल) માસ, ઋતુ, અયન, શતવર્ષ, પલ્યોપમ વગેરે નક્કી કરેલ પ્રમાણરૂપ કાળ.

पमाणपक्ख पु० (प्रमाणपक्ष) પ્રમાણરૂપ પખવાડિયું; અજવાળીયુ અને અંધારીયુ.

पमाणसंवच्छर. पु० (प्रमाणसंवत्सर) નક્ષત્ર સંવત્સર, ચન્દ્રસંવત્સર, ઋતુસંવત્સર, આદિત્ય સંવત્સર અને અભિવર્ધિત સંવત્સર એ પાંચ સંવત્સરનો સમુદાય.

पमाद. } **पमाय.** } पु० (प्रमाद) મદ, વિષય, કષાય, નિદ્રા અને વિકથા એ પાંચ પ્રમાદ. (૨) પ્રમાદ; ગફલત; આશ્રવનું ત્રીજું સ્થાન.

पमायप्पमाय. न० (प्रमादाप्रमाद) ૨૯ ઉત્કાલિક સૂત્રમાંનું ૧૦ મુ સૂત્ર.

पमार. पु० (पमार) મરણનો આરંભ. (૨) નઠારી રીતે મારવુ તે.

पमिलाण. त्रि० (प्रम्लान) અતિશય કરમાઇ ગયેલ.

पमुइय. त्रि० (प्रमुदित) ખુશાલીયુક્ત; ખુશી થયેલ.

पमुक्ख. त्रि० (प्रमुख्य) અગ્રેસર

पमुह. त्रि० (प्रमुख) આગેવાન. (૨) पुं० પ્રમુખ નામનો ૪૯ મો ગ્રહ.

पमुहर. त्रि० (प्रमुखर) } **पमुहरि.** त्रि० (प्रमुखरिन्) } વાચાળ; ઘણું બોલનાર.

पमेइल. पु० (प्रमेदस्विन्) ઘણા મેદવાળું; જાડુ.

पमोक्ख. पु० (प्रमोक्ष) ઉત્તરપક્ષ; જવાબ. (૨) મોક્ષ; કર્મથી છુટકારો.

पमोक्खण. न० (प्रमोचन) પરિત્યાગ.

पमोद. } **पमोय** } पुं० (प्रमोद) મહોત્સવ; આનંદ.

पम्ह. पुं० न० (पक्ष्मन्) કમળનો તન્તુ; પદ્મકેશર. (૨) પાંચમા દેવલોકનું એક વિમાન. (૩) પુંછ; લુગડાની પુંમ. (૪) છેડો. (૫) પશ્ચિમ મહાવિદેહના દક્ષિણ ખાંડવાની મેરૂ તરફથી પહેલી વિજય. (૬) એ વિજયનો રાજા

पम्हकंत. पुं० (पक्ष्मकान्त) એ નામનું પાંચમા દેવલોકનું એક વિમાન.

पम्हकूड. पु० (पक्ष्मकूट) એ નામનું પાંચમા દેવલોકનું એક વિમાન (૨) સીતા મહા નદીના ઉત્તર કાંઠા ઉપરનો એક વખારા પર્વત. (૩) વિદ્યુત્પ્રભ વખારાપર્વત ઉપરનાં નવ કૂટમાંનું ચોથુ કૂટ-શિખર.

पम्हगंध. पु० (पद्मगंध) દેવકુરૂ ઉત્તરકુરૂ ક્ષેત્રના માણસોની એક જાત. (૨) પદ્મના જેવી ગન્ધ. (૩) त्रि० કમળના જેવી ગન્ધવાળુ.

पम्हगावई. स्त्री० (पक्ष्मकावती) એ નામની મહાવિદેહની એક વિજય.

पम्हज्झय पु० (पक्ष्मध्वज) એ નામનું પાંચમા દેવલોકનું એક વિમાન.

पम्हट्ठ. त्रि० (प्रस्मृत) ભૂલી ગયેલ. (૨) પડી ગયેલ.

पम्हप्पभ. पु० (पक्ष्मप्रभ) એ નામનું પાંચમા દેવલોકનુ એક વિમાન.

पम्हल. त्रि० (पक्ष्मल) પુમ્હવાળુ; રૂંછાંવાળુ વસ્ત્ર વિશેષ.

पम्हलेस्स. पुं० (पक्ष्मलेश्य) એ નામનું પાંચમા દેવલોકનું એક વિમાન.

पम्हलेस्सा. स्त्री० (पद्मलेश्या) કમળગર્ભ જેવા સફેદ પુદ્ગલના સંસર્ગથી થતા આત્માના ઉજ્વળ પરિણામ; પદ્મલેશ્યા; છ લેશ્યામાંની પાંચમી લેશ્યા.

पम्हवण्ण. पुं० (पक्ष्मवर्ण) એ નામનુ પાંચમા દેવલોકનું એક વિમાન.

पम्हसिंग. पु० (पक्ष्मशृंग) એ નામનું પાંચમા દેવલોકનું એક વિમાન.

पम्हसिद्ध. पुं० (पक्ष्मसिद्ध) પાંચમા દેવલોકનું એક વિમાન.

पम्हा. स्त्री० (पद्मा) પદ્મા નામની મહાવિદેહની એક વિજય. (૨) છ લેશ્યામાંની પાંચમી લેશ્યા.

पम्हाण. त्रि० (प्रम्लान) ગ્લાનિ પામેલ; કરમાયેલ.

पम्हावई. स्त्री० (पक्ष्मावती) મહાવિદેહની સીતા મહાનદીને જમણે કાંઠે આવેલી રમ્યગા વિજયની પદ્માવતી નામની મુખ્ય નગરી. (૨) પશ્ચિમ મહાવિદેહના દક્ષિણ ખાંડવાની ચોથી વિજય. (૩) પર્વત વિશેષ.

पम्हावत्त. न० (पक्ष्मावर्त) એ નામનું પાંચમા દેવલોકનું એક વિમાન.

पम्हुट्ठ. त्रि० (प्रस्मृत) ભૂલાઇ ગયેલું.

पम्हुत्तरवडिंसग. न० (पक्ष्मोत्तरावतंसक) એ નામે પાંચમા દેવલોકનું એક વિમાન.

पम्हुसण. न० (अपस्मरण) ભૂલી જવું તે.

पय. पुं० (प्रज) પ્રાણી; જન્તુ.

पय. पुं० न० (पद) પગ; પગલું. (૨) પદ; વિભક્તિ સહિત નામ. (૩) ભાંગો; પ્રકાર. (૪) સ્થાન; સંયમનાં સ્થાનક. (૫) પદનું જ્ઞાન; શ્રુતજ્ઞાનનો એક પ્રકાર. (૬) શ્લોક કે ગાથાનું એક ચરણ. (૭) નિમિત્ત; કારણ. (૮) ફૂટ; જાળ વિશેષ.

पय. न० (पयस्) દુધ. (૨) પાણી.

पय. त्रि० (प्रद) આપનાર; દેનાર.

पयअ. त्रि० (प्रयत) પ્રયત્નવાન્. (૨) સોપયોગી; ઉપયોગ-લક્ષ્યસહિત. (૩) વ્યન્તર દેવની એક જાત.

पयइ. स्त्री० (प्रकृति) વાત પિત્તાદિ પ્રકૃતિ. (૨) કર્મપ્રકૃતિ; કર્મનો સ્વભાવ.

पयइंद. पुं० (पतगेन्द्र) વાણવ્યન્તર જાતીય દેવોના ઇન્દ્ર.

पयंग. पुं० (पतंग) પતંગીયો; ઉડતા જંતુની એક જાત. (૨) પતંગ નામે વ્યન્તર દેવતાની એક જાત.

पयंगवीहिया. स्त्री० (पतंगवीथिका) } જુઓ
पयंगवीही. स्त्री० (पतङ्गवीथी) } " પતંગવીહિયા " શબ્દ.

पयंड. त्रि० (प्रचण्ड) પ્રચંડ; ભયંકર.

पयंपिय. त्रि० (प्रजल्पित) કહેલું. (૨) न० કથન; ઉક્તિ. (૩) બકવાદ.

पयंपिर. त्रि० (प्रजल्पितृ) કહેનાર.

पयक्खिणा. स्त्री० (प्रदक्षिणा) પ્રદક્ષિણા દેવી તે.

पयखेम. न० (पदक्षेम) શિવ, કલ્યાણ.

पयग. न० (पदक) પદક; રત્નાવલિ તપની સ્થાપના-આકૃતિનો એક અવયવ.

पयगवइ. पुं० (पतगपति) પતગ જાતના વ્યન્તર દેવતાનો બીજો ઇન્દ્ર.

पयचुरु. न० ( ) માંછલાંને બાંધવાની એક જાતની જાળ.

पयट्ट. त्रि० (प्रवृत्त) પ્રવર્તેલું.

पयट्टय. त्रि० (प्रवर्तक) પ્રકર્ષ પ્રવૃત્તિ કરનાર.

पयट्टिअ. त्रि० (प्रवृत्त) પ્રવૃત્ત થયેલ.

पयड. त्रि० (प्रकट) પ્રત્યક્ષ; પ્રગટ; સ્પષ્ટ.

पयडि. स्त्री० (प्रकृति) કર્મનો સ્વભાવ; કર્મની પ્રકૃતિ.

पयडिय. त्रि० (प्रकटित) પ્રગટ કરેલું.

पयडिय. त्रि० (प्रपतित) ભ્રષ્ટ થયેલ.

पयण. न० (पचन) રાંધવું તે.

पयण. न० (पतन) પતન; પડવું તે.

पयणग. न० (पचनक) તપેલું; રાંધવાનું વાસણ.

पयणगसाला. त्रि० (पचनकशाला) રસોઇ-ખાનું; રસોડું.

पयणु. त्रि० (प्रतनु) સૂક્ષ્મ; પાતળુ.

पयत. त्रि० (प्रयत) પ્રવૃત્ત થયેલ.

पयति. स्त्री० (प्रकृति) પ્રકૃતિ; સ્વભાવ.

पयत्त. पु० (प्रयत्न) પુરૂષાર્થ; મહેનત; પ્રયત્ન. (૨) કંઠ તાલુ વગેરે સ્થાનનો વ્યાપાર.

पयत्त. त्रि० (प्रवृत्त) કામમાં લાગેલું; ઉદ્યમવંત.

पयत्त न० (पदात्त) ગેયના ચાર પ્રકાર-માનો બીજો પ્રકાર; પાદલબ્ધ-ચરણબદ્ધ ગીત.

पयत्त. त्रि० (प्रदत्त) આપેલ. (૨) અનુજ્ઞાત; સમત.

पयत्ताय. न० (पदत्रात) ગીત વિશેષ.

पयत्थ. पुं० (पदार्थ) વસ્તુ. (૨) શબ્દનું પ્રતિપાદ્ય. (૩) તત્વ.

पयपास. पु० (पदपाश) જાળ આદિ બન્ધન.

पयबद्ध. य० (पदबद्ध) છન્દોબદ્ધ કાવ્ય.

पयमग्ग. पु० (पदमार्ग) પગ રસ્તો.

पयय. पुं० (पतग) વાણવ્યન્તર દેવોની એક જાતિ. (૨) પતગ દેવોના દક્ષિણ દિશાનો ઇન્દ્ર

पययवइ. पु० (पतगपति) પતગ દેવોના ઉત્તર દિશાનો ઇન્દ્ર

पयर. पु० न० (प्रतर) આકાશ પ્રદેશની લાંબી અને પહોળી પંક્તિ. (૨) થર; પડ. (૩) પતરૂં.

पयर. पु० (प्रकर) સમૂહ.

पयरआयत. न० (प्रतरायत) પ્રતરરૂપે આયત સંઠાણ.

पयरग. पुं० (प्रतरक) એક જાતનો સોનાનો દાગીનો. (૨) ઘોડાનો શણગાર. (૩) પત્ર; પાંખડી.

पयरतव. पु० न० (प्रतरतपस्) તપ વિશેષ; શ્રેણીને શ્રેણી ગુણી કરતાં પ્રતર થાય, દાખલા તરીકે ચાર કોષ્ટકની શ્રેણી હોય તો ૧૬ કોષ્ટકનું પ્રતર થાય જેમકે ક્રમથી

૧	૨	૩	૪
૨	૩	૪	૧
૩	૪	૧	૨
૪	૧	૨	૩

એક બે ત્રણ ચાર વગેરે અહીં બતાવ્યા પ્રમાણે ઉપવાસ કરવા તે પ્રતરતપ.

पयरपरिमंडल. न० (प्रतरपरिमंडल) પ્રતરરૂપે પરિમણ્ડલ સંસ્થાન.

पयरभेअ. पु० (प्रतरभेद) પ્રતરરૂપેભેદ; કોઇ વસ્તુને ભેદતાં તેનાં પડ ઉખડે તે.

पयररज्जु. पु० (प्रतररज्जु) જેની લંબાઇ તથા પહોળાઈ હોય અને જાડાઇ ન હોય તે રાજપરિમાણ.

पयरवट्ट. न० (प्रतरवृत्त) પ્રતરરૂપવૃત્ત-વાટલો સંઠાણ.

पयला. स्त्री० (प्रचला) દર્શનાવરણીયની એક પ્રકૃતિ કે જેના ઉદયથી બેઠાં બેઠાં પણ નિદ્રા આવે તે નિદ્રાનો એક પ્રકાર.

पयलाइय पुं० (प्रचलादिक) સર્પની એક જાત.

पयलापयला. स्त्री० (प्रचलाप्रचला) બળદની પેઠે ચાલતા ચાલતાં ઉંઘ આવે તે; દર્શના-વરણીય કર્મની એક પ્રકૃતિ.

पयलिय. त्रि० (प्रगलित) ઝરેલું.

पयलिय. त्रि० (प्रचलित) ચલાયમાન થએલ; સ્ખલિત.

पयलिय. त्रि० (प्रदलित) નાશ કરેલું; ચૂર્ણ કરેલું.

पयविग्गह. पुं० (पदविग्रह) પદવિચ્છેદ.

पयविभाग. पुं० (पदविभाग) પદવિભાગ નામે સામાચારી; સામાચારીનો એક પ્રકાર.

पयवियार. पुं० (पदविचार) પગે ચાલવું તે.

पयसमास. न० (पदसमास) પદના સમુદાયનું

એકથી વધારે પદોનું જ્ઞાન; શ્રુતજ્ઞાનનો એક પ્રકાર.

पया. સ્ત્રી० (प्रजा) રૈયત; પ્રજા. (૨) સંતતિ; પરિવાર. (૩) સંતાનવાળી સ્ત્રી.

पयाण. ન० (प्रतान) વિસ્તારપૂર્વક સ્વપ્ન દર્શન; સ્વપ્નના પાંચ પ્રકારમાંનો બીજો પ્રકાર.

पयाण. ન० (प्रदान) આપવું; સોંપવું.

पयाण. ન० (प्रयाण) જવું; પ્રયાણ કરવું.

पयाणुसारि. ત્રિ० (पदानुसारिन्) એક પદ ઉપરથી અનેક પદોનું અનુસંધાન કરવાની શક્તિવાળું.

पयाणुसारिणी. સ્ત્રી० (पदानुसारिणी) બુદ્ધિ વિશેષ; એક પદના શ્રવણ કરવાથી બીજા અશ્રુત પદોને જોડવાની બુદ્ધિ.

पयात. } ત્રિ० (प्रजात) પ્રસવ થયેલ; જન્મ
पयाय. } પામેલ.

पयाय. ત્રિ० (प्रयात) ચાલેલ; વિસ્તરેલ.

पयायार. ત્રિ० (प्रदातृ) ઘણો ઉદાર; દાતા.

पयार. પુ० (प्रचार) પ્રવર્તન; પ્રવૃત્તિ.

पयार. પું० (प्रकार) પ્રકાર; રીતિ; ભેદ.

पयारण. ન० (प्रतारण) ઠગાઇ; છેતરવું તે.

पयाव. પું० (प्रताप) પ્રતાપ; તેજ.

पयावइ. પું० (प्रजापति) ૧૯ મા મુહૂર્તનું નામ. (૨) રોહિણી નક્ષત્રનો અધિષ્ઠાતા દેવતા. (૩) કૃત્તિકા નક્ષત્રનો સ્વામી દેવતા. (૪) પહેલા વાસુદેવ અને બળદેવના પિતાનું નામ.

पयावण. ન० (प्रतापन) તપાવવું.

पयावण. ન० (पाचन) બીજા પાસે રસોઇ કરાવવી તે.

पयास. પુ० (प्रकाश) પ્રકાશ; અજવાળું. (૨) પ્રગટ; ખુલ્લું.

पयास. પું० (प्रयास) પ્રયત્ન; ઉદ્યમ.

पयासणिज्ज. ત્રિ० (प्रकाशनीय) પ્રકાશ કરવા યોગ્ય.

पयासय. ત્રિ० (प्रकाशक) પ્રકાશ કરનાર.

पयासिय. ત્રિ० (प्रकाशित) પ્રકાશિત થયેલ.

पयाहिण ત્રિ० (प्रदक्षिण) જમણી તરફનું; જમણી બાજુએ વળતું.

पयाहिणा. સ્ત્રી० (प्रदक्षिणा) પ્રદક્ષિણા; ફરતું આવર્તન દેવું તે.

पयोग. પું० (प्रयोग) ઉપાય; સાધન. (૨) જીવનો વ્યાપાર. (૩) વાદવિવાદ કરવો તે.

पयोधर. પું० (पयोधर) સ્તન.

पयोयण ન० (प्रयोजन) કારણ; વ્યાપાર.

पयोहर. પું० (पयोधर) જુઓ "પયોધર" શબ્દ.

पर. ત્રિ० (पर) અન્ય; બીજું; પોતાસિવાયનું; પારકુ. (૨) પુ० શત્રુ; દુશ્મન. (૩) ઉપરાંત; વધારે. (૪) પરલોક. (૫) મોક્ષ. (૬) ઉત્કૃષ્ટ. (૭) તત્પર; સાવધાન. (૮) ન० એક જાતનુ ઘાસ.

परं. અ० (परम्) વળી; પણ.

परंगमण. ન० (परगमन) બીજાની મદદથી નાના બાળક ચાલે તે. (૨) બાળકની તેવી શક્તિનો આવિર્ભાવ થાય તે સમયે જે ઉત્સવાદિ સંસ્કાર કરવામાં આવે છે તે.

परंतम. ત્રિ० (परतमस्) અન્યપર ક્રોધ કરનાર. (૨) અન્ય વિષયથી અજ્ઞાત રાખનાર.

परंतम. ત્રિ० (परंतम) પારકા ઉપર ક્રોધ કરનાર; બીજાને હેરાન કરનાર.

परंदम. ત્રિ० (परंदम) બીજાનું દમન કરનાર; બીજા ઉપર સત્તા ચલાવનાર. (૨) બીજાને શાન્ત કરનાર. (૩) અશ્વ આદિને શીખવનાર.

परंपर. પું० (परम्पर) વિચ્છેદ ગયેલ બારમા દૃષ્ટિવાદઅંગના બીજા વિભાગ સૂત્રનો છઠ્ઠો ભેદ. (૨) પરમ્પરા; દ્વિતીયાદિ સમય પ્રવાહ. (૩) ત્રિ० ભિન્નભિન્ન.

परंपरगंठिया. स्त्री० (परम्परग्रंथिका) એક પછી એક એમ અનુક્રમે ગઠો વાળવી તે.

परंपरगय. त्रि० (परम्परगत) ગુણસ્થાનકની પરંપરાએ ઉપર ચડતાં સંસારનો પાર પામેલ.

परंपरपज्जत्तग. त्रि० (परम्परपर्याप्तक) જેને પર્યાપ્તિ પૂર્ણ કર્યે અનેક સમય થયા છે તે.

परंपरप्परूढ. त्रि० (परम्परप्ररूढ) પરંપરાથી આવેલું.

परंपरबंध पुं० (परम्परबन्ध) જે બંધને એકથી વધારે સમય થયા છે તે.

परंपरसिद्ध. पुं० (परम्परसिद्ध) જેને સિદ્ધ થયે એકથી વધારે સમય થઇ ગયા હોય તે.

परंपरा स्त्री० (परम्परा) એક પછી એક; અવિચ્છિન્ન પ્રવાહ. (૨) નિરન્તરતા. (૩) અન્તર.

परंपरागम. पुं० (परम्परागम) ગણધરોના શિષ્યોની અપેક્ષાએ આગમ પરંપરાગમ કહેવાય; ગણધરોએ પોતાના શિષ્યોને આગમ સંભળાવ્યા તે.

परंपराघात. पुं० (परम्पराघात) ઉપરાઉપરિ પ્રહાર મારવા તે.

परंपराहारग. पुं० (परम्पराहारक) બીજા ત્રીજા આદિ સમયમાં આહાર કરનાર જીવ.

परंपरोगाढग. त्रि० (परम्परावगाढक) બે કરતાં વધારે સમયથી આકાશ પ્રદેશને અવગાહી રહેલ.

परंपरोववन्नग. त्रि० (परम्परोत्पन्नक) બે સમયથી વધારે વખતમાં ઉત્પન્ન થયેલ.

परंभर. त्रि० (परम्भर) } પારકાનું પોષણ
परंभरि त्रि० (परम्भरि) } કરનાર.

परंमुह. त्रि० (पराङ्मुख) વિમુખ; વિરૂદ્ધ; પ્રતિપક્ષી.

परंमुहि. त्रि० (पराङ्मुखिन्) વિપરીત; વિમુખ.

परकीय. } त्रि० (परकीय) પારકું; બીજાનું.
परकेर. }
परक्क. }

परक्कंत. न० (पराक्रान्त) ઉદ્યમ; પરાક્રમ. (૨) અનુષ્ઠાન.

परक्कम. पुं० न० (पराक्रम) કર્મરૂપ દુશ્મનને જીતવાનું સામર્થ્ય; પરાક્રમ. (૨) ઉત્સાહ; પ્રયત્ન. (૩) શત્રુનો નાશ કરવાની શક્તિ.

परग. न० (परक) બંટી; એક જાતનું ધાન્ય. (૨) વાંસની છાબડી; છાબ. (૩) ઘાસનું પથરણું; ચટાઈ. (૪) ભાજન વિશેષ.

परग्घ. त्रि० (परार्घ्य) ઘણી કિમ્મતવાળું; કિમ્મતી; મોંઘું.

परच्छंद. } पुं० (परच्छन्द) પારકાનો અ-
परछंद. } ભિપ્રાય; બીજાનો આશય.

परज्झ. त्रि० ( ) પરવશ; પરતંત્ર; પરાધીન. (૨) पुं० न० પરતન્ત્રતા; પરાધીનતા.

परट्ठा. स्त्री० (परार्थ) બીજાને માટે.

परतंत. त्रि० (परतन्त्र) પરાધીન.

परतत्ति. स्त्री० (परतप्ति) નિન્દા; પારકી તત્થા.

परतित्थिय. त्रि० (परतीर्थिक) અન્યદર્શની; જૈનેતર.

परत्थ. अ० (परत्र) બીજેસ્થળે; પરલોકમાં.

परपरिवाद } पुं० (परपरिवाद) પારકી
परपरिवाय. } નિન્દા કરવી તે.

परपुट्ठ. पुं० (परपुष्ट) કોયલ.

परब्भाहय. पुं० (पराभ्याहत) પરાભવ–તિરસ્કાર પામેલું.

परभव. पुं० (परभव) બીજો ભવ; જન્માન્તર.

परभविय. त्रि० (परभविक) પરભવમાં–જન્માંતરમાં સાથે આવનાર.

परम. त्रि० (परम) ઉત્કૃષ્ટ (૨) શ્રેષ્ઠ. (૩) पुं० મોક્ષ; મુક્તિ. (૪) त्रि० અત્યર્થ;

અત્યન્ત. (૫) પ્રધાન; મુખ્ય. (૬) પું૦ સંયમ; ચારિત્ર. (૭) ન૦ સુખ.

परमट्ठ પુ૦ (परमार्थ) મોક્ષ; મુક્તિ. (૨) સત્ય પદાર્થ. (૩) સયમ; ચારિત્ર.

परमण्ण. ન૦ (परमान्न) દુધપાક; ખીર.

परमत्थ. પું૦ (परमार्थ) પરમતત્ત્વ; જીવાદિ નવ તત્ત્વ. (૨) પરમાર્થ; પરોપકાર.

परमप्प. પું૦ (परमात्मन्) પરમાત્મા; ઇશ્વર.

परमसोमणस्सिय. ત્રિ૦ (परमसौमनस्यित) સંતોષી.

परमहंस. પું૦ (परमहंस) પરમહંસ; સંન્યાસી; પરિવ્રાજકનો એક પ્રકાર.

परमाउ. ન૦ (परमायुष) જીંદગીનો સમય; ઉમર.

परमाणु પુ૦ (परमाणु) ખન્ધથી છુટો પડેલો પુદ્ગલનો નિર્વિભાજ્ય અંશ કે જેના બે ભાગ થઇ શકે નહિ.

परमाणुपोग्गल. પું૦ (परमाणुपुद्गल) પુદ્ગલનો ઘણો સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાગ.

परमायत. ત્રિ૦ (परमायत) પરમ=ઉત્કૃષ્ટ; આયત=દીર્ઘ; પરમાયત=મોક્ષ.

परमावतीगंगा. સ્ત્રી૦ (परमावतीगंगा) સાત અવન્તી ગંગાપરિમિત એક પરમાવતી ગંગા; ગોશાલાને મતે કાલમાન વિશેષ.

परमाहम्म. પુ૦ (परमाधर्म) }
परमाहम्मि. પું૦ (परमाधर्मिन्) } નારકીના જીવોને શિક્ષા
परमाहम्मिय. પું૦ (परमाधार्मिक) }
આપનાર એક દેવતાનો વર્ગ; પરમાધામી દેવ.

परमाहोहिय. ત્રિ૦ (परमाधोवधिक) પરમ અવધિજ્ઞાનવાળા.

परम्मुह. ત્રિ૦ (पराङ्मुख) વિમુખ.

परय. ન૦ (प्रक) અતિશય.

परलोइअ. ત્રિ૦ (पारलौकिक) પરલોક સમ્બન્ધી; પારલૌકિક.

परलोग }
परलोय. } પું૦ (परलोक) પરલોક; જન્માન્તર.

परवग्घ. પું૦ (परव्याघ्र) મ્હોટા વાઘના ચામડાનું બનેલ વસ્ત્ર વિશેષ

परवस. ત્રિ૦ (परवश) પરાધીન; પરવશ.

परवाइ. પું૦ (परवादिन्) બીજા દર્શનવાળા.

परवाय. પું૦ (परवाद) અન્યદર્શન; ભિન્ન મત.

परविवाहकरण. ન૦ (परविवाहकरण) બીજાનો વિવાહ કરવો તે; ચોથા વ્રતનો એક અતિચાર.

परसंतग. }
परसंतिग. } ત્રિ૦ (परसत्क) પારકું; બીજાનું.

परसु. પું૦ (परशु) કુહાડો; ફરશી નામનું હથીયાર.

परस्सर. પું૦ સ્ત્રી૦ (पराशर) ગેંડું; પંચેંદ્રિય તિર્યંચની એક જાત.

परहत्थ. પું૦ (परहस्त) પારકો-બીજાનો હાથ.

परहम्मिय. પું૦ (परमाधार्मिक) અંબ, અંબરીસ વગેરે પન્દર જાતના પરમાધામી દેવતા.

परहुत. }
परहुय. } પું૦ (परभृत) કોયલ.

परा. અ૦ (परा) અત્યન્ત.

परा સ્ત્રી૦ (परा) તૃણ વિશેષ.

पराइअ. ત્રિ૦ (पराजित) પરાજય પામેલ; હારેલ.

पराघाय. પુ૦ (पराघात) વાસના વિશેષ. (૨) નામકર્મની એક પ્રકૃતિ કે જેના ઉદયથી જીવ પોતે આઘાત ન પામે અને બીજા તેને જોતાં વેંતજ દબાઇ જાય તે

पराघायनाम. ન૦ (पराघातनामन्) પરાઘાત નામે નામકર્મની એક પ્રકૃતિ.

पराजिणित्तार. ત્રિ૦ (पराजेतृ) પરાજય કરનાર.

पराजिय ત્રિ૦ (पराजित) હારેલું.

पराभव. પુ૦ (पराभव) પરાભવ; પરાજય; તિરસ્કાર.

पराभिओग. न० (पराभियोग) પરતંત્રતા.
पराभूअ. त्रि० (पराभूत) પરાભવ પામેલ.
परामुट्ठ. त्रि० (परामृष्ट) પરામર્શ કરેલ. (૨) સ્પર્શ કરેલ.
पराय. } **परायग** } त्रि० (परकीय) પરાયું; બીજાનું; પારકું.
परायण. त्रि० (परायण) તત્પર; સાવધાન.
परासर. पु० (पराशर) પરાશર નામના બ્રાહ્મણ સંન્યાસી.
परि. अ० (परि) પુનઃ પુનઃ; ફરીફરીને.
परि. अ० (प्रति) જુઓ "પડિ" શબ્દ.
परिअच्छिअ. त्रि० (परिकच्छित) પહેરેલ; ધારણ કરેલ.
परिअट्टअ. त्रि० (परिवर्त्तक) પ્રવર્તક; અગ્રેસર. (૨) પરિભ્રમણ કરનાર.
परिअट्टणा. स्त्री० (परिवर्त्तना) સૂત્રાર્થનું પર્યાલોચન કરવું; ચોલણા પ્રચોલણા; ચર્ચા કરવી.
परिअडण. न० (पर्यटन) પરિભ્રમણ; રખડપટી.
परिअरबंध. पुं० (परिकरबन्ध) કમ્મર કસીને બાંધવી.
परिआअंतगडभूमि. स्त्री० (पर्यायान्तकृद्भूमि) તીર્થંકરની કેવળી અવસ્થા દરમ્યાન અંતગડ–મોક્ષગામી જીવોની પરંપરાની મર્યાદા.
परिआग. } **परिआय** } पु० (पर्याय) અવસ્થા, દશા.
परिआल. पु० (परिवार) પારવાર; દાસદાસી અને સમ્બન્ધિજન.
परिआवण. न० (परितापन) દુઃખ ઉપજાવવું.
परिउड. त्रि० (परिवृत) ઘેરાએલું; વીંટાએલું.
परिएस. पुं० (परिवेष) મણ્ડળ; સૂર્ય કે ચંદ્રને ફરતુ કુંડાળું થાય તે.
परिकच्छिअ. त्रि० (परिकक्षित) પહેરેલું; ધારણ કરેલું.
परिकट्ठिअ. त्रि० (परिकर्षित) પીંડો કરેલ.
परिकप्पिअ. त्रि० (परिकल्पित) તૈયાર કરેલું; શણગારેલું. (૨) જોડેલું. (૩) કાપેલું.
परिकम्म. } **परिकम्मण.** } न० (परिकर्मन्) અંગ સંસ્કાર; શરીર સુશ્રૂષા. (૨) વસ્તુ સંસ્કાર; વસ્તુમાં કંઇ પણ વિશેષતા ઉત્પન્ન કરવી તે. (૩) રોગનો ઉપાય; ચિકિત્સા. (૪) બારમા દૃષ્ટિવાદઅંગના પાંચ વિભાગમાંનો પ્રથમવિભાગ. (૫) અભ્યાસ.
परिकम्मिअ. त्रि० (परिकर्मित) શરીર સંસ્કાર કરેલ.
परिकर. पु० (परिकर) કેડ બાંધવી તે.
परिकलिअ. त्रि० (परिकलित) અલંકૃત.
परिकहा. स्त्री० (परिकथा) વિકથા.
परिकहिअ. त्रि० (परिकथित) કહેલું.
परिकिण्ण. त्रि० (परिकीर्ण) ચારે બાજુથી ઘેરાએલ; વ્યાપ્ત.
परिकिलंत. त्रि० (परिक्लान्त) ગ્લાનિ પામેલ; થાકી ગયેલ.
परिकिलेस. पुं० (परिक्लेश) ક્લેશ પામવો; દુઃખ પામવું તે.
पालंब पु० (प्रालम्ब) ગળામાં પહેરવાની લાંબી માળા; ઝુમણું.

पालक. न० (पालक) પહેલા દેવલોકના ઇન્દ્રનું મુસાફરી વિમાન.

पालक्का. स्त्री० (पालंक्या) એ નામની પ્રસિદ્ધ લીલી વનસ્પતિ.

पालणा स्त्री० (पालना) રક્ષા કરવી તે; પાલના કરવી તે; પાલન.

पालणी स्त्री० (पालनी) પાલન કરનારી; રક્ષણ કરનારી; (સ્ત્રી)

पालन. न० (पालन) પાલન; રક્ષણ.

पालय. पुं० (पालक) શક્રેન્દ્રના વિમાનનો વ્યવસ્થાપક દેવ (૨) શક્રેન્દ્રનું વિમાન. (૩) त्रि० પાલન કરનાર.

पालि. स्त्री० (पालि) તળાવ આદિને ફરતી પાળ.

पालिजातय. पु० (पारिजातक) વૃક્ષ વિશેષ.

पालित्त. पुं० (पादलिप्त) એ નામના એક જૈન આચાર્ય.

पालिय. पु० (पालित) એ નામનો એક વ્યાપારી શ્રાવક. (૨) ત્રિ૦ પાળેલું, બચાવેલું.

पालिया. स्त्री० (पालिका) વનસ્પતિ વિશેષ.

पालियाअ. पु० (पारिजात) પારિજાત વૃક્ષ.

पालियायय. पुं० (पारिजातक) જુઓ "પાલિયાઅ" શબ્દ.

पाली. स्त्री० (पाली) પલ્યોપમ પ્રમાણ કાળ વિભાગ. (૨) પાણી રોકવાનો બન્ધ; પાળ.

पालुकिमिय. पुं० (पालुकृमिक) કરમીયા, જંતુ વિશેષ.

पाव. पुं० न० (पाप) અશુભ કૃત્યથી બંધાતુ અશુભ કર્મ; પાપ; નવ તત્ત્વમાંનું ચોથુ તત્ત્વ; (૨) દુષ્કૃત્ય; અશુભ કૃત્ય, જીવહિંસાદિ. (૩) ત્રિ૦ પાપી; અધર્મી. (૪) અશુભ.

पावंस. त्रि० (पापीयस्) પાપી; પાપ કરનાર.

पावकम्म. न० (पापकर्मन्) અશુભ કર્મ.

पावकिरिया. स्त्री० (पापक्रिया) પાપકારી ક્રિયા.

पावग. पुं० (पावक) અગ્નિ.

पावजीवि. त्रि० (पापजीविन्) પાપથી જીવનાર.

पावण. त्रि० (पावन) પવિત્ર.

पावण. न० (प्लावन) પરઠવવું; નાખી દેવું.

पावण. न० (प्रापण) મેળવવુ.

पावणिय. पुं० (प्रावचनिक) પ્રવચન વાંચનાર આચાર્ય.

पावदिट्ठि. त्रि० (पापदृष्टि) અશુભ દૃષ્ટિવાળો; છિદ્રગ્રાહી.

पावधम्म. पुं० (पापधर्म) સાવદ્ય કાર્ય.

पावपयडि. स्त्री० (पापप्रकृति) પાપની ૮૨ પ્રકૃતિ.

पावफलविवाग. पु० (पापफलविपाक) વિપાક સૂત્રનો દુઃખવિપાક રૂપ એક વિભાગ-પ્રથમ શ્રુતસ્કંધ (૨) પાપફળનો વિપાક.

पावय. त्रि० (प्रावृत) ઢંકાએલ; આચ્છાદિત

पावय. पु० (पावक) અગ્નિ.

पावय. पु० (प्रापक) પ્રાપ્ત કરાવનાર.

पावयण. न० (प्रवचन) આગમ; સિદ્ધાન્ત, જૈનશાસન.

पावयणि. त्रि० (प्रवचनिन्) સિદ્ધાંતનું પ્રતિપાદન કરનાર; તીર્થકર ગણધર વગેરે.

पावयणिय. त्रि० (प्रावचनिक) આગમવેત્તા. યુગ પ્રધાન આચાર્ય.

पावर. न० (प्रावर) રોમવાળુ વસ્ત્ર. (૨) મ્હોટો કામળો.

पावरण. पु० (प्रावरण) વસ્ત્ર વિશેષ; દુપટ્ટો.

पावलोग. पु० (पापलोक) નરક આદિ દુર્ગતિ.

पावसअ. त्रि० (प्रावृषज) ચોમાસામા જન્મેલ

पावसउण. पुं० (पापशकुन) શિકારી પક્ષી: પાપી પક્ષી.

पावसमण. पु० (पापश्रमण) દોષી-પાપી સાધુ

पावसियालग. पु० (पापशृगालक) પાપ શીયાળિયો.

पावसुमिण. पुं० न० (पापस्वप्न) ખરાબ સ્વપ્નુ

पावसुय. न० (पापश्रुत) અધર્મિ-પાખંડીનુ શાસ્ત્ર

पावहियय. न० (पापहृदय) પાપમય હૃદય. દુષ્ટ અન્તઃકરણ.

पावा. स्त्री० (पापा) શૂરસેન દેશમા પ્રસિદ્ધ નગરી. (૨) પાપણી સ્ત્રી.

पावाइ. / **पावाइय.** त्रि० (प्रवादिन्) વાદ કરનાર વાદી.

पावाइअ. त्रि० (प्रवादित) વગાડેલ.

पावाउय. / **पावावुय** त्रि० (प्रावादुक) વાદી; વાદ કરનાર; પૂર્વપક્ષી.

पावार. पु० (प्रावार) વસ્ત્ર વિશેષ; દુપટ્ટો.

पावावली. स्त्री० (पापवल्ली) એ નામની એક વેલ.

पाविट्ठ. त्रि० (पापिष्ठ) પાપી.

पाविय. त्रि० (प्राप्त) પ્રાપ્ત કરેલ; મેળવેલ.

पाविया. स्त्री० (पापिका) પાપાચરણવાળી સ્ત્રી.

पावेस. त्रि० (प्रावेश्य) રાજસભાદિમા પહેરવા યોગ્ય વસ્ત્ર.

पावेस. पुं० (प्रावेश) વસ્ત્રની બન્ને તરફ લટકતા રૂછાં.

पास. पुं० (पाष) એ નામનો દેશ. (२) त्रि० તે દેશમાં રહેનાર.

पास. पु० (पार्श्व) ત્રેવીશમા તીર્થંકરનું નામ. (२) न० પાસે; નજીક; પડખે. (३) પડખુ; પાસુ.

पास. पु० (पाश) પાસલો; બન્ધન; શસ્ત્ર વિશેષ.

पासओ. अ० (पार्श्वतस्) પડખે; નજીક.

पासंगिय. त्रि० (प्रासंगिक) પ્રસંગોપાત્ત.

पासंड. पु० (पाषड) ધર્મને નામે ચાલતો ઢોંગ; મિથ્યાદર્શન. (२) त्रि० પાખંડી; નાસ્તિક. (३) न० વ્રત.

पासंडत्थ. पु० (पाषण्डस्थ) પાખંડી, કુમતિ.

पासंडि. त्रि० (पाषण्डिन्) ખોટો મત ચલાવનાર.

पासंदण. न० (प्रस्यन्दन) ઝરવુ; ટપકવુ.

पासक. न० (पाशक) પાશા ઢાળવાની કળા.

पासग. पुं० (पाशक) ફાંસી. (२) પાસા, જુગાર ખેલવાનું સાધન.

पासग. पु० (दर्शक) સર્વજ્ઞ; તીર્થંકર. (२) त्रि० દેખાડનાર.

पासग्गाह. पुं० (पाशग्राह) પાશલો લઇ ચાલનાર.

पासण. न० (दर्शन) દર્શન; દેખવુ.

पासणया. } **पासणा.** } स्त्री० (दर्शन) દેખવું; જોવું.

पासणिय. त्रि० (प्राश्निक) શુભાશુભ પ્રશ્નોનાં ફળાફળ કહેનાર. (२) પ્રશ્ન કરનાર.

पासत्थ. त्रि० (पाशस्थ) પાશ–કર્મબંધમાં રહેનાર સાધુ સાધુપણાથી પતિત.

पासत्थ. त्रि० (पार्श्वस्थ) પાસત્થો· આચાર ભ્રષ્ટ.

पासत्थविहारि. त्रि० (पार्श्वस्थविहारिन्) ચારિત્રથી ભ્રષ્ટ થવાય તેવું અનુષ્ઠાન કરનાર

पासबंधण. न० (पाशबन्धन) પાશલાનુ બન્ધન.

पासवण. न० (प्रस्रवण) પેશાબ.

पासवणया. स्त्री० ( ) જુઓ " પાસણા " શબ્દ.

पासवणापद. न० ( ) પન્નવણા સૂત્રના ત્રીશમા પદનુ નામ.

पासाईय. त्रि० (प्रासादीय) મનને પ્રસન્ન કરનાર.

पासाण पु० (पाषाण) પથ્થર.

पासाणघर न० (पाषाणगृह) પથ્થરનુ ઘર. (२) વનસ્પતિ વિશેષ

पासाद. पु० (प्रासाद) હવેલી· મહેલ.

पासादीय. त्रि० (प्रासादीय) ચિત્તને પ્રસન્ન કરનાર.

पासामिग्ग. पु० (पाशमृग) એ નામનો એક યક્ષ.

पासाय. पु० (प्रासाद) મહેલ, ભવન· હવેલી.

पासायवडिंसय पु० (प्रासादावतंसक) દેવતાને રહેવાનો મહેલ.

पासावच्चिज्ज. पु० (पार्श्वापत्यीय) ૨૩ મા પાર્શ્વનાથ ભગવાનના અનુયાયી-શિષ્ય, પ્રશિષ્ય વગેરે.

पासित. त्रि० (पाशित) પાશ–ભયના સ્થાનો.

पासिय. त्रि० (दृश्य) દર્શનીય, જોય.

पासिय. त्रि० (पाशिक) પાશમાં ફસાવનાર.

पासिय पु० (पाशित) ફળ વિશેષ.

पासिल्ल. } त्रि० (पार्श्विक) પડખાભર
पासिल्लय. } સુનાર. (૨) પાસે રહેનાર.
पासुत्त. त्रि० (प्रसुप्त) સુતેલો; ઉંઘી ગયેલો.
पाहणा. स्त्री० (उपानह्) જૂતી; મોજડી.
पाहणया. } न० (प्राधान्य) મુખ્યતા; પ્રધા-
पाहन्न. } નપણું.
पाहाण. पुं० (पाषाण) પથ્થર.
पाहुड. पुं० (प्राभृत) અધ્યયન અને શતકની માફક પૂર્વનું એક પ્રકરણ; અધ્યાય. (૨) ઉપહાર; ભેટ. (૩) કલેશ; ક્રોધ.
पाहुडपाहुड. न० (प्राभृतप्राभृत) પ્રકરણમાં પ્રકરણ હોય તે પ્રાભૃતપ્રાભૃતનું જ્ઞાન; શ્રુતજ્ઞાનનો એક પ્રકાર.
पाहुडपाहुडसमास. पुं० (प्राभृतप्राभृतसमास) એકથી વધારે પાહુડાપાહુડાનું જ્ઞાન; શ્રુતજ્ઞાનનો એક પ્રકાર.
पाहुडसमास. पु० (प्राभृतसमास) એકથી વધારે પાહુડાનું જ્ઞાન; શ્રુતજ્ઞાનનો એક પ્રકાર.
पाहुडिया. स्त्री० (प्राभृतिका) નજરાણું; ભેટ. (૨) ન્હાનો અધ્યાય. (૩)સાધુને પ્રાહુણા તરીકે માની બક્ષીસ તરીકે આહારાદિક આપવાથી લાગતો એક દોષ.
पाहुण. पुं० (प्राघूर्ण) મેમાન; પ્રાહુણો.
पाहुणग. पुं० (प्राघूर्णक) મેમાન; અભ્યાગત, પ્રાહુણો.
पाहुणिय. पुं० (प्राघूर्णिक) છટ્ઠા ગ્રહનું નામ.
पाहुणिज्ज. त्रि० (पाहुणीय) પ્રકર્ષ કરી આહ્વાન કરવા યોગ્ય.
पाहेज्ज. पुं० (पाथेय) ભાતું.
पाहेणग. न० (प्रहेणक) લાડુ વિગેરેનું લ્હાણું.
पाहेय. न० (पाथेय) મુસાફરીમાં ખાવાનું ભોજન; ભાતું.
पि. अ० (अपि) પણ; વળી. (૨) સંભાવના.
पिअंगु. पुं० (प्रियंगु) પ્રિયંગુ; ગજપીપર. (૨) સ્ત્રી. એક સ્ત્રીનું નામ.
पिआमह. पुं० (पितामह) દાદો; બાપનો બાપ.
पिइ. पुं० (पितृ) પિતા; બાપ. (૨) પિતૃ-દેવતા; અશ્લેષા નક્ષત્રનો સ્વામી.
पिइपज्जय. पुं० (पितृप्रार्यक) બાપ દાદા; વડવા; પૂર્વજો.
पिइय. त्रि० (पैतृक) પિતાનું; પિતા સંબંધી.
पिउ. पुं० (पितृ) બાપ.
पिउच्छा. } स्त्री० (पितृस्वसृ) ફોઇ; બાપની
पिउत्था. } બહેન.
पिउपज्जय. पु० (पितृप्रार्यक) જુઓ "પિઇ-પજ્જય" શબ્દ.
पिउमंद. पुं० (पिचुमद) લીંબડાનું ઝાડ.
पिउवण. न० (पितृवन) સ્મશાન.
पिउसेणकण्हा. स्त्री० (पितृसेनकृष्णा) અંતગડ સૂત્રના આઠમા વર્ગના નવમા અધ્યયનનું નામ. (૨) શ્રેણિક રાજાની એક રાણી.
पिउस्सियपति. पुं० (पितृस्वसृपति) ફુવો.
पिउस्सिया. स्त्री० (पितृस्वसृ) બાપની બ્હેન, ફોઇ.
पिंकार. पुं० (अपिकार) અપિકાર, અપિ શબ્દ.
पिंग. पुं० (पिङ्ग) ચાતક પક્ષી. (૨) વર્ણ-રંગ વિશેષ.
पिंगच्छ. त्रि० (पिंगाक्ष) પીળાં નેત્રવાળુ.
पिंगल. पु० (पिंगल) પીળો રંગ. (૨) त्रि० કપિલ રંગનું. (૩) પિંગળ નામનો ગ્રહ. (૪) પિંગળ નામનો શ્રાવક, કે જેણે ખંધક સંન્યાસીને પ્રશ્નો પૂછ્યા હતા. (૫) જીવ વિશેષ. (૬) ચક્રવર્તીનો એક ભંડાર.
पिंगलक्ख. त्रि० (पिंगलाक्ष) માંજરી આંખવાળું. (૨) पुं० એક પક્ષી.

पिंगलय. पुं० (पिङ्गलक) ચક્રવર્તીનાં નવ નિધાનમાંનું એક કે જેમાં સર્વ પ્રકારનાં આભૂષણોનો સમાવેશ થાય છે. (૨) રાહુના પુદ્ગળનો એક ભેદ.

पिंगलायण. न० (पिङ्गलायन) ગોત્ર વિશેષ; કૌત્સગોત્રની એક શાખા. (૨) પું० સ્ત્રી० તે ગોત્રમાં ઉત્પન્ન થયેલ.

पिंगायण. પું० (पिंगायन) કુત્સગોત્રની શાખા. (૨) ત્રિ० તે શાખામાં જન્મેલ. (૩) ન० મઘા નક્ષત્રનું ગોત્ર.

पिंगुल. પુ० (पिंगुल) પક્ષી વિશેષ.

पिंजण. ન० (पिञ्जन) પીંજવું.

पिंजर. પુ० (पिञ्जर) પીતરક્તવર્ણ. (૨) તે વર્ણવાળુ.

पिंड. પુ० (पिण्ड) પિંડો. (૨) વનસ્પતિ વિશેષ; કન્દની એક જાત. (૩) સંચય; પરિગ્રહ. (૪) ખોરાક; મોદકાદિ આહાર. (૫) કોળીયો. (૬) શરીર.

पिंडअ. પુ० (पिण्डक) પગે ચોટતાં કીચડના પિંડા વળે તેટલો કાદવ; મધ્યમ કીચડ. (૨) મોદકાદિ ખોરાકનો પિંડો. (૩) સંગ્રહ. (૪) સમુદાય.

पिंडगुड. પુ० } **पिंडगुला.** સ્ત્રી० } (पिण्डगुड) ભિલા તથા રવાનો ગોળ; કઠણ ગોળ.

पिंडणा. સ્ત્રી० (पिण्डना) ખાંડ વગેરે ખાદ્ય પદાર્થોનું સામાન્ય મિશ્રણ. (૨) સમૂહ.

पिंडत्थ. પું० (पिण्डार्थ) પદ સમુદાયનો અર્થ; વાક્યાર્થ.

पिंडनिज्जुत्ति. સ્ત્રી० (पिण्डनिर्युक्ति) જેમાં પિંડ એટલે આહારના ગુણદોષ સમ્બન્ધી વિવેચન છે તે પુસ્તક.

पिंडनियर. પું० (पिण्डनिकर) પિંડનો જથ્થો; પિતૃપિણ્ડ; શ્રાદ્ધનું ભોજન.

पिंडपगइ. સ્ત્રી० (पिण्डप्रकृति) અવાન્તર ભેદવાળી કર્મપ્રકૃતિ—જેમ નામકર્મની ગતિ જાતિ આદિ પ્રકૃતિ.

पिंडमह. પું० (पिण्डमह) પિતૃપિંડ–શ્રાદ્ધનો મહોત્સવ.

पिंडलग. ન० (   ) પુષ્પની છાબડી.

पिंडवद्धण. પું० (पिण्डवर्द्धन) આહારની વૃદ્ધિ.

पिंडवद्धावण. ન० (पिण्डवर्द्धन) બાળકના ખોરાકની વૃદ્ધિ થાય તે પ્રસગે સંસ્કાર કરવામાં આવે તે.

पिंडवात. } **पिंडवाय.** } પું० (पिण्डपात) ભિક્ષા; ગોચરી.

पिंडसेणकराहा. સ્ત્રી० (पिण्डसेनकृष्णा) રાજા શ્રેણિકની એક પત્ની.

पिंडहलिद्दा. સ્ત્રી० (पिण्डहरिद्रा) પિંડરૂપ હળદર.

पिंडालु. પુ० (पिण्डालु) કન્દ વિશેષ; પિંડાળુ.

पिंडि સ્ત્રી० (पिंडि) કકડો. (૨) ઝુમખો.

पिंडिआ. સ્ત્રી० (पिण्डिका) છિપ્પર.

पिंडित. ત્રિ० (पिण्डित) સંચય કરેલું.

पिंडिम. ત્રિ० (पिण्डिम) પિણ્ડ–જથ્થારૂપ.

पिंडिय. ત્રિ० (पिण्डित) ભેળું થયેલું; એકઠું કરેલું.

पिंडी. સ્ત્રી० (पिण्डी) ગુચ્છો. (૨) ગોળો; વર્તુળાકાર વસ્તુ.

पिंडेसणा. સ્ત્રી० (पिण्डैषणा) પિણ્ડેષણા નામનું આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કધનું પ્રથમ અધ્યયન. (૨) પિંડ–આહારની એષણા–દોષાદોષ નિરીક્ષણ.

पिंडेसिय. ત્રિ० (पिण्डैषिक) ભિક્ષામાટે ફરનાર.

पिंडोलअ. } **पिंडोलग.** } પુ० (पिण्डोलगक) ભિક્ષા ઉપર નિર્વાહ ચલાવનાર; ભિક્ષુક.

पिंसुअ. પુ० (पिंशुक) ચાંચડ.

पिच्छ. ન० (पिच्छ) પિચ્છું, પાંખ; મોર પીંછી.

पिच्छअ. પું० (पिच्छक) પાંખ. (૨) પક્ષી.

पिच्छणा. ન० (प्रेक्षण) જોવું; દેખવું.

पिच्छणिज्ज. त्रि० (प्रेक्षणीय) જોવા યોગ્ય.

पिच्छाघर. न० (प्रेक्षागृह) પ્રેક્ષકોને બેસવાનું સ્થાન.

पिच्छि. पुं० (पिच्छिन्) મોરપીંછ ધરનાર એક પ્રાચીન અન્યતીર્થિ વર્ગ.

पिज्ज. पुं० न० (प्रेमन्) પ્રેમ, સ્નેહ.

पिटक. पुं० (पिटक) પેટી; મજૂષ.

पिट्ट. न० (पेट) પેટ.

पिट्टण. न० (पिट्टन) પિટ્ટણાં પાટવાં તે. (૨) મારવુ.

पिट्टण. न० (पीडन) પીડા; કલેશ.

पिट्टावण. न० (पिट्टन) બીજાની પાસે પિટ્ટણાં પીટાવવા તે.

पिट्ठ. पुं० न० (पिष्ट) લોટ; પીસેલી વસ્તુ.

पिट्ठ. न० (पृष्ठ) પુઠ (૨) પૃષ્ઠ; પીઠ.

पिट्ठओ अ० (पृष्ठतस्) પછવાડેથી; પુઠે; પીઠ તરફ.

पिट्ठंत. न० (पृष्ठांत) અપાનદ્વાર

पिट्ठकरंडय. पुं० (पृष्ठकरण्डक) બરડાનું હાડકુ.

पिट्ठनिप्फन्न. त्रि० (पिष्टनिष्पन्न) ઘઉં, કોદરા, ચાવલ વગેરે ધાન્ય તથા દરાખ આદિના રસથી નિષ્પન્ન-તૈયાર થયેલ; ગોળનો એક પ્રકાર.

पिट्ठचंपा स्त्री० (पृष्ठचंपा) એ નામની એક નગરી.

पिट्ठतो. अ० (पृष्ठतस्) પાછળથી.

पिट्ठि. न० (पृष्ठ) વાંસાનો ભાગ.

पिट्ठिकरंडग. पुं० (पृष्ठकरण्डक) પાંસળી.

पिट्ठिमंस. न० (पृष्ठमांस) પુંઠનું માંસ-વિષ્ઠા. (૨) પાછળથી કોઇની નિન્દા કરવી તે; ચાડી.

पिट्ठिमंसि. त्रि० (पृष्ठमांसिन्) પારકી નિન્દા કરી પરના મર્મ ઉઘાડા પાડનાર.

पिट्ठिमंसिअ. त्रि० (पृष्ठमांसिक) અસમાધિનું દશમુ સ્થાનક સેવનાર; નિન્દા કરનાર.

पिट्ठिमाउया. स्त्री० (पृष्ठमातृका) એક અનુત્તર વિમાન ગામિની સ્ત્રી.

पिट्ठिवडिंसिया. स्त्री० (पृष्ठावतंसिका) કાવડ.

पिट्ठी. स्त्री० (पैष्टी) આટાનો બનાવેલો દારૂ.

पिड. पुं० (पिट) પેટી; પટારો.

पिडअ. न० (पिटक) ટોપલી. (૨) બે ચન્દ્ર તથા બે સૂર્યનું જોડલું.

पिडग. पुं० (पिटक) પેટી; મજૂષા. (૨) નેતરનો કરડીઓ.

पिढर. पुं० न० (पिठर) પેણી; હાંલ્લી; તપેલી.

पिणद्ध त्रि० (पिनद्ध) ઢાંકેલુ (૨)પહેરેલું.

पित. पुं० (पितृ) મઘા નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ, (૨) પિતા.

पितपिंड. पुं० (पितृपिण्ड) પિતૃને પિંડ દેવાની ક્રિયા; શ્રાદ્ધ આદિ.

पिति. पुं० (पितृ) પિતા, બાપ. (૨) મઘા નક્ષત્રનો અધિષ્ઠાતા દેવતા.

पित्त. पुं० न० (पित्त) એક પ્રકારની શરીરની પીળી ધાતુ· પિત્ત; પિત્તોડુ.

पित्तज्जर पुं० (पित्तज्वर) પિત્તજ્વર; પિત્તનો તાવ.

पित्तधारिणी. स्त्री० (पित्तधारिणी) પિત્તને ધારણ કરનારી નાડી-નસ.

पित्तिज्ज. पुं० (पितृव्य) કાકો.

पित्तिय. पुं० (पैत्तिक) પિત્તની વ્યાધિ; ગરમીનો રોગ.

पित्तिय. पुं० (पितृव्य) કાકો; બાપનો ભાઇ.

पिधाण. न० (पिधान) ઢાંકણુ.

पिन्नाअ. } पुं० (पिण्याक) તલ વગેરેનો
पिन्नाग. } ખોળ.

पिपीलिगा } स्त्री० (पिपीलिका) કીડી.
पिपीलिया. }

पिप्परी. स्त्री० (पिप्पली) ગજપીપર. (૨) પીપરનું ઝાડ.

पिप्पल पुं० (पिप्पल) ન્હાનો અસ્તરો.

पिप्पलग्ग. પું० (पिप्पलक) કાંટો કાઢવાનો ચીપીયો. (૨) અસ્તરો.

पिप्पलग. ન० (पिप्पलक) પીપળાના પાંદડાંનું પાથરણું. (૨) કાતર.

पिप्पलि. સ્ત્રી० (पिप्पलि) પીપર; ઔષધિ વિશેષ.

पिप्पलिया. સ્ત્રી० (पिप्पलिका) પિપર; વૃક્ષની એક જાત.

पिप्पली. સ્ત્રી० (पिप्पली) પિપર.

पिप्पिया. સ્ત્રી० ( ) દાંતનો મેલ.

पिप्पीसग. ન० (पिप्पीसक) એક જાતનું વાજિંત્ર.

पिम्म. ન० (प्रेमन्) પ્રેમ; પ્રીતિ; સ્નેહ.

पिय. ત્રિ० (प्रिय) હૃદયને ગમે તેવું; પ્રિય. (૨) પુ० વલ્લભ; પતિ.

पियअ. પુ० (प्रियक) અસનનું ઝાડ.

पियंकर. પું० (प्रियंकर) પ્રિય કરનાર; હિતેચ્છુ.

पियंगल. પુ० (प्रियङ्गल) ચાર ઇન્દ્રિયવાળો એક જીવ.

पियंगु પુ० (प्रियङ्गु) એક જાતનુ ફુલવાળું વૃક્ષ કે જેની નીચે પાંચમા તીર્થંકરને કેવળજ્ઞાન ઉપજ્યું.

पियंवाइ. ત્રિ० (प्रियवादिन्) પ્રિય-મીઠું બોલનાર.

पियकारिणी. સ્ત્રી० (प्रियकारिणी) ભગવાન્ મહાવીરની માતાનુ નામ; ત્રિશલાદેવી.

पियगंथ. પુ० (प्रियग्रन्थ) એક પ્રાચીન જૈન મુનિ; આચાર્ય સુસ્થિતના એક શિષ્ય.

पियण. ન० (पान) પીવુ; પાન કરવુ.

पियदंसण. ત્રિ० (प्रियदर्शन) જેનું દર્શન પ્રિય છે તે; સુન્દર દેખાવવાળું. (૨) પું० મેરૂ પર્વત. (૩) દેવ વિશેષ.

पियदंसणा. સ્ત્રી० (प्रियदर्शना) શ્રી મહાવીર સ્વામીની પુત્રીનું નામ.

पियदेव. પુ० (पितृदेव) પિતારૂપી દેવ; પિતૃદેવ.

पियधम्म. ત્રિ० (प्रियधर्मन्) ધર્મની શ્રદ્ધાવાળો.

पियमित्त. પું० (प्रियमित्र) છઠ્ઠા વાસુદેવના ત્રીજા પૂર્વભવનું નામ.

पियय. પું० (प्रियक) વૃક્ષ વિશેષ; વિજયસાર નામનું ઝાડ.

पियर. પુ० (पितृ) પિતા.

पियसेण. પુ० (प्रियसेन) પ્રિયસેન નામનો એક રાજા.

पिया સ્ત્રી० (प्रिया) ભાર્યા, સ્ત્રી.

पियाउय. ત્રિ० (प्रियायुष्क) જીવિત પ્રિય.

पियामह. પું० (पितामह) દાદો

पियाल. પુ० (प्रियाल) રાયણનું વૃક્ષ કે જેની નીચે ચોથા તીર્થંકરને કેવળજ્ઞાન થયુ. (૨) રાયણનું ફળ; રાયણ.

पिरिपिरिया. સ્ત્રી० ( ) પિરિપિરિ શબ્દ કરતી વાંસની નળી; એક જાતનું વાજીંત્ર.

पिरिली. સ્ત્રી० (पिरिली) એ નામનો વનસ્પતિનો ગુચ્છો. (૨) વાદ્ય વિશેષ.

पिलंखु પું० (प्लक्ष) પિપળો, વૃક્ષની એક જાત.

पिलक. પુ० (पिलक) કીટ વિશેષ.

पिलक्खु. પુ० (प्लक्ष) પીપળો. વૃક્ષની એક જાત.

पिलग. પુ० (पिलक) પક્ષી વિશેષ.

पिलय. પુ० (पिलक) કીટ વિશેષ.

पिलाग. ન० (पिटक) પાકેલ ગુમડું; ફોલ્લો.

पिलिहा. સ્ત્રી० (प्लीहा) નલ્લી; શરીરની અંદરનો એક ભાગ.

पिलुंखु. } **पिलुक्ख.** } પુ० (प्लक्ष) પિપરનું વૃક્ષ; પીપળો.

पिल्लण. ન० (प्रेरण) પ્રેરણા કરવી તે.

पिल्लणा. સ્ત્રી० (प्रेरणा) પ્રેરવું; પ્રેરણાકરવી.

पिल्लिअ. ત્રિ० (प्रेरित) પ્રેરણા કરેલ.

पिव. અ० (इव) ઉપમાવાચક તરીકે વપરાતું અવ્યય.

पिवासय. त्रि० (पिपासक) પીવાની ઇચ્છાવાળા.

पिवासा. स्त्री० (पिपासा) પિપાસા; તરસ (૨) સ્નેહ; અનુકમ્પા.

पिवासागय. त्रि० (पिपासागत) પિપાસિત થયેલ.

पिवासापरिसह. पुं० (पिपासापरिषह) તૃષાનો પરિસહ.

पिवासिअ. त्रि० (पिपासित) તરસ્યો; તૃષાતુર

पिवीलिया. स्त्री० (पिपीलिका) કીડી; મંકોડી.

पिसाय. पुं० (पिशाच) પિશાચદેવ; વાણ વ્યંતર દેવતાની એક જાત.

पिसायकुमार. पु० (पिशाचकुमार) પિશાચ કુમાર; વ્યંતર દેવતાની એક જાત.

पिसायराय. पु० (पिशाचराज) પિશાચોનો રાજા.

पिसित. } **पिसिय.** } न० (पिशित) માંસ.

पिसुण. त्रि० (पिशुन) ચાડીયો; ચુગલીખોર.

पिसुणण. न० (पैशुन्य) ચાડીયાપણું

पिसुय. पु० (पिशुक) ચાંચડ; ત્રણ ઇંદ્રિયવાળો એક જીવ.

पिह. त्रि० } **पिहं.** अ० } (पृथक्) જુદું; ભિન્ન

पिहंजण. पु० (पृथग्जन) સામાન્ય માણસ.

पिहडग. } **पिहडय.** } पु० (पिठरक) બકડીયું; રાંધવાનું મ્હોટું વાસણ.

पिहाण. न० (पिधान) ઢાંકણું; આચ્છાદન.

पिहिय. त्रि० (पिहित) ઢાંકેલું; છુપાવેલું. (૨) એષણાના દશ દોષમાંનો ચોથો દોષ.

पिहियासव. त्रि० (पिहिताश्रव) જેણે આશ્રવને રોકેલ છે તે.

पिहीकय. त्रि० (पृथक्कृत) જુદું પાડેલું.

पिहु. त्रि० (पृथु) વિસ્તારવાળું; પહોળું; મોટું.

पिहु. अ० (पृथक्) જુદું; ભિન્ન.

पिहुंड. न० (पिहुण्ड) એ નામનું એક નગર.

पिहुजण. पु० (पृथग्जन) સાધારણ માણસ.

पिहुण. न० (   ) મોરનું પીચ્છું.

पिहुणहत्थ. पुं० (   ) મોર પીચ્છાંનો પુંજો-પુંજણી.

पिहुय. पु० न० (पृथुक) પૌવાં; ચવેણું.

पिहुल. त्रि० (पृथुल) પહોળું.

पिहो. अ० (पृथक्) ભિન્ન, જુદું.

पीअ. त्रि० (प्रीत) પ્રસન્ન; હર્ષિત.

पीइ. स्त्री० (प्रीति) પ્રેમ; પ્રીતિ; સ્નેહ. (૨) એક જાતની લતા.

पीइगम. न० (प्रीतिगम) આઠમા દેવલોકના ઇન્દ્રનું નામ.

पीइदाण. न० (प्रीतिदान) પ્રીતિદાન, પારિતોષિક, ઇનામ, બક્ષીસ.

पीइमण. पुं० (प्रीतिमनस्) સાતમા મહાશુક્ર દેવલોકના ઇન્દ્રનું મુસાફરી વિમાન. (૨) त्रि० પ્રસન્નચિત્તવાળું.

पीइवद्धण. पु० (प्रीतिवर्धन) કાર્તિકમહિનાનુ લોકોત્તર નામ.

पीईय. पु० (   ) વૃક્ષ વિશેષ.

पीऊस. न० (पीयूष) અમૃત; સુધા.

पीठ. न० (पीठ) આસન; બાજોઠ. (૨) ઘોડેસ્વાર.

पीठमद्द. पु० (पीठमर्द) રાજાની નજીક બેસનાર હજુરી.

पीठय. पुं० (पीठक) કાષ્ઠમય આસન; પાટ

पीडा. स्त्री० (पीडा) દુઃખ; વ્યથા.

पीढ. न० (पीठ) જુઓ "પીઠ" શબ્દ.

पीढग. पुं० (पीठक) પાટલો; બાજોઠ.

पीढमद्द. पु० (पीठमर्द) જુઓ "પીઠમદ્દ" શબ્દ.

पीढय. पु० (पीठक) હલેસાં. (૨) પાટલો. (૩) પીઠે રાખવાનું પાટીયું.

पीढसप्पि. त्रि० (पीठसर्पिन्) બેઠાં બેઠાં ઘસડાતાં ઘસડાતાં ચાલનાર.

पीढाणिय. न० (पीठानीक) અશ્વ સેના.
पीण. त्रि० (पीन) સ્થૂલ; પુષ્ટ.
पीणणिज्ज. त्रि० (प्रीणनीय) તૃપ્ત કરે તેવુ; શરીરની વૃદ્ધિ કરે તેવુ.
पीणाइय. त्रि० (पैनायिक) ગર્વથી નિર્વૃત્ત.
पीणाया. स्त्री० (पीनाया) ગર્વ; અહંકાર.
पीणित. त्रि० (प्रीणित) ખુશ થયેલ; પ્રસન્ન થયેલ. (૨) વૃદ્ધિ પામેલ. (૩) પું૦ સૂર્યની સાથે ગ્રહ કે નક્ષત્રનો યોગ થાય તે.
पीतय. त्रि० (पीतक) પીળું; પીળા રંગનું. (૨) પુ૦ પીળો રંગ.
पीति. स्त्री० (प्रीति) પ્રીતિ; સ્નેહ.
पीतिगम. पु० (प्रीतिगम) સાતમા દેવલોકના ઇન્દ્રના યાન વિમાનનો વ્યવસ્થાપક દેવતા.
पीतिदाण. न० (प्रीतिदान) ખુશાલીની બક્ષીસ.
पीतिवद्धण पु० (प्रीतिवर्द्धन) કાર્તિક માસનુ લોકોત્તર નામ.
पीतिय. त्रि० (पीतक) પીળુ; પીળા રંગનું. (૨) પું૦ પીળો રંગ.
पीय. त्रि० (पीत) પીળાવર્ણનુ; પીળુ. (૨) પુ૦ પીળો રંગ.
पीयवत्थ. न० (पीतवस्त्र) પીતાંબર; પીળુવસ્ત્ર.
पीलण. न० (पीडन) પીડવુ; મર્દન કરવું; શેરડીની પેઠે પીલવુ.
पीला. स्त्री० (पीडा) પીડા; દુઃખ.
पीलिय. त्रि० (पीडित) શેરડીની પેઠે યન્ત્રમા પીલેલું; નીચોવેલું. (૨) પું૦ ભીનું વસ્ત્ર નીચોવતાં જે પવન નીકળે તે; અચિત્તવાયુ.
पीलु. पु० (पीलु) પીલુનું ઝાડ. (૨) न० તેનું ફળ. (૩) દુધ.
पीलुअ. पु० (पीलुक) પીલુના ઝાડ ઉપરથી પાડેલું કોઇ પુરૂષનું નામ.
पीलुक. पु० (पीलुक) વૃક્ષ વિશેષ કે જેની નીચે ૧૦ મા તીર્થંકરને કેવળજ્ઞાન ઉપજ્યુ.
पीवर. त्रि० (पीवर) જાડું; પુષ્ટ.
पीवरगब्भा. स्त्री० (पीवरगर्भा) તુરતમાં જ જન્મ આપે તેવી ગર્ભવંતી સ્ત્રી.
पीसण. न० (पेषण) વાટવું, પીસવું. (૨) त्रि० દળનાર; પીસનાર.
पीसणिया. स्त्री० (पेषणतिका) દળણું દળનારી સ્ત્રી.
पु. स्त्री० (पुर) શરીર.
पुअ. न० (प्लुत) વાંકી ગતિ.
पुअजुद्ध. न० (प्लुतयुद्ध) અધમ યુદ્ધનો એક પ્રકાર.
पुंख. पु० (पुङ्ख) એ નામનુ પાંચમા દેવલોકનું એક વિમાન (૨) બાણનું પુખડું.
पुंछण न० (प्रोञ्छन) લુછવુ તે. (૨) રજોહરણ.
पुंछणी. स्त्री० (प्रोञ्छनी) સાવરણી; પુંજણી
पुंज. पु० (पुञ्ज) જથ્થો, ઢગલો.
पुंजिय. त्रि० (पुञ्जित) ઢગલા કરેલ.
पुंजीकड. त्रि० (पुञ्जीकृत) ઉંચો ઢગલો કરેલ.
पुंड. पु० (पुंड्र) એ નામનું પાંચમા દેવલોકનુ એક વિમાન. (૨) પુણ્ડ્રક નામનો દેવ. (૩) એ નામનો એક દેશ. (૪) ચિહ્ન; ડાઘો. (૫) त्रि० સફેદ.
पुंडरीका. स्त्री० (पुण्डरीका) ઉત્તર દિશાના રૂચક પર્વતપર વસનારી આઠ દિશા કુમારિકામાંની ત્રીજી.
पुंडरीगिणी. स्त्री० (पुण्डरीकिणी) પુષ્કલાવતી વિજયની મુખ્ય નગરી. (૨) દક્ષિણ દિશાના અંજનગિરિની ઉત્તર તરફની વાવડીનુ નામ.
पुंडरीय. न० (पुण्डरीक) શ્વેત કમળ. (૨) એ નામે આઠમા દેવલોકનું એક વિમાન. (૩) સૂયગડાંગ સૂત્રનુ ૧૭ મુ અધ્યયન. (૪) પુંડરીક રાજા; કુંડરિકનો ભાઇ. (૫) પુંડરીક નામનો ચુલહિમવત પર્વત ઉપરનો એક દ્રહ.

पुंडरीयगुम्म. पुं० (पुण्डरीकगुल्म) આઠમા દેવલોકનું એક વિમાન.

पुंडरीयजुवराय. पु (पुण्डरीकयुवराज) પુંડરીક નામનો યુવરાજ.

पुंडरीयद्दह. पु० (पुण्डरीकद्रह) જેમાંથી સુવર્ણકૂલા નદી નીકળી તે શીખરી પર્વત ઉપરનો એક દ્રહ.

पुंडरीयपव्वय. पु० (पुण्डरीकपर्वत) એ નામનો પર્વત; શેત્રુંજો.

पुंडरीयमहारिसि. पु० (पुण्डरीकमहर्षि) પુંડરીક નામના મુનિ.

पुंवउ. पु० न० (पुंवचस्) પુલ્લિંગ શબ્દ.

पुंवेअ. } **पुंवेद.** } पु० (पुंवेद) પુરૂષવેદ.

पुंस. पु० (पुंस्) પુરૂષવેદ; જેના ઉદયથી સ્ત્રીની અભિલાષા થાય તે.

पुंसकोइलग. पु० (पुंस्कोकिल) નર કોયલ.

पुक्कली. स्त्री० (पौष्कली) પુષ્કળ દેશમા જન્મેલી સ્ત્રી.

पुक्खर. न० (पुष्कर) કમળ. (૨) માદલ વગેરે વાજીંત્ર ઉપર મઢેલું ચામડું (૩) કમળવાળુ તળાવ. (૪) કાળોદધિને ફરતો ત્રીજા નંબરનો પુષ્કર દ્વીપ અને તેને ફરતો ત્રીજો પુષ્કર સમુદ્ર.

पुक्खरकण्णिया. स्त्री० (पुष्करकर्णिका) કમળનો મધ્ય ભાગ.

पुक्खरगय. न० (पुष्करगत) વાજું વગાડવાની કળા.

पुक्खरड्ढ. न० (पुष्करार्द्ध) ત્રીજા પુષ્કર દ્વીપનો અર્દ્ધ ભાગ; અર્દ્ધ પુષ્કર દ્વીપ.

पुक्खरवर. पु० (पुष्करवर) એ નામનો ત્રીજો દ્વીપ. (૨) પુષ્કરવર સમુદ્ર.

पुक्खरसारिया. स्त्री० (पुष्करसारिका) એક જાતની લિપિ; અઢાર લિપિમાંની એક.

पुक्खरिणी. स्त्री० (पुष्करिणी) વર્તુલ-ગોળ આકારે તથા જેમાં કમળ થતાં હોય એવું જળાશય; કમળવાળી વાવ.

पुक्खरोद. } **पुक्खरोय.** } पु० (पुष्करोद) સમુદ્ર વિશેષ.

पुक्खल. पुं० (पुष्कर) કમળ; પદ્મ. (૨) પદ્મકેસર.

पुक्खल. पुं० (पुष्कल) પ્રદેશ વિશેષ; એક વિજય. (૨) એ નામનો એક અનાર્ય દેશ. (૩) પું૦ સ્ત્રી૦ તે દેશમાં ઉત્પન્ન થયેલ. (૪) સંપૂર્ણ; પરિપૂર્ણ.

पुक्खलच्छिभग. } **पुक्खलच्छिभय.** } पुं० न० ( ) પાણીમાં થતી એક જાતની વનસ્પતિ.

पुक्खलविभङ्ग. न० (पुष्करविभङ्ग) પદ્મ કન્દ.

पुक्खलसंवट्टय. पु० (पुष्करसंवर्तक) એ નામનો મહામેઘ, ઉત્સર્પિણી કાળમા બીજો આરો બેસતાં જે વરસાદ વરસે છે તે.

पुक्खला. स्त्री० (पुष्कला) પુષ્કલાવતી નામની મહાવિદેહની એક વિજય.

पुक्खलावई. } **पुक्खलावती.** } स्त्री० (पुष्कलावती) એ નામની મહાવિદેહની એક વિજય.

पुक्खलावट्टय. पुं० (पुष्करावर्तक) એક પ્રકારનો મેઘ.

पुक्खलावत्त. पुं० (पुष्कलावर्त) પંકાવતી નદીના પૂર્વે અને એકશેલ વખારા પર્વતની પશ્ચિમે બન્નેની વચ્ચેનો ક્ષેત્રવિભાગ; મહાવિદેહાન્તર્ગત એક વિજય.

पुक्खलावत्तकूड. पु० (पुष्कलावर्त्तकूट) એકશૈલ વખારા પર્વતના ચાર કૂટમાંનું ત્રીજુ કૂટ-શિખર.

पुक्खाप्फोडिय. न० ( ) શરીરની ચામડી ઉતારવી તે.

पुग्गल. पुं० (पुद्गल) વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળું પુદ્ગળ નામનું એક મૂર્ત દ્રવ્ય; છ દ્રવ્યમાંનું એક. (૨) ગર્ભ; ફળનો સુંવાળો મધ્યભાગ. (૩) લોકના સર્વ પુદ્ગળો એક જીવ જેટલા વખતમાં

ભોગવી લ્યે તેટલો કાળ; પુદ્દગળ પરાવર્ત નામે કાળ વિભાગ

पुग्गलद्ध. न० (पुद्गलार्द्ध) અર્દ્ધ પુદ્દગળ પરાવર્તન.

पुग्गलपरियट्ट. न० (पुद्गलपरिवर्त) સર્વ પુદ્દગળોનું પરિવર્તન જેટલા કાળમાં એક જીવ કરીલ્યે તેટલો કાળ; અનંતકાળ ચક્રપરિમિત એક કાળ વિભાગ.

पुग्गलविवागी. स्त्री० (पुद्गलविपाकी) પુદ્દગળના યોગથી વિપાક પામનારી કર્મની છત્રીશ પ્રકૃતિઓ.

पुच्चड. त्रि० (   ) પોચુ; ઢીલું.

पुच्छ. न० (पुच्छ) પુચ્છું; પુછડી.

पुच्छ. त्रि० (पृच्छक) પૂછનાર.

पुच्छणा. स्त्री० (पृच्छना) પ્રશ્નાદિ પૂછવા તે.

पुच्छणी. स्त्री० (पृच्छनी) પ્રશ્નાદિ પૂછવાની ભાષા. (૨) છત; છજ્જું.

पुच्छा. स्त्री० (पृच्छा) પુચ્છા કરવી; પૂછવું.

पुच्छिय. त्रि० (पृष्ट) પૂછેલું; પ્રશ્ન કરેલું.

पुज्ज. त्रि० (पूज्य) પૂજવા યોગ્ય; પૂજનીય.

पुट्ठ. त्रि० (पुष्ट) માતો; શરીરે ભરેલો; પુષ્ટ.

पुट्ठ. त्रि० (स्पृष्ट) સ્પર્શ કરેલ; ફરસેલ. (૨) ન૦ સ્પર્શ.

पुट्ठ. त्रि० (पृष्ट) પૂછેલ.

पुट्ठलाभिअ. पुं० (पृष्टलाभिक) હે સાધો! "આપને શું આપું" એમ પૂછનાર દાતાર આપે તોજ લેવુ એવા અભિગ્રહથી ગવેષણા કરનાર. (૨) "નિર્દોષ છે કે સદોષ છે," એમ પૂછી પૂછીને આહાર લેનાર. (સાધુ).

पुट्ठवया. स्त्री० (प्रौष्ठपदा) પૂર્વાભાદ્રપદ તથા ઉત્તરાભાદ્રપદા નક્ષત્રનું નામ.

पुट्ठवागरणि. पुं० (पृष्टव्याकरणिन्) પ્રશ્નોનો ઉત્તર દેનાર.

पुट्ठसेणिआ. स्त्री० (पृष्टश्रेणिका) પૃષ્ટ શ્રેણીની ગણના; દૃષ્ટિવાદાન્તર્ગત પરિકર્મનો એક ભાગ.

पुट्ठसेणिआपरिकम्म. न० (पृष्टश्रेणिकापरिकर्मन्) દૃષ્ટિવાદના પરિકર્મનો ત્રીજો ભેદ.

पुट्ठापुट्ठ. न० (पृष्ठापृष्ठ) વિચ્છેદ ગયેલા બારમા દૃષ્ટિવાદ અંગના બીજા વિભાગ સૂત્રનો ૧૪ મો ભેદ.

पुट्ठावत्त. न० (पृष्टावर्त्त) પુટ્ઠસેણિઆ પરિકર્મનો ૧૪ મો ભેદ.

पुट्ठि. स्त्री० (पुष्टि) પુષ્ટિ; મજબુતાઈ.

पुट्ठि. स्त्री० (पृष्टि) પૃચ્છા; પ્રશ્ન.

पुट्ठि. स्त्री० (स्पृष्टि) સ્પર્શ.

पुट्ठिआ. स्त्री० (स्पृष्टिका) સ્પર્શ કરવાથી લાગતો કર્મબંધ.

पुट्ठिआ. स्त्री० (पृष्टिजा) કુયુક્તિથી પ્રશ્ન કરતાં લાગતી પાપ ક્રિયા.

पुट्ठिमाइ. पु० (पुष्टिमायिन्) અણુત્તરોવવાઇ સૂત્રના ત્રીજા વર્ગના સાતમા અધ્યયનનું નામ. (૨) કાકદી નગરી નિવાસી ભદ્રાસાર્થવાહીના પુત્ર.

पुड. पुं० न० (पुट) છીપનું સપુટ. (૨) પડો. (૩) એક જાતનું ઔષધિ પકાવવાનું પાત્ર.

पुडई. स्त्री० (पुटिका) એ નામનો ગુચ્છો; એલચી.

पुडग. पु० न० (पुटक) નાકનાં નસકોરાં.

पुडपाग. } **पुडपाय.** } पु० (पुटपाक) અમુક રસનો પુટ આપી અગ્નિમા પકવેલ ઔષધ.

पुडपुडी. स्त्री० (पुटपुटी) અગુઠો તથા આંગળીથી ચપટી વગાડવી તે.

पुडभेयण. न० (पुटभेदन) નાના દેશોમાંથી આવેલ (કરીયાણું) જ્યાં વેચાય તે; નગર.

पुडय. न० (पुटक) એક પાત્રમાં પાડેલ જુદાં જુદાં ખાનાં–ખંડ. (૨) નાકનાં નસકોરાં.

पुढवी. स्त्री० (पृथिवी) પૃથ્વી; ભૂમિ; જમીન; રત્નપ્રભા વગેરે આઠ પૃથ્વી. (૨) ઇશાનેંદ્રના લોકપાળ સોમની પહેલી અગ્રમહિષી. (૩) ભગવતીસૂત્રના પહેલા શતકના પાંચમા ઉદ્દેશાનું નામ. (૪) ભગવતીના બીજા શતકના બીજા ઉદ્દેશાનું નામ.

पुढवीकाइय. पुं० (पृथ्वीकायिक) પૃથ્વીમાં ઉત્પન્ન થયેલ જીવ.

पुढवीकाय. त्रि० (पृथ्वीकाय) પૃથ્વીના જીવોનું શરીર; સચિત્ત પૃથ્વી.

पुढवीकाल. पुं० (पृथ्वीकाल) એક જીવ પૃથ્વીમાં નિરંતરપણે જેટલો વખત રહે તેટલો કાળ; અસખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણીપરિમિત કાળ.

पुढवीवडंसश्च. न० (पृथ्व्यवतंसक) એ નામનો એક બગીચો.

पुढवीसत्थ. न० (पृथिवीशस्त्र) પૃથ્વી રૂપ શસ્ત્ર. (૨) પૃથ્વીનું શસ્ત્ર; હળ કોદાળી વગેરે.

पुढवीसिरी. स्त्री० (पृथ्वीश्री) એક સ્ત્રીનું નામ.

पुढवीसिला. स्त्री० (पृथ्वीशिला) શિલા રૂપ લાંબો પહોળો પૃથ્વીનો પ્રદેશ.

पुढवीसिलापट्टय. पुं० (पृथ्वीशिलापट्टक) પૃથ્વીની શિલારૂપ પાટ.

पुढीभूय. त्रि० (पृथग्भूत) જુદું થયેલું.

पुढो. अ० (पृथक्) અનેક. (૨) મ્હોટું; વિસ્તારવાળું. (૩) અલગ; ભિન્ન.

पुढोछंद. त्रि० (पृथक्छन्द) ઉલટા અભિપ્રાયવાળું.

पुढोजण. पुं० (पृथग्जन) સાધારણ લોક.

पुढोजिय. पुं० (पृथग्जीव) વિભિન્ન પ્રાણી.

पुढोवम. त्रि० (पृथिव्युपम) પૃથ્વીની પેઠે બધું સહન કરનાર.

पुढोवेमाय. त्रि० (पृथग्वैमात्र) અનેક પ્રકારનું; બહુ વિધ.

पुण. अ० (पुनर्) વારંવાર; ફરી; વળી. (૨) ભેદ વિશેષ. (૩) અવધારણ; નિશ્ચય. (૪) અધિકાર; પ્રસ્તાવ. (૫) સમુચ્ચય.

पुणब्भव पुं० (पुनर्भव) ફરી જન્મ લેવો તે, પુનર્જન્મ.

पुणरवि. अ० (पुनरपि) વળીપણ; ફરીનેપણ.

पुणरुत्त. न० (पुनरुक्त) પુનરૂક્તિ દોષ; ફરીથી કહેવું તે.

पुणव्वसु. पुं० (पुनर्वसु) પુનર્વસુનામનુ નક્ષત્ર. (૨) દશમા તીર્થંકરને પ્રથમ ભિક્ષા આપનાર ગૃહસ્થ. (૩) આઠમા વાસુદેવના ત્રીજા પૂર્વભવનું નામ.

पुणाइं. अ० (पुनर्) વળી; ફરી.

पुणो. अ० (पुनर्) ફરીથી; બીજીવાર.

पुगण. पुं० न० (पुण्य) શુભકરણીથી સચિત થતુ શુભ કર્મ કે જેનું પરિણામ જીવને સુખરૂપ આવે છે; નવતત્ત્વમાંનું ત્રીજું તત્ત્વ. (૨) त्रि० પુણ્યથી પામવા યોગ્ય. (૩) न० પવિત્ર, ઉત્તમ; પુણ્યશાળી.

पुगण. त्रि० (पूर्ण) સમ્પૂર્ણ; સમસ્ત. (૨) દક્ષિણ તરફના દ્વીપ કુમારોનો ઇન્દ્ર. (૩) न० સ્વરની સઘળી કળાયુક્ત ગાતું તે,ગાયનનો એક ગુણ.

पुगणउक्कुंभ. त्रि० (पूर्णोत्कुम्भ) નાના પ્રકારના માલથી ભરેલ.

पुगणओभासि. त्रि० (पूर्णावभासिन्) પૂર્ણ નહીં છતા પૂર્ણ ભરેલો છે એમ દેખાય તે.

पुगणघोस. पुं० (पूर्णघोष) જમ્બૂદ્વીપના એરવતક્ષેત્રમાં આવતી ઉત્સર્પિણીમાં થનાર ૧૧ મા તીર્થંકર.

पुगणभद्द. पुं० (पूर्णभद्र) એક યક્ષદેવતાનું નામ. (૨) વાણવ્યંતર જાતિના યક્ષદેવતાનો ઇન્દ્ર. (૩) ઇક્ષુ સમુદ્રના અધિપતિ દેવતાનું નામ. (૪) અંતગડસૂત્રના છઠા વર્ગના ૧૧ મા અધ્યયનનુ નામ. (૫)

વાણિજ્યગામનિવાસી એક ગૃહસ્થ. (૬) ચપાનગરીની બહારનું એક ઉદ્યાન. (૭) સભૂતિવિજયના શિષ્યનુ નામ. (૮) પુષ્ફિઆસૂત્રનું પાંચમુ અધ્યયન.

पुराणाभद्दकूड. પુ૦ (पूर्णभद्रकूट) વૈતાઢ્ય પર્વત ઉપરનાં નવ કૂટમાંનું છઠ્ઠું શિખર. (૨) માલવંત પર્વતનાં નવ કૂટમાંનુ આઠમું કૂટ-શિખર.

पुराणाभद्दचेइय. ન૦ (पूर्णभद्रचैत्य) ચંપા નગરી બહારનુ પૂર્ણભદ્ર નામે ઉદ્યાન.

पुराणमासिणी. } **पुराणमासी.** } સ્ત્રી૦ (पौर्णमासी) પૂનેમ.

पुराणरक्ख પુ૦ (पूर्णरक्ष) પૂર્ણરક્ષ નામે એક દેવતા.

पुराणसरूव. ત્રિ૦ (पूर्णस्वरूप) પૂર્ણસ્વરૂપ; સંપૂર્ણ.

पुराणसेण. પુ૦ (पूर्णसेन) અણુત્તરોવવાઇ સૂત્રના બીજા વર્ગના તેરમા અધ્યયનનું નામ. (૨) શ્રેણિક રાજાની ધારણી દેવીનો પુત્ર.

पुराणा. સ્ત્રી૦ (पूर्णा) યક્ષના ઇંદ્ર પૂર્ણભદ્રની અગ્રમહિષી. (૨) પાંચમ, દશમ અને પુનમ અથવા અમાવાસ્ય એ ત્રણ પૂર્ણ તિથિ.

पुराणाग. પુ૦ (पुन्नाग) એ નામનુ એક વૃક્ષ.

पुरिणमा. સ્ત્રી૦ (पूर्णिमा) પૂનેમ.

पुत्त. પુ૦ (पुत्र) પુત્ર, દીકરો.

पुत्तंजीवग. } **पुत्तजीवय.** } પું૦ (पुत्रजीवक) જીયાપોત્તા નામનુ એક વૃક્ષ કે જેનો ઉપભોગ સંતાનની ઉત્પત્તિ માટે કરવામા આવે છે. (૨) ન૦ તેનુ બીજ.

पुत्तलिया. સ્ત્રી૦ (पुत्तलिका) પુતળી.

पुत्ता. સ્ત્રી૦ (पुत्री) દીકરી, પુત્રી.

पुत्ताणुपुत्तिय. ત્રિ૦ (पौत्रानुपुत्रिक) પુત્ર પૌત્રાદિને યોગ્ય.

पुत्तिआ. સ્ત્રી૦ (पुत्रिका) દીકરી.

पुत्तिया. સ્ત્રી૦ (पौत्तिका) ચોઇંદ્રિય જીવ વિશેષ. (૨) મુહપત્તિ; મુખવસ્ત્રિકા.

पुत्ती. સ્ત્રી૦ (पोत्तिका) મુહપત્તિ; મોપતી.

पुत्ती સ્ત્રી૦ (पुत्री) પુત્રી; કન્યા.

पुत्थ. પુ૦ (पुस्त) પુતળી. ઢીંગલી.

पुत्थकम्म. ન૦ (पुस्तकर्मन्) ઢીંગલી બનાવવાનું કર્મ.

पुत्थय. } **पुत्थिय.** } ન૦ (पुस्तक) પુસ્તક; ગ્રંથ.

पुत्थियग्गाह. ત્રિ૦ (पुस्तकग्रह) પુસ્તકને ગ્રહણ કરનાર; પુસ્તક હાથમાં લઇ ચાલનાર.

पुन्न. પુ૦ (पूर्ण) દ્વીપકુમાર દેવતાનો ઇન્દ્ર. (૨) ત્રિ૦ પરિપૂર્ણ.

पुन्न. ન૦ (पुण्य) સુકૃત; શુભ કર્મ.

पुन्नघोस. પુ૦ (पुण्यघोष) એરવત ક્ષેત્રમાં ભાવિ બીજા તીર્થંકર

पुन्नपत्तिया. સ્ત્રી૦ (पुण्यप्रत्यया) જૈન મુનિઓની એક શાખા.

पुन्नप्पयडि. સ્ત્રી૦ (पुण्यप्रकृति) પુણ્ય-શુભ-કર્મની ૪૨ પ્રકૃતિ.

पुन्नभद्द પુ૦ (पूर्णभद्र) જુઓ "પુણ્ણભદ્દ" શબ્દ.

पुन्नमासी. સ્ત્રી૦ (पौर्णमासी) પૂર્ણિમા.

पुन्नाग. પુ૦ (पुन्नाग) વૃક્ષની એક જાત.

पुन्निमा સ્ત્રી૦ (पूर्णिमा) પૂર્ણિમા.

पुप्फ ન૦ (पुष्प) ફૂલ. (૨) ઈશાનેન્દ્રના મુસાફરી વિમાનનો વ્યવસ્થાપક દેવતા. (૩) દશમા દેવલોકનું એક વિમાન. (૪) શુભ વર્ણ અને શુભ ગંધથી યુક્ત. (૫) ૮૮ મો ગ્રહ.

पुप्फग्ग. } **पुप्फक.** } પુ૦ (पुष्पक) ઈશાનેન્દ્રનું મુસાફરીવિમાન.

पुप्फकंत. ન૦ (पुष्पकान्त) દશમા દેવલોકનું એક વિમાન.

पुप्फकरंडय. પુ૦ (पुष्पकरंडक) હસ્તિશીર્ષ નગરનું એક ઉદ્યાન.

पुप्फकेउ. पुं० (पुष्पकेतु) જમ્બૂદ્વીપના એરવત ક્ષેત્રમાં આવતી ઉત્સર્પિણીમા થનાર સાતમા તીર્થંકર. (૨) પુષ્પકેતુ નામનો એક ગ્રહ.

पुप्फग. न० (पुष्पक) વાસણનું તળીયું. (૨) પુષ્પ; ફૂલ.

पुप्फचूला. स्त्री० (पुष्पचूला) ૨૩ મા તીર્થંકરની મુખ્ય સાધ્વી. (૨) સુબાહુકુમારની મુખ્ય સ્ત્રીનું નામ. (૩) એ નામની એક સ્ત્રી.

पुप्फचूलिया. स्त्री० (पुष्पचूलिका) એ નામનું એક કાલિકસૂત્ર; અગીયારમુ ઉપાંગસૂત્ર.

पुप्फजंभग. पुं० (पुष्पजृंभक) જંભકા દેવતાની એક જાત.

पुप्फज्झय. पुं० (पुष्पध्वज) દશમા દેવલોકનું એક વિમાન.

पुप्फणंदि. पुं० (पुष्पनन्दिन्) એક રાજાનું નામ.

पुप्फदंत. पुं० (पुष्पदन्त) પુષ્પદન્ત નામે વર્તમાન ચોવીસીના નવમા તીર્થંકર. (૨) ઇશાનેન્દ્રના હાથીના સૈન્યનો આધિપતિ. (૩) ક્ષીરવરદ્વીપના અધિપતિ દેવતાનું નામ.

पुप्फधारिणी. स्त्री० (पुष्पधारिणी) પુષ્પોને ધારણ કરનારી દાસી

पुप्फपूरय. न० (पुष्पपूरक) ફૂલનો બનાવેલ શિખર.

पुप्फप्पभ. पुं० (पुष्पप्रभ) દશમા દેવલોકનું એક વિમાન.

पुप्फमाला. स्त्री० (पुष्पमाला) ઉર્ધ્વલોકમાં રહેનારી એક દિશાકુમારી દેવી.

पुप्फय. न० (पुष्पक) દેવવિમાનવિશેષ; ઇશાનેન્દ્રનું એક પારિયાનિક વિમાન. (૨) પુષ્પ;. ફૂલ. (૩) કપાળનું એક જાતનું પુષ્પાકાર આભૂષણ.

पुप्फलेस. पुं० (पुष्पलेश्य) દશમા દેવલોકનું એક વિમાન.

पुप्फवई. स्त्री० (पुष्पवती) કિંપુરૂષના ઇન્દ્ર સુપુરૂષની અગ્રમહિષી. (૨) એ નામનો તુંગીયા નગરીનો બગીચો.

पुप्फवण्ण. पुं० (पुष्पवर्ण) દશમા દેવલોકનું એક વિમાન.

पुप्फवती. स्त्री० (पुष्पवती) વીશમા તીર્થંકરની મુખ્ય સાધ્વી.

पुप्फविंटिय. पु० (पुष्पवृन्तक) ત્રણ ઇન્દ્રિયવાળા જીવની એક જાત.

पुप्फसिंग. पु० (पुष्पशृंग) દશમા દેવલોકનું એક વિમાન.

पुप्फसिद्ध. पु० (पुष्पसिद्ध) દશમા દેવલોકનુ એક વિમાન,

पुप्फसुहुम. न० (पुष्पसूक्ष्म) પુષ્પસૂક્ષ્મ; વડ, ઉંબરા વગેરેનાં ફૂલ.

पुप्फा. स्त्री० (पुष्पा) શિખાસુધી ભરેલ પુષ્પની ચંગેરી કે જેને આકારે નવગ્રૈવેયકવાસી દેવોનું અવધિજ્ઞાન છે.

पुप्फावत्त. पुं० (पुष्पावर्त) દશમા દેવલોકનુ એક વિમાન.

पुप्फिआ. स्त्री० (पुष्पिका) એ નામનું એક કાલિકસૂત્ર; દશમુ ઉપાંગ સૂત્ર.

पुप्फिय. त्रि० (पुष्पित) ફુલવાળું; ફુલેલુ.

पुप्फुत्तर. न० (पुष्पोत्तर) દ્રવ્ય વિશેષ; એક જાતની સાકર. (૨) દશમા દેવલોકનું એક વિમાન.

पुप्फुत्तरा. स्त्री० (पुष्पोत्तरा) એક જાતની મીઠાઇ.

पुप्फुत्तरावडिंसग. पुं० न० (पुष्पोत्तरावतंसक) દશમા દેવલોકનું એક વિમાન.

पुप्फोत्तरा. स्त्री० (पुष्पोत्तरा) જુઓ "પુપ્ફુત્તરા" શબ્દ.

पुप्फोदय. न० (पुष्पोदक) પુષ્પરસથી મિશ્રિત જળ.

पुप्फोवय. त्रि० (पुष्पोपग) ફૂળનાર; પુષ્પ આવે તેવું.

पुम. पुं० (पुंस्) પુરૂષ; માણસ. (૨) પુરૂષ-વેદ; પુરૂષનો વિષયવિકાર.

पुमआणवणी. स्त्री० (पुंसाज्ञापनी) ભાષા વિશેષ; પુરૂષને આજ્ઞા કરનારી ભાષા.

पुमपन्नवणी. स्त्री० (पुंप्रज्ञापनी) પુરૂષના લક્ષણનું પ્રતિપાદન કરનારી ભાષા.

पुमवयण. न० (पुंवचन) પુલ્લિંગ શબ્દનું ઉચ્ચારણ.

पुयय. पुं० ( ) હાથીના જેવું ગોળ પગવાળું એક પશુ.

पुयली. स्त्री० ( ) પુરૂષ ચિહ્ન.

पुयावइत्ता. अ० (प्लावयित्वा) બીજી જ-ગ્યાએ નસાડીને પૂજા મહત્ત્વ દેખાડીને દીક્ષા આપવી તે; દીક્ષાનો એક પ્રકાર.

पुर. न० (पुर) નગર; શહેર.

पुरओ. अ० (पुरतस्) આગળ; સમક્ષ. (૨) પ્રથમ, પહેલાં.

पुरं. अ० (पुरस्) સમક્ષ; આગળ.

पुरंगम. त्रि० (पुरोगम) આગળ ચાલનાર; અગ્રેસર.

पुरंदर. पु० (पुरन्दर) પહેલા દેવલોકનો ઇન્દ્ર.

पुरक्कार. पुं० (पुरस्कार) આગળ કરવું; મુ-ખ્યતા આપવી. (૨) આદર; સન્માન.

पुरक्खड. त्रि० (पुरस्कृत) આગળ કરેલું.

पुरक्खाय. त्रि० (पुराख्यात) પૂર્વે કહેલું.

पुरच्छिम. न० (पौरस्त्य) પૂર્વ; પૂર્વપ્રદેશ.

पुरच्छिमा. त्रि० (पूर्वा) પૂર્વ દિશા.

पुरच्छिमिल्ल. स्त्री० (पौरस्त्य) પૂર્વ સમ્બન્ધી.

पुरत्था. अ० (पुरस्तात्) આગળ; પાસે. (૨) પૂર્વ દિશાએ.

पुरत्थाभिमुह. त्रि० (पुरस्तादभिमुख) પૂર્વ દિશાની સન્મુખ બેસનાર.

पुरत्थिम. त्रि० (पौरस्त्य) પૂર્વ દિશા સમ્બન્ધી. (૨) न० પૂર્વ દિશા.

पुरत्थिमदाहिणा. स्त्री० (पौरस्त्यदक्षिणा) પૂર્વ અને દક્ષિણ દિશા; અગ્નિખુણો.

पुरत्थिमा. स्त्री० (पौरस्त्या) પૂર્વદિશા.

पुरत्थिमिल्ल. त्रि० (पौरस्त्य) પૂર્વદિશાસબંધી; પૂર્વ દિશામાં રહેલ.

पुरवर. पुं० (पुरवर) શ્રેષ્ઠ નગર.

पुरवरी. स्त्री० (पुरवरी) નગરી.

पुरा. अ० (पुरा) પૂર્વકાળે; આગળ; પહેલાં.

पुराकड. त्रि० (पुराकृत) પૂર્વ ભવમાં કરેલ; બાંધેલ; આગળ સંચય કરેલ.

पुराकम्म. न० (पुराकर्मन्) સાધુ સાધ્વી આવ્યા પહેલાં સાધુનિમિત્તે હાથ, વાસણ સચિત્ત પાણીથી ધોવાં વગેરે આરંભ કરવો તે.

पुराण. त्रि० (पुराण) જુનું; પ્રાચીન; પુરા-તન. (૨) न० ભાગવત વગેરે પુરાણ શાસ્ત્ર.

पुरिम. त्रि० (पूर्व) આગળનું; પહેલાનું; પૂ-ર્વકાળનું.

पुरिमड्ढ. न० (पूर्वार्द्ध) દિવસના પહેલા બે પહોર. (૨) દિવસના પ્રથમ બેપહોર સુધી આહારનાં પચ્ચખાણ કરવા તે.

पुरिमड्ढिअ. पु० (पूर्वार्धिक) પુરિમડ્ઢ તપ કરનાર; પહેલા બે પહોર સુધીનાં પચ્ચ-ખાણ કરનાર.

पुरिमताल. न० (पुरिमताल) એક શહેરનું નામ કે જેની બહાર ઋષભદેવ પ્રભુને કેવળજ્ઞાન થયું.

पुरिमा. स्त्री० (पुरिमा) પ્રસ્ફોટક; પડિલેહ-ણમાં વસ્ત્રને જરીક ઝાટકવુ તે.

पुरिल्ल. त्रि० (पुरातन) આગળ થયેલા; પુરાતની.

पुरिस. पु० न० (पुरुष) પુરૂષ, માણસ. (૨) સર્વ ઉપાધિ રહિત શુદ્ધ આત્મા; ઇશ્વર. (૩) પુરૂષવેદ; મોહનીય કર્મની એક પ્રકૃતિ કે જેના ઉદયથી પુરૂષને સ્ત્રી સાથેના ભોગની ઇચ્છા થાય છે.

पुरिसइज्ज. न० (पुरुषीय) ઉત્તરાધ્યયનના છઠ્ઠા અધ્યયનનું અપર નામ.

पुरिसकारिय. न० (पुरुषकार्य) પુરૂષકાર; પરાક્રમ.

पुरिसक्कार. पु० (पुरुषकार) પુરૂષાભિમાન; મરદાઇ. (૨) પુરૂષત્વનું અભિમાન.

पुरिसक्कारपरक्कम. पु० (पुरुषकारपराक्रम) મર્દાનગી ભરેલ પરાક્રમ–બહાદુરી.

पुरिसत्थ. पु० (पुरुषार्थ) પુરૂષાર્થ; મનુષ્યપણાનું પ્રયોજન.

पुरिसपुंडरीअ. पु० (पुरुषपुण्डरीक) છઠ્ઠા વાસુદેવનું નામ.

पुरिसयार. पुं० (पुरुषकार) જુઓ "પુરિસક્કાર" શબ્દ.

पुरिसलक्खण. न० (पुरुषलक्षण) પુરૂષનુ લક્ષણ જાણવાની કળા.

पुरिसलिंग. न० (पुरुषलिङ्ग) પુરૂષનું ચિહ્ન.

पुरिसलिंगसिद्ध. पु० (पुरुषलिङ्गसिद्ध) પુરૂષલિંગે સિદ્ધ થયેલ.

पुरिसवयण. न० (पुरुषवचन) પુલ્લિંગ; નરજાતિ.

पुरिसवरगंधहत्थि. पु० (पुरुषवरगन्धहस्तिन्) પુરૂષોમાં શ્રેષ્ઠ ગંધહસ્તી તુલ્ય. (૨) તીર્થંકર મહારાજ.

पुरिसवरपुंडरीय. पु० (पुरुषवरपुण्डरीक) પુરૂષોમાં શ્રેષ્ઠ પદ્મ સમાન. (૨) જિનદેવ.

पुरिसविजय. पुं० (पुरुषविचय) જ્ઞાન વિશેષ.

पुरिसवेद. पु० (पुरुषवेद) પુરૂષવેદનામે મોહનીય કર્મની એક પ્રકૃતિ.

पुरिसवेदग. } **पुरिसवेदय.** } पु० (पुरुषवेदक) પુરૂષવેદી જીવ.

पुरिसवेय. पु० (पुरुषवेद) જુઓ "પુરિસવેદ" શબ્દ.

पुरिसवेयग. } **पुरिसवेयय.** } पु० (पुरुषवेदक) પુરૂષવેદી જીવ.

पुरिससीह. पुं० (पुरुषसिंह) પુરૂષોમાં સિંહ સમાન. (૨) પુરૂષ સિંહ નામે પાંચમા વાસુદેવ.

पुरिससेण. पु० (पुरुषसेन) અણુત્તરોવવાઇ સૂત્રના પ્રથમ વર્ગના ચોથા અધ્યયનનુ નામ. (૨) શ્રેણિક રાજાની ધારણી રાણીના પુત્ર. (૩) અંતગડસૂત્રના ચોથા વર્ગના ચોથા અધ્યયનનું નામ. (૪) વાસુદેવ રાજાની ધારણી રાણીના પુત્ર.

पुरिसादाणीय. त्रि० (पुरुषादानीय) જેનું વચન સર્વ પુરૂષો માન્ય કરે તે, માનનીય.

पुरिसुत्तम. पु० (पुरुषोत्तम) પુરૂષોમાં ઉત્તમ-શ્રેષ્ઠ. (૨) પુરૂષોત્તમ નામના ચોથા વાસુદેવ.

पुरीस. पु० न० (पुरीष) વિષ્ટા.

पुरुस. पु० (पुरुष) પુરૂષ; નર.

पुरुसनेवत्थिया. स्त्री० (पुरुषनेपथ्या) પુરૂષનો વેષ–પોશાક ધારણ કરેલી સ્ત્રી.

पुरे. अ० (पुरस्) પ્રથમનું; પૂર્વ જન્મનું.

पुरेकड. न० (पुरस्कृत) પૂર્વજન્મમાં કરેલ કર્મ.

पुरेकम्म. न० (पुर:कर्मन्) સાધુને આહાર વહોરાવ્યા પહેલા સચેત પાણીથી હાથ કે વાસણ ધોવે તેથી લાગતુ કર્મ.

पुरेक्कार. पु० (पुरस्कार) સન્માન, આદર.

पुरेक्खड. त्रि० (पुरस्कृत) આગળ કરેલુ.

पुरेवाय. पु० (पुरोवात) પૂર્વ દિશાનો પવન. (૨) સસ્નેહ વાયુ.

पुरेसंखडि. स्त्री० (पुरस्संस्कृति) એક પ્રકારનો જમણવાર કરવો તે.

पुरेसंथव. पु० (पुर:संस्तव) દાન દીધાં પહેલા દાતાર આગળ પોતાના વખાણ કરવામા આવે તે એવા હેતુથી કે દાતાર સારી રીતે આપે.

पुरेसंथुय. त्रि० (पुर:संस्तुत) પૂર્વના પરિચિત મા, બાપ, ભાઇ, બ્હેન વગેરે. (૨) સ્વપક્ષના સગા.

पुरोअ. } **पुरोग.** } त्रि० (पुरोग) અગ્રેસર.

पुरोवग. पुं० (पुरोपक) વૃક્ષ વિશેષ.

पुरोहड. न० (पुरोहत) આગળનું બારણુ (૨) દરવાજાનો અગ્ર ભાગ.

पुरोहिय. पुं० (पुरोहित) રાજાનો ગાર; પાઠક. (૨) પુરોહિત; શાંતિકર્મકારી; ચક્રવર્તીનાં ચોદ રત્નમાંનો એક.

पुरोहियरयण. न० (पुरोहितरत्न) ચક્રવર્તીનાં ચાદ રત્નોમાંનુ પુરોહિત નામે ચોથું પંચેંદ્રિય રત્ન.

पुल पु० (पुल) નાનો ફોલ્લો.

पुल. त्रि० (पुल) ઉન્નત.

पुलअ पुं० (पुलक) પુલકમણિ; સચિત્ત કઠિન પૃથ્વીનો એક પ્રકાર. (૨) જળચર જન્તુ વિશેષ.

पुलअकंड पु० न० (पुलककाण्ड) રત્નપ્રભા નરક પૃથ્વીનો એક કણ્ડ

पुलइय त्रि० (पुलकित) રોમાંચ થએલ.

पुलंपुल न० ( ) નિરંતર; હમેશા. (૨) त्रि० પ્રભૂત; ઘણું.

पुलक. पु० न० (पुलक) રત્ન વિશેષ

पुलग. पु० (पुलक) રત્નપ્રભા પૃથ્વીનો સાતમો પુલકકાણ્ડ. (૨) એક જાતનું રત્ન. (૩) એક જાતનુ જળચર પ્રાણી.

पुलय पुं० (पुलक) રોમાંચ; રોમહર્ષ. (૨) એક જાતનો મણિ.

पुला. स्त्री० (पुरा) પાણીમાં ઉત્પન્ન થતાં પોરાં, બે ઇંદ્રિય જીવની એક જાત.

पुलाकिमि. पु० (पुराकृमि) ગુદામાં ઉત્પન્ન થનાર કૃમિ; બે ઇંદ્રિય જીવની એકજાત.

पुलाकिमिय. पु० (पुराकृमिक) બે ઇન્દ્રિય જીવ વિશેષ.

पुलाग. पु० न० (पुलाक) વાલ, ચણા વગેરે નિઃસાર ધાન્ય. (૨) પુલાક નિયંઠો; નિયંઠાના ૭ પ્રકારમાંનો એક. (૩) લસણ આદિ દુર્ગંધી પદાર્થો. (૪) દુષ્ટ રસવાળાં દ્રવ્ય.

पुलाय. पु० (पुलाक) ભુસ્સો; ધાન્યનાં ફોતરાં. (૨) પુલાક લબ્ધિવાન્ સાધુ જેનું ચારિત્ર ભુસ્સા જેવું નિસ્સાર-દોષ સહિત હોય છે.

पुलिंद. पु० (पुलिन्द) પુલિન્દ નામનો એક અનાર્ય દેશ. (૨) त्रि० તે દેશમાં રહેનાર.

पुलिंदी. स्त्री० (पुलिंदी) પુલિંદ નામના અનાર્ય દેશમા જન્મેલી દાસી

पुलिण. न० (पुलिन) કાંઠો; તીર; તટ.

पुलिय. न० (पुलित) ઘોડાની એક પ્રકારની ગતિ.

पुलुय पु० (पुलक) જલચર પ્રાણીની એક જાત.

पुव्व. त्रि० (पूर्व) દેશ અને કાળની અપેક્ષાએ પહેલાનુ; અગાઉનુ. (૨) પૂર્વ તરફનુ. (૩) पु० પૂર્વ દિગ્વિભાગ. (૪) ચોરાશી લાખ પૂર્વાંગ અથવા સીત્તેર લાખ છપન્ન હજાર કરોડ વરસ પ્રમાણનો એક કાળ વિભાગ; ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦ વરસ પ્રમાણે એક પૂર્વ. (૪) પૂર્વ શાસ્ત્ર; ચૌદ પૂર્વમાનું ગમે તે એક. (૫) દ્વન્દ્વ, વરવહુ આદિ જોડુ. (૬) કારણ, હેતુ.

पुव्वं. अ० (पूर्वम्) પ્રથમ, પહેલુ.

पुव्वंग. पु० न० (पूर्वाङ्ग) ચોરાશીલાખ વર્ષનો એક પૂર્વાંગ; કાળવિભાગ વિશેષ. (૨) પખવાડીઆના પહેલા દિવસનું નામ; પ્રતિપદા.

पुव्वकम्म. न० (पूर्वकर्मन्) પૂર્વજન્મમાં કરેલ કર્મ.

पुव्वकालिय. त्रि० (पूर्वकालिक) પૂર્વકાળનું; પૂર્વકાળ સાથે સબધ રાખનાર.

पुव्वगय. त्रि० (पूर्वगत) ઉત્પાદાદિ ૧૪ પૂર્વ કે જે હાલ વિચ્છેદ થઇ ગયેલ છે; દષ્ટિવાદ સૂત્રનો એક વિભાગ.

पुव्वराह. पु० (पूर्वाह्ण) દિવસના આગલા બે પહોર.

पुव्वतव. પું० (पूर्वतपस्) પૂર્વકોટિનું-સરાગ અવસ્થાનું તપ; વીતરાગ અવસ્થા પહેલાનું તપ.

पुव्वदक्खिणा. પું० (पूर्वदक्षिणा) પૂર્વ અને દક્ષિણ; અગ્નિખુણો.

पुव्वदारिय. ત્રિ० (पूर्वद्वारिक) પૂર્વ દિશામાં રહી ચંદ્ર સાથે જોગ જોડનાર કલ્યાણકારી નક્ષત્ર.

पुव्वदिसा. સ્ત્રી० (पूर्वदिशा) પૂર્વદિશા.

पुव्वद्ध. ન० (पूर्वार्द्ध) પૂર્વાર્ધ; પહેલો અરધો ભાગ.

पुव्वधर. પું० (पूर्वधर) ચૌદ પૂર્વને ધારણ કરનાર; પૂર્વના ભણનાર.

पुव्वप्पयोग. પું० (पूर्वप्रयोग) પૂર્વ કાળનો પ્રયત્ન.

पुव्वभद्दवया. સ્ત્રી० (पूर्वाभाद्रपदा) પૂર્વાભાદ્રપદ નક્ષત્ર.

पुव्वभव. પું० (पूर्वभव) ગત જન્મ; અતીત જન્મ.

पुव्वरत्त. પું० (पूर्वरात्र) રાત્રિનો પૂર્વ ભાગ.

पुव्वरत्तावरत्त. ન० (पूर्वरात्रापररात्र) મધ્યરાત્રી; અરધી રાત.

पुव्ववंत. ન० (पूर्ववत्) પૂર્વકાલીન ચિહ્નથી-લિંગથી સાધ્યનું જ્ઞાન થાય તે; અનુમાનનો એક પ્રકાર.

पुव्वविअ. પું० (पूर्वविद्) પૂર્વના જાણનાર; પૂર્વધર-ચૌદપૂર્વી.

पुव्वविदेह. ન० (पूर्वविदेह) જમ્બૂદ્વીપના મધ્યક્ષેત્ર મહાવિદેહનો પૂર્વાર્ધ; મેરૂથી પૂર્વ તરફનો વિભાગ.

पुव्वविदेहज. ત્રિ० (पूर्वविदेहज) પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મેલ.

पुव्वविदेहकूड. પું० (पूर्वविदेहकूट) નિષધ પર્વતનાં નવ કૂટમાંનું ચોથું કૂટ-શિખર. (૨) નીલવંત પર્વતનાં નવ કૂટમાંનું ત્રીજું કૂટ-શિખર.

पुव्वविदेहवास. પું० (पूर्वविदेहवर्ष) પૂર્વ મહાવિદેહ ક્ષેત્ર

पुव्वसंगइय. } ત્રિ० (पूर्वसंगतिक) પહેલાંનો
पुव्वसंगतिय. } સંગી; બાલ્યાવસ્થાનો મિત્ર.

पुव्वसंजम. પું० (पूर्वसंयम) સરાગસંયમ; વીતરાગ સંયમની પૂર્વાવસ્થા.

पुव्वसमास. પું० (पूर्वसमास) એકથી વધારે પૂર્વનું જ્ઞાન; શ્રુતજ્ઞાનનો એક પ્રકાર.

पुव्वसिज्जातरी. સ્ત્રી० (पूर्वशय्यातरा) સાધુઓને ઉપાશ્રયમાં રહેવાને પહેલી આજ્ઞા આપનાર સ્ત્રી.

पुव्वसूरि. પું० (पूर्वसूरि) પૂર્વાચાર્ય; પ્રાચીન આચાર્ય.

पुव्वा. સ્ત્રી० (पूर्वा) પૂર્વાષાઢા, પૂર્વાફાલ્ગુની તથા પૂર્વાભાદ્રપદ નક્ષત્ર.

पुव्वाणुपुव्विं અ० (पूर्वानुपूर्वम्) અનુક્રમે.

पुव्वाणुपुव्वी. સ્ત્રી० (पूर्वानुपूर्वी) અનુક્રમ; પરિપાટી.

पुव्वाफग्गुणी. સ્ત્રી० (पूर्वाफाल्गुनी) પૂર્વાફાલ્ગુની નક્ષત્ર.

पुव्वाभद्दवया. સ્ત્રી० (पूर्वाभाद्रपदा) પૂર્વાભાદ્રપદા નક્ષત્ર.

पुव्वासाढा. સ્ત્રી० (पूर्वाषाढा) પૂર્વાષાઢા નક્ષત્ર;

पुव्वि. ત્રિ० (पूर्विन्) પૂર્વને જાણનાર.

पुव्विं. અ० (पूर्वम्) પ્રથમ; શરૂઆતમાં.

पुव्विल्ल. ત્રિ० (पूर्व) પહેલાનું; આગળનું.

पुव्विसंथव. પું० (पूर्वसंस्तव) જૈન મુનિની ભિક્ષાનો એક દોષ; ભિક્ષાપ્રાપ્તિ અર્થે પ્રથમ કાંઇક વખાણ કરવા તે.

पुव्वी. સ્ત્રી० (पूर्वी) અનુપૂર્વી નામે નામકર્મની એક પ્રકૃતિ કે જે જીવને એક ગતિમાંથી બીજી ગતિમાં સીધી રીતે લઇ જાય છે.

पुव्वोत्तरा. સ્ત્રી० (पूर्वोत्तरा) ઇશાન ખુણો.

पुस्स. પું० (पुष्य) પુષ્ય નામનું નક્ષત્ર.

(२) नवमा तीर्थंकरने प्रथम भिक्षा आपनार.

पुस्समाणव. पुं० (पुष्यमानव) બન્દિજન; મંગલ પાઠક. (૨) વખાણ કરનાર; ભાટ, ચારણ આદિ.

पुस्सायण. पु० (पुष्यायन) રેવતી નક્ષત્રનું ગોત્ર.

पुहई. स्त्री० (पृथ्वी) પૃથ્વી; ભૂમિ.

पुहत्त. } **पुहत्तिय.** } न० (पृथक्त्व) બેથી માંડી નવ સુધીની સંખ્યા. (૨) ભેદ; છૂટાપણું. (૩) બહુપણું (૪) त्रि० ભિન્ન; અલગ.

पुहवी. स्त्री० (पृथ्वी) પૃથ્વી; ભૂમિ. (૨) પશ્ચિમ દિશાના રૂચક પર્વતપર વસનારી આઠ દિશા કુમારીમાંની ત્રીજી. (૩) સાતમા તીર્થંકરની માતા. (૪) ત્રીજા વાસુદેવની માતા.

पुहवीसिलापट्टय. न० (पृथ्वीशिलापट्टक) પૃથ્વીમયશિલાનુ પટ્ટક, પાટને આકારે મ્હોટી પૃથ્વીની શિલા.

पुहुत्त. न० (पृथक्त्व) જુઓ " પુહત્ત " શબ્દ.

पुहुत्तवियक्क. पु० (पृथक्त्ववितर्क) શુકલધ્યાનનો પહેલો ભેદ; એક દ્રવ્ય આશ્રી રહેલ પર્યાયોનો ભેદ-જુદાપણું ચિન્તવવું તે.

पूअण. न० (पूजन) પૂજા; અર્ચન.

पूअणा. स्त्री० (पूजना) પૂજન.

पूइ. स्त्री० (पूति) દુર્ગન્ધ; સડો. (૨) પરૂ; રસી. (૩) જેમાં આધાકર્મીની સીથ ભળી હોય તેવો આહાર લેવાથી લાગતો એક દોષ.

पूइअ. त्रि० (पूजित) પૂજાયેલું; પૂજા પામેલ.

पूइकड. त्रि० (पूतिकृत) આધાકર્મી આહારના અંશવાળું.

पूइकम्म. पुं० (पूतिकर्मन्) આધાકર્મિ આહારના અંશવાળું; સાધુએ આહારમાં ટાળવાના દોષમાંનો એક દોષ.

पूइय. त्रि० (पूतिक) સડેલું; દુર્ગન્ધવાળું. (૨) અપવિત્ર; અશુદ્ધ.

पूइय. त्रि० (पूजित) સત્કાર કરાએલું; પૂજેલું.

पूइयालुग. न० (पूत्यालुक) પાણીમાં થનારી એક જાતની વનસ્પતિ.

पूई. स्त्री० (पूति) એ નામનું એક વૃક્ષ; એકાસ્થિક વૃક્ષની એક જાતિ.

पूग. पुं० (पूग) સોપારીનું ઝાડ.

पूजग. त्रि० (पूजक) પૂજનાર; પૂજારો.

पूजिय. त्रि० (पूजित) પૂજેલુ; માનેલું; માનનીય.

पूति. स्त्री० (पूति) દુર્ગંધ; બદબો.

पूतिकम्म. न० (पूतिकर्मन्) જુઓ "પુઇકમ્મ" શબ્દ.

पूतिय. न० (पूतिक) ફળ વિશેષ.

पूतिया. स्त्री० (पूतिका) રસવિકાર; રસનું બગડવું. (૨) પરૂ; રસી.

पूप. पु० (अपूप) પુડલા; માલપુવા.

पूय. त्रि० (पूत) પવિત્ર; શુદ્ધ થયેલ. (૨) સુપડા આદિથી સાફ કરેલ.

पूय. न० (पूय) પરૂ; રસી.

पूय. पु० (अपूप) પુરી, માલપુવા વગેરે.

पूयअ. त्रि० (पूजक) પૂજા-સેવા કરનાર.

पूयण. न० (पूजन) પૂજન.

पूयणा. स्त्री० (पूजना) કામવિભૂષા; કામોદ્દીપક શણગાર. (૨) સેવા; પૂજા.

पूयणा. स्त्री० (पूतना) એ નામની એક શાકિની કે જે પોતાના જુવાન પુત્ર ઉપર આસક્ત થઇ હતી. (૨) કૃષ્ણની વેરણ એક વિદ્યાધરી; માસી પૂતના. (૩) ગાડરડી; ઘેટી.

पूयणिअ. न० (पूतनिक) વાસણ વગેરેનું તળીયું.

पूयणिज्ज. त्रि० (पूजनीय) પૂજવા યોગ્ય.

पूयफल. न० (पूगफल) સોપારી.

पूयफली. स्त्री० (पूगफली) સોપારીનું ઝાડ

पूयलिया. स्त्री० (पूपिका) પુડલા.

पूया. स्त्री० (पूजा) પૂજા; પૂજન; વસ્ત્રપાત્રાદિ વગેરેથી સત્કાર કરવો તે.

पूर. पुं० (पूर) નદીનો વધેલ પ્રવાહ. (૨) સમૂહ.

पूरग. त्रि० (पूरक) પૂરનાર; ભરનાર.

पूरण. पुं० (पूरण) એ નામનો એક ગૃહસ્થ. (૨) યદુવંશી રાજા અન્ધકવૃષ્ણિના એક પુત્ર.

पूरण. पुं० (पूरण) ચમરેંદ્રના પૂર્વભવનું નામ. (૨) સલિલાવતી વિજયની વીતશોકા નગરીના બળરાજાની ધારણી રાણીનો પુત્ર. (૩) અંતગડ સૂત્રના બીજા વર્ગના સાતમા અધ્યયનનું નામ. (૪) અંધકવૃષ્ણિ રાજાની ધારણી રાણીના પુત્ર. (૫) પૂર્ણ કરવું; પાર ઉતારવું.

पूरय. पुं० (पूरक) દૂધનો ઉફાળો.

पूरिअ. त्रि० (पूरित) સમ્પૂર્ણ કરેલ.

पूरिम. त्रि० (पूरिम) કંઇ વસ્તુની પૂરણી કરીને બનાવેલ-માટી, ધાતુનાં પુતળાં વગેરે. (૨) વાંસની સળીમાં ફૂલ પરોવીને બનાવેલ.

पूरिमा. स्त्री० (पूरिमा) એ નામની ગાન્ધાર ગ્રામની ત્રીજી મૂર્ચ્છના.

पूव. पुं० (पूप) માલપુવા; પુડલા વગેરે.

पूवलिया. स्त्री० (पूपिका) એક પ્રકારનો ખાવાનો પદાર્થ; પૌઆ.

पूस. पुं० (पूषन्) પૂષા દેવતા; રેવતી નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ.

पूस. पुं० (पुष्य) જુઓ "पुस्स" શબ્દ.

पूसगिरि. पुं० (पुष्यगिरि) એ નામના એક જૈન મુનિ.

पूसनंद. } पुं० (पुष्यनन्द) પુષ્યનંદ નામે
पूसनंदि. } (पुष्यनन्दि) એક યુવરાજ.

पूसफली. स्त्री० (पुष्यफली) કુષ્માંડ-કોહલાંની વેલડી.

पूसमाणग. पुं० (पुष्यमानक) જ્યોતિષીદેવતા વિશેષ; એ નામના ગ્રહાધિષ્ઠાયક દેવ.

पूसमाणव. पुं० (पुष्यमानव) મણિનું એક જાતનું લક્ષણ. (૨) મંગલપાઠક; ભાટ ચારણ વગેરે.

पूसमित्त. पुं० (पुष्यमित्र) આર્યરક્ષિતસૂરિના પુષ્યમિત્ર નામના શિષ્ય.

पूसमित्तिय. न० (पुष्यमित्त्रीय) એ નામનું જૈન મુનિઓનું એક કુળ.

पूसा. स्त्री० (पुष्या) મહાવીર સ્વામીના છઠ્ઠા કુંડકોલિય શ્રાવકની સ્ત્રીનું નામ.

पूह. पुं० (अपोह) વિચાર; મીમાંસા.

पेअअ. पुं० (पेचक) હાથીની પુંછડીનો મૂળ ભાગ.

पेइय. त्रि० (पैतृक) પિતા સંબંધી.

पेक्खणय. न० (प्रेक्षणक) ખેલ; તમાશો.

पेक्खणा. स्त्री० (प्रेक्षणा) પડિલેહણનો પર્યાય શબ્દ; નિરીક્ષણ; અવલોકન.

पेच्च. अ० (प्रेत्य) મરીને જન્માંતરમાં જવુ તે; પરભવ.

पेच्चभव पुं० (प्रेत्यभव) મરીને જન્મવું; બીજો અવતાર; પુનર્જન્મ.

पेच्चभाविअ. त्रि० (प्रेत्यभाविक) જન્માન્તર સમ્બધી.

पेच्छणा. स्त्री० (प्रेक्षणा) જોવુ તે; નિરીક્ષણ.

पेच्छणाघर. न० (प्रेक्षणागृह) જેમાં બેસી વનનાં કે નાટકનાં દૃશ્યો જોઇ શકાય તેવું ઘર; પ્રેક્ષાઘર.

पेच्छणिज्ज. त्रि० (प्रेक्षणीय) જોવા યોગ્ય.

पेच्छा. स्त्री० (प्रेक्षा) જોવું; નિરીક્ષણ કરવુ.

पेच्छाघर. न० (प्रेक्षागृह) મુખમણ્ડપ આગળની પટશાળ; પ્રેક્ષાઘર; નાટક વગેરે જોવાનું સ્થાન.

पेज्ज. त्रि० (पेयस्) અતિશય પ્રિય; વહાલું.

पेज्ज. न० (पेय) પીવા લાયક-દૂધ વગેરે પદાર્થ.

पेज्ज. पुं० न० (प्रेमन्) પ્રેમ; સ્નેહ; રાગ.

पेज्जदंसि. त्रि० (प्रेमदर्शिन्) અનુરાગી.

पेज्जवत्तिया. स्त्री० (प्रेमवृत्तिका) પ્રેમનિમિત્તક મૂર્ચ્છા; માયા કપટાદિ લોભથી ધનાદિકની મૂર્ચ્છા.

पेज्जा. स्त्री० (पेया) એક પ્રકારની પીવાની વસ્તુ.

पेट. न० (पेट) પેટ; ઉદર.

पेटवेयणा. स्त्री० (पेटवेदना) પેટપીડ; પેટનો દુખાવો.

पेडा. स्त्री० (पेडा) પેટી. (૨) કોઇ સાધુ ગોચરીને માટે પેટીને આકારે અભિગ્રહ ધારણ કરે એટલે કે પેટીને આકારે ચારે દિશામાં ચારે ખુણે ગોચરી કરે તે, ભિક્ષાના અભિગ્રહનો એક પ્રકાર.

पेडी. स्त्री० (पेडा) પેટી; મજૂસ.

पेढ. न० (पीठ) બાજોઠ. (૨) ઓટલો.

पेढाल पु० (पेढाल) પેઢાળ નામે ભાવિ આઠમા તીર્થંકર. (૨) न० એક ઉદ્યાન.

पेढालपुत्त. पु० (पेढालपुत्र) પેઢાળ નામના વિદ્યાધરનો પુત્ર. (૨) અણુત્તરોવવાઇ સૂત્રના ત્રીજા વર્ગના આઠમા અધ્યયનનું નામ.(૩) કાકંદી નગરી નિવાસી ભદ્રાસાર્થવાહીના પુત્ર (૪) ભરતખંડના આઠમા ભાવી તીર્થંકર. (૫) ભગવાન્ પાર્શ્વનાથના સંતાનમાં ઉત્પન્ન થયેલ એક જૈન મુનિ.

पेढिया. स्त्री० (पीठिका) માંચી; માંચડી. (૨) પેઢલી; ચોતરો; પ્લાટફાર્મ. (૩) જ્યાં ઇન્દ્રકીલિકા—કમાડ અટકાવવાનું સાધન રહેતું હોય તે સ્થાન.

पेढी. स्त्री० (पीठिका) પીઢીયું.

पेणी. स्त्री० (प्रैणी) હરિણીનો એક પ્રકાર.

पेम. पु० न० (प्रेमन्) આસક્તિ; પ્રીતિ.

पेयकाइय. पुं० (प्रेतकायिक) વ્યંતર દેવતાની એક જાત.

पेयदेवयकाइय. पुं० (प्रेतदेवकायिक) શક્રેન્દ્રના લોકપાળ જમની આજ્ઞા માનનાર દેવતાની એક જાત. (૨) પ્રેત દેવતાનું; પ્રેત સંબંધી.

पेया. स्त्री० (पेया) મ્હોટી કાહલી; વાદ્ય વિશેષ.

पेयाल. न० ( ) વિચાર. (૨) પ્રમાણ; માપ. (૩) સાર; રહસ્ય. (૪) પ્રધાન; મુખ્ય.

पेयालणा. स्त्री० ( ) પ્રમાણ કરવુ, માપવું.

पेयालुय. त्रि० ( ) વિચારિત.

पेरन्त. न० (पर्यन्त) છેડો; અન્ત.

पेरणा. न० (प्रेरणा) પ્રેરણા. (૨) ઠપકો.

पेलव. त्रि० (पेलव) મૃદુ; કોમળ. (૨) પાતળું; કૃશ. (૩) સૂક્ષ્મ; લઘુ.

पेलु. स्त्री० (पेलु) રૂની પૂણી.

पेलुकरण. न० (पेलुकरण) પૂણી બનાવવાનું એક સાધન; સળી આદિ.

पेलुगा. स्त्री० (पीलुका) એ નામની વનસ્પતિ; પીલુ.

पेलुअ. पु० (प्रेरक) અણુત્તરોવવાઇ સૂત્રના ત્રીજા વર્ગના ચોથા અધ્યયનનું નામ. (૨) કાકદી નગરી નિવાસી ભદ્રાસાર્થવાહીના પુત્ર.

पेलुणा. न० (प्रेरणा) પ્રેરણા કરવી; કામ કરાવવુ.

पेल्लय. पु० (पेल्लक) ભગવાન્ મહાવીરની પાસે દીક્ષા લઇ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયેલ એક જૈન મુનિ.

पेल्लिय. त्रि० (प्रेरित) ધકેલાયેલું.

पेस. न० (पैस) સિંધ દેશમાંના પેસ જાતના સૂક્ષ્મ ચામડીવાળા પશુના ચામડાની બનાવટનું વસ્ત્ર.

पेस. पु० (पेश) સિન્ધ દેશમાં થતી એક પશુ જાતિ.

पेस. पुं० स्त्री० (प्रेष्य) નોકર; ચાકર.
पेसण. न० (प्रेषण) મોકલવું.
पेसण. न० (पिषण) પીસવું તે.
पेसण. न० ( ) કાર્ય; પ્રયોજન.
पेसणकारिया. स्त्री० (पेषणकारिका) ચન્દન વગેરે પીસનારી-ઘસનારી દાસી.
पेसणकारी. स्त्री० (प्रेषणकारिणी) સદેશો પહોંચાડનારી દાસી.
पेसपरिणाय. त्रि० (प्रेष्यपरिज्ञात) શ્રાવકની નવમી પડિમા આદરનાર શ્રાવક કે જે નવ માસ સુધી નોકરની પાસે પણ આરંભ કે કામકાજ કરાવે નહિ.
पेसल. त्रि० (पेशल) મનોજ્ઞ; સુંદર. (૨) न० પેસલ નામના પશુનાં ઝીણાં રૂવાંની બનાવટનું વસ્ત્ર.
पेसवण. न० (प्रेषण) મોકલવુ.
पेसारंभ. पुं० (प्रेष्यारंभ) ચાકર પાસે આરંભ કરાવવો તે.
पेसिय. त्रि० (प्रेषित) મોકલેલ.
पेसिया. स्त्री० (पेषिका) દળનારી; પીસનારી.
पेसिया. स्त्री० (पेशिका) શેરડી વિગેરેની કાતળી; ચીર. (૨) ખંડ; ટુકડા.
पेसी. स्त्री० (पेशी) માંસની પેશી-કકડો. (૨) ગર્ભની ત્રીજા અઠવાડીઆની સ્થિતિ; પાણીના પરપોટામાંથી ગોટલાની માફક માંસ પિંડ રૂપે ગર્ભનો આકાર બધાય તે.
पेसुण्ण. } न० (पैशुन्य) ચાડી; ચુગલી.
पेसुन्न. }
पेस्स. पुं० (प्रेष्य) નોકર; ચાકર; સેવક.
पेहण. न० (प्रेक्षण) જોવું; દેખવું.
पेहणया. स्त्री० (पिधान) ઢાંકવું.
पेहणिज्ज. त्रि० (प्रेक्षणीय) દેખવા યોગ્ય.
पेहा. स्त्री० (प्रेक्षा) અનુભવથી વિચાર કરવો તે. (૨) આસન શય્યાદિક જોઇ પુંજીને વાપરવા તે; સંયમના ૧૭ પ્રકારમાંનો એક. (૩) હોઠ હલાવતાં કાઉસગ્ગ કરવો તે; કાઉસગ્ગનો ૧૯ મો દોષ. (૪) બુદ્ધિ; મતિ. (૫) ચિન્તન. (૬) નિરીક્ષણ.
पेहि. त्रि० (प्रेक्षिन्) નિરીક્ષણ.
पेहिय. न० (प्रेक्षित) કટાક્ષભરી રીતે જોવું તે.
पेहुण. न० (बर्हिण) મોરના પીંછાં; મોરપીંછ.
पोइय. त्रि० (पोतित) નિમગ્ન; ડુબેલું. (૨) સ્પન્દિત.
पोई. पुं० (पोती) પોઇ; વનસ્પતિ વિશેષ.
पोंड. न० (पोण्ड) વિકાસ ન પામેલું કમળ.
पोंडग. पु० (पोण्डक) વનસ્પતિ વિશેષ.
पोंडरी. स्त्री० (पौण्ड्री) જમ્બુદ્વીપના મેરૂની ઉત્તર રૂચક પર રહેનારી એક દિશાકુમારી દેવી.
पोंडरीकिणी. स्त्री० (पुण्डरीकिणी) દક્ષિણ દિશાના અજનક પર્વતની પુણ્ડરીકિણી નામની વાવ. (૨) એ નામની એક નગરી.
पोंडरीय. पु० (पुण्डरीक) સૂયગડાંગસૂત્રના બીજા શ્રુતસ્કન્ધના પહેલા અધ્યયનનું નામ. (૨) પીંછાની પાંખોવાળુ પક્ષી. (૩) ધોળું કમળ. (૪) સાતમા દેવલોકનું એક વિમાન. (૫) કુંડરીક અને પુણ્ડરીકના અધિકારવાળું જ્ઞાતાસુત્રનું ૧૯ મુ અધ્યયન.
पोंडवद्धणिया. स्त्री० (पुण्ड्रवर्धनिका) જૈન મુનિ ગણની એક શાખા.
पोक्क. त्रि० ( ) આગલા ભાગમાં ઉન્નત અને વચ્ચમાં નમેલી એવી નાસિકા.
पोक्कण. पुं० (पोक्कण) એ નામનો એક અનાર્ય દેશ. (૨) त्रि० તે દેશમાં રહેનાર.
पोक्खर. न० (पुष्कर) કમળ. (૨) કમળ જેવું એક વાજીંત્ર. (૩) તે વાજીંત્ર વગાડવાની કળા.
पोक्खरिणी. स्त्री० (पुष्करिणी) કમળવાળી વાવ. (૨) કમળની વેલ.

पोक्खल. पुं० (पुष्कर) કમળ. (૨) પદ્મ કેશર.

पोक्खलविभंग. पुं० (पुष्करविभङ्ग) પદ્મકન્દ.

पोक्खलावतीकूड. पुं० (पुष्कलावतीकूट) એક શૈલ વખારા પર્વતના ચાર કૂટમાંનું એક કૂટ-શિખર.

पोक्खलि. पुं० (पुष्कलिन्) શ્રીવસ્તિ નગરીનો રહીશ એક શ્રાવક; શંખજી શ્રાવકનો જોડીદાર.

पोक्खिणा. पुं० (प्रोक्षिन्) પાણી છાંટી ફળ ફૂલ ખાનાર તાપસનો એક વર્ગ.

पोग्गल. पुं० न० (पुद्गल) રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શ યુક્ત મૂર્ત દ્રવ્ય; છ દ્રવ્યમાંનું એક દ્રવ્ય. (૨) આત્મા; જીવ. (૩) માંસ. (૪) પુદ્ગળ નામના પરિવ્રાજક કે જે આલંભિકા નગરીની બાહેર રહેતા હતા.

पोग्गलत्थिकाय. पु० (पुद्गलास्तिकाय) વર્ણ, ગધ, રસ અને સ્પર્શવાળુ છ દ્રવ્યમાંનું એક દ્રવ્ય.

पोग्गलपरियट्ट. पुं० (पुद्गलपरिवर्त) અનન્ત અવસર્પિણી અને અનન્ત ઉત્સર્પિણી પ્રમાણે એક કાળ વિભાગ. (૨) પરમાણુનો સંયોગ અને વિયોગ.

पोग्गलविवागि. त्रि० (पुद्गलविपाकिन्) પુદ્ગલના નિમિત્તે વિપાક પામનાર.

पोग्गलि. त्रि० (पुद्गलिन्) પુદ્ગળોને ભોગવનાર.

पोग्गलिय. त्रि० (पौद्गलिक) પુદ્ગળસમ્બન્ધી.

पोच्चड. त्रि० ( ) સાર વિનાનું. (૨) મલિન. (૩) વ્યાપ્ત; લીન થયેલ.

पोट्ट. न० ( ) પેટ; ઉદર; જઠર.

मरुदेवा. स्त्री० (मरुदेवा) ઋષભદેવ સ્વામીની માતા. (૨) અંતગડ સૂત્રના સાતમા વર્ગના આઠમા અધ્યયનનું નામ. (૩) રાજગૃહ નગરના શ્રેણિક રાજાની મરૂદેવા નામે રાણી.
मरुदेवी. स्त्री० (मरुदेवी) પ્રથમ તીર્થંકરની માતા.
मरुपडण. न० (मरुपतन) મરૂ દેશમાં પડવુ તે; નિર્જલ પ્રદેશમાં જઇ મરવુ તે; બાળ મરણનો એક પ્રકાર.
मरुप्पवाय. पु० (मरुप्रपात) નિર્જલ પ્રદેશમાં પડી મરવુ તે; બાળ મરણનો એક પ્રકાર.
मरुय. त्रि० (मरुज) મરૂ દેશમાં ઉત્પન્ન થયેલ.
मरुय. पु० (मरुत्) મરૂત દેવતા, લોકાન્તિક દેવતાની એક જાત.
मरुय. पुं० (मरुव) મરવાનું ફૂલ. (૨) મરવાનો છોડવો.
मरुयवसभ. पु० (मरुदृषभ) ઇન્દ્ર.
मरुया. स्त्री० (मरुत्) નકમરીયાં.
मल. पु० (मल) મેલ. (૨) વિષ્ટા. (૩) આઠ પ્રકારનાં કર્મ. (૪) ઉદારિક શરીર.
मलण. न० (मर्दन) મર્દન કરવું; મસળવુ.
मलय. पु० (मलय) મલય પર્વત; મલયાચળ. (૨) શ્રીખંડ; ચન્દન વૃક્ષ. (૩) આર્યદેશમાંનો પદરમો દેશ. (૪) ત્રિ૦ મલય દેશમાં રહેનાર મનુષ્ય. (૫) ન૦ મલબાર દેશના સૂત્રનું બનેલ વસ્ત્ર.
मलयय. न० (मलयज) મલયદેશની બનાવટનું વસ્ત્ર.
मलिण. त्रि० (मलिन) મલિન; મેલું.
मलिय. त्रि० (मृदित) મસળેલ. (૨) માનભંગ થયેલ પુરૂષ.

मल्ल. पुं० (मल्ल) મલ્લ; પહેલવાન; કુસ્તી કરનાર.

मल्ल. न० (माल्य) ફૂલની માળા. (૨) ગુંથેલ પુષ્પાદિ; માળા યોગ્ય ફૂલ. (૩) એક દેવ વિમાન.

मल्ल. न० (मल) શરીરનો મેલ.

मल्लइ. पुं० (मल्लकिन्) મલ્લિવંશમાં ઉત્પન્ન થયેલ રાજા.

मल्लकच्छा. स्त्री० (मल्लकक्षा) મલ્લનો કચ્છોટો-લંગોટ.

मल्लकिट्ट. पु० (माल्यकिट्ट) ૧૧ મા દેવલોકનુ એક વિમાન.

मल्लग. पुं० (मल्लक) શરાવલો; કોડીયુ; રામપાત્ર.

मल्लजुद्ध न० (मल्लयुद्ध) મલ્લકુસ્તી.

मल्लदाम. न० (माल्यदामन्) પુષ્પની માળા.

मल्लदास. पु० (मल्लदास) એ નામનો એક મનુષ્ય.

मल्लदिण्ण. पु० (मल्लदत्त) મલ્લદત્ત કુમાર; કુંભરાજાનો પુત્ર, મલ્લિનાથજીનો ન્હાનો ભાઇ.

मल्लदिण्णय. पु० (मल्लदत्तक) કુંભરાજાનો પુત્ર.

मल्लदिन्न. पुं० (मल्लदत्त) એ નામનો એક મનુષ્ય.

मल्लदेव. पु० (मल्लदेव) મલ્લદેવ નામે મલ્લનો રાજા.

मल्लधम्म. पु० (मल्लधर्म) એ નામનો કોઇ કુસ્તીબાજ-મલ્લ.

मल्लय. पुं० (मल्लक) સરાવળો.

मल्लरक्खिअ. पुं० (मल्लरक्षित) એ નામનો એક માણસ.

मल्लराम. पुं० (मल्लराम) ગોસાળાનો બીજો પ્રૌઢ પરિહાર-શરીર પરિવર્તન.

मल्लसम्म. पुं० (मल्लशर्मन्) એ નામનો એક મલ્લ.

मल्लसेण. पुं० (मल्लसेन) એ નામનો એક મલ્લ.

मल्लि. स्त्री० (मल्लि) ઓગણીસમા તીર્થંકર; મલ્લિનાથ ભગવાન. (૨) न० મલ્લિકુંવરીના દૃષ્ટાંતવાળું જ્ઞાતાસૂત્રનું આઠમુ અધ્યયન. (૩) ૨૦ મા તીર્થંકરના પહેલા ગણધર.

मल्लिं. त्रि० (मल्लिन्) ધરનાર, રાખનાર.

मल्लिय. त्रि० (मृत) મરી ગયેલ.

मल्लिया. स्त्री० (मल्लिका) માલતી; લતા વિશેષ.

मविय. त्रि० (मापित) માપેલું.

मस. पु० (मष) ચામડી ઉપર બધાયલી ન્હાની ન્હાની ગાંઠ.

मसग. पुं० (मशक) મચ્છર.

मसमस. अ० (   ) જલદી.

मसय पुं० (मशक) મચ્છર.

मसाण. न० (श्मशान) પ્રેતભૂમિ; શ્મશાન; મસાણ.

मसार. पुं० (मसार) ઇંદ્ર નીલમણિ. (૨) કસોટીનો પત્થર.

मसारगल्ल. पु० (मसारगल्ल) એક પ્રકારનું રત્ન. (૨) રત્નપ્રભા પૃથ્વીના ખરકાંડનો પાંચમો વિભાગ કે જે મસારગલ્લ રત્નમય છે.

मसि. स्त्री० (मसि) શાહી. (૨) મસી; કાજળ.

मसिंहार. पु० (मसिंहार) ક્ષત્રિય પરિવ્રાજક વિશેષ.

मसिण. त्रि० (मसृण) સુવાળું; લપસણું; લિસ્સું.

मसी. स्त्री० (मसी) મસી; શાહી.

मसूर. पुं० न० (मसूर) મસૂર; કઠોળ ધાન્યની એક જાત. (૨) રોમરાયની પાંખવાળા પક્ષીની એક જાત.

मसूरग. पुं० (मसूरक) ગાલમસૂરીઆ; ઓશીકું.

मसूरखंड. पु० (मसूरखण्ड) મસૂરની દાળ.

मह. त्रि० (महत्) મહાન્; મ્હોટું; વિશાળ. (૨) મહા પુરૂષ; મ્હોટો પુરૂષ.

मह. પું० ન० (मह) ઓચ્છવ; મહોત્સવ.

महइमहालय. त्रि० (महातिमहत्) અતિ વિશાળ; મ્હોટામાં મ્હોટું.

महइमहालिया. स्त्री० (महातिमहती) અતિ મ્હોટી.

महई. स्त्री० (महती) મ્હોટી; વિશાળ.

महंत. त्रि० (महत्) મ્હોટું; વિશાળ.

महंती. स्त्री० (महती) મ્હોટી.

महग्गह. પુ० (महाग्रह) મ્હોટા ગ્રહ; ભૌમાદિ ૮૮ મહાગ્રહ.

महग्घ. त्रि० (महार्घ) વધારે મૂલ્યવાળું; મોંઘું.

महचंद. પુ० (महाचन्द्र) એ નામનો એક કુમાર. (૨) એક રાજા.

महच्च. ન० (माहत्य) મહત્વ. (૨) त्रि० મહત્વવાળું.

महच्च. त्रि० (महार्च्य) મ્હોટાને પણ પૂજ્ય; સારી રીતે પૂજવા યોગ્ય.

महच्चपरिसा. स्त्री० (महार्च्यपरिषद्) ઉત્તમ માનનીય સભા.

महच्छेरय. ન० (महाश्चर्य) ઘણું આશ્ચર્ય; મહત્ આશ્ચર્ય.

महज्जुइ. स्त्री० (महाद्युति) ઘણી કાંતિ.

महड्डिय. त्रि० (महर्द्धिक) ઘણી સંપત્તિવાળો; મ્હોટી ઋદ્ધિવાળો.

महण. त्रि० (मथन) મથન કરનાર; મથનાર. (૨) મારનાર.

महण्णव. પુ० (महार्णव) મ્હોટો સમુદ્ર.

महतिमहालय. त्रि० (महातिमहत्) મહા વિસ્તારવાળું; મ્હોટામાં મ્હોટું.

महती. स्त्री० (महती) શતતંત્રી વીણા; સો તારવાળી વીણા.

महत्तर. त्रि० (महत्तर) વડીલ; ગુરૂજન. (૨) અંતેપુર રક્ષક. (૩) નાયક; પ્રધાન.

महत्तरागार. પું० (महत्तरागार) મ્હોટેરાના કહેવાથી કરવું પડે તેનો પચ્ચકખાણમાં રાખેલ આગાર.

महत्तरिया. स्त्री० (महत्तरिका) મુખ્ય-વડીલ સ્ત્રી; મ્હોટી દેવી. (૨) આઠ દિશાકુમારીઓમાંની એક.

महत्थ. પુ० (महार्थ) મ્હોટો અર્થ; વિશાળ તત્ત્વ. (૨) મહત્ પ્રયોજન. (૩) त्रि० કીંમતી; મોંઘું.

महद्दि. स्त्री० (महाद्रि) મોટી યાચના. (૨) પરિગ્રહ.

महद्दुम. પુ० (महाद्रुम) વૈરોચન ઇન્દ્રના પદાતિ સૈન્યનો અધિપતિ.

महपउम. પું० (महापद्म) નવ નિધાનમાંનુ એક નિધાન કે જેમાં સર્વ પ્રકારનાં વસ્ત્રોની હકીકત હોય છે.

महप्प. પું० (महात्मन्) મહાન્ આત્મા; મહાત્મા.

महप्पभ. ન० (महाप्रभ) એ નામનુ ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન.

महब्बल. પું० (महाबल) મહાબળ નામે રોહિડ નગરનો રાજા. (૨) આવતી ચોવીસીના છઠ્ઠા વાસુદેવ. (૩) એ નામનો એક મોટો રાજા. (૪) બળરાજાનો પુત્ર; સુદર્શન શેઠનો જીવ મહાબળકુમાર. (૫) त्रि० અતિ બળવાન્.

महब्भय. त्रि० (महद्भय) મોટા ભયવાળું.

महब्भूय. ન० (महाभूत) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ, એ પાંચ મહાભૂત.

महय. त्रि० (महत्क) મ્હોટું; વિશાળ.

महयर. त्रि० (महत्तर) વડીલ; મ્હોટા.

महया. स्त्री० (महती) મ્હોટી; વિશાળ.

महरड्डिय. त्रि० (महाराष्ट्रिक) મહારાષ્ટ્ર દેશમાં જન્મેલ; મહારાષ્ટ્રી-મરાઠી.

महरिद्धि. पु० (महर्द्धि) ઐરવત ક્ષેત્રમા ભાવી ૨૩ મા તીર્થંકર.

महरिसि. पु० (महर्षि) મ્હોટા ઋષિ.

महरिह. त्रि० (महार्ह) ઘણું કીમતી.

महल्ल. त्रि० (महत्) મ્હોટું; વિશાળ. (૨) મ્હોટા માણસ; વડીલ.

महल्लय. त्रि० (महत्क) મ્હોટું; વિશાળ. (૨) पु० મ્હોટા બળદ.

महल्लिय. त्रि० (महत) મ્હોટું; વિશાળ.

महल्लिया स्त्री० (महती) મ્હોટી; વૃદ્ધ સ્ત્રી.

महल्लियामोयपडिमा. स्त्री० (महामोकप्रतिमा) ચાર પડિમામાંની એક.

महल्लियाविमाणपविभत्ति. स्त्री० (महाविमानप्रविभक्ति) એ નામનુ એક કાલિક સૂત્ર.

महवीरिय. पु० (महावीर्य) ઐરવત ક્ષેત્રના ચાલુ ચોવીસીના ૧૭ મા તીર્થંકર.

महव्वइय. त्रि० (महाव्रतिक) પાચ મહાવ્રતરૂપ ધર્મ.

महव्वय. न० (महाव्रत) સાધુનાં પાચ મહાવ્રત; અહિંસાદિ પાંચ યમ; શ્રાવકનાં અણુવ્રતની અપેક્ષાએ મહાન્ વ્રત.

महसिव. पु० (महाशिव) છઠ્ઠા બળદેવ તથા વાસુદેવના પિતાનું નામ.

महसेण. पु० (महासेन) ૮ મા તીર્થંકરના પિતા. (૨) છપ્પન્ન હજાર બળવાન યાદવોના પ્રમુખ-અગ્રેસર. (૩) એ નામનો એક આગળ પડતો રાજા. (૪) न० વન વિશેષ.

महा. स्त्री० (मघा) મઘા નામનું નક્ષત્ર.

महा. त्रि० (महत्) મોટું.

महाअरुणवर. पुं० (महारुणवर) અરૂણવર સમુદ્રના અધિપતિ દેવતાનું નામ.

महाओघस्सरा. स्त्री० (महौघस्वरा) બલેન્દ્રની સભામાંની એક ઘંટા.

महाकंतार. न० (महाकान्तार) મોટું અરણ્ય.

महाकंदिय. पु० (महाक्रन्दित) વ્યંતર દેવતાની એક જાત.

महाकच्छ. पुं० (महाकच्छ) નીલવંત પર્વતની દક્ષિણે સીતા મહાનદીની ઉત્તરે બ્રહ્મકૂટ પર્વતની પશ્ચિમે અને આહાવતી નદીની પૂર્વે મહાવિદેહાન્તર્ગત ક્ષેત્ર વિશેષ. (૨) દેવ વિશેષ.

महाकच्छकूड. पु० (महाकच्छकूट) બ્રહ્મકૂટ વખારા પર્વતનાં ચાર કૂટમાંનું ત્રીજું કૂટ-શિખર.

महाकच्छा. स्त्री० (महाकच्छा) મહોરગના ઇંદ્ર અતિકાયની ત્રીજી અગ્રમહિષી. (૨) મહાવિદેહની ૩૨ વિજયમાંની એક વિજય

महाकरह. पु० (महाकृष्ण) નિરયાવલિકા સૂત્રના છઠ્ઠા અધ્યયનનું નામ. (૨) રાજા શ્રેણિકના એક પુત્ર.

महाकरहा. स्त्री० (महाकृष्णा) અતગડ સૂત્રના આઠમા વર્ગના છઠ્ઠા અધ્યયનનું નામ. (૨) શ્રેણિક રાજાની એક રાણી.

महाकप्प. पु० (महाकल्प) ગોશાળાના મતને અનુસારે ત્રણ લાખ સર પરિમિત કાળ વિભાગ.

महाकप्पसुअ. न० (महाकल्पसूत्र) ૨૯ ઉત્કાલિક સૂત્રમાંનું ચોથુ.

महाकम्म. त्रि० (महाकर्मन्) જેનાં કર્મ ઘણાં હોય તે.

महाकाय. त्रि० (महाकाय) જેનું શરીર મોટુ હોય તે. (૨) વાણવ્યતર દેવતાની સાતમી જાત. (૩) ઉત્તર તરફના મહોરગ જાતના વાણવ્યતર દેવતાનો ઇન્દ્ર.

महाकाल. पुं० (महाकाल) ઉત્તર તરફના પિશાચ જાતના વ્યંતર દેવતાનો ઇંદ્ર. (૨) સાતમી નરકનો દક્ષિણ દિશામાં રહેલ બીજો નરકાવાસો. (૩) પરમાધામીની

એક જાત. (૪) આઠમા દેવલોકનું એક વિમાન. (૫) ચક્રવર્તીનાં નવ નિધાનમાંનુ એક નિધાન કે જેમાં ધાતુની ખાણ સબધી હકીકત છે. (૬) વિલંબ તથા પ્રભજન ઇંદ્રના લોકપાળનું નામ. (૭) વાયુકુમાર જાતિના ઇંદ્રનું નામ. (૮) દ્વારિકાની બહારનું એક શ્મશાન. (૯) ૮૮ માંનો ૫૭ મો ગ્રહ. (૧૦) નિરયાવલિકાના ત્રીજા અધ્યયનનુ નામ. (૧૧) રાજા શ્રેણિકના એક પુત્ર. (૧૨) દક્ષિણ લવણસમુદ્રના દેવ.

महाकालग. पुं० (महाकालक) એ નામનો એક ગ્રહ.

महाकालिंद. पुं० (महाकालेन्द्र) વ્યતર જાતિનો ઇંદ્ર; ઉત્તરના પિશાચ દેવોનો ઇન્દ્ર.

महाकाली. स्त्री० (महाकाली) શ્રેણિક રાજાની એક રાણી. (૨) અંતગડ સૂત્રના આઠમા વર્ગના ત્રીજા અધ્યયનનું નામ. (૩) સુમતિનાથજીની દેવીનું નામ.

महाकिराहा. स्त्री० (महाकृष्णा) એ નામની એક નદી કે જે મેરૂના ઉત્તરે રક્તા નદીને મળે છે.

महाकिरिय. त्रि० (महाक्रिय) જેની ક્રિયા મોટી હોય તે; મ્હોટી ક્રિયા કરનાર.

महाकुंडल. पुं० (महाकुण्डल) એ નામનો એક સમુદ્ર.

महाकुंडलवर. पु० (महाकुण्डलवर) મહાકુડલ સમુદ્રનો આધિપતિ દેવતા.

महाकुमुद. न० (महाकुमुद) સાતમા દેવલોકનું એક વિમાન.

महाकुल. त्रि० (महाकुल) પ્રશસ્ત કુળમાં ઉત્પન્ન થયેલ.

महागंगा. स्त्री० (महागङ्गा) સાત ગંગાઓની એક મહાગગા; ગોશાળાના મતાનુસાર એક કાળવિભાગ.

महागिरि. पु० (महागिरि) કોંડિન્યના શિષ્ય મહાગિરિ નામના એક નિહ્નવ. (૨) સ્થૂલિભદ્રના દશ પૂર્વધારી એક શિષ્ય. (૩) મેરૂ પર્વત.

महागोव. पु० (महागोप) મહાન્ રક્ષક. (૨) તીર્થંકર દેવ.

महागह. पुं० (महाग्रह) મહાગ્રહ; ભૌમાદિ ૮૮ મહાગ્રહ.

महाघोस. पुं० (महाघोष) જબૂદ્વીપના ઐરવત ક્ષેત્રમાં આવતી ઉત્સર્પિણીમાં થનાર ૧૨ મા તીર્થંકર. (૨) ન० પાંચમા દેવલોકનુ એક વિમાન. (૩) ત્રીજા ચોથા દેવલોકનુ એક વિમાન. (૪) પુ० ગઇ ઉત્સર્પિણીના સાતમા કુલકર. (૫) ઉત્તર તરફના સ્તનિતકુમાર જાતના ભવનપતિ દેવતાનો ઇન્દ્ર. (૬) નાસી જતા નારકીને મ્હોટી બૂમ પાડી રોકી રાખનાર પરમાધામીની પદરમી જાત.

महाघोसा. स्त्री० (महाघोषा) ઇશાનેંદ્રઆદિની ઘટાનું નામ.

महाचंद. पु० (महाचन्द्र) જબૂદ્વીપના ઐરવત ક્ષેત્રમાં આવતી ઉત્સર્પિણીમાં થનાર ૮ મા તીર્થંકર.

महाजक्ख. पु० (महायक्ष) બીજા તીર્થંકર અજિતનાથજીના યક્ષનું નામ.

महाजण. पु० (महाजन) ઘણા માણસોનો સમુદાય, મહાજન.

महाजस. पु० (महायशस्) જમ્બૂદ્વીપના ઐરવતક્ષેત્રમાં થનાર ચોથા તીર્થંકર. (૨) આદિત્યયશાની ગાદીએ આવેલ મહાયશ. (૩) त्रि० મહાયશસ્વી.

महाजाइ. स्त्री० (महाजाति) ગુલ્મ જાતના વૃક્ષની એક જાત.

महाजाण. न० (महायान) મોટું વાહન. (૨) ચારિત્ર; સંયમ. (૩) पुं० મોક્ષ; મુક્તિ.

महाजुम्म. न० (महायुग्म) રાશિ વિશેષ; એક પ્રકારની સંખ્યા.

महाजुम्मसय. न० (महायुम्मशत) ભગવતી સૂત્રનું ૪૦ મું શતક.

महाणंदियावत्त. न० (महानन्दिकावर्त) મહા-શુક્ર દેવલોકનું એક વિમાન. (૨) પુ૦ ઘોષ તથા મહાઘોષ ઇંદ્રના લોકપાળનું નામ.

महाणस. न० (महानस) રસોડું.

महाणससाला. स्त्री० (महानसशाला) રસોડું, ભોજનગૃહ.

महाणसिअ. पु० (महानसिक) રસોઇઓ; રાંધનાર.

महाणसिणिया. स्त्री० (महानसिनिका) રસો-ડામાં કામ કરનાર દાસી; રસોઇઆણી.

महाणसिणी. स्त्री० (महानसिनी) રાંધનારી, ભોજનશાળામાં કાર્ય કરનારી દાસી.

महाणिज्जरा स्त्री० (महानिर्जरा) કર્મની મ્હોટી નિર્જરા, ઘણા કર્મોનો ક્ષય કરવો તે.

महाणील. न० (महानील) એક જાતનો મણિ, નીલમ. (૨) त्रि० અતિ નીલવર્ણવાળા.

महाणुभाग. त्रि० } (महानुभाग) અત્યંત
महाणुभाय. } ભાગ્યવાન્; પુણ્યાત્મા.

महाणुभाव. त्रि० (महानुभाव) મહા પ્રભા-વશાળી; તેજસ્વી.

महातमप्पहा. स्त्री० (महातमःप्रभा) સાતમી નરક.

महातीरा. स्त्री० (महातीरा) એ નામની એક નદી કે જે મેરૂની ઉત્તરે રક્તા નદીને મળે છે.

महादंडय. पु० (महादण्डक) મહાન્ વિસ્તા-રવાળું વર્ણન. (૨) પન્નવણાના ત્રીજા પદના સત્તાવીસમા દ્વારનું નામ.

महादामड्डि. पु० (महादामार्थिन्) } ઇશાને-
महादामड्डि. पुं० (महादामर्द्धि) } ન્દ્રની વૃષભ સેનાનો અધિપતિ.

महादुक्कर. त्रि० (महादुष्कर) ઘણુંજ કઠણ; ન થઈ શકે તેવું.

महादुक्ख. न० (महादुःख) અત્યંત દુઃખ.

महादुम पु० (महाद्रुम) મોટું વૃક્ષ. (૨) આઠમા દેવલોકનું એક વિમાન. (૩) વૈરોચનના પાયદળ સેનાનો અધિપતિ.

महादुमसेण. पु० (महाद्रुमसेन) અણુત્તરો-વવાઇ સૂત્રના બીજા વર્ગના નવમા અ-ધ્યયનનું નામ. (૨) શ્રેણિક રાજાની ધારણી રાણીનો પુત્ર.

महाधणु. पुं० (महाधनुस्) બળદેવના એક પુત્ર.

महानंदियावत्त. पु० (महानन्दितावर्त) સ્તનિત કુમારોના લોકપાળનું નામ.

महानलिण. पु० (महानलिन) સાતમા દેવ-લોકનું એક વિમાન.

महानिज्जर. त्रि० (महानिर्जर) કર્મની ઘણી નિર્જરા કરનાર.

महानिज्जरा. स्त्री० (महानिर्जरा) અત્યંત ક-ર્મોનો ક્ષય; ઘણાં કર્મની નિર્જરા.

महानिज्जामय. पु० (महानिर्यामक) શ્રેષ્ઠ ક-ર્ણધાર.

महानिनाद. } त्रि० (महानिनाद) પ્રખ્યાત;
महानिनाय. } પ્રસિદ્ધ.

महानिमित्त. न० (महानिमित्त) અષ્ટાંગ નિ-મિત્ત શાસ્ત્ર. (૨) મોટું નિમિત્ત-કારણ.

महानिरय. पु० (महानिरय) વિશાળ નરક-નરકાવાસો.

महानिसीह. न० (महानिशीथ) એ નામનું એક કાલિક સૂત્ર—શાસ્ત્ર.

महानिहि. पु० (महानिधि) ચક્રવર્તીનું મોટું નિધાન કે જેની નવ જોજનની લંબાઇ પહોળાઇ છે અને જેમાં ચક્રવર્તીની સર્વ સંપત્તિનો સમાવેશ થાય છે.

महानीला. स्त्री० (महानीला) મહાનીલા ના-મની એક નદી કે જે મેરૂની ઉત્તરે રક્તા નદીને મળે છે.

महापउम. પુ० (महापद्म) મહા હિમવત પર્વત ઉપરનો એક દ્રહ. (૨) પુષ્કલાવતી વિજયની પુંડરિકિણી નગરીનો એ નામનો એક રાજા. (૩) વર્તમાન અવસર્પિણીના નવમા ચક્રવર્તી. (૪) ચક્રવર્તીનાં નવ નિધાનમાંનું પાંચમું નિધાન કે જેમાં સર્વ જાતના વસ્ત્રોની નિષ્પત્તિ થાય છે. (૫) જમ્બૂદ્વીપના ભરતખંડમા થનાર પ્રથમ તીર્થંકર. (૬) ગોશાળાના ભાવી અવતારનું નામ. (૭) સાતમા દેવલોકનું એક વિમાન. (૮) રાજા શ્રેણિકના એક પૌત્ર. (૯) વૃક્ષ વિશેષ.

महापउमद्दह. પુ० (महापद्मद्रह) મહા હિમવત પર્વત ઉપરનો એક દ્રહ.

महापउमा. स्त्री० (महापद्मा) રાજા શ્રેણિકની એક પુત્રવધૂ.

महापच्चक्खाण. न० (महाप्रत्याख्यान) ઉત્કાલિક સૂત્રમાંનું ૨૯ મું સૂત્ર.

महापज्जवसाण. न० (महापर्यवसान) કર્મનો અત્યંત ક્ષય; કર્મનો સર્વથા છેડો લેવો તે.

महापट्टण. न० (महापत्तन) મોટું શહેર.

महापण्ण. त्रि० (महाप्रज्ञ) જેની પ્રજ્ઞા ઘણી વિશાળ હોય તે.

महापण्णवणा. स्त्री० (महाप्रज्ञापना) ૨૯ ઉત્કાલિક સૂત્રમાંનું ૯ મું સૂત્ર.

महापत्थाण. न० (महाप्रस्थान) મહાન્ પ્રસ્થાન; દીર્ઘયાત્રા.

महापन्न. त्रि० (महाप्रज्ञ) વિશાળ પ્રજ્ઞા-બુદ્ધિવાળો.

महापभ. न० (महाप्रभ) એક દેવ વિમાન.

महापम्ह. પુ० (महापद्म) પશ્ચિમ મહાવિદેહના દક્ષિણ ખાંડવાની એક વિજય. (૨) તે વિજયનો રાજા.

महापम्हा. स्त्री० (महापद्मा) જુઓ " મહાપમ્હ " શબ્દ.

महापरिण्णा. स्त्री० (महापरिज्ञा) આચારાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધનું નવમું અધ્યયન.

महापह. પુ० (महापथ) મ્હોટો રસ્તો; રાજમાર્ગ.

महापाण. न० (महाप्राण) પાંચમા દેવલોકનું એક વિમાન.

महापायाल. પુ० (महापाताल) લવણ સમુદ્રમાંના પાતાલકલશા કે જે એક લાખ જોજનના ઉંડા છે.

महापालि. स्त्री० (महापालि) સાગરોપમ પરિમિત ભવ સ્થિતિ.

महापावा स्त्री० (महापापा) મહાપાતકી સ્ત્રી.

महापिउ. પુ० (महापितृ) બાપના મ્હોટા ભાઇ; ભાઇજી.

महापुंख. न० (महापुङ्ख) પાંચમા દેવલોકનું એક વિમાન કે જેના દેવતાનું આયુષ્ય ૧૨ સાગરોપમ છે.

महापुंड. न० (महापुण्ड्र) પાંચમા દેવલોકનું એક વિમાન.

महापुंडरीय. પુ० (महापुण्डरीक) રૂક્મિ પર્વત ઉપરનો એક દ્રહ. (૨) न० શ્વેત કમળ. (૩) પુ० ગ્રહ વિશેષ.

महापुंडरीयद्दह. પુ० (महापुण्डरीकद्रह) રૂપી પર્વત ઉપરનો એક દ્રહ.

महापुरा. स्त्री० (महापुरी) મહાપદ્માવિજયની મુખ્ય નગરી-રાજધાની.

महापुरिस. પું० (महापुरुष) મહાત્મા પુરૂષ. (૨) કિંપુરિસ જાતિના વ્યંતર દેવતાના ઇંદ્રનું નામ.

महापोंडरीय. न० (महापौण्डरीक) સાતમા દેવલોકનું એક વિમાન. (૨) શ્વેત કમળ

महाबल. त्रि० (महाबल) અત્યંત બળવાન; મહા પરાક્રમી. (૨) પું० જમ્બૂદ્વીપના ઐરવતક્ષેત્રમાં આવતી ઉત્સર્પિણીમા થનાર ૨૩ મા તીર્થંકર. (૩) ભરતની ગાદીએ અતિબળ પછી આવેલ પુરૂષ. (૪) એક કુમાર. (૫) મલ્લિનાથના પૂર્વભવનું નામ. (૬) ભરતક્ષેત્રના ભાવી છઠ્ઠા વાસુદેવ.

महाबाहु. पु० (महाबाहु) આવતી ચોવીસીના ચોથા વાસુદેવ. (૨) પશ્ચિમ મહાવિદેહ-ક્ષેત્રના એક વાસુદેવ.

महाभद्द. पु० (महाभद्र) મહાશુક્ર દેવલોકનું એક વિમાન. (૨) એ નામનું એક તપ.

महाभद्दपडिमा. स्त्री० (महाभद्रप्रतिमा) વ્રત વિશેષ; કાઉસગ્ગ ધ્યાનનું એક વ્રત.

महाभद्दा. स्त्री० (महाभद्रा) પૂર્વ આદિ દરેક દિશામાં એકેક અહોરાત્ર કાઉસગ્ગ કરવાની પ્રતિજ્ઞા કરવી તે; ચાર પડિમામાંની ત્રીજી પડિમા

महाभाग. त्रि० (महाभाग) મ્હોટા ભાગ્યવાળો; લોકપૂજ્ય; શ્રેષ્ઠ.

महाभागा. स्त्री० (महाभागा) એ નામની એક નદી કે જે મેરૂની ઉત્તરે રક્તાવતી નદીને મળે છે.

महाभीम पु० (महाभीम) ઉત્તર તરફના રાક્ષસ દેવતાઓનો ઈંદ્ર. (૨) આવતી ચોવીસીના આઠમા પ્રતિવાસુદેવ.

महाभीमसेण. पुं० (महाभीमसेन) એક કુલગરનું નામ.

महाभोया. स्त्री० (महाभोगा) એક મહાનદી.

महामंति. पुं० (महामन्त्रिन्) મુખ્યમંત્રી; વડો પ્રધાન. (૨) હાથી સૈન્યના અધ્યક્ષ.

महामरुता. / महामरुया. स्त्री० (महामरुता) અંતગડસૂત્રના સાતમા વર્ગના સાતમા અધ્યયનનુ નામ. (૨) રાજગૃહ નગરના શ્રેણિક રાજાની એક રાણી.

महामाउय. त्रि० (महामातृक) ખાનદાન માતાના દીકરા.

महामाउया. स्त्री० (महामातृका) માની મ્હોટી બ્હેન. (૨) મોટીમા.

महामाठर. पु० (महामाठर) ઈશાનેન્દ્રની રથ સેનાનો અધિપતિ.

महामाणस. पुं० (महामानस) ૮૪ લાખ મહાકલ્પોનો એક મહામાનસ; ગોશાળાના મતાનુસાર એક કાળ વિભાગ.

महामोह. पुं० (महामोह) ભારે મોહકર્મ; મહા મોહનીય.

महायस. त्रि० (महायशस्) મહાયશસ્વી. (૨) પુ० અતીત ઉત્સર્પિણીના ચોથા તીર્થંકર.

महारंभ. पुं० (महारम्भ) મોટો આરંભ.

महारह. त्रि० (महारथ) મોટા રથવાળો. (૨) પુ० કૃષ્ણ વાસુદેવ.

महाराय. पुं० (महाराज) મોટો રાજા (૨) લોકપાળ દેવ.

महारिह. त्रि० (महार्ह) કિંમતી.

महारोरुअ. पुं० (महारोरुक) સાતમી નરકનો ચોથો નરકાવાસો.

महालंजर. पु० (महालञ्जर) પાણીનો મોટો ઘડો.

महालय. पुं० न० (महालय) ઉત્સવોનું સ્થાન. (૨) મોટું સ્થાન. (૩) त्रि० મોટા શરીરવાળુ.

महालय. त्रि० (महत्) મોટું; વિશાળ

महालया. / महालिया. स्त्री० (महती) મોટી; વિશાળ.

महालोहिअक्ख. पुं० (महालोहिताक्ष) વૈરોચન ઈંદ્રના પાડા લશ્કરનો અધિપતિ.

महावच्छ. पुं० (महावत्स) પૂર્વ મહાવિદેહની દક્ષિણ ખાંડવાની પૂર્વ તરફથી ત્રીજી વિજય. (૨) તે વિજયનો રાજા.

महावच्छा. स्त्री० (महावत्सा) મહાવત્સા નામની એક વિજય.

महावप्प. पु० (महावप्र) પશ્ચિમ મહાવિદેહના ઉત્તર ખાંડવાની સીતોદા મુખવન તરફથી ત્રીજી વિજય. (૨) તે વિજયનો રાજા.

महावप्पा. स्त्री० (महावप्रा) જુઓ " મહાવપ્પ " શબ્દ.

महावाउ. पु० (महावायु) ઈશાનેન્દ્રના ઘોડેસ્વાર લશ્કરનો અધિપતિ.

महावाय. पु० (महावात) ઘોરવાયુ; તોફાની પવન.

महाविगइ. स्त्री० (महाविकृति) मधु, मांस, मद्य, माखण आदि विकारजनक वस्तु.

महाविजयपुप्फोत्तरवडिंसय. पुं० (महाविजयपुष्पोत्तरावतंसक) એ નામનું દશમા દેવલોકનું એક વિમાન કે જ્યાં મહાવીરસ્વામી પૂર્વભવમાં દેવતા રૂપે હતા.

महाविजया. स्त्री० (महाविजया) મિષ્ટાન્ન વિશેષ; મીઠાઇની એક જાત.

महाविदेह. पुं० (महाविदेह) મહાવિદેહ નામે કર્મભૂમિનું એક ક્ષેત્ર કે જ્યાં સદા ચોથા આરા જેવો અવસ્થિતકાળ છે. (૨) त्रि० મહાવિદેહ ક્ષેત્રમાં રહેનાર મનુષ્ય.

महाविदेहवास. पुं० (महाविदेहवर्ष) મહાવિદેહ ક્ષેત્ર.

महाविमाण. न० (महाविमान) મ્હોટું વિમાન. (૨) ચાર લોકપાળના વિમાનોનું નામ.

महावीर. पुं० (महावीर) ભગવાન્ મહાવીરસ્વામી; ચોવીસમા તીર્થંકર. (૨) મોટો શૂરવીર; કષાયાદિ દોષને જીતનાર.

महावीरथुइ. स्त्री० (महावीरस्तुति) મહાવીરની સ્તુતિ જેમા છે એવું સૂયગડાંગ સૂત્રનું છઠ્ઠું અધ્યયન.

महावीहि. स्त्री० (महावीथि) મ્હોટો માર્ગ. (૨) મોક્ષ માર્ગ.

महावेयणा. स्त्री० (महावेदना) અતિશય દુઃખ.

महव्वय. न० (महाव्रत) જુઓ "મહવ્વય" શબ્દ

महासउणि. स्त्री० (महाशकुनि) એક વિદ્યાધરની સ્ત્રી.

महासग्ग. पुं० (महासर्ग) સાતમા દેવલોકનું એક વિમાન.

महासड्ढि. त्रि० (महाश्रद्धिन्) મોટી શ્રદ્ધાવાળા.

महासयग. पुं० (महाशतक) શ્રી મહાવીર સ્વામીના દશ શ્રાવકમાંના આઠમા શ્રાવક.

महासामाण. न० (महासामान) એક દેવ વિમાન.

महासामाणियविमान. न० (महासामानिकविमान) સાતમા દેવલોકનું એક વિમાન.

महासिलाकंटय. पुं० (महाशिलाकण्टक) ચેડા રાજાની સ્હામે કોણિક રાજાના બચાવ માટે ચમરેંદ્ર અને શક્રેંદ્ર તરફથી યોજવામા આવેલ એ નામનો એક સંગ્રામ.

महासीह. पुं० (महासिंह) એક રાજા; છઠ્ઠા વાસુદેવના પિતા.

महासीहनिक्कीलिय. न० (महासिंहनि.क्रीडित) એ નામનું એક તપ કે જે ચાર પરિપાટીદ્વારા ૭ વર્ષ, બે માસ અને બાર દિવસે પૂર્ણ થાય છે.

महासीहसेण. पुं० (महासिंहसेन) અણુત્તરોવવાઇ સૂત્રના બીજા વર્ગના ૧૨ મા અધ્યયનનું નામ. (૨) શ્રેણિક રાજાની ધારણી રાણીનો પુત્ર.

महासुक्क. पुं० (महाशुक्र) સાતમો દેવલોક (૨) સાતમા દેવલોકનો ઇંદ્ર. (૩) સાતમા દેવલોકમા રહેનાર દેવતા. (૪) સાતમા દેવલોકનું એક વિમાન.

महासुक्क. पुं० (महाशुक्ल) અતિ ઉજ્વળ સૂર્ય અને ચન્દ્ર.

महासुक्ककप्प. पुं० (महाशुक्रकल्प) સાતમો દેવલોક.

महासुक्कय त्रि० (महाशुक्रक) સાતમા દેવલોકના ઇન્દ્ર સંબંધી.

महासुमिण. पुं० } (महास्वप्न) મ્હોટા સ્વપ્ન,
महासुविण. } તીર્થંકર વગેરેની માતા સિંહ વગેરેનાં સ્વપ્નાં જુએ છે તે.

महासुव्वय. पुं० (महासुव्रत) એ નામનો એક શ્રાવક.

महासुव्वया. स्त्री० (महासुव्रता) ભગવાન્ નેમિનાથની એક શ્રાવિકા.

महासेअ. पुं० (महाश्वेत) ઉત્તર તરફના કોહંડ જાતિના વ્યંતર દેવતાનો ઇંદ્ર.

महासेण. पुं० (महासेन) ગત અવસર્પિણીના સાતમા કુલકર. (૨) જંબૂદ્વીપના ઐરવતક્ષેત્રમાં આવતી ઉત્સર્પિણીમાં થનાર ૧૫ મા તીર્થંકર. (૩) અણુત્તરોવવાઇ સૂત્રના બીજા વર્ગના બીજા અધ્યયનનું નામ. (૪) શ્રેણિક રાજાની ધારણી રાણીનો પુત્ર. (૫) ઐરવતક્ષેત્રના ભાવી ૧૦ મા તીર્થંકર. (૬) ૫૬ હજાર બળવાન્ વીરોના નાયક મહાસેન કુમાર. (૭) ન૦ એક વન.

महासेणकराह. पुं० (महासेनकृष्ण) નિરયાવલિકાસૂત્રના દશમા અધ્યયનનુ નામ.

महासेणकराहा. स्त्री० (महासेनकृष्णा) અંતગડસૂત્રના આઠમા વર્ગના દશમા અધ્યયનનું નામ. (૨) શ્રેણિક રાજાની એક રાણી.

महासेय. पु० (महाश्वेत) ઉત્તર તરફના કુષ્માંડ જાતના વ્યંતર દેવતાનો ઇંદ્ર.

महासोद्दाम. पु० (महासौदामन्) વૈરોચન ઇંદ્રના ઘોડેસ્વાર લશ્કરનો આધપતિ.

महाहरि. पु० (महाहरि) ૧૦ મા ચક્રવર્તીના પિતા.

महाहिमवंत. पु० (महाहिमवत्) મહાહિમવત નામનો હેમવય ક્ષેત્રની સરહદ ઉપરનો વર્ષધર પર્વત.

महाहिमवंतकूड. पुं० (महाहिमवत्कूट) મહા હિમવત પર્વત ઉપરનાં આઠ કૂટમાંનું બીજું કૂટ–શિખર.

महिंद. पु० (महेन्द्र) સાતમા મુહૂર્તનું નામ. (૨) એક પર્વત. (૩) રોહિણી, જ્યેષ્ઠા આદિ નક્ષત્રમાં થયેલ ઉત્પાત કે જે વર્ષાની શુભ નિશાની છે. (૪) ન૦ છઠ્ઠા દેવલોકનું એક વિમાન. (૫) પું૦ ઐરવતક્ષેત્રના ભાવી પંદરમા તીર્થંકર. (૬) ત્રિ૦ ઘણું મોટું.

महिंदकंत. न० (महेन्द्रकान्त) છઠ્ઠા દેવલોકનું એક વિમાન.

महिंदज्झय. पुं० (महेन्द्रध्वज) એક હજાર યોજનની ઉંચી ઇંદ્રધ્વજા. (૨) ન૦ પાંચમા દેવલોકનું એક વિમાન.

महिंदुत्तरवडिंसग. न० (महेन्द्रोत्तरावतंसक) છઠ્ઠા દેવલોકનું એક વિમાન.

महिच्छ. त्रि० (महेच्छ) મહત્વાકાંક્ષી.

महिट्ठ त्रि० ( ) છાશ છાંટીને સંસ્કારિત કરેલું.

महित. त्रि० (महित) સ્તુતિ કરેલ. (૨) પૂજન કરેલ.

महित्थ. पुं० (महीस्थ) એક પ્રકારનો ગુચ્છ.

महिम. पुं० (महिमन्) મહોત્સવ, મહિમા.

महिय. त्रि० (मथित) મથન કરેલ; કચરી નાખેલ.

महिय. त्रि० (महित) વિભૂષિત; સુશોભિત. (૨) પૂજિત. (૩) ન૦ બારમા દેવલોકનું એક વિમાન. (૪) પૂજા; સત્કાર.

महिया. स्त्री० (महिका) ઝાકળ; ધુંવર.

महिला. स्त्री० (महिला) સ્ત્રી, નારી.

महिलाथूभ पु० (महिलास्तूप) } કૂવા વગેરેનો કાંઠો.
महिलिया. स्त्री० (महिलिका) }

महिलिया. स्त्री० (महिला) નારી; સ્ત્રી.

महिस. पु० (महिष) પાડો. (૨) બીજા દેવલોકના ઇન્દ્રનું ચિહ્ન. (૩) બારમા તીર્થંકરનું લાંછન.

महिसिक्क. त्रि० (महिषिक) ભેંસ અને પાડાને પાળનાર

महिसी. स्त्री० (महिषी) ભેંસ. (૨) રાણી; પટ્ટરાણી.

महिस्सर. पु० (महेश्वर) એક ઇન્દ્ર; ભૂતવાદિ દેવોનો ઉત્તર દિશાનો ઇન્દ્ર.

मही. स्त्री० (मही) પૃથિવી; ધરતી. (૨) એક નદી.

महीधर. पु० (महीधर) પર્વત; પહાડ.

महीपइ. पुं० (महीपति) મહીપતિ; રાજા.

महीपाल. पुं० (महीपाल) પૃથ્વીનું પાલન કરનાર; રાજા.

महीरुह. पु० (महीरुह) વૃક્ષ; ઝાડ.

महीहर. पु० (महीधर) પર્વત.

महु. न० (मधु) મધ. (૨) મદિરા; દારૂ; શરાબ. (૩) મધુપ્રમેહ; માઠા પેશાબનો રોગ. (૪) બ્રહ્મદત્ત નામે બારમા ચક્રવર્તીના એક મહેલનું નામ. (૫) સાધારણ વનસ્પતિની એક જાત. (૬) ત્રિ૦ મધુર.

महुअरी. स्त्री० (मधुकरी) ભમરી. (૨) ગોચરી.

महुआसव. पुं० (मध्वाश्रव) જેનું વચન મધની માફક સર્વથા દોષોપશમક અને આલ્હાદજનક હોય તે; લબ્ધિ વિશેષ ધારક.

महुकर. पु० (मधुकर) ભ્રમર; ભમરો.

महुकरी. स्त्री० (मधुकरी) ભમરી.

महुकोसअ. पु० (मधुकोषक) મધનો કોષ; મધપુડો

महुगार. पुं० (मधुकार) ભમરો.

महुगुलिया. स्त्री० (मधुगुटिका) એક જાતની ગોળી.

महुमेरअ. पु० (मधुमेरक) મદિરા વિશેષ.

महुमेहण. न० (मधुमेहन) મધુ પ્રમેહ નામનો રોગ.

महुमेहणि. त्रि० (मधुमेहनिन्) } મધના
महुमेहि. पु० (मधुमेहिन्) } જેવા મીઠા પેસાબવાળો-મધુપ્રમેહનો રોગી.

महुयर. पु० (मधुकर) ભમરો.

महुयरवित्ति. स्त्री० (मधुकरवृत्ति) મધુકર વૃત્તિ; સાધુએ ભમરાની માફક નિર્દોષ વૃત્તિએ આહાર લેવો તે.

महुर. त्रि० (मधुर) મીઠું; સ્વાદવાળું. (૨) કર્ણપ્રિય. (૩) પું૦ ગાયનનો એક ગુણ; કોયલની પેઠે મધુર સ્વરે ગાવું તે. (૪) એ નામનો એક અનાર્ય દેશ. (૫) ત્રિ૦ તે દેશમાં રહેનાર.

महुरतण. न० (मधुरतृण) શતપુષ્પાનું વૃક્ષ; પર્વગ વનસ્પતિની એક જાત.

महुररसा. स्त्री० (मधुररसा) સાધારણ વનસ્પતિની એક જાત; મધુપર્ણિકા; ગડુચી.

महुरस्सरा. स्त्री० (मधुरस्वरा) દ્વીપકુમાર દેવતાની ઘંટા.

महुरा. स्त्री० } (मथुरा) મથુરા નગરી.
महुरी. स्त्री० }

महुसिंगी. स्त्री० (मधुश्रृङ्गी) એ નામનું એક કંદ; સાધારણ વનસ્પતિની એક જાત.

महुसित्थ. पु० (मधुसिक्थ) મીણ. (૨) માત્ર પગનાં તળીયાં ભીનાં થાય તેટલો કાદવ.

महुस्सव. } पु० (महोत्सव) મહાન્ ઉત્સવ;
महूसव } જલસો; મેલાવડો.

महेसक्ख. पुं० (महेशाख्य) મહેશ્વર; સ્વામી; મહાન્ ઐશ્વર્યવાન્.

महेसर. पुं० (महेश्वर) ઉત્તર તરફના ભૂતવાદી જાતના વ્યંતર દેવતાનો ઇંદ્ર.

महेसरदत्त. पु० (महेश्वरदत्त) એક પુરોહિત.

महेसि. पु० (महर्षि)) મોટા ઋષિ; મહા મુનિ. (૨) તીર્થંકર.

महेस्सर पु० (महेश्वर) ઉત્તર તરફના ભૂતવાદિ જાતના વ્યંતર દેવતાઓનો ઇંદ્ર.

महेस्सरदत्त. पुं० (महेश्वरदत्त) એ નામનો એક માણસ.

महेस्सरी. स्त्री० (माहेश्वरी) વિન્ધ્યાચળ પાસેની એક નગરી.

महोरग. पु० (महोरग) વાણવ્યંતર દેવતાની એક જાત. (૨) એક પ્રકારનો સર્પ.

महोरगकंठ. पुं० (महोरगकण्ठ) રત્નની એક જાત.

महोरगपविभत्ति. पुं० (महोरगप्रविभक्ति) મહાસર્પની વિશેષ રચનાયુક્ત એક નાટક; ૩૨ પ્રકારનાં નાટકમાંનું એક.

महोरगी. स्त्री० (महोरगी) મોટી સર્પિણી; નાગણી.

मा. अ० (मा) નિષેધાર્થક અવ્યય; નહીં.

माइ. स्त्री० (मातृ) માતા; જનની; મા.

माइ. त्रि० (मायिन्) માયાવી; કપટી; લુચ્ચો.

माइट्ठाण. न० (मातृस्थान) માયા, કપટ.

माइय. त्रि० (मायिक) રીંછના વાળવાળુ. (૨) માયાવી; કપટી.

माइय. त्रि० (मात्रिक) પ્રમાણપૂર્વક; હદમાં રહેલ; માનોપેત.

माइय. त्रि० (   ) જેમાં મોર-મજરી આવેલ હોય તે. (૨) વધારે વાળવાળું.

माइल्ल. त्रि० (मायिन्) કપટી; માયાવી.

माइवाह. पुं० स्त्री० (मातृवाह) લાકડામાં રહેનાર ઘુણો, ઉધાઇ વગેરે.

माउ. स्त्री० (मातृ) માતા; જનની; મા.

माउअ. पु० न० (मातृक) અકાર આદિ છેંતાળીશ અક્ષર.

माउगापय. न० (मातृकापद) સિદ્ધ શ્રેણિઆ અને મણુસ્સ સેણિઆ પરિકર્મનો પ્રથમ ભેદ.

माउग्गाम. पु० (मातृग्राम) સ્ત્રી વર્ગ.

माउया. स्त्री० (मातृका) માતા; મા; જનની. (૨) મૂછ–થોભા–દાતરા. (૩) માતૃકાપદ; મૂળાક્ષર. (૪) સખી; સાહેલી.

माउयापद. न० (मातृकापद) મૂળાક્ષર; અકારથી હકાર સુધી. (૨) સિધ્ધશ્રેણિ પરિકર્મનો એક ભેદ.

माउल. पु० (मातुल) માતાનો ભાઇ; મામો.

माउलिंग. पु० (मातुलिङ्ग) બીજોરાનું વૃક્ષ. (૨) न० બીજોરૂં. (૩) ખરબૂજ; કાલિંગું; તરબૂચ.

माउलिंगी. स्त्री० (मातुलिङ्गिका) બીજોરાનો ગુચ્છો.

माउस्सिया. स्त्री० (मातृष्वसृ) માતાની બ્હેન; માસી.

माउस्सियापति. पु० (मातृष्वसृपति) માસીનો પતિ; માસો.

मार्कंदियपुत्त पु० (माकन्दिकपुत्र) ભગવાન્ મહાવીર સ્વામીના એક શિષ્ય.

मागंदि. न० (मार्कदिन्) માકદીના પુત્ર જિનરક્ષ અને જિનપાળકના અધિકારવાળું જ્ઞાતાસૂત્રનું નવમુ અધ્યયન.

मागंदियदारय. पु० (माकन्दिकदारक) માકંદિકના પુત્ર જિનરક્ષ અને જિનપાળ.

मागध. पुं० (मागध) લવણ સમુદ્રમાં રહેલુ તીર્થ વિશેષ.

मागह. त्रि० (मागध) મગધ દેશમાં રહેનાર. (૨) पु० શ્રીમંતાની સ્તુતિ કરનારા ભાટ ચારણ વિગેરે. (૩) न० સમુદ્ર અને ગંગા નદીના સંગમને ઠેકાણે આવેલુ માગધ નામે એક તીર્થ.

मागहअ. त्रि० (मागधक) મગધદેશ સબંધી; મગધ દેશનુ.

मागहतित्थ. न० (मागधतीर्थ) ગંગા નદીને લવણ સમુદ્રના સંગમ વિભાગમાં આવેલું એક તીર્થ.

मागहतित्थकुमार. पु० (मागधतीर्थकुमार) માગધ નામના તીર્થનો અધિપતિ દેવતા.

मागहपत्थ. पुं० (मागधप्रस्थ) મગધદેશ પ્રસિદ્ધ પાથો; ધાન્ય માપ વિશેષ.

मागहिय. त्रि० (मागधिक) મગધ દેશનું; મગધ દેશ સબંધી.

मागहिया. स्त्री० (मागधिका) મગધ દેશની ભાષા. (૨) મગધ દેશની ગાથા બનાવવાની અને જાણવાની કળા.

माघवई. स्त्री० (माघवती) આઠ કૃષ્ણરાજીમાંની એક. (૨) સાતમી નરકનું નામ.

माघवती. स्त्री० (माघवती) સાતમી નરકનું નામ.

माडंबिय. पुं० (माडम्बिक) જેની આસપાસ નજીકમાં નગરાદિ નથી તે મડંબ અને

तेनो अधिपति माडम्बिक. (२) मडंबनी व्यवस्था करनार-शेठ. (३) मांडवीओ: चुंगीवाळो; जकात लेनार.

माढर. पुं० (माठर) संभूतविजयना गोत्रनुं नाम. (२) माठरशास्त्र; सोळतत्त्व स्थापक न्यायशास्त्र. (३) शक्रेन्द्रना रथनी सेनानो अधिपति.

माढरी. स्त्री० (माठरी) एक प्रकारनी वनस्पति.

माढी. स्त्री० (माढी) कवच; बख्तर.

माण. पुं० न० (मान) धान्यादिने मापवानुं साधन-पाली, माप वगेरे. (२) शरीरनु शास्त्रोक्त प्रमाण; पाणीथी भरेल कुंडमां माणसने बेसाडतां एक द्रोण पाणी बहार नीकळे तो ते पुरुष मानोपेत कहेवाय. (३) आदर; सत्कार; पूजा. (४) प्रत्यक्षादि प्रमाण के जेनाथी वस्तुनुं ज्ञान थइ शके. (५) संख्यारूप परिमाण. (६) अहंकार; अभिमान; गर्व. (७) अहंकार करी आहार लेवो ते; उपायणाना १६ दोषमांनो आठमो दोष.

माणकसाइ. त्रि० (मानकषायिन्) अहंकार रूपी कषायवाळु.

माणकसाय. पुं० (मानकषाय) अहंकार रूप कषाय.

माणण. न० (मानन) सत्कार. पूजा. आदरमान.

माणणिज्ज. त्रि० (माननीय) मानवा योग्य.

माणपिंड. पुं० (मानपिण्ड) कोइ साधु अभिमान करी अमुक इच्छित आहार लई आवे ते मानपिण्ड; उपायणानो आठमो दोष.

माणव. पुं० (मानव) मनुष्य. (२) जीवनु एक नाम. (३) भगवान् महावीरनो एक गण.

माणवइया. स्त्री० (मानवती) ए नामनी एक नगरी.

माणवग. पुं० (माणवक) ए नामनो ग्रह. (२) चक्रवर्तीनां नव निधानमांनुं एक के जेमां हथीआर वगेरे युद्धनी सामग्री तथा सोनुं, रूपु, मणि, मोती वगेरे संपत्तिनो सग्रह अने तेनी उत्पत्तिनी हकीकत होय छे. (३) सौधर्म देवलोकनो एक चैत्य स्तंभ.

माणवगण. पुं० (मानवगण) ए नामनो महावीर स्वामीनो एक गण.

माणवत्तिय. पुं० (मानप्रत्ययिक) जाति कुळ आदिना मदथी लागती क्रिया; नवमु क्रियास्थानक.

माणवय. पुं० (माणवक) ४६ मा ग्रहनु नाम. (२) एक शाश्वत अने दिव्य चैत्य स्तंभनु नाम. (३) बाळक.

माणवयचेइय. पुं० (माणवकचैत्य) सुधर्मा सभामांनो एक स्तंभ के जेमां अर्हत्नी दाढा रहे छे.

माणवी. स्त्री० (मानवी) मनुष्यणी; स्त्री.

माणस. न० (मानस) मन. (२) त्रि० मनमा उत्पन्न थतुं; मन संबंधी. (३) पुं० मान सरोवर.

माणसिय. त्रि० (मानसिक) मन संबधी; मानसिक.

माणावाइ. त्रि० (मानवादिन्) अहंकारी.

माणि. त्रि० (मानिन्) अभिमानी. (२) कच्छविजयना वैताढ्य उपरनां नव कूटमांनु चोथुं कूट.

माणिक्क. न० (माणिक्य) झवाहीर; माणेक.

माणिभद्द. पुं० (माणिभद्र) इक्षु समुद्रना अधिपति देवतानुं नाम. (२) पुष्पिकासूत्रनुं छठ्ठुं अध्ययन. (३) मिथिला नगरीनी बहारनुं एक चैत्य-उद्यान. (४) उत्तर तरफना यक्ष जातिना व्यंतर देवताओनो इन्द्र.

माणिभद्दकूड. पुं० (माणिभद्रकूट) वैताढ्य पर्वत उपरनां नव कूटमांनुं चोथुं कूट.

माणिय. त्रि० (मानित) માન આપેલ; સ્વાગતાદિ સત્કાર કરેલ.

माणिल्ल. त्रि० (मानिन्) અહંકારી.

माणुम्माण. पु० (मानोन्मान) માપ અને તોલ.

माणुम्माणिय. न० (मानोन्मानिक) માન ઉન્માન કરવાનું સ્થાન.

माणुम्माणियट्ठाण. न० (मानोन्मानिकस्थान) તોલ માપનુ સ્થાન. (૨) ઘોડા દોડાવવાની જગા.

माणुस. त्रि० (मानुष) મનુષ્ય સબંધી.

माणुसुत्तर. पु० (मानुषोत्तर) માનુષોત્તર પર્વત કે જે પુષ્કરાર્દ્ધને ફરતો છે અને અઢીદ્વીપની સીમા જણાવે છે (૨) न० એ નામનું એક વિમાન.

माणुसोत्तर. पु० (मानुषोत्तर) એ નામનું બીજા દેવલોકનુ એક વિમાન. (૨) માનુષોત્તર નામે અઢીદ્વીપને ફરતો પર્વત.

माणुस्स. त्रि० (मानुष्य) મનુષ્યસમ્બંધી.

मातंग. पुं० (मातङ्ग) હાથી. (૨) ચંડાળ.

माता. स्त्री० (मातृ) માતા; જનની.

मातुलिंग. न० (मातुलिङ्ग) બીજોરાનુ વૃક્ષ.

मान. त्रि० (मान्य) માનનીય.

मान. पु० (मान) ગર્વ; અભિમાન.

मानवत्तिअ. पुं० (मानप्रत्यय) અભિમાન વડે અન્યને હણવુ તે; નવમુ ક્રિયાસ્થાનક.

मानि. त्रि० (मानिन्) માનવાળું.

मामअ. त्रि० (मामक) મારૂ મારૂ કરનાર; મમતાવાળો.

मामग. त्रि० (मामक) મારૂ, મત્સબંધી. (૨) સાધુને પોતાને ઘેર આવવાની મનાઇ કરનાર. (૩) पुं० મામો; માતાનો ભાઈ. (૪) त्रि० મમતાવાળો.

मामाय. त्रि० (मामाक) 'મા' 'મા' બોલનાર; નિવારક.

मामिया. / **मामी.** स्त्री० ( ) મામી; મામાની સ્ત્રી.

माय. त्रि० (मात) સમાઈ ગયેલ.

माय. न० (मात्र) સફળતા; સંપૂર્ણતા. (૨) અવધારણ.

मायंग. पुं० (मातङ्ग) સાતમા તીર્થંકર સુપાર્શ્વનાથજીના યક્ષનું નામ. (૨) શ્રી મહાવીર પ્રભુના યક્ષનું નામ.

मायंजण. पु० (मात्राञ्जन) રમણીયવિજયની પશ્ચિમ સરહદ ઉપરનો વખારા પર્વત.

मायंड. पु० (मार्तण्ड) સૂર્ય.

मायंदि. पु० (माकन्दिन्) ચંપા નગરીનો માકંદી નામનો સાર્થવાહ.

मायंदिय. पुं० (माकन्दिक) માકન્દિક પુત્ર નામના એક જૈન મુનિ

मायण्ण. / **मायन्न.** त्रि० (मात्राज्ञ) આહારાદિની માત્રાને-પરિમાણને જાણનાર.

मायरा / **माया.** स्त्री० (मातृ) મા. માતા.

माया. स्त्री० (मात्रा) પરિમાણ; મર્યાદા; પ્રમાણ. (૨) થોડુ; અલ્પ.

माया. स्त्री० (माया) કપટ; છળ; લુચ્ચાઇ. (૨) જગદંબા; બીજાના મતમાં મનાયેલી સસાર ઉત્પન્ન કરનાર શક્તિ. (૩) માયા કપટ કરી આહાર લેવો તે; ઉપાયણાના ૧૬ દોષમાંનો ૧૪ મો દોષ.

मायाकसाइ. त्रि० (मायाकषायिन्) માયારૂપ કષાયવાળો.

मायामोस. पुं० न० / **मायामोसा.** स्त्री० (मायामृषा) કપટ સહિત જુઠ; ૧૭ મુ પાપસ્થાનક.

मायावत्तिय. पु० (मायाप्रत्यय) / **मायावत्तिया.** स्त्री० (मायाप्रत्यया) અગીયારમુ ક્રિયાસ્થાનક, માયા કપટથી લાગતી ક્રિયા.

मायावि. त्रि० (मायाविन्) માયાવી; કપટી.

मायाविति. स्त्री (मायावृत्ति) ચિંતવવુ કંઈ, બોલવું કંઇ અને કરવું કંઈ તે; ૧૧ મુ ક્રિયાસ્થાનક

मायासल्ल. ન० (मायाशल्य) માયારૂપી શલ્ય; ત્રણ શલ્યમાંનું એક.

मायि. त्रि० (मायिन्) માયાવી, કપટી.

मायिमिच्छदिट्ठि. त्रि० (मायिमिथ्यादृष्टि) કપટસહિત મિથ્યાદષ્ટિવાળો.

मार. પુ० (मार) મૃત્યુ; મરણ; નાશ. (૨) કામદેવ; મદન. (૩) સંસાર. (૪) ચોથી નરકનો એક નરકાવાસો. (૫) મણિનું એક લક્ષણ. (૬) યમ. (૭) त्रि० મારનાર.

मारअ. त्रि० } (मारक) મારનાર; ઘાતકી.
मारग

मारण. ન० (मारण) મારવુ; નાશ કરવો.

मारणांतिय. त्रि० (मारणान्तिक) મરણના અન્તમાં થતુ; મૃત્યુ વખતે કરવામાં આવતુ. (૨) પુ० મરણસમયનું દુઃખ. (૩) મૃત્યુ વખતે જીવના પ્રદેશ શરીર બહાર નીકળે તે; સાત સમુદ્ઘાતમાંની ત્રીજી મારણાંતિક સમુદ્ઘાત.

मारणांतियकम्म. ન० (मारणान्तिककर्मन्) મરણને છેડે વેદાતાં ભવોપગ્રાહિ કર્મ.

मारणांतियसमुग्घाय. પુ० (मारणान्तिकसमुद्घात) મરણ પ્રસંગે જીવ પ્રદેશનું શરીરથી બહાર નીકળવુ અને આયુષ્ય કર્મનું નિર્જરવું તે.

मारणय. त्रि० (मारणक) મારનાર; હિંસક.

मारणया. } સ્ત્રી० (मारणा) માર મારવો તે.
मारणा.

मारा. સ્ત્રી० (मारा) પ્રાણીવધનું સ્થાન.

मारापविभत्ति. સ્ત્રી० (माराप्रविभक्ति) મારા જળચર વિશેષની રચના યુક્ત નાટકવિધિ; નાટકના ૩૨ પ્રકારમાંનો એક.

मारि. સ્ત્રી० (मारि) મહામારી; મરકી; પ્લેગ.

मारिणी. સ્ત્રી० (मारिणी) એ નામનો ગુચ્છ; વનસ્પતિની એક જાત.

मारी. સ્ત્રી० (मारी) મહામારી; પ્લેગ; મરકી.

मारुय. પું० (मारुत) પવન; હવા. (૨) સંવર્તક નામનો વાયરો.

माल. પુ० (माल) માળ; મેડી; મજલો. (૨) વનસ્પતિ વિશેષ. (૩) માંચી; આસન વિશેષ.

मालई. સ્ત્રી० (मालती) માલતી; પુષ્પલતા.

मालंकार. પુ० (मालङ्कार) વૈરોચન ઇંદ્રના હાથી સૈન્યનો અધિપતિ.

मालग. પું० (मालक) પ્રાસાદ વિશેષ.

मालणिया. સ્ત્રી० (मालनीया) કિરણ.

मालमउड. ન० (मालामुकुट) માળા સહિત મુગટ.

मालव. પું० (मालव) એ નામનો એક દેશ. (૨) त्रि० તે દેશમાં રહેનાર.

मालवअ. त्रि० (मालवज) માલવ દેશમાં જન્મેલ મનુષ્ય.

मालवंत. પું० (माल्यवत्) માલ્યવત નામે એક પર્વત. (૨) હિરણ્યવય ક્ષેત્રના મધ્ય ભાગમાંનો વાટલો વૈતાઢ્ય પર્વત. (૩) મેરૂ પર્વતને વાયુ ખુણે આવેલ માલવંત નામનો એક વખારા પર્વત. (૪) ઉત્તર કુરૂ ક્ષેત્રમાંનો એક દ્રહ કે જેની બે બાજુએ ૨૦ કંચન પર્વત છે.

मालवंतकूड. પુ० (माल्यवत्कूट) માલ્યવત પર્વતનાં નવ કૂટમાંનું બીજું કૂટ.

मालवंतपरियाग. } પું० (माल्यवत्पर्याय) એ નામનો એક પર્વત.
मालवंतपरियाय.

मालविणी. સ્ત્રી० (मालविनी) લિપિ વિશેષ.

माला. સ્ત્રી० (माला) ફૂલ વગેરેની માળા. (૨) પંક્તિ. હાર. (૩) સમૂહ. (૪) નેહાણ ઉપરનો માળ–મજલો.

मालाकारिया. સ્ત્રી० (मालाकारिका) માળા બનાવનાર; માળણ.

मालागार. पुं० (मालाकार) માળા બનાવ-નાર; માળી.

मालि. पुं० (मालिन्) એક પ્રકારનો સર્પ; ફેણ વગરનો સર્પ. (૨) શ્રેણિ; પંક્તિ. (૩) વનસ્પતિ વિશેષ. (૪) માળવીનું વૃક્ષ કે જેની નીચે નવમા તીર્થંકરને જ્ઞાન ઉપજ્યું.

मालिघर. न० (मालिगृह) માળિઘર; મંડપ વિશેષ.

मालिज्ज. न० (मालीय) એક જૈન મુનિ કુળ.

मालिणी. स्त्री० (मालिनी) શોભિતી.

मालिय. त्रि० (मालिक) મેડાવાળું ઘર. (૨) તૃણ વિશેષ.

मालिय. त्रि० (मालित) ધારણ કરેલ.

मालिया. स्त्री० (मालिका) પગનું આભરણ; અંગુઠીયાં (૨) માળા.

मालुगा स्त्री० (मालुका) ત્રણ ઇંદ્રિયવાળા જીવની એક જાત.

मालुय. पु० (मालुक) એક ઠળીયાવાળા વૃક્ષની એક જાત.

मालुया. स्त्री० (मालुका) વેલડી; લતા. (૨) એક જાતની લતા. (૩) ત્રણ ઇંદ્રિયવાળા જીવની એક જાત.

मालोहड. त्रि० (मालावहृत) માળ ઉપરથી આણેલું. (૨) પું० ગૃહસ્થ માળ ઉપરથી કોઇ ચીજ ઉતારી આણી સાધુને વ્હોરાવે તે; આહારનો એક દોષ; ઉદ્‌ગમનના ૧૬ દોષમાંનો તેરમો દોષ.

मास. पुं० (मास) મહિનો. (૨) સોનારૂપાને માપવાનું સાધન; માસો; પાંચરતિ પરિમિત એક વજન. (૩) પર્વગજાતિનું વૃક્ષ. (૪) સમય; કાળ.

मास. पु० (माष) અડદ; એક પ્રકારનું ધાન્ય. (૨) અનાર્યદેશ વિશેષ.

मासंमासेणं. अ० (मासंमासेन) મહિનો મહિનો; મહિના ઉપર મહિનો.

मासकप्प. पुं० (मासकल्प) શેષકાળ; સાધુએ ચોમાસા સિવાય એક ગામમાં એક માસ ઉપરાંત ન રહેવું એવો નિયમ.

मासक्खमण. न० (मासक्षमण) એક માસનું તપ; એક મહિનાના ઉપવાસ કરવા તે.

मासतुस. पुं० (माषतुष) માષતુષ નામના એક મુનિ.

मासद्ध. पु० न० (मासार्द्ध) માસનો અર્ધ ભાગ; ૧૫ દિવસ. (૨) પખવાડીઆના ઉપવાસ કરવા તે.

मासपण्णी. स्त्री० (मासपर्णी) એક પ્રકારની સાધારણ વનસ્પતિ; માષાણી.

मासपरिवट्टा. स्त्री० (मासपरिवृत्ता) ભંગ દેશની રાજધાની.

मासपूरिया. स्त्री० (मासपूरिका) એક જૈન મુનિની શાખા.

मासाण न० ( ) વિચ્છેદ ગયેલ બારમા દૃષ્ટિવાદ અંગના બીજા વિભાગ સૂત્રનો સાતમો ભેદ.

मासावल्ली. स्त्री० (मासावल्ली) એક પ્રકારની વેલ.

मासिय. त्रि० (मासिक) એક માસ સંબંધી; મહિનાનું.

मासियभत्त. पु० न० (मासिकभक्त) મહિનાના ઉપવાસ કરવા તે.

मासिया. स्त्री० (मासिकी) ભિકખુ-સાધુની બાર પડિમામાંની પહેલી પડિમા; જેમાં એક માસ સુધી એક દાત અન્ન અને એક દાત પાણી ઉપરાંત વધારે આહાર લેવાય નહીં. (૨) એક માસની સંલેખણા-સંથારો.

माह. पुं० (माघ) માઘ મહિનો.

माहण. पुं० (ब्राह्मण) બ્રાહ્મણ. (૨) કોઇને પણ ન હણો એવો ઉપદેશ કરનાર સાધુ. (૩) ન હણો એ ઉપદેશને અનુસરનાર શ્રાવક. (૪) વિપાકસૂત્રનું એ નામનું પાંચમું અધ્યયન. (૫) त्रि० અહિંસક.

माहणकुंड. न० (ब्राह्मणकुंड) બ્રાહ્મણકુંડ.

माहणकुंड. न० (ब्राह्मणकुंड) બ્રાહ્મણકુંડ નામનું એક નગર.

माहणकुंडगाम. पुं० (ब्राह्मणकुण्डग्राम) એ નામનું એક નગર.

माहणकुंडपुर. न० (ब्राह्मणकुण्डपुर) બ્રાહ્મણની વસ્તીનું એક શહેર કે જેમાં મહાવીર સ્વામીના પ્રથમ પિતા ઋષભદત્ત બ્રાહ્મણ અને દેવાનંદા બ્રાહ્મણી રહેતા હતા.

माहणी स्त्री० (ब्राह्मणी) બ્રાહ્મણની સ્ત્રી.

माहप्प. पुं० न० (माहात्म्य) માહાત્મ્ય; પ્રભાવ; મહિમા.

माहल. पुं० (माहल) ચોઇંદ્રિય જીવની એક જાત.

माहिंद. पुं० (माहेन्द्र) ચોથા દેવલોકનું નામ. (૨) ચોથા દેવલોકનો ઇંદ્ર. (૩) ચોથા દેવલોકના દેવતા. (૪) એક અહોરાત્રના ત્રીશ મુહૂર્તમાંના સાતમા મુહૂર્તનું નામ. (૫) પાંચમા દેવલોકનું એક વિમાન. (૬) ૧૪ મા તીર્થંકરના ત્રીજા પૂર્વ ભવનું નામ. (૭) સાતમા તીર્થંકરને પ્રથમ ભિક્ષા આપનાર.

माहिंदकप्प. पुं० (माहेन्द्रकल्प) ચોથા દેવલોકનું નામ.

माही. स्त्री० (माघी) માઘ માસની પૂર્ણિમા.

माहुर. त्रि० (माथुर) મથુરા નગરીમાં ઉત્પન્ન થયેલ; મથુરાનું.

माहुर. न० (माधुर) મેવો. (૨) त्रि० મધુર રસવાળું.

माहेसरी. स्त्री० (माहेश्वरी) એક પ્રકારની લિપિ.

मिउ. स्त्री० (मृद) માટી; ધળ.

मिउ. त्रि० (मृदु) કોમળ; સુંવાળું.

मिउकालुणिया. स्त्री० (मृदुकारुणिका) કોમળ તથા દયા ઉપજે એવી કથા; ઇષ્ટ જનનો શોક.

मिंजा. स्त्री० (मिजा) મીંજ; અંદરનું સત્વ. (૨) બીજ. (૩) શરીરની અંદરનો અવયવ.

मिंजिया. स्त्री० (मिञ्जिका) પદાર્થની અંદરનો ભાગ.

मिंठ. पुं० ( ) હાથીનો માવત. (૨) त्रि० માઠું; અનિષ્ટ.

मिंढ. पुं० (मेढ्र) મેંઢો; ઘેટો.

मिंढमुह पुं० (मेढ्रकमुख) એ નામનો એક અનાર્યદેશ.

मिंढविसाणा. स्त्री० (मेढ्रविषाणा) મેંઢાના શીંગડા જેવી શિંગવાળી વનસ્પતિ; આવળ.

मिंढियगाम. पुं० (मैण्ढिकग्राम) એ નામનું એક નગર જ્યાં રેવતી ગાથાપતણી વસતી હતી

मिग. पुं० (मृग) હરિણ; મૃગ. (૨) પહેલા દેવલોકના ઇન્દ્રનું ચિહ્ન.

मिगचारिया. स्त्री० (मृगचर्या) હરિણની માફક વનના એકાન્ત પ્રદેશમાં નિરૂપાધિકપણે ભવિષ્યની ચિંતા કર્યા વિના રહેવું તે.

मिगतण्हा. स्त्री० (मृगतृष्णा) ઉનાળામાં ખારભૂમિમાં દૂરથી પાણી જેવું દેખાય તે.

मिगलुद्धय. पुं० (मृगलुब्धक) મૃગના માંસનું ભક્ષણ કરનાર તાપસ; તાપસનો એક વર્ગ.

मिगवइ. पुं० (मृगपति) સિંહ.

मिगवण. न० (मृगवन) પરદેશી રાજાની સેયબિયા નગરી ।। ઇશાનખુણાનું એક વન.

मिगवालुंकी. स्त्री० (मृगवालुङ्की) કડવા ફળવાળી એક વનસ્પતિ.

मिगव्व. न० (मृगव्य) શિકાર.

मिगसिर. न० (मृगशिरस्) એ નામનું નક્ષત્ર.

मिगसीस. न० (मृगशीर्ष) હરણનું મસ્તક.

मिगाली. स्त्री० (मृगाली) જંબૂદ્વીપના ભરતખંડમાં થનાર ૧૮ મા તીર્થંકરના પૂર્વભવનું નામ.

मिगावई. } स्त्री० (मृगावती) कोशाम्बी
मिगावती. } नगरीना राजानी पट्टराणीनुं नाम.

मिगाहिव. पुं० (मृगाधिप) सिंह.

मिगी. स्त्री० (मृगी) मृगली; हरणी. (२) એક પ્રકારની વિદ્યા.

मिच्छ. पुं० (म्लेच्छ) અનાર્ય; ભિલ્લ; મ્લેચ્છ.

मिच्छ. त्रि० (मिथ्या) મિથ્યાત્વી; મિથ્યાદૃષ્ટિ; સત્યપર વિશ્વાસ નહિ રાખનાર. (२) મિથ્યાત્વ; વિપરીત માન્યતા. (३) મિથ્યાત્વ નામે મોહનીય કર્મની એક પ્રકૃતિ. (४) મિથ્યાત્વ નામે પ્રથમ ગુણસ્થાન. (५) न० અસત્ય વચન.

मिच्छकार. पु० (मिथ्याकार) સાધુને કંઇ પણ દોષ લાગે ત્યારે મિચ્છામિદુક્કડં લેવું તે; સામાચારીનો સાતમો પ્રકાર.

मिच्छजाइ. स्त्री० (मिथ्याजाति) અનાર્યજાતિ.

मिच्छत्त. न० (मिथ्यात्व) મિથ્યાત્વ મોહનીયના ઉદયથી વિપરીત શ્રદ્ધા-માન્યતા થાય તે. (२) વિનાશિપણું; ખોટાપણું. (३) સત્ય ધર્મનો અવિશ્વાસ.

मिच्छत्तकिरिया. स्त्री० (मिथ्यात्वक्रिया) વિપરીત શ્રદ્ધાનરૂપ જીવ વ્યાપાર; મિથ્યાત્વથી લાગતી ક્રિયા-કર્મબંધ.

मिच्छत्तमोहणिज्ज. न० (मिथ्यात्वमोहनीय) દર્શન મોહનીયની એક પ્રકૃતિ કે જે ચોઠાણીયા રસવાળી અશુદ્ધ દલિયારૂપ હોય છે.

मिच्छत्तवेयग. त्रि० (मिथ्यात्ववेदक) મિથ્યાત્વ વેદનાર; મિથ્યાદૃષ્ટિ.

मिच्छदंसण. न० (मिथ्यादर्शन) મિથ્યાત્વ દર્શન; અસન્માન્યતા.

मिच्छदिट्ठि. त्रि० (मिथ्यादृष्टि) મિથ્યાદૃષ્ટિ; ખોટી માન્યતાવાળો

मिच्छप्पिय. न० (म्लेच्छप्रिय) લસણ.

मिच्छा. अ० (मिथ्या) અસત્ય; ખોટું. (२) વિપરીત. (३) નિષ્ફળ. (४) મિથ્યાત્વ; વિપરીત શ્રદ્ધાન.

मिच्छाकार. पु० (मिथ्याकार) મિચ્છામિ દુક્કડં લેવું તે.

मिच्छादंड. पु० (मिथ्यादण्ड) નિષ્પ્રયોજન આત્મા દંડાય તે.

मिच्छादंसण न० (मिथ्यादर्शन) અતત્ત્વમાં તત્ત્વનું જ્ઞાન; વિપરીત બુદ્ધિ.

मिच्छादंसणवत्तिया. स्त्री० (मिथ्यादर्शनप्रत्यया) અસત્ય દર્શન સેવવાથી કર્મબંધ થાય તે.

मिच्छादंसणसल्ल. न० (मिथ्यादर्शनशल्य) વારંવાર મિથ્યા દર્શનથી અન્તઃકરણમાં શલ્ય સમાન દુઃખ દે તે; ૧૮ મું પાપ સ્થાનક.

मिच्छादिट्ठि. त्रि० (मिथ्यादृष्टि) મિથ્યાદૃષ્ટિ; વિપરીત દૃષ્ટિવાળો; મિથ્યાત્વી.

मिच्छादिट्ठिय. त्रि० (मिथ्यादृष्टिक) જેની દૃષ્ટિ મિથ્યાત્વ યુક્ત હોય તે.

मिच्छाणाण. न० (मिथ्याज्ञान) અસત્યજ્ઞાન; અજ્ઞાન.

मिच्छासुय. न० (मिथ्याश्रुत) અસત્ય શાસ્ત્ર; મિથ્યાદૃષ્ટિ પ્રણીત શાસ્ત્ર.

मित. त्रि० (मित) પ્રમાણપૂર્વક થયેલું હોય તે; પરિમિત; મર્યાદિત.

मित. त्रि० (मृत) મરી ગયેલ.

मितपिंड. पुं० (मृतपिण्ड) મૃતકની પાછળ ત્રીજે કે નવમે દિવસે શ્મશાનમાં પિંડ અર્પણ કરવામાં આવે તે.

मितवादि. त्रि० (मितवादिन्) જીવ અંગુઠાના પર્વ સમાન છે એવા મતવાળો.

मित्त. पुं० न० (मित्र) મિત્ર; દોસ્ત. (२) અનુરાધા નક્ષત્રનો અધિષ્ઠાતા દેવતા. (३) નવ નિધાનમાંનું એક. (४) ત્રીજા મુહૂર્તનું નામ.

मित्तकेसी. स्त्री० (मित्रकेशी) રૂચક પર્વતપર રહેનારી એક દિશાકુમારી દેવી.

मित्तगा. स्त्री० (मित्रका) બલીંદ્રના લોકપાળ સોમની અગ્રમહિષી.

मित्तणंदि. पु० (मित्रनन्दिन्) એક રાજાનું નામ.

मित्तदाम. पुं० मित्रदामन्) ગઇ ઉત્સર્પિણી કાળના પ્રથમ કુલકરનું નામ.

मित्तदोसवत्तिय. न० (मित्रदोषप्रत्ययिक) મિત્રાદિ સંબંધી જનનો થોડો અપરાધ થતાં તેને ભારે શિક્ષા કરવાથી લાગતી ક્રિયા; દશમું ક્રિયાસ્થાનક.

मित्तणिहि. पु (मित्रनिधि) મિત્ર નામે નિધાન.

मित्तवाहण. पुं० (मित्रवाहन) આવતી ઉત્સર્પિણીમાં થનાર પ્રથમ કુલકરનું નામ.

मित्तसिरी. पुं० (मित्रश्री) એ નામનો એક શ્રાવક.

मित्ता. स्त्री० (मात्रा) પરિમાણ.

मित्तिज्ज. न० (मैत्रेय) વત્સગોત્રની શાખા (૨) ત્રિ૦ તે શાખામાં જન્મેલ.

मित्ती. स्त्री० (मैत्री) મિત્રતા; દોસ્તી.

मिदुर. त्रि० (मेदुर) સ્નિગ્ધ; ચીકણું. (૨) કોમળ; લિસ્સું.

मिप्पिंड. पुं० (मृत्पिण्ड) માટીનો પીંડો.

मिम्मय. त्रि० (मृन्मय) માટીનું.

मिय. पु० (मृग) હરિણ; મૃગલો (૨) વનસ્પતિ વિશેષ. (૩) શરીરે કૃશ અને બીકણ મૃગ જાતનો હાથી. (૪) પામર; અજ્ઞ; પશુ.

मिय. त्रि० (मृत) મરેલ.

मिय. त्रि० (मित) પરિમિત; મર્યાદિત; માનોપેત; નિયમિત.

मियंक. पुं० (मृगाङ्क) મૃગના ચિન્હવાળું ચંદ્રનું વિમાન.

मियग. त्रि० (मृतक) મરેલું; જીવરહિત થયેલ.

मियगंध. त्रि० (मृगगन्ध) મૃગમદ-કસ્તુરી જેવી ગંધવાળુ. (૨) દેવકુરૂ ઉત્તરકુરૂના મનુષ્યોની એક જાત.

मियग्गाम. पु० (मृगग्राम) એ નામનું એક ગામ.

मियचक्क. न० (मृगचक्र) જંગલના પ્રાણીઓ ગામમા-વસતિમાં આવે તેનું ફળ જાણવાની વિદ્યા

मियलोमिय. न० (मृगलोमिक) મૃગના વાળનું બનાવેલ સૂત્ર.

मियवण. न० (मृगवन) વીતીભય નગરીની બહાર ઇશાન ખુણામાં આવેલ એ નામનું એક ઉદ્યાન.

मियवाइ. त्रि० (मितवादिन्) આત્મા આદિ પદાર્થોને પરિમિત માનનાર.

मियवाहण. पु० (मृगवाहन) આગામી ઉત્સર્પિણીમાં થનાર પ્રથમ કુલકર.

मियवीहि. स्त्री० (मृगवीथि) શુક્ર ગ્રહની એક પ્રકારની ગતિ.

मियसिर. न० (मृगशिरस्) એ નામનું એક નક્ષત્ર.

मिया. स्त्री० (मृगा) બલભદ્ર રાજાની રાણી; મૃગાપુત્રની માતા. (૨) એક રાજાની રાણી; મૃગાલોઢીઆની મા.

मियाउत्त. पुं० (मृगापुत्र) મગારાણીનો પુત્ર.

मियापुत्त. पु० (मृगापुत्र) બલભદ્ર રાજાનો કુમાર, જેનું અપર નામ બલશ્રી હતું અને ઘણા વૈરાગ્યથી જેણે દીક્ષા લીધી હતી. (૨) વિપાક સૂત્રના પ્રથમ અધ્યયનનું નામ.

मियावई. स्त्री० (मृगावती) પ્રથમ વાસુદેવની માતા. (૨) રાજા શતાનીકની પટ્ટરાણીનું નામ.

मिरिय. पुं० न० (मरिच) મરી; તિક્ખાનું ઝાડ. (૨) મરચાં.

मिलक्खु. पु० न० (म्लेच्छ) અનાર્ય; મ્લેચ્છ.
मिलण न० (मिलन) મળવું; ભેટવું.
मिलाण. त्रि० (म्लान) સુકાઇ ગયેલ; કરમાઇ ગયેલ.
मिलिक्खु. पुं० (म्लेच्छ) અનાર્ય; મ્લેચ્છ.
मिलिय. त्रि० (मिलित) મળેલું.
मिलेच्छ. पुं० (म्लेच्छ) અનાર્ય.
मिळेव. पु० (मृल्लेप) માટીનો લેપ.
मिव. अ० (इव) સમાન અર્થમાં વપરાતું ઉપમા વાચી અવ્યય.
मिसोल. पु० ( ) નાટ્યનો એક ભેદ.
मिस्स. त्रि० (मिश्र) મળેલ; મિશ્રણ થએલ. (૨) न० ત્રીજું મિશ્ર ગુણસ્થાનક.
मिस्सकाल. पुं० (मिश्रकाल) મિશ્રકાળ; અમુક ગતિમાં અમુક સમયે જીવ સમૂહ હોય તેમાંથી થોડા નીકળી ગયા હોય અને થોડા બીજા નવા ઉપજ્યા હોય તે મિશ્રકાળ.
मिस्सकेसी. स्त्री० (मिश्रकेशी) ઉત્તર દિશાના રૂચક પર્વતપર વસનારી આઠ દિશાકુમારી માંની બીજી.
मिस्सजाइय. न० (मिश्रजातिक) સાધુ અને ગૃહસ્થ બન્ને માટે બનાવેલ આહારાદિ લેવાથી સાધુને લાગતો એક દોષ.
मिस्सिय. त्रि० (मिश्रित) પરસ્પર મળી ગયેલું.
मिहिला. स्त्री० (मिथिला) એ નામની પ્રસિદ્ધ વિદેહ દેશની નગરી.
मिहु. अ० (मिथस्) પરસ્પર.
मिहुण. न० (मिथुन) જોડી; જોડલું. (૨) સ્ત્રી અને પુરૂષની જોડ.
मिहो. अ० (मिथस्) પરસ્પર; અન્યોન્ય.
मीण. पुं० (मीन) માછલું.
मीयगा. स्त्री० (मेनका) વૈરોચનેંદ્રની પ્રથમ અગ્રમહિષી.
मीस. त्रि० (मिश्र) પરસ્પર મળી ગયેલું; ભેળસેળ. (૨) મિશ્રસ્કંધ-લશ્કર વિગેરે. (૩) અનુગામી અને અનાનુગામીરૂપ મિશ્ર અવધિજ્ઞાન. (૪) ત્રીજું મિશ્ર ગુણસ્થાન. (૫) મિશ્ર મોહનીય; દર્શન મોહનીયની એક પ્રકૃતિ. (૬) મિશ્રયોગ; ઉદારિકાદિ બે શરીરનો સાથે વ્યાપાર.
मीसकाल. पुं० (मिश्रकाल) જુઓ "मिस्सकाल" શબ્દ.
मीसजाय. पुं० (मिश्रजात) જુઓ "मिस्सजाइय" શબ્દ.
मीसवइप्पओग. पु० (मिश्रवाक्प्रयोग) મિશ્રવચન યોગ; સત્ય અસત્ય મિશ્રિત વચન વ્યાપાર.
मीसापरिणय. त्रि० (मिश्रपरिणत) મિશ્રભાવે પરિણત પુદ્ગળ; જે પુદ્ગળ જીવે લઇને છોડયા છે તે જ્યાં સુધી અન્ય ભાવને પામ્યા ન હોય ત્યાં સુધી મિશ્ર પરિણત.
मीसिय. त्रि० (मिश्रित) પરસ્પર મળી ગયેલું.
मीसीकय. त्रि० (मिश्रीकृत) મિશ્ર કરેલ.
मीसीभाव. पु० (मिश्रीभाव) ભેળસેળ; એકત્રપણું.
मुअंग. पु० (मृदङ्ग) મૃદંગ; ઢોલક.
मुअम्मा. पु० ( ) મિથ્યાજ્ઞાન.
मुइ. त्रि० (मोचिन्) છોડનાર.
मुइअ त्रि० ( ) યોનિશુદ્ધ; નિર્દોષ માતાવાળો.
मुइअ. त्रि० (मुदित) પ્રસન્ન; ખુશી થએલ.
मुइंग. पुं० (मृदङ्ग) ઢોલક; તબલા. (૨) બાર દેવલોકના દેવતાના અવધિજ્ઞાનનો આકાર.
मुइंगपुक्खर. पुं० न० (मृदङ्गपुष्कर) મૃદંગનો ઉપરનો ભાગ.
मुइंगलिया. स्त्री० ( ) કીડી; મંકોડી.
मुइंगा. स्त्री० ( ) કીડી.

मुउल. त्रि० (मुकुल) અલ્પ વિકસ્વર; થોડું ખીલેલું.

मुंज. પું० ન० (मुञ्ज) એક પ્રકારનું ઘાસ.

मुंजइ. ન० (मौञ्जकिन्) ગોત્ર વિશેષ. (૨) પું० સ્ત્રી० તે ગોત્રમાં ઉત્પન્ન થયેલ.

मुंजकार. ત્રિ० (मुञ्जकार) મુંજ ઘાસની દોરડી બનાવનાર.

मुंजपाउयार. પું० (मुञ्जपादुकार) મુંજ નામના ઘાસની પાદુકા, ચટાઇ, દોરડી વગેરે કારીગરી કરનાર.

मुंजपिच्चिय. ત્રિ० (मुञ्जपिच्चित) કુટીને પિચ્છા જેવું બનાવેલ મુંજનું રજોહરણ.

मुंड. પું० ન० (मुण्ड) દ્રવ્યથી મસ્તકનો લોચ કરી, ભાવથી પરિગ્રહનો ત્યાગ કરી દીક્ષા લેવી તે; દીક્ષિત થવું તે. (૨) ખુંટો; પશુને બાંધવાનો ખીલો. (૩) ત્રિ० કુંઠિત; અતીક્ષ્ણ.

मुंडकुडुंबि. પું० (मुण्डकुटुम्बिन्) બૌદ્ધમતના સાધુ.

मुंडण. ન० (मुण्डन) મુંડન; મુડાવવું.

मुंडपरसु. પું० (मुण्डपरशु) તીક્ષ્ણ કુહાડો.

मुंडाविय. ત્રિ० (मुण्डित) મુડાવેલો.

मुंडि. ત્રિ० (मुण्डिन्) માથે મુંડો કરનાર; મુણ્ડન કરનાર.

मुंडिय. ત્રિ० (मुण्डित) મુડાવેલ.

मुंडिया. ન० (मुण्डत्व) મુંડપણું; મસ્તક મુડાવનારનો ભાવ.

मुकुल. ન० (मुकुल) થોડુ ઉઘડેલ; થોડી ખીલેલ કળી. (૨) વનસ્પતિ વિશેષ.

मुक्क. ત્રિ० (मुक्त) છોડી દિધેલ; છુટી ગયેલ; મુકાએલ. (૨) પું० કર્મથી છુટેલ; મુક્તાત્મા; સિદ્ધ.

मुक्कपक्ख. ત્રિ० (मुक्तपक्ष) મુક્ત-ખુલ્લી પાંખવાળો.

मुक्कमउड. પું० (मुक्तमुकुट) બે હાથે ઉંચો કરેલ મુગટ; બે હાથની ઉંચાઇનું પરિમાણ.

मुक्कलया. ( ) સ્વતન્ત્ર; સ્વાધીન.

मुक्कावली. સ્ત્રી० (मुक्तावली) મુક્તાવલી હાર.

मुक्केलग. ત્રિ० } (मुक्त) જીવે લઇને મુ-
मुक्केलय. } કેલ; જીવે જન્માંતરમાં તજેલ.

मुक्ख. પું० (मोक्ष) મોક્ષ; કર્મથી સર્વથા છુટકારો; નવ તત્ત્વમાનું નવમું તત્ત્વ.

मुख. ન० (मुख) મુખ; મોં. (૨) વાજીંત્રની એક જાત. (૩) ગાડીનું ઢાંકણું.

मुखवीणिय. ત્રિ० (मुखवैणिक) મુખથી વીણા જેવો શબ્દ કરનાર.

मुगुंद. પું० (मुकुन्द) દિવ્ય વાજિત્ર. (૨) બળદેવ. (૩) વિષ્ણુ.

मुगुंसा. સ્ત્રી० ( ) ભુજપરિસર્પની એક જાત; છછુંદર.

मुगुंसिया. સ્ત્રી० ( ) છછુંદર.

मुग्ग. પું० (मुद्ग) મગ; એક પ્રકારનું ધાન્ય.

मुग्गपण्णी. સ્ત્રી० (मुद्गपर्णी) વનસ્પતિ વિશેષ; સાધારણ વનસ્પતિની એક જાત.

मुग्गर. પું० (मुद्गर) હથોડા જેવુ એક પ્રકારનું આયુધ. (૨) વૃક્ષ વિશેષ.

मुग्गल. પું० (मुद्गल) ચિત્રકુટ પર્વતનું નામ.

मुच्छणा. સ્ત્રી० (मूर्च्छना) જેથી રાગ વ્યાપ્ત થાય અને શ્રોતા મૂર્ચ્છિત થાય તેવી સ્વરની ક્રમથી આરોહ અવરોહ રીતિ; ગાયનનું એક અંગ.

मुच्छा. સ્ત્રી० (मूर्च्छा) મૂર્છા; બેશુદ્ધિ. (૨) વસ્તુને રક્ષા કરવાની ચિંતા. (૩) અવાજની મધુરતા; મૂર્ચ્છના. (૪) પ્રીતિ; ગૃદ્ધિ; આસક્તિ. (૫) લોભ; મમતાનો પર્યાય.

मुच्छिय. ત્રિ० (मूर्च्छित) મૂર્ચ્છિત થએલ; આસક્ત થએલ.

मुट्ठ. ત્રિ० (मुष्ट) ચોરાએલું.

मुट्ठि. પું० સ્ત્રી० (मुष्टि) મુઠ્ઠી; મુંઠ.

मुट्ठिय. ત્રિ० (मौष्टिक) મુઠ્ઠીથી લડનાર; મુષ્ટિ

मल्लादि. (२) न्हानो घण; લુહારનું એક સાધન. (૩) એ નામના દેશમાં રહેનાર. (૪) એક મલ્લ કે જેને બળદેવે માર્યો હતો. (૫) મુષ્ટિ સંબંધી.

मुडमाल. પું० ( ) માઢમેડી.

मुणाल. પું० न०. (मृणाल) કમળની નાળ; કમળની ડાંડલી. (૨) પદ્મકેશર; કમળતંતુ.

मुणालिया. स्त्री० (मृणालिका) કમળની નાળ. (૨) કમળતંતુ; પદ્મકેશર.

मुणि. પું० (मुनि) મુનિ; ઋષિ; સાધુ.

मुणित. } त्रि० (ज्ञात) જાણેલું.
मुणिय. }

मुणिवेजयंत. પુ० (मुनिवैजयन्त) મુનિ પ્રધાન; શ્રેષ્ઠ મુનિ.

मुणिसुव्वय. પુ० (मुनिसुव्रत) જંબુદ્વીપના ભરતખંડના ચાલુ ચોવીસીના વીશમા તીર્થંકરનુ નામ. (૨) આવતી ચોવીસીના ૧૧ મા તીર્થંકર.

मुत्त. त्रि० (मुक्त) છૂટેલ; સ્વતંત્ર થયેલ; કર્મબંધનથી મુક્ત થયેલ.

मुत्त. न० (मूत्र) મૂત્ર; પેશાબ.

मुत्त. त्रि० (मूर्त) મૂર્તિમાન્; સાકાર.

मुत्ता. स्त्री० (मुक्ता) મોતી.

मुत्ताजाल. न० (मुक्ताजाल) મોતીના સમૂહથી બનેલ આભરણ વિશેષ.

मुत्तादाम न० (मुक्तादामन्) મોતીની માળા; મોતીનો હાર.

मुत्तालय. પું० (मुक्तालय) સિદ્ધશિલાનું નામ.

मुत्तावलि. स्त्री० (मुक्तावलि) મુક્તાવલી હાર. (૨) તપ વિશેષ.

मुत्तावलिपविभत्ति. પુ० (मुक्तावलिप्रविभक्ति) મુક્તાવલિની વિશેષ રચનાથી યુક્ત નાટક.

मुत्तावलिहार. પું० (मुक्तावलिहार) મુક્તાવલી હાર.

मुत्तावली. स्त्री० (मुक्तावली) મોતીનો હાર.

मुत्तावेयालिय. त्रि० (मुक्तावैचारिक) મોતીનો વ્યાપારી; ઝવેરી.

मुत्तासुत्ति. स्त्री० (मुक्ताशुक्ति) બન્ને હાથનો સંપુટ કરી લલાટ પ્રદેશે લગાડવા તે; મુદ્રાનો એક પ્રકાર.

मुत्ति. त्रि० (मूत्रिन्) બહુમૂત્ર રોગવાળો.

मुत्ति. स्त्री० (मूर्त्ति) આકાર; આકૃતિ. (૨) શરીર; દેહ. (૩) મૂર્ત પદાર્થ; આકારવાળી વસ્તુ.

मुत्ति. स्त्री० (मुक्ति) મોક્ષ; કર્મબંધથી છૂટકારો. (૨) સિદ્ધશિલા. (૩) નિર્લોભતા; તૃષ્ણાનો અભાવ. (૪) નિસ્સંગતા.

मुत्तिय. न० (मौक्तिक) મોતી.

मुत्तोली. स्त्री० (मुक्तोली) નીચે ઉપર સાંકડી અને વચમાં થોડી પહોળી કોઠી; ધાન્ય ભરવાનું સાધન.

मुदृगा. પું० ( ) અવગાહના ક્ષેત્રની અંદરના અને બહારના પુદ્ગળ લઇ વૈક્રિય શરીર બનાવનાર જીવ.

मुदा. स्त्री० (मुद्) હર્ષ; ખુશી.

मुदागर. त्रि० (मुत्कर) હર્ષજનક.

मुदित. त्रि० (मुदित) હર્ષિત

मुदुग. પુ० ( ) જળજન્તુની એક જાતિ.

मुद्दग. પું० (मुद्रक) એ નામનો ગુચ્છો.

मुद्दया. स्त्री० (मुद्रिका) વીંટી; મુદ્રિકા.

मुद्दा. स्त्री० (मुद्रा) વીંટી; અંગુઠી. (૨) સિક્કો; નામાક્ષર યુક્ત છાપ. (૩) સોના રૂપાનું નાણું. (૪) એક પ્રકારની યોગ મુદ્રા.

मुद्दिय. त्रि० (मुद्रित) છાપેલ; મુદ્રાંકિત કરેલ. (૨) છાણ માટીનો લેપ કરી મુદ્રિકા બંધથી બાંધેલું.

मुद्दियबंध. પુ० (मुद्रितबन्ध) ભાંગી ગયેલ પાત્રાદિકને સામસામે દોરાનો બંધ દેવો તે; તુટેલું જોડવું તે.

मुद्दिया. स्त्री० (मुद्रिका) વીંટી; અંગુડી. (૨) મહોર છાપ; બંધ કરી સીલ મારવું તે.

मुद्दिया. स्त्री० (मृद्वीका) દ્રાક્ષ; ધરાખ. (૨) દ્રાક્ષની વેલ.

मुद्दियासार. पुं० (मृद्वीकासार) દ્રાક્ષાનો રસ; મદિરા.

मुद्ध. त्रि० (मुग्ध) મૂઢ; અજ્ઞાત; મોહિત. (૨) સુન્દર; રૂપાળું.

मुद्ध. पुं० (मूर्द्धन्) મસ્તક; માથુ.

मुद्धा. स्त्री० (मुग्धिका) બાળા; મુગ્ધા.

मुद्धय. पुं० (मूर्द्धज) કેશ; બાલ.

मुद्धसूल न० (मूर्द्धशूल) માથાનો એક જાતનો રોગ.

मुद्धागय. त्रि० (मूर्द्धगत) મસ્તકે ધારણ કરેલ.

मुद्धाण. पु० (मूर्द्धन्) મસ્તક; માથું.

मुद्धाभिसित्त पुं० }
मुद्धाहिसित्त. त्रि० } (मूर्द्धाभिषिक्त) રાજાનો અભિષેક થયેલ.

मुम्मुय. त्रि० (मूकमूक) અતિશય મુંગો; અસ્પષ્ટ બોલનાર.

मुम्मुर. पुं० (मुर्मुर) અર્ધ બુઝાએલ અગ્નિનો તણખો.

मुम्मुही. स्त्री० (मुन्मुखी) મનુષ્યની દશ દશાઓમાંની નવમી દશા.

मुय. त्रि० (स्मृत) યાદકરેલ.

मुय. त्रि० (मृत) મરી ગયેલ.

मुयंग. पुं० (मृदङ्ग) મૃદંગ; ઢોલક.

मुयंगलिया. स्त्री० (मृतङ्गलिका) કીડી.

मुयण. न० (मोचन) છોડવું.

मुरज. पुं० }
मुरय. } (मुरज) મ્હોટો તબલો; ઢોલક; મૃદંગ.

मुरव. पुं० (मुरज) ઢોલક; મૃદંગ. (૨) અગ વિશેષ; ગલઘંટિકા.

मुरवि. स्त्री० (मुरवि) આભરણ વિશેષ.

मुरिय. पुं० (मौर्य) મોર્યવંશ.

मुरुंड. पुं० (मुरुण्ड) મુરૂંડ નામનો એક અનાર્ય દેશ (૨) त्रि० તે દેશમાં રહેનાર. (૩) પાદલિપ્તસૂરિએ પ્રતિબોધ પમાડેલ એક મધ્યકાલીન રાજાનું નામ.

પાળનું નામ. (૬) વરૂણ નામે એક ગાથાપતિ. (૭) વરૂણ નામે વીસમુ મુહૂર્ત. (૮) પંદરમું મુહૂર્ત. (૯) લોકાન્તિક દેવતાની એક જાત. (૧૦) મુનિસુવ્રત સ્વામીના યક્ષનું નામ. (૧૧) એક જાતનું વૃક્ષ.

वरुणकाइय. पुं०. (वरुणकायिक) વરૂણ જાતિના દેવ.

वरुणदेवकाइय. पु० (वरुणदेवकायिक) વરૂણ દેવોનો સમૂહ.

वरुणप्पभा. स्त्री० (वरुणप्रभा) વરૂણ દ્વીપના દેવતાનું નામ.

वरुणवर. पु० (वरुणवर) એ નામનો દ્વીપ.

वरुणा. स्त्री० (वरुणा) વરૂણ લોકપાળની રાજધાની.

वरुणोद. पुं० (वरुणोद) એ નામનો સમુદ્ર.

वरुणोववाअ. पु० (वरुणोपपात) એ નામનું એક કાલિક સૂત્ર.

वल. न० (वलन) વાળવુ-મરડવુ તે.

वलक्ख. पु० (वलक्ष) આભરણ વિશેષ. (૨) ટીંગાડવાની સાંકળ.

वलभी. स्त्री० (वलभी) વળી. (૨) છજું; છાપરૂં.

वलय. न० (वलय) બલોયું; ચૂડી, કડું. (૨) સંસાર. (૩) જ્યાં પાણી વલયને આકારે વહેતું હોય તે પ્રદેશ. (૪) બલોયાની આકૃતિ. (૫) વક્રતા; કપટ; માયા. (૬) કેતકી, કેળા વગેરે કે જેની છાલ ગોળાકાર હોય છે. (૭) પ્રત્યેક નરકને ફરતું ઘનોદધિ વગેરેનું વેષ્ટન કે જે વલયાકારે છે.

वलय. पुं० (वलक) લાંબું લાકડું. (૨) त्रि० વાળનાર; મરડનાર.

वलयमरण. न० (वलन्मरण) સંયમથી ભ્રષ્ટ થઇ-પરિષહથી પરાજીત થઇ મરે તે; એક પ્રકારનું બાળમરણ.

वलया. स्त्री० (वडवा) ઘોડી.

वलयामुह. पुं० (वडवामुख) લવણ સમુદ્રમાંનો પૂર્વ દિશાનો પાતાળ કળશો. (૨) સમુદ્રની આગ; વડવાનળ.

वलयायय. त्रि० (वलयायत) વલયાકાર અને લાંબું; લબગોળ.

वलि. स्त्री० (वलि) ચામડીની કરચલી.

वलिअ. न० (पलित) ધોળા કેશ.

वलित. त्रि० } (वलित) વળેલું.
वलिय. }

वलिय. पु० स्त्री० (वलिक) પેટ ઉપર પડતી ત્રણ કરચલી.

वलियपविभत्ति. पुं० (वलिकप्रविभक्ति) આવલિની વિશેષ રચનાવાળુ નાટક.

वल्ल. पु० (वल्ल) વાલ; ધાન્ય વિશેષ.

वल्लकी. स्त्री० (वल्लकी) વીણા.

वल्लर. पु० न० (वल्लर) ગાઢ જંગલ; ગહન પ્રદેશ. (૨) વનસ્પતિ વિશેષ.

वल्लरी. स्त्री० (वल्लरी) વલ્લરી નામનુ વાજિત્ર.

वल्लह. पु० (वल्लभ) વલ્લભ-પ્રિય; પતિ. (૨) त्रि० પ્યારૂ; વ્હાલુ.

वल्लि. स्त्री० (वल्लि) વેલ; લતા.

वल्ली. स्त्री० (वल्ली) જુઓ "વલ્લિ" શબ્દ.

वल्लीमूलथंभ. पु० (वल्लीमूलस्तंभ) એક જાતનુ ઘાસ.

ववएस. पु० (व्यपदेश) કથન.

ववगय. त्रि० (व्यपगत) ગયેલું; દૂર થયેલું. (૨) રહિત.

ववणीअ. त्रि० (व्यपनीत) ગયેલું; દૂર કરેલ.

ववदेस. पुं० (व्यपदेश) વ્યવહાર.

ववरोवण. न० (व्यवरोपण) નાશ.

ववरोविअ. पुं० (व्यवरोपित) નાશ કરેલ; પ્રાણરહિત કરેલ.

ववंस. पुं० (ववंस) એ નામે પર્વગ જાતનું વૃક્ષ.

ववसाय. પું० (व्यवसाय) વ્યાપાર; રોજગાર. (૨) નિર્ણય; નિશ્ચય.

ववसायसभा. स्त्री० (व्यवसायसभा) ચમરચચા રાજધાનીની એ નામની એક સભા. (૨) વિજયદેવતાને વિચાર કરવાની સભાનું નામ. (૩) સૂર્યાભદેવતાનુ પુસ્તકાલય-પુસ્તક રાખવાનું સ્થાન.

ववसिय. त्रि० (व्यवसित) નિર્ણય કરેલું.

ववहार. પુ० (व्यवहार) ભાગાકાર; ગણિતનો એક પ્રકાર.

ववहार. પું० (व्यवहार) લોકોમાં ચાલતી લોકરૂઢિ; સામાન્ય પ્રવર્તન. (૨) શાસ્ત્રવિહિત મર્યાદા; બાહ્ય આચરણ. (૩) પ્રવૃત્તિ; વ્યાપાર. (૪) પ્રાયશ્ચિત્ત. (૫) વ્યવસ્થા. (૬) આગમવ્યવહાર, શ્રુતવ્યવહાર, આજ્ઞાવ્યવહાર, ધારણા વ્યવહાર અને જીતવ્યવહાર, એ પાંચ વ્યવહાર. (૭) વ્યવહાર નામે એક છેદસૂત્ર. (૮) વ્યપદેશ; શબ્દપ્રવૃત્તિ. (૯) વિશેષ પર્યાયોને પ્રાધાન્ય આપી લોકવ્યવહારને અનુસરનાર સાત નયમાંનો ત્રીજો નય.

ववहारक्खेवणी. स्त्री० (व्यवहाराक्षेपणी) વ્યવહાર-પ્રાયશ્ચિત્ત, તે સમ્બન્ધી આકર્ષક કથા; વ્યવહારસૂત્રનું કથા રૂપે વાંચન.

ववहारग. પું० (व्यवहारक) દેતી લેતી કરનાર; વ્યવહારી.

ववहारि. त्रि० (व्यवहारिन्) વ્યવહારવાળો; વ્યવહારોપયોગી.

ववहारिअ. त्रि० (व्यवहार्य) વ્યવહારને યોગ્ય.

ववेय. त्रि० (व्यपेत) દૂર કરેલ.

वस. त्रि० (वश) આધીન; તાબેદાર.

वसंगय. त्रि० (वशंगत) વશ થયેલું.

वसंत. પું० (वसन्त) વસન્ત ઋતુ. (૨) ચૈત્ર મહિનાનું લોકોત્તર નામ.

वसंतअ. त्रि० (वसन्तज) વસતઋતુમાં ઉત્પન્ન થયેલ.

वसंतउ. પું० (वसन्तु) વસંતઋતુ.

वसंतमास. પું० (वसन्तमास) વસતઋતુના માસ; ફાલ્ગુન તથા ચૈત્ર.

वसंतलया. स्त्री० (वसन्तलता) માધવી લતા.

वसट्ट. त्रि० (वशार्त) વિષય પરતંત્ર થઇ પીડાએલ; ઇંદ્રિયને વશ થઇ પીડાતો.

वसट्टमरण. न० (वशार्तमरण) ઇંદ્રિયોને વશ થઇ પતંગીયાની પેઠે મરણ નિપજે તે; એક પ્રકારનું બાળમરણ.

वसण. [illegible]० (वृषण) અડકોશ, સુવાળીયા.

वसण. न० (व्यसन) કષ્ટ; દુઃખ; આફત.

वसण. न० (वसन) લુગડું; કપડું; વસ્ત્ર.

वसति. स्त्री० (वसति) મકાન; નિવાસસ્થાન.

वसभ. પું० (वृषभ) બળદ. (૨)त्रि० ઉત્તમ; શ્રેષ્ઠ; સમર્થ; ગીતાર્થ.

वसभपुच्छियंग. न० (वृषभपुच्छितांग) બળદના પુચ્છની સાથે બાંધીને શિક્ષા કરવી તે.

वसभवाहण. પુ० (वृषभवाहन) બળદનુ જેને વાહન છે તે બીજા દેવલોકનો ઇન્દ્ર.

वसभवीहि. स्त्री० (वृषभवीथि) શુક્રગ્રહની વૃષભ વીથિ-ગતિ વિશેષ.

वसभाणुजाअ. પુ० (वृषभानुजात)વૃષભાકારે-બળદને આકારે સૂર્ય, ચંદ્ર અને નક્ષત્રોનો યોગ થાય તે.

वसवत्ति. त्रि० (वशवर्तिन्) ઇંદ્રિયોને વશ કરનાર. (૨) પરવશ થયેલ.

वसह. પું० (वृषभ) બળદ. (૨) એક અહોરાત્રના ત્રીશ મુહૂર્તમાંના અઠ્ઠાવીસમા મુહૂર્તનું નામ. (૩) ઋષભદેવ સ્વામીનું લાંછન.

वसहपुच्छय. न० (वृषभपुच्छक) બળદને પુછડે બાંધીને કોઇને સજા કરવી તે.

वसहवाहण. પુ० (वृषभवाहन) જેનું વાહન બળદ છે તે-ઈશાનેન્દ્ર; બીજા દેવલોકનો ઇન્દ્ર.

वसहि. स्त्री० (वसति) વસવાનું-રહેવાનું સ્થાન; ઉપાશ્રય; ઘર.

वसहिपाल. त्रि० (वसतिपाल) ઉતારો સાચવનાર.

वसा. स्त्री० (वसा) ચરબી.

वसाणुग. त्रि० (वशानुग) વશ થઇને પાછળ ચાલનાર, આધીન થનાર.

वसिट्ठ. पु० (वाशिष्ठ) વશિષ્ઠગોત્ર. (२) त्रि० તે ગોત્રમાં જન્મેલ.

वसिट्ठ पु० (वशिष्ठ) દ્વીપકુમાર જાતના ભવનપતિ દેવનાનો ઇન્દ્ર. (२) પાર્શ્વનાથના એક ગણધર.

वसिट्ठकूड. पुं० (वशिष्ठकूट) સોમનસ વખારા પર્વતના સાત કૂટમાંનું સાતમું કૂટ.

वसिम. पु० ( ) જનનિવાસ સ્થાન; દેશ.

वसिय. त्रि० (उषित) રહેલુ.

वसीकय. त्रि० (वशीकृत) વશ કરેલ, આધીન બનાવેલ.

वसीकरण. न० (वशीकरण) શત્રુ, રાજા, સ્ત્રી વગેરે વશ થાય તેવું સાધન; મણિ, મંત્ર, ઔષધિ વગરે.

वसु. न० (वसु) ધન; સપત્તિ. (२) पु० વસુમિત્ર નામનો એક ગૃહસ્થ. (३) દેવ. (४) ધનિષ્ઠા નક્ષત્રનો અધિષ્ઠાતા દેવતા. (५) વસુ નામના ચૌદ પૂર્વધર આચાર્ય; તિષ્યગુપ્તના ગુરૂ. (६) એ નામનો એક રાજા કે જે એક વખત પણ અસત્ય-મિશ્ર વચન બોલ્યો તેથી તરત મરણ પામી સાતમી નરકમાં ગયો. (७) સાધુ; ત્યાગી. (८) સ્ત્રી० ઇશાનેન્દ્રની પહેલી તથા પાંચમી અગ્રમહિષી.

वसुंधरा. स्त्री० (वसुन्धरा) પૃથ્વી; જમીન. (२) નવમા ચક્રવર્તીની સ્ત્રી. (३) ચમરેન્દ્રના લોકપાળ સોમની ચોથી અગ્રમહિષીનું નામ. (४) વસુંધરા દેવી. (५) દક્ષિણ દિશાના રૂચક પર્વતપર વસનારી આઠ દિશાકુમારીમાંની છેલ્લી. (६) ઇશાનેન્દ્રના આઠમી અગ્રમહિષીનું નામ. (७) ઇશાનેન્દ્રની ચોથી અગ્રમહિષીનું નામ.

वसुगुत्ता. स्त्री० (वसुगुप्ता) ઇશાનેન્દ્રની બીજી અગ્રમહિષી (२) ઇશાનેન્દ્રની છઠ્ઠી અગ્રમહિષીનું નામ. (३) વસુગુપ્તાદેવી.

वसुदत्ता. स्त्री० (वसुदत्ता) વસુદત્તા નામની એક સ્ત્રી.

वसुदेव. पु० (वसुदेव) કૃષ્ણ મહારાજ તથા બળદેવજીના પિતા.

वसुपुज्ज पु० (वसुपूज्य) બારમા તીર્થંકરના પિતા.

वसुमई. स्त्री० (वसुमती) રાક્ષસના ભીમેન્દ્રની બીજી અગ્રમહિષી. (२) વસુમતી દેવી. (३) પૃથ્વી; જમીન.

वसुमंत. त्रि० (वसुमत) દ્રવ્યવાળો; ધન વાળો. (२) વસુ-સયમ-તદ્વાન્-સંયમી.

वसुमित्ता. स्त्री० (वसुमित्रा) ઇશાનેન્દ્રની ત્રીજી અગ્રમહિષી. (२) ઇશાનેન્દ્રની સાતમી અગ્રમહિષીનું નામ. (३) વસુમિત્રા દેવી.

वसुया. स्त्री० (वसुका) વસુકા દેવી.

वसुल. पुं० (वृषल) નપુંસક; પાવૈયો. (२) त्रि० શૂદ્ર. (३) નિન્દાકારી વા પ્રશંસાકારી સબોધન વચન.

वसुहा. स्त्री० (वसुधा) પૃથ્વી.

वसुहारा. स्त्री० (वसुधारा) દ્રવ્યની ધારા; સુવર્ણવૃષ્ટિ.

वस्स. त्रि० (वश्य) આધીન, પરવશ.

वह. पु० (वध) વધ કરવો; ખુન કરવું. (२) લાકડી વગેરેથી માર મારવો તે. (३) વધનો પરિષહ; સાધુના २२ પરિષહમાંનો એક.

वह. पुं० (वह) બળદની ખાંધ.

वहअ. } त्रि० (वधक) વધ કરનાર; ખુની.
वहक. }

वहग. त્રિ० (व्यथक) પીડા કરનાર.

वहण ન० (वहन) યાન-ગાડું, રથ, સગ્રામ વગેરે. (૨) ઉપાડવુ; લઈ જવુ. (૩) યાનપાત્ર; વહાણ, નાવા વગેરે.

वहण. ન० } (व्यथन) મારવુ; વધ કરવો.
वहणा. સ્ત્રી० }

वहावह. ત્રિ० (वधावह) પ્રાણી વધનો રસ્તો બતાવનાર.

वहित. ત્રિ० (अवहित) અવધારી જોયેલું.

वहिय. ત્રિ० (व्यथित) શસ્ત્ર પ્રહારથી વ્યથા પામેલ.

वहुवर. પું० (वधूवर) વહુ અને વર; સ્ત્રી અને પતિ.

वहू. સ્ત્રી० (वधू) વહુ; ધણીયાણી; પરણેલી સ્ત્રી. (૨) નવોઢા સ્ત્રીની પેઠે મસ્તક નમાવી કાઉસગ્ગ કરવાથી લાગતો એક દોષ.

वा. અ० (वा) અથવા; યદ્વા. (૨) અને; સમુચ્ચય.

वाइ. ત્રિ० (वादिन्) વાદી; વાદ કરનાર.

वाइअ. ત્રિ० (वाचिक) વચન સંબંધી; વાણી સંબધી.

वाइअ. ન० (वादित) વાજિત્ર વગાડવાની કળા.

वाइंगणी. સ્ત્રી० (वृन्ताकी) રીંગણી; શાક વનસ્પતિની એક જાત.

वाइत्त. ન० (वादित्र) વાજીંત્ર; તત, વિતત, ઘન અને શુષિર એ ચાર જાતના વાદ્યમાનું ગમે તે એક.

वाइद्ध. ત્રિ० (व्यादिग्ध) ઘણું દઢ; (૨) વાંકું. (૩) ઓછું આધકું બોલવુ.

वाइद्धक्खर. ન० (व्याविद्धाक्षर) હોય તે કરતાં ઓછું અધિકું બોલવું તે; જ્ઞાનનો એક અતિચાર.

वाइय. ન० (वादित) બજાવેલું. (૨) વાજાં; મૃદંગ, નગારાં વગેરે.

वाइय. ત્રિ० (वातिक) વાયુના રોગવાળો. (૨) પું० વાયુનો રોગ.

वाइय. ત્રિ० (वाचित) વંચાવેલ; શીખવેલ.

वाइय. ત્રિ० (वादिक) વાદ કરનાર.

वाउ. પું० (वायु) વાયરો; પવન. (૨) શ્વાસોચ્છ્વાસ. (૩) વાયુકાયના જીવ. (૪) એક અહોરાત્રના ત્રીસ મુહૂર્તમાંના [illegible] મુહૂર્તનું નામ. (૫) સ્વાતિ નક્ષત્રનો અધિષ્ઠાતા દેવતા. (૬) શક્રેંદ્રના ઘોડેસ્વાર લશ્કરનો અધિપતિ.

वाउअ. ત્રિ० (व्यापृत) યોજેલ; ગોઠવાયેલ.

वाउकाअ. પુ० (वायुकाय) વાયુકાય; પવન.

वाउकाइय. પું० (वायुकायिक) વાયુકાયના જીવ.

वाउकुमार. પુ० (वायुकुमार) ભવનપતિ દેવતાની નવમી જાતિ.

वाउक्कलिया. સ્ત્રી० (वातोत्कलिका) ધીમે ધીમે-ઠેરી ઠેરીને વાયરો વાય તે.

वाउक्काइय. પુ० (वायुकायिक) જુઓ "વાઉકાઇય" શબ્દ.

वाउक्काय. પુ० (वायुकाय) જુઓ "વાઉકાઅ" શબ્દ.

वाउड. ત્રિ० (प्रावृत) ઢાંકેલું.

वाउत्तरवडिंसग. પું० (वातोत्तरावतंसक) એ નામનું ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન.

वाउप्पवेस. પું० (वायुप्रवेश) જેમાંથી પવન આવે તે-ગોખ; હવાબારી.

वाउब्भाम. પું० (वायूद्भ्राम) વટોળીઓ; ઝંઝાવાત.

वाउभूइ. પુ० (वायुभूति) શ્રી મહાવીર સ્વામીના ત્રીજા ગણધરનું નામ.

वाउमंडलिया. स्त्री० (वायुमण्डलिका) સમુદ્રના પાણીને મંડળાકારે (વમળ) કરનાર તોફાની પવન.

वाउयाय. पुं० (वायुकाय) વાયુકાય; પવન.

वाउरिय. त्रि० (वागुरिक) હરણને પાસલાથી બાંધનાર; શિકારી; વાઘરી.

वाउल. त्रि० (व्याकुल) આકુળ વ્યાકુળ.

वाउलि. पु० (वातलिन्) તોફાની વાયુ; વંટોળીયો.

वाउल्ला. स्त्री० ( ) એ નામનો ગુચ્છો.

वाकरण. न० (व्याकरण) ઉત્તર; જવાબ.

वाकवासि. पु० (वल्कवासिन्) ઝાડની છાલનાં વસ્ત્ર પહેરનાર તાપસનો એક વર્ગ.

वाग. पु० (वल्क) ઝાડની ત્વચા–છાલ.

वागय न० (वल्कज) સણ આદિની છાલનું સૂત્ર.

वागरज्जु. स्त्री० (वल्करज्जु) ઝાડની છાલની દોરડી.

वागरण. न० (व्याकरण) વ્યાકરણશાસ્ત્ર; ભાષાના નિયમ દર્શાવનાર શાસ્ત્ર. (૨) પ્રત્યુત્તર; ખુલાસો; જવાબ.

वागरणी. स्त्री० (व्याकरणी) કોઇએ પણ પુછેલા અર્થનો ખુલાસો આપવાની ભાષા.

वागरिय. त्रि० (व्याकृत) ખુલાસો કરેલ. (૨) જવાબ આપેલ.

वागल. पुं० (वल्कल) વલ્કલ વસ્ત્ર; ઝાડની છાલનાં વસ્ત્ર.

वागलधर. त्रि० (वल्कलधर) વલ્કલવસ્ત્રને ધારણ કરનાર.

वागलवत्थ. पु० (वल्कलवस्त्र) ઝાડની છાલનાં વસ્ત્ર.

वागिड्डि. स्त्री० (वागृद्धि) વાણીરૂપ ઋદ્ધિ.

वागुरिय. त्रि० (वागुरिक) વાગુરા–મૃગબંધન પાશવડે મૃગોને બાંધનાર; વાઘરી; શિકારી.

वागुली. स्त्री० (व्याकुली) એ નામની એક વેલ.

वाघाइम. त्रि० (व्याघातिक) વ્યાઘાતજન્ય; આડખીલ–અંતરાયથી ઉત્પન્ન થયેલ.

वाघाइम. न० (व्याघातवत्) સિંહ, દાવાનળ વગેરેનો ઉપદ્રવ થાય ત્યારે સંથારો કરવામાં આવે તે.

वाघात. } **वाघाय.** } पुं० (व्याघात) વ્યાઘાત; અંતરાય; આડખીલ.

वाघायकर. त्रि० (व्याघातकर) અટકાયત કરનાર; અંતરાય પાડનાર.

वाजीकरण. पुं० (वाजीकरण) વીર્ય વધારવાનો ઉપાય દર્શાવનાર શાસ્ત્ર.

वाड. पुं० (वाट) વાડો; લત્તો; પાડો. (૨) કાંટાની વાડ.

वाडि. पु० (वाटि) કાંટાની વાડ.

वाणपत्थ. पु० (वानप्रस्थ) ગૃહસ્થાશ્રમ પુરો કરી એકલા અથવા સ્ત્રી સહિત વનમાં જઈ બ્રહ્મચર્ય પાળવું અને સાંસારિક કાર્યથી નિવૃત્ત થવુ તે; ચારમાંનો ત્રીજો આશ્રમ. (૨) त्रि० ત્રીજા આશ્રમમાં દાખલ થયેલ; વનમાં જઇ તપસ્યા કરનાર.

वाणमंतर. पु० (वानमंतर) તિર્છા લોકમા રહેનાર દેવોની એક જાત, વાણવ્યંતર જાતિના દેવતા.

वाणमंतरी. स्त्री० (वानमन्तरी) વાણવ્યંતરની દેવી; વાણવ્યંતરી.

वाणवंतर. पु० (वानव्यन्तर) વાણવ્યંતર જાતના દેવતા.

वाणह. पुं० (उपानह्) જોડા; પગરખાં; કાંટારખાં.

वाणारसी. स्त्री० (वाराणसी) કાશી; બનારસ.

वाणिज्ज. पुं० न० (वाणिज्य) વ્યાપાર; રોજગાર. (૨) સાત ચર કરણમાંનું છઠ્ઠું કરણ; ૧૧ કરણમાંનું છઠ્ઠું કરણ.

वाणिय. पुं० (वणिज्) વાણિયો; વેપારી.

वाणियग. पुं० (वाणिज्यक) વ્યાપાર. (૨) વ્યાપારી; વાણીઓ.

वाणियग्गाम. न० (वाणिज्यग्राम) એ નામનુ એક પ્રાચીન નગર

वाणी. स्त्री० (वाणी) વાણી, વચન.

वात पुं० (वात) વાયુ; પવન. (૨) વાયુ રોગ.

वातखंध. पुं० (वातस्कन्ध) વાયુના ખંધ; ઘનવાત, તનુવાત વગેરે.

वातपलिक्खोभा. स्त्री० (वातप्रतिक्षोभा) આઠ કૃષ્ણરાજીમાંની એક.

वातफलिहा. स्त्री० (वातपरिघा) આઠ કૃષ્ણરાજીમાંની એક.

वातायण. न० (वातायन) ગવાક્ષ; ગોખ.

वाति. न० (वाति) ફળ વિશેષ.

वातिंगणी. स्त्री० (वृन्ताकी) રીંગણી.

वातिक. } **वातिय.** } त्रि० (वातिक) વાયુના રોગવાળો. (૨) પું० વાયુનો રોગ.

वादकर. त्रि० (वादकार) વાદ વિવાદ કરનાર.

वादि. त्रि० (वादिन्) વાદવિવાદ કરનાર.

वाध. पु० (व्याध) શિકારી.

वानर. पुं० (वानर) વાંદરો; વાનર. (૨) ચોથા તીર્થંકરનું લાંછન.

वानरिया. स्त्री० (वानरी) વાંદરી.

वापी. स्त्री० (वापी) વાવ.

वाबाहा. स्त्री० (व्याबाधा) વિશેષ પીડા.

वाम. त्रि० (वाम) ડાબું; ડાબી બાજુનું. (૨) પ્રતિકૂળ, વિપરીત. (૩) પુ० ચાર હાથ; ધનુષ્ય; વામ.

वामंवामेणं. अ० (वामवामेन) ડાબેડાબો; પ્રતિકૂળમાં પ્રતિકૂળ રીતે.

वामण. पुं० (वामन) વામન સંઠાણ; કુબ્જથી વિપરીત લક્ષણવાળું સંઠાણ; છ સંઠાણમાનું એક. (૨) પાર્શ્વનાથજીના યક્ષનું નામ. (૩) ત્રિ० વામન; ઠીંગણો.

वामणिया स्त्री० (वामनिका) } **वामणी.** स्त्री० (वामना) } ઠીંગણી દાસી.

वामद्दण. न० (व्यामर्दन) પરસ્પર અંગો-ગાત્રાનું મરડવું તે.

वामलोकवादि. पु० (वामलोकवादिन्) વિપરીતપણે લોકનું સ્વરૂપ કહેનાર.

वामा. स्त्री० (वामा) ૨૩ મા તીર્થંકરની માતાનું નામ.

वामावत्त. पुं० (वामावर्त) ડાબી બાજુએ આવર્તવાળો શખ; ડાબો શખ.

वामूढ. त्रि० (व्यामूढ) વિશેષેકરી મૂર્ખ.

वाय. पु० (वाद) વાદવિવાદ; તકરાર.

वाय. पु० (वात) વાયુ; પવન. (૨) વાયુકુમાર નામે ભવનપતિ દેવતાની એક જાત. (૩) એ નામનું ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન. (૪) વાતરોગ, વાયુનો રોગ.

वाय. पु० (वल्क) ઝાડની છાલનુ વસ્ત્ર; વલ્કલ.

वायकंत. पुं० (वातकान्त) એ નામનું ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન.

वायकराह. पु० (वातकृष्ण) વત્સ ગોત્રની શાખા. (૨) ત્રિ० તે શાખાનો પુરૂષ.

वायकरग. पुं० (वातकरक) પાણી વિનાનું (ઠાલું) કરક-ભાજન વિશેષ; એક જાતનો ઘડો.

वायकूड. पु० (वातकूट) એ નામનુ ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન

वायग. पुं० (वाचक) ઉપાધ્યાય; શાસ્ત્રના વચાવનાર. (૨) પૂર્વધર; પૂર્વના જાણનાર.

वायजोग. पुं० (वाग्योग) વાણીનો યોગ-વ્યાપાર.

वायज्झय. पुं० (वातध्वज) વાતધ્વજ નામનું ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન.

वायणा. न० (वाचन) વાંચવું; કથા કરવી. (૨) એક જાતની વનસ્પતિ.

वायणाया. } स्त्री० (वाचना) શિષ્યને ગુરૂએ
वायणा. } શાસ્ત્ર વંચાવવું તે; શાસ્ત્રની વાંચણી; ધર્મધ્યાનનું પ્રથમ આલંબન.

वायणाअन्तेवासि. पु० (वाचनान्तेवासिन्) જેને અર્થ સાથે સૂત્ર ભણાવવામાં આવ્યાં હોય તેવો શિષ્ય.

वायणायरिय. पु० (वाचनाचार्य) અર્થસહિત સૂત્ર ભણાવનાર; વાચનાચાર્ય

वायणासंपया. स्त्री० (वाचनासम्पत्) વાચના-સંપદા; ઉંચું વાંચન.

वायनिसग्ग. पु० (वातनिसर्ग) અધોવાયુ છાડવો તે.

वायपरिक्खोभ. पु० (वातपरिक्षोभ) જેમાં વાયુ પણ ક્ષોભ પામે માટે કૃષ્ણરાજીનું એક નામ.

वायप्पभ. पु० } (वातप्रभ) એ નામનું ત્રીજા
वायप्पह. } ચોથા દેવલોકનું એક વિમાન.

वायफलिहक्खोभ. पु० (वातपरिखक्षोभ) વાયુને ભોગળની પેઠે ક્ષોભાવનાર હોવાથી તમસ્કાયનું એક નામ

वायफलिहा. स्त्री० (वातपरिखा) વાયુની ખાઇરૂપ હોવાથી કૃષ્ણરાજીનું એક નામ.

वायमंडलिका. स्त्री० } (वातमण्डलिका) વા-
वायमंडलिया. } વાઝોડું; મણ્ડળાકારે વાતો વાયુ.

वायय. पु० (वाचक) વાંચનાર, કથા કરનાર.

वायरासि. पु० (वल्करश्मि) ઝાડની છાલની દોરડી.

वायलेस्स. पु० (वातलेश्य) એ નામનું ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન.

वायवण्ण. पु० (वातवर्ण) એ નામનું ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન.

वायवासि. त्रि० (वल्कवासिन्) વલ્કલ પહેરનાર.

वायवोज्झ. त्रि० (वातवाह्य) વાયુથી ઉડવા યોગ્ય.

वायव्वा. स्त्री० (वायव्या) વાયવ્ય ખુણો.

वायस. पुं० (वायस) કાગડો.

वायसंजय. त्रि० (वाक्संयत) વચનની યતનાવાળો; વાણીનો સંયમી.

वायसपरिमंडला. स्त्री० (वायसपरिमण्डला) કાક આદિ પક્ષીઓના શબ્દોનું ફલાફલ જાણવાની વિદ્યા.

वायसिंग. पु० (वातशृङ्ग) વાતશૃંગ નામનું ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન.

वायसिद्ध. पु० (वातसिद्ध) વાતસિદ્ધ નામનું. ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન.

वाया. स्त्री० (वाच्) વાચા-વાણી; વચન.

वायाइद्ध. त्रि० (वाताविद्ध) અકાલે સુકાઇ ગયેલ.

वायाम. पु० (व्यायाम) કસરત; વ્યાપાર; ચેષ્ટા;

वायाल. त्रि० (वाचाल) વાચાળ.

वायावत्त. पु० (वातावर्त) એ નામનું ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન.

वायु. पु० (वायु) પવન; વાયરો.

वायुकुमार. पुं० (वायुकुमार) વાયુકુમાર નામે ભવનપતિ દેવતાની એક જાત.

वायुकुमारी. स्त्री० (वायुकुमारी) વાયુકુમાર જાતના ભવનપતિ દેવની દેવી.

वायुभूइ. पु० (वायुभूति) મહાવીર પ્રભુના એક ગણધરનું નામ.

वार. न० (वार) વાર નામે ચોથી નરકનો નરકાવાસો. (૨) વખત; ટાઇમ. (૩) ન્હાનો ઘડો.

वारंग. पु० (वारांग) અરિસાનો હાથો.

वारंवारेण अ० (वारंवारेण) વારંવાર; પુનઃ પુનઃ. (૨) પોતપોતાનો વારો હોય ત્યારે.

वारक. पुं० } (वारक) માટલી; માટલો.
वारग. } (૨) ત્રિ૦ ભૂલ અટકાવનાર; ભૂલ સુધારનાર.

वारडिम्ब. ન० ( ) લાલ વસ્ત્ર.

वारण. પું० (वारण) હાથી. (૨) ન० અટકાવવું.

वारय. ત્રિ० (वारक) અશુદ્ધ પાઠ કરનારને રોકનાર.

वारविलया સ્ત્રી० (वारवनिता) વેશ્યા; રંડી.

वाराह. પું० (वाराह) સુવિધિનાથ તીર્થંકરના પ્રથમ ગણધરનું નામ. (૨) છઠ્ઠા બળદેવના ત્રીજા પૂર્વભવનું નામ.

वारि. ન० (वारि) પાણી; જળ.

वारिज्ज. પું० ( ) પરણવાની ક્રિયા; લગ્નક્રિયા.

वारित. ત્રિ० } (वारित) નિવારેલું; નિષેધેલું.
वारिय. }

वारिसेण. પું० (वारिसेन) જમ્બૂદ્વીપના ઐરવતક્ષેત્રમાં ચાલુ અવસર્પિણીમાં થયેલ ચોવીસમા તીર્થંકર. (૨) અણુત્તરોવવાઇ સૂત્રના પ્રથમ વર્ગના પાંચમા અધ્યયનનું નામ. (૩) શ્રેણીક રાજાની ધારણી રાણીનો પુત્ર.

वारिसेणा. સ્ત્રી० (वारिषेणा) વારિષેણ નામની શાશ્વતી જિનપ્રતિમા. (૨) ઉર્ધ્વલોકવાસી આઠ દિશાકુમારીમાંની સાતમી. (૩) એ નામની એક નદી કે જે મેરૂની ઉત્તરે રક્તાવતી નદીને મળે છે.

वारुण. ત્રિ० (वारुण) આર્દ્રા, મૂળ આદિ નક્ષત્રોમાં થયેલ પવન સંબન્ધી ઉત્પાત કે જે આવતા વર્ષની શુભ નિશાની રૂપે મનાય છે. (૨) વરૂણ સમુદ્રના દેવતાનું નામ. (૩) વારૂણ નામનો સમુદ્ર. (૫) પંદરમા મુહૂર્તનું નામ.

वारुणिकंत. પું० (वारुणीकान्त) વરૂણ સમુદ્રના દેવતાનું નામ.

वारुणी. સ્ત્રી० (वारुणी) નવમા તીર્થંકરની મુખ્ય સાધ્વી. (૨) મદિરા; દારૂ. (૩) પશ્ચિમ દિશા. (૪) ઉત્તર દિશાના રૂચક પર્વત પર વસનારી આઠ દિશાકુમારિકામાંની ચોથી.

वारुणोदअ. પું० } (वारुणोदक) જેનું પાણી
वारुणोदग. ન० } મદિરા સરખું છે તે સમુદ્ર.

वाल. પું० (व्याल) સર્પ. (૨) જંગલી હિંસક પ્રાણી; વાઘ વગેરે.

वाल. પું० ન० (वाल) વાળ; કેશ. (૨) કાશ્યપ ગોત્રની શાખા. (૩) ત્રિ० તે શાખામાં ઉત્પન્ન થયેલ પુરૂષ.

वालग. પુ० (व्यालक) સર્પ.

वालग. પું० (वालक) સુગરીનો માળો. (૨) વાળની બનાવેલી ચાળણી; ઘરણી.

वालग्ग. પું० ન० (वालाग्र) આઠ રથરેણુ પ્રમાણે દેવકુરૂ, ઉત્તરકુરૂક્ષેત્રના જુગલીયાના વાળનો અગ્રભાગ.

वालग्गपोइया. સ્ત્રી० (वालाग्रपोतिका) તળાવની અંદર હવા ખાવાને બાંધેલ મહેલ; હવામહેલ.

वालपुच्छ. પું० (वालपुच्छ) ચામર.

वालबंध. પુ० (वालबंध) વાળ-કેશ બાંધવા તે; અંબોડો.

वालय. ન० (वालज) પશુઓના વાળથી ઉત્પન્ન થતું સૂત્ર.

वालवीयण. ન० (वालव्यजन) ચમરી; ચામર. (૨) પંખો. (૩) મોરના પીછાનું વીંજણું.

वालवीयणिया. સ્ત્રી० (व्यालव्यजनिका) } ચમ-
वालवीयणी. સ્ત્રી० (वालव्यजनी) } રી.(૨) વીંજણો.

वालि. પું० (वालिन्) વાળ-રૂંવાટાંવાળું જાનવર.

वालिहाण. પું० (वालधान) વાળને ધારણ કરનારૂં પુંછડું.

वालु. पुं० (वालु) वज्र જેવી રેતી બનાવી તેમાં નારકીને દુઃખ આપનાર પરમાધામીની એક જાત.

वालुंक. न० (वालुङ्क) ચીભડું.

वालुंकी. स्त्री० (वालुङ्की) કાકડી; વનસ્પતિ વિશેષ.

वालुय. पुं० (वालुक) ભઠ્ઠીમા ચણા શેકે તેમ નારકીને રેતીમાં શેકનાર પરમાધામી; પંદર જાતના પરમાધામીમાંનો એક. (૨) રેતી, વેળુ.

वालुयप्पभा. } **वालुयप्पहा** } स्त्री० (वालुकाप्रभा) ત્રીજી નરક; ત્રીજી નરકની પૃથ્વી.

वालुया. स्त्री० (वालुका) વેળુ; રેતી.

वालुयाभा. स्त्री० (वालुकाभा) વાલુકાભા નામે ત્રીજી નરકની પૃથ્વી.

वावड. त्रि० (व्यापृत) પ્રવૃત્ત થએલ; વ્યાપારયુક્ત.

वावराग त्रि० (व्यापन्न) વણસી ગએલું; નાશ પામેલ (૨) વ્યાપ્ત થયેલું; ભરેલું. (૩) સમકિતથી ભ્રષ્ટ થએલ; જમાલિ આદિની પેઠે નિહ્નવ થઇ ગયેલ

वावरागसोया. स्त्री० (व्यापन्नस्रोतस्) રોગથી નષ્ટ થયેલ ગર્ભાશયવાળી.

वावत्ति. स्त्री० (व्यावृत्ति) હિંસાદિથી નિવૃત્તિ પામવી તે. (૨) દુઃખની વાત. (૩) ગુણનાશક મૈથુન.

वावहारिअ. त्रि० (व्यावहारिक) વ્યવહાર સમ્બન્ધી; વ્યવહારમાં આવવા યોગ્ય.

वावहारियणय. पुं० (व्यावहारिकनय) વ્યવહારનય; સાત નયમાંના નૈગમ, સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્ર એ ચાર નય.

वावाइअ. त्रि० (व्यापादित) નષ્ટ કરેલ.

वावार. पुं० (व्यापार) ઉદ્યોગ; કામકાજ. (૨) પ્રવૃત્તિ; ચેષ્ટા.

वावि. त्रि० (व्यापिन्) વ્યાપ્ત; વ્યાપક.

वाविति. स्त्री० (व्यावृत्ति) વિનાશ; અંત.

वाविद्धसोया. स्त्री० (व्याविद्धस्रोतस्) વાતાદિથી શક્તિ રહિત ગર્ભાશયવાળી.

वाविय. त्रि० (वापित) વાવેલું.

वाविया. स्त्री० (वापिता) જે એકવાર વાવ્યાથી ઉગે તે કૃષિ.

वावी स्त्री० (वापी) વાવ; કૂવો.

वास. पुं० (वास) નિવાસ; રહેઠાણ. (૨) વસવું; નિવાસ કરવો. (૩) ગંધ; વાસ; કોઠ, પુટ વગેરે સુગંધી દ્રવ્ય.

वास पुं० (वासस्) વસ્ત્ર; કપડુ.

वास. पुं० न० (वर्ष) વર્ષ; સાલ; સંવત્સર. (૨) વરસાદ પડે તે. (૩) કર્મભૂમિ, અકર્મભૂમિનાં ભરત આદિ ક્ષેત્ર.

वासंतिया. स्त्री० (वासन्तिका) વાસંતી લતા; માધવી વેલ.

वासंती. स्त्री० (वासंती) વાસતી લતા. (૨) વાસતીનું ફૂલ.

वासकाल. पुं० (वर्षाकाल) ચોમાસું; વર્ષાકાળ.

वासग. पुं० (वासक) બેઇંદ્રિય જીવની એક જાત

वासघर. न० (वासगृह) શયન ઘર. (૨) ફૂલ, અત્તર વગેરેની સુગધથી વ્યાપ્ત ઘર.

वासणा. स्त्री० (वासना) ભાવના, સંસ્કાર.

वासणिज्ज. त्रि० (वासनीय) વાસવા યોગ્ય વસ્તુ.

वासत्ताण. न० (वासत्राण) વરસાદથી બચાવી શકે તેવું વસ્ત્ર; લેધરકલોથ જેવુ વસ્ત્ર.

वासधर. पुं० (वर्षधर) ભરત આદિ ક્ષેત્રની મર્યાદા કરનાર પર્વત. (૨) વરસાદ.

वासभवरा. न० (वासभवन) શયનઘર.

वासस. न० (वासस्) વસ્ત્ર; લુગડું.

वाससया. स्त्री० (वर्षशता) સો વર્ષની ડોસી.

वासहर. न० (वासगृह) રહેવાનું ઘર.

वासहर. पुं० (वर्षधर) વર્ષ-ક્ષેત્રની સીમા બાંધનાર પર્વત. (૨) વર્ષધર નામે દ્વીપ તથા સમુદ્ર.

वासहरपव्वय. पु० (वर्षधरपर्वत) ક્ષેત્રની સીમા બાંધનાર પર્વત; હિમવંત વગેરે.

वासा. स्त्री० (वर्षा) ચોમાસુ; વર્ષાઋતુ. (૨) વૃષ્ટિ; વરસાદ. (૩) બેઇન્દ્રિયવાળો જીવ.

वासाणिय. स्त्री० (वासानिक) એક જાતની વનસ્પતિ.

वासारत्त. न० (वर्षारात्र) વર્ષાઋતુ, ચોમાસું.

वासारत्तअ. त्रि० (वर्षारात्रज) વર્ષાઋતુમાં ઉત્પન્ન થયેલ.

वासावास. पुं० (वर्षावास) ચોમાસુ; વર્ષાકાળ.

वासि. त्रि० (वासिन्) વસનાર; રહેનાર.

वासिइणिआ. स्त्री० (वासिगिणिका) વાસિગિણિ નામના અનાર્ય દેશમાં જન્મેલી દાસી.

वासिट्ठ. पु० (वाशिष्ठ) ત્રિશલા રાણીનું ગોત્ર. (૨) પુનર્વસુનક્ષત્રનું ગોત્ર.

वासिट्ठी. स्त्री० (वाशिष्ठी) વસિષ્ઠ ગોત્રમાં ઉત્પન્ન થયેલી સ્ત્રી.

वासिणी. स्त्री० (वासिनी) નિવાસ કરનારી; વસનારી

वासित्तार. त्रि० (वर्षितृ) વરસનાર, મેઘ.

वासिय. त्रि० (वासित) સુગંધી કરેલું; ખુશબોયુક્ત બનાવેલું. (૨) આગલા દિવસનું; વાસી. (૩) વસેલ, રહેલ.

वासी. स्त्री० (वासी) વાસલો, ફરસી.

वासीचंदणकप्प. त्रि० (वासीचन्दनकल्प) કોઇ વાંસલાથી છેદે અને કોઈ ચંદનથી લેપ કરે તો પણ બન્ને તરફ સમભાવ રાખનાર.

वासीमुह. पुं० (वासीमुख) બેઇન્દ્રિય જીવની એક જાત.

वासीलग. पुं० (वासीलक) ગુગળ.

वासुदेव. पुं० (वासुदेव) વસુદેવજીના પુત્ર કૃષ્ણ વાસુદેવ. (૨) ચક્રવર્તી કરતાં અરધ બળ ધરનાર ત્રણ ખણ્ડનો રાજા.

वासुपुज्ज. पु० (वासुपूज्य) વાસુપૂજ્ય નામના બારમા તીર્થંકર.

वाह. पु० (वाह) ભાર; બોજો. (૨) પાલખી વગેરે વાહન. (૩) આઢસો આઢક અથવા આઠ ઉત્કૃષ્ટ કુલપ્રમાણ માન વિશેષ. (૪) ગાડાખેડુ.

वाह. पुं० (व्याध) શિકારી.

वाहण. न० (वाहन) ગાડી, રથ, ઘોડા, વગેરે સ્વારી (૨) ત્રીજા તીર્થંકરના ત્રીજા પૂર્વભવનું નામ.

वाहणगमण. न० (वाहनगमन) સ્વારીમાં બેસી જવુ તે.

वाहणा. स्त्री० (उपानह) પગરખાં; મોજડી. જોડા.

वाहणीय. त्रि० (वाहनीय) વહન કરવા યોગ્ય; ઉપાડવા યોગ્ય.

वाहय. पु० (वाहक) ઘોડાનો શિક્ષક; ઘોડાને દમનાર (૨) ઘોડેસ્વાર. (૩) પાણીનો પ્રવાહ.

वाहरण. न० (व्याहरण) બોલવુ તે.

वाहि. पु० (व्याधि) વ્યાધિ; પીડા; રોગ.

वाहिगिणया. स्त्री० (वाहिगिनिका) વાહન; પાલખી વગેરે.

वाहित्त. त्रि० (व्याहृत) બોલાવેલ.

वाहिम त्रि० (वाह्य) વહન કરવા યોગ્ય; ગાડીમા જોડવા યોગ્ય.

वाहिय. त्रि० (व्याधिक) રોગી.

वि. अ० (अपि) પણ; સમુચ્ચય.(૨) સંભાવના.

वि. त्रि० (द्वि) બે.

विअ. न० (द्विक) બેઇંદ્રિયજાતિ નામકર્મ કે જેના ઉદયથી જીવ બેઇંદ્રિયપણું પામે છે.

विअंतकारअ. त्रि० (व्यन्तकारक) વિશેષપણે કર્મનો અંત કરનાર; અંતક્રિયાનો કરનાર.

विअट्ट. त्रि० (व्यावृत्त) વ્યાવૃત્તિ પામેલ; નિવૃત્ત થયેલ.

विअड. त्रि० (विकट) વિશાળ; ગંભીર.

विअड. त्रि० (विकृत) વિકાર પામેલ; રૂપાન્તર થયેલ; અચિત્ત થયેલ.

विअडंबु. न० (विकृताम्बु) અચિત પાણી.

विअडभोइ. त्रि० (विकटभोजिन्) વિકટ-પ્રગટ-દિવસે ભોજન કરનાર. રાત્રે નહી ખાનાર.

विअडावइ. पु० (विकटापातिन्) હરિવાસ ક્ષેત્રનો એક વાટલો વૈતાઢ્ય પર્વત.

विअत्त. पुं० (व्यक्त) મહાવીર સ્વામીના ૧૧ ગણધરમાના એક ગણધરનું નામ.

विअप्प. पु० (विकल्प) ધાન્ય વગેરેની નીપજ.

विअरग. पु० (विदरक) ખાડો. (૨) વીરડો.

विअसिअ. त्रि० (विकसित) વિકાસ પામેલ, ખીલેલ.

विआर. पु० (विचार) જીવાદિક પદાર્થનો વિચાર. (૨) ઠંડિલે જવુ, જંગલ જવું.

विआरभूमि. स्त्री० (विचारभूमि) ઠંડિલ માત્રાની ભૂમિ. જંગલ જવાની જગ્યા.

विआल. पु० (विकाल) સંધ્યાકાળ; સાંજનો સમય.

विआवत्त. पुं० (विचावर्त) મહાશુક્ર દેવલોકનું વિચાવર્ત નામનુ એક વિમાન. (૨) વિચ્છેદ ગયેલ બારમા દૃષ્ટિવાદ અંગના બીજા વિભાગ સૂત્રનો ૧૫ મો ભેદ.

विआहिअ. त्रि० (व्याख्यात) વ્યાખ્યા કરેલ; કથન કરેલ.

विइकंत. त्रि० (व्यतिक्रान्त) વીતી ગયેલ; ઓળગી ગયેલ.

विइगिच्छा. स्त्री० (विचिकित्सा) સંશય; સંદેહ.

विइज्जिया. स्त्री० (विदुषिका) વિદુષી; પંડિતા.

विइण्ण. } त्रि० (वितीर्ण) રાજા તરફથી
विइन्न. } આપવામાં આવેલ.

विइय. त्रि० (विदित) જાણેલ; જાહેરાતમાં આવેલ.

विइय. त्रि० (द्वितीय) બીજું; બીજા નંબરનું.

विउ. पु० (विद्वस्) વિદ્વાન; પંડિત.

विउक्कस पु० (व्युत्कर्ष) મોટાઈ; અહંકાર; માન

विउट्टणा. स्त्री० (विकुट्टना) વિવિધ કુટ્ટન-તાડનથી થએલી પીડા.

विउट्ठित. त्रि० (व्युत्थित) વિરૂદ્ધ ઉદ્યમ કરવાને ઉઠેલ. અન્યતીર્થિક અથવા મિથ્યાદૃષ્ટિ ગૃહસ્થ.

विउट्ठिय. त्रि० (व्युत्थित) રહેલ.

विउण. त्रि० (द्विगुण) બમણું.

विउत्त त्रि० (वियुक्त) રહિત; જૂદુ પડેલુ, વિયોગ પામેલું.

विउल. त्रि० (विपुल) ઘણું, પ્રચુર, વિસ્તીર્ણ. (૨) મોક્ષસાધન. (૩) મ્હોટું. (૪) पु० એ નામનો એક પર્વત.

विउलमइ. पु० (विपुलमति) મનપર્યવ જ્ઞાનનો એક ભેદ કે જે વિશુદ્ધતાથી અન્યના મનોગત પદાર્થોને ઘણા વિશેષણો યુક્ત જાણે.

विउवसमणा. स्त्री० (व्युपशमन) ઉપશમાવવુ.

विउवात. पु० (व्युत्पात) સંયમથી પતન; ભ્રષ્ટતા. (૨) હિંસા.

विउव्व. न० (वैक्रिय) વૈક્રિય શરીર.

विउव्वण. न० } (विकरण) ઉત્તર વૈક્રિય
विउव्वणा. स्त्री० } શરીર કરવું. (૨) ન્હાનાં મ્હોટાં રૂપ બનાવવાની શક્તિ.

विउव्वणिड्ढि. स्त्री० (विकरणर्द्धि) એક રૂપમાંથી નાનાં મોટાં રૂપ બનાવવાની શક્તિ, વૈક્રિયલબ્ધિ.

विउव्वि. त्रि० (वैक्रिय) વૈક્રિયશક્તિવત; વૈક્રિય શરીર બનાવનાર. (૨) न० વૈક્રિય શરીર.

विउव्विय. त्रि० (वैक्रिय) જેણે વૈક્રિય શરીર બનાવેલું છે તે. (૨) ન૦ વૈક્રિય શરીર બનાવવું તે.

विउव्वियसमुग्घाय. पुं० (वैक्रियसमुद्घात) વૈક્રિય કે ઉત્તરવૈક્રિય શરીર બનાવતી વખતે જીવ પ્રદેશનું વિસ્તરવુ (દંડાદિ-આકારે થવું) અને વૈક્રિય શરીરરૂપ નામ કર્મનો ભોગવટો કરી નિર્જરવુ તે.

विउस. पुं० (विद्वस्) પણ્ડિત; વિદ્વાન્.

विउसमण. न० } (व्यपशमन) વેદનો
विउसमणया. स्त्री० } ઉપશમ કરવો તે; વિકાર ટાળવો તે.

विउसमिय. त्रि० (व्यपशमित) ઉપશમ પામેલું; દબાઈ ગયેલ.

विउसरण. न० } (व्युत्सर्जन) તજવુ;
विउसरणया. स्त्री० } છોડવું.

विउसविय. त्रि० (व्यपशमित) જુઓ "વિઉ-સમિય" શબ્દ.

विउसिय. त्रि० ( ) ખેંચેલું.

विउस्सग्ग. पुं० (व्युत्सर्ग) કાઉસગ્ગ; કાયાની તમામ પ્રવૃત્તિને રોકી સ્થિર થવું તે. (૨) દ્રવ્ય ઉપધિ-શરીરાદિ અને ભાવ-ઉપધિ-કષાયાદિનો ત્યાગ કરી નિસ્સંગ થવુ તે.

विउस्सग्गपडिमा. स्त्री० (व्युत्सर्गप्रतिमा) અમુક વખત સુધી કાઉસગ્ગ કરવાની પ્રતિજ્ઞા કરવી તે.

विउस्सित. त्रि० (व्युत्सित) અનેક રીતે પ્રબળપણે પોતાના મતથી બંધાયેલ; મનાગ્રહી.

विओग. पु० (वियोग) વિયોગ; વિરહ; છુટા પડવું.

विओसमित. त्रि० (व्यवशमित) શાન્ત થયેલ.

विओसिय. त्रि० (व्यवसित) બન્ધ પડેલ; શાંત થએલ.

विंछिय. पुं० (वृश्चिक) વિછી.

विंझ. पुं० (विन्ध्य) વિધ્યાચળ પર્વત. (૨) વિન્ધ્ય નામનો પ્રધાન શિષ્ય.

विंझगिरि. पुं० (विन्ध्यगिरि) વિન્ધ્યાચળ પર્વત.

विंझायल. पुं० (विन्ध्याचल) વિન્ધ્ય નામનો પહાડ.

विंट. न० (वृन्त) ડીટડું; બીટડું.

विंटलिअ. न० ( ) નિમિત્તાદિ પ્રકાશવા તે.

विंटिआ. स्त्री० (विण्टिका) પોટલી.

विंद. न० (वृन्द) સમૂહ, સંઘ.

विंधेत्तार. त्रि० (वेद्धृ) વીંધીને મારનાર; વીંધનાર.

विंभल. त्रि० (विह्वल) વ્યાકુળ.

विंसति. स्त्री० (विंशति) વીસ (૨) વીસ ઉપવાસ સાથે કરવા તે.

विक. पु० (पिक) કોયલ.

विकट्ठ. त्रि० (विकृष्ट) પાછુ ધકેલેલું.

विकड. त्रि० (विकट) ઘણા વિસ્તારવાળું.

विकड्डणा. स्त्री० (विकर्षणा) વિકર્ષણ-કર્મનું ઉદ્વર્તન કરવું તે; ટુંકી સ્થિતિની લાંબી અને મન્દ રસનો તીવ્ર રસ કરવો તે.

विकड्डय. त्रि० (विकर्षक) ખેંચનાર;આકર્ષણ કરનાર.

विकत्त. त्रि० (विकृत्त) કાપેલું.

विकत्तअ. त्रि० (विकर्त्तक) } કાપનાર; છેદ-
विकत्तार. त्रि० (विकर्तृ) } નાર.

विकत्थणा. स्त्री० (विकत्थना) વખાણ; પ્રશંસા.

विकप्प. पुं० (विकल्प) વિકલ્પ; ભેદ, પ્રકાર. (૨) પ્રાસાદ વિશેષ.

विकप्पण. न० (विकल्पन) છેદન.

विकप्पणा. स्त्री० (विकल्पना) કલ્પના; તર્ક-વિતર્ક.

विकय. त्रि० (विकृत) કુરૂપ; વિકાર પામેલ.

विकराल. त्रि० (विकराल) पिशाच જેવો બીહામણો; ભયંકર.

विकल. त्रि० (विकल) વિકળ; કળાહીન.

विकसिय. त्रि० (विकसित) વિકાસ પામેલું; ખીલેલું.

विकहा. स्त्री० (विकथा) કુથલી; ગપ્પાસપ્પા. (૨) વિપરીત કથા.

विकहाणुजोग. पुं० (विकथानुयोग) અર્થ-કામના ઉપાય દર્શાવનાર શાસ્ત્ર; વાત્સ્યાયન, કોકશાસ્ત્ર વગેરે.

विकार. पुं० (विकार) દોષ; વિકાર.

विकिट्ठ. त्रि० (विकृष्ट) દૂર રહેલ; છેટાનું.

विकिण्ण. त्रि० } (विकीर्ण) ચારે તરફ
विकिन्न. त्रि० } વિખરાએલું; છુટુંછુટું પડેલું (૨) વ્યાપ્ત; ભરપૂર ભરેલ.

विकिरण. न० (विकिरण) વિંખેરી નાખવું.

विकुविय. त्रि० (विकुपित) કોપેલું.

विकुव्विय. त्रि० ( ) વૈક્રિય રૂપ બનાવેલ.

विकुव्वणा. स्त्री० ( ) વૈક્રિય શક્તિદ્વારા રચના કરવી તે.

विकुस. पुं० (विकुश) લાંપ; એક જાતનું ઘાસ.

विकोवण. न० (विकोपन) ફેલાવો થવો; ઉભરાવવું.

विकोसिय. त्रि० (विकोशित) મ્યાન બહાર કરેલ.

विक्कंत. त्रि० (विक्रान्त) પરાક્રમી-બળવાન. (૨) પ્રસિદ્ધ.

विक्कंति. स्त्री० (विक्रान्ति) પરાક્રમ.

विक्कम. पुं० (विक्रम) પરાક્રમ; પુરૂષાર્થ.

विक्कय. पुं० (विक्रय) વેચવું; વિક્રય કરવો.

विक्केयार. त्रि० (विक्रेतृ) વિક્રય કરનાર; વેચનાર.

विक्खंभ. पुं० (विष्कंभ) પહોળાઈ; વિસ્તાર.

विक्खाय. त्रि० (विख्यात) પ્રસિદ્ધ; જગજાહેર.

विक्खित्त. त्रि० (विक्षिप्त) વિંખેરેલું.

विक्खित्ता. स्त्री० (विक्षिप्ता) પડિલેહણ કરતી વખતે પડિલેહ્યા વસ્ત્રને પડિલેહ્યા વગરનાં વસ્ત્રમાં ફેંકી દેવું તે; પડિલેહણના એક દોષનું નામ.

विक्खिरिय. त्रि० (विकीर्ण) જુઓ "વિકિણ્ણ" શબ્દ.

विक्खिवण. न० (विक्षेपण) વીંખવું. (૨) મિથ્યાત્વિને મિથ્યાત્વ છોડાવી સમકિતમાં સ્થાપવો તે; વિનયનો એક પ્રકાર.

विक्खेव. पुं० (विक्षेप) મુકવું. (૨) ફેંકવુ.

विक्खेवणा. स्त्री० (विक्षेपण) વિસ્તારવુ. (૨) નિરૂપણ કરવું તે.

विक्खेवणी. स्त्री० (विक्षेपणी) શ્રોતાને સન્માર્ગમાં દોરવનારી ચાર પ્રકારની કથામાંની એક.

विग. पुं० (वृक) વરૂ; નાર.

विगइ. स्त्री० } (विकृति) મનોવિકાર. (૨)
विगति. स्त्री० } દુધ દહિ વગેરે વિકાર ઉત્પન્ન કરનાર પદાર્થ.

विगत्तग. त्रि० (विकर्त्तक) પ્રાણીઓની ચામડી ઉતરડનાર.

विगप्प. पुं० (विकल्प) પ્રકાર; ભેદ; અનેકપણું. (૨) ભજના; હોય કે ન હોય તે. (૩) વ્યભિચાર; હેતુનો એક દોષ.

विगप्पणा. स्त्री० (विकल्पना) વિશેષ કલ્પના.

विगप्पिय. त्रि० (विकल्पित) કલ્પેલું; જોડી કહાડેલું.

विगय. त्रि० (विकृत) ખરાબ; વિકૃત-વિકાર પામેલ. (૨) વિકાર ઉત્પન્ન કરનાર દૂધ દહિ વગેરે વિગય.

विगय. त्रि० (विगत) ગયેલ; નાશ પામેલ. (૨) વિનાનું; રહિત.

विगयपक्ख. पुं० (विगतपक्ष) વસ્તુને અવસ્થાંતરરૂપ વિનાશ ધર્મ.

विगयसोग. पुं० (विगतशोक) એ નામનો એક ગ્રહ.

विगयसोगा. स्त्री० (विगतशोका) નલિનાવતી વિજયની મુખ્ય નગરી.

विगराल. त्रि० (विकराल) ભયંકર.

विगल. पुं० (विकल) વિકલેન્દ્રિય; બે ત્રણ અને ચાર ઇંદ્રિયવાળા જીવો.

विगलिंदिय. पुं० (विकलेन्द्रिय) બે ઇંદ્રિય, ત્રણ ઇંદ્રિય અને ચાર ઇન્દ્રિયવાળા જીવો.

विगहा. स्त्री० (विकथा) કુથલી; ગામગપાટા.

विगार. पुं० (विकार) વિકૃતિ; પ્રકૃતિરૂપ મહાસત્તાની પેટા ભાગ અવાન્તર સત્તા. (૨) વિકાર.

विगारि. त्रि० (विकारिन्) વિકાર પામવાના સ્વભાવવાળું.

विगिंचण. न० (विवेचन) ત્યાગ કરવો; પરઠવવું.

विगिट्ठ. न० (विकृष्ट) ઉગ્રતપ. (૨) કઠિન માર્ગ. (૩) त्रि० દૂર રહેલ.

विगिट्ठभत्तिय. त्रि० (विकृष्टभक्तिक) ત્રણ ઉપવાસથી વધારે તપ કરનાર.

विगुण. त्रि० (विगुण) ગુણથી રહિત.

विगुव्वणा. स्त्री० (   ) વૈક્રિય શક્તિથી વૈક્રિયરૂપ બનાવવુ તે.

विग्ग. त्रि० (विग्न) ચિત્તની અશાંતિવાળો; ઉદ્વેગ પામેલ.

विग्गह. पुं० (विग्रह) ત્રસનાડી કે જે લોકના નીચેના છેડાથી ઉપરના છેડા સુધી એક રાજ પ્રમાણ લાંબી પહોળી છે. (૨) શરીર; દેહ. (૩) કલહ; કજીયો. (૪) મૈથુન. (૫) સમાસને છુટો પાડી બનાવવો તે. (૬) વક્રગતિ અર્થાત્–કોઇ જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં જતાં વાંક ખાઇ વાંકી ગતિએ જાય તે. (૭) વક્ર–વાંકો આકાર.

विग्गहगइ. स्त्री० (विग्रहगति) એક ગતિમાંથી બીજી ગતિમાં જતાં જીવ રસ્તામાં વાંક ખાય તે.

विग्गहिय. त्रि० (विग्रहिक) કલહકારી. (૨) સંધી; સાંધ. (૩) શરીર. (૪) સંક્ષિપ્ત; નાનું.

विग्घ. पुं० (व्याघ्र) વાઘ.

विग्घ. पुं० (विघ्न) વિઘ્ન; અંતરાય. (૨) અંતરાયકર્મ.

विघाय. पुं० (विघात) આઘાત; દુઃખ. (૨) ગુણોની ઘાત કરનાર હોવાથી મૈથુનનું એક નામ.

विघुट्ठ. न० (विघुष्ट) ચીસ પાડવી; ભયંકર અવાજ કરવો. (૨) ગુન્હાની યાદી આપી બોલાવવું તે.

विचारिय. त्रि० (विचारित) વિચારેલું.

विचित्त. त्रि० (विचित्र) વિચિત્ર; અદ્ભૂત. (૨) અનેક પ્રકારનું. (૩) पुं० વેણુદેવ અને વેણુદાલિ ઇન્દ્રના લોકપાળનું નામ. (૪) વિચિત્ર પર્વત. (૫) દક્ષિણ દિશાના સુવર્ણકુમારોના બીજા લોકપાળનું નામ.

विचित्तकूड. पु० (विचित्रकूट) દેવકુરૂ ક્ષેત્રમાં નિષધ પર્વતથી ૮૩૪ જોજન અને સાતીયા ચાર ભાગ ઉત્તરે સીતા નદીના પશ્ચિમ કાંઠા ઉપરનો એક પર્વત.

विचित्तपक्ख. पु० (विचित्रपक्ष) વેણુદેવ અને વેણુદાલિ ઇન્દ્રના લોકપાળનું નામ.

विचेल. त्रि० (विचेल) વસ્ત્ર રહિત; નગ્ન.

विच्छय. त्रि० (विक्षत) ક્ષત–ઘાયલ થયેલ.

विच्छड्डिय. त्रि० } (विच्छर्दित) નાખી દીધેલ. (૨) ભિક્ષુકોને આપેલ; દાન કરેલ.
विच्छड्डिय. }

विच्छारिय. त्रि० (विस्तारित) વિસ્તારેલું.

विच्छिण्णया. त्रि० (विस्तीर्ण) પહોળું; વિ-સ્તારવાળું; વિશાળ.

विच्छिण्णया. त्रि० (विच्छिन्न) વિછેદ ગયેલ; નષ્ટ થએલ.

विच्छिन्न. त्रि० (विस्तीर्ण) જુઓ " વિચ્છિણ્ણ " શબ્દ.

विच्छिन्न त्रि० (विच्छिन्न) છેદાઇ ગયેલ.

विच्छु. पु० (वृश्चिक) વીંછી.

विच्छुक. पु० } (वृश्चिक) વીછી.
विच्छुय. }

विच्छुई. स्त्री० (वृश्चिकी) વીછીની વિદ્યા; વીછી કરવાની કે ઉતારવાની વિદ્યા.

विजढ. त्रि० (वित्यक्त) છોડી મૂકેલ, તજી દીધેલ.

विजय. पु० (विचय) નિર્ણય.

विजय. पु० (विजय) દુશ્મન ઉપર મેળવેલી જીત. (२) વિજય નામના જમ્બૂદ્વીપના ભરતખંડમાં થનાર २१ મા તીર્થંકર. (३) એકવીસમા તીર્થંકરના પિતા. (४) આવતી ચોવીસીના બીજા બલભદ્ર. (५) ११ મા ચક્રવર્તીના પિતા. (६) १४ મા તીર્થંકરને પ્રથમ ભિક્ષા આપનાર ગૃહસ્થ. (७) જમ્બૂદ્વીપનો પૂર્વ દિશાનો દરવાજો. (८) ક્ષેત્ર વિશેષ; વિજય. (९) વિજય નામે પ્રથમ અનુત્તર વિમાન. (१०) વિજયવિમાનવાસી; પહેલા અનુત્તર વિમાનના દેવતા. (११) એક અહોરાત્રના ત્રીશ મુહૂર્તમાંના બારમા અથવા १७ મા મુહૂર્તનું નામ. (१२) આસો મહિનાનું લોકોત્તર નામ. (१३) વિજય નામે ધ્વજા. (१४) વિજય નામનો રાજા. (१५) મહાવીર સ્વામીના સમયમાં પોલાસપુર નગરનો રાજા. (१६) વિજય નામે રાજગૃહ નિવાસી એક ચોરસરદાર. (१७) કૃષ્ણ વાસુદેવનો વિજય નામે એક ગંધહસ્તી-હાથી. (१८) વિજય નામે દ્વીપ તથા સમુદ્ર. (१९) ચન્દ્રપ્રભજીના યક્ષનું નામ. (२०) રાજગૃહના નાલંદા પાડામાં રહેનાર એક ગૃહસ્થ. (२१) વિજય એવો શબ્દ.

विजयंत. पुं० (वैजयन्त) બીજું અનુત્તર વિમાન. (२) તે અનુત્તર વિમાનના દેવતા.

विजयंती. स्त्री० (वैजयन्ती) અષ્ટમીની રાત્રીનું નામ.

विजयघोस. पुं० (विजयघोष) જયઘોષ મુનિના મોટા ભાઇ વિજયઘોષ નામે બ્રાહ્મણ.

विजयचारत्र. न० (विजयचरित) વિચ્છેદ ગયેલ બારમા દૃષ્ટિવાદ અંગના બીજા વિભાગ સૂત્રનો ચોથો ભેદ.

विजयदूस. पुं० (विजयदूष्य) સિંહાસન ઉપર બાંધવાનું વસ્ત્ર.

विजयद्दार. न० (विजयद्वार) વિજય નામે જંબૂદ્વીપનો પૂર્વનો દરવાજો.

विजयपुर. पुं० (विजयपुर) એ નામનું એક નગર.

विजयपुरा. स्त्री० (विजयपुरी) પદ્મકાવતી વિજયની મુખ્ય નગરી.

विजयमहाविमाण. न० (विजयमहाविमान) વિજય નામે પ્રથમ અનુત્તર વિમાન.

विजयमित्त. पु० (विजयमित्र) વિજયમિત્ર નામે માણસ.

विजयवद्धण. पु० (विजयवर्धन) નન્દિવર્ધનપુરના રાજાનું નામ.

विजयवद्धमाण. पुं० (विजयवर्धमान) એ નામનું એક ગામ.

विजयवेजइय. त्रि० (विजयवैजयिक) અતિશય વિજય જણાવનાર.

विजयवेजयंती. स्त्री० (विजयवैजयन्ती) વિજયસૂચક પતાકા.

विजयहत्थिरयण. न० (विजयहस्तिरत्न) વિજય નામે હસ્તિરત્ન.

विजया. स्त्री० (विजया) સાતમની રાત્રીનું નામ. (૨) વપ્રા વિજયની મુખ્ય નગરી. (૩) વિજયા-પાંચમા બળદેવની માતા. (૪) બીજા તીર્થંકરની માતા. (૫) પાંચમા ચક્રવર્તીની સ્ત્રી. (રત્ન) (૬) પાંચમા તીર્થંકરની પ્રવ્રજ્યા પાલખીનું નામ. (૭) મંગળઆદિ અઠયાસી ગ્રહની અગ્રમહિષીનુ નામ. (૮) પૂર્વદિશાના રૂચક પર્વતપર વસનારી આઠમાંની પાંચમી દશાકુમારી. (૯) ઉત્તરના અંજન પર્વતની એક વાવ. (૧૦) વિજયા નામની મીઠાઇ. (૧૧) વપ્રવિજયની મુખ્ય રાજધાની. (૧૨) જમ્બૂદ્વીપના વિજયદ્વારના અધિષ્ઠાતા વિજય નામે દેવતાની રાજધાની. (૧૩) વિમળનાથજીની શાસન દેવીનું નામ.

विजाणय. त्रि० (विज्ञायक) જાણનાર; સમજનાર.

विजिय. त्रि० (विजित) જિતેલું.

विजोग. पुं० (वियोग) વિયોગ; વિરહ.

विज्ज. त्रि० (वेद्य) અનુભવ કરવા યોગ્ય; જાણવા યોગ્ય.

विज्ज. पुं० (वेद्य) વેદ.

विज्ज. पुं० (   ) જળચર જીવ વિશેષ.

विज्ज. त्रि० (विद्वस्) વિદ્વાન; પંડિત.

विज्जचिंता. स्त्री० (वैद्यचिन्ता) વૈદ્યવિદ્યા; વૈદ્યક શાસ્ત્રની ચિન્તા-ચિંતવન.

विज्जल. पुं० (विजल) કાદવ.

विज्जा. स्त्री० (विद्या) શાસ્ત્રીયજ્ઞાન; કળા. (૨) રોગને શમાવનાર મંત્રવિદ્યા. (૩) દેવી અધિષ્ઠિત સાધન સહિત અક્ષર પદ્ધતિ. (૪) ઉપાયણના ૧૬ દોષમાંનો બારમો દોષ. (૫) સુભગાકર આદિ ૪૦ વિદ્યામાંની ગમે તે એક.

विज्जाचरणविणिच्छय. पुं० (विद्याचरणविनिश्चय) ૨૯ ઉત્કાલિક સૂત્રમાંનું ૧૯ મું સૂત્ર.

विज्जाचारण. पुं० (विद्याचारण) વિદ્યાચારણ મુનિ કે જે વિદ્યાના બળથી આકાશમાં ગમન કરી શકે તે.

विज्जाजंभग. पुं० (विद्याजृम्भक) જંભક દેવતાની એક જાત.

विज्जाणुप्पवाय. पुं० (विद्यानुप्रवाद) અનેક વિદ્યાનું જેમાં વર્ણન છે તેવો દશમો પૂર્વ-શાસ્ત્ર.

विज्जाणुयोग. पुं० (विद्यानुयोग) રોહિણી-પ્રજ્ઞપ્તિ વગેરે વિદ્યાના સાધનરૂપ શાસ્ત્ર.

विज्जापिंड. पुं० (विद्यापिण्ड) વિદ્યાનો પ્રયોગ બતાવી આહાર લેવો તે; ઉપાયણના ૧૬ દોષમાંનો એક.

विज्जामढ. पुं० (विद्यामठ) વિદ્યાનો મઠ-વિદ્યાલય; પાઠશાળા.

विज्जाहर. पुं० स्त्री० (विद्याधर) વિદ્યાવાળા મનુષ્ય; વૈતાઢ્ય પર્વત ઉપર વિદ્યાધરની શ્રેણીમાં રહેનાર મનુષ્ય.

विज्जाहरसेढि. स्त्री० (विद्याधरश्रेणि) વૈતાઢ્ય પર્વતની ઉપર જમીનથી દશ જોજન ઉંચે દક્ષિણે અને ઉત્તરે વિદ્યાધર લોકોને રહેવાનું સ્થાન.

विज्जु. स्त्री० (विद्युत्) વિજળી. (૨) ઇશાનેંદ્રના લોકપાળ સોમની અગ્રમહિષી. (૩) વૈરોચન ઇન્દ્રની ત્રીજી અગ્રમહિષી. (૪) ચમરેંદ્રની એક અગ્રમહિષી. (૫) વિદ્યુત્કુમાર દેવતા; ભવનપતિ દેવતાની એક જાત. (૬) વિદ્યુત્ નામે દેવી. (૭) બલેન્દ્રના લોકપાળ સોમની ત્રીજી અગ્રમહિષી.

विज्जुअंतरिय. पुं० (विद्युदन्तरिक) વિજળી થાય ત્યારે ભિક્ષા લેવા ન જતાં વિજળીને અંતરે ભિક્ષા લેનાર ગોશાળા મતનો અનુયાયી.

विज्जुकुमार. पुं० (विद्युत्कुमार) વિદ્યુત્કુમાર; ભવનપતિ દેવની એક જાત.

विज्जुकुमारी. स्त्री० (विद्युत्कुमारी) વિદ્યુત્કુમાર નામે ભવનપતિની એક જાતની દેવી.

विज्जुगाहावइ. पुं० (विद्युद्गाथापति) વિદ્યુત્ નામે એક ગૃહપતિ.

विज्जुजिब्भ. पुं० (विद्युज्जिह्व) લવણ સમુદ્રમાં દક્ષિણ દિશાએ ૪૨ હજાર જોજન ઉપર આવેલ અણુવેલંધર દેવોનો એક નિવાસ પર્વત.

विज्जुदंत. पुं० (विद्युद्दन्त) વિદ્યુતદન્ત નામનો રક્તવતી નદીની અધિષ્ઠાત્રી દેવીનો નિવાસ દ્વીપ. (૨) લવણ સમુદ્રમાં આઠસો જોજન પર આવેલ વિદ્યુદ્દંત નામનો એક અંતરદ્વીપ. (૩) त्रि० તે અંતરદ્વીપમાં રહેનાર મનુષ્ય.

विज्जुप्पभ. पुं० (विद्युत्प्रभ) દેવકુરૂક્ષેત્રની પશ્ચિમ તરફનો એક વખારા પર્વત.

विज्जुप्पभकूड. पुं० (विद्युत्प्रभकूट) વિદ્યુત્પ્રભ વખારા પર્વત ઉપરનાં નવકૂટમાંનું બીજું કૂટ.

विज्जुप्पभा. स्त्री० (विद्युत्प्रभा) કર્દમક દેવની રાજધાનીનું નામ.

विज्जुमती. स्त्री० (विद्युन्मती) એક સ્ત્રી કે જેને માટે યુદ્ધ થયું હતું.

विज्जुमुह. पुं० (विद्युन्मुख) લવણ સમુદ્રમાં આઠસો જોજન પર આવેલ વિદ્યુન્મુખ નામનો એક અંતરદ્વીપ. (૨) વિદ્યુન્મુખ નામનો રક્તા નદીની અધિષ્ઠાત્રી દેવીનો નિવાસદ્વીપ. (૩)त्रि० ત્રેવીશમા અન્તરદ્વીપમાં રહેનાર મનુષ્ય.

विज्जुमेह. पुं० (विद्युन्मेघ) વિજળીવાળો મેઘ.

विज्जुया. स्त्री० (विद्युत्) જુઓ "વિજ્જુ" શબ્દ.

विज्जुयाइत्तार. त्रि० (विद्युत्कर्तृ) વિજળી કરનાર; વિજળીના જેવો પ્રકાશ કરનાર.

विज्जुला. स्त्री० (विद्युत्) વિજળી.

विज्जुसिरी. स्त्री०(विद्युच्छ्री) વિદ્યુતશ્રી નામની એક સ્ત્રી.

विज्झडिय. त्रि० ( ) મિશ્ર; વ્યાપ્ત.

विज्झाय. त्रि० (विध्मात) બુઝાઇ ગયેલ.

विज्झाविय. त्रि० (विध्मापित) બુઝાવી નાખેલ; શમાવી દીધેલ.

विट्ठ. त्रि० (विष्ट) વેઠેલ.

विट्ठर. पुं० (विष्टर) ભાજન વિશેષ.

विट्ठा. स्त्री० (विष्टा) વિષ્ટા; અશુચિ.

विट्ठि. स्त्री० (विष्टि) ૧૧ કરણમાંનું સાતમુ કરણ.

विट्ठिय. त्रि० (विष्टक) સારી રીતે રહેલ.

विड. पुं० (विट) નર્તક; નટ.

विडंग. पु० (विटङ्क) કપોતપાલી; પક્ષીનું પાંજરૂં;

विडंबग. पु० (विडम्बक) ભાંડ. (૨) વિદૂષક.

विडंबणा. स्त्री० (विडंबना) વિટંબના; ઉપાધિ (૨) ઘેલછા. (૩) માયા.

विडंबिय. त्रि० (विडम्बित) વિકારયુક્ત કરેલ. (૨) તિરસ્કાર કરેલ; નકલ કરેલ.

विडय. पुं० } (विटप) મુગટનું શિખર;
विडव. } શેહરો. (૨) વૃક્ષ વિસ્તાર.

विडिम. पुं० ( ) નમતી શાખાઓ વચ્ચેની ઉભી શાખા; (૨) ઝાડનો મધ્ય વિસ્તાર. (૩) બકરો.

विडिमा. स्त्री० ( ) થડમાંથી નિકળતી શાખા.

विडेर. न० (विटेर) પૂર્વ દિશામાં ગમન કરનાર નક્ષત્ર જ્યારે પશ્ચિમ દિશાએ ગમન કરે ત્યારે તે વિડેર કહેવાય છે.

विड्डा. स्त्री० (व्रीडा) લજ્જા.

विडुर. पुं० (वैडूर्य) વૈડૂર્ય નામનો મણિ.

विणइत्तार. त्रि० (विनेतृ) દૂર કરનાર. (૨) વિનય પ્રતિપત્તિ કરાવનાર.

विणट्ठ. त्रि० (विनष्ट) નાશ પામેલું.

विणत. पुं० (विनत) विनत नामनुं १९ सागरोपमनी स्थितिवाळुं એક વિમાન.

विणमि. પું૦ (विनमि) વૈતાઢ્યની ઉત્તર શ્રેણીમાંનો એક વિદ્યાધર રાજા.

विणमिय. ત્રિ૦ (विनत) નમેલ; વળી ગયેલ.

विणय. પું૦ (विनय) અભિમાન મુકી શાસ્ત્રીય મર્યાદામાં રહી ગુર્વાદિકની આજ્ઞા પ્રમાણે વર્તવું. (૨) વિશિષ્ટનય-માર્ગ, મોક્ષ-માર્ગરૂપ જ્ઞાન દર્શન અને ચારિત્ર; સાધુનો વિશેષ આચાર. (૩) વિનયવાદ; ઉચ્ચ નીચ કોઇ પણ મળે તેને નમસ્કાર કરવો એવી માન્યતા. (૪) શુદ્ધ પ્રયોગ-યોજના.

विणयसमाहि. પું૦ ન૦ (विनयसमाधि) દશ વૈકાલિક સૂત્રના નવમા અધ્યયનનું નામ.

विणा. અ૦ (विना) વગર; શિવાય.

विणास. પું૦ (विन्यास) રચના; યોજના.

विणास. પું૦ (विनाश) નાશ; વિનાશ કરવો તે.

विणासण. ન૦ (विनाशन) નાશ કરવો.

विणासि. ત્રિ૦ (विनाशिन्) વિનાશ પામનાર; નશ્વર.

विणासिय. ત્રિ૦ (विनाशित) વિનાશ કરેલું.

विणाउत्त. ત્રિ૦ (विनियुक्त) પ્રતિસમય પ્રવૃત્તિવાળું.

विणिओग. પું૦ (विनियोग) અર્થઘટના; અર્થ યોજના. (૨) અદલો બદલો કરવો.

विणिक्खित्त. ત્રિ૦ (विनिःक्षिप्त) બહાર નીકળેલ.

विणिग्गय. ત્રિ૦ (विनिर्गत) નીકળેલું.

विणिग्गह. પું૦૦ (विनिग्रह) ઇંદ્રિયોનો વિશેષે કરી નિગ્રહ કરવો; ઇંદ્રિયો વશ કરવી.

विणिघाय. પું૦ (विनिघात) અભિઘાત; વિનાશ;

विणिच्छय. પું૦ (विनिश्चय) વિશેષ નિશ્ચય-નિર્ણય.

विणिच्छिन्न. ત્રિ૦ (विनिच्छिन्न) છવાયેલું.

विणिच्छिय. પું૦ (विनिश्चित) વિશેષ નિર્ણય કરેલ.

विणिद्दिट्ठ. ત્રિ૦ (विनिर्दिष्ट) ફરમાવેલું.

विणिमय. પું૦ (विनिमय) બદલો.

विणिम्मुक्क. ત્રિ૦ (विनिर्मुक्त) મુકાયેલ; છુટો થયેલ.

विणियट्टणया. સ્ત્રી૦ (विनिवर्तना) વિષયાદિથી નિવર્તવું.

विणिवाय. પું૦ (विनिपात) પડવું. (૨) સમ્બ-[illegible] થવો. (૩) છોકરાં વગેરેનું મરણ.

विणिविट्ठचित्त. ત્રિ૦ (विनिविष्टचित्त) દ્રવ્યો-પાર્જન વગેરેમાં આસક્ત મનવાળો.

विणिवित्ति. સ્ત્રી૦ (विनिवृत्ति) નિવૃત્તિ પામવી; બંધ કરવું.

विणिहय. ત્રિ૦ (विनिहत) નષ્ટ થયેલ.

विणिहाय. પું૦ (विनिघात) મરણ; મૃત્યુ.

विणीय. ત્રિ૦ (विनीत) વિનયયુક્ત; સન્માર્ગ-ચારી. (૨) પૂર્ણ કરેલ; સમાપ્ત કરેલ. (૩) દૂર કરેલ; ટાળેલ.

विणीया. સ્ત્રી૦ (विनीता) વિનીતા નામની નગરી; અયોધ્યાનું અપર નામ.

विणेय. પું૦ (विनेय) શિષ્ય.

विणोय. પું૦ (विनोद) આનન્દ.

विणोयण. ન૦ (विनोदन) દૂર કરવો; છુટ-કારો કરવો.

विण्णत्त. ત્રિ૦ (विज्ञप्त) કહેલું.

विण्णत्ति. સ્ત્રી૦ (विज्ञप्ति) વિશેષ જ્ઞાન. (૨) વિનંતિ.

विण्णवण. ન૦ } (विज्ञापन) વિજ્ઞાપન
विण्णवणा. સ્ત્રી૦ } કરવું; જણાવવું.

विण्णाण. ન૦ (विज्ञान) વિશેષ જ્ઞાન; હેય જ્ઞેય ઉપાદેય પદાર્થોનું તે તે રૂપે થતું જ્ઞાન. (૨) અવાય; નિશ્ચય; મતિજ્ઞાનનો એક પ્રકાર. (૩) ઉપયોગ. (૪) કળા.

विण्णात. ત્રિ૦ } (विज्ञात) ગુરૂદ્વારા
विण्णाय. } જાણેલું; સમજાયેલું.

विण्णायपरिणयमत्त. त्रि० (विज्ञातृपरिणत मात्र) વિજ્ઞાનાવસ્થાની પરિણતિને પામેલ; બાલ્યાવસ્થા પસાર કરેલ.

विण्णायार. त्रि० (विज्ञातृ) જાણનાર.

विण्णु. पुं० (विज्ञ) વિદ્વાન; પંડિત, (૨) જાણનાર હોવાથી જીવનીસંજ્ઞા; આત્મા.

विण्णेय. त्रि० (विज्ञेय) જાણવા યોગ્ય.

विण्हु. पुं० (विष्णु) અંતગડસૂત્રના ૧ લા વર્ગના દશમા અધ્યયનનું નામ. (૨) અંધકવૃષ્ણિના પુત્ર દશમા દશાર્હ. (૩) ૧૧ મા તીર્થંકરના પિતા. (૪) ૧૧ મા તીર્થંકરની માતા (૫) શ્રવણ નક્ષત્રનો અધિષ્ઠાતા દેવતા. (૬) વિષ્ણુ નામના એક મુનિ.

वितण्ह. त्रि० (वितृष्ण) તૃષ્ણા વિનાનું.

वितण्हा. स्त्री० (वितृष्णा) વિશેષ તૃષ્ણા; તરસ.

वितत. पुं० (वितत) વિતત નામનો ગ્રહ. (૨) તાંત વિના વાગે તે; તબલાં ઢોલક વગેરે. (૩) ફેલાએલું; વિસ્તારેલુ.

विततपक्खि. पुं० वितलपक्षिन्) પહોળી થાય તેવી પાંખવાળું પક્ષી.

वितत्थ. पुं० (वितस्त) વિતસ્ત નામનો ગ્રહ.

वितय. त्रि० (वितत) જુઓ "વિતત" શબ્દ.

वितह. न० (वितथ) મિથ્યા; અસત્ય; જુઠ. (૨) અનાચાર; વિપરીત આચાર. (૩) વૃથા; ફોકટ.

वितिकिट्ठ. त्रि० } (व्यतिकृष्ट) વિકટ-ગહન-
वितिकिट्ठिय. } દેશ અથવા ગહન કાળનું

वितिकिण्ण. त्रि० (व्यतिकीर्ण) વિશેષ વ્યાપ્ત થયેલું.

वितिकंत. त्रि० (व्यतिक्रान्त) હદ બહાર ગયેલ.

वितिक्कमण. न० (व्यतिक्रमण) ઉલ્લંઘન.

वितिगिच्छा. स्त्री० विचिकित्सा) આશંકા; સંદેહ. (૨) જુગુપ્સા; સુગ. (૩) લાજ. (૪) ચિત્તની પન્દર સંજ્ઞામાંની ચઉદમી; ચિત્તનું સ્વાસ્થ્ય.

वितिगिच्छिय. त्रि० (विचिकित्सित) સંશયયુક્ત.

वितिण्ण. त्रि० (वितीर्ण) પોતાની હદ ઉલ્લંઘી ગયેલ.

वितित्त. त्रि० (वितृप्त) તૃપ્ત થયેલ.

वितिमिर. त्रि० (वितिमिर) અંધકાર વિનાનું; પ્રકાશવાળું. (૨) પાંચમા દેવલોકનો વિતિમિર નામનો પાથડો.

वितिरिच्छ. त्रि० (वितिर्यच्) વચ્ચે વાંકુ.

वितिवयमाण. त्रि० (व्यतिव्रजत्) ચાલતું. (૨) ઉલ્લંઘન કરતું.

वित्त न० (वित्त) દ્રવ્ય; ધન ધાન્યાદિ. (૨) પ્રસિદ્ધ; પ્રખ્યાત.

वित्त. न० (वृत्त) અનુષ્ઠાન. (૨) વૃત્ત; છન્દ. (૩) બનેલ હકીકત; બનાવ, સમાચાર.

वित्त. न० (वेत्र) નેતરની છડી.

वित्ति. स्त्री० (वृत्ति) આજીવિકા; નિર્વાહ. (૨) સૂત્રનું વિવરણ; અર્થ; વ્યાખ્યા. (૩) વૃત્તિ; રીતિ; શૈલી. (૪) આચારવૃત્તિ. (૫) નાના પ્રકારના અભિગ્રહ ધારી થઇ વિચરવુ તે. (૬) પ્રવૃત્તિ; ઉત્પત્તિ.

वित्तिग्र. त्रि० (वृत्तिद) આજીવિકા આપનાર.

वित्तिसंखेव. पुं० (वृत्तिसंक्षेप) વૃત્તિ-ભિક્ષાનો સંક્ષેપ કરવો; અભિગ્રહાદિ ધારણ કરવા, બાહ્ય તપનો એક પ્રકાર.

वित्थड. } त्रि० (विस्तृत) વિસ્તાર પામેલ.
वित्थय. }

वित्थर. } पुं० (विस्तर) વિસ્તાર; લંબાણ.
वित्थार. } (૨) વિસ્તારથી જાણવાની રૂચિ, દશ પ્રકારની રૂચિમાંની એક.

वित्थाररुइ. स्त्री० (विस्ताररुचि) શાસ્ત્રના લાંબા વિસ્તારથી ઉત્પન્ન થયેલ તત્ત્વરૂચિ; સમકિતનો એક પ્રકાર. (૨) त्रि० તેવી રૂચિવાળો માણસ.

विच्छिण्णय. त्रि० (विस्तीर्ण) વિસ્તારેલું.
विदंड. पुं० (विदण्ड) કાંખ સુધી ઉંચી લાકડી.
विदंसग. } पुं० (विदंशक)બાજ; સિંચાણો.
विदंसग. }
विदब्भ. पुं० (विदर्भ) સાતમા સુપાર્શ્વ તીર્થંકરના પ્રથમ ગણધરનું નામ.
विदरिसण. पुं० (विदर्शन) વિરૂપાકાર-વિચિત્ર વસ્તુ દર્શન.
विदल. पुं० (द्विदल) વાંસની છોઇ.
विदालण. न० (विदारण) વિદારવું; ચીરવું.
विदालिय. त्रि० (विदारित) ભ્રષ્ટ કરેલું.
विदिण्ण. त्रि० (वितीर्ण) દીધેલું; આપેલું.
विदिण्ण. त्रि० (विदीर्ण) ચીરેલું; ફાડેલું.
विदित. } त्रि० (विदित) જાણીતું.
विदिय. }
विदिसा. स्त्री० (विदिशा) વિદિશા; ખુણો;
विदिसि. स्त्री० (विदिश्) જુઓ "વિદિસા" શબ્દ.
विदु. पुं० (विद्वस्) પંડિત; વિદ્વાન્.
विदुर. पुं० (विदुर) વિદુરજી; પાંડુરાજાના ન્હાના ભાઇ.
विदेस. पुं० (विदेश) પરદેશ.
विदेह. पुं० (विदेह) વિદેહ નામનો દેશ. (૨) ત્રિ૦ વિદેહ દેશની રૈયત. (૩) પું૦ મહાવિદેહ ક્ષેત્ર. (૪) વિદેહ દેશનો રાજા જનક. (૫) વેદેહ નામે રાજર્ષિ; ક્ષત્રિય પરિવ્રાજક. (૬) ત્રિ૦ સુંદર શરીરવાળું
विदेहदिण्णा. स्त्री० (विदेहदत्ता) વીરપ્રભુની માતા ત્રિશલાનું બીજું નામ.
विदेहपुत्त. पुं० (विदेहपुत्र) કોણિક રાજાનું અપર નામ.
विदेहय. त्रि० (विदेहज) મહાવિદેહ ક્ષેત્રને વિષે ઉત્પન્ન થયેલ.
विदेहराय. पुं० (विदेहराज) વિદેહ દેશનો રાજા.
विदेहा. स्त्री० (विदेहा) જંબુદ્વીપના મધ્ય ભાગમાં રહેલ જમ્બૂસુદર્શના વૃક્ષનું અપર નામ.
विद्दव. पुं० (विद्रव) વિનાશ; ઉપદ્રવ.
विद्दुम. पुं० (विद्रुम) પરવાળું.
विद्दुय. त्रि० (विद्रुत) પરાભવ પામેલ.
विद्देस. पुं० (विद्वेष) મત્સર; દ્વેષ.
विद्ध. त्रि० (वृद्ध) જ્ઞાનાદિ ગુણે કરી સ્થવિર; પ્રૌઢ; વૃદ્ધ; અનુભવી.
विद्ध. त्रि० (विद्ध) વિંધાયેલ; ઘાયલ થયેલ.
विद्धंस. पुं० (विध्वंस) વિનાશ.
विद्धंसण. न० (विध्वंसन) નાશ પામવો; વિધ્વંસ થવો તે.
विद्धंसणधम्म. त्रि० (विध्वंसनधर्म) નાશ પામવાના સ્વભાવવાળો; વિનશ્વર.
विद्धंसणाय. त्रि० (विध्वंसक) નાશ કરનાર.
विद्धत्थ. त्रि० (विध्वस्त) શસ્ત્ર પરિણમેલ; રૂપાન્તરને પામેલ; અચિત્ત થએલ.
विद्धि. स्त्री० (वृद्धि) વૃદ્ધિ; વધારો.
विधाइ. } पुं० (विधातृ) પણપન્ની જાતના
विधाय. } વ્યંતર દેવતાનો બીજો ઇન્દ્ર.
विधि. पुं० (विधि) રીતિ; પ્રકાર.
विधुय. त्रि० (विधूत) કંપાવેલું; હલાવેલું.
विधुर. पुं० (विधुर) અપાય; નુકશાન.
विधूम. त्रि० (विधूम) ધૂમરહિત.
विनिहय. त्रि० (विनिहत) હણાએલું; નાશ પામેલું.
विनिहाय. पुं० (विनिघात) વધ; મારવું તે.
विन्नय. त्रि० (विज्ञक) શિક્ષા દઇને શખેલો છોકરો.
विन्नत्त. त्रि० (विज्ञप्त) સમજાવેલું.
विन्नत्ति. स्त्री० (विज्ञप्ति) મતિ; બુદ્ધિ. (૨) વિશેષ જ્ઞાન; સવિકલ્પ જ્ઞાન.
विन्नप्प. त्रि० (विज्ञप्य) વિનવેલું; જણાવેલું.
विन्नवणा. स्त्री० (विज्ञापना) સ્ત્રી જાતિ. (૨) સમજાવ આર્થના.

विन्नाय. त्रि० (विज्ञात) જાણેલું.

विन्नाण. न० (विज्ञान) સમજણ; કર્તવ્યા કર્તવ્યની ઓળખ.

विन्नाणघण. पुं० (विज्ञानघन) વિજ્ઞાનમય પિંડ.

विन्नायार त्रि० (विज्ञातृ) જાણનાર; પદાર્થોનો પરિચ્છેદક.

विन्नास. पुं० (विन्यास) ક્ષેપ; થાપણ.

विन्नु. त्रि० (विज्ञ) પંડિત; વિદ્વાન.

विन्नेय. त्रि० (विज्ञेय) જાણવા લાયક.

विपंची. स्त्री० (विपञ्ची) સાત તારવાળી વીણા; સતાર.

विपच्चलभूय. त्रि० (विपक्षभूत) શત્રુરૂપ; અત્યન્ત પ્રતિકૂળ.

विपडिवत्ति. स्त्री० (विप्रतिपत्ति) વાંધો; વિરોધ.

विपरिणय. त्रि० (विपरिणत) વિરૂદ્ધ પરિણામને પામેલું.

विपरिणाम पु० (विपरिणाम) વિવિધ પરિણામ, વિચિત્ર-અનેક રૂપાન્તર.

विपरिणामन. न० (विपरिणमन) કર્મની પરિણતિ; કર્મનો પરિપાક.

विपरिणामाणुप्पेहा स्त्री० (विपरिणामानुप्रेक्षा) લોકમાં દરેક વસ્તુ નાશવંત છે એવી ભાવના ભાવવી તે.

विपरिणामिय. त्रि० (विपरिणामित) વિશેષરૂપે પરિણમાવેલ.

विपरियास. पुं० (विपर्यास) ઉલટું; વિપરીતપણું

विपमोक्ख. पु० (विप्रमोक्ष) છુટું થવું. (૨) ઉત્તર; જવાબ.

विपालणा. स्त्री० (विपालना) આરાધના.

विपुल. त्रि (विपुल) બહુ; ઘણું; પુષ્કળ (૨) રાજગૃહ નગર પાસેનો એક પર્વત. (૩) વિપુલમતિ નામે મનઃપર્યવ જ્ઞાનનો એક પ્રકાર.

विपुलपव्वय. पुं० (विपुलपर्वत) એ નામનો એક રાજગૃહનગરી બહારનો પર્વત.

विपुलमइ. स्त्री (विपुलमति) મનઃપર્યવજ્ઞાનનો બીજો ભેદ; સમ્પૂર્ણ મનુષ્ય ક્ષેત્રના સંજ્ઞી જીવોના મનોભાવને વિશેષથી જણાવનાર જ્ઞાન. (૨) પું० તેવી શક્તિવાળા સાધુ.

विपुलवाहण. पुं० (विपुलवाहन) જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં આવતી ઉત્સર્પિણીમાં થનાર ૧૧ મા ચક્રવર્તી.

विप्प. पु० (विप्र) વિપ્ર; બ્રાહ્મણ.

विप्पइन्न. त्रि० (विप्रकीर्ण) વિખરેલું; છુટું છુટું પડેલું

विप्पओग. पुं० (विप्रयोग) વિયોગ; વિરહ.

विप्पकिण्ण त्रि० (विप्रकीर्ण) વિશેષે વેરાયેલ; ચારેતરફ પસરેલ.

विप्पच्चय. पुं० (विप्रत्यय) અવિશ્વાસ; અભરોસો, શંકા

विप्पजढ. त्रि० (विप्रहीन) વિરહિત; તજાએલું.

विप्पजहणावत्त न० (विप्रहानावर्त्त) વિપ્પજહણ સેણિઆ પરિકર્મનો ૧૪ મો ભેદ.

विप्पजहणिज्ज. त्रि० (विप्रहेय) ત્યાગ કરવા યોગ્ય.

विप्पजहसेणिया. स्त्री० (विप्रजहच्छ्रेणिका) દૃષ્ટિવાદાન્તર્ગત પરિકર્મનો એક વિભાગ

विप्पजहसेणिआपरिकम्म. न० (विप्रजहच्छ्रेणिकापरिकर्मन्) દૃષ્ટિવાદના પરિકર્મનો પાંચમો ભેદ.

विप्पडिघाय. पु० (विप्रतिघात) નાશ કરવો; મારવું.

विप्पडिवन्न. } **विप्पडिवन्न.** } त्रि० (विप्रतिपन्न) વિરૂદ્ધ બનેલ, પ્રતિપક્ષી થએલ.

विप्पणट्ठ त्रि० (विप्रणष्ट) નાશ પામેલ.

विप्पमुक्क. त्रि० (विप्रमुक्त) પ્રકર્ષે કરી મુક્ત-મુકાયેલ (૨) મુક્ત થયેલ; રાગદ્વેષાદિથી છુટેલ.

विप्पबद्ध. त्रि० (विप्रारब्ध) માંડેલ; આરંભેલ.

विप्परिणाम. पुं० (विपरिणाम) વિવિધ પરિણામ; વિચિત્ર પરિણામ.

विप्परिणामाणुप्पेहा. स्त्री० (विपरिणामानुप्रेक्षा) શુક્લધ્યાનની એક ભાવના; દરેક વસ્તુ પ્રતિક્ષણે જુદા જુદા પરિણામને પામે છે એમ ચિન્તવવું તે.

विप्परियास. पुं० (विपर्यास) વિપરીતતા; ભ્રમ.

विप्परियासिय. त्रि० (विपर्यस्त) વિપરીત થયેલ.

विप्पलाप. पुं० (विप्रलाप) બકવાદ; વ્યર્થ વાતચિત.

विप्पलिउंचिय. न० (विपरिकुञ्चित) વંદના કરતાં વચ્ચે વિકથા કરવી તે; વંદનાનો બાવીશમો દોષ.

विप्पलुंपग. त्रि० (विप्रलुम्पक) લુંટનાર; લુંટારો.

विप्पवसिय. त्रि० (विप्रोषित) } પરદેશ ગયેલ.
विप्पवासिय. त्रि० (विप्रवासित) }

विप्पसण्ण. त्रि० (विप्रसन्न) વિશેષ પ્રસન્ન.

विप्पहूण. त्रि० (विप्रहीन) હીન; રહિત

विप्पिय. त्रि० (विप्रिय) અનિષ્ટ; અપ્રિય.

विप्पीति. स्त्री० (विप्रीति) પ્રીતિનો નાશ; વેર.

विप्पुस. न० (विप्रुष्) બિન્દુ; છાંટો.

विप्पेक्खिय. त्रि० (विप्रेक्षित) જોયેલું.

विप्पोसहि. स्त्री० (विप्रुडौषधि) જેના પેશાબના એક બિન્દુથી સર્વ દર્દો મટે એવી જાતની મેળવેલી લબ્ધિ-શક્તિ; ૨૮ લબ્ધિમાંની એક.

विप्फुरिय. त्रि० (विस्फुरित) ખીલેલું.

विफल. त्रि० (विफल) ફળ રહિત; નિષ્ફળ.

विफलीकरण. न० (विफलीकरण) નિષ્ફળ કરવું; નકામુ બનાવવું.

विबाहा. स्त्री० (विबाधा) વિશેષ પીડા.

विबुह. पुं० (विबुध) દેવતા. (૨) પંડિત.

विबोह. पुं० (विबोध) વિશેષ જાગૃતિ.

विबोहण. न० (विबोधन) સમજાવવું; જણાવવું.

विब्भंत. त्रि० (विभ्रान्त) ભ્રમિત; સંશયવાળો.

सण्ह त्रि० (श्लक्ष्ण) કોમળ; ચીકણું, સુંવાળું (૨) કોમળ પૃથ્વીના જીવ. (૩) એક પ્રકારનો મત્સ્ય. (૪) એ નામનું એક વૃક્ષ. (૫) સૂક્ષ્મ. ઝીણું

सण्हकरणी स्त्री० (श्लक्ष्णकरणी) પીસવાની શિલા; ખરલ

सण्हसण्हिया स्त्री० (श्लक्ष्णश्लक्ष्णिका) ઉર્ધ્વરેણુનો આઠમો ભાગ. ઉસન્હ સન્હિયા કરતા આઠગણો મ્હોટો સ્કંધ.

सण्हा. स्त्री० (श्लक्ष्णा) એક જાતની વનસ્પતિ.

सत. न० (शत) શત સંખ્યા; ૧૦૦; સો.

सतअ पु० (शतक) જંબૂદ્વીપના ભરત ખંડમાં થનાર ૧૦ મા તીર્થંકરના પૂર્વ ભવનું નામ.

सतंजय. पुं० (शतञ्जय) પક્ષના તેરમા દિવસનું નામ; તેરસનું નામ.

सतंत. त्रि० (स्वतन्त्र) સ્વતંત્ર; સ્વાધીન.

सतकित्ति. पु० (शतकीर्ति) જંબૂદ્વીપના ભરતખંડમાં થનાર ૧૦ મા તીર્થંકર.

सतत्त. न० (स्वतत्त्व) આત્મસ્વરૂપ; આત્મ તત્ત્વ.

सतदुवार. न० (शतद्वार) એ નામનું એક નગર.

सतपक्ख. पु० (शतपक्ष) એક પ્રકારનો રૂવાડાંવાળો જીવ.

सतपत्त. न० (शतपत्र) સો પાંખડીવાળું કમળ.

सतपुप्फी. स्त्री० (शतपुष्पी) વનસ્પતિની એક જાત, સુવા.

सतपोर. पु० (शतपर्व) સોપર્વ-ગાંઠવાળી વનસ્પતિ, શેરડી.

सतभिसया. स्त्री० (शतभिषज्) એ નામનું એક નક્ષત્ર, શતભિષક.

सतर. न० (सत्र) વૃક્ષની એક જાત.

सतरिसभ. पुं० (शतऋषभ) ૨૧ મુ મુહૂર્ત.

सतवाइय. पु० (शतवाचिक) ત્રણ ઇંદ્રિયવાળા જીવની એક જાત.

सतसहस्स न० (शतसहस्र) સો હજાર; એક લાખ.

सति. स्त्री० (स्मृति) યાદગીરી; સ્મરણ.

सतिरं. अ० (स्वैरम्) સ્વઇચ્છા પ્રમાણે, મરજી મુજબ.

सतीण. पु० (सतीन) એક પ્રકારનુ ધાન્ય-તુવર.

सतेरा. स्त्री० (शतेरा) વિદિશાના રૂચક પર્વત ઉપર વસનારી દિશાકુમારિકામાંની એક.

सतो. अ० (स्वतस्) પોતે.

सत्त. न० (सत्त्व) પૃથ્વ્યાદિ ચાર સ્થાવર. (૨) સામાન્ય જીવ; પ્રાણી. (૩) ઉત્સાહ; હોંશ. (૪) પરાક્રમ; બળ

सत्त. त्रि० (सक्त) આસક્ત; તન્મય થએલ. (૨) અહોરાત્રના બીજા મુહૂર્તનું નામ.

सत्त. त्रि० (सप्तन्) સાત; સંખ્યાવાચક શબ્દ.

सत्तइ. पुं० (शतयकि) એરવત ક્ષેત્રના વર્તમાન ૧૦ મા તીર્થંકર.

सत्तंग. न० (सप्ताङ्ग) હાથીના સાત અંગ- ૪ પગ, સુંડ, પુચ્છ અને લિંગ.

सत्तघरंतरिय. त्रि० (सप्तगृहान्तरिक) સાત ઘરને અંતરે ભિક્ષા લેવાનો અભિગ્રહ ધરનાર ગોસાળામતનો અનુયાયી.

सत्तचत्तालीसा. स्त्री० (सप्तचत्वारिंशत्) ૪૭; સુડતાલીસ.

सत्तट्ठि स्त्री० (सप्तषष्टि) સડસઠ; ૬૭.

सत्तणउइ. स्त्री० (सप्तनवति) ૯૭; સત્તાણુ.

सत्ततरि. स्त्री० (सप्तसप्तति) સતોતેર; ૭૭ ની સંખ્યા.

सत्ततीसा. स्त्री० (सप्तत्रिंशत्) સાડત્રીશ

सत्तमासिया. स्त्री० (सप्तमासिकी) ભિક્ખુની સાતમી પડિમા કે જેમાં અન્ન પાણીની સાત દાત ઉપરાંત કલ્પે નહીં.

सत्तमी. स्त्री० (सप्तमी) સાતમ. (૨) સાતમી વિભક્તિ. (૩) સાતમા નબરની.

सत्तरस त्रि० (सप्तदश) સત્તર: ૧૭

सत्तराइंदिया. स्त्री० (सप्तरात्रिंदिवा) સાત રાત્રિ અને સાત દિવસ પ્રમાણ ભિક્ખુની આઠમી નવમી અને દશમી પડિમા.

सत्तरि. स्त्री० (सप्तति) ૭૦; સીતેર.

सत्तवण्ण. पुं० (सप्तपर्ण) એ નામનુ એક વૃક્ષ.

सत्तवण्णवण. न० (सप्तपर्णवन) સપ્તપર્ણ વૃક્ષનું વન જે સૂર્યાભ વિમાનના દક્ષિણ દરવાજાથી ૫૦૦ જોજન છેટે આવેલું છે.

सत्तवत्त. पुं० (सप्तपत्र) સપ્તપર્ણ; વૃક્ષ વિશેષ.

सत्तवन्न. पुं० (सप्तपर्ण) નાગકુમાર દેવતાનું ચૈત્યવૃક્ષ.

सत्तवन्नवडिंसय. पुं० (सप्तपर्णावतंसक) એ નામનું એક વિમાન.

सत्तसट्ठि. स्त्री० (सप्तषष्टि) સડસઠ; સાઠ અને સાત.

सत्तसत्तमिया. स्त्री० (सप्तसप्तमिका) સાત સપ્તક-૪૯ દિવસનુ-એક અભિગ્રહ તપ.

सत्तहत्तरि. स्त्री० (सप्तसप्तति) ૭૭; સીતોતેર.

सत्ता. स्त्री० (सत्ता) જેને લીધે પદાર્થોનું અસ્તિત્વ છે તે સત્તા.

सत्ताणउया. स्त्री० (सप्तनवति) ૯૭, સત્તાણું.

सत्तावराणा. } **सत्तावन्ना.** } स्त्री० (सप्तपञ्चाशत्) સત્તાવન, ૫૭

सत्तावरी. स्त्री० (सत्तावरी) કંદમૂળની એક જાત.

सत्तावीसइ } **सत्तावीसा.** } स्त्री० (सप्तविंशति) સત્તાવીસ, ૨૭

सत्तासीइ. स्त्री० (सप्ताशीति) સત્તાસી, ૮૭

सत्ति. स्त्री० (शक्ति) એક પ્રકારનુ આયુધ, શસ્ત્રની એક જાત. (૨) વશિષ્ટ ગોત્રની એક શાખા. (૩) તે શાખામાં જન્મેલ. (૪) त्रि० શક્તિ; સામર્થ્ય, બળ.

सत्तिग्गह. त्रि० (शक्तिग्रह) શક્તિ નામનુ આયુધ ગ્રહણ કરનાર.

सत्तिपराण पुं० (सप्तपर्ण) સૂર્યાભના સપ્તપર્ણ વનનો રક્ષક દેવતા.

सत्तिवराण पुं० (सप्तपर्ण) એ નામનુ વૃક્ષ કે જેની નીચે બીજા તીર્થંકરને કેવળજ્ઞાન થયું (૨) સપ્તપર્ણ વન. (૩) તે વનનો રક્ષક દેવતા.

सत्तिवराणवडंसय पुं० (सप्तपर्णावतंसक) એ નામનુ એક વિમાન.

सत्तु. पुं० (शत्रु) શત્રુ; વૈરી.

सत्तु. पुं० (सक्तु) સાથવો; ખાવાનો એક પદાર્થ.

सत्तुचुन्न. न० (सक्तुचूर्ण) સાથવાનો; ભુક્કો.

सत्तुसेण. पुं० (शत्रुसेन) અંતગડ સૂત્રના ત્રીજા વર્ગના છઠ્ઠા અધ્યયનનું નામ. (૨) ભદ્દલપુર નિવાસી નાગ ગાથાપતિની પત્ની સુલસાનો પુત્ર.

सत्थ. पुं० (सार्थ) સાથ; મુસાફરોનો સમૂહ.

सत्थ. न० (शास्त्र) શાસ્ત્ર, આગમ.

सत्थ. न० (शस्त्र) શસ્ત્ર, તલવાર આદિ હથિયાર. (૨) હળ, કોદાળી વગેરે ખેતીનાં સાધન. (૩) અસંયમ-કષાય.

सत्थणिवेस. पु० (सार्थनिवेश) સાર્થવાહના સાથની છાવણી

सत्थपरिणामिय. } **सत्थपरिणय.** } त्रि० (शस्त्रपरिणत) શસ્ત્રથી પરિણત થયેલ; અચિત્ત થયેલ

सत्थपरिणणा. } **सत्थपरिन्ना** } स्त्री० (शस्त्रप्रतिज्ञा) એ નામનું આચારાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના નવ અધ્યયનમાંનું પહેલું અધ્યયન.

सत्थय. त्रि० (सार्थक) અર્થ સહિત; સફળ

सत्थवाह. पु० (सार्थवाह) મોટા સાથને લઇ મુસાફરી કરનાર સાર્થવાહ.

सत्थातीय त्रि० (शस्त्रातीत) શસ્ત્રથી રહિત. (૨) જેને શસ્ત્ર લાગ્યું હોય તે.

सत्थार. त्रि० (शास्तृ) શાસન-આજ્ઞા કરનાર. નાયક; આચાર્ય.

सत्थिग. } **सत्थिय.** } पु० (स्वस्तिक) સાતમા તીર્થકરનું લાંછન.

सत्थोवाडण. न० (शस्त्रावपाटन) શસ્ત્રથી શરીર વિદારીને મૃત્યુ પામવું; બાળમરણનો એક પ્રકાર.

सदा. अ० (सदा) સદા; હમેશ; નિત્ય.

सदारमंतभेय. पु० (स्वदारमन्त्रभेद) પોતાની સ્ત્રીની ગુપ્તવાત બીજાને કહેવી તે, બીજા વ્રતનો ત્રીજો અતિચાર

सदारा. स्त्री० (सदारा) ધરણેંદ્રની ત્રીજી અગ્રમહિષીનું નામ.

सदावरी. स्त्री० (शतावरी) તેઇંદ્રિય જીવની એક જાત.

सदेस पु० (स्वदेश) પોતાનો દેશ.

सद्द. पु० (शब्द) શબ્દ; અવાજ; જીવ શબ્દ, અજીવ શબ્દ અને મિશ્ર શબ્દ એ ત્રણમાંનો ગમે તે એક. (૨) શબ્દ પ્રધાન નય; સાત નયમાંનો એક.

सद्दकरण. न० (शब्दकरण) ઉદાત્ત વગેરે સ્વર વિશેષ.

सद्दणय. पु० (शब्दनय) અર્થ કરતાં શબ્દને પ્રાધાન્ય આપનાર દૃષ્ટિ; શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ ત્રણ નય.

सद्दपरियारग. त्रि० (शब्दपरिचारक) પરસ્પર શબ્દ સાંભળીને વિષય તૃપ્તિ કરનાર; શબ્દરૂપ વિષયને સેવનાર.

सद्दपरियारणा स्त्री० (शब्दपरिचारणा) શબ્દ સાંભળીને વિષયતૃપ્તિ કરવી તે; શબ્દરૂપે વિષય સેવન.

सद्दवेहि त्रि० (शब्दवेधिन्) શબ્દનું લક્ષ્ય રાખી બાણ મારનાર.

सद्दहण. न० } **सद्दहणा.** स्त्री० } (श्रद्धान) શ્રદ્ધા રાખવી તે.

सद्दहिय. त्रि० (श्रद्धित) શ્રદ્ધા રાખેલ; ખાતરીથી માનેલ.

सद्दाणुवाअ. पु० (शब्दानुपात) ક્ષેત્રની મર્યાદાથી બહાર રહેલને સાદ કરી બોલાવવો તે દશમા વ્રતનો ત્રીજો અતિચાર.

सद्दालपुत्त. पु० (शकडालपुत्र) મહાવીર સ્વામિના દશ શ્રાવકમાંનો એક કે જે જાતનો કુંભાર હતો.

सद्दावति. पु० (शब्दापातिन्) એ નામનો એક વાટલો વૈતાઢ્ય પર્વત.

सद्दावित. } **सद्दाविय.** } त्रि० (शब्दापित) બોલાવેલ.

सद्दिअ. त्रि० (शब्दित) પ્રસિદ્ધિ પામેલ.

सद्दिय. त्रि० (शाब्दिक) શબ્દશાસ્ત્રને જાણનાર; વૈયાકરણી.

सद्दु. स्त्री० (शद्रु) એ નામની એક નદી કે જે સિંધુ નદીમાં મળે છે.

सद्दूल. पु० (शार्दूल) સિંહ.

सद्ध. पु० (श्राद्ध) પિતરાદિની ક્રિયા; શ્રાદ્ધ. (૨) શ્રાવક.

सद्धा. स्त्री० (श्रद्धा) तत्त्वरुचि; तत्त्वनिश्चय; श्रद्धा, आस्था. (२) प्रीति; भक्ति. (३) ઇચ્છા, અભિલાષા.

સद्धाण. न० (श्रद्धान) સમ્યક્ દર્શન. (૨) પ્રતીતિ; વિશ્વાસ.

सद्धिं. अ० (सार्धम्) સાથે; સગાથે જોડે.

सद्धेय. त्रि० (श्रद्धेय) શ્રદ્ધા કરવા યોગ્ય.

सणप्फय. त्रि० (सनखपद) નહોરવાળા પગવાળાં જાનવર; સિંહ વિગેરે.

सन्न. त्रि० (सज्ञ) સારી રીતે જાણનાર.

सन्न. त्रि० (सन्न) મગ્ન થયેલ; ખુંચી ગયેલ. (૨) આસક્ત.

सन्नत. त्रि० (सन्नत) જુઓ "સણ્ણય" શબ્દ.

सन्नद्ध. त्रि० (सन्नद्ध) બખતર આદિ બાંધેલ.

सन्नद्धबद्ध. त्रि० (सन्नद्धबद्ध) કવચ પ્હેરી તૈયાર થયેલ.

सन्ना. स्त्री० (संज्ञा) આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ વિષેની લાગણી. (૨) મતિજ્ઞાન વિશેષ; સમજણ. (૩) માન્યતા, શ્રદ્ધા. (૪) સંકેત, નામ. (૫) હાજત, શૌચની શંકા.

सन्नक्खर. न० (संज्ञाक्षर) બ્રાહ્મ્યઆદિ લિપિ ગત અકારાદિ અક્ષર, દ્રવ્યશ્રુતનો એક ભેદ.

सन्नाय त्रि० (स्वज्ञात) પોતાના સગા વ- હાલાં.

सन्नि. त्रि० (संज्ञिन्) મનવાળા પચેંદ્રિય જીવ. (૨) શ્રાવક.

सन्निअ. त्रि० (संज्ञित) સજ્ઞાવાળું.

सन्निकास. त्रि० (सन्निकाश) સમાન; સરખુ.

सन्निक्खित्त. त्रि० (सन्निक्षिप्त) દાટેલું, મુકેલું.

सन्निगास. त्रि० (सन्निकास) સમાન; તુલ્ય.

सन्निचय. पुं० (सन्निचय) ધાન્યદિનો સગ્રહ.

सन्निज्झ. न० (सान्निध्य) સમીપતા.

सन्निधान. न० (सन्निधान) વસ્ત્રાદિ વ્યવસ્થા પૂર્વક રાખવાં તે.

सन्निनाअ. पु० (सन्निनाद) પ્રતિશબ્દ; પડઘો.

सन्निनाण. न० (संज्ञिज्ञान) જાતિસ્મરણ જ્ઞાન; જેના બળથી સજ્ઞી પચેંદ્રિયના લગોલગ નવસો ભવનું સ્મરણ થાય તે જ્ઞાન.

सन्निपज्जत्त. त्रि० (संज्ञिपर्याप्त) જેણે પર્યાપ્તિ બાંધી પુરી કરી છે એવો સજ્ઞી.

सन्निपाय. पु० (सन्निपात) એકઠું કરવુ. (૨) સમૂહ.

सन्निभ. त्रि० (सन्निभ) સમાન; સરખુ.

सन्नियट्टचारि. त्रि० (सन्निवृत्तचारिन्) નિષિદ્ધ ઘરની ભિક્ષાને ત્યજી દેનાર. (સાધુ).

सन्निर. न० (सन्नीर) શાક પાંદડું

सन्निरुद्ध. त्रि० (सन्निरुद्ध) રોકવામા આવેલ, અટકાવેલ; સંકેલેલ.

सन्निवडिअ. त्रि० (सन्निपतित) પડેલુ.

सन्निवाअ. पुं० (सन्निपात) સન્નિપાતભાવ; ઉદયિકાદિ ભાવોનો સયોગ.

सन्निवाइय त्रि० (सान्निपातिक) વાત, પિત્ત અને કફના વિકારથી થતો વ્યાધિ; ત્રિદોષ.

सन्निवात. पु० (सन्निपात) એકત્ર સંયોગ.

सन्निविट्ठ. त्रि० (सन्निविष्ट) સારી રીતે બેઠેલુ.

सन्निवेस. पु० (सन्निवेश) યાત્રાળુઓને મુ- સાફરીમા રહેવાનુ સ્થાન–ધર્મશાળા વગેરે. (૨) ભરવાડને જંગલમા રહેવાનું સ્થાન– નેસડો.

सन्निसण्ण. } **सन्निसन्न.** } त्रि० (सन्निषण्ण) બેઠેલું; નિવાસ કરેલુ.

सन्निह. त्रि० (सन्निभ) તુલ્ય, સમાન.

सन्निहाण. पु० (सन्निधान) આધાર

सन्निहि. पुं० (सन्निधि) સગ્રહ; સંચય.

सन्निहिय. त्रि० (सन्निहित) નજીકનું

सपक्ख. न० (सपक्ष) પડખે; જોડાજોડ; બાજુએ.

सपक्ख. पुं० (स्वपक्ष) પોતાનો પક્ષ; સજાતીય વર્ગ.

सपक्खओ. अ० (सपक्षतस्) જોડાજોડ; બરાબર રીતે.

सपक्खि. अ० (सपक्ष) એક વસ્તુની સામે બીજી વસ્તુ એવી રીતે સન્મુખ રહે કે એના પક્ષ–પડખાં બરાબર સમકક્ષામાં આવે ત્યાં આ શબ્દ વપરાય.

सपक्खिसपडिदिसिं. अ० (सपक्षसप्रतिदिश्) જ્યાં બે વસ્તુની સામસામે દિશા વિદિશા સમાન–એક સરખી થાય ત્યાં આ શબ્દ વપરાય.

सपज्जवसिय. त्रि० (सपर्यवसित) વિનાશવાળું; અવસાન સહિત; છેડા સહિત.

सपडिक्कम. न० (सप्रतिक्रम) ભત્તપચ્ચક્ખાણ સંથારાનો એક પ્રકાર કે જેમાં ઉઠ બેસ થઇ શકે, શરીર હલાવી ચલાવી શકાય, તેવું અનશન વ્રત.

सपडिक्कमण. पुं० (सप्रतिक्रमण) પ્રતિક્રમણ સહિત કલ્પ–અર્થાત્ મહાવીરસ્વામીના સાધુને અવશ્ય બે વખત પ્રતિક્રમણ કરવુંજ જોઇએ, તેથી તેનો કલ્પ–ધર્મ સપ્રતિક્રમણ કહેવાય.

सपडिदिसिं. अ० (सप्रतिदिश्) એક વસ્તુની સામે બીજી વસ્તુ એવી કક્ષામાં આવે કે બેની પ્રતિદિશા સમાન–સરખી થાય તે.

सपत्तिय. त्रि० (सपात्रिक) પાત્ર–આધાર સહિત; કોઇને પણ આધારે રહેલ.

सपरिकम्म. त्रि० (सपरिकर्मन्) પરિકર્મ–હલન ચલનાદિ ચેષ્ટા-તે સહિત; સંથારાનો એક પ્રકાર. (૨) પરિકર્મ–સાધુના મૂળગુણની ઘાતરૂપ દોષ, તેણે કરી સહિત.

सपाहुडिय. त्रि० (सप्राभृतिक) પ્રાહુણાને માટે જેમ મકાન સાફસુફ કરી લિંપ-વામાં આવે તેમ સાધુને માટે લિંપણ ગુંપણ કરવામાં આવે તે પાહુડિયા દોષ, તે સહિત.

सपिंडरस. पुं० (सपिण्डरस) ખજૂર વગેરે રસમય પદાર્થ.

सपुव्वावर. त्रि० (सपूर्वापर) પહેલા તથા છેલ્લા સહિત.

सपोग्गल. त्रि० (सपुद्गल) કર્મ પુદ્ગળ સહિત; સંસારી જીવ.

सप्प. पुं० (सर्प) સાપ; નાગ. (૨) અશ્લેષા નક્ષત્રનો અધિષ્ઠાતા દેવતા; નાગ દેવતા.

सप्पडिकम्म. त्रि० (सप्रतिकर्मन्) જુઓ " સપડિકમ્મ " શબ્દ.

सप्पसुगंधा. स्त्री० (सर्पसुगन्धा) એ નામની સાધારણ વનસ્પતિ.

सप्पह. पुं० (सत्पथ) સન્માર્ગ; સત્પુરૂષો જે માર્ગે ચાલ્યા હોય તે માર્ગ.

सप्पि न० (सर्पिष्) ઘી; ઘૃત.

सप्पिआसव. } पुं० (सर्पिराश्रव) ઘૃત
सप्पियासव. } સમાન મધુર વચનની લબ્ધિવાળા સાધુ.

सप्पिसल्लग. त्रि० (सपिशाचक) પિશાચના આવેશવાળો.

सप्पी. स्त्री० (सर्पिणी) નાગણ.

सप्पुरिस. पुं० (सत्पुरुष) મહાપુરૂષ; સજ્જન. (૨) દક્ષિણ તરફના કિંપુરૂષ દેવતાનો ઇન્દ્ર.

सफल. त्रि० (सफल) સફળ; સાર્થક.

सबर. पुं० (शबर) એ નામનો એક મ્લેચ્છ દેશ. (૨) त्रि० શબર દેશમાં રહેનાર.

सबरिया. स्त्री० (शबरिका) } શબર દેશમાં
सबरी. स्त्री० (शबरी) } જન્મેલી દાસી.

सबल. पुं० (शबल) ચારિત્રને દૂષિત બના-વનાર એકવીસ જાતના શબલ દોષો, જેવાકે ૧ હસ્તકર્મ, ૨ મૈથુન, ૩ રાત્રિ ભોજન, ઇત્યાદિ. (૨) ચોથી જાતના પરમાધામી. (૩) त्रि० કાબરૂં; મેલું; ઝાંખું. (૪) અતિચાર સહિત; દોષવાળું.

सब्बल. પું० (शब्बल) ભાલો; શસ્ત્રની એક જાત.

सब्भाव. પું० (सद्भाव) સારો ભાવ. (૨) જિનેશ્વરે કહેલ પ્રવચન તત્ત્વ. (૩) અસ્તિત્વ; હયાતી. (૪) સત્ય આકાર; વસ્તુના મૂળ આકાર જેવો આકાર. (૫) સદ્ભૂત-વિદ્યમાન પદાર્થ.

सब्भावठवणा. स्त्री० (सद्भावस्थापना) વસ્તુનો વાસ્તવિક આકાર; વસ્તુના મૂળ આકાર જેવો આકાર.

सब्भावपच्चक्खाण. પું० (सद्भावप्रत्याख्यान) સંસારનો સર્વથા ત્યાગ; સર્વ સવર રૂપ શૈલેશી અવસ્થા.

सब्भितर. न० } (साभ्यन्तर) અંદર;
सब्भितरिय. न० } માંહ્ય.

सब्भूय. त्रि० (सद्भूत) યથાર્થ; સત્ય.

सभा. स्त्री० (सभा) મેલાવડો; પરિષદ; સભા. (૨) વ્યાખ્યાનશાળા; કથાગૃહ.

सभाव. પુ० (स्वभाव) પ્રકૃતિ; સ્વભાવ.

सभावसंपन्न. त्रि० (स्वभावसंपन्न) કુદરતી રીતે પાકે તે દરાખ વગેરે.

सम. त्रि० (सम) બરાબર; સરખું; ઉંચુ નીચું નહિ તે. (૨) જેના ચારે ચરણમાં સરખા અક્ષરો હોય તેનુ પદ્ય. (૩) બરાબર તાલ સહિત ગાવું તે; ગાયનના આઠ ગુણમાંનો એક ગુણ. (૪) ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન.

सम. પું० (श्रम) પરિશ્રમ; થાક.

समइक्कंत. त्रि० (समतिक्रान्त) સારી રીતે પાર પામેલ.

समइय. त्रि० (सामयिक) એક સમયની સ્થિતિવાળો.

समइय. न० (सामायिक) સાવદ્ય યોગની નિવૃત્તિ રૂપ સામાયિક ચારિત્ર.

समं. अ० (समम्) સાથે.

समंतओ. अ० (समंततस्) } સર્વ બાજુએ;
समंता. अ० (समंतात्) } ચારે તરફ.

समक्खाय. त्रि० (समाख्यात) કહેલું.

समगं. अ० (समकम्) એકીસાથે; યુગપત્.

समग्ग. त्रि० (समग्र) સમસ્ત; સઘળું; આખું.

समचउरंस. न० (समचतुरस्र) પલાંઠીવાળી બેસતાં શરીરની ઉંચાઇ અને પહોળાઇ સરખી થાય, ચારે ખુણા સરખા પડે તે સંસ્થાન-આકૃતિનું નામ; ૭ સંઠાણમાંનું પ્રથમ સંઠાણ

समचउरंससंठाण. न० (समचतुरस्रसंस्थान) જુઓ "ઉપલો" શબ્દ.

समचारि. त्रि० (समचारिन्) મહિનાના નામ સરખા નામવાળા નક્ષત્રો જેવા કે અશ્વિની, કૃત્તિકા, મૃગશિર, ઇત્યાદિ.

समच्चण. न० (समर्चन) પૂજા; અર્ચન.

समज्जिय. त्रि० (समर्जित) સમર્જન કરેલું; ભેગું કરેલું.

समज्झ. त्रि० (समध्य) વચલા ભાગ સહિત; મધ્યભાગ સાહત.

समट्ठ. त्रि० (समर्थ) સમર્થ; શક્તિસંપન્ન. (૨) યુક્ત; ઉચિત; ઘટિત.

समड्ढिय. त्रि० (समर्धिक) તુલ્ય ઋદ્ધિવાળા-(દેવ વગેરે.)

समण. પું० (श्रमण) મુનિ; નિર્ગ્રંથ; સર્વ પાપદોષથી રહિત સાધુ. (૨) ભગવાન્ મહાવીર સ્વામીનું ઉપનામ. (૩) શાક્યાદિ બૌદ્ધ વગેરેના સાધુ. (૪) તપશ્ચર્યા કરવામાં ઉદ્યત; તપ વગેરે કષ્ટ સહનાર. (૫) નિર્ગ્રંથ, શાક્ય, તાપસ, ગેરૂક અને આજીવક એ પાંચમાંનો ગમે તે એક. (૬) પાખંડી લોક.

समणधम्म. પું० (श्रमणधर्म) ખંતિ, મુત્તિ વગેરે દશ પ્રકારનો મુનિધર્મ.

समणभूय. त्रि० (श्रमणभूत) શ્રાવકની અગીયારમી પડિમા આદરનાર શ્રાવક કે જે ૧૧ માસ સુધી સાધુની માફક વર્તે.

समणसंघ. पुं० (श्रमणसंघ) સાધુ સમુદાય.

समणाउस. पुं० (श्रमणायुष्मत्) આયુષ્યમંત શ્રમણ-સાધુ; હે આઉખાવાળા સાધુ ! (એ સંબોધનમાં આ શબ્દ વપરાય છે.

समणी. स्त्री० (श्रमणी) સાધ્વી; આર્યા.

समणुचिन्न. त्रि० (समनुचीर्ण) આચરેલું; વર્તમાનમાં મુકેલું.

समणुन्न. त्रि० (समनुज्ञ) સમ્યક્ અનુજ્ઞા-અનુમોદન-સંમતિ આપનાર. (૨) મુનિ પાસે બોધ પામેલ; પ્રવ્રજ્યાને યોગ્ય. (૩) ઉદ્યુક્તવિહારી. (૪) સાંભોગિક; જેની સાથે સાધુને આહાર પાણીનો વ્યવહાર હોય તે. (૫) લોકસમત; લોકમાન્ય.

समणुन्ना. स्त्री० (समनुज्ञा) સ્વાભાવિક ગુણ યુક્ત પુરૂષને યોગ્ય પદવી દેવી તે.

समणुबद्ध. त्रि० (समनुबद्ध) નિરંતર બંધાયેલ.

समणुभाव. पुं० (समनुभाव) પરિણામ; કાર્યબળ.

समणुवराण. पुं० (समनुपन्न) સમ્યક્ પ્રકારે પામેલ-ધારણ કરેલ.

समणुस्सय. पु० (समनूच्छ्रय) વૃદ્ધિ પામેલ પુદ્ગલ.

समणोवासग. } **समणोवासय.** } पु० (श्रमणोपासक) સાધુની સેવા ભક્તિ કરનાર; શ્રાવક.

समणोवासिया. स्त्री० (श्रमणोपासिका) સાધુની સેવા-ભક્તિ કરનારી; શ્રાવિકા.

समणाय. पुं० (समन्वय) યોગ્યરીતે ઘટના કરવી; અન્વય કરવો.

समण्णागय. त्रि० (समन्वागत) યુક્ત; પ્રાપ્ત.

समणियाय. त्रि० (समन्वित) સારી રીતે સંબંધમાં આવેલ.

समतल. न० (समतल) સરખી સપાટી.

समतलपइया. स्त्री० (समतलपदिका) ભૂમિ ઉપર બન્ને પગ સરખા રાખવા તે.

समताल. न० (समताल) સરખો તાલ આપવાની કળા.

समतिक्कंत. त्रि० (समतिक्रान्त) ઉલ્લંઘી ગયેલ.

समत्त. त्रि० (समाप्त) પુરૂં; સમાપ્ત.

समत्त. त्रि० (समस्त) સર્વ; સઘળું.

समत्ति. स्त्री० (समाप्ति) પરિપૂર્ણતા.

समत्थ. त्रि० (समर्थ) સમર્થ; શક્તિવાન.

समदिट्ठि त्रि० (समदृष्टि) સમ દષ્ટિવાળો.

समन्नागय. त्रि० (समन्वागत) સંયમ અનુષ્ઠાનયુક્ત.

समन्नित. त्रि० (समन्वित) યુક્ત, સહિત.

समपायपुया. स्त्री० (समपादपुता) બે પગ તથા ધગડા જમીનને લગાડી બેસવું તે; એક પ્રકારનું આસન.

समप्पभ. पुं० (समप्रभ) ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન.

समप्पिय. त्रि० (समर्पित) અર્પણ કરેલું.

समभर. त्रि० (समभर) પરિપૂર્ણ ભરેલ.

समभाविय. त्रि० (समभावित) શુદ્ધ અન્તઃકરણવાળું; સમભાવિત થયેલ.

समभिआवराण. त्रि० (समभ्यापन्न) પ્રાપ્ત થયેલ; પાસે આવેલ.

समभिरूढ. पुं० (समभिरूढ) સાત નયમાંનો છઠ્ઠો નય; લિંગ પર્યાય અને વચનના ભેદથી અર્થભેદ માનનાર એક દૃષ્ટિ. (૨) વિચ્છેદ ગયેલ બારમા દૃષ્ટિવાદ અંગના બીજા વિભાગસૂત્રનો ૧૯ મો ભેદ.

समभिलोइय. त्रि० (समभिलोकित) સમ્યક્ પ્રકારથી અવલોકન કરેલ.

समभिलोय. पुं० (समभिलोक) અવલોકન કરવું; જોવું.

समय. पुं० (समय) ક્ષણ; કાળનો ન્હાનામાં ન્હાનો અંશ. (૨) સમય; વખત; કાળ. (૩) સિધ્ધાન્ત; પ્રવચન; આગમ. (૪) ભાંગા; વિકલ્પ કરવાની વ્યવસ્થા. (૫)

સંયમ; સદાચાર. (૬) અદ્ધા સમય–કાળ-દ્રવ્ય; ૭ દ્રવ્યમાંનું એક દ્રવ્ય. (૭) નાસ્તિક વગેરેના મતનું ખણ્ડન જેમાં છે તે સૂયગડાંગ સૂત્રના પ્રથમ અધ્યયનનું નામ. (૮) સામાયકવ્રત; શ્રાવકનું નવમું વ્રત.

समयं. અ॰ (समकम्) યુગપત્; એકી સાથે.

समयखित्त. ન॰ / **समयखित्तिय.** પું॰ / **समयक्खेत्त.** ન॰ } (समयक्षेत्र) અઢી દ્વીપ પ્રમાણ મનુષ્ય ક્ષેત્ર.

समयन्न. ત્રિ॰ (समयज्ञ) સ્વસિદ્ધાંત અને પરસિદ્ધાંતને જાણનાર.

समयप्पवाय. પું॰ (समयप्रवाद) એ નામનો આઠમો પૂર્વ.

समया. સ્ત્રી॰ (समता) સમભાવ; સમતા.

समर. પું॰ (समर) સંગ્રામ; યુધ્ધ. (૨) નીચ માણસોનું નિવાસસ્થાન.

समरइत्तार. ત્રિ॰ (स्मृ) સંભારનાર; સ્મરણ કરનાર.

समरणीय. ત્રિ॰ (स्मरणीय) સ્મરણ કરવા યોગ્ય.

समलिहिय. ત્રિ॰ (समलिखित) સરખી પંક્તિમાં આલેખેલ.

समवगूढ. ત્રિ॰ (समवगूढ) વિંટાયેલું; ઘેરાયેલું.

समवसढ. ત્રિ॰ (समवसृत) બીરાજમાન થયેલ; પધારેલ.

समवसरण ન॰ (समवसरण) .જિનેશ્વરની દેશનાભૂમિ.

समवाइ ન॰ (समवायिन्) સમવાયિ કારણ; ઉપાદાન કારણ, જેમ ઘડાનું કારણ માટી.

समवाय. પું॰ (समवाय) અગીયાર અંગમાંનું ૪ થું સમવાયાંગ સૂત્ર. (૨) વેપારી વગેરેનો સમુદાય. (૩) ઇન્દ્ર.

समवायमह. ન॰ (समवायमहस्) ઇંદ્ર મહોત્સવ.

समसीसिया. સ્ત્રી॰ ( ) સ્પર્ધા; ચાસાચડસી.

समसेणि. સ્ત્રી॰ (समश्रेणि) સરખી પંક્તિ; હારબંધ.

समहिट्ठअ. ત્રિ॰ (समधिष्ठक) કારભારી; અધિકારી; અધિષ્ઠાતા.

समहिय. ત્રિ॰ (समधिक) અધિક; વધારે.

समा. સ્ત્રી॰ (समा) આરો; સમય વિશેષ.

समाअ. પું॰ (समाय) સામાયિક.

समाइट्ठ. ત્રિ॰ (समादिष्ट) ફરમાવેલ.

समाइण्ण. ત્રિ॰ (समाकीर्ण) વ્યાપ્ત; આકુળ વ્યાકુળ.

समाउत्त. ત્રિ॰ (समायुक्त) સહિત; યુક્ત; વિશિષ્ટ.

समाउल. ત્રિ॰ (समाकुल) વ્યાકુળ.

समाएस. પું॰ (समादेश) અમુક આહાર સાધુને આપવા માટે કલ્પી રાખવો તે; આહારનો એક દોષ.

समाकरिसण. ન॰ (समाकर्षण) ખેંચવું.

समाकाल. પું॰ (समयकाल) ૭ આરાની પ્રવૃત્તિરૂપ કાળ.

समागम. પું॰ (समागम) સમાગમ; મેળાપ.

समागय. ત્રિ॰ (समागत) આવેલ.

समाचार. પું॰ (समाचार) આચરણ; અનુષ્ઠાન.

समाण. ત્રિ॰ (सत्) છતું; વિદ્યમાન.

समाण. ત્રિ॰ (समान) સરખું; તુલ્ય. (૨) અણપન્ની જાતના વ્યંતર દેવતાનો બીજો ઇન્દ્ર. (૩) આઠમા દેવલોકનું એક વિમાન. (૪) ચાલવાની શક્તિ ક્ષીણ થવાથી એક ઠેકાણે સ્થિર વાસ રહેનાર સાધુ.

समाणइत्तार. ત્રિ॰ (समानेतृ) અનુષ્ઠાન કરનાર.

समादाण. ન॰ (समादान) અંગીકાર કરવું તે.

समादेय. ત્રિ॰ (समादेय) ગ્રહણ કરવા યોગ્ય.

समाधाण. ન॰ (समाधान) સમાધાન કરવું.

समाहि. પું॰ (समाधि) મનની સ્વસ્થતા. (૨) શ્રુતચારિત્રરૂપધર્મ.

समाणीय. ત્રિ॰ (समानीत) સમ્યક્ પ્રકારે આણેલું.

समामेव. अ० (समभेव) એકજ વખતે.

समाय. पुं० (समकाल) તુલ્યકાળ.

समाय. पुं० (समाज) સમુદાય.

समायाण. न० (समादान) ગ્રહણ કરવું; સ્વીકારવું.

समायार. पुं० (समाचार) આચરણ; અનુષ્ઠાન.

समायारअ. त्रि० (समाचारक) આચરણ કરનાર.

समायारी. स्त्री० (समाचारी) દશ પ્રકારની સાધુ સમાચારી. (૨) શિષ્ટ પુરૂષોએ સારીરીતે આચારમાં મુકેલ ક્રિયા.

समारंभ. पुं० (समारम्भ) મન વચન અને કાયાથી પરને દુ:ખ ઉપજાવવું તે.

समारचणा. स्त्री० (समारचना) સુધારવું તે.

समारूढ. त्रि० (समारूढ) સારીરીતે આરૂઢ થયેલો.

समालिहण. न० (समालेखन) લેપ કરવો; ચોપડવું.

समालोयण. न० (समालोचन) વિચારણા; નિરીક્ષણ.

समावडिय. त्रि० (समापतित) આવી પડેલું; જોડાયેલું; બંધાયેલું.

समावण्ण. } त्रि० (समापन्न) પ્રાપ્ત થયેલ;
समावन्न. } પામેલ.

समास. पुं० (समास) સંક્ષેપ; ટુંકાણ. (૨) બેથી વધારે પદોનું પરસ્પર જોડાણ. (૩) સામાયિક.

समासीण. त्रि० (समासीन) સારીરીતે બેઠેલ.

समाहत. } त्रि० (समाहत) હણેલું; મારેલું.
समाहय. }

समाहरणया. स्त्री० (समाहरणा) અકુશળ મન વચન આદિનો નિરોધ કરવો તે.

समाहाण. न० (समाधान) વિષય વિકારની નિવૃત્તિ; સ્વાસ્થ્ય.

समाहारा. स्त्री० (समाहारा) દક્ષિણ દિશાના રૂચક પર્વત ઉપર વસનારી આઠ દિશા-કુમારીમાંની પહેલી દિશાકુમારી. (૨) પખવાડીઆની પંદર રાત્રિમાંની બારમી રાત્રિનું નામ.

समाहि. पुं० (समाधि) સમાધિ; ચિત્તનું સ્વાસ્થ્ય-સ્થિરતા; અંત:કરણની એકાગ્રતા; યોગનું એક અંગ. (૨) સૂયગડાંગ સૂત્રનું ૧૦ મુ અધ્યયન. (૩) જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં થનાર ૧૭ મા તીર્થંકર. (૪) ધર્મપ્રાપ્તિ. (૫) જ્ઞાન, દર્શન અને ચારિત્ર આદિ મોક્ષમાર્ગ.

समाहिनाम. न० (समाधिनामन्) સૂયગડાંગ સૂત્રના દશમા અધ્યયનનું નામ.

समाहिय. त्रि० (समाहित) સમાધિ પામેલ; સ્વસ્થ થયેલ; શાન્ત થયેલ.

समाहियच्च. त्रि० (समाहितार्च) શાન્ત જવાળા-વાળો.

समिइ. स्त्री० (समिति) ગમન આદિ ક્રિયામાં યતના રાખવી તે; ઇર્યા આદિ પાંચ સમિતિ. (૨) મળવું; એકત્ર થવું. (૩) સામગ્રી.

समिइमा. स्त्री० (समितिमा) દહિં અથવા દુધની તર. (૨) એક જાતનો ખાદ્ય પદાર્થ.

समिक्खा. स्त्री० (समीक्षा) તત્ત્વ વિચારણા.

समिति. स्त्री० (समिति) ગમન, ભાષણ આદિ ક્રિયામાં ઉપયોગ રાખવો તે; ઇર્યા આદિ પાંચ સમિતિમાંની ગમે તે એક. (૨) ઋદ્ધિ.

समिद्ध. त्रि० (समृद्ध) સમૃદ્ધિવાન; ધન-ધાન્ય આદિથી પરિપૂર્ણ.

समिद्धि. स्त्री० (समृद्धि) ધનધાન્યાદિ વિભૂતિ.

समिय. त्रि० (समित) ચાલવામાં, બોલવામાં, ગવેષણા કરવામાં, વસ્તુને લેવા મુકવામાં અને પરઠવવામાં ઉપયોગ રાખી યતના-

થી વર્તનાર; પાંચ સમિતિયુક્ત. (૨) પ્રમાણવાળો; પરિમિત. (૩) શાંત થયેલ; અહંકારનો ત્યાગ કરેલ. (૪) સમ્યક્ પ્રકારે પ્રાપ્ત થયેલ. (૫) સરખા અવયવવાળો. (૬) ન૦ નિરંતર; હમેશાં; સર્વકાળ.

समिय. त्रि० (सम्यक्) સમ્યક્; સારૂં; શ્રેષ્ઠ.

समिय: त्रि० (शमित) ઉપશમાવેલું.

समिय: स्त्री० (समिध्) ઇન્ધણા. (૨) લોટ દહીં વગેરે યજ્ઞોપયોગી દ્રવ્યો.

समियदंसण. त्रि० (सम्यग्दर्शन) સમ્યગ્ દષ્ટિવાળો; સમ્યક્ દર્શનવાળો.

समिया. स्त्री० (समिता) ચમરેન્દ્ર વગેરેની અન્દરની સભા કે જેના સભાસદો તેડાવ્યા આવે.

समिया. अ० (सम्यक्) સારીપેઠે; સારીરીતે.

समिया. स्त्री० (शमिता) સમતા; સામ્યભાવ. (૨) ઉપશમ ભાવ.

समिला. स्त्री० (समिला) ધોંસરીમાં જોતર બાંધવાનો લાકડાનો ખીલો; સમોલ.

समिहा. स्त्री० (समिध्) અશ્વત્થ આદિ વૃક્ષની પ્રતિશાખાના કટકા; સમિધ-હવનને યોગ્ય સામગ્રી.

समी. स्त्री० (शमी) ખીજડાનું ઝાડ; દશેરાને દિવસે પૂજાતું વૃક્ષ.

समीकत. त्रि० (समीकृत) સરખું કરેલ.

समीकरण. न० (समीकरण) વિષમ હોય તેને સમું કરવું તે.

समीरिय. त्रि० (समीरित) પ્રેરણા કરેલ.

समीव. न० (समीप) સમીપે; પાસે.

समीवीकरण. न० (समीपीकरण) દૂર હોય તેને પાસે લાવવું.

समीसिय. त्रि० (समिश्रित) મિશ્રણ યુક્ત.

समीहिय. त्रि० (समीहित) ઇચ્છેલું; કલ્પેલું.

समुयाण. न० (समुदान) ઉચિત ભિક્ષા લેવી તે.

समुइय. त्रि० (समुदित) પ્રગટ થયેલ.

समुक्कड. पुं० (समुत्कृष्ट) ઉત્કૃષ્ટ પદવી ઉપર સ્થપાયેલ.

समुक्किट्ठ. त्रि० (समुत्कृष्ट) ઉન્નતિ પામેલ; ધનાઢ્ય બનેલ.

समुक्कित्तणया. स्त्री० (समुत्कीर्तन) નામ માત્રથી વસ્તુનું પ્રતિપાદન કરવું.

समुक्खित्त. त्रि० (समुत्क्षिप्त) ફેંકેલું.

समुग्ग. पुं० (समुद्ग) ડાબડો; ડબ્બો.

समुग्गपक्खि. पुं० (समुद्गपक्षिन्) સમુગ્ગપક્ષિ-ડાબડાની પેઠે પાંખ બંધ કરીને આકાશમાં ઉડનારૂં પક્ષી; ખેચર તિર્યંચ પંચેંદ્રિયનો એક ભેદ, કે જે અઢિ દ્વીપની બ્હાર છે.

समुग्गय. पुं० (समुद्गक) ડાબલો. (૨) બારણામાં જડેલ ઉભા અને આડા લાકડાના સંધાણથી વચ્ચે પડેલાં ચોગઠાં. (૩) ચણીઆરાં.

समुग्घाय. पु० (समुद्घात) એકીસાથે પ્રબળપણે જીવ પ્રદેશથી કર્મ પુદ્ગળને ઉદીરણાદિકથી આકર્ષી, ભોગવી ઝાટકવા-ખંખેરવા તે; વેદના વગેરેથી જીવના પ્રદેશને બહાર ફેલાવવા તે; વેદના આદિ સાત સમુદ્ઘાત. (૨) પ્રજ્ઞાપના સૂત્રના છત્રીશમા પદનું નામ.

समुचिय. त्रि० (समुचित) સુખમાં ઉત્પન્ન થયેલ.

समुच्चय. पुं० (समुच्चय) સમુચ્ચય; સમુદાય.

समुच्चयबंध. पुं० (समुच्चयबन्ध) ઢગલારૂપે બંધ; કોઇ વસ્તુનો ઉંચો ઢગલો કરવો તે.

समुच्छ्रय. पुं० (समुच्छ्रय) ઉદારિકાદિ શરીર.

समुज्जलिय. त्रि० (समुज्ज्वलित) ઉજળેલ; ઉલ્લાસ પામેલ.

समुच्छिन्नकिरिय. त्रि० (समुच्छिन्नक्रिय) જે સ્થિતિમાં-મનયોગ, વચનયોગ અને કાય-

યોગ, એ ત્રણે યોગની નિવૃત્તિ થાય છે તે; શુક્લધ્યાનનો ચોથો પાયો.

समुच्छिम. त्रि० (समूच्छिम) ગર્ભ વિના પોતાની મેળે ઉત્પન્ન થાય તે. (૨) અચિત્ત વાયુ.

समुच्छिय. त्रि० (संमूच्छित) ઉત્પન્ન થયેલું.

समुच्छेय. पुं० (समुच्छेद) મરણ; વિનાશ.

समुच्छेदवादि. त्रि० (समुच्छेदवादिन्) ક્ષણિક ભાવને માનનાર; ક્ષણિકવાદી.

समुज्जम. पुं० (समुद्यम) ઉદ્યોગ.

समुज्जय. त्रि० (समुद्यत) સારી પેઠે તૈયાર થયેલ.

समुज्जाय. त्रि० (समुद्यात) નિકળેલ.

समुज्जाय. त्रि० (समुज्जात) સમ્યક્ ઉર્ધ્વ-લોકને પ્રાપ્ત થયેલ.

समुज्झिय. त्रि० (समुज्झित) છોડી દીધેલું; ફેંકી દીધેલું.

समुट्ठाइ. त्रि० (समुत्थायिन्) ઉદ્યત-તૈયાર થનાર.

समुट्ठाण. न० (समुत्थान) નિમિત્ત કારણ.

समुट्ठाणसुअ. न० (समुत्थानश्रुत) ૭૨ સૂત્ર-માંનું એક.

समुट्ठिय. त्रि० (समुत्थित) સંયમાદિ અનુષ્ઠાન કરવા તૈયાર થયેલ; યથોક્ત ચારિત્ર માટે તૈયાર થયેલ. (૨) ઉત્પન્ન થયેલ.

समुत्तइअ. त्रि० (समुत्तर्कित) ગર્વિત થયેલ; ગર્વ કરેલ.

समुत्तिएण. त्रि० (समुत्तीर्ण) તરીને પાર પામેલ.

समुत्थ. त्रि० (समुत्थ) ઉત્પન્ન થયેલ.

समुत्थण. न० (समुत्थान) પવનનું વાવું.

समुत्थाण. न० (समुत्थान) કોઇ પણ વસ્તુને સારી સ્થિતિએ પહોંચાડવા માટે પ્રથમથી તે વસ્તુમાં યોગ્યતા લાવવી તે.

समुत्थिय. त्रि० (समुत्थित) ઉત્પન્ન થયેલ.

समुदय. } **समुदाय.** } पु० (समुदाय) સમૂહ, જથ્થો.

समुदाण. पु० न० (समुदान) ઉચ્ચ નીચ કુળ સમુદાયની ગોચરી-ભિક્ષા.

समुदाणचरअ. पुं० (समुदानचरक) સામુદાણિ ભિક્ષાથી વૃત્તિ કરનાર.

समुदाणिय. त्रि० (समुदानिक) ઘરોના સમૂ-હથી ભિક્ષા મળેલી હોય તે.

समुदाणियभेरी. स्त्री० (समुदानिकभेरी) સમુ-દાયને એકઠો કરવાની ભેરી-દુંદુભિ.

समुदायार. पुं० (समुदाचार) સદાચાર.

समुदिय. त्रि० (समुदित) સમૂહરૂપે બનેલ.

समुद्द. पुं० (समुद्र) લવણ આદિ સમુદ્ર. (૨) આઠમા બળદેવ, વાસુદેવના પૂર્વ-ભવના ધર્માચાર્ય. (૩) અંતગડસૂત્રના પહેલા વર્ગના બીજા અધ્યયનનું નામ. (૪) અંધકવૃષ્ણિ રાજાનો પુત્ર બીજો દશાર. (૫) અંતગડ સૂત્રના બીજા વર્ગના ત્રીજા અધ્યયનનું નામ. (૬) અંધકવૃષ્ણિ રાજાની ધારણી રાણીના પુત્ર.

समुद्ददत्त. पुं० (समुद्रदत्त) ચોથા વાસુદેવના ત્રીજા પૂર્વ ભવનું નામ. (૨) એ નામનો એક માણસ.

समुद्दपाल. पुं० (समुद्रपाल) પાલિત નામે વ્હાણવટીનો પુત્ર.

समुद्दलिक्ख. पुं० (समुद्रलिक्ष) સમુદ્રમાં ઉત્પન્ન થનાર એક જંતુ; બે ઇંદ્રિયવાળા જીવની એક જાત.

समुद्दवायस. पुं० (समुद्रवायस) જળ કાગડો; સમુદ્રમાં ઉડનાર કાકપક્ષી.

समुद्दविजय. पुं० (समुद्रविजय) વસુદેવજીના મ્હોટા ભાઇ; દશ દશારમાંના સૌથી મોટા દશાર; દ્વારકાના રાજા; નેમનાથ પ્રભુના પિતા. (૨) ત્રીજા ચક્રવર્તીના પિતા.

समुद्दाण. पु० न० (समुदान) જુઓ "સ-મુદાણ" શબ્દ.

समुद्देस. पुं० (समुद्देश) ગુરૂએ શિષ્યને આપેલ વાંચના. (૨) ભોજન.

समुद्देसणकाल. पुं० (समुद्देशनकाल) પાઠન વાચનાનો વખત.

समुद्देसिय. न० (समुद्देशिक) પાખંડીઓને દેવા માટે બનાવેલ આહાર લેવાથી સાધુને લાગતો એક દોષ.

समुद्धय. त्रि० (समुद्धत) બળતું.

समुद्धिअ. त्रि० (समुद्धृत) સારી રીતે ઉદ્ધાર કરેલ.

समुद्धुय. त्रि० (समुद्धूत) ઉડેલ.

समुन्नय. त्रि० (समुन्नत) ઉંચું.

समुपविट्ठ. त्रि० (समुपविष्ट) સારી રીતે પાસે પાસે એક આસને બેઠેલ.

समुप्पण्ण. } त्रि० (समुत्पन्न) ઉત્પન્ન થયેલું.
समुप्पन्न. }

समुप्पयण. न० (समुत्पतन) ઉપર ઉડવું.

समुप्पाय. पुं० (समुत्पाद) આદુર્ભાવ; ઉત્પત્તિ.

समुप्पेह. त्रि० (समुत्प्रेक्ष्य) વિચારવા યોગ્ય.

समुप्पेहा. स्त्री० (समुत्प्रेक्षा) સારો વિચાર.

समुब्भव. पुं० (समुद्भव) ઉત્પન્ન થવું.

समुब्भूय. त्रि० (समुद्भूत) ઉત્પન્ન થયેલ; પેદા થયેલ.

समुयाण. न० (समुदान) સામુદાણી-ઘર સમુદાયમાંથી મેળવેલી ભિક્ષા.

समुयार. पुं० (समुदाचार) આચાર; આચરણ; પ્રવર્તન.

समुल्लालिय. त्रि० (समुल्लालित) લીલાપૂર્વક ઉલાળેલ; ઉચ્છાળેલ.

समुल्लाव. पुं० (समुल्लाप) પ્રેમપૂર્વક વાર્તાલાપ.

समुवज्जिय. त्रि० (समुपार्जित) મેળવેલું; પેદા કરેલું.

समुवट्ठिय. त्रि० (समुपस्थित) આવી પહોંચેલ; આવેલ.

समुवागय. त्रि० (समुपागत) એકઠા થએલ.

समुस्सय. पुं० (समुच्छ्रय) શરીર સંપત્તિ; પુદ્ગળસંઘાત. (૨) કર્મનો ઉપચય-વૃદ્ધિ.

समुस्सासिअ. त्रि० (समुच्छ्वसित) વિકસેલું.

समुस्सिय. } त्रि० (समुच्छ्रित) ખરડેલ.
समूसिय. } (૨) ઉંચું કરેલ.

समूसुअ. त्रि० (समुत्सुक) ઉત્કણ્ઠિત.

समूह. पुं० (समूह) સંઘાત; જથ્થો; સમુદાય.

समेय. त्रि० (समेत) સહિત; મિશ્ર.

समोयार. पुं० (समवतार) એક વસ્તુનો બીજી વસ્તુમાં સમાવેશ કરવો તે.

समोइण्ण. त्रि० (समवतीर्ण) ઉતરી આવેલ; આવી પહોંચેલ.

समोक्कंता. स्त्री० (समवक्रांता) મધ્યમ ગ્રામની પાંચમી મૂર્છના.

समोगाढ. त्रि० (समवगाढ) પ્રવિષ્ટ; પેઠેલું. (૨) આવેલ.

समोच्छन्न. त्रि० (समवच्छन्न) ઢંકાયેલ.

समोवइय.. त्रि० } (समवपतित) આકાશમાંથી
समोवडिय. त्रि० } નીચે પડેલ.

समोसढ. त्रि० (समवसृत) ઉચિત સ્થાનમાં ઉતરેલ; ઉતારો કરેલ; બિરાજમાન થયેલ.

समोसरण. न० (समवसरण) સૂયગડાંગ સૂત્રના બારમા અધ્યયનનું નામ. (૨) જૈનેતર દર્શનીઓની માન્યતાઓનો સમાગમ; મેળો. (૩) વિશ્રામ. (૪) તીર્થંકરની પધરામણી અને બાર જાતની પ્રખદાનું મળવું. (૫) ઘણા સાધુઓ ભેગા થઇ બેસે તે; મેળો; સંમેલન. (૬) ભગવાન્ બિરાજતા હોય ત્યાં દેવતાએ કરેલી સિંહાસન વગેરેની રચના. (૭) વર્ષાકાળ; વર્ષાઋતુ.

समोसरिय. त्रि० (समवसृत) જુઓ "સમોસઢ" શબ્દ.

समोहणा. स्त्री० (समवहनन) સમુદ્ઘાત.

समोहय. त्रि० (समवहत) વિસ્તારેલું; સમુદ્ઘાત કરેલ.

समोहयामरण. न० (समवहतमरण) બંદુકના ભડાકાની માફક મરણ સમયે જીવનું એકદમ નીકળી જવું તે.

सम्म. न० (सम्यक्) સમકિતમોહનીયકર્મ, મોહનીયકર્મની એક પ્રકૃતિ. (૨) સમકિત નામે સામાયિક. (૩) સમ્યક્ત્વ; સમકિત. (૪) અવિરતિ સમ્યગ્ દૃષ્ટિ નામનું ચોથું ગુણઠાણું. (૫) સમ્યગ્ દૃષ્ટિ જીવ.

सम्मं. अ० (सम्यक्) સારીરીતે; બરાબર.

सम्मग. त्रि० (सम्यग) સમ્યગ્ દૃષ્ટિ; સમકિતી.

सम्मग्ग. पुं० (सन्मार्ग) સત્યમાર્ગ; શુદ્ધમાર્ગ. (૨) મોક્ષ માર્ગ.

सम्मज्जक. } **सम्मज्जग.** } पु० (सम्मज्जक) સ્નાન કરતાં વારંવાર પાણીમાં પેસી બ્હાર નીકળે તેવા તાપસ; તાપસની એક જાત.

सम्मज्जिय. त्रि० (संमार्जित) શુદ્ધ કરેલું; સાફ કરેલું.

सम्मट्ठ. त्रि० (समृष्ट) ઝાડીઝુડી સાફ કરેલું; કચરો કહાડી વાળેલું. (૨) કાન સુધી પૂરેલું; ભરેલું.

सम्मत. त्रि० (सम्मत) અભિમત; માનેલું.

सम्मत्त. न० (सम्यक्त्व) તત્ત્વજ્ઞાન પૂર્વક તત્ત્વશ્રદ્ધાન; સમ્યગ્દૃષ્ટિ; સમકિત. (૨) સમ્યક્ત્વ નામનું આચારાંગનું ચોથું અધ્યયન. (૩) પ્રજ્ઞાપના સૂત્રના ૧૯ મા પદનું નામ. (૪) પ્રજ્ઞાપનાના ત્રીજા પદના નવમા દ્વારનું નામ.

सम्मत्तकिरिया. स्त्री० (सम्यक्त्वक्रिया) સમ્યક્ત્વ સહિત ક્રિયા. (૨) તત્ત્વશ્રદ્ધાન-સદ્દહણારૂપ જીવવ્યાપાર.

सम्मत्तपओग. पुं० (सम्यक्त्वप्रयोग) સમ્યક્ત્વાદિ સહિત મનનો વ્યાપાર.

सम्मत्तपज्जव. पु० (सम्यक्त्वपर्यव) સમ્યક્ત્વના પર્યાય-પરિણામ વિશેષ.

सम्मत्तपरिग्गहिय. त्रि० (सम्यक्त्वपरिगृहीत) સમ્યક્ત્વથી સમદૃષ્ટિ જીવે સ્વીકારેલ.

सम्मदंसण. न० (सम्यग्दर्शन) યથાર્થદર્શન; સમકિતદર્શન.

सम्मदंसणपज्जव. पु० (सम्यग्दर्शनपर्यव) સમકિતદૃષ્ટિના પર્યાય-ભાવ.

सम्मद्दिट्ठि. त्रि० (सम्यग्दृष्टि) સમ્યગ્દર્શનવાળો; સમકિતદૃષ્ટિવાળો; જીવ વગેરે પદાર્થોને યથાર્થ જોઈ.

सम्ममिच्छादिट्ठिय. पुं० (सम्यङ्मिथ्यादृष्टिक) મિશ્રદૃષ્ટિવાળો; સમકિત અને મિથ્યાત્વના મિશ્રણવાળો.

सम्मय. त्रि० (सम्मत) ઘણા માણસોએ માન્ય કરેલું.

सम्मसुअ. न० (सम्यक्श्रुत) યથાર્થશ્રુત-શાસ્ત્ર, જિનપ્રવચન.

सम्माण. न० (सन्मान) સત્કાર કરવો.

सम्माणणिज्ज. त्रि० (सन्माननीय) સન્માન-બહુમાન કરવા યોગ્ય.

सम्माणिय. त्रि० (सन्मानित) સન્માન આપેલ.

सम्मामिच्छ. त्रि० (सम्यङ्मिथ्या) કંઇક યથાર્થ અને કંઇક અયથાર્થ દૃષ્ટિ (મિશ્ર દૃષ્ટિ) વાળો.

सम्मामिच्छत्त. न० (सम्यङ्मिथ्यात्व) મિશ્રપણું.

सम्मामिच्छत्तमोहणीय. न० (सम्यङ्मिथ्यात्वमोहनीय) દર્શન મોહનીય કર્મની એક પ્રકૃતિ કે જે શુદ્ધાશુદ્ધ-મિશ્ર દલિયા રૂપ હોય છે.

सम्मामिच्छदंसण. न० (सम्यङ्मिथ्यादर्शन) કંઇક સમકિત અને કંઇક મિથ્યાત્વ અર્થાત્ મિશ્રદર્શન.

सम्मामिच्छदिट्ठि. त्रि० (सम्यङ्मिथ्यादृष्टि) કંઇક સમ્યક્ અને કંઇક મિથ્યા દૃષ્ટિવાળો ત્રીજે ગુણઠાણે વર્તતો જીવ.

सम्मावाइ. } **सम्मावाति.** } त्रि० (सम्यग्वादिन्) यथार्थ-सारूं-બોલનાર.

सम्मेयपव्वय. પું० (सम्मेतपर्वत) સમ્મેદ નામનો પર્વત; સંમેતશિખર પર્વત.

सम्मेयसेल. પું० (सम्मेतशैल) સમ્મેતશિખર પર્વત.

सम्मोहत्ता. સ્ત્રી० (संमोहता) દેવ વિશેષપણું.

सय. પું० (सत्क) સત્પુરૂષ. (૨) ત્રિ૦ સત્-વિદ્યમાન; અસ્તિત્વવાળું.

सय. ન० (शत) સો-૧૦૦ (૨) ન० એક જાતની વનસ્પતિ. (૩) પું० ભગવતીજી સૂત્રના અધ્યાયોનું નામ; શતક.

सय. ત્રિ० (स्वक) પોતાનું.

सयं. અ० (सकृत्) એકવાર.

सयं. અ० (स्वयम्) પોતે; જાતે.

सयंजय. પું० (शतंजय) પખવાડીયાના તેરમા દિવસનું નામ.

सयंजल. પું० (स्वयजल) ગઇ અવસર્પિણીના પ્રથમ કુળકરનું નામ. (૨) ઐરવત ક્ષેત્રના વર્તમાન ચોવીસીના ૧૪ મા તીર્થંકર. (૩) શક્રેંદ્રના લોકપાલ-વરૂણના વિમાનનું નામ.

सयंजलकूड. પું० (शतजलकूट) વિદ્યુત્પ્રભ વખારા પર્વતનાં નવ કૂટમાંનું આઠમું કૂટ-શિખર.

सयंपभ. પુ० (स्वयंप्रभ) પોતાની મેળે પ્રકાશતો મેરૂ પર્વત. (૨) સ્વયપ્રભ નામનો એક ગ્રહ. (૩) જમ્બૂદ્વીપના ભરતખડમાં થનાર ચોથા તીર્થંકર. (૪) જંબૂદ્વીપના ભરતખંડમાં થનાર ચોથા કુલકર. (૫) સ્વયંપ્રભ નામે ગઇ ઉત્સર્પિણીના ચોથા કુલકર.

सयंबुद्ध. ત્રિ० (स्वयंबुद्ध) ગુરૂના યોગ વિના પોતાની મેળે બોધ પામેલ.

सयंबुद्धसिद्ध. પું० (स्वयंबुद्धसिद्ध) પોતાની મેળે બોધ પામી સિદ્ધ થયેલ.

सयंभू. પું० (स्वयंभू) વિષ્ણુ; (૨) ત્રીજા વાસુદેવનું નામ. (૩) બ્રહ્મા. (૪) જીવ કે જે પોતાની મેળે ઉત્પન્ન થાય છે. (૫) સ્વયંભૂ નામનું ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન. (૬) સ્વયંભૂરમણ સમુદ્ર; ત્રિછાલોકના અસંખ્યાત સમુદ્રમાંનો છેલ્લો સમુદ્ર.

सयंभूरमण. પું० (स्वयम्भूरमण) એ નામનો છેલ્લામાં છેલ્લો દ્વીપ અને સમુદ્ર. (૨) એ નામનું ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન.

सयंभूरमणभद्द. પુ० (स्वयंभूरमणभद्र) સ્વયભૂરમણ દ્વીપના દેવતાનું નામ.

सयंभूरमणमहाभद्द. પું० (स्वयंभूरमणमहाभद्र) સ્વયભૂરમણ દ્વીપના દેવતાનું નામ.

सयंभूरमणमहावर. પું० (स्वयंभूरमणमहावर) સ્વયભૂરમણ સમુદ્રના દેવતાનું નામ.

सयंभूरमणवर. પું० (स्वयंभूरमणवर) સ્વયભૂરમણ સમુદ્રના દેવતાનું નામ.

सयंवर. પું० (स्वयंवर) પોતાની મેળે કન્યાએ વર પસંદ કરવો તે.

सयंवरमंडव. ન० (स्वयंवरमण्डप) કન્યાને પોતાની મેળે વર વરવાને બોલાવેલ મિજમાનોને બેસવાનું સ્થાન-માંડવો.

सयंवस. ત્રિ० (स्वयंवश) સ્વાધીન.

सयंवाइ. પું० (स्वयवादिन्) એ નામનું ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન.

सयंस. પું० (शतांश) સોમો ભાગ.

सयंसंबुद्ध. ત્રિ० (स्वयंसंबुद्ध) જુઓ "सयंबुद्ध" શબ્દ.

सयकित्ति. પું० (शतकीर्ति) આવતી ચોવીસીના દશમા તીર્થંકરનું નામ.

सयकेउ. પું० (शतकेतु) શક્રેન્દ્રનું અપર નામ.

सयक्कउ. પું० (शतक्रतु) શક્રેંદ્રનું અપર નામ.

सयग. પું० (शतक) એ નામના એક શ્રાવક કે જેનો જીવ આવતી ચોવીશીમાં દશમા

तीर्थंकर थशे ते. (२) सो गाथानो समूह.

सयग्गसो. पु० (शताग्रसस्) सेंकडो वार.

सयग्गाह. पुं० (स्वयंग्रह) साधुअे पोताने हाथे आहारआदि लेवाथी लागतो दोष.

सयग्घी. स्त्री० (शतघ्नी) अेकी साथे सो माणुसने मारे तेवी शिला अथवा तोप.

सयच्छक्कया. स्त्री० (शतच्छदा) फूल विशेष.

सयच्छिद्द. त्रि० (शतच्छिद्र) सो छिद्रवाळुं; फूटेलुं तुटेलुं.

सयज्झिया. स्त्री० (   ) पडोशमां रहेनारी; पडोसण.

सयण पु० (स्वजन) स्वजन; पित्राइ; भायात; सगासंबंधी, कुटुंबी.

सयण. न० (सद्न) गृह; मकान.

सयण. न० (शयन) शय्या; शेज; पलंग. (२) सुवु–निद्रा करवी ते.

सयणजंभग. पुं० (शयनजृम्भक) जंभका देवतानी अेक जात.

सयणपुन्न. न० (शयनपुण्य) शय्या, आसन, वगेरे आपवाथी थतुं पुण्य.

सयणविहि. पुं० (शयनविधि) शयननी विधि; शय्या बनाववानी तथा तेनो उपयोग करवानी कळा.

सयणिज्ज. } **सयणीय.** } न० (शयनीय) पथारी; सेज.

सयदुवार. न० (शतद्वार) अे नामनुं अेक नगर के ज्यां आवती चोवीसीना बारमा अमम नामना तीर्थंकरनो जन्म थशे.

सयद्दु. न० (शतद्रु) अेक जातनुं वाजित्र.

सयधणु. पु० (शतधनुष्) जम्बूद्वीपना अैरवत क्षेत्रमां आगामी उत्सर्पिणीमां थनार आठमा कुळकरनुं नाम.

सयपत्त. न० (शतपत्र) कमळ. (२) सो पांखडीवाळुं कमळनुं फूल.

सयपाग. पु० (शतपाक) अेकसो अेाषधी नाखी पकावेल तेल.

सयपुप्फ. पुं० (शतपुष्प) वनस्पति विशेष.

सयभिसया. स्त्री० (शतभिषज्) शततारिका नक्षत्र.

सयमेव. अ० (स्वयमेव) पोते; आपोआप.

सयय. न० (सतत) निरंतर; हमेशां.

सयरह. पुं० (शतरथ) गत अवसर्पिणीना दशमा कुळकरनुं नाम.

सयराहं. अ० (सत्वरम्) जलदी; उतावळे. (२) युगपत्; अेकीसाथे.

सयरिसह. न० (शतर्षभ) २३ मा मुहूर्तनुं नाम.

सयरी. स्त्री० (शतावरी) शतावरी नामे बहुबीजवाळी वनस्पतिनी अेक जात.

सयल. त्रि० (सकल) बधुं; सम्पूर्ण; समग्र.

सयवत्त. न० (शतपत्र) जुअेा "सयपत्त" शब्द.

सयवसह. पुं० (शतवृषभ) अहोरात्रना त्रेवीशमा मुहूर्तनुं नाम.

सयसं. अ० (शतशस्) सेंकडो; अपरिमित.

सयसहस्स. न० (शतसहस्र) अेक लाख.

सयसाहस्सिय. त्रि० (शतसाहस्रिक) अेक लाख परिमित.

सयसाहस्सी. स्त्री० (शतसाहस्री) सो हजार; अेक लाख.

सया. अ० (सदा) सदा; हमेशां.

सयाउ. पुं० (शतायुष्) अैरवत क्षेत्रना वर्तमान चोवीशीना ९ मा तीर्थंकर.

सयाउय. पुं० (शतायुष्क) शतायु नामे अतीत अवसर्पिणी कालना बीजा कुलकर.

सयाणीय. पुं० (शतानीक) कैाशांबी नगरीना राजानुं नाम.

सयाय. त्रि० (स्वकीय) पोतानुं.

सयालि. पु० (शतालि) अेक गृहस्थ के जे भावी १९ मा तीर्थंकर थशे.

सयासव. त्रि० (सदाश्रव) છિદ્રવાળું.

सय्यंभव. पुं० (शय्यंभव) શય્યંભવ સ્વામી.

सर. पुं० (स्वर) કંઠ; અવાજ; ધ્વનિ. (૨) સ્વરવિદ્યા–સ્વર ઉપરથી શુભાશુભનું જ્ઞાન થાય તે. (૩) કાકસ્વરાદિ લક્ષણશાસ્ત્ર. (૪) અ આ ઇત્યાદિ સ્વરાક્ષર. (૫) સા–રિ–ગ–મ–પ–ધ–નિ, એ સાત સ્વર. (૬) સ્વર નામે નામકર્મની એક પ્રકૃતિ.

सर. न० (सरस्) સરોવર; મ્હોટું તળાવ; જળાશય.

सर. पुं० (शर) બાણ; તીર. (૨) મુંજ; વનસ્પતિની એક જાત.

सरई. स्त्री० (सरकी) મદિરા.

सरऊ. स्त्री० (सरयू) સરયૂ નદી.

सरंब. पुं० (शरम्ब) ભુજપર તિર્યંચ પચેંદ્રિયની એક જાત.

सरक. पुं० (सरक) સેરો; ખાવાની એક વસ્તુ.

सरक्ख. त्रि० (सरजस्क) સચિત્તરજ–ધૂળ સહિત. (૨) ભૂત પિશાચાદિ. (૩) શૈવ, શિવધર્મને માનનાર.

सरग. पुं० (शरक) શર જાતના ઘાસનો બનેલ સૂપડો. (૨) બાણને આકારે લાકડાનો કકડો. (૩) શરકુંકા કે જેની સાથે અરણી ઘસવાથી અગ્નિ થાય. (૪) સરાવલો; ભાજન વિશેષ.

सरगय न० (स्वरगत) સ્વર ઓળખવાની કળા; સંગીતકળા.

सरड. पुं० (शरट) કાકિડો.

सरडी. स्त्री० (शरटी) કાકિડી

सरडु. त्रि० ( ) કોમળ; મૃદુ.

सरडुय. न० ( ) કાચું કોમળ ફળ; જેમાં ઠળીયો બંધાણો ન હોય તેવું.

सरण. न० (शरण) શરણ; આધાર; આશ્રય. (૨) ઘાસનું ઝુંપડું.

सरण. त्रि० (शरण्य) શરણે આવનારનું રક્ષણ કરનાર.

सरण. न० (स्मरण) સ્મરણ; યાદદાસ્તી.

सरण. पुं० (स्वरण) અર્થનું પ્રતિપાદન.

सरणि स्त्री० (सरणि) પંક્તિ.

सरत. पु० (शरद्) શરદ ઋતુ.

सरथंभ. पुं० (सरस्तंभ) સરકડો; વનસ્પતિ વિશેષ.

सरद. पुं० (शरद्) જુઓ "સરત" શબ્દ.

सरदय. त्रि० (शरद्ज) શરદ ઋતુમાં ઉત્પન્ન થયેલ.

सरदकाल. पुं० (शरत्काल) શરત્કાળ; શરદ ઋતુનો સમય.

सरन्न. त्रि० (शरण्य) રક્ષક; શરણ આપનાર.

सरपत्त. न० (शरपत्र) ધનુષ.

सरपाय. पुं० (शरपात) શર–બાણ છોડવાનું સાધન; ધનુષ.

सरप्पमाण. न० (सरःप्रमाण) પરમાવતીગંગા પ્રમાણ નદીમાંથી સો સો વર્ષે વેળુનો એક એક કણ કાઢતાં વેળુ ખલાસ કરતાં જેટલો વખત લાગે તેટલો સમય; ગોશાળાભિમત કાલવિભાગ.

सरभ. पुं० (शरभ) આઠ પગવાળુ જંગલનું એક પ્રાણી; અષ્ટાપદ (૨) ગેંડું.

सरभस. त्रि० (सरभस) સહર્ષ; હર્ષયુક્ત.

सरय. पुं० (शरद्) શરદ્ઋતુ.

सरय. पुं० (शरक) શણીયો. (૨) કાષ્ઠ વિશેષ કે જેની સાથે અરણીનું લાકડું ઘસવાથી અગ્નિ ઉત્પન્ન થાય છે.

सरया. स्त्री० (शरद्) શરદઋતુ.

सररुह. न० (सरोरुह) કમળ.

सरल. पुं० (सरल) દેવદારૂનું વૃક્ષ. (૨) (૨) त्रि० સરલ; ઋજુ; સીધું; પાંસરૂં.

सरव. पुं० ( ) ભુજપરિ સર્પ વિશેષ; ભુજપર તિર્યંચપંચેંદ્રિયની એક જાત.

सरवण. पुं० (शरवन) એ નામનો એક સન્નિવેશ-ગામડું.

सरस. त्रि० (सरस) રસવાળું; તાજું.

सरसर. न० (सरःसरस्) હારબંધ આવેલાં ઘણાં તળાવો; તળાવોની હાર.

सरसरस्स. अ० (ससरस्य) સરસર એવો અવાજ કરીને.

सरसव. पुं० (सर्षप) સરસવ; એક જાતનું તેલવાળું ધાન્ય. (૨) સરસીયું તેલ.

सरसी. स्त्री० (सरसी) તલાવડી.

सरस्सई. स्त्री० (सरस्वती) વાણી; વચન વિલાસ. (૨) ગન્ધર્વના ઇન્દ્ર ગીતરતિની ચોથી અગ્રમહિષી. (૩) સરસ્વતી દેવી.

सराग. त्रि० (सराग) રાગ સહિત; સરાગી.

सरागछउमत्थ. पुं० (सरागछद्मस्थ) સરાગી છદ્મસ્થ; દશમા ગુણઠાણાવાળા જીવ.

सरागसंजम. पुं० (सरागसंयम) સરાગી સયમ.

सरागसंजय. पुं० (सरागसंयत) સરાગી સંયત સાધુ; સરાગી સાધુ.

सराव. पुं० (शराव) કોડીયુ; રામકટોરો.

सरासण. न० (शरासन) ધનુષ્ય.

सरासणपट्टिया. स्त्री० (शरासनपट्टिका) ધનુષ્ય બાંધવાની પટ્ટી.

सरिच्छ. त्रि० (सदृक्ष) સમાન; સરખુ.

सरित्तय. त्रि० (सदृक्त्वच्) સરખી ચામડીવાળું.

सरिय. त्रि० (सृत) ગયેલું.

सरिया. स्त्री० (सरित्) નદી.

सरिव्वय. त्रि० (सदृग्वयस्) સમાનવય; સરખી ઉમ્મરવાળું.

सरिस. त्रि० (सदृश) સરખું; તુલ્ય; સમાન.

सरिसव. पुं० (सर्षप) સરસવ; એક જાતનું અનાજ. (૨) સરસવ નામની વનસ્પતિ. (૩) સરસવનું ફૂલ.

सरिसव. पुं० (सदृशवयस्) સરખી ઉમ્મરનો મિત્ર.

सरीर. न० (शरीर) ઉદારિક, વૈક્રિય, આહારક, તેજસ અને કાર્મણ, એ પાંચ શરીર. (૨) કાયયોગ-કાયાનો વ્યાપાર. (૩) પન્નવણાસૂત્રના બારમા પદનું નામ.

सरीरक्खलणा. स्त्री० (शरीरस्खलना) શરીરનું ચાલવું; શરીર યોગ્ય પુદ્ગળનું શરીરરૂપે પરિણમવાનો વ્યાપાર.

सरीरचिंता. स्त्री० (शरीरचिन्ता) શરીર ચિંતા; મળમૂત્રની હાજત.

सरीरपच्चक्खाण. पुं० (शरीरप्रत्याख्यान) ઉદારિક આદિ શરીરનો ત્યાગ.

सरीरपज्जत्ति. स्त्री० (शरीरपर्याप्ति) શરીર પર્યાપ્તિ; છ પર્યાપ્તિમાંની બીજી.

सरीरपद. न० (शरीरपद) પ્રજ્ઞાપના સૂત્રના બારમા પદનું નામ.

सरीरपरिग्गह. पुं० (शरीरपरिग्रह) પાંચ પ્રકારના શરીરરૂપ પરિગ્રહ.

सरीरबंध. पुं० (शरीरबंध) શરીરનું બંધાવું; સમુદ્ઘાત પછી શરીરનું સપૂર્ણપણું થવુ તે.

सरीरबाउसिया. स्त्री० (शरीरबाकुशिका) શરીરની શુશ્રુષા કરી સયમને દૂષિત કરનારી.

सरीरभेय. पुं० (शरीरभेद) શરીરનું ભેદાવું; મૃત્યુ.

सरीरवक्कंति. स्त्री० (शरीरापक्रांति) શરીરનો ત્યાગ કરવો તે.

सरीरविउस्सग्ग. पुं० (शरीरव्युत्सर्ग) શરીરનો ત્યાગ કરવો તે.

सरीराणुगम. पुं० (शरीरानुगत) ઓડકાર ખાતાં શ્વાસ નીકળે તે; અચિત્તવાયુ.

सरीरि. पुं० (शरीरिन्) શરીરધારી જીવ; સંસારી જીવ.

सरीरोवहि. पुं० (शरीरोपधि) ઔદારિકઆદિ પાંચ શરીરરૂપી ઉપાધિ.

सरीरोगाहणा. સ્ત્રી० (शरीरावगाहना) શરીરની અવગાહના-ઉંચાઇ.

सरीसिव. પું० (सरीसृप) છાતીથી ચાલનાર સર્પાદિ.

सरूव. ત્રિ० (सरूप) રૂપ-રંગ સહિત. (૨) સમાન; સરખું; સરખા દેખાવવાળું.

सरूव. ન० (स्वरूप) મૂળરૂપ; લક્ષણ.

सरूवा. સ્ત્રી० (सरूपा) ચાલુ અવસર્પિણીના ત્રીજા કુળકરની સ્ત્રી.

सरूवि. ત્રિ० (सरूपिन्) વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, વગેરે પુદ્ગળગુણ સહિત; સંસારી જીવ.

सललिय. ત્રિ० (सललित) લીલાયુક્ત; મનને હરણ કરે એવું; મનોહર.

सलाहणिज्ज. ત્રિ० (श्लाघनीय) પ્રશંસાને લાયક.

सलागा. સ્ત્રી० (शलाका) સળી. (૨) એક જાતનું રૂંવાડાની પાંખોવાળું પક્ષી. (૩) સરસવના દાણા. (૪) સંખ્યાની ગણત્રી માટે સરસવના દાણા ભરવાને કલ્પવામાં આવેલ પાલો.

सलाहणिज्ज. ત્રિ० (श्लाघनीय) પ્રશંસા કરવા યોગ્ય.

सलिंग. પું० (स्वलिंग) રજોહરણ મુખ વસ્ત્રિકાદિ સાધુનુ ચિહ્ન; જૈનદર્શનના સાધુનો વેષ.

सलिंगसिद्ध. પુ० (स्वलिंगसिद्ध) સ્વલિંગ-જૈનના વેષમાં સિદ્ધ થયેલ.

सलिंगि. પુ० સ્ત્રી० (स्वलिंगिन्) રજોહરણ આદિ વેષના ધારણ કરનાર જૈનદર્શનના સાધુ સાધ્વી.

सलिट्ठ. ત્રિ० (श्लिष्ट) મનોહર.

सलिल. ન० (सलिल) જળ; પાણી.

सलिला. સ્ત્રી० (सलिला) નદી.

सलिलावइ. પું० (सलिलापति) પશ્ચિમ મહાવિદેહમાંની સલિલાવતી વિજયનો રાજા.

सलिलावई. } **सलिलावती.** } સ્ત્રી० (सलिलावती) પશ્ચિમ મહાવિદેહના દક્ષિણ ખાંડવાની મેરૂ તરફથી આઠમી વિજય.

सलेस्स. ત્રિ० (सलेश्य) કૃષ્ણ, નીલ, આદિ લેશ્યાવાળો; લેશ્યાસહિત.

सल्ल. ન० (शल्य) માયા, નિયાણ અને મિથ્યાત્વ, એ ત્રણ શલ્ય. (૨) કાંટો. (૩) ભાલો. (૪) શંકા. (૫) ઝાડો, પેશાબ અને અધોવા, એ ત્રણ શલ્ય. (૬) કામભોગ રૂપ શલ્ય-બાણ. (૭) દુ:ખદાયક અશુભ કર્મ. (૮) એક પ્રકારનો ભુજપરિસર્પ.

सल्लइय. ત્રિ० (शल्यकित) સુકાઇ ગયેલ પાંદડાંવાળું.

सल्लई. સ્ત્રી० (शल्लकी) શાલેડું; ધુપેડો; એક જાતનું ઝાડ.

सल्लगत्तण. ત્રિ० (शल्यकर्तन) માયા, નિયાણ, મિથ્યાત્વરૂપી શલ્ય-કર્મને છેદનાર.

सल्लहत्ता. સ્ત્રી० (शल्यहत्या) બાણ, કાંટા, વગેરે કહાડવાની ક્રિયા દર્શાવનાર શાસ્ત્ર; આયુર્વેદનો એક ભાગ.

सल्लुद्धरण. ન० (शल्योद्धरण) શલ્ય કાઢવુ તે. (૨) આલોયણ; કરેલાં પાપનું પ્રાયશ્ચિત્ત.

सवण. ન० (श्रवण) કાન. (૨) શ્રવણ નક્ષત્ર. (૩) શ્રવણ કરવુ; સાંભળવું તે.

सवणया. સ્ત્રી० (श्रवण) સાંભળવુ. (૨) અર્થાવગ્રહનું એક નામ.

सवत्त. પુ० (सपत्न) શત્રુ; વિરોધી.

सवत्तिया. સ્ત્રી० (सपत्निका) } **सवत्ती.** સ્ત્રી० (सपत्नी) } શોક્ય; સપત્ની.

सवन्न. ત્રિ० (सवर्ण) સમાન વર્ણવાળું; એક વર્ણવાળું.

सवह. પું० (शपथ) સોગાન; સમ.

सवियारि. પું० ન० (सविचारिन्) શબ્દથી અર્થમાં અને અર્થથી શબ્દમાં મન વગેરે યોગોને રોકવાનો વ્યાપાર જેમાં ચાલે તે; શુક્લધ્યાનનો પહેલો ભેદ.

सविज्ज. त्रि० (सविद्य) परलोकोपकारिणी विद्या सहित.

सविट्ठा. स्त्री० (श्रविष्ठा) धनिष्ठा नक्षत्रनुं नाम.

सविय. पुं० (सवितृ) हस्त नक्षत्रनो अधिष्ठाता देवता.

सवियार. त्रि० (सविचार) विचार-मन, वचन अने कायाना व्यापार सहित; सचेष्ट. (२) व्यभिचार दोषयुक्त.

सविलिय. त्रि० (सव्रीड) लज्जा सहित.

सविसाणा. न० (सविषाण) हाथी दातनी माफक बे तरफ ओठिंगणवाळु आसन विशेष.

सविसेस. त्रि० (सविशेष) विशेष-उत्तरोत्तर गुण प्रतिपत्ति युक्त. (२) कंइक वधारे; थोडु अधिक.

सवेद. } **सवेय.** } त्रि० (सवेद) स्त्री वेद, पुरुष वेद, नपुंसक वेद, ए त्रण वेदमांना गमे ते एक वेद सहित; सवेदी; सविकारी.

सव्व. पु० (सव्य) वृक्ष विशेष.

सव्व. त्रि० (सर्व) सर्व; बधुं; समग्र; सपूर्ण.

सव्वओ. अ० (सर्वतस्) सर्व प्रकारे; (२) चारेतरफथी; सर्व बाजुथी. (३) हमेशां; सर्वकाळ.

सव्वओभद्द. पु० (सर्वतोभद्र) ए नामे महाशुक्र देवलोकनुं एक विमान. (२) अगीयारमा बारमा देवलोकना इंद्रनुं विमान. (३) ११ मा १२ मा देवलोकना इंद्रना यान विमाननो उपरी देव. (४) विच्छेद गयेल बारमा दृष्टिवाद अंगना बीजा विभाग सूत्रनो वीसमो भेद. (५) चार पडिमामांनी चोथी; तपनो एक प्रकार. (६) एक नगरनुं नाम. (७) इशान इन्द्रना यमलोकपालना विमाननुं नाम.

सव्वंग. न० (सर्वाङ्ग) शरीरना सर्वे अवयवो; संपूर्ण शरीर.

सव्वंगिय. त्रि० (सर्वाङ्गीण) सर्व शरीरमां रहेनार.

सव्वंगुमा. स्त्री० ( ) माया; कपट.

सव्वंति. अ० (सर्वतस्) जुओ "सव्वओ" शब्द.

सव्वकाम. पुं० (सर्वकाम) सर्वकाम नामे वेशमण अनुयायी एक देववर्ग. (२) सर्वकामना पूरनार सर्व रसयुक्त भोजन. (३) सर्व प्रकारना कामभोग.

सव्वकामसमिद्ध. पुं० (सर्वकामसमृद्ध) पखवाडीयाना छट्ठा दिवसनुं नाम

सव्वकामिय. त्रि० (सर्वकामिक) सर्व कामना पूरनार; छ रस सहित.

सव्वकाल. न० (सर्वकाल) सर्वदा; हमेश.

सव्वक्खरसन्निवाइ. त्रि० (सर्वाक्षरसन्निपातिन्) सर्व अक्षरोनी संधि जाणनार; शब्दानुशासनवेत्ता.

सव्वग. त्रि० (सर्वग) } **सव्वगय.** त्रि० (सर्वगत) } सर्वत्र व्यापक.

सव्वग्ग. न० (सर्वाग्र) सर्व परिमाण.

सव्वघाइ. त्रि० (सर्वघातिन्) आत्मानी सर्वांशे घात करनार. (कर्मप्रकृति)

सव्वजस. पु० (सर्वयशस्) सर्वयश नामे एक देववर्ग.

सव्वज्जुय. पु० (सर्वर्जुक) संयम; सद्धर्म.

सव्वट्ठ. पुं० (सर्वार्थ) सर्वार्थसिद्ध विमान; पांचमु अनुत्तरविमान. (२) एक अहोरात्रना त्रीश मुहूर्तमांना ओगणत्रीशमा मुहूर्तनुं नाम.

सव्वट्ठसिद्ध. पुं० (सर्वार्थसिद्ध) सर्वार्थसिद्ध नामे पांचमा अनुत्तर विमानना देवता. (२) सर्वार्थसिद्ध नामे पांचमुं अनुत्तर विमान. (३) सर्वार्थसिद्ध नामे २९ मु मुहूर्त. (४) ऐरवतक्षेत्रमां भावी ६ ट्ठा तीर्थंकर.

सव्वट्ठसिद्धगदेव. पुं० (सर्वार्थसिद्धकदेव) सर्वार्थसिद्ध विमानना देवता.

सव्वट्ठसिद्धविमाण. पुं० (सर्वार्थसिद्धविमान) सर्वार्थसिद्ध विमान.

सव्वट्ठसिद्धा. स्त्री० (सर्वार्थसिद्धा) चोथ, नोम, अने चौदस, ए त्रण रात्रि तिथि.

सव्वट्ठसिद्धि. स्त्री० (सर्वार्थसिद्धि) सर्वार्थसिद्ध नामे महा विमान.

सव्वणाणावरणिज्ज. न० (सर्वज्ञानावरणीय) सर्वथा ज्ञानने ढांकी देनार कर्मप्रकृति; केवळज्ञानावरणीय.

सव्वण्णु. त्रि० (सर्वज्ञ) सर्वज्ञ; सर्व वस्तुने जाणनार.

सव्वतो. अ० (सर्वतस्) सर्व बाजुए; चारे तरफ.

सव्वतोभद्दपडिमा. स्त्री० (सर्वतोभद्रप्रतिमा)
सव्वतोभद्दा. स्त्री० (सर्वतोभद्रा) } दश दिशामां अनुक्रमे एकेक अहोरात्र काउस्सग्ग करवानी प्रतिज्ञा करवी ते; चार पडिमामांनी एक.

सव्वत्ता. स्त्री० (सर्वता) सर्वस्वरूप; पूर्ण स्वरूप.

सव्वत्तु. पुं० (सर्वर्तु) वसंतादि छ ऋतु.

सव्वत्थ. अ० (सर्वत्र) सर्वत्र; बधे स्थळे; दरेक जगाए; दरेक विषयमां.

सव्वत्थ. पुं० (सर्वार्थ) सर्वार्थ; रुचकद्वीपना देवतानुं नाम.

सव्वत्थोव. त्रि० (सर्वस्तोक) सर्वथी थोडु.

सव्वदंसि.
सव्वदरसि.
सव्वदरिसि. } त्रि० (सर्वदर्शिन्) सर्व पदार्थोने केवळ दर्शनथी जोनार.

सव्वद्धा. स्त्री० (सर्वाद्धा) भूत, भविष्य अने वर्तमान ए त्रणे काळ; सर्वकाळ; हमेशां.

सव्वन्नु. त्रि० (सर्वज्ञ) सर्ववेत्ता; सर्व पदार्थोने जाणनार; केवळी.

सव्वपरिण्णाचारि. त्रि० (सर्वपरिज्ञाचारिन्) उत्कृष्ट ज्ञान अने सर्व वरूप चारित्र युक्त.

सव्वपाणभूयजीवसत्तसुहावहा. स्त्री० (सर्वप्राणिभूतजीवसत्त्वसुखावहा) सर्व प्राणी भूत जीव सत्वने सुख आपनार; सिद्धशिला.

सव्वप्प. पुं० न० (सर्वात्मन्) संपूर्ण स्वरूप.

सव्वप्पग. पु० (सर्वात्मक) लोभ.

सव्वप्पगुण. पु० (सर्वाल्पगुण) बीजा सर्व परमाणु करतां अल्प-थोडा गुण-रस विभागवाळा परमाणु.

सव्वप्पजीविय. न० (सर्वाल्पजीवित) सर्वथी थोडामां थोडु आयुष्य.

सव्वप्पणया. अ० (सर्वात्मना) आत्माना सर्व प्रदेशे. (२) सर्वांशे; संपूर्णपणे.

सव्वप्पभा. स्त्री० (सर्वप्रभा) उत्तर दिशाना रुचक पर्वतपर वसनारी आठ दिशा कुमारीमांनी छट्ठी.

सव्वप्पाहारय. त्रि० (सर्वाल्पाहारक) बधाथी थोडा आहारवाळो.

सव्वबंध. पुं० (सर्वबन्ध) प्रथम समयमां औदारिक आदि शरीरोनो बंध थाय छे ते.

सव्वबंधग.
सव्वबंधय. } त्रि० (सर्वबन्धक) सर्वबंध करनार.

सव्वब्भंतर.
सव्वब्भितर. } त्रि० (सर्वाभ्यन्तर) सर्वथी अंदरनुं.

सव्वभक्खि. त्रि० (सर्वभक्षिन्) बधुं खानार.

सव्वभद्दा. स्त्री० (सर्वभद्रा) ३९२ उपवास अने ४९ पारणावाळुं एक तप.

सव्वमहाहारग. त्रि० (सर्वमहाहारक) सर्वथी वधारे आहार करनार.

सव्वरयण. पुं० (सर्वरत्न) चक्रवर्तीनां नव निधानमांनुं एक, के जेमां सर्व जातनां रत्नो उत्पन्न थवानी हकीकत छे.

सव्वरयणाभ. पुं० (सर्वरत्नक) એ નામનું માનુષોત્તર પર્વતનું એક શિખર.

सव्वरयणा. स्त्री० (सर्वरत्ना) ઇશાનેંદ્રની ત્રીજી અગ્રમહીષીની રાજધાની.

सव्वराइणिअ. त्रि० (सर्वरात्निक) દીક્ષામાં સૌથી મ્હોટા હોય તે.

सव्वलोग. } पुं० (सर्वलोक) સર્વલોક;
सव्वलोय. } સમસ્ત-આખો લોક.

सव्वविरइ. स्त्री० (सर्वविरति) સર્વથા પાપની નિવૃત્તિ; સર્વ વિરતિ સંયમ.

सव्वविराहय. त्रि० (सर्वविराधक) સર્વ પ્રકારે વિરાધના કરનાર.

सव्वव्वय. न० (सर्वव्रत) સર્વવ્રત નામનુ સામાયિક.

सव्वसंगाइअ. त्रि० (सर्वसङ्गातीत) સર્વ સંગથી વિરક્ત થએલ.

सव्वसंगावगय. त्रि० (सर्वसङ्गापगत) દ્રવ્ય અને ભાવથી સંગ રહિત.

सव्वसंखोभ. पुं० (सर्वसंक्षोभ) ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ.

सव्वसंजय. त्रि० (सर्वसंयत) નિરંતર યત્ન કરનાર; સર્વથા સંજમી.

सव्वसंपया. स्त्री० (सर्वसंपद्) એ નામની એક દેવી.

सव्वसाहणणाबंध. पुं० (सर्वसंहननबंध) સર્વ પ્રકારથી સંહનન-અવયવોના સંઘાતરૂપ બંધ.

सव्वसिद्धा. स्त्री० (सर्वसिद्धा) ચોથ, નોમ અને ચૌદશની રાત્રીનું નામ.

सव्वसो. अ० (सर्वशस्) સર્વથા; સર્વ પ્રકારે.

सव्वसोक्खा. स्त्री० (सर्वसौख्या) એ નામની એક દેવી.

सव्वाण. पुं० (सव्यान) એ નામનો એક દેવવર્ગ.

सव्वाणंद. पुं० (सर्वानंद) જમ્બૂદ્વીપના ઐરવત ક્ષેત્રમા આવતી ઉત્સર્પિણીમા થનાર સોળમા તીર્થંકર.

सव्वाणुभूइ. पुं० (सर्वानुभूति) જમ્બૂદ્વીપના ભરતખંડમાં થનાર પાંચમા તીર્થંકરનું નામ. (૨) સર્વાનુભૂતિ નામે મહાવીર સ્વામીના એક શિષ્ય.

सव्वावंति. अ० (सर्वत्र) સર્વત્ર; સર્વ ઠેકાણે; સર્વ પ્રકારે; તૃતીયા, ષષ્ઠી, સપ્તમી આદિ વિભક્તિના અર્થમાં વપરાતો અવ્યય.

सव्वेय. पुं० (सर्वैज) સર્વાંશે કંપતુ તે.

सव्वोउय. } पुं० (सर्वर्तुक) બધી ઋતુનો
सव्वोत्तुय } ગુણ આપનાર બગીચો.

सव्वोसहि. पुं० (सर्वौषधि) જેનું સર્વ (નખ, કેશ વગેરે) ઔષધરૂપ છે એવી લબ્ધિવાળા મુનિ.

सस. पुं० (शश) સસલું.

ससंक. पुं० (शशाङ्क) ચન્દ્રમા.

ससक्ख. त्रि० (ससाक्ष्य) કેવળીની સાક્ષી સહિત.

ससण. पुं० (श्वसन) હાથીની સુંઢ.

ससत्ता. स्त्री० (ससत्वा) સગર્ભા; ગર્ભવંતી.

ससमय. पुं० (स्वसमय) સ્વસિદ્ધાંત; જૈન દર્શન.

ससरक्ख. त्रि० (सरजस्क) રજવાળુ, રજથી ખરડાયેલું.

ससरीरि. त्रि० (सशरीरिन्) શરીર સહિત; દેહધારી.

ससहर. पुं० (शशधर) ચન્દ્રમા.

ससा. स्त्री० (स्वसृ) બ્હેન; ભગિની.

ससि. पुं० (शशिन्) ચન્દ્રમા. (૨) ચંદ્રપ્રભ નામે આઠમા તીર્થંકર. (૩) ચન્દ્રના ચિહ્નવાળુ આભરણ.

ससिणिद्ध. त्रि० (सस्निग्ध) સચિત્ત રજ કે સચિત્ત પાણીથી ખરડાયેલ.

ससिहार. पुं० (शशिवार) એ નામના એક રાજર્ષિ-ક્ષત્રિયસંન્યાસી.

ससुर. पुं० (श्वशुर) સસરો.

ससुरकुल. न० (श्वशुरकुल) સાસરીયાં; સાસરાનો પક્ષ.

सस्स. न० (शस्य) શાલિ, વ્રીહિ, વગેરે ધાન્ય; બીયાં.

सस्सामिवायया. न० (स्वस्वामिवाक्य) સ્વ-સ્વામીભાવસંબંધ; પોતાનો અને સ્વામિનો સબંધ બતાવવો તે.

